# ષોડશગ્રંથગત ઉપદેશો
# અને
# તેમની ૧૬ વાર્તાઓ

(ભાગ-૩)

લે. ભૂપેન્દ્ર ભાટિયા

**પ્રકાશક :-**
ભૂપેન્દ્ર ભાટિયા,
૭૩, નેતાજી સુભાષ રોડ,
અલ સબાહ કોર્ટ, ૪થે માળે,
મુંબઈ ૪૦૦ ૦૨૦

**પ્રાપ્તીસ્થાન :-**
ચીમનભાઈ ચીતલીયા,
પ્લોટ નં.૫૯૪/૨૨, ૩જો માળ,
છાયા બિલ્ડીંગ, જામે જમશેદ રોડ,
કપોલ નિવાસની પાછળ,
માટુંગા (ઈસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૧૯
ફોન : ૦૨૨-૨૪૧૨૬૮૭૩

**આ પુસ્તક નિઃશુલ્ક વિતરણાર્થ છે.**

**પ્રકાશન વર્ષ :- વૈશાખ વદ બારસ, વિ.સં. ૨૦૭૦**
**પૂ.પા.ગોસ્વામિ શ્રીદીક્ષીતજી મહારાજનો શતાબ્દી ઉત્સવદિન**

**મુદ્રક :-**
ક્રિષ્ણા કલર પ્રિન્ટ,
એ/૬૪, વર્માવિલા, વિઠ્ઠલભાઈ રોડ,
વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૫૬



## પૂરોવાક્

સત્તાવન વર્ષ પહેલાંની આ વાત છે. દિવસ અને રાત્રીના સુરમ્ય સંગમને સૂચિત કરતી એક સલૂણી સંધ્યાના સમયે, કોઈ નૂતન સમય ઉદિત થવાના ગૂઢ સંકેત મારા અંતરમાં થઈ રહ્યા હતા. સહસ્ર પરિવત્સરથી પ્રભુથી વિખૂટો પડેલો હું, એ સાંજે, અનાયાસે, મોટા મંદિરના ઠાકુર શ્રીબાલકૃષ્ણલાલની રાજધાનીમાં પ્રવિષ્ટ થઈ રહ્યો હતો. ચોગાન વટાવી, "કુસુમપ્રભા" હોલમાંથી પસાર થઈ હું જમણે હાથે વળ્યો, ત્યાં નાનીશી ઓરડીમાં એક ભવ્ય મૂર્તિ પલંગ પર બિરાજેલ. અંધકારમાં પ્રકાશ વેરતી એ પ્રતિમાની શ્વેત દાઢીએ સહજ હલનચલન કર્યું. આપના મુખારવિંદમાંથી અતિ લાડભર્યા શબ્દો સર્યા; "આવ બેટા." દિવ્ય પ્રતિમાને અમૂર્ત જોઈ હું જ મૂર્ત થઈ ગયો.

_ _ _ _ બસ, એ દિવસની સોહામણી સંધ્યાથી જ, પરમદયાલ પૂજ્યપાદ મારા ગુરુજી શ્રીદીક્ષિતજી મહારાજે મને પોતાનો અને સ્વઆશ્રિત કરી લીધો. હું સમજી ગયો કે શ્રીવલ્લભપ્રભુએ મારા જેવા ઘોર સંસારીનો ઉદ્ધાર કરવા માટે, સ્વવંશમાં આ સ્વરૂપને પ્રકટ કર્યું છે. નિતાન્ત કૃપા કરી પૂજ્યપાદ શ્રીદીક્ષિતજીએ મને શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદથી શિક્ષિત કર્યો. થોડાં વર્ષો પછી ગદ્યમંત્રથી દીક્ષિત કર્યો અને મારાથી આપને શું અપેક્ષિત છે તેની આજ્ઞા કરતાં ગુરુજીએ મને કહ્યું; "ભૂપેન્દ્ર, આ જન્મમાં તારે વૈષ્ણવોની સેવા કરવાની છે."

વૈષ્ણવની સેવા કેવી રીતે કરવી તેની સૂઝ મારી મૂઢમતિને ન હતી. તેથી જ મારા પર અતિ કૃપા કરીને, ગુરુજીની

આજ્ઞાનું હાર્દ મને ગુરુપુત્ર પૂ.પા.ગોસ્વામી શ્રીશ્યામુબાવાએ સમજાવ્યું. બાવાશ્રીએ મને એ શિક્ષા આપી કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો પર લેખ કે પુસ્તક લખીને વૈષ્ણવોના ભાવોનું ઉદ્બોધન કરવું એ જ વૈષ્ણવોની સૌથી મોટી સેવા છે. આટલું કહીને શ્રીશ્યામુબાવા અટક્યા નહિ, પરંતુ મારી લેખન કૃતિમાં મારી પ્રેરણામૂર્તિ બનીને, મને માર્ગદર્શન આપીને બાવાશ્રીએ, "ષોડશગ્રંથ ગત ઉપદેશો અને તેમની ૬૪ અને ૨૮ વાર્તા" નામક બે પુસ્તકો મારી પાસે લખાવીને મને આપશ્રીએ આચાર્યજીની વાણી, ગુરુ તથા વૈષ્ણવની સેવા કરવાનું મારી યોગ્યતા કે અયોગ્યતા જોયા વિના ભાગ્ય બક્ષ્યું. બાવાશ્રીનું આવું અવિરત પોષણ મને સંન્યાસનિર્ણયગ્રંથની પંક્તિની સ્મૃતિ કરાવી દે છે; "अन्यथा मातरो बालान्न, स्तन्यैः पुपुषुः क्वचित् ।"

શ્રીશ્યામુબાવાના આવા અસ્ખલિત પ્રોત્સાહન, માર્ગદર્શન, મારા પ્રતિ સ્નેહ અને આપની સતત કૃપાની સઘન બરખાના કારણે, "ષોડશગ્રંથ ગત ઉપદેશો અને તેમની ૧૬ વાર્તાઓ" નામક આ ત્રીજો ભાગ પણ લખાઈ ગયો છે. મારા પ્રાત:સ્મરણીય ગુરુજી પૂ.પા.ગો.શ્રીદીક્ષિતજી મહારાજનો જન્મોત્સવ વૈશાખ વદ બારસના દિને છે. ગુરુજીના આ શતાબ્દી મહોત્સવ પર, આ ત્રીજા ભાગને સમર્પિત કરવાના મારા "મનોરથ બીજ"ને અંકુરિત અને વિકસિત થવાનું પોષણ ગુરુપુત્રે મને આપ્યું છે, તેથી હું પૂ.પા.ગો. શ્રીશ્યામુબાવાનો હાર્દિક આભારી છું. ગ્રંથ પ્રકાશન, વિભિન્ન સેમિનારો અને યુનિવર્સિટીની અત્યધિક વ્યસ્તતાઓની મધ્ય પણ બાવાશ્રીએ સમય તારવીને, આ ત્રીજા ભાગના પાંચ ગ્રંથો અને વાર્તાઓ check કરીને, આપે મારી સદૈન્ય



વિનંતી પર આપના હસ્તાક્ષરની મહોર લગાવી દીધી છે. પૂ. બાવાશ્રીની આ મહદ્કૃપાથી મને એવી પ્રતીતિ થાય છે કે મારો આ ગ્રંથ આપના શ્રીહસ્તના સ્પર્શે પુષ્ટ થઈ ગયો છે. શ્યામુબાવાના વરદ કરની છાયામાં પ્રશસ્ત થયેલ મારા આ મનોરથ પૂર્તિના પથ પર અભિગમન કરતાં હું બાવાશ્રીને પુનઃ ખુબ ખુબ દંડવત્ કરીને, પુસ્તકના આ ત્રીજા ભાગને, મારા નિતાન્ત પ્રિય ગુરુજી શ્રીદીક્ષિતજી મહારાજને, આપના શતાબ્દી મહોત્સવ પર સદૈન્ય સમર્પિત કરતાં હું રોમાંચ અને કૃતકૃત્યતા અનુભવું છું. આ મહાશુભ અવસરે શ્રીદીક્ષિતજી મહારાજના પરિવારને મારા કોટાનકોટિ દંડવત્ કરું છું.

આચાર્યચરણની વાણીના ઉપદેશરૂપ ષોડશગ્રંથો અને એમની લીલોપદેશરૂપ ૮૪-૨૫૨ વૈષ્ણવની વાર્તાઓના સંગમથી જે આહ્લાદ ઉત્પન્ન થાય છે, તેમાં વિશેષ ચમત્કૃતિ અનુભૂત કરવા માટે મેં, આ પુસ્તકમાં શિક્ષાપત્ર અંતર્ગત રહેલ પ્રત્યેક ષોડશગ્રંથ સંબંધિત ઉપદેશ વાકયરત્નોને આવરી લેવાનો અહીં યથામતિ પ્રયાસ કર્યો છે.

આ ગ્રંથના proof reading માટે ભરૂચના પ.ભ.શ્રીવૈકુંઠભાઈ ભગતે ખૂબ જ પરિશ્રમ લીધો છે. તેમનો હું બહુ જ આભારી છું. આ ગ્રંથના type setting માટે જયેશભાઈ દલાલે લીધેલા પરિશ્રમ માટે હું એમનો હાર્દિક આભાર માનું છું.

ભૂપેન્દ્ર ભાટિયાના
શ્રીવલ્લભકુળને દંડવત્ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.

******

## અનુક્રમણિકા


| | ગ્રંથનું નામ | વાર્તાનું નામ | પાન નં. |
|---|---|---|---|
| ૧ | યમુનાષ્ટક | સનાઢ્ય બ્રાહ્મણ, શ્રીયમુનાજીમેં પાંવ નાહીં ધરતો | ૧ |
| ૨ | બાલબોધ | દોઉ સ્ત્રી-પુરુષ સિંહનંદ કે | ૩૩ |
| ૩ | સિદ્ધાંતમુક્તાવલી | આસકરણ રાજા | ૫૧ |
| ૪ | પુષ્ટિપ્રવાહમર્યાદા | રજોબાઈ ક્ષત્રાણી | ૮૫ |
| ૫ | સિદ્ધાંતરહસ્ય | એક પટેલ માલાવાળો | ૧૦૭ |
| ૬ | નવરત્ન | બાપ-બેટા કાયસ્થ, હિંસ્સાર કે | ૧૩૯ |
| ૭ | અંત:કરણપ્રબોધ | નિજવાર્તા-ઘરુવાર્તા અન્યોરના વૈષ્ણવબાઈ | ૧૭૭ |
| ૮ | વિવેકધૈર્યાશ્રય | અચ્યુતદાસ કડાવાળા | ૧૮૯ |

| | ગ્રંથનું નામ | વાર્તાનું નામ | પાન નં. |
|---|---|---|---|
| ૯ | કૃષ્ણાશ્રય | પ્રભુદાસ જલોટા | ૨૧૧ |
| ૧૦ | ચતુ:શ્લોકી | એકવિરક્ત જાને હથેલીમેં ડોલ ઝૂલાયો | ૨૩૯ |
| ૧૧ | ભક્તિવર્ધિની | ગદાધરદાસ કપિલ | ૨૫૫ |
| ૧૨ | જલભેદ | રસખાનજી | ૨૮૯ |
| ૧૩ | પંચપદ્યાનિ | દોઉ ભાઈ, શ્રોતા-વક્તા | ૩૦૬ |
| ૧૪ | સંન્યાસનિર્ણય | એક સંન્યાસી કાસીકો | ૩૧૩ |
| ૧૫ | નિરોધલક્ષણ-શ્રીસર્વોત્તમજી | અજબકુંવરીબાઈ | ૩૩૦ |
| ૧૬ | સેવાફલ | મુરારિદાસ બ્રાહ્મણ | ૩૭૫ |
| * | પ્રત્યેક ષોડશગ્રંથનો સાર | | ૪૦૧ |


******

## ગ્રંથ : યમુનાષ્ટક
## ૨૫૨ વૈષ્ણવ વાર્તા-૨૯ : સનાઢ્ય બ્રાહ્મણ, શ્રીયમુનાજી મેં પાંવ નાહીં ધરતો.

મથુરાના આ વૈષ્ણવની શ્રીયમુનાજી પ્રત્યેની આસક્તિને જાણવા અને માણવા, શ્રીગિરિધરજીથી અતિરિક્ત, શ્રીગુસાંઈજીના અન્ય બાલકો, એમને નાવમાં બેસાડીને યમુના પુલિનમાં એકલા છોડી દે છે. જયારે સેવ્યસ્વરૂપની સેવા માટે સ્નાનનો સમય થાય છે, ત્યારે આ ભગવદીય, બાલકોને વિનન્તી કરે છે; "जो महाराज ! मेरे न्हाइवे कौ समै भयो है । नाव मँगाइए । सो नाव मँगाय के सगरे बालक नाव पर चढे । और वासों कहे, तू पुलिन में बैठि । हम कहें तब तू नाव पर चढियो ।" આ વૈષ્ણવને એક તરફ સેવાની આર્તિ છે, તો બીજી તરફ આધિભૌતિક યમુનાજલમાં એમને આધિદૈવિક તુર્યપ્રિયાનો અગાધ ભાવ હોવાથી, જલમાં પગ ધરીને સામે પાર કેમ જવું એની મહતી ચિંતા છે. આ વૈષ્ણવના આવા ભાવને સમજાવતાં શ્રીમદાચાર્યચરણ સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં આજ્ઞા કરે છે; "गंगायां च विशेषेण प्रवाहाभेदबुद्धये ." યમુનાજીમાં માહાત્મ્યજ્ઞાન પૂર્વક સર્વતોધિક સુદૃઢ સ્નેહ ધરાવનાર આ ભગવદીય માટે વાર્તા કહે છે; "तब तो वह महा चिंता आर्त्त सो प्रणति होंन लाग्यो ।" મહારાણીજી તો "શરણ પ્રતિપાલ" છે. એટલે "तब कमल प्रगट भए । और श्रीयमुनाजी याकों दरसन दै कै यासों कहें, जो - या पर चढि कै तू जा । तब वह आयो ।" કમલ ભક્તસ્વરૂપ હોવાથી, એના પર કેમ ચઢવું એવી ચિંતા આ વૈષ્ણવને ન થાય એના માટે યમુનાજી



આજ્ઞા કરે છે; "या पर चढि कै तू जा ।" પ્રકટ થયેલ સાક્ષાત્ શ્રીયમુનાજી અને દિવ્યકમલનું દર્શન કરીને, બાલકો, મથુરાના આ વૈષ્ણવની પ્રશંસા કરવા લાગે છે. વાર્તા કહે છે; "सब बालक याकी सराहना करन लागे । पाछें सब मिलि कै श्रीगिरिधरजी सों यह प्रकार कह्यो । तब श्रीगिरिधरजी कहे, जो - यमुनाष्टक (यमुनाष्टपदी) याही कों फलित भयो ।" આ સનાઢ્ય બ્રાહ્મણને યમુનાષ્ટક કેવી રીતે ફલિત થયું તે વાર્તા સમજાવે છે. "तब श्रीगुसांईजी याको "यमुनाष्टपदी" को भाव खोलि कै कह्यो । तब तो यह ब्राह्मन श्रीयमुनाजी के स्वरूप में मगन होंइ गयो ।" યમુનાષ્ટક ગ્રંથના ભાવ સાથે, શ્રીવિઠ્ઠલેશ કૃત "યમુનાષ્ટપદી" નો ભાવ કેવી રીતે એકરસ વહી રહ્યો છે, એને આ લેખમાં માણવાનો નમ્ર પ્રયાસ છે. શ્રીમદાચાર્યચરણ અને શ્રીમત્ પ્રભુચરણની કૃપા સિવાય યમુનાષ્ટકનો ભાવ ફલિત ન થાય. ભગવદીય ગાય છે; "નંદદાસ જા પર કૃપા શ્રીવલ્લભ કરે, તાકો શ્રીયમુને સર્વસ્વ જુ દેઈ."

શ્રીવિઠ્ઠલેશની કૃપાથી આ વૈષ્ણવને યમુનાષ્ટકગ્રંથનો અક્ષરેઅક્ષર ફલિત છે તેથી એ યમુનાષ્ટક ગ્રંથના ભાવાર્થમાં કેવી રીતે રમણ કરતા હશે અને એમની શ્રીયમુનાજી પ્રત્યે કેવી રતિ, મતિ અને ગતિ હશે એનો આસ્વાદ યમુનાષ્ટક ગ્રંથના પ્રત્યેક શ્લોકમાં માણવા મારો અહીં યથામતિ પ્રયાસ છે. શ્રીવલ્લભ, વિઠ્ઠલ, ઠાકુરજી અને ભાનુસુતાની કૃપા સિવાય યમુનાજીને નમન કરવું પણ દુર્લભ હોય તો આપના યમુનાષ્ટક ગ્રંથસ્થ સ્વરૂપનો આસ્વાદ આ ચારે સ્વરૂપની કૃપા વિના જીવ ક્યાંથી માણી શકે ?

"શ્રીયમુને પ્રાણપતિ પ્રાણ ઓર પ્રાણસુત
ચહુજન જીવ પર દયા વિચારી."

શ્લોક ૧લો :-

**नमामि यमुनामहं सकलसिद्धिहेतुं मुदा**
**मुरारिपदपंकजस्फुरदमन्दरेणूत्कटाम् ।**
**तटस्थनवकाननप्रकटमोदपुष्पाम्बुना**
**सुरासुरसुपूजित-स्मरपितुः श्रियं बिभ्रतीम् ॥ १ ॥**

અખિલ યમુનાષ્ટકગ્રંથમાં વિદ્યમાન યમુનાજીનું અષ્ટૈશ્વર્ય અને આપની સકલ સિદ્ધિ દાતૃત્વનો વિસ્તૃત ઉલ્લેખ મેં મારી ૬૪ વાર્તા ભાગ-૧લો અને ૨૮ વાર્તા ભાગ બીજામાં કરેલ હોવાથી અહીં એનો વિશેષ વિસ્તાર નથી કરતો. પરંતુ સ્થલ વિશેષ પર એનું સૂચન કર્યું છે.

**नमामि यमुनामहम्** . અહીં યમુનાજીને કરેલ નમનં અને આપના નામનો મહિમા વિદ્યમાન છે. નમન કરવા પાછળ ભાવના એવી છે કે હું નમન કરું છું કારણકે આપ મહાન છો. પરમાત્માનું માહાત્મ્ય, શાસ્ત્રસિદ્ધ હોવાથી, જીવ, પ્રભુનું માહાત્મ્ય સમજીને ભગવાનને નમન કરે તે સ્વાભાવિક છે. પરંતુ શ્રીયમુનાજીનું માહાત્મ્ય તો પુષ્ટિજીવ ત્યારે જ સમજી શકે જયારે એને ભાવસંપદા ઉપલબ્ધ થાય કે તેનો નિત્યલીલામાં પ્રવેશ થાય. તેથી જીવ માટે, યમુનાજીને નમન કરવું પણ શક્ય ન હોવાથી, **भक्तिमार्गाब्जमार्तण्ड**, ગ્રંથની શરૂઆતમાં જ "**नमामि यमुनामहम्**" કહીને પોતે રવિનંદિનીને નમન કરે છે અને આ ગ્રંથનો પાઠ કરનાર પુષ્ટિજીવ પાસે અનાયાસ નમન કરાવે છે તથા યમુનાજીના નામોનું ઉચ્ચારણ પણ કરાવે છે. આવા જીવ પર તુર્યપ્રિયા કૃપા કરે એ હેતુથી. નમન



કરવાનું માહાત્મ્ય સમજાવતાં આચાર્યચરણ સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે જીવ પોતાના અપરાધની ક્ષમાયાચના નમનમાં ચાહે છે અને એને ભગવદીય ભાવની સિદ્ધિ થાય એની પણ મનીષા રાખે છે. "**क्षमापनार्थमेव नमस्यति नम इति भगवदीयत्वाय वा** ." આવા નમનને શ્રીયમુનાજી કેવી રીતે પ્રતિસાદ આપે છે તે પરમ ભગવદીય વલ્લભદાસજી સમજાવે છે.

"દાસ દુ:ખી કબ હું ન નિહારે
... દીન શરણ વલ્લભ ઠાડો હૈ
યમુને દ્વાર તુમ્હારે ।"

શ્રીવિઠ્ઠલેશપ્રભુ પણ શ્રીયમુનાષ્ટપદીના આરંભમાં કહે છે; "**नमो देवि यमुने नमो देवि यमुने हर कृष्णमिलनान्तरायम्** ." ભગવલ્લીલોપયોગી આધિદૈવિક રૂપવાળા યમુનાજીને શ્રીગુસાંઈજી "દેવી" કહીને પ્રથમવાર નમન કરે છે અને બીજી વખતનું નમન, પુષ્ટિજીવને પ્રભુની પાસે લાવનાર કે ઠાકુરજીને જીવ પાસે પધરાવનાર "દેવી" યમુનાને કરે છે. પ્રભુચરણ આદર અને ભક્તિના ઉદ્રેકથી પણ બે વખત નમન કરે છે અને મહારાણીમાને વિનન્તી કરે છે કે કૃષ્ણ મિલનમાં થતાં અમારા સર્વે અંતરાયોનો આપ ઉચ્છેદ કરો.

**नमामि यमुनामहम्** કહીને મહાપ્રભુજી કલિન્દગિરિનંદિનીની અપ્રતિમ પ્રતિભાનો પરિચય પુષ્ટિજીવને કરાવે છે. ગુણાતીત યૂથનાં સ્વામિની કૃષ્ણપ્રિયાને નમન કરવાનું શ્રીવલ્લભ, વૈષ્ણવને એટલા માટે કહે છે કે આવા પુષ્ટિજીવને મુખ્ય ફલ સ્વરૂપ ભગવદ્ભાવનો અધિકાર મળે, નૂતન દેહ ઉપલબ્ધ થાય અને પ્રભુમાં એના સ્નેહનું પ્રવર્ધન થાય.

યમુના નામનું અણમોલ રહસ્ય સમજાવતાં હરિરાયચરણ આજ્ઞા કરે છે;

"લેત શ્રીયમુને નામ, દેત અભયપદ દાન
રસિક પ્રીતમ પિયા બસજુ ઈનકે."

मुरारिपदपंकजस्फुरदमन्दरेणूत्कटाम् . જે યમુનાજીમાં, જલ કરતાં રજ વિશેષ છે, એ રેણુનું વૈશિષ્ટ્ય એ છે કે એ રજમાં, શ્રીકૃષ્ણ અને આપના લીલાપરિકરની રેણુ મિશ્રિત છે. "जहां ब्रजराज सुवन गोपी मिलि खेलत नित्य विहार ." શ્રીહરિ, શ્રીસ્વામિની અને આપના લીલા પરિકરનું આ રજમાં પ્રતિબિંબ પડતું હોવાથી આ રેણુ સદૈવ લીલામય રહે છે. આને આચાર્યજી अमन्दरेणु કહે છે. ઠાકુરજીની પ્રિયાઓનું આ રજની કણેકણમાં પ્રતિબિંબ છે, પ્રતિપલ લીલાનું નવીનત્વ છે. તેથી જ આ રજના સેવનથી આધુનિક વૈષ્ણવને સહેજ દાસાનુદાસ ભાવ આવી જાય છે. જેવો દાસાનુદાસ ભાવ વ્રજમાં ગુલ્મલતા બનવા ઈચ્છતા ઉદ્ધવજીને આવેલ. આવી યમુનારજને અંગેઅંગમાં લગાડવાની મનીષા સ્વયં શ્રીવિઠ્ઠલેશપ્રભુ પ્રકટ કરે છે. "सकलनिजांगगतामुदाकरिष्ये ।" કામધેનુ સમ અખંડ સિદ્ધિ આપનારી આ રેણુ છે કારણકે એમાં પ્રેમભક્તિની ખેતી શ્યામા શ્યામે કરી છે.

"कामधेनु यमुना की रेती ।
सुकर बई जहां राधा गिरिधर
प्रेम भक्तिकी खेती ."

અનેક અણમોલ હીરાઓની જાહોજલાલીથી સમૃદ્ધ હોય તેમ યમુનાજીની વાલુકા દેદીપ્યમાન થઈ ઝગમગાટ કરી રહી છે



અને પુષ્ટિજીવોના અંતરના અંધકારને નિરસ્ત કરી એમને પ્રકાશ આપી રહી છે. "झगमगाति वालुका उदार ." વલ્લભદાસજી તો આ અમન્દ રેણુને શ્રુતિસાર અને હરિથી પણ ઉદાર કહે છે.

"श्रीयमुने वालुका श्रुति सारसी ।
करुणा कला कलेवर अद्भुत
हरि तें अधिक उदार सी ।"

यतो वाचो निवर्तन्ते કહીને શ્રુતિઓ તો પરબ્રહ્મ સુધી પહોંચી ન શકી પણ યમુના તટ વાલુકા તો એ જ પરબ્રહ્મને, પોતાની રજમાં વિહાર કરવા સદા આકર્ષિત કરી રહી છે. હરિના દ્વારથી નિરાશ થઈ પાછા વળેલ રંક પુષ્ટિજીવને આ રજ ફલિત કરે છે; "जे हरिद्वार निराश रंक ते तुम तें फल पावत ।" ઠાકુરજી અને વ્રજસુંદરીઓના રમણ વખતે એમના અંગે અંગમાંથી નિસૃત થતો મધુરતમ રસ, આ રજમાં પર્યવસિત થાય છે એવી આ मुरारिपदपंकजरेणु છે. આ વાલુકા પ્રભુના લીલા પરિકર સંગના વિહારની દૃષ્ટા અને અનુભવકર્તા એમ ઉભય છે. વાસ્તવમાં તો આ રજ પણ લીલામધ્યપાતી હોવાથી લીલા લાવણ્યથી પ્લાવિત છે અને વિના કારણ વૈષ્ણવને રતિનું દાન દેનારી છે.

મહારાણીજીના સુકોમલ ચરણકમલમાં લલિત લાવણ્યથી વિદ્યમાન દશ નાજુક અંગુલીઓ પર બીરાજમાન, દશ નખાવલિઓ, એ નાજુકડા નાનકડા દશ આયના સમાન છે. યમુનાજીને "જુહારી" આપતી વખતે શ્રીકૃષ્ણ, કૃષ્ણાની આવી દશનખરૂપા આરસીઓમાં પોતાનાં દશવિધ લીલા વિશિષ્ટ, દશવિધ પ્રતિબિંબ નીરખે છે. આ નીરખીને ભગવદીય ગાય છે.

**"नख विधु पांति मनोहर मंजुल, हरि मन दर्पन मानो ।**
**रसकी रासि रासकी परिमिति, कहां लगी सुयश बखानो ॥"**

શ્રીકૃષ્ણના ગુણ અને રૂપવાળા અને પ્રભુને વશ કરનારા, શ્રીયમુનાજીના કૃષ્ણદાસત્વની ઝાંખી કરાવતાં શ્રીઆચાર્યજી કહે છે; **"तटस्थनवकानन."** શ્રીગુસાંઈજી જેને **"विविधलीलोपयोगिनी"** કહે છે એવા તુર્યપ્રિયાએ, પોતાના યમુનાજલમાં ક્રીડા કરતાં શ્રીકૃષ્ણને ઉદ્દીપન કરે અને અતિસુખ પહોંચાડે એવી સામગ્રીનું સામ્રાજય યમુના તટ પર નવકાનનમાં પ્રકટ કર્યું છે. મહારાણીજીનું આવું દાસત્વ, એ કૃષ્ણસમ યમુનાજીના, કૃષ્ણ માટેના નિર્ગુણ ભાવનું દર્શન કરાવે છે. યમુનાષ્ટપદી કહે છે;

**"निजकूलभवविविधतरुकुसुमयुत नीरशोभया विलसदलिवृंदे ।"**

તટ પરના વનમાં સુરમ્ય લાગતી વૃક્ષાવલીની હરિયાળી; એમાં મ્હોરતી લતાઓ, બહુરંગી પુષ્પો, ડાળીઓ પર બેસી કલરવ કરતાં પક્ષીઓ, ક્યાંક થતી કોકિલાની કુહુક, તો ક્યાંક મયૂરનું અંગડાઈ લેતું નૃત્ય, પપૈયાનો પિયુ પિયુ નાદ કે રસમત્ત ભમરાઓનો મુગ્ધ કરે એવો મધુર ગુંજારવ, આ સર્વ સામગ્રી, પ્રભુના સુખ માટે કૃષ્ણપ્રિયાએ સમર્પિત કરી છે. આ લીલામાં મંદ શીતલ અને સુગંધિત સમીરનો સંચાર થઈ રહ્યો છે. ઠાકુરજીને ઉદ્દીપન કરે અને નિતાન્ત સુખ પહોંચાડે એવી લાલિત્યમયી શોભા જે શ્રીયમુનાજીએ ત્યાં પ્રકટ કરી છે એનાં દર્શન પદ્મનાભદાસજીની પંક્તિમાં ય કરી લઈએ;

**"निज स्वरूप निकट यमुनाकूल दोऊ रत्नखचित**
**छतरिनकी पंक्ति जहां केली अखंड नित ।**



**पुलीन नलीन निकर शिखर शोभा कछु कही न जात**
**सारस हंस मोर कीर कोकिल कूजत है गान करत मधुव्रत ॥"**

સકલ સિદ્ધિના દાતા શ્રીયમુનાજી પુષ્ટિભકતને ભગવત્સેવોપયોગી દેહની પ્રાપ્તિ કરાવે છે. જીવને વિવિધ પુષ્ટિલીલાઓનાં દર્શનનું સામર્થ્ય બક્ષે છે તથા એ લીલામાં પ્રકટ થતા રસોનો અનુભવ કરવાનું ય સામર્થ્ય આપે છે, સર્વાત્મભાવ પ્રદાન કરે છે. શ્લોક કહે છે; **सकलसिद्धिहेतुं मुदा.**

<u>શ્લોક ૨ જો :-</u>

**कलिन्दगिरिमस्तके पतदमन्दपूरोज्ज्वला**
**विलासगमनोल्लसत् प्रकटगण्डशैलोन्नता ।**
**सघोषगतिदन्तुरासमधिरूढदोलोत्तमा**
**मुकुन्दरतिवर्द्धिनी जयति पद्मबन्धोः सुता ॥२॥**

પૃથ્વી છંદમાં યમુનાષ્ટક ગ્રંથ પ્રકટ થયો છે, તેથી આ છંદની તરંગાયિત ગતિ અને એના તાલબદ્ધ લયના આ શ્લોકમાં વિલક્ષણ દર્શન છે.

**कलिन्दगिरिमस्तके पतदमन्दपूरोज्ज्वला .** પુષ્ટિભક્તિ સ્વરૂપા શ્રીયમુનાજી, વ્યાપી વૈકુંઠ ગોલોકધામના નાથને, સારસ્વત કલ્પમાં, ગોકુલનાથરૂપે પધરાવવા નિર્ગુણભક્તિનો એક માર્ગ બનાવીને ભૂતલ પર પધાર્યા છે અને ભૂતલના પુષ્ટિજીવોને પણ એ જ માર્ગથી શ્રીકૃષ્ણની અલૌકિક નિત્યલીલાસ્થલીમાં પહોંચાડે છે. રવિમંડલમાંથી અત્યંત વેગથી પધારેલા ભાનુતનયાનું આગમન જયારે કલિન્દગિરિનાં શિખર પર થાય છે, ત્યારે ત્યાં આવિષ્કૃત થયેલાં ફીણના કારણે, યમુનાજલ ખૂબજ ઉજ્જવલ લાગે છે. **"छबि अनुप उपजत छिन छिन अनुपम**

**उज्जवला** ." શિખર પરથી વ્રજ તરફ જવાના ગમનકાલમાં, ઉછળી ઉછળીને આવેગથી જતાં યમુનાજીમાં એક અભિસારિકાની મૂર્તિ અભિવ્યક્ત થઈ રહી છે. એ વખતે વિશાલ શિલાખંડોની સાથે, વિલાસમય ગતિથી ઉન્નત રીતે અભિસરતાં યમુનાજી, પુષ્ટિજીવમાં રહેલા અનિષ્ટના પાષાણો ઊંચે ઊંચે ફેંકી રહ્યા છે. **विलासगमनोल्लसत् प्रकटगण्डशैलोन्नता** . આ લીલામાં આવેશથી અભિસરણ કરતાં મહારાણીજીના નુપૂરનો મંજુલ નાદ, મધુર બ્રહ્મનાદ જેવો સંગીતની સીમારૂપ છે. વલ્લભદાસજી ગાન કરે છે; "**मधुर गवनि पुनि नुपूर कौ रव सांगीत की सींव** ." મહાપ્રભુજી આ નાદને પણ **सघोषगति** કહે છે. નવલવધુ રૂપે સુખપાલમાં પધારતા શ્રીમહારાણીજીનાં દર્શન કરીએ;

"**जात पिय निकट नववधु सुखपाल चढि**
**गानधुनि सजनि कृत व्रजहि आवे** ."

અર્થાત્ નવદુલહની તરીકે પાલખીમાં વ્રજ તરફ પધારતાં યમુનાજીની સાથે આપનું સખીવૃન્દ ગાન કરી રહ્યું છે એને પણ આચાર્યચરણ **सघोष** કહે છે. કર્ણરમ્ય લાલિત્યયુક્ત ઘોષસિમંતિની વૃન્દાઓનો એ "ઘોષ" છે;

"હરખિ ગોવિન્દ પ્રભુ નિરખિ ઈનકી ઓર,
માનો નવદુલહની આઈ ગવને."

આ દુલહનીની ચાલ ટેઢિ છે.

"ચલત ટેઢિ હોઈ, લેત પિયકો મોહિ."

યમુનાજી પિયનું તો મન મોહિ લે છે પણ સાથે સાથે વૈષ્ણવની



રતિનું પણ વર્ધન કરે છે. **मुकुन्दरतिवर्द्धिनी** . યમુનાજીના સ્મરણ માત્રથી ભક્ત માટે, મુકુન્દની રતિનું પણ વર્ધન થઈ જાય છે. સામાન્યતયા મોક્ષ અને રતિ, વિરુદ્ધ ભાવવાળા છે. મોક્ષના સ્વભાવવાળા મુકુન્દમાં રતિનું વર્ધન કરનાર કે ભક્તમાં રતિનું પ્રવર્ધન કરીને મુકુન્દને અતિ સુખ પહોંચાડનાર ભાનુતનયા **मुकुन्दरतिवर्द्धिनी** છે. મુકુન્દ અને પુષ્ટિજીવ એમ બન્નેની રતિનું વર્ધન કરનાર શ્રીમહારાણીજી "ઉભયોપકારિણી" છે. અહીં તુર્યપ્રિયાના "ભગવદ્રતિવર્ધક" ઐશ્વર્યનાં પ્રકટ દર્શન છે.

<u>શ્લોક ૩જો :-</u>

**भुवं भुवनपावनीम् अधिगतामनेकस्वनैः**
**प्रियाभिरिवसेवितां शुकमयूरहंसादिभिः ।**
**तरंगभुजकंकण प्रकटमुक्तिका वालुका**
**नितम्वतटसुन्दरी नमत कृष्णतुर्यप्रियाम् ॥३॥**

કૃષ્ણમિલનમાં થતાં પ્રતિબંધોને નિવારનાર મહારાણીજી, પ્રભુનાં ક્રીડાંગણ ધામ વ્રજને સુકોમલ અને પ્રભુના જીવોને દોષરહિત કરે છે. **भुवं भुवनपावनीम्** . મહારાણીમા, પુષ્ટિજગતનાં પાવનકારી છે. **भुवि मंडल पावन करन कौं, जग आविर्भाव तिहारो भयो ।**" શ્રીકૃષ્ણની રસભરી ક્રીડાઓમાં રતિભાવની પ્રતિક્ષણ નૂતન વૃદ્ધિ કરાવનાર શ્રીયમુનાજી, ભૂતલ પર, કૃષ્ણના અવતારદશાની લીલાના આરંભકાલની પહેલા જ પ્રકટ થઈ ગયા છે. ભગવદ્રમણને સુલભ બનાવવા. "**भगवान रमणार्थ अवतीर्णः तदा इयमपि तदुपयोगिनी अवतीर्णा.**" પોતાની પ્રિયાઓથી સેવિત થયેલ તુર્યપ્રિયા, શુક, મયૂર, હંસાદિ સમાજ સંગ ભૂતલ પર પ્રકટ થયાં છે. અર્થાત્ વાણી, તન

અને મનથી સેવા કરી શકે એવા પરિકર સંગ આપ આવિર્ભૂત થયાં છે. શ્રીયમુનાજીના તટ પર રહેનાર અનેક શુક, મેના, મુનિ, અમૃતસાગર એવા गोपालरतिवर्द्धिनीનું સ્તવન કરે છે.

"शुक हंस मयूर सखी मनुसंग
उमंग समै अनुराग छयो ।"

શ્રીયમુનાજીમાં પડતી તરંગોનું એક રહસ્ય સમજાવતાં વલ્લભદાસજી કહે છે; "और जीव के मनमें विपरीत आवे जासों प्रभु प्राप्तिमें हानी होय । सो वाको फेरवेको श्रीयमुनाजीमें भौंर परत हैं । मानो यह सुदर्शन चक्र के पेंडने चक्र चढि रहे है ।" કીર્તન કહે છે;

"फेरनिको हरिके जनको मन भौंर
फिर करुणा जीय धारी कें ।"

યમુનાજીમાં પ્રકટ થતા તરંગો આપનાં ભુજકંકણ છે. એમાં ફેણરૂપી મોતીઓ સાક્ષાત્ જડેલાં છે. કલિંદગિરિનંદિનીના ભુજકંકણમાંથી પ્રક્ટ થતો ઝીણો ઝીણો મધુર નાદ કૃષ્ણ ગુણગાન કરતી વખતે જાણે હલકી સી ઝાંઝ ન વાગતી હોય એવી નાદક્રીડા પ્રક્ટ કરે છે. "कोउ स्वर झीने झनकावत झांझ ." યમુનાજીના તરંગો કેવા છે તેના વલ્લભદાસજીના પદમાં દર્શન કરી લઈએ.

"उमगति तरंग रस रास को विलास भरि,
सुरति श्रम वारि पिय संग अभिसारिका ।"

અથવા તો યમુનાજી પોતાના શ્રીહસ્ત ઠાકુરજીના સ્કંધ પર



ધરે છે તે વખતે પ્રભુના સુકોમલ સ્કંધને પ્રિયાના કંકણનો સ્પર્શ થતાં જ ત્યાં તેની છાપ પ્રકટ થઈ જાય છે અને એ વખતે અભિવ્યક્ત થતો પ્રભુના શ્રીઅંગનો દિવ્યપ્રકાશ એ કંકણછાપનાં મોતી સમાન છે.

ભુજકંકણની અતિ શોભા સહિત, કટિન્યસ્ત શ્રીહસ્તથી ઠાડા તુર્યપ્રિયા नितम्बतटसुन्दरी છે.

"तरंग भुजा गति दिव्य द्वे कूल नितम्बनि मोद् बयो ।"

મનમોહનનાં મનને વિમોહિત કરતું શ્રીયમુનાજીનું આ આધિદૈવિક નિરવધિરૂપ સૌંદર્ય છે. આ લીલામાં પ્રભુના શૃંગારરસના અધિષ્ઠાતા ભક્ત્યાત્મક શ્રીયમુનાજીના આવાં ભક્તિશૃંગારાત્મક વિશિષ્ટ દર્શન છે.

બે ભુજારૂપ તટવાળા મહારાણીમા, મહાપ્રભુજીની સૃષ્ટિનાં કષ્ટ નિવારવા પોતાની વાત્સલ્યમયી ભુજા પસારીને પધાર્યા છે.

"बीचो भुज तटनि तुर आवनि यह हेतु हेरि,
वल्लभी सृष्टि के कष्टकी निवारीका ."

પોતાની સૃષ્ટિનો અને પ્રભુના શ્રમનું નિવારણ કરનાર શ્રીયમુનાને શ્રીવલ્લભ "नमत कृष्णतुर्यप्रियाम्" કહે છે. સ્વામિનીજીએ પોતાના જેવી પોતાના જ શ્રીહસ્તકમલ કોમલથી ઘડી હોય એવી પરમ સૌષ્ઠવભરી શ્રીયમુનાજી છે, કૃષ્ણની ભાગ્યનિધિ છે.

"भाल कहों के भाग्य श्यामको मुरतिवंत सुहायो ।
मनु वृषभानु सुता अपनो सो अपने हाथ बनायो ।"

<u>શ્લોક ૪થો :-</u>

अनन्तगुणभूषिते शिवविरंचिदेवस्तुते
घनाघननिभे सदा ध्रुवपराशराभीष्टदे ।
विशुद्धमथुरातटे सकलगोपगोपीवृते
कृपाजलधिसंश्रिते मम मनस्सुखं भावय ॥४॥

શ્રીકૃષ્ણ સમાન રૂપ અને ગુણવાળા શ્રીયમુનાજી માટે શ્રીહરિરાયજી કહે છે;

"कृष्णां कृष्णसमां कृष्णरूपां कृष्णरसात्मिकाम् ।
कृष्णलीलामृतजलां कृष्णसम्बन्धकारिणीम् ॥"

પદમાં ગવાયું; "कृष्णा कृष्ण सदृश सब विधि हो । पुष्टिभक्ति अमृत फल देवे लीला सुख की सिद्धि हो ।" છીતસ્વામી ગાય છે; "તન મન ધન સબ લાલ ગિરિધરન કો." શ્યામસુંદરની જેમ શ્રીયમુનાજી શ્યામરંગિણી છે, મુકુટ કાછની શૃંગારધારિણી છે, અનંત લીલાકારિણી છે, અમિત અમીવર્ષિણી છે અને ભક્તો પર વિના કારણ કૃપા વર્ષાવનારી મહોદારી મહારાણી છે.

"बिना कारण दान मोकों दियो तुम करि नेह ."

વાસ્તવમાં તો ઠાકુરજી સમાન ઐશ્વર્ય, વીર્યાદિ ષડ્ધર્મની સંપત્તિથી સંપન્ન રવિનંદિની છે. "શ્રીયમુને અગણિત ગુણ ગિને ન જાઈ." अनन्तगुणभूषितेમાં શ્રીયમુનાજીના પ્રભુ સમાન નિતાન્ત "ઐશ્વર્ય"નું નિર્દેશન છે. "હરિ સમ સાંમર્થ્ય વેદ વર બાની." પ્રભુસમ ગુણધર્મ અને રૂપ ધરાવનાર તુર્યપ્રિયા સાથે પુષ્ટિજીવનો સંબંધ સ્થાપિત થતાં, એનો સંબંધ પરબ્રહ્મ



શ્રીકૃષ્ણ સાથે અનાયાસ સ્થાપિત થઈ જાય છે. ભાનુતનયાના "વીર્ય" ગુણને પ્રતિપાદન કરતા શ્રીવલ્લભ કહે છે; "शिवविरंचि-देवस्तुते ." શિવવિરંચિ દેવાદિને તુર્યપ્રિયાની સ્તુતિ કરતાં જોઈને ભક્તને આપના વીર્ય ગુણની પ્રતીતિ થાય છે. બ્રહ્મના "આત્મકામ" સ્વરૂપમાંથી પ્રક્ટ થયેલા શિવવિરંચિમાં ભોક્તાનો ભાવ છે. શ્રીયમુનાજીના "વીર્ય"ધર્મના પ્રતાપથી એમનામાં પ્રભુ માટે ભોગ્યભાવ જાગે એ અભિલાષા રાખતા शिवविरंचिदेव સ્તુતિ કરી રહ્યા છે. વાસ્તવમાં જ્યારે મુનિજનો નંદકિશોરને કલિંદગિરિનંદિનીના આશ્રિત જુએ છે, ત્યારે આ મુનિગણને ય તુર્યપ્રિયાના "અધિક વીર્ય"નાં દર્શન થાય છે. વલ્લભદાસજી ગાય છે.

"गुण रतन अलंकृत अंग अनंग
विरंचि शिवा सिव जाहि मनावें ।
नवनीरदकी द्युति नंदकिशोर
तिनें तव आश्रित है मुनि पावें ॥"

અષ્ટપદીમાં શ્રીમદ્ પ્રભુચરણ ગાન કરે છે; "तटगतानेकशुक-सारिकामुनिगण स्तुत विविध गुणसीधुसागरे ."

घनाघननिभे :- અહીં શ્રીયમુનાજીના ઠાકુરજી સમ સજલ ગાઢ શ્યામલ શ્રીઅંગનું નિર્દેશન છે. નીલ નીરદ શ્યામા શ્રીયમુનાજીનું સ્વરૂપ ભક્તિ શૃંગારરસાત્મક છે."श्यामो हि शृंगाररस." શ્યામઘનમાં જ વિશ્વને જીવન પ્રદાન કરવાનું તત્ત્વ છે. શ્યામસુંદરની શ્યામા પણ પુષ્ટિસૃષ્ટિમાં કૃપાની વર્ષાથી નિર્ગુણભાવાત્મક ભક્તિની ફસલ આવિષ્કૃત કરે છે. યમુનાજીમાં અહીં પરમ "યશ" ધર્મ અભિવ્યકત થાય છે.

મનુષ્યની દાનવૃત્તિમાં એનો "યશ" સમાયેલો છે. "दातृत्वे यश ." પદ કહે છે; "યમુના સી નાહિ કોઉ ઓર દાતા." શ્રીકૃષ્ણને "सान्द्रपयोदसौभगम्" કહ્યાં છે. घनाघननिभे આનો પર્યાય છે. घनाघन માં ઘન અને અઘન એમ લઈએ તો અહીં ઘનીભૂત રસાત્મા શ્રીકૃષ્ણ અને "અઘન" એવા દ્રવીભૂત રસાત્મિકા શ્રીયમુનાજીનું ગાઢ રમણ છે. "શ્યામ સંગ શ્યામ વ્હે રહી શ્રીયમુને" घनाघन એટલે, પરસ્પર નિબિડતયા નિબદ્ધ મેઘશ્યામ યુગલ તત્ત્વ જે પોતાની શીતલ ફૂંહારથી વિશ્વના સચરાચરને અનુપ્રાણિત કરે છે. આવો આપનો અનંત "યશ" છે.

ध्रुवपराशराभिष्टदे :- અહીં શ્રીકૃષ્ણ અને શ્રીકૃષ્ણાના "શ્રી" ધર્મનું વર્ણન છે. શ્રીયમુના મહારાણીજીના સાન્નિધ્યમાં જ ભગવાને ધ્રુવ પરાશરાદિને જ્ઞાનાદિ સમૃદ્ધિનું દાન કર્યું છે, તો એમના સ્વામી અને સ્વામિનીના "શ્રી"ના વૈભવની કઈ ગાથા ગાવી ? "श्रियो हि परमाकाष्ठा सेवकास्तादृशा यदि ." વાસ્તવમાં તો સ્નેહાત્મક શ્રીકૃષ્ણના લાવણ્યની સારાવલિરૂપ સુધા શ્રીયમુનાજી છે. શ્રીવલ્લભદાસજી ગાય છે;

"सरस द्युति भक्ति भरि भरि, माधुरी सुधा सी सरि,
कान्त लावण्य नव नेहनीकी सारावलि ।"

विशुद्धमथुरातटे :- અહીં કૃષ્ણ અને કૃષ્ણાના "જ્ઞાન" ધર્મનું વર્ણન છે. વિશુદ્ધત્વ એ જ્ઞાનનું કાર્ય છે. શ્રીયમુનાજીના સાન્નિધ્યથી મથુરા વિશુદ્ધ બની ગઈ છે અને મુક્તિદાયિની ને બદલે મથુરા પણ ભક્તિદાયિની થઈ ગઈ છે.

सकलगोपगोपीवृते :- ઠાકુરજી અને યમુનાજીના "વૈરાગ્ય"



ગુણનું અહીં દર્શન છે. અષ્ટપદીમાં શ્રીગુસાંઈજી કહે છે; "गोपीवृन्दपूजित सरसमीशवपुरानंदकंदे ." ભક્ત સિવાય અન્ય સર્વ વિસ્મારક પ્રભુ, ભક્તના સંગ વિના સંતપ્ત થઈ જાય છે. એના માટે વૈરાગ્યની મહારાણી શ્રીતુર્યપ્રિયા, ઠાકુરજીને સદા ભક્તોથી આવૃત્ત અને સેવ્ય રાખે છે. યમુનાજીની નિર્ગુણ ભક્તિનો આવો દિદાર છે કે પરબ્રહ્મ સંગ કેલી પ્રસંગમાં પણ આપ ભક્તોની સ્મૃતિ કરે છે.

"પિય સંગ, રંગ ભરિ કરિ કલોલેં
સબન કોં સુખ દેન, પિય સંગ કરત સેન;
ચિત્તમેં તબ પરત ચેન, જબહી બોલેં ."

ભક્તોના માનાદિ દોષો નિવૃત્ત કરાવી શ્રીયમુનાજી એમને પ્રભુમાં સર્વાત્મભાવ સિદ્ધ કરાવે છે. सकलगोपगोपीवृतेમાં ભક્ત શિરમોર શ્રીયમુનાજીનાં દર્શન છે. વલ્લભદાસજી ગાય છે;

"बलि बलि जाऊं रंगीली छबि पर, शोभा जगमें रोरी,
वल्लभ सकल घोष युवतिनि में, श्रीयमुना शिरमोरी ।"

कृपाजलधिसंश्रिते :- અહીં કૃષ્ણ અને કૃષ્ણાના "ધર્મી" સ્વરૂપનું નિરૂપણ છે. પ્રત્યેક લીલા વિશિષ્ટતામાં પ્રભુ પોતાના લીલોપયોગી ધર્મને પ્રકટ કરે છે પણ "કરુણા" એ શ્યામ અને શ્યામાનો સ્થાયિભાવ છે. અર્થાત્ નિરવધિ કૃપામયતા એ યુગલનું સ્વરૂપ છે. એમાંય "प्यारी की अधिक कछु" એનું કારણ સમજાવતાં વલ્લભદાસજી એમના ગદ્ય સાહિત્યમાં લખે છે; "श्रीस्वामिनीजी की करुणारसस्वरूप श्रीयमुनाजी है । करुणाको हरकनो स्वरूप होत है, तासों आपको हू स्वरूप

दरकनो आर्द्र है और श्रीठाकुरजी के संग विहार करतमें हू दृष्टि जीवन की और को रहत है ।" સ્વામિનીજીના માનાદિ પ્રસંગોમાં ઠાકુરજીને વિરહમાંથી નિવારનાર તુર્યપ્રિયા છે. વલ્લભદાસજી ગાય છે;

"मदन जलधि में मगन होत पिय
बढत विरहकी आरति ।
तब वे भुज तरणी करुणा करि
विनु श्रम पार उतारति ॥"

આના કારણે શ્રીમહારાણીજી પાસે ઠાકુરજી પણ "ડરે" છે, તેથી સર્વ વ્રજભક્તો પાસે ખંડિતાના પ્રસંગમાં સાચું ન પણ બોલનાર સર્વસમર્થ પ્રભુ, શ્રીયમુનાજી પાસે એમ કરી શકતાં નથી. તેથી સૂરદાસજી ગાય છે; "મદનમોહન જૂ કી ખરી પિયારી પટરાની જુ કહાવે." લીલામાં યમુનાજીની બધાય કાનિ રાખે છે. જેને શ્રીયમુનાજી અંગીકાર કરાવે છે એને ઠાકુરજી છોડી શકતા નથી. શ્રીયમુનાજીની આવી અમિતકૃપા નીરખી ઠાકુરજી પણ વિસ્મિત થાય છે કે શ્રીયમુનાજીમાં આવી અવિરત કૃપા આવી ક્યાંથી !!

"कहा कहे इनकी प्रभुताई ।
चकित होत छिन छिन मनमोहन
यह धौं कृपा कहाँ ते आइ ।"

મહારાણીજીની આવી નિઃસીમ કૃપાથી ઠાકુરજીને વિસ્મિત થતા જોઈને કૃપાનિધિ શ્રીવલ્લભના મનને પરમ સુખ થાય છે એટલે શ્રીવલ્લભ કહે છે; "मम मनस्सुखं भावय ."



શ્લોક ૫મો :-

यथा चरणपद्मजा मुररिपोः प्रियम्भावुका
समागमनतोऽभवत् सकलसिद्धिदा सेवताम् ।
तया सदृशतामियात् कमलजा सपत्नीव यत्
हरिप्रियकलिन्दया मनसि मे सदा स्थीयताम् ॥ ५ ॥

પ્રભુના પ્રિય ભક્તોમાં રહેલા કલિના દોષોનું નિવારણ કરનાર શ્રીયમુનેમહારાણી છે. શ્રીયમુનાજીના સંગમ પહેલાં પ્રભુને, પોતાના चरणपद्मजा ગંગાજીમાં પ્રિય ભાવ ન હતો. કલિન્દગિરિનંદિનીના સમાગમ પછી ગંગાજી प्रियम्भावुकाऽभवत् થયાં. "अप्रिया प्रिया संपन्ना ." ચંદનના વનની સોડમ એની પાસે રહેલ અન્ય વનનાં વૃક્ષોમાંય ચંદનની સુવાસ સ્થાપિત કરી દે છે તેમ શ્રીયમુનાજીના સંગમથી, શ્રીગંગાજી, રવિનંદિનીની સૌરભથી પ્લાવિત થઈ ગયાં છે અને એના કારણે આપ કૃષ્ણને પ્રિય બન્યા છે.

मनसि मे सदा स्थीयताम् . મન જ સર્વ ઈન્દ્રિયોનું પ્રેરક હોવાથી આચાર્યચરણ શ્રીયમુનાજીને પુષ્ટિજીવના મનમાં પધારવાની વિનન્તી કરે છે. મનની શુદ્ધિથી જીવની સર્વેન્દ્રિયો નિષ્પાપ અને નિર્દોષ બની જાય એ હેતુથી. તદુપરાંત વૈષ્ણવનું મન જ ભાવનું અધિષ્ઠાન છે. એટલે મહારાણીજી મનમાં પધારે ત્યારે પુષ્ટિજીવની સર્વ ઈન્દ્રિયો ભગવત્ભાવાત્મક સર્વાત્મભાવાત્મક થઈ જાય છે. શ્રીતુર્યપ્રિયાના કયા વિલક્ષણ સ્વરૂપને મનમાં પધારવાનું શ્રીમહાપ્રભુજી અહીં કહે છે એનો ખ્યાલ શ્રીવિઠ્ઠલેશની અષ્ટપદીથી આવે છે.

"रतिभर श्रमजलोदित कमल परिमल व्रजयुवति जन विहति मोदे ।"

એવાં હે શ્રીયમુને અમને પુષ્ટિભક્તિરસથી સમૃદ્ધ કરો.

આવા શ્રીયમુનાજીના સ્વલ્પ સમકક્ષમાં આવે તો તે લક્ષ્મીજી છે અને તોય, શ્રીલક્ષ્મીજીનો પુષ્ટિભક્તિમાર્ગીય લીલા સાથે સંબંધ જ નથી.

<u>શ્લોક ૬ઠ્ઠો :-</u>

नमोऽस्तु यमुने सदा तव चरित्रम् अत्यद्‌भुतं
न जातु यमयातना भवति ते पयःपानतः ।
यमोऽपि भगिनीसुतान् कथमु हन्ति दुष्टानपि
प्रियो भवति सेवनात् तव हरेर्यथा गोपिकाः ॥६॥

ભક્તોનો સદા ઉત્કર્ષ સાધનારા અને પોતાના જેવા ગુણોથી પુષ્ટિજીવોને સમૃદ્ધ કરનાર શ્રીયમુનાજીને નમન કરવું પણ દુર્લભ છે, એટલે મહાપ્રભુજી પુષ્ટિજીવ વતી નમોऽस्तु કહે છે. પુષ્ટિજીવ ભાનુતનયાને નમન કરી શકે એવી આચાર્યજી એને યોગ્યતા આપે છે. "त्वयि नमनमपि दुर्लभं अतः प्रार्थ्यते ।" યમુનાવિજ્ઞપ્તિમાં શ્રીહરિરાયચરણ પોતાને ભાવ સંપાદન કરાવવા નમન કરે છે;

"नमामि यमुनां कृष्णतुर्यप्रियतमामहम् ।
निजाचार्य पदाम्भोज दासे भावं प्रयच्छतु ॥"

નમન કરવાનું રહસ્ય સમજાવતાં વલ્લભદાસજી કહે છે કે; "હે શ્રીયમુના ! આપ તો મારા માટે હરિનો સ્વભાવ ફેરવવામાં સમર્થ છો." "श्रीहरि स्वभाव फेरनि श्रीयमुने जनहित लीनो परन ."



પોતાની તરસ શમાવવા કોઈ જીવ યમુના જલ પાન કરે તો તેમાંય એની યમયાતના જાય છે એવું આપનું चरित्रं अतिअद्‌भुतं છે. યમના જન્મ પછી, યમસુલભ જીવના દોષોને નિવારવા માટે સૂર્યને ત્યાં યમુનાજી, પુત્રી રૂપે પ્રકટ થયાં છે. શ્રીયમુનાજીનાં પયપાન કરનારને આચાર્યજી भगिनीसुतान् કહે છે અને એ યમના ભાણેજ બની જાય છે. એટલે એમને યમયાતના થતી નથી. આ સંદર્ભમાં હરિરાયજી ઓગણીસમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે; "सो श्रीयमुनाजी कैसे है जो दुष्ट प्राणी अनजाने एकवार हू जलपान करे तो उह जीवकों यमयातना न होय ऐसो प्रताप है । जो जीव श्रीयमुनाजीको आश्रय करे तिनकों श्रीयमुनाजी श्रीठाकुरजीकी लीलाको अनुभव करावे, सर्व कार्यसिद्धि करि अलौकिक देह सिद्ध करे, ऐसे श्रीयमुनाजी है । श्रीगिरिराज कैसे हैं, जो इनके संग ते भीलनीकों हू भक्ति भई ।" યમુનાજલપાનનું એવું અસાધારણ મહત્ત્વ છે કે, એનું પાન કરનાર જીવના દેહેન્દ્રિયાદિ, એને કાલ પ્રવાહમાં ડૂબાડી યમ સુધી નથી પહોંચાડી શકતા. કિન્તુ કૃપા થતાં, આવા જીવને પ્રભુના પ્રણયસાગરમાં વિહરતો કરી દે છે.

"ભક્ત કોં સુગમ, શ્રીયમુને અગમ ઓરેં,
પ્રાતહીં નહાત, અઘ જાત તાકે સકલ
યમ હૂં રહત તાહિ હાથ જોરે."

"यम" શબ્દથી યોગમાર્ગ પ્રતિપાદિત યમ, નિયમ, પ્રાણાયામાદિ લઈએ તો અર્થ એવો થાય છે કે, પુષ્ટિજીવને, યમુનાજીની કૃપાથી, ભક્તિયોગ સિદ્ધ કરવા માટે "યમ" આદિ સાધનોનો પરિશ્રમ કરવો પડતો નથી કે એની યાતના વેઠવી પડતી

નથી. એવા નિ:સાધન જન ઉદ્ધારક મહારાણીમા છે.

રવિનંદિનીની આવી જીવોદ્ધારકતા દર્શાવીને શ્રીવલ્લભપ્રભુ મહારાણીજીનું અલૌકિક સિદ્ધિ પ્રદાન કરવાનું સામર્થ્ય સમજાવે છે. "प्रियो भवति सेवनात् तव हरेर्यथा गोपिकाः ." ગોપિકાઓની જેમ પુષ્ટિજીવ હરિને પ્રિય બની જાય છે.

ઠાકુરજીની દૃષ્ટિથી જોઈએ તો, તુર્યપ્રિયાના, अति अद्‌भुत चरित्रंनो એક વિલક્ષણ પહેલુ દૃશ્યમાન થાય છે. ત્રિભુવનને મોહિત કરતાં પ્રભુ સ્વયં, શ્રીયમુનાજીની અમિત સ્વરૂપશોભામૃતનું પાન કરીને વિમોહિત થઈ જાય, એ યમુનાજીનું "અદ્‌ભુત ચરિત્ર" છે. પરંતુ કૃષ્ણપ્રિયાને સ્પર્શ કર્યા પછી પણ કૃષ્ણમાં, ન સ્પર્શ્યું હોય એવી તૃષ્ણા જે રહી જાય છે, તે રવિનંદિનીના "અતિ અદ્‌ભુત ચરિત્ર"નો વિલાસ છે.

"करुणा कला अंग अंगनि प्रति सरस माधुरी बरसे
परसत हू अपरस सी तृष्णा नाइ चकित मन तरसे"

અહીં બ્રહ્મને, ભગવાન કૃષ્ણ બનવાનું પ્રયોજન, પરમ સિદ્ધ થતું અનુભવાય છે.

શ્લોક ૭મો :-

ममाऽस्तु तव सन्निधौ तनुनवत्वमेतावता
न दुर्लभतमा रतिर्मुररिपौ मुकुन्दप्रिये ।
अतोऽस्तु तव लालना सुरधुनी परं संगमात्
तवैव भुवि कीर्तिता न तु कदापि पुष्टिस्थितैः ॥७॥

શ્રીયમુનાજીના જલનાં પાનથી જો જીવને દુર્લભ ભાગ્યની



પ્રાપ્તિ થાય છે તો મહારાણીજીના સાન્નિધ્યમાં રહેવાથી ભક્તને तनुनवत्व કે લીલોપયોગી નૂતન દેહની આ ભૂતલ પર રહીને ઉપલબ્ધિ થાય તે સ્વાભાવિક છે. તનુનવત્વનું રહસ્ય સમજાવતાં વલ્લભદાસજી કહે છે; "जब या जीव को अलौकिक पंचतत्त्वको शरीर बन्यो सो इन्द्री हु अलौकिक होय । जैसे बुद्धिमें ब्रह्मा को वास है, सो तहाँ श्रीयमुनाजीको वास होय । काहे तें जो पुष्टिमार्गके ब्रह्मा ये ही है । जीवन कों नवीन शरीर दे के अपनी वालुका कों पाछें लीलामें अंगीकार करावत है । और मनु में कामदेव को वास है तहाँ कृष्ण कामदेवरूप आप बिराजे है ।" પલપલમાં નૂતન લીલા પ્રક્ટ કરનાર યમુનાજી, પુષ્ટિમાર્ગના બ્રહ્મા છે. આવા પુષ્ટિભક્તિના બ્રહ્મા, શ્રીયમુનાજી ભક્તની બુદ્ધિમાં પધારે છે ત્યારે એવા વૈષ્ણવની બુદ્ધિના સમર્પણથી, એની સર્વેન્દ્રિયો સમર્પિત થઈ જાય છે. આચાર્યચરણ સુબોધિનીજીમાં સમજાવે છે; "बुद्धिश्चेत् समर्पिता तदा सर्वमेव समर्पितमिति बुद्धिसमर्पणमेवाह मय्यावेशित धियामिति ।" એનું કારણ એ છે કે પુષ્ટિભક્તની બુદ્ધિમાં બિરાજતાં શ્રીયમુનાજી, એ ભગવદીયની આત્મરતિને ભગવદ્‌રતિમાં સમર્પિત કરવા પ્રેરે છે. તદુપરાંત, જે પુષ્ટિભક્તની બુદ્ધિમાં શ્રીમહારાણીજી વસે છે, એ જ જીવના મનમાં શ્રીયમુના સંગ રાસ કરવા મદનમોહન પધારે છે. તનુનવત્વ સંપાદન કરનાર મહાનુભાવી ભગવદીયના શરીરની સત્તા રહે છે પણ એમાં લૌકિક ધર્મોના લોપપૂર્વક અલૌકિક ધર્મો પ્રકટ થઈ જાય છે. સહસ્ર વર્ષોથી પ્રભુથી વિખૂટા પડેલા જીવમાં, એના જર્જરિત દેહેન્દ્રિયમાં, શ્રીયમુનાજીના સાન્નિધ્યથી, એક એવી વિલક્ષણ શક્તિ કે નાવીન્યનો સંચાર થઈ જાય છે કે એવો

મહાભાગ્યશાળી ભક્ત, સર્વેન્દ્રિયથી પ્રભુનો રસાત્મક અનુભવ કરી શકે છે. આવા તનુનવત્વ કે અલૌકિક સામર્થ્યનાં કારણે, આવો બડભાગી જીવ, પ્રભુનું સાક્ષાત્ દર્શન, સ્પર્શનાદિ કરે છે. પ્રલયાનલથી પણ અનંતગણા કષ્ટયુક્ત પ્રચંડ ભગવદ્વિપ્રયોગને એ પચાવી શકે છે. આવા ભક્તને ઠાકુરજીની રસાત્મિકા, અનુભૂતિ બધી તરફથી થાય છે. માટીના કાચા ઘડામાં પાણીને ધારણ કરવાનું સામર્થ્ય હોતું નથી, પરંતુ અગ્નિથી એ પરિપક્વ બને ત્યારે જલધારણ કરી શકે છે. તનુનવત્વમાં જીવના પંચાધ્યાસની નિવૃત્તિ હોય છે, તેથી, આવો ભક્ત, કોટિ કંદર્પલાવણ્યયુક્ત પ્રભુ અને આપની લીલાનું આવરણ વગર "પ્રત્યક્ષ" દર્શન કરી શકે છે. આવી મહારાણીજીની કૃપા થાય ત્યારે પ્રભુમાં પ્રીતિ દુર્લભ ક્યાંથી રહે ? "न दुर्लभतमा रतिर्मुररिपौ मुकुन्दप्रिये ।" યમુનાજી સાથે સંબંધ થવાથી પુષ્ટિજીવના દોષો નિવૃત્ત થાય છે એ દર્શાવવા મહાપ્રભુજી मुररिपौ કહે છે. આવા જીવોને મોક્ષ આપવાવાળા મુકન્દ, મુક્તિ નથી આપતાં પણ મુકુન્દપ્રિય શ્રીયમુનાજીના કૃપાપાત્રને, પ્રભુ ભક્તિ આપવા લાચાર બની જાય છે.

"ચતુર્ભુજદાસ કહે, સોઈ પ્રિય પાસ રહે,
જોઈ શ્રીયમુનાજી કે રસ જુ ભીંજે ."

**अतोस्तुतवलालना** :- તનુનવત્વરૂપી સ્વતંત્રભક્તિ સિદ્ધ ન થાય ત્યાં સુધી જીવ બિચારો મહારાણીજીને કેવલ વિનવી જ શકે છે કે "ગુણ કીર્તનરૂપ મેં કરેલી આપની લાલનાઓને જ આપ સ્તુતિ તરીકે સ્વીકારી લેજો." તુર્યપ્રિયાની સ્તુતિથી ઠાકુરજીને નિતાન્ત સુખ પહોંચે છે અને પ્રભુ પ્રસન્ન થાય છે.



માહાત્મ્યજ્ઞાનપૂર્વક કરેલા યમુનાજીના ગુણકીર્તન સ્તુતિરૂપા છે. પરંતુ સ્નેહાન્વિત થઈને કરેલી ભાનુતનયાની સ્તુતિ, સ્નેહોદ્ગાર રૂપ લાલના બની જાય છે, મહારાણીજીની આવી લાલના શ્રીવિઠ્ઠલેશપ્રભુ "શ્રીયમુનાષ્ટપદી"માં કરે છે કે; "વ્રજના સ્વામિ શ્રીકૃષ્ણના વલ્લભે ! હે શ્રીયમુના, આપના શ્રીચરણકમલ મારા દર્શનનો વિષય ક્યારે બનશે ? આપના તટ પર રહેલ રજને અંગેઅંગ પર લગાવી હું હર્ષાન્વિત ક્યારે થઈશ ?"

"व्रज परिवृढ वल्लभे कदा त्वच्चरण सरोरुहमीक्षणास्पदं मे ।
तव तटगतवालुकाः कदाऽहं सकलनिजांगगता मुदा करिष्ये ॥"

યમુનાજીની આવી લાલના કરતી વખતે વૈષ્ણવોમાં કેટલું દૈન્ય હોવું જોઈએ તે અહીં પ્રભુચરણ સ્વયં સમજાવે છે. **अतोस्तुतवलालना** કહીને આચાર્યજી જીવને સમજાવે છે કે તુર્યપ્રિયાની આવી લાલના યમુનાજીની કૃપાથી જ જીવ કરી શકે છે. કૃષ્ણાને કૃષ્ણ વશ છે, તેથી જ શ્રીયમુનાસ્તુતિ કરનાર પર પ્રભુ મહેરબાન થઈ જાય છે.

"ઈન બિના એક દિન, રહત નહિ જીવન ધન,
બ્રજચંદ મન આનંદ કરની."

જેમ ભાનુતનયાના સાન્નિધ્યથી ઠાકુરજી જીવ પર કૃપા કરે છે, તેમ શ્રીયમુનાજીના સંગમથી ગંગાજીની કીર્તિ ભૂતલ પર વૃદ્ધિ પામે છે, નહિ તો પુરાણો કથિત ગંગાજીનું સામર્થ્ય અશ્વમેધ યજ્ઞનું ફલ આપવામાં કે એનાથી વિશેષ મોક્ષ આપવા સુધી જ સીમિત હતું. યમુનાજીના સંગથી ગંગાજીને પ્રાપ્ત થયેલ સિદ્ધિઓ ગંગાદશમીના પદમાં મળે છે.

"गंगा पावन नीर बहत ॥
सकल सिद्धि यमुना जू के संगम
करत सबनको दीन___ ॥"

શ્લોક ૮મો :-

स्तुतिं तव करोति कः कमलजासपत्नि प्रिये
हरेर्यदनुसेवया भवति सौख्यमामोक्षतः ।
इयं तव कथाऽधिका सकलगोपिकासंगम-
स्मरश्रमजलाणुभिः सकलगात्रजैः संगमः ॥८॥

લોક કે વેદમાં પ્રભુ સાથે સંબંધ ધરાવનાર જ સ્તુતિપાત્ર છે. "संबंध तारतम्येन स्तुत्यत्वतारतम्यम् ." શ્રીયમુનાજીનો ઠાકુરજી સંગ નિકટતમ અત્યંત અંતરંગ સંબંધ છે, "એક પ્રાણ દો વપુ" જેવો. એટલે આચાર્યચરણ કહે છે કે "હે શ્રીયમુનાજી ! આપની સ્તુતિ કોણ કરી શકે ? स्तुतिं तव करोति कः ."

રસશાસ્ત્રની દૃષ્ટિથી, લક્ષ્મીજી કરતાં ય તુર્યપ્રિયાનું નિતાન્ત વિશેષ પ્રિયત્વ દર્શાવતાં મહાપ્રભુજી શ્રીયમુનાજીને प्रिये કહે છે. લક્ષ્મીજીની પત્નીત્વની આનંદમયતા બ્રહ્મના કારણે છે. "ब्रह्मानंदरूपा स ।" શ્રીયમુનાજીનું પ્રિયત્વ रसो वै सः ની પ્રાણપ્રિયાના કારણે છે. લક્ષ્મીજી ભગવાનના વૃક્ષસ્થલ સાથે સંબંધ ધરાવે છે. મહારાણીજી રસાત્મક પરબ્રહ્મના અંગેઅંગ અને રોમે રોમ સાથે નિબદ્ધ છે. એટલે કૃષ્ણદાસજી ગાય છે; "નાથ અંગ અર્ધિની", તેથી યમુનાજીની કથા લક્ષ્મીજીથી અધિક છે. इयं तव कथाऽधिका . શ્રીયમુનાજીના કથારસ પાસે બ્રહ્માનંદ રસાભાસયુક્ત લાગે છે. તદુપરાંત, લક્ષ્મીજીને



યમુનાજી માટે સપત્નીનો ભાવ છે, પરંતુ નિર્ગુણભાવાત્મિકા મહારાણીમાને લક્ષ્મીજી માટે એવો કોઈ ભાવ નથી તેથી તુર્યપ્રિયાની કથા લક્ષ્મીજીથી નિતાન્ત અધિક છે. નિર્ગુણભાવાત્મક કુંજેશ્વરી શ્રીયમુનાજી રસાત્મક છે એ સમજાવવા આચાર્યચરણ કહે છે; स्मरश्रमजलाणुभिः सकलगात्रजैः संगमः . આને અનુરૂપ શ્રીવિઠ્ઠલેશપ્રભુ કહે છે; "रतिभर श्रमजलोदित कमल परिमल व्रजयुवति जन विहाति मोदे ।"

પૂર્ણ પુરુષોત્તમના લીલાકાલીન સ્મરશ્રમજલ સાથે નિતાન્ત ગાઢ સંબંધ ધરાવનાર શ્રીમહારાણીજીના નિગૂઢતમ સ્વરૂપને મહાપ્રભુજી ચાર વિશેષણથી સમજાવે છે;

(૧) सकल गोपिका संगम
(૨) स्मरश्रमजलाणुभिः
(૩) सकलगात्रजैः
(૪) संगमः

સકલકલાઓથી (सकल) સંપન્ન રસાત્મક શ્રીહરિ વ્રજસીમંતિઓની સાથે રમણ કરે છે ત્યારે અમૃતાનંદનો અનંત સિંધુ ઉમગ્યો છે. "આનંદ સિંધુ બઢ્યો હરિ તન મેં" સારસ્વતકલ્પમાં કૃષ્ણાવતાર વેળા પ્રકટ થયેલા આનંદના સિંધુને એકતરફ સગુણભાવાત્મિકા ગોપીજનોએ રોકયો અને બીજી તરફ આધુનિક પુષ્ટિસૃષ્ટિ માટે નિર્ગુણ ભાવાત્મિકા શ્રીયમુનાજીએ રોકયો છે. કીર્તન કહે છે; "ઈત રોકયો યમુના ઉત ગોપિન." કૃષ્ણાવતારકાલીન સમય વેળા ઠાકુરજી અને વ્રજસુંદરીઓના અંગેઅંગમાંથી રસાત્મક પ્રસ્વેદ બિન્દુ નિઃસૃત થયાં, તેનો સંગમ શ્રીયમુનાજીના પ્રત્યંગ સાથે થઈ ગયો છે. सकलगात्रजैः संगमः . એ વેળા સાત્ત્વિક ભક્તોનો શ્વેત રંગ,

રાજસનો લાલરંગ, તામસ ભક્તોનો શ્યામરંગ અને નિર્ગુણ ભક્તોના રંગની પારદર્શકતા શ્રીયમુનાજીના શ્યામરંગમાં વિલીન થઈ ગઈ. આવા ગુણાતીત શ્રીયમુના તુર્યપ્રિયા છે. પદ કહે છે;

"શ્યામ સંગ શ્યામ, વ્હે રહી શ્રીયમુને;
સુરત શ્રમ બિંદુ તે, સિંધુ સી બહી ચલી;
માનો આતુર અલી, રહી ન ભવને."

સનાતન કાલથી શ્રીકૃષ્ણની આધિદૈવિક લીલાઓ શ્રીયમુના તટપર ચાલી રહી છે. પ્રભુની જલક્રીડાનો આનંદ, શ્રમજલકણોના રૂપમાં ઉચ્છલિત થઈને શ્રીયમુનાજલમાં તાદાત્મ્ય થઈ ગયેલ છે, તેથી અતિ સ્નેહથી કરેલા યમુનાજલના સંગમથી, પુષ્ટિભક્તોમાં શ્રીકૃષ્ણના અંગેઅંગની અનુભૂતિ ઉદ્ભુત થાય છે.

આ પ્રસંગને સમજાવતાં હરિરાયજી નવમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે; "रासलीला अनेक भक्तन सों किये तब श्रमजल भयो, तब श्रीठाकुरजी जानें जो यह भक्तनसहित श्रमजल है यह रस कहाँ देनो? पाछें बिचारे जो यह रसके पात्र श्रीयमुनाजी हैं, ऐसें जानि भक्तनसहित श्रीयमुनाजीमें पधारे, सो अपनी प्रिया श्रीस्वामिनीजी सहित जलक्रीडा करत भये। या भांति श्रीयमुनाजीकों पात्र जानि रसदान कियो, जलक्रीडा करि श्रमको निवारण कियो।" જેમ શ્રીમહાપ્રભુજી અગ્નિસ્વરૂપ હોવા છતાંય ભક્તોના સકલતાપને દૂર કરે છે તેમ શ્રીયમુનાજી "શ્રમજલ" હોવા છતાંય પ્રભુ અને ભક્તોના શ્રમને હરે છે. પ્રભુ અને વ્રજરમણીઓના અંગમાંથી સ્રવતાં રસબિંદુઓ સાથે એકાત્મકતા ધરાવનાર શ્રીયમુનાજીના સાન્નિધ્યમાં, ભક્તને, તનુનવત્વ સંપાદન થાય તે સ્વાભાવિક છે. મહારસાત્મક મહારાણીના દર્શન કરાવતાં



અષ્ટપદીમાં શ્રીવિઠ્ઠલેશપ્રભુ કહે છે; "राजसे रास रस सागरे ." આવા વ્રજયુવતીઓના શિરમોર શ્રીયમુનાજી પાસે ઠાકુરજી કેટલા "પરવશાનંદ" માણી રહ્યા છે તે પરમાનંદદાસ ગાય છે;

"શ્રીયમુને પિયકોં બસ તુમ જુ કીને,
પ્રેમકે ફંદતેં, ગહિ જુ રાખે નિકટ;
ઐસે નિરમોલ, નગ મોલ લીને.
તુમ જુ પઠાવત, તહાં અબ ધાવત,
તિહારે રસ રંગમેં, રહત ભીને."

ઠાકુરજીનો ગૂઢ સ્ત્રીભાવ જેની પાસે અનાયાસ પ્રકટ થઈ જાય છે એવા ભક્તિશૃંગારાત્મક શ્રીમહારાણીજીની લાલના જીવ બિચારો શું કરી શકે ?

<u>શ્લોક ૯ મો :-</u>

तवाष्टकमिदं मुदा पठति सूरसूते सदा
समस्तदुरितक्षयो भवति वै मुकुन्दे रतिः ।
तया सकलसिद्धयो मुररिपुश्च सन्तुष्यति
स्वभावविजयो भवेत् वदति वल्लभः श्रीहरेः ॥९॥

પુષ્ટિજીવોને, કલિના સુલભ દોષોથી વિમુક્ત કરનાર ભાનુતનયાનું, યમુનાષ્ટકના અર્થ અને ભાવસહિત સ્તવન કરવામાં આવે તો જીવની આપદાઓ અને પાપો વિનષ્ટ થઈ જાય છે. સર્વાત્મભાવાદિ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. વિરહી જનોનો વિરહ ઓસરી જાય છે, કારણકે પુષ્ટિભક્તિરૂપા યમુનાજી, કોઈપણ ભક્તની ભક્તિમાં થયેલા ભગવદ્વિરહને એ પોતાનો વિરહ સમજી એનું નિવારણ કરે છે. વલ્લભદાસજી

એટલે જ ગાય છે;

"भक्ति विरह निज विरह जानिके
करुणामय आनन्दप्रद सानी ।"

યમુનાષ્ટકના પાઠથી સંતુષ્ટ થયેલા પ્રભુ સ્વયં, પુષ્ટિજીવના, ઠાકુરજીના મિલનમાં થતાં અવરોધોને વિનષ્ટ કરે છે. વાસ્તવમાં તો આ સ્તોત્રના પાઠથી શ્રીકૃષ્ણ પોતે પણ કૃતકૃત્યતા અનુભવે છે. પોતાના સ્વકીયા શ્રીયમુનાજીનું કીર્તન કરનારને, ઠાકુરજી, સ્વકીર્તન થયું હોય એવા અભિગમથી આનંદમાં વિભોર થઈને, આવા કીર્તન કરનાર પાસે, પોતાનો મૃદુલ અનુભાવ પ્રકટ કરે છે. શરણ પ્રતિપાલ શ્રીયમુનાજી, પોતાના શરણસ્થ કૃપાપાત્ર જીવો સન્મુખ પ્રભુને પ્રકટ કરે છે, જેથી આવા ભક્તોને શ્રીકૃષ્ણને શોધવા જવાનો કષ્ટ વેઠવો પડતો નથી.

"શરણ પ્રતિપાલ, ગોપાલ રતિ વર્ધિની,
દેત પતિ પંથ, પિય કંથ સન્મુખ કરત;
અતુલ કરુણામયી, નાથ અંગ અર્ધિની."

અર્થના અનુસંધાનથી શ્રીયમુનાષ્ટક ગ્રંથના ભાવપૂર્વક પઠનથી, પુષ્ટિજીવ, પોતાના સ્વભાવ પર વિજય મેળવે છે. શ્રીમદ્‌ભાગવતજી, જીવના સ્વભાવ માટે આજ્ઞા કરે છે કે, સર્વ પ્રાણીઓ પોતાના સ્વભાવને અધીન છે અને સ્વભાવ પ્રમાણે અનુવર્તન કરે છે. "स्वभावतन्त्रो हि जना स्वभावमनुवर्तते ." યમુનાજીની કૃપાથી પુષ્ટિજીવનો સ્વભાવ ઠાકુરજીની ઈચ્છાને અનુકૂલ બને છે. મહાપ્રભુજીના સિદ્ધાંત પ્રમાણે તો જીવનો



સ્વભાવ પ્રભુએ જ ઘડયો છે. અર્થાત્ જીવનો સ્વભાવ સિદ્ધસાધન છે. પુષ્ટિમાર્ગમાં સ્વભાવને "બીજભાવ" કહ્યો છે. જે જીવનો સ્વભાવ ઠાકુરજીએ ઘડયો હોય એને બિચારો જીવ ક્યાંથી ફેરવી શકે ? એટલે શ્રીવલ્લભ, કૃષ્ણતુલ્ય સામર્થ્યવાળા, શ્રીયમુનાજીને પુષ્ટિ સંપ્રદાયમાં પધરાવીને દૈવીજીવોના "स्वभावविजयो भवेत्" માટે શ્રીયમુનાજીને વિનન્તી કરે છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પણ આ સામર્થ્ય ધરાવે છે. સ્વભાવમાંથી પુષ્ટિજીવની ક્રિયા ઉત્પન્ન થતી હોવાથી, વૈષ્ણવનો સ્વભાવ, પુષ્ટિ સંપ્રદાય અનુકૂલ બનાવવા માટે આચાર્યજી ચાહે છે, જેથી જીવની ઈચ્છા, જ્ઞાન અને ક્રિયાની એકવાક્યતા પુષ્ટિભકિત માર્ગને અનુકૂલ રહે.

યમુનાષ્ટકના પાઠથી વૈષ્ણવની પ્રભુ સંબંધિત વિમુખતા જાય છે અને એનામાં આંતરમુખતા પ્રકટ થતા વૈષ્ણવ, પોતાના આત્માના આત્મા એવા પરમાત્માને નિર્ગુણભાવથી ચાહતો થઈ જાય છે. પ્રભુ પણ આવા જીવ માટે આવિર્ભૂત થાય છે. જેના માથે શ્રીયમુનાજી પધારે છે એવા ભક્તને, તુર્યપ્રિયા ભાવથી તરબોળ કરી દે છે અને ભાવના પ્રાચુર્યની અવસ્થામાં શ્રીમહારાણીમાનો કૃપાપાત્ર આવો મહાભાગ્યશાળી પુષ્ટિજીવ, ઠાકુરજીના સ્વભાવ પર પણ વિજય મેળવી શકે છે. "स्वभावविजयो भवेत् ." પોતાની ઈચ્છા પર ચાલનાંર ઠાકુર, શ્રીયમુનાજીના કૃપાપાત્ર ભક્તની ઈચ્છાનુસાર કરે તે સ્વાભાવિક છે. અથવા તો જે જીવ માટે પ્રભુએ હજુ સુધી કૃપા વિચારી ન હોય, એવા વૈષ્ણવની શુદ્ધિ શ્રીયમુનાજી લે, તો કૃષ્ણને પોતાનો મત ફેરવી, એવા પુષ્ટિભક્ત પર કૃપા કરવી પડે છે.

"हरि स्वभाव फेरनि श्रीयमुने
जनहित लीनो परन ।"

વલ્લભદાસજી કહે છે; "यमुनाजी श्रीठाकुरजीके मनमें जीवको आचरण देखी के कछु विपरीत आवे ताकों फेरि के गुण प्रकट करि देत है ।" અર્થાત્ પુષ્ટિજીવના કોઈ અવગુણને, શ્રીમહારાણીમા ગુણ કરીને પ્રભુને દેખાડે છે. શ્રીયમુનાજીની ઈચ્છા (wish) ઠાકુર માટે કાયદો (law) બની જાય છે. તૂર્યપ્રિયાને આચાર્યજી સૂરસુતે કહે છે કારણકે, મહા સૂર કહેવાતાં પરબ્રહ્મને, શ્રીયમુનાજી, પોતાના મૃદુહાસમાં લપેટી લઈને, કૃષ્ણપ્રિયા કૃષ્ણને વશ કરીને બાંધી દે છે. વલ્લભદાસજી ગાય છે;

"अधर अरुण मृदुहास कौमुदी,
मानो कोकको पूर ।
बांधे हसनि फांसिमें मोहन
बडे कहावत शूर ।"

શ્રીયમુનાજી પાસે સર્વસમર્થ શ્રીકૃષ્ણ અસમર્થ બનીને શું કહેતા હશે તેનાં ય દર્શન કરી લઈએ;

"तुम्हारो ई ज्ञान ध्यान, तुम्हारो ई सुमिरन
तुम बिन मेरे और नांहि कोउ आनन ।"

ઠાકુરજીના સ્વભાવ પર જેમણે સદાય વિજય મેળવ્યો છે એવા મહારાણીજીના ઘૂંઘટની એક હળવીશી ઓઝલ શ્રીયમુનાજીના લાવણ્યમુખ પર પડે, એમાં તો પ્રભુ બેહદ્ બેચેન બની જાય છે. વલ્લભદાસજી ગાય છે;



"लज्जा भरे परत पल घूंघट
ओर होत जब नैन ।
रसिकराई सहि सकत न नेकहु
विकल होत पिय मैन ।"

मुररिपुश्च सन्तुष्यतिनुं એક રહસ્ય સમજવા જેવું છે. કોઈ પુષ્ટિજીવનો પક્ષપાત કરીને શ્રીયમુનાજી, પોતાની મધુરવાણીથી ઠાકુરજીને કહે છે, ત્યારે પ્રભુ પણ મગ્ન થઈને, સંતુષ્ટ થઈને એ વૈષ્ણવની વાત મહારાણીમાના લલિત કંઠથી સાંભળે છે.

"होत मगन मोहन सुनि श्रवणनि
ललित कंठकी बात ."

યમુનાજીના જે આધિદૈવિક સ્વરૂપમાં શ્રીકૃષ્ણનું અખંડિત તાદાત્મ્ય છે, એ રૂપ કેવલ લીલા મધ્યપાતી પુષ્ટિજીવોને જ અનુભૂત છે. આ સ્વરૂપ, વાર્તાના આ સનાઢ્ય બ્રાહ્મણના અનુભવમાં હોવાથી વાર્તાના અંતમાં ગોકુલનાથજી આજ્ઞા કરે છે; "सो यह नागर श्रीगुसांईजी कौ ऐसो कृपापात्र भगवदीय हतो । तातें इनकी वार्ता कहां तांइ कहिए ।"

શ્રીયમુનાજીમાં કૃષ્ણના ધર્મ, રૂપ અને ગુણ વિદ્યમાન હોવાથી, યમુનાષ્ટકનો અર્થ જ્ઞાન અને ભાવપૂર્વક પાઠ કરવાથી, પુષ્ટિજીવને ભજનાનંદની સિદ્ધિ મળે એ અનાયાસ છે. એવી સિદ્ધિ પોતાના જીવને ઉપલબ્ધ થાય એ આશયથી આચાર્યજી યમુનાષ્ટકના આઠ શ્લોકોમાં શ્રીયમુનાજીના સ્વરૂપનું વર્ણન કરે છે.

******

<u>ગ્રંથ : બાલબોધ</u>

<u>૮૪ વૈષ્ણવ વાર્તા-૬૨ : દોઉ સ્ત્રી-પુરુષ સિંહનંદ કે</u>

"बहोत जन्म भटकत भयो मोकुं
अजहु पार न पायो ॥
जा साधन ते होत जीवगति,
सो कछू न बनि आयो ।
देखी प्रपंच जगत कें तातें
जीव अकूलायो ॥"

દૈવીસૃષ્ટિથી અતિરિક્ત એવા સ્વતઃ અને પરતઃ મોક્ષના અધિકારી જીવોની આવી તડફન દયાનિધિ શ્રીવલ્લભને આર્દ્ર કરી દે છે. એના કારણે શ્રીમહાપ્રભુજી, બાલબોધ ગ્રંથમાં, પોતાના પ્રયાસથી સ્વતઃ મોક્ષની સાધના કરનાર જીવોને, સાંખ્ય અને યોગનું બોધન કરે છે, અને પરતઃ મોક્ષના અધિકારીઓ માટે શિવ અને વિષ્ણુદત્ત મુક્તિને સમજાવે છે. દૈવીજીવોનો જ ઉદ્ધાર કરવો એવા અર્થને, આચાર્યજીએ આમ જયારે ત્યાગી દીધો છે ત્યારે એ જોઈને, કોટિનમેં વિરલા શ્રીપદ્મનાભદાસજી ગાય છે; "પદ્મનાભ દૈવોદ્ધાર અર્થ ત્યાગી."

જીવની ભિતર બિરાજેલા પરમાત્મા, પ્રત્યેક જીવની આત્મરતિને ઉશ્કેરે છે, પણ એને કેમ વ્યવસ્થિત કરવી એનું માર્ગદર્શન પરમાત્મા આપતા નથી. આ જવાબદારી જીવ પર રહે છે કે એને કયાં વાળવી. એટલા માટે પુષ્ટિસૃષ્ટિથી અતિરિકત જીવોને પણ, શ્રીમદાચાર્યચરણ, બાલબોધમાં સમજાવે છે કે તમારી આત્મરતિ આત્મોદ્ધારની હશે તો સ્વતઃ કે પરતઃ



મોક્ષની પ્રક્રિયાથી, તમે સંસારસાગરને પાર કરી શકશો. દૈવીસૃષ્ટિથી અન્ય જીવો પર આવી નિતાન્ત દયા કરતાં શ્રીવલ્લભના ચરિત્રને નિરખીને, હરિરાયજી વધાઈમાં ગાય છે કે કલિકાલમાં શ્રીમહાપ્રભુજી "જીવો" માટે પણ પ્રકટ યયા છે.

"કલિ મેં જીવન વલ્લભ પ્રકટે ।
ગતિ ન હુતી અધમનકી અબ સબ પાપ કટે ॥"

પુષ્ટિના અધિકારી જીવોને કૃષ્ણભક્તિના પથ પર અભિગમન કરાવવા માટે શ્રીમહાપ્રભુજી "બાલબોધ" ગ્રંયમાં શિવ અને વિષ્ણુના માધ્યમથી અખિલ ષોડશગ્રંથના બીજભાવ રૂપ સિદ્ધાંત "તદીયત્વ" અને "તદાશ્રયત્વ"ને આ ગ્રંથમાં આવિષ્કૃત કરે છે. આ સિદ્ધાંત સમજાવતાં શ્રીદયારામભાઈ ગાય છે;

"શ્રીપૂર્ણપુરુષોત્તમને યુગચરણે સર્વ સમર્પિત રહેવું શરણે."

કૃષ્ણભક્તિમાં અખંડિત સ્વાનંદતૂંદિલ રહેનાર શ્રીવલ્લભને, બાલબોધ ગ્રંયમાં સાંખ્ય, યોગાદિનો ઉલ્લેખ કરવા છતાં ય, આપની રસવૃત્તિમાં સહેજ પણ રસાભાસ યતો નથી. આવા વર્ણન વખતે પણ આચાર્યજીમાં કૃષ્ણભક્તિનો જ આનંદ તૂંદિલિત યઈ રહ્યો છે. આ વિષયના વિગતવાર ખૂલાસા "ષોડશગ્રંય ગત ઉપદેશો અને તેમની ૬૪ વાર્તાઓ" ભાગ-૧માં મેં કરેલ હોવાથી એની પુનરુક્તિ અહીં કરતો નથી. સારાંશમાં એટલું જ કહેવું રહ્યું કે સિદ્ધાંતમુક્તાવલી અને અન્ય ષોડશગ્રંયમાં મહાપ્રભુજીએ વર્ણવેલ પુષ્ટિભકિત અંશી છે, અંગી છે અને બાલબોધ ગ્રંયમાં કહેલ ઉપાયો એના અંશ કે અંગરૂપ છે. "બાલબોધ" કથિત સાંખ્ય અને યોગ એ પુષ્ટિભક્તિના ઉપાંગ

છે. વિષ્ણુ અને શિવભક્તિમાં ગર્ભિત રહેલ તદીયત્વ અને તદાશ્રયત્વ, એ પુષ્ટિભક્તિના અંગરૂપ છે. ભૂતલ પર પ્રકટ થઈને આચાર્યચરણનો હેતુ જ ભક્તિનો વિલાસ પ્રકટ કરવાનો છે. "भूमौ भक्तिविलास हेतु जनिते ." આવી રીતે અંશાંશિરૂપે હોવાથી, બાલબોધ ગ્રંથોક્ત સાંખ્ય, યોગ, નવધાભક્તિ, મોક્ષ, શિવ અને વિષ્ણુના આલેખનથી શ્રીવલ્લભની, કૃષ્ણભક્તિમાં કોઈપણ જાતનું સ્ખલન થતું જ નથી. આના કારણે જ આચાર્યજીએ "સર્વનિર્ણય"માં પણ વિવિધ જાતના વિષયોમાં રસ લીધો છે.

પુષ્ટિસૃષ્ટિના દૈવીજીવની પરખ તો કેવલ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીઠાકુરજી જ કરી શકે છે. એના સિવાય, અન્યને, જીવના દૈવિત્વ વિષે કેવલ અનિશ્ચયાત્મક અનુમાન જ થઈ શકે. આ દૃષ્ટિથી જોઈશું તો સિંહનંદના સ્ત્રી-પુરુષની વાર્તાના પ્રારંભમાં આપણને પણ સમજ નથી પડતી કે આ પતિપત્ની સ્વત: કે પરત: મોક્ષના અધિકારી છે કે પ્રભુની નાદસૃષ્ટિના. વાર્તા કહે છે; "तब दोऊन को विवाह भयो । तब दोऊन के मन में वैराग्य आयो । सो दोऊ अपने मन में आपुस में बतराये जो विषय आदि सुख तो पशु, पंछी में हू हैं । तातें श्रीठाकुरजीने मनुष्य देह दियो तो व्रतादिक करि देह इन्द्रिकों दमन करिये । तब दोऊन नें व्रत साध्यो, भूमि पर सोवें । नित्य फलाहार लेय, कबहूँ जलादि, एकादशी निर्जल करें । कार्तिक में एक दिन फलाहार, एक दिन निर्जल । या प्रकार व्रत करि शरीर दोऊन नें सुखाय डार्यो ।" શીતકાલની તિવ્ર ઠંડીમાં, જલમાં ઊભા રહીને હઠયોગ કરતાં આ મહાદુબળા સ્ત્રી-પુરુષને જોતાં જ આચાર્યજીએ પોતાના



દૈવીજીવોને ઓળખી લીધા છે. મહાપ્રભુજીએ જોયું કે શરણ માટે તડપતા આ અશરણ પતિપત્ની, આધાર માટે તરફડિયા મારતા આ નિરાધાર જીવો અને નાથ એવા ઠાકુરજી માટે વલખા મારી રહેલા આ સ્ત્રી-પુરુષનું જીવન હવે વ્રતાદિમાં વ્યર્થ જવું ન જોઈએ. શ્રીવલ્લભના આવા સંકલ્પમાં જ બન્નેનું વરણ શરૂ થઈ જાય છે. એના માટે પોતાની પાસે રહેલા સેવકોને આચાર્યચરણ આજ્ઞા કરે છે; "तब श्रीआचार्यजी कहें । इनकों हमारे पास लावो, कोई उपाय करि ।" તદાશ્રય અને તદીયત્વનો ઉપાય આચાર્યજીએ સ્ત્રી-પુરુષ માટે નક્કી કર્યો છે. ગ્રંથ કહે છે; "नियतार्थप्रदानेन तदीयत्वं तदाश्रयः ।" મહાપ્રભુજીની દૈવીજીવોનો ઉદ્ધાર કરવાની ઉત્કટ મનોવૃત્તિને પિછાણનાર આપના સેવકો આ સ્ત્રી-પુરુષને કહે છે; "तुम पार चलो श्रीआचार्यजी बुलावे हैं । तुम कों व्रत को जो फल चहिये सो मिलेगो ।" આ ગ્રંથ બાલબોધ છે તેથી બાળકને કોઈ લલચાવે તેમ, મહાપ્રભુજીના સેવકે, આ પતિપત્નીને આચાર્યજી પાસે જલ્દી પહોંચવા માટે લલચાવે છે કે તમને વ્રતનું ફલ જોઈતું હોય તો આચાર્યચરણ પાસે ચાલો. લલચાયેલા સ્ત્રી-પુરુષ પણ વૈષ્ણવોને તુરત જ વિનવે છે; "तब दोऊ सुनिकें प्रसन्न भये, वैष्णव के संग पार आये ।" ભગવદીયનો સંગ સંસારસાગરમાંથી તારનાર હોવાથી વાર્તામાં ગોકુલનાથજી કહે છે; "वैष्णव के संग पार आये ।"

વાર્તા કહે છે કે સ્ત્રી-પુરુષ "श्रीआचार्यजी कों दंडौत करि ठाडे रहे । तब श्रीआचार्यजी नें कही, तुम ऐसो कष्ट सहि कें व्रत करत हो, सो मनोरथ कहा है ? जो तुमकों फल

चहिये सो लेहु ।" અચાનક કોઈ મહાપુરુષ કોઈ રંકને કહે કે તને હું હમણાં જ લક્ષાધિપતિ બનાવી દઈશ, તો એ વખતે એ રંકના શરીરમાં આશ્ચર્યાનંદની જે વીજળી પસાર થાય એનાથી કોટિગણો "કરંટ" આ પતિપત્નીને લાગે છે. વ્રતાદિ કરીને શરીરને છોડી દેવાની બન્નેની જે ઘેલછા છે તેને બદલે આ બન્નેને મનમાં લાગે છે કે વાસ્તવમાં સમય થોડો છે પણ અલૌકિકમાં કમાવવું અઢળક છે.

"एक एक घडी करोडन की जात है ।
कहे हरिदास श्वास को विश्वास नहि,
एक एक घडी में निकस निकस जात है ।"

સ્ત્રી-પુરુષ જે ફલ ચાહે છે એના માટે એમણે પોતે યથાર્થ સાધનો પણ નથી કર્યાં એવો ભાવ એમના મનમાં જાગતાં એ બન્ને દીનતાથી શ્રીમહાપ્રભુજીને વિનન્તી કરે છે; "तब दोऊनें कही, महाराज ! फल तो बहोत बडो चाहत हैं, और साधन तुच्छ करत हैं । सो फल कैसें मिलेगो ? तब श्रीआचार्यजी कहें, तुम कहो तो सही । तब दोऊनें कही, हम कों यह मनोरथ हैं, जो-या जन्म में याही शरीर सों श्रीठाकुरजी हमसों बोले, कृपा करें ।" આચાર્યજીને આ સ્ત્રી-પુરુષ પર દયા આવી જાય છે કે બિચારા આ જીવોને પામવું છે મોક્ષથી પણ અત્યધિક એવા ઠાકુરજીને, પણ આ બન્ને અલ્પ અને મિશ્રિત સાધનો કરી રહ્યાં છે. સાંખ્યકથિત વૈરાગ્ય અને હઠયોગના એમનાં આ સાધનો કદાચ ફલિત પણ થાય, તો એમને કૃષ્ણભજનથી અતિ તુચ્છ એવી પોતાના આત્મસુખમાં રહેવાની મુક્તિ મળી શકે. ગ્રંથ કહે છે;



"अहन्ता ममता नाशे सर्वदा निरहंकृतौ ।
स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते ॥"

અહંતા મમતાના નાશથી, નાદસૃષ્ટિના આ જીવો કેવલ કૃતાર્થ થઈ જાય, એની કલ્પના પણ શ્રીવલ્લભને સુહાતી નથી. મહાપ્રભુજીનો મનોરથ છે કે આ પતિપત્નીની અહંતા મમતાને નષ્ટ નહિ થવા દેતાં ભગવત્સમર્પિત કરાવવી અને એ જ અહંતા મમતાથી એમના ઠાકુરજીને કેવી રીતે બાંધવા, એની ગૂઢ વિદ્યા એમને શીખવવી. એ વિદ્યાનું દાન કરતાં પહેલાં, આચાર્યચરણ, સ્ત્રી-પુરુષને એ જ્ઞાન આપવા ચાહે છે કે એ બન્ને ભગવદંશ છે. એનાથી એમનો દાસોहम् નો ભાવ જાગૃત થાય અને એમની સ્વરૂપવિસ્મૃતિનો અધ્યાસ પણ નિવૃત્ત થઈ જાય. ભજનાનંદના પથ પર સ્ત્રી-પુરુષને ગમન કરાવવા મહાપ્રભુજી એમને આજ્ઞા કરે છે; "इतनो कष्ट व्रत करि शरीर कों देत हौं । सो श्रीठाकुरजी के सेवा सुमिरन में शरीर, मन लगावो, तो याहि जन्म में प्रभु कृपा करें ।" આટલું અગાધ ફલદાન ઝીલવા માટે પોતે કેટલા અસમર્થ છે એ દર્શાવવા સ્ત્રી-પુરુષ આચાર્યશ્રીને દીનતાથી વિનન્તી કરે છે; "स्त्री-पुरुष दोऊन नें कह्यो, महाराज ! श्रीठाकुरजी की सेवा कैसें बनें ? हमनें तो कछू नाहीं पास राख्यो । यह दोय कपरा मेले पहरे हैं । और मा बाप के पास द्रव्य है सो संसार सुख के लिये जो माँगे सो देई । परन्तु परमार्थ के अर्थ श्रीठाकुरजी के नाम पर एक कोडी न देइंगे । हम सों द्वेष करत हैं । सो भगवद्सेवा, विना द्रव्य कहाँ ते होय ?" મહાપ્રભુજી એમને સમજાવે છે કે એમના માતાપિતા દ્વેષ કરે

છે; "तामें तो तुम कों आछो है । बहिर्मुख सों बोलनो मिट्यो ।" કૃષ્ણસેવાની ચાહના રાખનાર પુષ્ટિજીવ માટે મહાપ્રભુજી કેટલી હદ સુધી જઈ શકે છે તે આ વાર્તામાં અદ્ભુત રીતે ઉભરી આવે છે. કૃષ્ણની જેને ભક્તિ કરવી છે, એનાં ધંધા-નોકરી સંબંધીત સર્વ facility (વ્યવસ્થા) કરી આપવા શ્રીવલ્લભ સ્વયં તૈયાર છે, પણ જેને કૃષ્ણભક્તિ નથી કરવી એના માટે બ્રહ્મોપદેશ આપવા માટે આચાર્યચરણ ન તો તૈયાર છે કે ન  તો આપની પાસે એવો સમય છે. વાર્તામાં આચાર્યજી સ્ત્રી-પુરુષ ને કહે છે; "हम थानेश्वर के वैष्णव सों कहि देइंगे, तुमकों उधारो देइगे । व्योपार हू सिद्धि करि देइगें । परन्तु तिहारो मन भगवद्सेवा करन में हय तो उपाय श्रीठाकुरजी सब करेंगे ।" આ સાંભળીને સ્ત્રી-પુરુષ પરમ ધન્યતા અનુભવે છે. એ વખતની એમની મનસ્થિતિનું દૃશ્ય સૂરદાસજીની વાણીમાં નિરખી લઈએ.

"भवसमुद्र अति देखी भयानक मनमें अधिक डराऊं ।
कीजे कृपा महाप्रभु मो पर सूरदास बलि जाऊं ॥"

પોતાની ભગવત્સેવાની રુચિ પ્રકટ કરતાં બન્ને, મહાપ્રભુજીને દીનતાથી વિનવે છે; "हमारो मन तो बहोत हैं ।" કૃષ્ણની સેવા માટે અભિરુચિ ધરાવનાર પુષ્ટિજીવ મહાપ્રભુજીને એ જ વખતે અતિપ્રિય બની જાય છે. બાલબોધગ્રંથ કહે છે; "अतिप्रियाय तदपि दीयते ." તેથી વાર્તામાં આચાર્યજી આ બન્નેને આજ્ઞા કરે છે; "हम कहें तैसो करो । तिहारो सगरो मनोरथ पूरण होयगो ।" શ્રીમહાપ્રભુજી બન્નેને નામનિવેદન કરાવે છે. અશરણના શરણ શ્રીવલ્લભાચાર્યચરણના આવા



અમિત કૃપાકરણથી, બન્ને સ્ત્રી-પુરુષને મહાપ્રભુજીમાં અહોભાવથી વિચાર આવ્યો જ હશે કે શ્રીવલ્લભ પ્રભુ, પુષ્ટિજીવના પ્રતિબંધો અને અયોગ્યતાને નિવારનાર છે. "શ્રીઆચાર્યચિંતન" ગ્રંથમાં હરિરાયજી આજ્ઞા કરે છે તેમ; "प्रतिबन्धायोग्यतादिदोषं व्यावर्तितुं तथा ।"

બાલબોધ ગ્રંથમાં શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે; "ब्रह्मा ब्राह्मणतां यातः" અને "अतः शिवश्च विष्णुश्च जगतो हितकारकौ ।" અર્થાત્ બાલબોધ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી બ્રહ્મા, વિષ્ણુ અને શિવ કહીને ઉપનિષત્કથિત ઉત્પત્તિ, સ્થિતિ અને લયને બ્રહ્મના લક્ષણ રૂપે અભિવ્યકત કરી રહ્યાં છે. આનું જ વર્ણન શ્રીમદ્ભાગવતજી, ભગવાનની દશવિધ લીલારૂપથી કરી રહ્યાં છે. જેમ કે શ્રીભાગવત કથિત "સર્ગ" અને "વિસર્ગ" લીલા, "ઉત્પત્તિ"ના અંતર્ગત છે. "સ્થાન", "પોષણ", "ઊતિ", "મન્વન્તર", "ઈશાનુકથા" અને "નિરોધ", "સ્થિતિ"માં અવસ્થિત છે. તેમ જ "મુકિત" અને "આશ્રય" એ "લય"માં સ્થિત છે. બાલબોધગ્રંથના લીલોપદેશરૂપ આ વાર્તામાં શ્રીગોકુલેશ પ્રભુ અદ્ભુત રીતે આ દશવિધ લીલાનું દર્શન કરાવે છે, એની ઝાંખી કરી લઈએ. કાંઈક ઉત્પન્ન કરવું એ "સર્ગલીલા" છે. સ્ત્રી-પુરુષ જે કેવલ જીવ હતા, તેમની "ઉત્પત્તિ" પુષ્ટિજીવ તરીકે આચાર્યજીએ કરી. વાર્તા કહે છે; "तब (આચાર્યજીએ) नाम निवेदन करायो ।" એકત્ર કે assemble કરવું "વિસર્ગ લીલા" છે, થાનેશ્વરના વૈષ્ણવોને મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; "अब इनके लिये श्रीठाकुरजी को स्वरूप ठीक करो ।" "વિસર્ગલીલા"ની દૃષ્ટિથી એ સ્વરૂપમાં પૂર્ણપુરુષોત્તમ પ્રકટ થાય એનાં માટે વાર્તા કહે છે તેમ;

"श्रीआचार्यजी महाप्रभु पंचामृत सों स्नान कराय स्त्री-पुरुष के माथे पधराये ।" હવે "સ્થાન લીલા"નું દર્શન કરાવતા આ જ પ્રસંગના અદ્‌ભુત અનુક્રમમાં ગોકુલનાથજી આજ્ઞા કરે છે કે; "ता समय सास बहू दरसन करन कों आई हती । सो कही, मेरे घर में जगह बहोत हैं, सो मैं इनकों दऊँगी ।" સાસુ વહુ સાથે સ્ત્રી-પુરુષના ઠાકુરજી protected કે રક્ષિત રહેશે એ જોઈને શ્રીમહાપ્રભુજી "પોષણ લીલા" ના સંદર્ભમાં પતિપત્નીને આજ્ઞા આપે છે; "तुम बहू के संग जाव ।" આનું રહસ્ય એ છે કે સિહનંદના આ વહુ મહાભગવદીય હોવાથી આ સ્ત્રી-પુરુષને પણ એમના સાન્નિધ્યમાં ભાવનું "પોષણ" મળશે. એ હેતુથી પણ શ્રીઆચાર્યજી એમને કહે છે; "तुम बहू के संग जाव ।" અર્થાત્ વહુનો સંગ કરી તમે પુષ્ટિભક્તિનું વર્ધન કરો. "ઊતિલીલા" એટલે વાસના છે. અર્થાત્ કૃષ્ણસેવાની વાસનામાં શી શી સામગ્રી જોઈશે એનું એ પ્રમાણે વિભાજન કરવું એ "ઊતિલીલા" છે. વાર્તામાં સાસુવહુ કહે છે; "सेवा संबंधी सब सिद्ध करि देऊँगी, सिंघासन, सिज्या, आदि ।" "મન્વન્તર લીલા"માં પ્રભુના અવતારોની કથા છે. આ સ્ત્રી-પુરુષના ગૃહમાં ભગવદાવતારને નિરૂપિત કરતાં આચાર્યજી આજ્ઞા કરે છે; "तुम पर प्रभु बेगें कृपा करेगें ।" ઠાકુરજીના સંગે રહેવાથી ભગવાનની "ઈશાનુકથા" શરૂ થઈ જાય છે. આવી ઈશાનુકથાનો પ્રારંભ થતાં જ અલૌકિકમાં પુષ્ટિજીવને સુખે સુખ જ છે. આનું નિર્દેશન કરતાં સ્ત્રી-પુરુષને શ્રીમહાપ્રભુજી આશીર્વાદ આપે છે; "और जहाँ तुम रहोगे तहाँ सुख पावोगे ।" આના પછીના વાક્યમાં જ "નિરોધલીલા" સંબંધી આ બન્નેને નિરોધ કેવી રીતે સિદ્ધ થાય એની સમજણ આચાર્યજી એમને



આપે છે; "जामें पुष्टिमार्ग धर्म सिद्ध होय सो कार्य करियो ।" પુષ્ટિધર્મ પાળવાથી એમને નિરોધ સિદ્ધ થાય છે એ અવસ્થાનું વર્ણન કરતાં વાર્તા આગળ કહે છે; "तब श्रीठाकुरजी शुद्ध भाव देखि अनुभव जनावन लागें । मांगि मांगि के अरोगते ।" નિરોધની દશામાં રમણ કરતાં આ બન્ને ભગવદીયને શ્રીગોકુલનાથજી "बडे भगवदीय हते" એમ કહે છે.

"जामें पुष्टिमार्ग धर्म सिद्ध होय सो कार्य करियो ।" આચાર્યચરણની આ આજ્ઞાના અનુસંધાનમાં પતિપત્નીએ જે કાંઈ કર્યું, એના કારણે એમની "મુક્તિ લીલા"નો પ્રસંગ આવિષ્કૃત થઈ જાય છે. સ્ત્રી-પુરુષ વાર્તામાં એકબીજાને કહે છે; "वैष्णव सों पूजाय के धन ले निर्वाह अपुनें किये । सो अपने कों धिक्कार हैं ।" આચાર્યચરણના સિદ્ધાંતની ગરિમામાં પોતે નથી એટલે એમાંથી "મુક્તિ" પામવા સ્ત્રી-પુરુષને કહે છે; "तातें ऐसे ठिकाने चलो जहां अपुनें कोऊ वैष्णव जाने नाहीं । तहाँ जो कमाय के लावो, सो भोग धरि निर्वाह करेंगे । तब श्रीठाकुरजी प्रसन्न होयगें ।" કેવલ પ્રભુનો દૃઢાશ્રય સ્વીકારીને પતિપત્નીએ આવો નિર્ણય લીધેલ છે એટલે એમના પ્રસંગમાં, દશમી એવી "આશ્રયલીલા" પ્રકટ થઈ જાય છે. આમ ભગવદાશ્રય અને સમર્પણમાં એમનું પુષ્ટિ જીવન ગતિમાન થઈ જાય છે. એનો આહ્‌લાદ માણતાં બાલબોધ ગ્રંથ ઉદ્‌ઘોષ કરે છે; "नियतार्थप्रदानेन तदीयत्वं तदाश्रयः ।"

"સાંખ્ય"ના સહાયક એવા "વૈરાગ્ય"ને અને "યોગ"ના સહાયક "તપ"ને, સ્ત્રી-પુરુષે, પુષ્ટિભક્તિના અંગ બનાવીને,

એમાં પ્રચુર દીનતા ઉમેરીને, આ બન્નેએ ઠાકુરજીને કેવી રીતે બોલતા કરી દીધાં, એ વાર્તા સમજાવે છે; "रात्रि कों मेह बरसे कोठा के द्वार दोऊ बैठे भीजें । ऐसें करत अर्द्ध रात्रि भीजते बीती । तब श्रीठाकुरजी भीतर मंदिर में ते बोले, वैष्णव ! तुम क्यों भीजत हो ? बाहर ते भीतर आवो ।" સ્ત્રી-પુરષ, આચાર્યજી કથિત "વૈષ્ણવ ધર્મ" સમ્યક્ રીતે નિભાવી રહ્યાં છે એને અનુલક્ષીને ઠાકુરજી પણ એમને "वैष्णव" કહીને સંબોધે છે. શ્રીવલ્લભના શરણે આવ્યા પહેલાં આ પતિપત્નીએ, જે વ્રત, હઠયોગાદિ સાધેલ, એ જ સર્વે સાધનો, આ પ્રસંગમાં, કૃષ્ણ સંબંધીત બની જવાથી, એ ફલરૂપ બની જાય છે. આ પ્રસંગની ભવિષ્યવાણી શ્રીવલ્લભે પહેલાં જ કરી દીધી છે. વાર્તામાં આચાર્યચરણ સ્ત્રી-પુરુષને આજ્ઞા કરે છે; "सेवा अर्थ शरीर कों कष्ट होय तब धीरज धरि दुःख सहो तो श्रीठाकुरजी सों सह्यो न जाय । तुमकों अनुभव जतावेंगे ।" શ્રીમહાપ્રભુજીની વાણી સિદ્ધ કરતાં ઠાકુરજી, આ સ્ત્રી-પુરુષ પ્રતિ પોતાનો અનુભાવ અભિવ્યક્ત કરતાં એમને આજ્ઞા કરે છે કે; "तुम क्यों भींजत हो ? बाहर ते भीतर आवो ।" ઠાકુરજીની આજ્ઞા સાંભળીને સ્ત્રી-પુરુષ વરસાદમાંથી ઘરમાં આવે છે પણ વાર્તા કહે છે તેમ પ્રભુના માહાત્મ્યજ્ઞાનની પરમ શુદ્ધિથી; "सो सगरी रात्रि डरपत रहे । जो - छींक, खांसी, वायु सरेगो तो अपराध परेगो ।" આ સંદર્ભમાં આઠમા શિક્ષાપત્રમાં હરિરાયજી આજ્ઞા કરે છે; "अपनों दोष है ताकों विचारे तो मनमें दीनता आवे ।" બીજા દિવસે જ આ પતિપત્ની, ઘરની બહાર એક નાનું છાપરું બનાવી બહાર સુએ છે અને ઠાકુરજીને વિનન્તી કરે છે કે; "महाराज ! हम



लौकिक जीव हैं, सो अनोसर में पास आछो नाहीं आवनो, आपुकी आज्ञा करें, भीजत नाहीं, छपरा नीचे हैं । तब श्रीठाकुरजी शुद्ध भाव देखि अनुभव जनावन लागें ।" ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે કે; "श्रीठाकुरजी सों डरपत रहनों । अपराध परे तो बाधक होय । दास को यह धर्म है, जो - स्वामी को भय राखें । प्रीति सों सेवा करे, और अपनो धर्म गोप्य राखे, तो श्रीठाकुरजी प्रसन्न होय । सो स्त्री-पुरुष की ऐसी प्रीति हती ।" આ સંબંધમાં દયારામભાઈ કહે છે;

"સાવધાન સેવા કરે પડે ન ચૂક લગાર" અને

"પોતાની સેવા તણો ગોપ્ય રાખવો ધર્મ
લોક પ્રતિષ્ઠાને નિમિત્ત રખે જણાવે મર્મ."

સર્વસિદ્ધિઓની નિધિરૂપ શ્રીમહાપ્રભુજીની કૃપાથી સ્ત્રી-પુરુષને વેણુગીતની સુબોધિનીજીમાં વર્ણવેલ પુષ્ટિભક્તિની અંતર્ગત રહેલ પંચપર્વા વિદ્યાનું પ્રદાન છે. આ પંચપર્વા વિદ્યા છે; "સાંખ્ય, યોગ, તપ, વૈરાગ્ય અને ભક્તિ ." બાલબોધ ગ્રંથ કથિત "સાંખ્ય" અને "યોગ"ના અંગી સ્વરૂપની આ "बडे भगवदीय"ને અવિરત અનુભૂતિ છે. "સાંખ્ય"ના અંગી સ્વરૂપના સંદર્ભમાં ગોપીજનોની જેમ, આ સ્ત્રી-પુરુષને અનુભવ બોધ થઈ ગયો છે કે એમના સેવ્યસ્વરૂપ પૂર્ણપુરુષોત્તમ શ્રીઠાકુરજી રસાત્મક છે. સ્ત્રી-પુરુષને અનુભૂતિ થઈ ચૂકી છે કે એમના માથે બિરાજતાં આનંદસ્વરૂપ ઠાકુરજી, લીલા દ્વારા, એ સ્વાનંદને આ પતિપત્ની જોડે માણવા એમના માથે

પધાર્યાં છે. એના પ્રતિસાદ રૂપે આ બન્ને ભગવદીય સેવ્યસ્વરૂપને "ભક્તિયોગ"થી પ્રતિસાદ આપે છે અને એ વખતે એમનો ભાવ છલકે છે ત્યારે "સાંખ્ય" રૂપ રસાત્મક પુરુષોત્તમનો એમને અનુભવ થતો જ રહે છે. આવા અનુભવમાં "તાપ" એક વિલક્ષણ કડી છે. "યોગ"ના સંદર્ભમાં આ ભગવદીયોના મનનો યાગ, મોતીમાં દોરી પુરાય તેમ પ્રભુમાં એકદોર થઈ ગયો છે. "ત્યાગ"ની દૃષ્ટિથી આ સ્ત્રી-પુરુષને આચાર્યચરણે પંચપર્વાવિદ્યાત્મક વૈરાગ્યનું દાન ભક્તિના અંગરૂપે કર્યું છે. જે તાપથી સ્ત્રી-પુરુષે પોતાના ઠાકુરજીનું જતન કર્યું છે એ આ બન્નેનું "તપ" છે. એમની "ભક્તિ"ના પ્રતિસાદ રૂપે તો ઠાકુરજી એમને સાનુભાવ છે, માંગી માંગીને આરોગે છે.

સ્ત્રી-પુરુષને આવી રીતે ઉપલબ્ધ થયેલ "સાંખ્ય" એમના પ્રાણાધ્યાસને નિવૃત્ત કરે છે કારણકે રસાત્મક પુરુષોત્તમ સાથે એમના પ્રાણ "અટવાઈ" ગયાં છે. "યોગ"થી એમનો "ઈન્દ્રિયાધ્યાસ" નિવૃત્ત થઈ ગયો છે કારણકે એમની સર્વેન્દ્રિયો પ્રભુમાં નિરુદ્ધ થઈ ગઈ છે. "વૈરાગ્ય" એમના "અંતઃકરણાધ્યાસ"ની નિવૃત્તિ કરે છે, તો "તપ" એમના "દેહાધ્યાસ"નું નિવારક બન્યું છે. ત્યારે તો એ ગાઢ વરસાદમાં ઘરની બહાર બેસીને ભીંજે છે, જેથી એમના ઠાકુરજીને શ્રમ ન પડે. તેમજ "ભક્તિ"એ પતિપત્નીના "સ્વરૂપવિસ્મૃતિ"ના અધ્યાસનો ધ્વંસ કર્યો છે. આ સર્વની ફલશ્રુતિરૂપે એમને શું ઉપલબ્ધ થાય છે, તે હરિરાયજી બત્રીસમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "**जो श्रीजीकी कृपा होय तव सर्वकार्य सिद्ध होय, सो पंचपर्वा अविद्याको नाश होय, विद्या सिद्ध होय, तव श्रीकृष्ण भगवान् हृदयमें विराजे ।**"



આમ પંચપર્વા અવિદ્યાની નિવૃત્તિથી અને પંચપર્વા વિદ્યાની સમૃદ્ધિથી આ સ્ત્રી-પુરુષ પ્રેમલક્ષણા ભક્તિમાં અભિરમણ કરી રહ્યાં છે. એટલે જ વાર્તાના અંતમાં ગોકુલનાથજી આજ્ઞા કરે છે; "**बडे भगवदीय हते ।**" "**तातें इनकी वार्ता कहां तांई कहिये ।**" તો ભગવદીય કોણ અને **बडे भगवदीय** કોને કહેવાય ? જે પુષ્ટિજીવે પોતાની અહંતામમતાને પ્રભુમાં સદા સમર્પિત કરી છે તે ભગવદીય છે. આ સ્ત્રી-પુરુષ **बडे भगवदीय** છે કારણકે એમણે પરમાત્માની આત્મરતિને બ્રહ્મના આનંદના તૂંદિલિકરણ રૂપે અનુભવી છે અને એના જ extension કે વ્યાપ રૂપે એમણે ભગવાનના ઐશ્વર્યવીર્યાદિ ષડ્ગુણોને ભગવલ્લીલાના માધ્યમથી ય માણ્યા છે. અર્થાત્ સિંહનંદના આ સ્ત્રી-પુરુષ પ્રભુના પરમફલના અધિકારી છે એટલે **बडे भगवदीय** છે. ઠાકુરજીની સર્વલીલાને આ પતિપત્ની પ્રભુની સમગ્રતાના રૂપમાં અનુભવી રહ્યાં છે. જેમાં બ્રહ્મવિહાર, પરમાત્માની આત્મરતિનો વિહાર, ભગવાનના ઐશ્વર્યાદિ ષડ્ગુણોનો વિહાર, લીલાવિહાર, ધર્મી કૃષ્ણ અને સેવ્યસ્વરૂપના લીલા વિહારની સમગ્રતાનો એમને સાનુભાવ છે. વાર્તામાં શ્રીઠાકુરજીના શ્રીમુખારવિંદમાંથી સ્ત્રી-પુરુષ માટે સ્રવિત થતાં વચનામૃતોમાં જ શ્રીગોકુલનાથજીએ, પ્રભુના આ સર્વે લાવણ્યાત્મક વિહારોને, એક બેજોડ ખૂબસુરતીથી, ઠાકુરજીનાં જ શ્રીવચનોમાં અભિવ્યક્ત કરી દીધાં છે. એની વિલક્ષણ ઝાંખી કરી લઈએ. વાર્તા કહે છે; "**तव श्रीठाकुरजी भीतर मंदिर में ते बोले, वैष्णव !**" અહીં "બ્રહ્મવિહારના" પ્રકટ દર્શન છે. બ્રહ્મ જેમ **एकमेवाद्वितीयम्** છે, તેમ ઠાકુરજીને વૈષ્ણવ માટે અદ્વિતીયતાનો

ભાવ સદા હોવાથી પ્રભુએ ઉચ્ચારેલ પહેલો શબ્દ છે "वैष्णव ." બ્રહ્મ માટે જેમ બીજુ કોઈ હોતું જ નથી તેમ પુષ્ટિસ્થ પ્રભુ માટે વૈષ્ણવથી અતિરિકત કોઈ છે જ નહિ. આનંદરૂપ બ્રહ્મના આનંદનું તૂંદિલિકરણ થતાં જ બ્રહ્મ જેમ બીજાની અપેક્ષા કરે છે, તેમ પોતાની ભીતર ઉચ્છલિત થઈ રહેલાં આનંદને, સ્ત્રી-પુરુષ સાથે share કરવા (માણવા) માટે એમના ઠાકુરજી એમને "વૈષ્ણવ" કહી એક વિરુદ્ધધર્માશ્રયથી "અન્ય" સાપેક્ષ પણ બનાવે છે અને બ્રહ્મના આત્મવિહારની મર્યાદાનું ઉલ્લંઘન કરવા પ્રભુ તૈયાર થઈ જાય છે. પરમાત્માની આત્મરતિના કારણે સ્ત્રી-પુરુષના સેવ્યસ્વરૂપ એમને મૃદુલ વચનોથી કહી રહ્યા છે; "तुम भीजत हो सो हमकों बहोत दुःख है ।" પ્રભુનું આમ દુ:ખી થવું એ પરમાત્મરતિનો વિહાર છે. સિંહનંદના સ્ત્રી-પુરુષને અનુભૂત થતી સર્વલીલા ભગવલ્લીલા હોવાથી, એના અનુસંધાનમાં એમના ઠાકુરજી, પોતાના ભગવાન પહેલુથી એક એક ધર્મને હવે પ્રકટ કરી રહ્યા છે. "वैष्णव" કહી પુષ્ટિપુરુષોત્તમ વૈષ્ણવથી અતિરિક્ત આપને સર્વ માટે "વૈરાગ્યધર્મ" પ્રકટ છે એ દર્શાવી રહ્યા છે. "વૈષ્ણવ" શબ્દ કહી પ્રભુ પોતાની આત્મીયતા પણ સ્ત્રી-પુરુષને જતાવી રહ્યા છે. પોતાના "જ્ઞાનધર્મ"ને અભિવ્યક્ત કરતાં ઠાકુરજી પતિપત્નીને આજ્ઞા કરે છે; "तुम क्यों भीजत हो ।" ભગવદ્રસમાં સ્વાનંદતૂંદિલ એવા એ સ્ત્રી-પુરુષના સુકોમલ ભાવોને નજદીકથી માણવા ઠાકુરજી એમને આજ્ઞા કરે છે; "बाहर ते भीतर आवो ।" પોતાના "ઐશ્વર્ય ધર્મ"ને પ્રકટ કરીને પ્રભુ આવી આજ્ઞા કે command સ્ત્રી-પુરુષને આપી રહ્યા છે કારણકે પ્રભુ



પોતાનું ઐશ્વર્ય નિજભક્તોના હિત માટે વાપરે છે. આના પ્રતિસાદ રૂપે, બન્ને बडे भगवदीय, ઠાકુરજીને વિનન્તી કરે છે કે એમના અંદર આવવાથી એમની કેટલીક જીવ મર્યાદાઓ છૂટી જશે. ત્યારે પ્રભુ પોતાના "વીર્યધર્મ"ને અભિવ્યક્ત કરતાં બન્નેને પુન: આજ્ઞા કરે છે; "हम तो ऊपर चौबारे में हैं, तुम नीचे आवो ।" ઠાકુરજી ભક્તના દુ:ખે દુ:ખી છે એ રહસ્ય પ્રભુના "યશધર્મ"નો વિસ્તાર કરનાર છે. વાર્તામાં પ્રભુ કહે છે; "तुम भींजत हो सो हमकों बहोत दुःख है ।" નિજભક્તોના સુખમાં સુખી થવું એમાં જ ઠાકુરજીને પોતાના "શ્રીધર્મ"નું સૌંદર્ય પ્રકટ થતું લાગતું હોવાથી પ્રભુ, સ્ત્રી-પુરુષને મંજુલ વચનોથી કહે છે; "तुम भीतर आवो तो हमकों सुख होय ।" સ્ત્રી-પુરુષને આવી રીતે કહેતાં ઠાકુરજી વાસ્તવમાં પોતાની આત્મરતિનો વિલાસ અભિવ્યકત કરે છે અને સ્ત્રી-પુરુષ રૂપ દર્પણમાં, પ્રભુ પોતાની આત્મરતિને નિરખી રહ્યા છે. આમ પ્રભુની સર્વ લીલાઓને ઠાકુરજીની સમગ્રતાના રૂપમાં અનુભવ કરનાર સિંહનંદના સ્ત્રી-પુરુષ बडे भगवदीय છે.

અહીં રાસલીલાનું એક વિલક્ષણ રહસ્ય વિદ્યમાન છે. જેના કારણે પણ ગોકુલનાથજી પતિપત્નીને "बडे भगवदीय" કહે છે. વાર્તામાં સ્ત્રી-પુરુષ પ્રભુને વિનન્તી કરે છે કે; "हम लौकिक जीव हैं, सो अनोसर में पास आछो नाहीं आवनो ." આમ કહીને પતિપત્ની "અનવસરમાં" ઠાકુરજી સાથેના સંબંધમાં પોતે એક space કે જગ્યા ઉત્પન્ન કરે છે અને પ્રભુને પણ એવું અનોસરનું spacing આપે છે. રાસલીલા વેળા, બે-બે ગોપી વચ્ચે એક કૃષ્ણ છે કારણકે પ્રત્યેક ગોપીને એક જ

કૃષ્ણ સાથે અનન્યભાવથી લીલા છે અને બીજી બાજુ રહેલ ગોપીજન એ ગોપીના સત્સંગ માટે છે. આવા અને નિર્ગુણભાવના અનુસંધાનમાં, અનોસરમાં, સ્ત્રી-પુરુષ ઠાકુરજીથી થોડા અળગા રહે છે. એમાં એમનો ગૂઢભાવ એ છે કે પ્રભુને અન્ય ભક્ત સાથે અનોસરમાં ખેલવું હોય તો એક space મળે. આવી જ રીતે પતિપત્ની પણ અનોસરમાં સત્સંગ કરી, વિશેષ ભાવ ઉદ્દીપન કરી, બીજા દિવસે સેવામાં પ્રભુને વિશેષ લાડ લડાવી શકે.

અહીં કોઈ પૂર્વપક્ષ કરે કે વાર્તામાં તો ઠાકુરજી સ્વયં આ બન્નેને આજ્ઞા કરે છે કે; "भीतर क्यों न सोवे ?" તો એમને અંદર સુવામાં શો વાંધો આવ્યો ? સ્ત્રી-પુરુષ "बडे भगवदीय" હોવાથી એમણે પ્રભુની આજ્ઞા સાંભળી તો ખરી પણ મહાપ્રભુની આજ્ઞાઓના પરિપાલનમાં એમને પોતાનું હિત સ્પષ્ટ દર્શાય છે. જેમ કે "सेवायां वा कथायां वा" અથવા તો "स्मरणं भजनं चाऽपि न त्याज्यम् ."

પુષ્ટિજીવો તો સર્વ મહાપ્રભુજીના બાલકો છે. તો આ વાર્તાના સારરૂપ, બાલકો એવા પુષ્ટિજીવોને, હરિરાયચરણ શું "બાલબોધ" આપે છે તે સત્યાવીશમા શિક્ષાપત્રમાં અવલોકી લઈએ;

"निजाचार्यपदांभोजयुगलाश्रयणं सदा ।
विधेयं तेन निखिलं फलं भावि विना श्रमम् ॥
अपने आचार्यजी के दोउ चरणारविंदको आश्रय सदा करनो,
ता करिके श्रम विना सर्व फल होयगे ।"



"इत्येवं कथितं सर्वं नैतज्ज्ञाने भ्रमः पुनः ॥"

................

"બાલબોધ" ગ્રંથ અનુસાર શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણની અવલોકનીય વાણી :-

१) श्रीआचार्यजी महाप्रभु बालबोधमें कहे हैं जो जीव स्वभाव करिकें दुष्ट है यह निश्चय है, प्रभु गुणनिधि हैं, जीव दोषनिधि है तातें प्रभु की इच्छाकों जीव कैसें जाने ?

******

## ગ્રંથ : સિદ્ધાંતમુક્તાવલી
## ૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૧૨૩ - આસકરણ રાજા

ભગવાનના ષડ્ધર્મો છે; ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. પરમાત્મામાંથી જડ અને જીવ સૃષ્ટિ પ્રકટ થઈ ત્યારે આ બન્નેમાં પ્રભુનાં ષડ્ધર્મો તિરોહિત થઈ ગયા. તેથી, સચ્ચિદાનંદરૂપ ભગવાનનો, જડ સૃષ્ટિમાં કેવલ સદંશ રહ્યો અને જીવમાં ચિદંશ. બન્નેમાં આનંદાંશનો તિરોધાન થયો. તિરોધાન એટલે જીવમાં આનંદ ગુપ્ત રહ્યો, અભિવ્યક્ત ન રહ્યો. એટલે જીવ ગુપ્તાનંદ કહેવાયો. જડસૃષ્ટિ નિરાનંદ રહી.

ગુપ્તાનંદ એવા જીવમાં પુનઃ આનંદને કેવીરીતે પ્રકટ કરવો એની અખિલ પ્રક્રિયાને, સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથના પહેલા બે શ્લોકમાં, મહાપ્રભુજીએ અદ્ભુત રીતે આવરી લીધી છે. આને સમજવાથી કોઈપણ વૈષ્ણવ સ્વયં સમજી શકશે કે આસકરણરાજાએ, ગ્રંથના આધારે એમનામાં તિરોહિત થયેલા ઐશ્વર્યાદિ ષડ્ધર્મોને પુનઃ કેવી રીતે આવિષ્કૃત કર્યાં છે.

સૌથી પ્રથમ એ સમજી લઈએ કે, ભગવાનના કયા ધર્મના તિરોધાનથી જીવમાં શું પેદા થાય છે અને એની વિકૃતિ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરમાં કેવી રીતે થાય છે.

<u>ઐશ્વર્ય</u> :- પરમાત્માના "એશ્વર્ય ધર્મ"ના તિરોધાનથી જીવને એમ લાગે છે કે એની પોતાની સત્તા કે control ચાલતો નથી. તેથી જીવમાં લૌકિક "દૈન્ય" પેદા થાય છે. આ "દૈન્ય"ના વિકૃત સ્વરૂપે જીવમાં "મદ" આવે છે. કેવી રીતે ? પોતાનામાં



ઐશ્વર્ય નથી, એટલે જીવ "મદ" લાવીને પોતાને એક આભાસયુક્ત સંતોષ આપે છે અથવા તો પોતાને falsely satisfy કરે છે. આના નિવારણ માટે પ્રભુએ પોતાના "ઐશ્વર્ય ધર્મ"ના અંશરૂપે જીવને એક સિદ્ધસાધનરૂપે "ક્રિયા" આપી છે અને આ ક્રિયાના માધ્યમથી જીવ ભગવાનના "ઐશ્વર્ય ધર્મ"નો સંપર્ક પુનઃ સાધી શકે છે. તેથી જ જીવની આવી ક્રિયાને ઉદ્દેશીને આચાર્યચરણ સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં **कृष्ण सेवा सदा कार्या**ની આજ્ઞા આપે છે. "**कार्या**" ક્રિયારૂપા છે. આસકરણ રાજા મહાપ્રભુજીની આજ્ઞા માનીને સદા કૃષ્ણસેવાની ક્રિયામાં પ્રવૃત્ત રહે છે અને એના કારણે, એમનામાં "કૃષ્ણના પોતે દાસ છે" એવો ભાવ સ્થિર થઈ જાય છે. આવા દાસભાવના કારણે, રાજામાં "મદ"નો તિરોભાવ થાય છે અને પોતે સર્વસમર્થ કૃષ્ણના દાસ છે, એવી અસ્મિતા પ્રબલ થતાં, રાજામાં ભગવદૈશ્વર્ય પુનઃ આવિષ્કૃત થઈ જાય છે.

<u>વીર્ય</u> :- પ્રભુનો "વીર્ય ધર્મ" જીવમાં જયારે તિરોહિત થઈ જાય ત્યારે જીવને પોતાની શક્તિ ચાલી ગઈ હોય એમ લાગે છે. તેથી, એનામાં "દુઃખ" પેદા થાય છે. દુઃખનું વિકૃત સ્વરૂપ છે "માત્સર્ય." કારણકે સુખી માણસને "માત્સર્ય" કે "ઈર્ષ્યા" આવતી નથી. પ્રભુના "વીર્ય ધર્મ"ના અંશરૂપે, ભગવાને, એક સિદ્ધસાધન રૂપે જીવને "સ્વભાવ" આપ્યો છે. કૃષ્ણસેવા કરતાં કરતાં પુષ્ટિજીવનો "સ્વભાવ" કૃષ્ણમય થઈ જાય છે ત્યારે એના અવાન્તર ફલરૂપે જીવના સુખદુઃખના સંસારની નિવૃત્તિ થઈ જાય છે. ગ્રંથ કહે છે; "**ततः संसार दुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम्** ." બ્રહ્મબોધન એટલે પ્રભુનો વેણુનાદ.

પ્રભુ સાથે રાસ રમણનું સામર્થ્ય આવી જાય છે અને તેથી એનામાં પરમાત્માના વીર્યધર્મનો પુન: આવિર્ભાવ થઈ જાય છે. રાસપંચાધ્યાયી અનુકૂલ આસકરણ રાજામાં "વીર્યધર્મ" કેવી રીતે પ્રકટ છે તે આગળ આવશે.

<u>યશ</u> :- ભગવાનનો "યશ ધર્મ" જીવમાં તિરોહિત થાય ત્યારે જીવને "હીનતા" મહેસુસ થાય છે. "હીનતા" એટલે પોતાની પાસે કાંઈક ઊણપ છે એવો ભાવ આવે. હીનતાના ભાવની વિકૃતિ, જીવમાં, "લોભ"રૂપે ઉભરી આવે છે. અર્થાત્ ઊણપનો ભાવ આવે ત્યારે મનુષ્યને એવો લોભ થાય છે કે હજી મેળવવું છે. પ્રભુનો "યશ ધર્મ" જીવમાં, અંશરૂપે સિદ્ધસાધન તરીકે "ધર્મ"રૂપે વિદ્યમાન છે. આ કયો ધર્મ ? આચાર્યજી કહે છે; "**सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः । स्वस्यायमेव धर्मो हि नान्यः क्वापि कदाचन ॥**" સર્વદા સર્વભાવથી કૃષ્ણભજન કરવાથી, પુષ્ટિજીવને સિદ્ધાંતમુક્તાવલીગ્રંથનું સ્વરૂપ લક્ષણ સિદ્ધ થાય છે; "**चेतस् तत्प्रवणं सेवा .**" કૃષ્ણમાં જેનું ચિત્ત પરોવાઈ ગયું છે એવા આસકરણરાજામાં, ન તો કોઈ "હીનતા" રહી છે કે ન કોઈ "લોભ". તેથી જ વાર્તામાં આવે છે કે રાજાને રાજયનો પણ લોભ ન હોવાથી એમણે એનો ત્યાગ કર્યો છે.

<u>શ્રી</u> :- પરામાત્માના "શ્રી" ધર્મના તિરોધાનથી જીવને, "જન્મ આદિનો વિપદ્" થઈ જાય છે. બીજો જન્મ ક્યાં આવશે કે નહિ આવે, એવી માનસિક વિપત્તિમાં, આ જન્મમાં જ બધું લૌકિકમાં પામી લેવાનો જીવને "મોહ" થાય છે. આ મોહના નિવારણ માટે પ્રભુના "યશ" ધર્મના અંગરૂપે જીવમાં, "ભક્તિ",



એક સિદ્ધસાધન રૂપે સ્થિત છે. સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથની ઉક્તિ પ્રમાણે જેને **मानसी सा परामता** ભક્તિની અવસ્થા સિદ્ધ થઈ છે, એવા રાજાને ન તો કોઈ "જન્માદિની વિપદ્" છે કે ન કોઈ "મોહ."

<u>જ્ઞાન</u> :- ભગવાનનાં "જ્ઞાન" ધર્મના અભાવમાં જીવ એની "અહંતા"ની સંકુચિત સ્થિતિમાં રહે છે. તેથી પ્રભુના "જ્ઞાનધર્મ"ના અભાવમાં, જીવને, એની અહંતાનો "મોહ" થાય છે. આવા મોહવાળા જીવને, પોતાની સમજશક્તિ જ સાચી લાગે છે, એના કારણે એનામાં "ક્રોધ" પનપે છે. પ્રભુના "જ્ઞાનધર્મ" સાથે સંપર્ક સાધવા માટે જીવમાં પરમાત્માના "જ્ઞાનધર્મ"ના અંશરૂપે એક સિદ્ધસાધનરૂપે "કર્મ" અવસ્થિત છે. ઈચ્છા, જ્ઞાન અને કૃતિના મિશ્રણથી "કર્મ" બને છે. તેથી જ "તનુ" સેવાદ્વારા પોતાના "કર્મ"ને પ્રભુમાં સમર્પિત કરવાથી, પુષ્ટિજીવનો "અહંતાનો મોહ" અને તજ્જનિત "ક્રોધ" નિવૃત્ત થાય છે. એના કારણે જ "તનુ"સેવામાં વિભોર એવા રાજાને તીર વાગ્યું એના પછી, આસકરણજીને તીર મારનાર ચોર પર "ક્રોધ" આવતો નથી.

<u>વૈરાગ્ય</u> :- પરમાત્માનો "વૈરાગ્યધર્મ" જીવમાં તિરોહિત થાય ત્યારે જીવને, બધી ચીજ પોતાની હોય એમ લાગે છે. અર્થાત્ "વૈરાગ્ય"ના અભાવમાં જીવમાં "મમતાનો અતિરેક" થાય છે અને એના કારણે, એના વિકૃત સ્વરૂપ રૂપે જીવમાં, "કામ" પેદા થાય છે. પ્રભુના "વૈરાગ્ય ધર્મ"ના અંશરૂપે, જીવમાં "નીતિ" એક સિદ્ધસાધન રૂપે સિદ્ધ છે. મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે નીતિથી પ્રાપ્ત કરેલા વિત્તને ભગવત્સેવામાં વાપરવું

જોઈએ. અર્થાત્ સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ કથિત નીતિથી પામેલા ધનથી "વિત્તજા" સેવા કરવાથી જીવની "મમતા" અને તજ્જનિત "કામ" એ બન્ને જાય છે. વાસ્તવમાં રાજાની મમતા "ભગવત્કામ"નું રૂપ લઈ લે છે અને એ પ્રભુના વૈરાગ્ય ધર્મનો ય આનંદ માણે છે.

આમ, પ્રભુના ષડ્ધર્મો જીવમાંથી તિરોહિત થઈ ગયેલા હોવાથી, જીવમાં ભગવાનનો આનંદાંશ પણ તિરોહિત થઈ ગયો છે. એ અલૌકિક આનંદને, જીવ, પુનઃ કેવી રીતે ઉપલબ્ધ કરી શકે એનો સંપૂર્ણ know how કે સમજણ આચાર્યજીએ આપણને આપી છે અને જેને મેં ઉપર લખેલ છે. સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ સમજાવેલા આ know how ના લીલોપદેશરૂપે પણ આસકરણ રાજાની વાર્તા છે. આ know howને પોતાના પુષ્ટિજીવનમાં વાપરીને રાજામાં, પ્રભુના ષડ્ધર્મોનો પુનઃ આવિર્ભાવ થઈ ગયો છે. આ સંપૂર્ણ know howને કોઈપણ વૈષ્ણવ ક્યારે પણ વાપરી શકે, એના માટે એને હું નીચે એક કોષ્ઠકરૂપે સારાંશમાં આપું છું.



| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| પ્રભુના મુખ્ય ધર્મો | પ્રભુના ધર્મોના અભાવમાં જીવમાં શું પેદા થાય છે ? | નં-૨ ના કારણે, જીવમાં, વિકૃતિરૂપે શું ઉત્પન્ન થાય છે ? | પ્રભુનો કયો ધર્મ, જીવમાં, પ્રભુના અંશરૂપે, સિદ્ધસાધન રૂપે વિદ્યમાન છે ? | સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથની કઈ પંક્તિ, નં-૪ માં નિર્દિષ્ટ કરેલા, જીવમાં રહેલા સિદ્ધ સાધનને ઉદ્દીપન કરી પ્રભુના મુખ્ય ધર્મો સાથે પુનઃ 'સંવાદ સાધી આપે છે ? |
| "ઐશ્વર્ય" | દૈન્ય (લૌકિક) | મદ | "ક્રિયા" | कृष्ण सेवा सदा कार्या |
| "વીર્ય" | દુઃખ | માત્સર્ય | "સ્વભાવ" | ततः संसार दुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् |
| "યશ" | હીનતા | લોભ | "ધર્મ" | चेतस् तत्प्रवणं सेवा |
| "શ્રી" | જન્માદિ વિપદ્ | મોહ | "ભક્તિ" | मानसी सा परा मता |
| "જ્ઞાન" | અહંતાનો મોહ | ક્રોધ | "કર્મ" | તનુ સેવા { तत्सिद्धयै |
| "વૈરાગ્ય" | મમતાનો અતિરેક | કામ | "નીતિ" | વિત્ત સેવા { तनुवित्तजा |

સિદ્ધાંતમુકતાવલી ગ્રંથના પ્રારંભમાં, कृष्णसेवा सदा कार्या ની શ્રીમહાપ્રભુજી જે આજ્ઞા કરે છે, એ કૃષ્ણ કેવા છે, તે સમજાવતાં આચાર્યજી કહે છે; "परं ब्रह्म तु कृष्णो हि ." કૃષ્ણ પરબ્રહ્મ છે. તેથી જ કૃષ્ણસેવા ફલિત કરવાની શ્રીવલ્લભની પહેલી શરત એ છે કે, સેવ્યસ્વરૂપ એ મૂર્તિ છે એવી બુદ્ધિને નિવૃત્ત કરીને, વૈષ્ણવને, અવિનાશી એવા પરબ્રહ્મની બુદ્ધિ એમાં સ્થાપિત કરવી અનિવાર્ય છે. દ્વારકેશજી દોહામાં ગાય છે કે; "મુરતિ બુદ્ધિ નિવૃત્ત કરી નિખિલ ઈષ્ટ જો દેત." મૂર્તિમાં અવિનાશી પરબ્રહ્મની બુદ્ધિનો "સંકલ્પ" કરવાથી આપણી ભગવત્સેવા ક્રિયા ન રહેતા "કર્મ" બની જાય છે, કારણકે જ્ઞાન અને સંકલ્પ સહિત થતી ક્રિયા એ કર્મ છે. શ્રીમહાપ્રભુજી સ્વયં "कर्ममार्गप्रवर्तक" છે, ક્રિયામાર્ગ પ્રવર્તક નથી. એમાંય પુષ્ટિ જીવ કૃષ્ણ સેવાને પોતાના સ્વભાવ અનુસાર ન કરતાં જો શ્રીઆચાર્યચરણના સિદ્ધાંતાનુસાર કરે, તો એનું સેવાનું આવું કર્મ "જ્ઞાનાત્મક" પણ થઈ જાય છે અને સેવાવેળા વ્રજભક્તોના ભાવની ભાવના કરવાથી એ જીવની ભગવત્સેવા, ભાવાત્મક બની જાય છે. "આસકરણ પ્રભુ મોહનનાગર પ્રેમ પુંજ વ્રજબાલકે." આનો બધાયનો સારાંશ એવો છે કે મહાપ્રભુજીએ જે કૃષ્ણસેવાની આજ્ઞા કરી છે એની સર્વાંગતા છે; ક્રિયા (કર્મ), જ્ઞાન અને ભાવના મિશ્રણમાં અથવા તો સમજ, ભાવ અને કૃતિની એકવાક્યતામાં.

સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં આ જ પ્રક્રિયાનો નિર્દેશ કરતાં શ્રીવલ્લભ આજ્ઞા કરે છે; "सच्चिदानन्दकं बृहत्". સચ્ચિદાનંદમાં રહેલા सद् શબ્દથી સેવામાં રહેલી ક્રિયાનું હાર્દ



પ્રકટ થાય છે. એ હાર્દને પ્રકટ કરવાનું સાધન છે, આચાર્યજીનો "ક્રિયોપદેશ." મહાપ્રભુજીના "તત્ત્વોપદેશ"ના કારણે સચ્ચિદાનંદમાં રહેલો चिद् શબ્દ કૃષ્ણના માહાત્મ્યજ્ઞાન રૂપે અંગડાઈ લે છે. વ્રજભક્તોના ભાવથી ભગવત્સેવા કરવાથી સચ્ચિદાનંદમાં રહેલા આનંદ શબ્દની અનુભૂતિ થાય છે. મહાપ્રભુજીએ ભાવને ઉદ્દીપન કરવાનો લીલોપદેશ સુબોધિનીજી આદિ ગ્રંથમાં પ્રકટ કર્યો છે અને અષ્ટસખાની વાણીમાં ય એ ઉપલબ્ધ છે. આ બધાયનો નિચોડ એ છે કે કૃષ્ણસેવાની ક્રિયામાં આપણું કર્મ પ્રકટ થવું જોઈએ. જે કર્મ પ્રકટ થાય છે એમાં કૃષ્ણનું માહાત્મ્યજ્ઞાન પ્રકટ થવું જોઈએ અને એની સાથે સેવાવેળા ભાવ આવિષ્કૃત થવો જોઈએ. ભાવમાંથી આનંદ પ્રકટ થાય છે અને આનંદની અનુભૂતિ સિવાય જીવને લીલાબોધ થતો નથી. કારણકે લીલા આનંદાત્મક છે. આ પ્રક્રિયાથી ભક્ત સેવામાર્ગમાં અભિગમન કરે ત્યારે સેવાના સ્વરૂપલક્ષણમાં એ પ્રવેશ પામે છે. "चेतस्तत्प्रवणं सेवा."

તનુવિત્તજા સેવા કરવાની આજ્ઞા કરતાં શ્રીમહાપ્રભુજીનું સર્વોત્તમજીમાં પ્રકટ થતું નામ છે; "जनशिक्षाकृते कृष्णभक्तिकृत्". આચાર્યચરણના અહીં સાધનરૂપ નામનાં દર્શન થાય છે. જેમાં સ્વયં ભગવત્સેવા પોતે કરી શ્રીવલ્લભ, અનાયાસ સેવોપદેશ પુષ્ટિજીવોને આપે છે. દ્વારકેશજી કહે છે તેમ; "કૃષ્ણ પ્રેમ સેવા કરત સેવક શિક્ષિત હોત." चेतस्तत्प्रवणं सेवा માં શ્રીમહાપ્રભુજીના "निखिलेष्टदः" એવા ફલાત્મક નામનાં દર્શન થાય છે. ભગવત્સેવા ક્યારે ફલિત થાય તે હરિરાયચરણ પ્રથમ શિક્ષાપત્રમાં અતિ સુંદર રીતે સમજાવે છે. "जितनी वस्तु सेवा में होय सो सबनको भावसहित स्वरूपात्मक जानिके

सेवा करिये, भाव विना अन्यथा न करिये । सर्वात्मभावसों श्रीठाकुरजी की सेवा करे तो स्वरूपानंद को अनुभव होय ।"

આ ભૂમિકામાં સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથના લીલોપદેશ રુપે રાજા આસકરણની વાર્તા સમજીશું તો ખ્યાલ આવશે કે આ ભગવદીયની સેવાનો સમગ્ર પ્રકાર કાયાથી વાણીમાં અને વાણીથી મનમાં જઈ એમને માનસી સેવા સુધી લઈ જાય છે. તેમજ એમની કથાનો કે કીર્તન ભક્તિનો પ્રકાર એમના મનથી વાણીમાં અને વાણીથી કાયામાં નિસૃત થાય છે. આમ આસકરણ રાજાની કાયા, વાણી અને મનમાં પ્રકટ થઈ ગયેલા ભગવત્પ્રેમને આચાર્યચરણ मानसी सा परा मता કહે છે.

માનસીસેવા સિદ્ધ કરવાની પ્રક્રિયા સમજાવતાં શ્રીવલ્લભ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે तत्सिद्ध्यै तनुवित्तजा. વાર્તા કહે છે; "पाछें आसकरन आछो सुंदर मंदिर कराय, राज-सेवा परम प्रीतिसों सेवा करन लागे । सो तनुजा वित्तजा दोऊ प्रकारसों भली भांति सों सेवा करन लागे ।" ઋગ્વેદ કહે છે કે સૃષ્ટિની સર્વ વસ્તુ આપણી સાથે સંવાદ સાધતી (interact કરતી) હોય છે અને એના લીધે આપણામાં એક sensitivity કે સ્પંદનશીલતા આવે છે. પ્રભુ માટેની આવી sensitivity ના કારણે, આસકરણ રાજા ભલીભાંતિ અને પ્રીતિથી તનુવિત્તજા સેવા કરે છે, ત્યારે ઠાકુરજી પણ એમની પાસે પોતાનો અનુભાવ પ્રકટ કરીને, interact કરવા લાગે છે. વાર્તા કહે છે; "सो आसकरन भगवद् सेवा बोहोत प्रीति सों करते । सो श्रीठाकुरजी कछू दिन में सानुभावता जनावन लागे ।" આસકરણ રાજાએ કરેલી સેવા, નાગરમોહનજીને ગમી રહી છે, એ



જતાવવા પ્રભુ, પોતાને જે રીતે રાજા સામે અભિવ્યક્ત કરે છે, તેને રાજાનો સાનુભાવ કહેવાય છે. આવી રીતે આસકરણજીમાં ભક્તિરુપી sensitivity develop કેવી રીતે થઈ તે આચાર્યજી ગ્રંથમાં સમજાવે છે; "गंगातीरस्थितो यद्वद् देवतां तत्र पश्यति । तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन् ज्ञानी प्रपश्यति ॥" ભગવત્સેવા વેળા પ્રભુ માટે प्रपश्यति ની દૃષ્ટિ ત્યારે આવી કહેવાય જ્યારે ભક્તની સેવા લીલાત્મિકા બને છે. એ અવસ્થામાં સર્વેન્દ્રિયનો સેવામાં નિરોધ સિદ્ધ થાય છે. બીજા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે; "संयोगात्मक सगरी लीला करि बाहिरकी सगरी इन्द्रियन को निरोध कियो ।" નાગરમોહનજીની સેવાથી અને પ્રભુનાં નામ, ગુણ અને રુપના "સંગ"થી રાજાને ઠાકુરજીનું સતત સાન્નિધ્ય ઉપલબ્ધ થતું જાય છે. પ્રભુના આવા સતત "संग"થી પ્રભુની પ્રભુતાનો પ્રભાવ જેમ જેમ આશકરણ પર વધતો જાય છે, તેમ તેમ, આ ભક્તને biologically અને psychologically એક stimuli (ઉદ્દીપનતા) મળતી જાય છે. રાજાને ઠાકુરજી પ્રત્યેથી મળતી stimuli અને એના પ્રતિસાદરૂપે આસકરણજીની પ્રભુ પ્રત્યેની sensitivity નાં દર્શન કરી લઈએ. "આસકરણ પ્રભુ મોહન નાગર હરિકો બોહોત વિધિ લાડ લડાયે." પ્રભુ તરફથી મળતી આવી stimuli ના કારણે આસકરણરાજાની કૃષ્ણ પ્રત્યેની sensitivity આસકરણરાજાને "રુચિ"ની અવસ્થાથી શરૂ થઈને "આસક્તિ" અને "વ્યસન" દશામાં રમણ કરાવતી થઈ જાય છે. પ્રભુની આવી stimuli નું biological પર્યવસાન રાજાની તનુવિત્તજા સેવામાં થાય છે અને એનું psychological પર્યવસાન તેમની માનસી સેવામાં થાય છે. મહાપ્રભુજીએ

સમજાવેલ તનુવિત્તજા સેવાનો આવો વિલક્ષણ ફાલ છે.

"તનુ" સેવાથી આસકરણજીએ પોતાની અહંતાને પ્રભુમાં સમર્પિત કરી છે અને પોતાના "અહં" ની ભીતર જે કૃષ્ણાત્મક "અહં" બિરાજે છે એને એમણે ચાહવાનું શરૂ કરી દીધું છે. એના કારણે એમનો નાગરમોહનજી પ્રત્યેનો સ્નેહ સાધનાત્મક ન રહેતાં એ સ્નેહ રાજાનું constitution કે સ્વભાવ બની જાય છે. સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ કથિત आत्मानंद समुद्रस्थनी દશા ત્યારે સિદ્ધ થાય છે. ઋત એવા આચાર્યચરણ અને પ્રભુચરણની વાણીને રાજાએ એમના અંતરમાં પધરાવી છે એટલે એમનામાં સહસ્ર પરિવત્સરની જે વિસ્મૃતિ હતી તે નિવૃત્ત થઈ ગઈ છે અને આ ભગવદીય સદા ભગવત્સ્મૃતિમાં છક્યાં રહે છે. એમના ભજનીય સ્વરૂપ એમના ભાવનીય પણ બની જાય છે. ભજનીય સ્વરૂપને ત્વરાથી ભાવનીય બનાવવા રાજા પોતાના પદમાં કેવા લાડ કરે છે, તે માણી લઈએ. " આસકરણ પ્રભુ મોહનનાગર, લેઓ ન પ્રેમરસ જાય બહોરી."

ગુસાંઈજીના શરણે આવતા પહેલાં આસકરણ રાજાએ પોતાના પરિવારને પોતાના દેહના કારણે ચાહ્યો હશે અને પોતાના દેહને પોતાના આત્માના કારણે. શ્રીવિઠ્ઠલેશના શરણે આવ્યા પછી તો, આશકરણજી, પોતાના આત્માને, પોતાના આત્મામાં બિરાજતા આનંદાત્માને કારણે ચાહવા લાગે છે અને ત્યારથી, રાજાનો સ્નેહ, નાગરમોહન માટે નિરૂપાધિક બની જાય છે. એમનું સર્વ સમર્પણ એમના "અહં"ને નહિ પણ નાગરમોહનને થઈ જાય છે. સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથનું આ એક રહસ્ય છે.



શાંડિલ્યઋષિ આત્મરતિને ભક્તિ કહે છે, તો નારદજી સમર્પણને. મહાપ્રભુજી આ બન્ને રહસ્યોને સિદ્ધાંતમુક્તાવલી અને સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં આવરી લે છે. આ જ combination (સંમિશ્રણ)ના સુસ્પષ્ટ દર્શન આપણને આસકરણ રાજાની વાર્તામાં થાય છે. ઠાકુરજીને સદા સમર્પિત રહેતાં આસકરણજીમાં ગુસાંઈજીના સત્યભામા બેટીજી, જયારે રાજાની આત્મરતિમાં નવનીતપ્રિયજીને ભાખે છે, ત્યારે ભૂખ્યા રાજાને, બેટીજી, ઠાકુરજીની સામગ્રી આરોગાવી દે છે અને પ્રસન્ન થઈને નવનીતપ્રિયજી સ્વયં શ્રીગુસાંઈજીને કહે છે કે આજે તો હું બે વખત રાજભોગ અરોગ્યો. આસકરણરાજાને માથે બિરાજતું સ્વરૂપ કૃષ્ણ છે તો એમના ભીતર રહેલો ભગવત્પ્રેમ પણ કૃષ્ણનું જ સ્વરૂપ છે. "પ્રેમ હરિ કો રૂપ હૈ, હરિ પ્રેમ સ્વરૂપ." આવો કૃષ્ણપ્રેમ રાજાએ કેવી રીતે સિદ્ધ કર્યો ? ગ્રંથ આજ્ઞા કરે છે કે; "अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः." આચાર્યચરણ જ એક એવા દાર્શનિક છે જેમણે કર્મ, જ્ઞાન અને ભક્તિને કેવલ પ્રભુના અનુગ્રહલભ્ય માન્યા છે. આસકરણ રાજાને ઠાકુરજીનું જે માહાત્મ્યજ્ઞાન છે તે તેમણે ભગવાનના અંશરૂપે જ inherit કર્યું છે કે વાસ્તવમાં મેળવ્યું છે અને તેથી રાજા પોતાને ભગવદ્જ્ઞાનના વિષયમાં નિ:સાધન માને છે. આવી નિ:સાધનતાની દૃષ્ટિ સ્થિર રહે તેના માટે આચાર્યજી ગ્રંથમાં આજ્ઞા કરે છે કે; "अतस्तुब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम्." જયાં અખિલ બ્રહ્મવાદ છે ત્યાં રાજા પોતાના કર્મ, જ્ઞાન અને ભક્તિને સાધનરૂપ ન માનતાં ભગવદ્રૂપ માને તે સ્વાભાવિક છે. રાજાનો આવો નિ:સાધનતાનો ભાવ સ્થાયીભાવ છે. તેથી જ કીર્તનમાં આ ભગવદીય વિઠ્ઠલેશ પ્રભુ માટે

ગાય છે; "पुरुषोत्तम निज कर ले दीने ऐसें दानी महा दयाल । आसकरन कों अपनो करि कैं पुष्टि प्रमेय बचन प्रतिपाल ॥" આશકરણજીના આવા નિ:સાધનતાના ભાવનાં દર્શન એકત્રીસમા શિક્ષાપત્રમાં કરી લઈએ. "यह पुष्टिमार्ग साधनसाध्य नांही है, कृपासाध्य है, अपनो बलकरि कोटानकोटि साधन करे, ताकरि सिद्धि नांही है, तासों श्रुतिमें साधनको निषेध कहे हैं, "नायमात्मा प्रवचनेनलभ्य ____." તેથી હું સેવા કરી રહ્યો છું એવો ભાવ જો જીવને આવે તો ત્યાં એનું કર્મ શરૂ થાય છે. પ્રભુ મારી પાસે સેવા લઈ રહ્યા છે, એવો ભાવ આવે ત્યારે જીવને લીલાબોધ શરૂ થાય છે. આ મહાપ્રભુજીનો ભાવ છે.

આમ સેવા કરતી વખતે આસકરણ રાજાં સદા પોતાના સેવાના કર્તૃત્વને પ્રભુના લીલાના કર્તૃત્વનો અંગ સમજે છે. અર્થાત્ આ ભગવદીયની સેવા જ સાધન છે અને સેવા જ ફલ છે. "ફલ ઔર ક્રિયા અભિન્ન સાર યહ કૃપાસાધ્ય સો જાને." સાતમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી કહે છે; "यह पुष्टिमार्गमें सगरी सेवा की रीति साधनरूपा दीसत है परंतु सगरी भावरूप है साधनरूपा दीसत हैं सो फलरूप हैं ।"

પ્રભુચરણની કૃપાના કારણે, નાગર મોહનજીને સમર્પિત થતી સર્વ સામગ્રી, આસકરણજી માટે બ્રહ્માત્મક કે વ્રજભક્તોના ભાવાત્મક છે. બ્રહ્મવાદથી પ્રભુમાં બુદ્ધિ રાખવાથી, આસકરણજીને મહાપ્રભુજીના "वैश्वानर" નામનો સદા અનુભવ છે અને ઠાકુરજીમાં એમની જે પ્રીતિ છે એના કારણે તેમને આચાર્યજીના "वल्लभ" નામનો ય અનુભવ અખંડિત થાય છે. આશકરણ રાજાને



શ્રીવલ્લભનાં નામોની આવી રીતે એક cosmic integrationની અનુભૂતિ છે. તેથી આ વાર્તા સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથનો એક વિલક્ષણ લીલોપદેશ છે.

રાજાને પોતાનું ઐશ્વર્ય ઠાકુરજીના ઐશ્વર્યનો અંગ લાગે છે. પોતાની સત્તા નાગરમોહનજીની સત્તાનો part લાગે છે. રાજા તરીકે એમને જે સુખ મળે છે તેને એ ઠાકુરજીના આનંદનો અંગ માને છે. પોતાની સર્વ વસ્તુમાં સર્વરીતે પ્રભુનો અંગ માનવાથી આસકરણને જ્યારે તીર લાગે છે ત્યારે અછેદ્ય અભેદ્ય પરમાત્માનો પોતાને અંગ માનનાર રાજાને, ચોરનું તીર લાગે છે પણ "વાગતું નથી." ગીતામાં ભગવાન આજ્ઞા કરે છે; "नैनं छिन्दन्ति शस्त्राणि ." આમ રાજાને સેવાનો નિરોધ સિદ્ધ છે. પ્રથમ શિક્ષાપત્રમાં હરિરાયજી કહે છે; "सेवाऽपि कायिकी कार्या निरुद्धेनैव चेतसा ।" कायिकी सेवाहू निरोधयुक्त चित्तसों ही करनी ।" વાર્તા કહે છે; "तब चोर ने तीर मारी । सो आसकरन की पीठ में लगि के पेट की राह पार निकरि गई । परंतु आसकरन को कछू देह की सुधि नाहीं । ऐसो मन सेवामें तत्पर भयो ।" चेतस्तत्प्रवणं सेवा નાં અહીં અલૌકિક દર્શન છે.

આધુનિક વૈજ્ઞાનિક દૃષ્ટિથી પણ આ ગ્રંથ અને વાર્તા એવો ઉપદેશ આપે છે કે part અને whole એ સૃષ્ટિની સંપૂર્ણ organic mechanism નું એક રહસ્ય છે. આસકરણ અને નાગરમોહન વચ્ચે આવા અંશ અને અંશીનું એવું fantastic relation (અદ્‌ભુત સંબંધ) છે કે બન્ને વચ્ચે એક પરસ્પર શરણાગતિ અને ભક્તિ વિદ્યમાન છે. આ અખિલ રહસ્યનો

નિખાર મહાપ્રભુજીએ ભગવત્સેવામાં પ્રકટ કર્યો છે. નિવેદિતાત્માને મહાપ્રભુજી, પ્રભુની સેવા કરવાનો એક હક્ક આપે છે. આવા right ને જે surrender કરે છે એનાં માટે ગોપાલદાસજી કહે છે; "ઉપર રહ્યા દેવ ધિક્કાર બોલે." આસકરનરાજા શ્રીવલ્લભ-શ્રીવિઠ્ઠલના બક્ષેલ આવા right ને સંપૂર્ણ રીતે explore કરે છે, exploit નથી કરતાં. એની ફલશ્રુતિરૂપે એમની કૃષ્ણસેવા માનસીમાં પરિણત થાય છે અને નાગરમોહનજીની માનસી આસકરણમાં. વાર્તા કહે છે; "रात्रिकों राजा सोयो । तब श्रीठाकुरजी रात्रिकों जताए, जो-राजा ! अब तु मोकों पधराय कै श्रीगोकुल ले चलि । अब तेरी तनुजा वित्तजा सेवा सब होइ चुकी है । व्यसन पर्यंत सिद्ध भयो है । सो अब तू एकांत में रहि कै मानसी सेवा करियो ।" આસકરણરાજાની માનસી સેવાના મનોરથને ઠાકુરજી રોકી શકતા નથી કારણકે સંન્યાસ નિર્ણય ગ્રંથમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે; "हरिरत्र न शक्नोति कर्तुं बाधां कुतोऽपरे ।"

ये यथा माम् प्रपद्यन्ते तान् तथैव भजाम्यहम्ની દૃષ્ટિથી જોઈએ તો આસકરણને માનસીસેવાની અનુમતિ આપતા નાગરમોહનજી સ્વયં રાજાની માનસી કરવા માટેની પોતાની તૈયારીને અભિવ્યક્ત કરી રહ્યા છે આ ગુપ્તાતિગુપ્ત રહસ્યનો સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં નિર્દેશ કરતાં આચાર્યજી આજ્ઞા કરે છે; "एवं स्वशास्त्रसर्वस्वं मया गुप्तं निरूपितम् ।" આસકરણ સ્વયં ગાય છે; "નાચત કૃષ્ણ નચાવત ગોપી." માનસી સેવાનું સ્વરૂપ સમજાવતાં વલ્લભદાસજી ગાય છે;

"સેવા સિદ્ધિ માનસી કીની,
ભૃંગ કીટ સમ દ્વૈત નસાયો."



ગ્રંથ કહે છે; "उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने ।"

આવી અપ્રતિમ અવસ્થાને આસકરણ રાજાએ કેવી રીતે પ્રાપ્ત કરી હશે એની બીજ અને અંકુરિત અવસ્થાને સમજાવતાં આચાર્યજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે શરણે આવ્યા પછી પુષ્ટિજીવ ભગવત્સેવા કરે તો તે ભક્ત થાય છે. "शरणं गतो हि पश्चात् सेवया भक्तो भवति ।" રાજાને દૈન્ય સ્થિર છે તેથી નાગરમોહનજીની સમ્યક્ ભાવથી ચરણરજ પ્રાપ્ત કરીને એમનો દેહ ભગવદીય બને છે. "भगवच्चरणारविन्दरेणवो भगवदीयदेहसम्पादकाः ।"

ગ્રંથમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "परमानन्दरूपे तु कृष्णे स्वात्मनि निश्चयः ।" ઉપર જોયું તેમ રાજાની આત્મરતિથી પ્રેરાયેલ પરમાત્મરતિ છે. એમણે એમનાં ભજનીય ઠાકુરની અનુભૂતિ પોતાના આત્માના આત્મારૂપે કરી છે. તેથી એમની ભક્તિ અને ભગવદ્ રતિ દૃઢ છે. સુબોધિનીજીમાં આચાર્યજી આને आत्मत्वेन भगवदनुभवे ની અવસ્થા કહે છે. રાજાની ભક્તિ દૃઢ છે તેથી એમને વ્યસનની દશા સિદ્ધ છે. "बीजभावे दृढे तु स्यात् ." વાર્તા કહે છે; "सो व्यसन अवस्था सिद्ध भई । तातें देह धर्म बाधा नहीं किये । देहानुसंधान छूटयो ।" આવી અવસ્થાને સિદ્ધ કરતાં પહેલાં આસકરણજીને સેવા વખતે પ્રભુને બાહ્યાનુભૂતિ છે અને અનોસરમાં આંતરાનુભૂતિ. અનોસરમાં આસકરણજીને થતો ભગવદ્ વિયોગજનિત વિપ્રયોગ એમને आन्तरन्तु महाफलम् ની અવસ્થામાં રમણ કરાવે છે. "आत्मानंदसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् ." રાજા વ્રજભક્તો સહિત નાગરમોહનની અંતરમાં અનુભૂતિ કરે છે. આવી

વિશાલ આંતરાનુભૂતિ હોવા છતાંય રાજા બાહ્યસ્વરૂપ સેવા છોડતા નથી કારણકે પુષ્ટિજીવને પ્રભુએ પોતાના સ્વરૂપથી અંગીકાર કર્યા છે. पुष्टिं कायेन निश्चयः . તેથી જ મહાપ્રભુજીની આજ્ઞા છે કે બાહ્યસેવા ન હોય તો જીવની આંતરાનુભૂતિની વિફલતા છે. बाह्याऽभावेत्वान्तरस्य व्यर्थतेति .

રાજાના વિપ્રયોગના દાતા વિરહાગ્નિ શ્રીવલ્લભ છે. જેમકે હરિરાયજી કીર્તનમાં ગાય છે;

"સેવારસ સાગર પ્રકટાયો વદન અનલ તેં અતિશય શીતલ, ઉપજત તાપ છિનક સાન્નિધ્યમેં દેત વિરહ આનંદરસ કેવલ."

અનોસરમાં વિપ્રયોગના કારણે આસકરણજીના સેવ્યસ્વરૂપ એમના અંતરમાં પધાર્યા છે અને ભીતર પધારેલા પ્રભુના ચરણકમલની મકરંદના કારણથી રાજાની ઈન્દ્રિયો ભગવાન પ્રતિ અંતરમુખ થઈ ગઈ છે. આચાર્યજી સુબોધિનીજીમાં સમજાવે છે; "तथा येषां हृदये भगवान स्वच्छंद शेते बहिरिन्द्रियाणि च गन्धेनाऽऽकृष्टानि तत्रैव प्रविशन्ति ।"

આવી અવસ્થા રાજાને સિદ્ધ થઈ એની બીજ દશા એ છે કે આસકરણજીને પોતાના સેવ્યસ્વરૂપમાં સાક્ષાત્ પુરુષોત્તમનો ભાવ છે. ગ્રંથમાં આચાર્યજી આજ્ઞા કરે છે; "गंगायां च विशेषण प्रवाहाभेदबुद्धये ।" સુબોધિનીજીમાં શ્રીવલ્લભ વિશેષ આજ્ઞા કરે છે કે; "यथा गंगाजले देवतारूपाया गंगाया ध्यानं क्रियमाणे साक्षाद्भगवत्पदी यथाविर्भवति तथा सर्वेषामात्मनामात्मभूते आत्मस्थे भगवति ध्यानमाने साक्षाद्भगवत्पदी आविर्भावश्चेत् ।" આસકરણરાજા પોતાના સેવ્ય સ્વરૂપમાં કેવલ પૂરણબ્રહ્મની ભાવના નથી કરતાં પણ રસાત્મક પ્રભુની ભાવભાવના અને



લીલાભાવના પણ કરે છે. આસકરણજીની આ અવસ્થા કેવી હશે, તેના દર્શન આડત્રીસમા શિક્ષાપત્રમાં કરીએ. આડત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે; "श्रीकृष्ण सर्वके मूलरूप रसात्मक है इनकों निरंतर अपने चित्तमें स्थापन करने, सोही रसात्मक सेवा अपने मार्ग में है, तातें चित्तमें निरंतर ऐसो प्रभुको लीलासहित अनुभव करे, सो मानसी सेवा जाननी ।"

રસાત્મક ઠાકુરજીની લીલાના અનુસંધાનમાં રાજાએ લીલાના અનેક પદો રચ્યા છે અને એ સાંભળીને શ્રીવિઠ્ઠલેશપ્રભુ પણ પ્રસન્ન થાય છે. વાર્તા કહે છે; "यह कीर्तन सुनि कै श्रीगुसांईजी बोहोत प्रसन्न भए ।" ગોવિંદસ્વામીના કીર્તન પ્રભાવથી આસકરણજીમાં કીર્તનભક્તિ સિદ્ધ હોય તે સ્વાભાવિક જ છે. તદુપરાંત આ ભગવદીય જાણે છે કે ભગવાનને પોતાની લીલાનું ગાન અતિસુખ આપે છે, કારણકે લીલાના ગાનમાં ઠાકુરજીને લીલાસ્થ અંતરંગનો સદા સંગ મળે છે. આવા અભિપ્સિત સંગને સંપાદન કરવા પ્રભુ સ્વયં, ગાન કરનારમાં ભગવલ્લીલા પુનઃ પુનઃ સંપાદિત કરે છે. આચાર્યજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે; "प्रियंश्रवा कीर्तिर्यस्य । तत्सम्पादनार्थं सर्वं सम्पादयीति भावः ।" વાસ્તવમાં તો મહાપ્રભુજીના સેવામાર્ગમાં અને વ્રજલીલામાં કાંઈપણ તારતમ્ય નથી. તેથી જ આસકરણરાજાની ભગવત્સેવા વ્રજલીલાત્મિકા છે. રાજાના ગૃહમાં સહેજ નાગરમોહનજીની મંગલાની ઝાંખી કરશું તો વ્રજલીલાના દર્શન થશે.

"પ્રાતસમય ઘરઘરતે દેખનકો આઈ હૈ ગોકુલનારી ।
અપનો કૃષ્ણ જગાય જસોદા, આનંદ મંગલકારી ॥"

વાર્તા કહે છે; "जब आसकरन सेवा समय तो स्वरूपानंद को अनुभव करते । तब आनंद पावतो ।____ और मानसी सेवा ही नित्य करते ।" બાહ્યાભ્યાંતર ભગવત્સેવા કરવી એને આસકરણજી પોતાનું સર્વાત્મના કર્તવ્ય માને છે. આસકરણજીની ભગવત્સેવાનું સ્વરૂપ દયારામભાઈની પંક્તિઓથી સમજીએ;

"અન્ય સાધને શ્રેય આપણું પણ શ્રીહરિને શું સુખ ?
સેવામાં આનંદ ઉભયને,
માટે ભજનાનંદ મુખ્ય.
મુખ્ય સેવન તે સુખી પ્રભુ કરવા,
લોક વેદના ભય નવ ધરવા.
પૂજાતે ચાલે શ્રુતિ પ્રમાણ,
સેવા તે જેમાં સ્નેહ બંધાણ."

વાસ્તવમાં તો આસકરણરાજાની વાર્તા અને એમણે રચેલા વિવિધ પદોને સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથના લીલોપદેશરૂપે અવલોકશું તો ખ્યાલ આવશે કે, મહાપ્રભુજીના સેવામાર્ગમાં, ભગવલ્લીલાના સર્વક્રમ વિદ્યમાન છે. જેમ કે વેણુનાદરસ (ब्रह्मबोधनम्), હાસ સુધારસ, રૂપમાધુરી રસ, કૃપારસ, અનુરાગ રસ, નાયક નાયિકાભેદ રસ, વસંતરસ, દીનતા રસ, ઉન્મત્તરસ અને અનોસરમાં વિરહરસ આદિ. પરમભગવદીય શ્રીવલ્લભદાસજી કહે છે; "यह लीलाक्रम हय । और श्रीमहाप्रभुजीके समे के रस भाव सो सेवा को क्रम रसरूप, जो अब प्रकट है ।" તેથી જ વિરહરસના આવેશમાં લડાઈમાં જવા તૈયાર થયેલ આવી સેવાસક્ત આસકરણની તડપન દર્શનીય છે. પોતાના બે ભિતરીયાને એ કહે છે; "जो-सेवामें सावधान रहियो । मोकों लरिवे जानो



है । सो यह प्रतिबंध मोकों सेवामें आयो है । सो मेरे अभाग्य हैं ।" આ ભાવને પ્રતિબિંબિત કરતાં હરિરાયજી પ્રથમ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે; "सेवा ठाकुरजीकी अपने देहसों करनी और काहुसों न करावनी । जो कदाचित् अपने शरीरसों सब सेवा न होय आवे, अपने श्रीठाकुरजीकों श्रम होत होय, तो सहायके लिये ओरसूं हू करावनी ।" ઠાકુરજીની સેવા કરી પોતે હવે તૃપ્ત થઈ ગયા છે એવો ભાવ આસકરણજીને ક્યારેય નથી. દિનપ્રતિદિન એમની સેવા માટે અતૃપ્તિ વૃદ્ધિ જ પામતી રહે છે. ક્ષણ માટે પણ સેવા ન છોડી શકનાર ભગવદીય માટે ઠાકુરજીને ય એવો ભાવ અવશ્ય આવી જાય છે કે મારા આ સેવકની સેવા હું ય ન છોડાવું. બહેતર છે કે એને માનસી સેવાનું દાન કરું, જેથી એ ચાહે ત્યારે સ્વતંત્ર રીતે અખંડિત મારી સેવા કરી શકે. "पराधीना तु मर्यादा स्वाधीना पुष्टिरुच्यते ।" આવી સ્વતંત્ર ભક્તિનું રાજાને પ્રદાન કરવા નાગરમોહનજી એમને આજ્ઞા કરે છે કે; "अब तेरी तनुजा वित्तजा सेवा सब होइ चुकी है । व्यसन पर्यंत सिद्ध भयो है । अब तू एकांत में रहि कै मानसी सेवा करियो ।" તો માનસી સેવા શું છે તે નવમું શિક્ષાપત્ર સમજાવે છે; "मानसी सेवा को यह भाव है जो सगरे जगतकों सर्वथा भुलावे यह निश्चय जाननो, अपनों देहानुसंधान खानपान निद्रादि सब भूलि जाय, या भांति भावाविष्ट होय मनमें सेवा करि स्वरूपानंदको अनुभव करे तब जानिये जो भावरूप मानसी वा सिद्ध भई ।" કથાની વ્યસનાવસ્થા લીલાત્મિકા છે અને સેવાની વ્યસનાવસ્થા સેવાત્મિકા છે. આસકરણરાજાને એક ક્ષણ પૂરતું પણ જો સેવાનું અનુસંધાન છૂટે તો આવા

ભગવદીયનો શ્વાસ રુંધાવા લાગે છે. તનુવિત્તજા સેવાથી આસકરણરાજાને આવી રીતે સિદ્ધ થયેલ માનસી સેવાત્મિકા માનસી છે.

ઠાકુરજીએ રાજાને આજ્ઞા કરી કે તારી તનુજા વિત્તજા સેવા "સબ" હોઈ ચૂકી એમાં "સબ" નું રહસ્ય સમજવા જેવું છે. સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથના પહેલા અને બીજા શ્લોકમાં "कृष्णसेवा सदाकार्या" થી લઈને "ब्रह्मबोधन" સુધીમાં જે "સબ" લક્ષણ વિદ્યમાન છે તેનાં નામ છે; "કાલ લક્ષણ", "કર્મલક્ષણ", "સ્વરૂપ લક્ષણ", "અવાન્તરફલ લક્ષણ" આદિ. રાજાને આ "સબ" લક્ષણ સિદ્ધ છે. જેમકે સેવા કરવાથી આસકરણજીનું "કર્મલક્ષણ" સિદ્ધ છે. રાજા સેવા કોની કરે છે ? કૃષ્ણ એવા નાગરમોહનજીની. આમ "કર્મલક્ષણ"માં "વિષય" સમાવિષ્ટ થઈ જાય છે. વાર્તામાં લડવા જવાના પ્રસંગમાં રાજા ઠાકુરજીને વિનવે છે કે; "जो-महाराज ! तुम्हारी सेवा विना कैसें रहूंगो ?" અહીં કૃષ્ણસેવા "सदाकार्या"ની મહાપ્રભુજીની આજ્ઞાનું અસ્ખલિત પાલન કરતાં રાજાનું "કાલ લક્ષણ" વિલક્ષણરીતે "સદા" પ્રકટ થાય છે. सदा कार्या ની આચાર્યજીની આજ્ઞાનું પાલન કરનાર પુષ્ટિભક્ત કાલાતીત બની જાય છે. ઠાકુરજીની સેવા માટે અવિચ્છિન્ન તત્પર એવા આસકરણને માનસી સેવાનું "ફલ લક્ષણ" સિદ્ધ થાય તે સ્વાભાવિક છે. તીર લાગ્યું તો ય રાજાનું ચિત્ત સેવામાં પ્રવણ છે, એમાં આચાર્યચરણ કથિત चेतस् तत् प्रवणं सेवा નું સ્વરૂપ લક્ષણ દૃશ્યમાન થાય છે. વ્રજભક્તોના ભાવથી રાજા સેવા કરે છે તેથી એમનું ચિત્ત પ્રભુમાં પ્રવણ છે અને એમના હૃદયમાં કોણ બિરાજે છે



તે વીસમા શિક્ષાપત્રમાં હરિરાયજી સમજાવે છે; "व्रजभक्तको भाव अग्निरूप है, सो भाव हृदयमें होय तब जानिये जो श्रीआचार्यजी महाप्रभु हृदयमें पधारे, भावाग्निरूप श्रीआचार्यजी महाप्रभु हैं ।"

ચિત્તની ભગવત્પ્રવણતા એ સાધન અને ફલ બન્ને અવસ્થામાં હોઈ શકે છે. જેમકે ચિત્ત પ્રવણ હોય, પણ મન પ્રવણ ન પણ હોય ત્યારે સેવાનું "સ્વરૂપ લક્ષણ" નિખાર પામે છે પણ "ફલ લક્ષણ" નહીં. રાજાનું તો ચિત્ત સાથે મન પણ પ્રવણ છે, તેથી જ સેવામાં થતી કાંઈપણ બાધા એમના માટે અસહ્ય બની જાય છે. એ અવસ્થામાં આસકરણજી મનમાં વિચારે છે કે; "सो अब यह गाम छोरि कै श्रीगोकुल जाँउ तो आछौं ।____मानसी सेवा करूं ।" જેનું સેવામાં "મન" પ્રવણ થઈ ગયું છે એવા રાજાનું ચિત્ત સેવામાં અનુરક્ત રહે તે સહજ છે. આવા આસકરણજીને તીર લાગે છે પણ વાગતું નથી. એ પ્રસંગમાં એમના "અવાન્તર ફલ લક્ષણ"નાં દર્શન થાય છે. એનું કારણ સમજાવતાં મહાપ્રભુજી ગ્રંથમાં આજ્ઞા કરે છે; "ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् ।" બ્રહ્મબોધન એ વેણુનાદની અવસ્થા છે, જેમાં પુષ્ટિજીવમાં ઐશ્વર્ય વીર્યાદિ ભગવાનના છ ધર્મો આવિષ્કૃત થઈ ગયા હોવાથી એવા જીવની સંસારના સુખ દુ:ખની નિવૃત્તિ થઈ જાય છે. તેથી રાજાને તીર વાગે છે પણ એની શુદ્ધિ આસકરણજીને નથી. રાજાનું આમ તન, વિત્ત, બુદ્ધિ, ચિત્ત અને મનનું અવિરત કૃષ્ણસેવામાં પ્રવણ હોવાથી ઠાકુરજી એમને આજ્ઞા કરે છે કે; "अब तेरी तनुजा वित्तजा सब होइ चुकी है ।____सो अब तू एकांत में रहि कै मानसी सेवा करियो ।" ઠાકુરજીએ આવી આજ્ઞા કેમ કરી તેનો ભાવ છઠ્ઠા

શિક્ષાપત્રમાં સમજાવે છે; "और श्रीकृष्ण की मतिमें यह रहत है जो भक्तनको संसार जाय, मेरे पास आवे, तब भलो होय ।" "ફલ લક્ષણ"ની આવી વિલક્ષણ અવસ્થામાં વિહરતા રાજાને વિપ્રયોગ અને માનસી સેવા સિદ્ધ છે. સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથના સાધન અને ફલ પ્રકરણની આ સંપૂર્ણ વાર્તા છે.

જેને નાગરમોહનજી સ્વયં શ્રીમુખથી આજ્ઞા કરે છે તને "व्यसन पर्यंत सिद्ध भयो है ।" એવા આસકરણને ભગવદીયના સંગની હવે જરૂર નહીં હોય ? પરંતુ છેલ્લા પ્રસંગમાં વાર્તા કહે છે કે; "कुंभनदास के संग तें आसकरन कौ भगवद्‌भाव बोहोत बढ्यो ।" આચાર્યચરણે "निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः" ની જે આજ્ઞા કરી તેનું આવું અનુપમ રહસ્ય છે. માનસી સેવામાં રમણ કરતાં હોવા છતાંય આસકરણરાજા, મહાપ્રભુજીના તાદૃશીયના સંગની આજ્ઞાને વિસરતા નથી. તેથી કુંભનદાસજીના સંગથી એમની અવસ્થા વ્યસન દશામાંથી ઉત્ક્રાન્ત પામીને વ્યસનોત્તર કૃતાર્થતામાં પર્યવસિત થાય છે. "और मेरे कीर्तन में यह आसकरन कहा समुझेगो ?" ગોવિંદસ્વામીની વાણીથી આસકરણરાજાની ભગવદ્રુચિનો જે પ્રારંભ થયેલ, તેની અવધિ વ્યસનોત્તર કૃતાર્થતામાં થઈ. આના રહસ્યનો ભેદ પ.ભ. શ્રીવલ્લભદાસજીના સાહિત્યમાં સુસ્પષ્ટ છે. આ ભગવદીય કહે છે; "गोविंदस्वामी मलयागिरि के लिपटे भये सर्प है, सो और चंदनको परस न करे । तासों गोविंदस्वामीने कही जो आसकरण मेरे पद में कहा समुझे ।" મલયાગિરિ ચંદનના પ્રચંડ પ્રભાવથી આજુબાજુના અન્ય વનમાં ય ચંદનની સુગંધ આવે છે, તેમ પ્રારંભની અવસ્થામાં, આસકરણજી આ અન્ય વનના ચંદનની અવાન્તર સુગંધ લઈ રહ્યા છે, મલયાગિરિના



ચંદનની નહીં. અષ્ટછાપ કુંભનદાસજી અહીં મલયાગિરિથી લપટાયેલા સર્પ હોવાથી, એમના સંગથી આસકરણ રાજાનો ભાવ પ્રવૃદ્ધ થાય છે અને રાજા પણ મલયાગિરિ ચંદનથી લપટાયેલા રસિક ભગવદીય બને છે. જયશ્રીકૃષ્ણ સાંભળતાં જેના નેત્રમાં જલ ભરાઈ આવે, હૃદય ગદગદિત થઈ જાય, એવા કુંભનદાસજી કૃષ્ણપ્રેમથી નિતાન્ત પ્લાવિત છે. મલયાગિરિના ચંદનવૃક્ષ પર લપટાયલા સર્પનું આવું વિલક્ષણ લક્ષણ છે. જયશ્રીકૃષ્ણનો ભાવ એવો છે કે "મારાં મન, વાણી અને કાયા પર કૃષ્ણનો જય છે." પ્રેમ અને દૈન્ય મિશ્રિત જયશ્રીકૃષ્ણ છે. રાજાની ભાવવૃદ્ધિનું પ્રચંડ રહસ્ય એ છે કે કોઈ પણ અવસ્થામાં આસકરણજીને આચાર્યજીની આ ગ્રંથની વાણીનું સદા સ્મરણ છે કે; "अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः ।" તેથી જ રમણરેતીમાં વ્યાકુલીય ભાવમાં વિહરતા રાજા વિચારે છે કે; "जो-यह लीला मेरे मनोरथ सों कैसें देखोंगो ? जब प्रभु अनुग्रह करेंगे तब दरसन होयगो ।" આવા સ્થાયી દૈન્યભાવના કારણે રાજા શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે કે; "महाराजाधिराज ! आपु कृपा करि कै मोकों सेन समय कौ अनुभव करायो । तब मैं कीर्तन गायो ।" તેથી જ પ્રભુની કૃપાનું સતત સ્મરણ રાખનાર રાજા, દુશ્મનની સેના જ્યારે ભાગી જાય છે, ત્યારે રાજાના મનમાં પોતે નહીં પણ ઠાકુરજી જીત્યા એવો ભાવ આવી જાય છે. આસકરણજીનો આવો ભાવ એમના કીર્તનમાં પ્રકટ છે; "આસકરણ પ્રભુ મોહન કો યશ, રહ્યો સકલ જગ છાય." સુબોધિનીજીમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે તેમ આસકરણને સંપૂર્ણ ખ્યાલ છે કે જય આદિ પ્રભુને આધીન છે. "जयादिकं सर्वं भगवदधीनं." રાજાની પોતાની તો સદા એક જ વૃત્તિ છે; "સેવો શ્રીકૃષ્ણ

ધરી સ્નેહ સાચો."

ઠાકુરજીની આજ્ઞાથી રાજા લડવા જાય છે એમાં આસકરણજીની દાસ્ય ભક્તિનાં પ્રકટ દર્શન થાય છે. આસકરણરાજાની ભગવત્સ્નેહાત્મિકા સેવામાં રાજાના દાસ્યભાવના અને ભગવત્સુખવિચારસભર સખ્યભાવનાં સમતોલ દર્શન છે. ઉપર જોઈ ગયા તેમ આસકરણજીને "ફલ લક્ષણ" સિદ્ધ છે. ભાગવતજીના દશમ સ્કંધમાં આ ફલ પ્રકરણ રાસપંચાધ્યાયીમાં વિદ્યમાન છે. અહીં રાસક્રીડા છે અને હારકેશજીની પરિભાષામાં કહીએ તો "ક્રીડા" એટલે "વિહાર". "વિહાર" શબ્દમાં રહેલ "હૃ" ધાતુના પાંચેય અર્થો આસકરણ રાજાની વાર્તામાં અભિરમે છે, તેનો આસ્વાદ લઈએ.

(૧) "હૃ" એટલે "પ્રાપણ". અર્થાત્ ભગવાને ભક્તને બોલાવ્યાં તે પ્રાપણ. આસકરણનાં પ્રાપણના રહસ્યને સમજાવતાં ગોવિંદસ્વામી શ્રીગુસાંઈજીને વિનન્તી કરે છે; "आप जब जीवकों सरनि लियो चाहत हो तब अनेक उपाय करि लेत हो ।"

(૨) "હૃ" ધાતુનો બીજો અર્થ છે, "ચોરી". રાજાનું મન ચોર્યા પછી અનોસરમાં પ્રભુ એમને વિરહ વ્યાકુલ બનાવે છે વાર્તા કહે છે; "पाछें अनोसर में विप्रयोग क्लेस कौ अनुभव करते ।" આસકરણના ચિત્તચોરની લીલા એમની પદપંક્તિમાં પ્રકટ છે; "આસકરણ પ્રભુ મોહન નાગર દેખી વિમોહી વ્રજકી બાલ, ચિંતવત ચિત્ત ચોરી લીયો મોહન છગન મગન ।" છગન એટલે છ ગુણવાળા ધર્મયુક્ત ભગવાન અને ધર્મીરૂપ નાગરમોહનમાં રાજા સદા "મગન" છે.



(૩) "હૃ" એટલે "નાટન". જેમ રાસલીલામાં પ્રભુ અંતર્ધાન થયા તેના પછી ગોપીગીતમાં પ્રેમનું "નાટન" પ્રકટ થાય છે, તેમ આ વાર્તામાં, ઠાકુરજી જ્યારે રાજાને આજ્ઞા કરે છે કે, "तू लरिवे जा ।" ત્યારથી, સેવા છૂટવાથી વિપ્રયોગ થતાં રાજાનું પણ અલૌકિક પ્રેમનું નાટન શરૂ થઈ જાય છે. લડાઈમાં ગયેલા રાજાના ભાવનું નાટન દર્શનીય છે. "परंतु मन मानसी सेवामें लग्यो है ।____पाछें कढी कौ डबरा हाथमें लै धरन लागे । ताही समय एक खाडा में घोडा कूद गयो । सो आसकरन के हाथ सों कढी को डबरा छूटयो । सो सगरो बागा, घोडा ऊपर कढी कढी होइ गई ।" માનસી સેવામાં કઢી ઢોળાઈ એ ભાવને ગુપ્ત રાખવા રાજા દીવાનને કહે છે કે; "મારી પાસે કઢી હતી તે ઢોળાઈ." ભાવને ગુપ્ત રાખવાથી શું ઉપલબ્ધ થાય તે હરિરાયચરણ સાતમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "पुष्टिमार्गकी सेवा सर्वोपरि जानि सेवाको भाव निधिरूप जानि गुप्त राखे । या भांति रहे ताको श्रीमहाप्रभुजीकी कृपातें बेगि अनुभव होय ।"

(૪) "હૃ" ધાતુનો ચોથો અર્થ છે "સ્વીકાર." રાસપંચાધ્યાયીમાં અંતર્ધાન થયેલ ઠાકુર પુનઃ પ્રકટ થયા ત્યારે વ્રજવલ્લવીઓમાં નિતાન્ત આનંદ ઉમટ્યો, તેવોજ આનંદ રાજાને એક દિવસમાં દુશ્મનને હરાવીને પુનઃ સેવામાં પાછા પહોંચ્યા ત્યારે થયો. વાર્તા કહે છે; "पाछें फेरि सेवा भली भांति सो करन लागे ।"

(૫) "વિહાર." રાસના રસ ઉદધિમાં ઠાકુરજી સાથે વિહાર કરતા ગોપીજનોની જેમ રાજાની વાર્તાના ફલ પ્રકરણની અવધિમાં, આસકરણ વિપ્રયોગ અને માનસી સેવામાં વિહાર કરી રહ્યા છે. આમ આસકરણ રાજાની વાર્તા એ રાસપંચાધ્યાયીના

ફલપ્રકરણની પણ વાર્તા છે. એમનો નાગરમોહનજી માટેનો પ્રેમ નૂતન નવીન છે. "નવલ કિશોર નવલ મૃગનયની, નવલ નેહ તેરો લાગ રહ્યોરી." આ વાર્તામાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ એ ચારેયનો અનુભવ થાય છે.

આસકરણજીને તનથી સેવાનો નિરોધ સિદ્ધ છે. તેમ એમનું ધન પણ સદા સમર્પિત છે. ત્યાગ દશામાં જ્યારે રાજા, નાગરમોહનજીને ગુસાંઈજીને ત્યાં પધરાવે છે ત્યારે, આ ભગવદીય પોતાનાં ધનનો વિનિયોગ પણ ઉત્તમ બુદ્ધિથી શ્રીગુસાંઈજીમાં કરે છે. વાર્તા કહે છે; "**और पचास हजार आसकरन की सत्ता कौ हतो, सो आपु अंगीकार किये ।**" ધનના વિનિયોગનું રહસ્ય હરિરાયજી પહેલા શિક્ષાપાત્રમાં આવી રીતે સમજાવે છે; "**जो भगवदर्थ धन न लगावे और लौकिक में लगावे तथा धन में मनको आसक्त करिकें भगवदुत्सवमें, गुरुके वहाँ, वल्लभकुल में, वैष्णवनमें न लगावे तो आसुरावेश होय ।**"

આસકરણ રાજા ભક્તિના રૂપમાં ભગવત્સેવા કરતા હોવાથી, એમને ભક્તિના **સેવાયાં** અને **કથાયાં** એમ બન્ને પહેલુ સિદ્ધ છે. એમના કથા પક્ષનો મહેરામણ એમના રચેલાં કીર્તનોમાં ઉછળી રહ્યો છે. એ કથા વ્રજભક્તોના ભાવથી ભાવિત છે, તો ક્યાંક પોતાનો સ્વતંત્ર ભાવથી પણ. જેમ કે માનસી વખતે કઢી ઢોળાઈ, એ રાજાની, સ્વતંત્ર ભક્તિનો shade છે. વાસ્તવમાં તો રાજાની કથા સેવાત્મિકા છે અને સેવા, વ્રજભક્તોના ભાવથી સભર કથાત્મિકા. જેમકે નાગરમોહનજીને જગાડતી વખતે, આસકરણજી એવો ભાવ કરે છે કે યશોદામૈયા સ્વયં જગાડી રહ્યાં છે. યશોદાજીનાં મહેલમાં એ ઠાકુરજીને લાડ લડાવી રહ્યાં છે.



"યહ નિત નેમ જશોદા જુ મેરે
તિહારે લાલ લડાવન કો ।
પ્રાત સમય પાલને ઝુલાવું
શકટ ભંજન જસ ગાવન કો ॥"

કૃષ્ણાવતારવેળા ઠાકુરજીને ગાડા નીચે પધરાવીને, પ્રભુની ઉપર ગાડામાં સંસારને રાખેલો, એનો ભંગ, કૃષ્ણએ શકટભંજન લીલામાં કર્યો. પરંતુ રાજા તો આચાર્યજીની આ વાણીથી સંપૂર્ણ અવગત છે; "**लोकार्थी चेद्भजेत्कृष्णं क्लिष्टो भवति सर्वथा ।**" તેથી આસકરણજીએ પોતાના ઠાકુરને સંસારની ઉપર પધરાવ્યા છે. જ્યાં ન રાજાને કે ન નાગરમોહનજીને સંસાર જોઈ શકે. એટલે કીર્તનમાં ગાય છે; "શકટ ભંજન જસ ગાવનકો."

રાજાની ભક્તિનો અનુભાવ સેવામાં ય અભિવ્યક્ત થતો હોવાથી, આસકરણજી, મહાપ્રભુજીની "**असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत्**"ની આજ્ઞાનું અવિચ્છિન્ન પરિપાલન કરે છે. વાસ્તવમાં તો આસકરણ રાજા નાગરમોહનજીને સર્વાત્મના સમર્પિત છે. "આસકરણ પ્રભુ મોહનનાગર સરબસુ દૈ ગ્વાલન છૂટી." રાજાનો નાગરમોહનજીમાં સ્નેહ નિરુપાધિક હોવાથી એ "સુદૃઢ" છે. ઠાકુરજીથી અતિરિક્ત, જીવ, કોઈમાં ય નિરુપાધિક સ્નેહ ન કરી શકે. આ સંબંધિત પ્રભુની "મોનોપોલી" છે. તદુપરાંત ગોપીજનોની જેમ, રાજાનો ભગવત્સ્નેહ "સર્વતોધિક" પણ છે. અર્થાત્ રાજાએ પોતાના પ્રત્યેક સ્નેહને, કૃષ્ણ સ્નેહનો અંગ બનાવી દીધો છે. તેથી જ, આશકરણને પોતાના પ્રાણ પણ એના માટે પ્રિય છે, કારણકે એમને ઠાકુરજી પ્રિય છે.

ભારતેન્દુ હરિશ્ચંદ્રજીના દુહામાં આસકરણજીના સર્વતોધિક સુદૃઢ સ્નેહનાં અદ્‌ભુત દર્શન કરી લઈએ.

"અતિ સુક્ષમ કોમલ અતિ હી;
અતિ પતરો અતિ દૂર,
પ્રેમ કઠિન સબન તે સદા
નિત ઈકરસ ભરપૂર ।
ડરે સદા, ચાહે ન કછું,
સહે સબ જો હોય,
રહે એક રસ ચાહી કે
પ્રેમ બખાનો સોય ॥"

આવા અસ્ખલિત પ્રેમના પ્રવાહમાં અવિરત વિહરતા આસકરણ, નાગરમોહનજીને કહી શકે; "આસકરણ પ્રભુ મોહન તુમ પર, વારીઁ તન મન પ્રાણ અકોર." તેથી વાર્તાના અંતમાં ગોકુલનાથજી કહે છે કે આવા આસકરણની વાર્તા "कहां ताई कहिए ।"

......................

સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ અનુસાર શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણની અવલોકનીય વાણી :-

(१) प्रथम अपनो देह जो भगवत्सेवामें लग्यो रहे तो दैवी जानिये । जो भगवत्सेवा में आलस्य हो, कदाचित् कोई वैष्णवके संगतें सेवा करे और रोगादिक बाध करे तब जानिये जो आसुरी देह है । और दैवी मन होय तो सेवा करत में प्रभुके स्वरूपको अनुभव होय । और आसुरी मन होय तो सेवा करतमें अनेक लौकिकमें भटके,



ताकों स्वरूपानन्द को अनुभव न होय ।

(२) और अति आदरपूर्वक भगवत्सेवा करे । लौकिक में दिखायवेके लिये प्रतिष्ठार्थ सेवा न करे । पुष्टिमार्गीय वैष्णवको मुख्य धर्म यही है । दास्यभावसों फल सर्वोपरि जानि सेवा करे ।

(३) वैष्णव भगवत्सेवामें साक्षात् स्वरूपानंदको अनुभव करे ता समय सेवासंबंधी संयोग के कीर्तन करे । और जब अनोसर होय तब परोक्ष दशा जानि विप्रयोग के कीर्तन (वेणुगीत, युगलगीत, गोपिकागीत) अति आतुरतासों (गान) करे ।

(४) गृहधनादिकको त्याग है सो गौण त्याग है अथवा गृहधनादिकनको श्रीकृष्णमें विनियोग करनो सो मुख्य त्याग है ।

(५) यथाशक्ति पुष्टिमार्गीय भगवत्सेवा जितनी बने तितनी करे, "अकाले वा सुकाले वा विकाले वा" (समय विना, आछे समयमें अथवा विपरीत समयमें) या भांति तीनों वचन श्रीआचार्यजी महाप्रभु कहे हैं ।

(६) तातें प्रभुकी सेवा करनी, सो पुष्टिमार्गीय भगवदीयको मुख्य धर्म है ।

(७) स्वधर्मसों जीवे तहांतांई इनकी सेवा करे, फलके अर्थ, भोगके अर्थ और प्रतिष्ठाकी सिद्धि के अर्थ नांही करे ।

(८) वैष्णव सेवा करे सो श्रीआचार्यजी महाप्रभुजीने पुष्टिमार्गकी रीति है ता अनुसार करे, कदाचित् भूलिकेहू अन्यमार्गकी

रीतिसों न करे और अपने मनतें कल्पित प्रकारसोंहू न करे, जो प्रकार न जाने सो पुष्टिमार्गीय भगवदीयसों पूछि लेय, मनकल्पित सर्वदा न करे, दुर्भावसों न करे, जो जैसें लौकिक कार्य है तैसे सेवाहू है ऐसें अश्रद्धासों न करे, प्रीतिपूर्वक सर्वोपरि परम फलरूप जानिकें सेवा करे ।

(९) ताहीतें सिद्धांतमुक्तावलिमें कहत हैं "कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता" श्रीकृष्णकी सेवा सदा करे, फलरूप जानि मन लगायकें करे, तब श्रीकृष्ण प्रसन्न होय, अपने स्वरूपानंदको अनुभव करावे, तब मानसी सिद्ध होय, तातें परम पुरुषार्थरूप जानि भगवत्सेवा करनी ।

(१०) श्रीकृष्णकी सेवामें अनेक मनोरथयुक्त और लौकिक वैदिकमें औदासीन्ययुक्त (लौकिक वैदिकमें आसक्ति रहित) ऐसे हृदयमें तो क्षणमें प्रभु पधारें ।

(११) जैसें व्रजभक्त श्रीठाकुरजीको सुखदानार्थ नाना प्रकारके मनोरथ करते, वागा, वस्त्र, आभूषण, सामग्री (तन-मन-धनसों) प्रभुकों समर्पते, सर्वात्मभाव प्रभुमें हतो, तातें वैष्णवकों तन, मन धन, करि प्रभुहीकी सेवामें अनेक मनोरथ होय, जो द्रव्यादिक न होय तो मनहीतें (मानसी सेवामें) नाना प्रकारके मनोरथ करे, ताके हृदयमें प्रभु विराजे और लौकिक वैदिक देहसंबंधी कार्यमें सब ठौर अपने मनकों उदास राखे, लौकिकमें साक्षिवत् रहें । संसारके सुखदुःखतें मन उदासीन रहे तो प्रभु हृदय में रहें, अब श्रीहरिरायजी कहत हैं जो यह द्वाविंश गुण विधारूप सो वैष्णवके हृदयमें आवे, ताके हृदयमें श्रीकृष्ण



पधारें, स्वरूपानंदको अनुभव करावें ।

(१२) मुखारविंदकी भक्ति है सो साक्षात् स्वरूपसेवातें सिद्ध होत है, जामें दर्शन, स्पर्श सर्वांगसुख को अनुभव है, तातें स्वरूपसेवामें साक्षात्कार है, यह मुखारविंदभक्ति कही, सो सर्वोपरि है ।

(१३) प्रभुमें भाव भयो कब जानियें ? तब देहादि, इन्द्रिय, मन, सब प्रभुके अर्थ लगे, तन, मन, धन तीन्यो प्रभुमें लगे तब देहादिक सबनकी क्रिया भगवदर्थ होय सो तनुजा वित्तजा दोऊ प्रकारकी सेवातें सिद्ध होय ।

(१४) यह भगवत्सेवाहू देहादिककी सिद्धिके अर्थ तथा देहसंबंधी कुटुंब, द्रव्यादिककी कामनाके अर्थ न करे, अपनो भोग सुख कछुहू न विचारे, केवल भगवानकी ही अपेक्षा राखे जो प्रभु कौन प्रकार सुख पावेंगे ? मति कछु अपराधतें प्रभुकों दुःख होय । (પોતાનાં અપરાધથી પ્રભુને દુઃખ ન થાય એના માટે અપરાધથી બચે.) या भांति प्रभुको सुख विचारे तथा भगवानके दर्शनकी, स्वरूपानंदके अनुभवकी अपेक्षा राखे, देहादिकको भोग सुख न विचारे, महाप्रसाद ले तामेंहू यह भाव राखे जो प्रभुकी सेवामें सामर्थ्य होय, इन्द्रियादिक शिथिल न होय जाय, जैसें श्रीगुसांईजी परदेश पधारते तब विप्रयोगकरि कृश होते और जब परदेशतें श्रीजीद्वार पधारते तब बहुत प्रीति सहित सुन्दर महाप्रसाद लेते, सो यह भावतें जो श्रीगोवर्द्धननाथजी हमकों कृश देखेंगे तो उनके मनमें

दुःख होयगो, सो आछो नांही, प्रभु हमकों देखि सुख पावें तो आछो, तासों आछीभांति रहनो, याही भावतें व्रजभक्तननेंहू अपने देहकी रक्षा करी है तामें अपनो सुख नांही विचार्यो है या भांति देहादिककी रक्षा प्रभुसेवार्थे विचारिकें करे । कछु लौकिक वैदिक फल सिद्ध होयगो तथा प्रभुकी सेवातें कृतार्थ होऊँगो यह स्वार्थबुद्धितें भगवत्सेवा न करे, काहेतें जो भगवान् विनाविचारे ही निजेच्छातें सर्वकार्य सिद्ध करेंगे, सो श्रीआचार्यजी महाप्रभुजी नवरत्न ग्रंथमें कहे हैं "सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति ।"

(१५) प्रभुकी सेवा करि कछुहू फलकी आकांक्षा न करे काहेतें जो फलकी कामना राखे तो पुष्टिमार्गीय मुख्य फलको नाश होय तासों कामना भावमें बाधक है यह जानि फलकांक्षा न करे लौकिकमें धन मुख्य है, धनके लिये सुखदुःख सहत है, प्राणत्याग करत हैं ऐसी धनमें प्रीति है तैसी ही सेवामें राखे ।

(१६) यह मार्गमें तो सेवाही मुख्य है जैसें ब्राह्मण गायत्री न पढे तो ब्राह्मणत्व जाय तैसेंही वैष्णव सेवा न करे तो वैष्णवता जाय, सो मेरेंमें सेवाहू नांही है ।

(१७) मैं महादुष्ट हों, आप मेरे प्रभु हो, श्रीआचार्यजी द्वारा संबंध भयो है, सो मोपर कृपा करो, या भांति दैन्यतें प्रभुकों दया आवे, भावकी वृद्धि होय, काहेतें जो भावकी वृद्धि को कारण एक दैन्य ही है, तासों, या भांति दीन होय श्रीकृष्णकी सेवा करे, तब श्रीकृष्ण संतुष्ट होय जाय,



ता वैष्णवकों प्रभु सुखसेव्य है, कबहू सेवामें प्रतिबंध न करे, कबहू रोगादिक बाधा न करे, जन्म भरि प्रभुकी सेवा निर्विघ्नतासों होय, सो श्रीगुसांईजी कहे हैं, "ऐसे वैष्णवकों सुखसेव्य ही हैं ।"

(१८) भक्तिमार्गमेंहू पाठ, गुणगान, वार्त्ता, श्रवण, तिन सबनमें मुख्य प्रभुकी सेवा है, तामें प्रभुको सन्मुखत्व है । सेवा विना मुख्य फलको अधिकार न होय, तातें यह मनमें जाननो जो कोई प्रभुकी सेवा करत हैं तिनके सकल कल्याण होय ।

******

## ગ્રંથ : પુષ્ટિપ્રવાહમર્યાદા
## ૮૪ વૈષ્ણવ વાર્તા - ૫ : રજોબાઈ ક્ષત્રાણી

બે વખત મહાપ્રભુજીએ શ્રાદ્ધ માટે ઘી મંગાવ્યું અને રજોએ ન મોકલ્યું તેનો ખુલાસો કરતાં ક્ષત્રાણી શ્રીઆચાર્યજીને વિનંતી કરે છે; "सौ पहले वैष्णव पठायो तब तो लौकिक आवेश सों घी घट्यो । तब आपु कहे, रजो सों ले आवो । यह लौकिक प्रवाह आज्ञा जानि के मैंने घी की नाहीं करी । सो पाछें आपु यह मनमें विचारे, जो-श्राद्ध के लिये ब्राह्मण भोजन में वेगे चाहिये । फेरि जो उह वैष्णव आई कें कह्यो, जो - स्वीजि के कहे घी देहू । तब मैं मर्यादा जानी । जो पुष्टि कार्यमें क्रोध को प्रयोजन है नाहीं । काहेतें भावही सों सगरी वस्तु सिद्ध है । ओर मर्यादा में तो वेउ-वस्तु विना कर्मको नास होई । (वस्तु ते) पूरनता है । तातें वस्तु के लिये क्रोध हैं । जो - यह वस्तु आवश्यक चाहिये । ताते मर्यादा की आज्ञा हु नाहीं माने । और मर्यादा के कार्यार्थ घी हू नाहीं दियो ।" કૃષ્ણલીલાના વિવિધ પહેલુઓની જેમ, આ પ્રસંગમાં પણ રજોક્ષત્રાણી સાથે કૃષ્ણાસ્યની વિવિધ લીલાનાં વિલક્ષણ દર્શન થાય છે, જેમ કે; બાળલીલા, નાટનલીલા, કુતુહલલીલા, ચાતુર્યલીલા, સખ્યલીલા આદિ. સૌથી પહેલાં કૃષ્ણલીલાના માધ્યમથી, આ પ્રસંગને, આચાર્યજીની કોઈ બાળલીલા સદૃશ લીલા તરીકે અવલોકશું તો તેમાંથી કેવો આસ્વાદ મળે છે તે માણી લઈએ.

કિલકત કાન્હ ઘુટરુવન આવત ।
મનિમય કનિક નંદ કે આંગન
મુખ પ્રતિબિંબ પકર લે ધાવત ॥



નંદરાજકુમારની ઠુમક ઠુમક એવી લચકારી ઘુટરુવન ચાલમાં લીલાવિમગ્ન, શ્રીવલ્લભ, કીટભ્રમરન્યાયથી પોતે પણ આ પ્રસંગમાં બાલભાવના આવેશમાં તો નહીં આવી ગયા હોય ને ? બાલકૃષ્ણ જેમ પોતાનું પ્રતિબિંબ ભૂમિ પર જુએ છે અને તેને પકડવા દોડે છે, પણ પકડી શકતા નથી, તેમ આ પ્રસંગમાં, પોતાના પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથનું પ્રતિબિંબ જાણે રજોબાઈની વાર્તામાં આચાર્યજી પકડવા ચાહી રહ્યા હોય એમ લાગે છે. બાલકની મુગ્ધ લીલાની મસ્તીમાં આચાર્યચરણને થોડી ક્ષણો માટે લીલાત્મક વિસ્મરણ થઈ ગયું હોય એમ લાગે છે કે, રજોને એમણે જ અલૌકિક પુષ્ટિભક્તિનું પ્રદાન કર્યું છે અને ક્ષત્રાણી, પુષ્ટિના એકાંગી ભક્ત છે. તેથી, એમના ચરિત્રમાં પ્રવાહ કે મર્યાદાનો અંશ પણ અસંભવિત છે. એનું કારણ એ છે કે, પ્રભુએ મનમાંથી ઉત્પન્ન કરેલી પ્રવાહસૃષ્ટિની જેમ રજો, સૃષ્ટિલીલાના પ્રવાહ સાથે તણાઈ જવાવાળા જીવોમાંના નથી અને ન તો રજો ભગવદ્‌વાણીમાંથી પ્રકટ થયેલ મર્યાદામાર્ગની જેમ પ્રભુની લીલાના પ્રવાહ વિરુદ્ધ તરનારા જીવ છે. મહાપ્રભુજીના ચરણરૂપી કિનારાનો આશ્રય કરીને, લીલા પ્રવાહમાં, પુષ્ટિભક્તની સીફતવાળા, બાહોશ cross તરવૈયા રજોબાઈ છે. તેથી મહાપ્રભુજી જયારે લક્ષ્મણભટ્ટજીના શ્રાદ્ધ માટે ક્ષત્રાણી પાસે બાલભાવના moodમાં ઘી મંગાવે છે ત્યારે રજોનો બીજો શો જવાબ હોઈ શકે ? "તિહારો કોઉ બિલગ ન માને લરકાઈકી બાત." રજોની વાર્તામાં, આચાર્યજી, પુષ્ટિ ઉપરાંત પ્રવાહ અને મર્યાદાનું પણ પ્રતિબિંબ ખોળવા લાગે, એ શ્રીવલ્લભની એ સમયની એક મુગ્ધભાવાત્મક કુતુહલ લીલા છે !

રજોબાઈના પુષ્ટિભક્તિમાર્ગીય જીવનમાં, મર્યાદા કે

પ્રવાહની ઝાંખી કેમ થતી નથી, એ સમજવા માટે, રજોની પુષ્ટિભક્તિની અવસ્થા સમજવી અનિવાર્ય છે. રજોબાઈ જાણે છે કે પરમાત્માની રતિ એમના આત્મામાં આવ્યા પછી તે રતિ, ક્ષત્રાણીના અંતઃકરણ, ઈન્દ્રિય, દેહમાંથી પસાર થઈને સદા બાલકૃષ્ણલાલમાં રમણ કરતી હોય છે. રજોની રતિ, મતિ અને કૃતિ અખંડિત ભગવન્મય છે કારણકે રજોબાઈ ઠાકુરજીની કૃપાપાત્ર અંગસૃષ્ટિ છે. पुष्टिं कायेन निश्चयः । તેથી જ ક્ષત્રાણીની આત્મરતિ વિષયમાં નહીં ગઈ હોવાથી એમનામાં પ્રવાહનો લેશ માત્ર પણ અંશ નથી. રજો પોતાના મનની ઈચ્છા પ્રમાણે કયારે ય કાંઈપણ કરતા નથી. એ કેવળ ભગવદીચ્છા પરજ નિર્ભર છે. પોતાના મનને surrender થઈને પોતાની ઈચ્છા પ્રમાણે જે કરે તે પ્રવાહી સૃષ્ટિનો જીવ છે. પ્રવાહીસૃષ્ટિ સંસારાસક્ત હોય છે. "इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान् हरिः ।" તેવી જ રીતે, રજોબાઈની આત્મરતિએ સાધનાસક્તિ પ્રકટ કરી ન હોવાથી, આ ભગવદીય वचसा वेदमार्गं ની મર્યાદાથી પણ છુવાયા નથી. રજો તો નિઃસાધન ભક્ત છે. નિઃસાધનતાની કઈ કોટિના આ વિરલ ભક્ત છે તેનાં દર્શન હરિરાયજીના એકત્રીસમા શિક્ષાપત્રમાં કરી લઈએ; "सर्व कर्म करे, भगवद्धर्म हू करे, परंतु मनमें साधनको बल न ल्यावे, निःसाधन होय, यह जाने जो प्रभु कृपा करेंगे, तब ही मेरो कार्य होयगो, यह भांति सब सर्वकार्यमें प्रभुको अनुग्रहही देखे, अपने तो अनुग्रहरूप श्रीआचार्यजीने पुष्टिमें मर्यादा सहित अंगीकृत किये हैं ।" સર્વોત્તમજીમાં કહેલ अंगीकृतौ संमर्यादो નામનું આવું રહસ્ય છે.

એક એવા બ્રહ્મના, નામરુપાત્મક અનેક ભેદ તરફ જે



જીવ જાય છે. તે પ્રવાહમાર્ગનો જીવ છે અને અનેક ભેદમાંથી એક તરફ જે જાય છે તે જ્ઞાનમાર્ગીય જીવ છે. મહાપ્રભુજી રજોની વાર્તામાં એકથી અનેકમાં (પ્રવાહ) અને અનેકથી એકમાં (મર્યાદા) પોતાનાં પ્રતિબિંબને પકડવાની લીલા પ્રકટ કરે છે, પણ આ બન્ને દિશાઓ રજોબાઈની વાર્તામાં આચાર્યજીને ઉપલબ્ધ થતી નથી, કારણકે રજોબાઈ માટે તો પુષ્ટિસૃષ્ટિમાં ફલ ભગવાન જ છે भगवानेव हि फलम् . એટલે એમની વાર્તામાં એકથી અનેકતામાં જવાનો કે અનેકતામાંથી એકતામાં આવવાનો પ્રવાહ જ વહેતો નથી. રજો માટે તો જે "એક છે તે અનેક છે" અને "જે અનેક છે તે એક છે. એક અને અનેક એક છે." આવા "ભૂમ્ના" પ્રભુની સાથે રજોબાઈએ દેહ, ઈન્દ્રિય, પ્રાણાદિને અવિરત જોડયા છે. જેમ ગોપીજન ઉદ્ધવજીને કહે છે; "રોમ રોમ હમારે શ્યામ હૈ, તેરો યોગ કહા હમ રાખીએ." એમ રજોએ પણ મહાપ્રભુજીને વિનંતી કરી હશે કે; "આપકી કૃપાસે હમારે રોમ રોમ પુષ્ટિ હૈ, પ્રવાહ મર્યાદા કહાં રાખીએ ? મહારાજ ! મેં તો આપની કૃપાથી પ્રભુની આત્મરતિને પ્રભુને જ સમર્પિત કરી છે." નિત્ય લીલામાં રજોનું નામ પણ રતિકલા છે. "रति जो - प्रीति ताकी कला । अथवा रति जो-विहार ताकी कला ।" રજોમાં वैष्णवत्वं ही सहजम् હોવાથી એ આચાર્યજીને, પોતાના વૈષ્ણવ ધર્મને અનુલક્ષીને શ્રાદ્ધ માટે અનાયાસ ની મોકલતા નથી. વાસ્તવમાં, પુષ્ટિમાર્ગમાં, આવી "સહજતા"નું અસાધારણ મહત્ત્વ છે, એ રજોની વાર્તાનો નિષ્કર્ષ છે. वैष्णवत्वं हि सहजम्નો એવો અર્થ છે કે, રજો, પોતાની પ્રભુ સંબંધિત સવેદનશીલતાને એક સિદ્ધસાધનરૂપે મહેસુસ કરે છે. તેથી આ ક્ષત્રાણી, વાક્પતિ સાથે આવો વાર્તાલાપ કરી શકે છે.

જો મહાપ્રભુજીએ રજોબાઈ પાસે પરીક્ષાર્થે ઘી મંગાવ્યું હોય તો આચાર્યજીના કયા સિદ્ધાંતના આધાર પર રજોબાઈએ, એ મોકલ્યું નહીં હોય ? શ્રીવલ્લભનો સિદ્ધાંત એવો છે કે ઠાકુરજીએ જે પ્રવાહી સૃષ્ટિ પ્રકટ કરી છે તે સૃષ્ટિ સાથે પ્રભુ મનથી નિબદ્ધ છે અને મર્યાદાસૃષ્ટિ સાથે વાણીથી. રજો જાણે છે કે એમની પુષ્ટિભક્તિ સંગ તો પ્રભુ શ્રીઅંગથી નિબદ્ધ છે, મન કે વાણીથી નહીં. તેથી મહાપ્રભુજીએ પ્રવાહ અને મર્યાદાની વાણી અનુસાર, રજો પાસે ઘી મંગાવ્યું તો ક્ષત્રાણીએ ન મોકલ્યું. રજો સમજી જાય છે કે આ ઘી, આચાર્યજીએ, પોતાની પરીક્ષાર્થે મંગાવ્યું છે.

ઘી મંગાવવાના પ્રસંગને, મહાપ્રભુજીની ચાતુર્યલીલાની દૃષ્ટિથી પણ સહેજ અવલોકવા જેવા છે.

"દેખી પ્રતિબિંબ ગોપાલ ખિલાવે ।
લે લડુવા મેલત વાકે મુખ ખેલન સંગ બુલાવે ॥"

પ્રભુના હાથમાં એક લાડવો છે, એ પોતાના માટે રાખે છે અને એક લાડવો પ્રતિબિંબને દેખાડીને લલચાવે છે. આના અનુસંધાનમાં રજો જાણે કહેતા ન હોય કે; "મહારાજ ! આપે તો આપના માટે પુષ્ટિનો લડુવો શ્રીહસ્તમાં રાખ્યો છે અને મને દેખાડી રહ્યા છો તે લડુવો છે પ્રવાહ અને મર્યાદાનો." અર્થાત્ મહાપ્રભુજી પોતાના ઘરનું ઘી ઠાકુરજીનું હોવાથી પુષ્ટિભાવથી શ્રાદ્ધમાં વાપરતા નથી, જ્યારે રજોને એમના ઠાકુરજી માટેનું ઘી શ્રાદ્ધમાં મોકલવા કહે છે તેથી મહાપ્રભુજીના સિદ્ધાંતાનુસાર રજો પણ મહાપ્રભુજીની આજ્ઞાનો હકારાત્મક પ્રતિસાદ આપતા નથી. પોતાનાં પ્રતિબિંબ તરફથી ઠાકુરજીને જ્યારે પ્રતિસાદ નથી મળતો ત્યારે પ્રભુ હવે યશોદાજીને



ફરિયાદ કરે છે;

"અરી મૈયા હોં કહાં કરોં, યહ ખેલન સંગ ન આવે,
તૂ કર ગહિ, હઠ કરિ કિન યા કો મેરે સંગ પઠાવે."

આ પ્રસંગમાં મહાપ્રભુજી પણ ઠાકુરજીની જ પદ્ધતિ (technique) અંગીકાર કરે છે અને પોતાના સેવકને રજો પાસે મોકલાવી પોતાની ફરિયાદ રજો પાસે નોંધાવે છે. વાર્તા કહે છે; "जो एकबार तू फेरि जा, खिजी के कहियो, जो घृत दे ।"

રાસપંચાધ્યાયીમાં વેણુનાદ કર્યા પછી, ઠાકુરજી ગોપીજનોને પાછા જવાનું કહે છે અને વ્રજાંગનાઓ એ આજ્ઞાને માનતા નથી, કારણકે એમને વ્યસન દશા સિદ્ધ થઈ છે. એવી જ વ્યસનાવસ્થામાં રજો પણ, આચાર્યજીની આજ્ઞાને માનતા નથી. ભગવદાજ્ઞાની મર્યાદાનું ઉલ્લંઘન કરવાનો અધિકાર કેવલ સ્નેહાવિષ્ટ વ્યસની ભક્તોને છે અને રજોએ બન્ને આજ્ઞા ન માની એમાં મહાપ્રભુજીનો સિદ્ધાંત પણ અવગત છે. રજો ક્ષત્રાણી આચાર્યજીની આજ્ઞાને મહાપ્રભુજી તરફ પુનઃ મોકલી દે છે અને જાણે આચાર્યજીને વિનવતા ન હોય કે; "કૃપાનાથ, આપ આપની આત્મરતિનો આનંદ સ્વરૂપથી લો. શ્રાદ્ધથી કે એમાં ઘટેલા ઘીથી કે એ પ્રસંગે વધી ગયેલા બ્રાહ્મણથી નહીં." અખિલ પ્રસંગની ખૂબસૂરતી એ છે કે રજો, શ્રીવલ્લભને, શ્રીવલ્લભના સિદ્ધાંત પ્રચુર ભાવથી અને દીનતાથી કહી રહ્યાં છે. મહાપ્રભુજીની આજ્ઞાના મહેરામણમાં વહેતા પ્રચંડ મોજાંમાં રજો, દીનતાની ડૂબકી લઈને; મોજામાં તણાતા નથી, પણ ઉપરથી નીકળી ગયેલા મોજામાં હિલોળા લેવાનો આસ્વાદ માણે છે. "મૈં લક્ષ્મણભટ્ટકી લૌંડી નહીં" કહેનારા રજોના, મહાપ્રભુજી પ્રત્યેના દીનતાના શબ્દો પણ જુઓ;

"सो में बिना मोल की दासी हों । आपु कृपा करिये ।" कायेन तु फलम् पुष्टौ વાળા રજોબાઈ કાંઈ સાધારણ પુષ્ટિજીવ નથી, પણ પ્રગાઢભાવવાળા ક્ષત્રાણી રજો છે. તેથી જ મહાપ્રભુજીની બે-બે આજ્ઞા ન માનવા છતાંય એમની ભગવલ્લીલાસક્તિ અને ભગવત્સ્વરૂપાસક્તિ અવિચલ છે. રજોબાઈ, પ્રથમ કે બીજી વખત ઘી લેવા આવનારને તુરત જ પાછો મોકલે છે.

પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં આવતા स्वरूपेणावतारेन लिंगेन च गुणेन च શ્લોક પ્રમાણે, ઘીવાળા પ્રસંગને જોઈએ તો આપણને એમ સ્પષ્ટ દર્શાશે કે, વાસ્તવમાં તો રજો અને શ્રીવલ્લભ બન્ને નાટન કરી રહ્યાં છે અને તે પણ perfection (સંપૂર્ણતા)થી. "यथापि यावता कार्यं तावत् तस्य करोति हि ।" આ પ્રસંગને નાટન લીલાની દૃષ્ટિથી માણીશું તો આપણને કાંઈક નવો જ આનંદ મળશે.

મહાપ્રભુજીના નિતાન્ત કૃપાપાત્ર ભગવદીય રજો, આચાર્યજીની જ આજ્ઞા કેમ નથી માનતા એનું રહસ્ય ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી સમજાવે છે કે; "श्रीठाकुरजी की आज्ञा तीन प्रकार की है । लौकिक आज्ञा प्रवाहसे के करन अर्थ ।___ अलौकिक कार्यमें श्रीठाकुरजी को आश्रय और भगवदीय को संग । वैदिक कार्यमें तीर्थ देव-पूजा कर्मादि ।" મહાપ્રભુજીએ જેમ ભાગવતજીની સમાધિ ભાષાને લૌકિક વાણીથી અલગ કરીને એનો ભેદ સમજાવ્યો છે, તેમ આચાર્યજીએ; પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથના સૂક્ષ્મ રહસ્ય અને ભેદને પુષ્ટિસૃષ્ટિને સમજાવવાનું કાર્ય રજોને સોંપ્યું હોય એમ લાગે છે અને રજો પણ એ સિદ્ધાંતોને ક્ષીરનીરન્યાયથી વેગળા કરી વાર્તામાં પેશ



કરે છે.

પુષ્ટિસૃષ્ટિમાં ફલ ભગવાન જ છે અને ભગવાન જે પ્રકારથી વૈષ્ણવની પાસે પ્રકટ થવા માંગે છે તેમાં જ પુષ્ટિજીવના જીવનની મુખ્ય સાર્થકતા છે. રજો માટે તો શ્રીબાલકૃષ્ણલાલજી જેમ બહાર પ્રકટ છે તેમ આચાર્યજી પણ એમની ભીતર પ્રકટ છે. વાર્તા કહે છે; "मेरे हृदय में बैठिके घी देवे की नाहीं कहे ।" આમ કહી રજો આચાર્યજીને વિનવે છે કે; "મહારાજ ! મેં આપના સામર્થ્યના બલ પર જ આપની આજ્ઞાને ન માની. આપે જ મને માનવા ન દીધી." "જનમ જનમ કી દાસી તિહારી, તા પર ઈતનો જોર." અહીં પ્રશ્ન એ થાય છે કે મહાપ્રભુજીએ ઘી મંગાવવાની આજ્ઞા ત્રીજી વખત રજોને કેમ ન કરી ? જો કરી હોત તો એમાં anti climax નો પ્રસંગ નિર્માણ થઈ જાત. લૌકિક અને વૈદિક આજ્ઞા કર્યા પછી શ્રીવલ્લભ પાસે ત્રીજી આજ્ઞાનો વિકલ્પ કેવલ પુષ્ટિનો રહી જાય છે અને પુષ્ટિના angle (દૃષ્ટિ)થી મહાપ્રભુજી ઘી મંગાવી શકે તેમ છે જ નહીં. આચાર્યજી પણ જાણે છે કે રજોમાં તો રાસપંચાધ્યાયી કથિત ચર્ષણી શક્તિ વિદ્યમાન છે. એના લીધે રજોની ભક્તિ, પ્રભુના સ્વરૂપ માટે સદા અશાંત છે. રજોની આવી અશાંત ભક્તિને માણવા પણ મહાપ્રભુજીએ ઘી મંગાવ્યું પરંતુ ક્ષત્રાણી પાસે રહેલું ઘી એમને પોતાના સેવ્યસ્વરૂપ માટે ઉત્તમ લાગે છે. તથા આવા ચર્ષણી શક્તિવાળા અશાંત ભક્ત ક્યારે પણ પ્રભુ માટેની ઉત્તમ સામગ્રીને ક્યાંય अन्य विनियोग નહીં થવા દે. રજોબાઈ ક્ષત્રાણી પણ જાણે છે કે કેવલ શ્રીવલ્લભ જ એમની ચર્ષણી શક્તિને control કરી શકે છે. તેથી રજો, મહાપ્રભુજીને સ્પષ્ટ વિનંતી કરે છે કે; "पाछें तीसरे

पुष्टिके आवेश ते मांगते तो मैं घी देती । और आपको घी मंगावनो हतो । (तो) इतनो उह वैष्णव सों कहि देते, जो-रजो सों कहियो । तेरे पुष्टि-धर्म में हानि नाहीं है, घी दीजो । तो मैं काहे कों फेरती ?" રજોની ભક્તિ પર મહાપ્રભુજીએ જે પુષ્ટિ વરસાવી છે, તે પુષ્ટિ, શ્રાદ્ધ માટે ઘી આપવાથી વ્યર્થ થઈ જશે એમ ક્ષત્રાણીને લાગ્યું એટલે રજોએ ઘી ન આપ્યું. અહી કોઈ પૂર્વપક્ષ કરે કે મર્યાદા અને પ્રવાહને રજોએ, ભક્તિના અંગરૂપે સ્વીકાર કરીને આચાર્યજીની વાણી કેમ ન માની ? આનો ઉત્તર રજો, મહાપ્રભુજીની વાણીથી સ્વયં આપશે; "मार्गैकत्वेऽपि चेदंत्यौ तनू भक्त्यागमौ मतौ । न तद्युक्तं सूत्रतो हि भिन्नो युक्त्या हि वैदिकः ॥"

આ વાર્તામાં શ્રીવલ્લભે બાલભાવથી, ચાતુર્યથી, પરીક્ષાર્થ, નાટનથી આમ અનેક ભાવથી રજો સાથે લીલા કરી છે. હવે રજોક્ષત્રાણી સાથેના મહાપ્રભુજીના સખ્યભાવના "મૂડ"નાં પણ દર્શન કરી લઈએ. સખ્યલીલામાં શ્રીવલ્લભ, રજોબાઈનો પ્રતિસાદ one to one basis પર લેવા ચાહતા હોય એમ લાગે છે. શા માટે ? સખ્યના આવેશમાં રજો, શ્રીવલ્લભને, વલ્લભના સિદ્ધાંત, ક્ષત્રાણીના આવેશમાં કહે તો આચાર્યજીને એ સમયે પ્રગટ થતો રજોનો ભક્ત્યાત્મક "વીરરસ" માણવા મળે અને એ માણવા માટે મહાપ્રભુજી રજોને આપના સિદ્ધાંત સંબંધિત suffocate (અતિ અસ્વસ્થ) કરે છે. તદુપરાંત પ્રસંગ વિશેષ પર, ગુરુ પોતાના શિષ્યને પોતાનાથી "સવાયો" જોવા ચાહે છે. "सर्वत्र जयमिच्छेत । पुत्रात् शिष्यात्तं इच्छेत् पराजयम् ।" એના કારણે પણ આચાર્યજી રજોને સિદ્ધાંત બાબત ઉદ્દીપન કરી રહ્યા છે.



વાસ્તવમાં તો શ્રીમહાપ્રભુજીની આમન્યા રાખીને રજોબાઈ ક્ષત્રાણીએ મહાપ્રભુજીને વ્રજભાષામાં ઉત્તરો આપ્યા છે. જો રજોબાઈએ, એ જ ઉત્તરો પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથની મૂળ સંસ્કૃત વાણીમાં આપ્યા હોત તો, ટેનિસની પરિભાષામાં કહીએ તો, આ ભગવદીયે મહાપ્રભુજીના service કે shotની half volley લીધી હોત અને એના કારણે રજોનો સિદ્ધાંતનો ball શ્રીવલ્લભની courtમાં double speedમાં પહોંચી જાત. અહીં આપણે રજોના વ્રજભાષાના પ્રકટ અને સંસ્કૃતભાષાના અપ્રકટ પ્રત્યુત્તરોને સાથે મૂકીશું તો બન્નેના પ્રભાવમાં ચમત્કાર સમજાશે. રજોબાઈ ક્ષત્રાણી નિર્ગુણ ભક્ત હોવાથી, એમનામાં સાત્ત્વિક અને તામસભાવનું combination (મિશ્રણ) છે. સાત્ત્વિકતાને કારણે, રજોમાં માહાત્મ્યજ્ઞાન અને સિદ્ધ દૈન્ય છે અને તામસભાવને કારણે એમની ભક્તિમાં ઉગ્રતા છે. હવે એનાંય દર્શન કરી લઈએ. વાર્તા કહે છે; "तब रजो सामग्री सिद्ध करि श्रीआचार्यजी के पास आइ । तब श्रीआचार्यजी पीठि दे बैठे । तब रजोने कह्यो, महाराज जीव तो दोष ते भर्यो है । अपराध कहा, जो - आप दरसन नाही देत ? तब श्रीआचार्यजीने कह्यो, जो - आज लक्ष्मणभट्टजी को श्राद्ध हतो । सो तेंने घृत क्यों नाहीं दीनो ?" હવે વ્રજભાષામાં રજો ઉત્તર આપે છે; "तब रजो ने कही मेरे घी नाहीं हतो । तब श्रीआचार्यजीने कही, सामग्री कहाँ ते करि लाई ? तब रजोने कही महाराज ! आपुके घर में हू घी हतो, क्यों नाही लिये ? तब श्रीआचार्यजी कहे, उह तो श्रीठाकुरजी को हतो । वामें ते कैसें लियो जाई ? तब रजोने कह्यो, मेरे घर में कोन है ? श्रीठाकुरजी तें अधिक आपको स्वरूप है, सो आपकी लीला-संबंधी सामग्री में तें श्राद्ध में कैसे दऊं ?"

અહીં સહેજ કલ્પના કરીએ કે રજોએ જો મહાપ્રભુજીની વાણીથી મહાપ્રભુજીને સંસ્કૃતમાં ઉત્તર આપ્યા હોત તો એ પ્રત્યુત્તર કેવા ચમત્કારિક રહેત, એનો પણ આસ્વાદ માણી લઈએ. રજો આચાર્યજીને વિનવે કે; "મહારાજ ! આપે જ આજ્ઞા કરી છે કે; **यथा तद्वत्पुष्टिमार्गे द्वयोरपि निषेधतः** . પુષ્ટિમાર્ગમાં આપે જ મર્યાદા અને પ્રવાહનો નિષેધ કર્યો છે. તો આપની મર્યાદા કે પ્રવાહી આજ્ઞાનું હું કેવી રીતે પાલન કરું ? આપે જ સુબોધિનીજીમાં આજ્ઞા કરી છે કે ભગવાને પુષ્ટિમાર્ગની પ્રવૃત્તિ માટે અવતાર લીધો છે, તો મને શા માટે મર્યાદામાં સ્થાપિત કરો છો ? "**आदौ पुष्टिमार्गप्रवर्तनार्थं भगवानवतीर्ण कथं मर्यादा स्थापयति ?**" રજો કહે છે; "આપ સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં પણ આજ્ઞા કરો છો કે; **न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ।** જો મારા પ્રભુ માટે સંગ્રહી રાખેલ ઉત્તમ સામગ્રીમાંથી હું શ્રાદ્ધમાં આપું, તો મારા ઠાકુરજીને અર્ધભુક્ત સામગ્રી અરોગાવવાને કારણે, આપના સિદ્ધાંતનું હું જ ઉલ્લંઘન કરી દઉં ! આપની કૃપાથી જે પલથી મેં ઘીને ઠાકુરજી માટે સંગ્રહીત કર્યું છે, તે પલથી મારા બાલકૃષ્ણલાલ પણ, રજો, એ ઘી મને ક્યારે ધરશે એની રાહ જોઈ રહ્યાં છે અને એ ઘી નહીં ધરાવી શકું તો પ્રભુ પૂછશે કે તેં હજી સુધી એને ધરાવ્યું કેમ નથી ?

**"ऐसी भूख मांज तू लाई तेरी किहि विधि करौं बडाई ।**
**सूरश्याम सब सखन पुकारत आवत क्यों न छाक ही भाई ।"**

આ ઘીની સામગ્રી ઉત્તમ અને સ્વામિની ભાવાત્મક હોવાથી, એને અરોગવાથી, મારા બાલકૃષ્ણલાલ સ્વયં ઉત્કર્ષતાનો અનુભવ કરે છે. આપે સમજાવ્યું છે તેમ આ જ પ્રભુની પુષ્ટિની



અભિવ્યક્તિ છે. **सर्वत्रोत्कर्षकथनात् पुष्टिरस्तीति निश्चयः ।** તદુપરાંત હે શ્રીમહાપ્રભુજી ! સર્વોત્તમજીમાં આપનું નામ છે; **अंगीकृत्यैव गोपीशवल्लभीकृतमानवः** . હે શ્રીવલ્લભ ! આપે જ મને બાલકૃષ્ણલાલજીના વલ્લભીકૃત બનાવ્યા છે. આપની કૃપાથી બનેલી, બાલકૃષ્ણલાલજીની વલ્લભીકૃત અને "મદ્ભક્ત" એવી હું, જો પ્રભુની સામગ્રીનો અન્ય વિનિયોગ કરું તો બાલકૃષ્ણલાલને દુઃખ નહીં થાય ? હું આપના સિદ્ધાંતના ચીલા પર ચાલનારી આપની અકિંચન દાસી હોવાથી, આપને પણ એવું જ દુઃખ થશે, કારણકે પુષ્ટિસૃષ્ટિ માટે આપની જ આજ્ઞા છે કે **भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत्** ." રજો, મહાપ્રભુજીને ફરીથી મૂક વિનંતી કરે છે કે; "રાજ ! આપે નિતાન્ત કૃપા કરીને મારું મન બાલકૃષ્ણલાલજીમાં અને બાલકૃષ્ણલાલજીનું મારામાં, એવી રીતે એકમેક કરી દીધું છે કે મને વિષયતા અને મર્યાદા બન્ને કડવાં ઝેર જેવાં લાગે છે. **सो आपकी लीला-संबंधी सामग्री मैं तें श्राद्ध में कैसे दऊँ ?** આપની કૃપાથી હું જાણી ગઈ છું કે મારા માટે તો **भगवानेव हि फलम्** છે." ભગવદ્ઉત્કૃષ્ટ પ્રેમમાંથી પ્રકટ થયેલો રજોનો આ તામસભાવ બોલી રહ્યો છે કે; "**मैं लक्ष्मनभट्टकी लोंडी नाहीं हों । मैं तो आपकी लोंडी हों ।**" અર્થનો અનર્થ ન થાય એના માટે કહેવું આવશ્યક છે કે, ઉત્તરપ્રદેશમાં "લોંડી" શબ્દનો અર્થ દિકરી પણ થાય છે. એને અનુલક્ષીને રજોબાઈની આ વાણી સમજવી આવશ્યક છે, અન્યથા નહિ. આમ ભારપૂર્વક કહીને રજો, મહાપ્રભુજીને, આચાર્યજીની વાણીનું દર્શન કરાવી રહ્યા છે; **तस्माद् जीवा पुष्टिमार्गे भिन्ना एव न संशयः ।** રજો પોતાના ઠાકુરજી માટે સાચવી રાખેલ સામગ્રીને [illegible] ઘી રૂપે પરિવર્તિત થતી ક્યારેય ન જોઈ શકે, કારણકે

રજોની બાલકૃષ્ણલાલજીમાં પ્રીતિ જ એવી અનિર્વચનીય છે;

"હરિ સો એક રસ પ્રીતિ રહી રી ।
તન મન પ્રાણ સમર્પણ કીનો
આપનો નેમ વ્રત લેની વહીરી ।"

બાલકૃષ્ણલાલજી માટે રાખેલ સામગ્રીને, શ્રાદ્ધ નિમિત્તે બ્રાહ્મણાદિ છૂએ તો રજોના વ્રજભક્તોના ભાવાત્મક હૃદયને શું દુ:ખ થાય તે કીર્તન સમજાવશે.

"जानि कोऊ और छिएँ, यह बहो ताप हिएँ
अकेले ही भोजन करो, बरसाओ नेह ।"

ક્ષત્રાણી જાણે શ્રીવલ્લભને મૂક રીતે વિનવી રહ્યાં છે કે; "મહારાજ ! પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથનાં પહેલા જ શ્લોકમાં આપ આજ્ઞા કરો છો - पुष्टिप्रवाहमर्यादा विशेषेण पृथक् पृथक् । जीवदेहक्रियाभेदैः प्रवाहेण फलेन च ॥ આ શ્લોકમાં આપે પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા એમ ત્રણેયની પૃથક્તા તો દર્શાવી દીધી છે તેને મેં પણ જીવ, દેહ, ક્રિયા, સર્ગ અને ફલભેદથી જોઈ લીધી છે કે આપની કૃપાથી, મારી પરિસ્થિતિ કેવી છે. આપના અનુગ્રહથી મને સ્પષ્ટ સમજાયું છે કે મારો "જીવ" તો દૈવી છે. મારી "દેહ"ની અહંતા સદા સમર્પિત હોવાથી હું તો दासोऽहंમાં વિહરનારી છું. મારી "ક્રિયા" સદા કૃષ્ણસેવામય છે. "સર્ગ" દૃષ્ટિથી પ્રભુથી વ્યુચ્ચરણ પામતી વખતે મારામાં ભગવાને ભક્તિબીજ સ્થાપિત કર્યું છે અને મારી અનસખડી, લીલા સંબંધના કારણે આપ નિત્ય લેતા હોવાથી મારી પુષ્ટિની "ફલરૂપતા" નિર્વિવાદ છે. અર્થાત્ મારાં જીવદેહનું વર્તમાનત્વ પુષ્ટિમાં છે. મારું સર્ગ પણ પુષ્ટિની



છાયામાં છે અને મારું ભવિષ્ય આપનાં ચરણકમલમાં છે. મારા અંગે અંગમાં આપની કૃપાનો રસ વ્યાપ્ત છે, તો અંગના કયા ખૂણામાં હું વિષયતા કે મર્યાદાના બુંદને સ્થાન આપી શકું ! આપ મારા હૃદયમાં અગ્નિ સ્વરૂપે બિરાજતા હોવાથી, એ બન્નેને, મારા હૃદયમાં પ્રવેશવાનો અધિકાર અને હિંમત જ નથી. આપની કૃપાથી તો મારા માટે "સહજ હી છૂટત ભવસિંધુ ખારે" છે. આપના અનુગ્રહથી મારી આવી સિદ્ધ દશા છે."

"भक्तिमार्गस्य कथनात् पुष्टिरस्तीति निश्चयः ।" રજોબાઈ મહાપ્રભુજીને જાણે વિનંતી કરે છે કે; "મહારાજ ! આપે મને જે ભક્તિનું દાન કર્યું છે, તે ભક્તિ આપની પુષ્ટિ પર જ નિર્ભર છે. એમાંથી હું ચલિત થઈશ તો અંતમાં આપની જ પુષ્ટિ ચલિત નહીં થાય ? એમ થવાથી यो मद् भक्त स मे प्रियः ના ભાવમાં પ્રચંડ ખળભળાટ આવી જશે અને બીચારા અનન્ય ભક્તો બેબાકળા થઈ જશે." "अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः ।" રજો આચાર્યજીને મનોમન વિનવે છે કે; "હે ભક્તિમાર્ગાબ્જમાર્તંડ ! પંકમાંથી આપે મારું ભક્તિ પંકજ ખીલવ્યું છે અને સંસારરૂપી પંકથી મને આપે ઉપર લઈ લીધી છે, મારી મર્યાદાઓને આપે આપના પુષ્ટિના આવેશમાં શતખંડ ખંડિત કરી છે, તો મારા માટે કરેલો આવો અથાગ પ્રયાસ, એને જો આપ યાદ કરશો, તો આપની મારા તરફથી પ્રવાહ અને મર્યાદાની અપેક્ષાઓ ઓસરી જશે અને એ અપેક્ષાઓને ઓસરવા નહીં દો તો મહારાજ, આપનો પુષ્ટિનો mood જ ઓસરી નહીં જાય ?" વાર્તા કહે છે; "लीला के आवेस में मन दीजें । भक्तन को मनोरथ पूरन करो ।" રજોની આવી વાણી સાંભળીને આચાર્યચરણે કેવો

પ્રતિસાદ આપ્યો ? વાર્તા પુનઃ કહે છે "इतनो सुनत ही आप (में) पुष्टिलीला को आवेस व्हे गयो ।"

જેમ ગોપીજનોને ઠાકુરજીએ આજ્ઞા કરી કે "व्रजं प्रतियात" અને સુબોધિનીજીમાં આપે એનો ખુલાસો કર્યો કે; "व्रजं प्रतियात न ." એમ રજો કહે છે કે; "હે શ્રીવલ્લભ ! મારી પાસે આપ જે ઘી મંગાવી રહ્યા છો તેને હું ન મોકલું એવો આપનો અભિષ્ટ હાર્દ છે." વાસ્તવમાં રજોબાઈ ક્ષત્રાણી પણ વેણુગીતની પ્રક્રિયાને ગોપીજનોની જેમ જ અપનાવી રહ્યાં છે. વેણુનાદથી ઠાકુરજીએ "સ્વરો" દ્વારા ગોપીજનોને બોલાવ્યા છે અને વ્રજવલ્લવીઓ જયારે આવે છે ત્યારે પ્રભુ એમને "શબ્દો" દ્વારા પાછા જવાનું કહે છે. પરંતુ ગોપાંગનાઓ ઠાકુરજીના "શબ્દો" કરતાં "સ્વરો"નું પ્રાબલ્ય વિશેષ માને છે. એમ અહીં રજોબાઈ પણ આચાર્યચરણે "શબ્દો" દ્વારા મંગાવેલ ઘીની આજ્ઞા માનતા નથી પણ મહાપ્રભુજીના વેણુનાદાત્મક સિદ્ધાંતના "સ્વરો" એમનામાં જે ગુંજી રહ્યાં છે, એને પ્રાધાન્ય આપે છે. આ જ રહસ્યને સુબોધિનીજીમાં સમજાવતાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જયારે સ્વરૂપ પ્રકટ હોય ત્યારે પ્રભુની વાણી ગૌણ બની જાય છે કારણકે વાણી મર્યાદારૂપ છે. फले वाक्यं न कर्तव्यं . રજોબાઈ માટે તો બાલકૃષ્ણલાલજી અને મહાપ્રભુજી બન્ને પ્રકટ હોવાથી મહાપ્રભુજીની "શબ્દો"ની આજ્ઞાને એ ગૌણરૂપ આપીને ઘી મોકલતા નથી. તેથી પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથ પણ આજ્ઞા કરે છે કે; वचसा वेदमार्गो हि पुष्टिं कायेन निश्चयः .

મહાપ્રભુજીની ઈચ્છા નથી કે રજો ઘી મોકલે, એવું ક્ષત્રાણી જાણી કેમ શકયા ? કારણકે રજો પુષ્ટિપુષ્ટિના



અધિકારી છે અને એમને મહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન પહેલાં થયું છે અને પછી ભગવત્સ્નેહ. આવા પુષ્ટિપુષ્ટિના જીવને મહાપ્રભુજી ગ્રંથમાં "पुष्ट्या विमिश्राः सर्वज्ञाः" કહે છે. અર્થાત્ મહાપ્રભુજીની કૃપાથી રજોબાઈ "સર્વજ્ઞ" છે અને તેથી તે જાણે છે કે હકીકતમાં શ્રીમહાપ્રભુજી એમની પાસે જે ઘી મંગાવે છે, તે વાસ્તવમાં એ ઘી રજો ન મોકલે તેવો મહાપ્રભુજીનો દૃઢ આશય છે અને એમાં જ પુષ્ટિમાર્ગનો ઉત્કર્ષ છે. વાર્તામાં રજો શ્રીવલ્લભને વિનંતી કરે છે કે; "आपुकी कृपातें इतनो ज्ञान भयो तब मैं घी नाहीं दियो । आपु तो बुद्धिप्रेरक हो । मेरे हृदय में बैठि के घी देवे की नाहीं कहे । उहां के घी मंगाये । सो मैं बिना मोल की दासी हों । आपु कृपा करिये ।"

ગોપાલદાસજી શ્રીવલ્લભના ચોખરામાં ગાય છે કે;

"પ્રગટીયા જીન ભક્તિ મારગ બંધ જીવ છુડાઈયા,
સંસાર તે જે મુક્ત કિને શરણ જે જન આઈયાં."

રજો, મહાપ્રભુજીને જાણે વિનંતી કરે છે કે; "મહારાજ ! સંસાર અને વેદના ડૂબતા જહાજમાંથી પુષ્ટિજીવને બચાવી, આપે ભક્તિના મહાસાગરમાં એને વિલસતો કરી દીધો છે, આનંદ લીલા માણવા એને વિહરતો કરી દીધો છે, તો મારા caseમાં આવી વિપરીતતા શા માટે ? ભક્તિના ઉદધિમાંથી બહાર કાઢીને મને સંસારસાગરમાં નોતરવાનું પ્રભુ, કોઈ કારણ છે ?" રજો ક્ષત્રાણી છે, તેથી ક્ષત્રાણીના આવેશમાં તામસ ભાવથી મહાપ્રભુજીને કહે છે; "जानि बूझि के कूआ में कैसे परूं ?" જાણીબુજીને કયો જીવ કૂવામાં પડે છે એ પ્રસંગનું વિસ્તારથી વર્ણન હરિરાયજી તેરમા શિક્ષાપત્રમાં સમજાવે

છે; "मुख्य पुष्टिमार्गकी रीति जो भगवत्सेवा सो हू नांही करत तथा श्रीआचार्यजी के ग्रंथादिक की कथा सुनत ही भगवद्धर्म हृदयमें आवे सो कथा हू नांही सुनत,____ या भांति कबहू भगवद्धर्ममें मन न लगावे और देह संबंधी संसाराग्नि में (सुखदुःख करि के) जरे, अष्टप्रहर सुखदुःखमें हाय हाय करे, तिनकों यह काल बाधही करे ।"

जानि बूझि के कूआ में कैसे परूं ? આ પ્રસંગનો રહસ્યાર્થ સમજવા જેવો છે. રજો ક્ષત્રાણી મહાપ્રભુજીના અનન્ય સ્નેહી ભક્ત છે. પોતે કૂવામાં પડશે તો એમનો ઉદ્ધાર કોણ કરશે તેની રજોને ચિંતા નથી, કારણકે એમના ઉદ્ધારક શ્રીવલ્લભ પોતે જ છે. કૂવામાં કોઈ ડૂબતું હોય તો આપણે દોરડું ફેંકીને એને બહાર ખેંચી લઈએ છીએ. રજોબાઈ જાણે છે કે કૂવામાં પડેલા પોતાના જીવ માટે તો શ્રીમહાપ્રભુજી દોરડું નથી મોકલતાં, પણ એને કાઢવા સ્વયં કૂવામાં કૂદે છે. પોતાના ઉદ્ધાર માટે શ્રીવલ્લભને આટલો શ્રમ લેવો પડે તે રજોબાઈથી રતિભાર પણ સહન થાય તેમ નથી. તેથી એ કહે છે; "जानि बूझि के कूआ में कैसे परूं ?" રજોબાઈના શબ્દોમાં પરમોત્કૃષ્ટ પ્રેમના તામસના તણખા ઝરે છે; "હે શ્રીવલ્લભ પ્રભુ ! આપને આવી વિપરીત લીલા કરવી છે તો શું હું જ મળી ?

મહાપ્રભુજી સાથે આટલી પ્રશ્નોત્તરી કરનારા રજોબાઈ જેવા મહાન ભગવદીય માટે કોઈને કદાચ કુશંકા થાય કે એ, શ્રીવલ્લભનું સ્વરૂપ જાણતાં નહીં હોય, તેથી એમણે આટલા સંવાદો કર્યાં છે. આવો પૂર્વપક્ષી હરિરાયજીનાં અઠાવીસમા શિક્ષાપત્રનું પ્રમાણ પણ આપે કે ; "श्रीवल्लभाचार्यजी



के स्वरूपमें संशय होय तथा यह पुष्टिमार्गमें संशय होय ताकों सर्वथा आसुरही जानिये ।" રજો માટે "અસુરત્વ"નો વિચાર કરનાર ખુદ મહાઅસુર છે. કારણકે રજો તો પ્રભુના અનન્ય "એકાંગી" ભક્ત છે. એમને પોતાના અને શ્રીમહાપ્રભુજીના લીલાના સ્વરૂપનું સંપૂર્ણ અને સતત અનુસંધાન છે. નેત્રથી નીરખીને જેમ શેઠ પુરુષોત્તમદાસ, મદનમોહનજીમાં શ્રીમહાપ્રભુજીને આવિષ્કૃત કરી દે છે, તેમ રજોના ભાવથી શ્રીવલ્લભને, મૂળલીલાની શુદ્ધિ અને તેનો આવેશ પ્રકટ થઈ જાય છે. રજોના આવા વિગાઢ ભાવનાં દર્શન વાર્તાના ભાવપ્રકાશમાં કરી લઈએ. રજોબાઈ આચાર્યજીને વિનંતી કરે છે કે; "जो लीला के भाव सों अपने निज स्वरूप सों अरोगे ।____ इतनो सुनत ही आप (में) पुष्टिलीला को आवेस हे गयो ।" મહાપ્રભુજી ગુસાંઈજીના ભગવદીયોમાં એવું સામર્થ્ય છે કે તેઓ પિતા-પુત્રને પણ ભાવોદ્દીપન કરી શકે છે. જેમ કે પરમાનંદદાસજીએ "હરિ તેરી લીલા કી સુધિ આવે" ગાઈને મહાપ્રભુજીને લીલાવિભોર કર્યાં છે. આ વાર્તામાં, પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ કરાવનાર નિરોધના શહેનશાહ શ્રીવલ્લભને "પ્રપંચ વિસ્મૃતિ" રજોબાઈ કરાવે છે. તેથી વાર્તા કહે છે; "मर्यादा की आज्ञा सब जात रही ।" શ્રીવલ્લભને, વલ્લભના નિતાન્ત કૃપાપાત્ર રજો કહી શકે કે; "लीला के आवेस में मन दीजे ।" અહીં [illegible] નિગૂઢ રોચનની સોડમ પ્રસરાઈ રહી છે. આનું રહસ્ય એ છે કે મહાપ્રભુજીએ રજોનું આત્મીય ભાવાત્મક વરણ કર્યું છે, ન કે કેવલ દાસભાવાત્મક. હરિરાયજી શિક્ષાપત્ર એકત્રીસમાં આજ્ઞા કરે છે; "साक्षात् और परंपरा यह दोय भेद विना वरणके दूसरे दोय भेद है, एक आत्मीय और एक दासभाव, अवतारदशामें भगवानको संबंधी

होय तब वरण होय सो आत्मीय और अनवतारदशामें दासभाव होय ।" આત્મીય ભાવાત્મક વરણના કારણે ગોકુલનાથજી, રજોને એકાંગી ભક્ત કહે છે. ભાવપ્રકાશમાં હરિરાયજી કહે છે; "सो प्रेम के भरतें मर्यादा छूटी जाय । या में रजो को प्रेम जताए । रजो के प्रेमतें मर्यादा स्वरूप को तिरोधान होइ जातो । लीला रस में मगन होइ सामग्री अंगीकार करें ।"

અહીં કોઈને પ્રશ્ન થાય કે કયા "ક્વોલીફીકેશન"ના આધાર પર રજોબાઈ આવી ઉત્તમ બુદ્ધિથી શ્રીમહાપ્રભુજી સાથે વાર્તાલાપ કરી રહ્યા છે. શ્રીમહાલક્ષ્મીજીના અંતરંગ સખી હોવું એ જ રજોનું મુખ્ય "ક્વોલીફીકેશન" છે, તેથી, જયારે આચાર્યજી, શ્રાદ્ધના દિવસે પકવાન અરોગવાની ના કહે છે ત્યારે "श्रीमहाप्रभुजीसों श्रीमहालक्ष्मीजी ने विनती करि के सैन भोग को पकवान रजोके हाथसों आरोगायो ।" એમ ભાવસિંધુ સમજાવે છે. મહાલક્ષ્મીજીના સાન્નિધ્યથી રજોને આચાર્યજીનું સંપૂર્ણ માહાત્મ્યજ્ઞાન છે. ભાવસિંધુ કહે છે; "और रजोबाई ऐसी प्रार्थना करें जो जहाँ श्रीअक्काजीकों कृपा होय वा चरणारविंदकी रज हमकों प्राप्ति होय ।" આમ પ્રભુ પ્રત્યેનો રજોનો સુદૃઢ સર્વતોધિક સ્નેહ અને પ્રભુનું માહાત્મ્યજ્ઞાન એ બન્નેના combination ના કારણે, આ ભગવદીય, પુષ્ટિપુષ્ટિના મુખ્ય અધિકારી એવા નિર્ગુણ ભક્ત છે. નિર્ગુણભક્તિમાં મૂલતઃ સાત્વિક અને તામસનું combination હોય છે જેનાં રજોબાઈની વાર્તામાં સુસ્પષ્ટ દર્શન થાય છે. लक्ष्मणभट्ट की लौंडी (દિકરી) नांही हूं કહેતી વખતે ક્ષત્રાણીનો આ તામસભાવ બોલે છે. એમની સાત્વિકતાના કારણે અંતર્યામિના અંતર્યામિ હોવાની credit, રજો, શ્રીમહાપ્રભુજીને આપી રહ્યા છે વાર્તા કહે છે; "मेरे हृदय मैं बैठि के घी देवे की नाहीं कहे ।"



ઘી મંગાવ્યું ત્યારે રજોબાઈ જાણે છે કે આચાર્યચરણ એમની ભક્તિ અને સ્વરૂપનિષ્ઠાને બહાર પ્રકટ કરવાની એમને તક આપી રહ્યાં છે. રજોએ એ તકને જયારે સાર્થક કરી, ત્યારે શ્રીવલ્લભ, ક્ષત્રાણીના ભક્તિના આવેશને surrender (વશ) થઈ જઈને, શ્રાદ્ધના દિવસે પણ રજોના હાથનું પકવાન આરોગે છે. આ ક્ષત્રાણીની મહાપ્રભુજીમાં ય એવી દૃઢ નિષ્ઠા છે કે, એમના માટે, આચાર્યજીના ગુણો જ એક દૂત બનીને એમના મનને પ્રેરી રહ્યા છે. "निखिलैःगुणैरन्यः को वा विलसति विना वल्लभवरम् ।" તેથી વાર્તામાં રજો શ્રીવલ્લભને વિનતી કરે છે; "आपु तो बुद्धि प्रेरक हो ।" "पोषणं तद् अनुग्रहः."માં કહ્યું તેમ, "પોષણ" એ રજોનો બીજભાવ છે અને તેનાથી એમની ભક્તિ પુષ્ટ થયેલી છે. પુષ્ટિમાર્ગમાં, જીવ, પરમાત્મા સુધી પહોંચી શકતો નથી પણ પુષ્ટિમાર્ગ પર ચાલીને પ્રભુ સ્વયં પુષ્ટિજીવ પાસે પહોંચી જાય છે. પુષ્ટિજીવ નિ:સાધન છે અને પુષ્ટિપ્રભુ निःसाधनफलात्मा છે. "સર્વજ્ઞ" હોવા છતાં ય રજોમાં પણ આવો નિઃસાધનતાનો ભાવ સુસ્થિર છે. તદુપરાંત રજોને બાલકૃષ્ણલાલજી માટે એવો ભાવ છે કે; "પ્રભુ, તું મારો છે." "ભગવાન તું મારો છે" એમ જીવ પ્રભુને ત્યારે જ કહી શકે જયારે એવા જીવનો અહંકાર સંપૂર્ણપણે ભગવત્સમર્પિત થઈ ગયો હોય. રજોએ તો પોતાના સાધનાભિમાન કે ગુણાભિમાન સહિત પોતાનું સર્વસ્વ ઠાકુરજીને સમર્પિત કરી દીધું છે અને બાલકૃષ્ણલાલને કરેલ આવા સર્વ સમર્પણના કારણે તો એ શ્રાદ્ધ માટે ઘી નથી મોકલતાં. શ્રાદ્ધના દિવસે, ઘી મોકલવાની આચાર્યજીની મર્યાદા અને પ્રવાહ સંબંધિત આજ્ઞાનું ઉલ્લંઘન કરીને રજો, મહાપ્રભુજીને આનંદની અનુભૂતિ કરાવે છે કે ક્ષત્રાણી શ્રીવલ્લભના પુષ્ટિજીવ

છે, મર્યાદા કે પ્રવાહી નથી. ક્ષત્રાણીની દસે ઈન્દ્રિયો અને અગિયારમા મનમાં કેવલ ભગવદનુભૂતિ સિદ્ધ હોવાથી રજો પણ સ્વયં આનંદાત્મક છે. આવી વિલક્ષણ અવસ્થામાં વિરમતા રજોબાઈ, ન તો પોતાના અહંકારથી ચલિત થઈને મહાપ્રભુજી સાથે વિસ્તારથી વાર્તાલાપ કરે છે અને ન તો આચાર્યજીની સિદ્ધાંતનિષ્ઠાના કારણે એ આવો વાર્તાલાપ avoid કરી શકે છે. રજો આવા અસામાન્ય ભગવદીય છે. એમનું સ્વરૂપ સમજાવતાં ભાવસિંધુ કહે છે; "तब रजो कों देखिकें मन में कही । जो यह तो कोई जगतकी स्त्रीन में की नांहि है याको रूप रंग तेज जगतसों न्यारो है ।____ सो (रजो) साक्षात् वही व्रजभक्तनको रजरूप प्रकट भइ ।" રજો નામનું આવું અદભુત રહસ્ય છે. આવી "રજરૂપા" રજો સદા દૈન્યમાં વિલસે એ સ્વાભાવિક છે. ભાવસિંધુ કહે છે તેમ કેવલ પ્રચૂર સ્નેહના આવેશમાં રજો, શ્રીવલ્લભને પકવાન અરોગવા આગ્રહ ભરી વિનન્તી કરે છે કે; "जो जहाँ स्नेहभाव भक्तिसंबंध होइ सो तहाँ तो सर्वात्मना आरोग्यो चाहिए । नहीं तो भक्ति पक्षके वचन मिथ्या होय जायेंगे ।" ગ્રંથ કહે છે; "भगवत्तारतम्येन तारतम्यं भजन्ति हि ।" મહાપ્રભુજીએ propose કરેલ લૌકિક વૈદિક મર્યાદાને તોડીને ઉત્તમ ભક્તિપક્ષનો દૃઢ આગ્રહ રાખનાર રજો વિલક્ષણ ભગવદીય છે.

આ વાર્તાની ખૂબસૂરતી એ છે કે મહાપ્રભુજીના સિદ્ધાંત મહાપ્રભુજીને નમ્રતાથી પાછા વાળતી વખતે રજોએ, પુષ્ટિપ્રવાહમર્યાદાગ્રંથ રૂપી તક્રનું એટલું ગહન મંથન કર્યું છે કે, તેમાંથી જલતત્ત્વ (પ્રવાહ), છાશતત્ત્વ (મર્યાદા) નોખા કરીને, પુષ્ટિતત્ત્વનું માખણ એમણે જુદું તારવી લીધું છે અને એમાં



પોતાની ભક્તિની મિસરી ભેળવીને રજો, શ્રીવલ્લભને આરોગાવે છે આવાં માખણ મિસરી આરોગવા તો ઠાકુરજી સ્વયં યશોદાજીને કહે છે; "મૈયા મોહે માખન મિસરી ભાવે."

આવી મૃદુલતમ ભક્તિની મંજુલમય માધુરીને મહેકાવતા રજોબાઈ, ઠાકુરજીની સેવામાં અખંડ સર્વાત્મના સમર્પિત છે, મહાપ્રભુજીના પાદપદ્મ પરાગપરિમલના સુમૃદુલ ભ્રમર છે, હૃદયમાં ભક્તિ મહાસાગરની ઉછળતી સુરમ્ય સુલલિત અનેકવિધ અસ્મિતાઓથી રજો પ્લાવિત છે, ગોપી પ્રેમકી ધ્વજા જેવા તે પરમ રસિક ભગવદીય છે. એમના આ સર્વગુણને દેદીપ્યમાન બનાવે એવું શ્રીમહાલક્ષ્મીજીનું એમનું અદ્વિતીય સખ્યત્વ છે. એને અનુલક્ષીને એમની પ્રીતિ પ્રચૂર ભક્તિની સરાહના કરતા ગોકુલનાથજી વાર્તાના અંતમાં કહી દે છે કે; "सो वह क्षत्राणी श्रीआचार्यजी महाप्रभुन की ऐसी कृपापात्र भगवदीय ही । तातें इनकी वार्ता को पार नाहीं ! सो कहां तांई कहिये ।"

******

સિદ્ધાંતરહસ્યગ્રંથની જાણે કોઈ પૂર્વભૂમિકા ન હોય તેમ શ્રીહરિરાયચરણ પંદરમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે; यद्यपि दैवी जीव है तो हू अपनो दासपनो और प्रभुकों स्वरूप भूलि गयो, ताकरि संसारमें महादुःखी है, या भांति अपनी कृतिकरिकें दुःखी होत है, सो श्रीठाकुरजी देखिकें विस्मित भये और मनमें खेद पाय कहे जों हमारे दैवी जीव बोहोत दुःखी हैं, तब करुणाकरि श्रीकृष्ण आपही श्रीआचार्यजी महाप्रभुजी स्वरूप अग्नि तें प्रादुर्भूत होय, अपने दैवी जीवनके अनेक चिरकाल कें सगरे दुःख दुरि कीने, ऐसे श्रीआचार्यजी महाप्रभु भक्तवत्सल परमदयाल हैं, तिनको स्मरण सदा ही कर्तव्य है ।"

સિદ્ધાંતરહસ્ય ગ્રંથની ટીકામાં શ્રીહરિરાયપ્રભુ કહે છે કે દૈવીજીવોના ઉદ્ધાર માટે કરુણાસાગર પ્રભુએ, પોતાના ભક્તિ ભાવાત્મક મુખારવિંદ સ્વરૂપ, શ્રીવલ્લભનો આવિષ્કાર કર્યો. "भक्तिभावात्मकं स्वास्यं स्वयमाविश्चकार हि ." સર્વોત્તમજીમાં પણ પ્રભુચરણ આજ્ઞા કરે છે કે "वाण्या यदा तदा स्वास्यं प्रादुर्भूतं चकार हि ।" આમ ઠાકુરજીની આજ્ઞાથી પ્રકટ થયેલા અને પ્રભુની આજ્ઞાનું પરિપાલન કરવા સદા અતિઉત્સુક મહાપ્રભુજી, શ્રાવણસુદી એકાદશીની એ .મધ્યરાત્રીએ એવી તીવ્ર ચિંતાને અંગીકાર કરે છે કે, દોષથી ભરેલા દૈવીજીવનો ગુણનિધાન ભગવાન સાથે સંબંધ કરાવવો કેવી રીતે !! એ સંબંધના કારણે કોમલતમ કૃષ્ણને, જીવના દોષનો ક્યાંય



ઝટકો તો નહિ લાગી જાયને, એની કલ્પના જ શ્રીવલ્લભને અસહ્ય બની રહી છે. તો બીજી તરફ, દૈવીજીવના પક્ષથી પણ, અશરણના શરણ શ્રીમદાચાર્યચરણને એ ચિંતા થઈ રહી છે કે, પ્રભુનો સંબંધ કરાવ્યા વિના, જીવોના દોષની નિવૃત્તિ કે એમનો ઉદ્ધાર પણ સંભવિત નથી. આચાર્યજીને એ ચિંતા પણ કદાચ સતાવી રહી હશે કે, શરણે આવ્યા પછી, જીવ જો સંસારાસક્ત રહે અને પ્રભુને એ ન રુચતાં, ઠાકુરજી આવા જીવસંગ કોઈ "શકટભંગ" લીલા કરે, તો બિચારા આજના કલિયુગના જીવની તો બેહાલત જ થઈ જાય ને ! શ્રાવણ મહીનાની એ મહાનિશિએ શ્રીમહાપ્રભુજીની જે મહાગંભીર મનસ્થિતિ છે તેનું અદ્ભુત આલેખન પૂ.પા.ગો. શ્રીશ્યામુબાવાએ આપના कृष्ण एव तात्पर्यं નામક ગ્રંથમાં કરેલ છે. આ પ્રસંગને નિર્દિષ્ટ કરતાં બાવાશ્રી આજ્ઞા કરે છે કે; "वे बात्त श्रीमहाप्रभुजी अपनकु समजानो चाह रहे है, सहस्र परिवत्सरसु आजतक समजानो चाह रहे है । याकु समजोगे तो महाप्रभुजीको सिद्धांत समजमें आयगो ।" આચાર્યચરણના સિદ્ધાંતોને સમજવા માટે શ્રાવણસુદી એકાદશીની એ રાત્રીએ બનેલા પ્રસંગની ગરિમાને સમજવાની આવી અનિવાર્ય આવશ્યકતા છે. તેથી જ સિદ્ધાંતરહસ્ય ગ્રંથના લીલોપદેશરૂપ આ પટેલ માલાવાળા વૈષ્ણવની વાર્તાને અવલોકતાં પહેલાં, સિદ્ધાંતરહસ્ય ગ્રંથના થોડા માર્મિક પહેલુઓને સમજવાની મારી ખાસ ઈચ્છા છે, જેના કારણે, આ પટેલ વૈષ્ણવના સમર્પણનાં વિવિધ પાસાંઓ અને એમની સમર્પણની ગહેરાઈનો આપણને ખ્યાલ આવી શકે. દૈવીજીવોના ઉદ્ધાર માટે महाकारुणिक શ્રીવલ્લભે કેટલો

અગાધ પરિશ્રમ કર્યો છે એ પણ ત્યારે સમજાશે. ઠાકુરજી અને જીવની વચ્ચે, મહાપ્રભુજી ન હોત તો આજસુધી દૈવી જીવ કેવલ ભૂતલ પર રખડતો જ રહેતે. શ્રીવલ્લભાષ્ટકમાં ગુસાંઈજી આજ્ઞા કરે છે કે જો શ્રીમહાપ્રભુજી પ્રકટ ન થયા હોત તો દૈવીસૃષ્ટિ વ્યર્થ જાત. **दैवीसृष्टिर्व्यर्था च भूयत् ।**

અહીં કદાચ કોઈ પૂર્વપક્ષ કરે કે ભક્તિના સ્થાયિભાવથી વિપરીત "ચિંતા"નું સ્વરૂપ હોવાના કારણે આચાર્યજી સ્વયં નવરત્ન ગ્રંથમાં આજ્ઞા કરે છે કે; "**चिन्ता काऽपि न कार्या निवेदितात्मभिः कदाऽपीति** ।" તો આ પ્રસંગમાં, શ્રીમહાપ્રભુજી સ્વયં ચિંતા કેમ કરી રહ્યા છે ? સૌથી પહેલાં તો એ સમજવું અત્યાવશ્યક છે કે શ્રીવલ્લભ પ્રભુની તો અખંડિત રસવૃત્તિ હોય છે. તેથી મહાપ્રભુજીએ અહીં પ્રકટ કરેલી ચિંતા, પણ કેવલ આપની આ રસવૃત્તિના જ વિસ્તાર રૂપે છે. ઠાકુરજી અને દૈવીજીવ એમ બન્નેને સંયોગ અને વિપ્રયોગ રસમાં તરબોળ કરવા માટે તો આચાર્યચરણ અહીં ચિંતાનો વિરુદ્ધધર્માશ્રય અંગીકાર કરે છે.

**श्रावणस्यामले पक्षे** ના સમયે શ્રીવલ્લભની આવી ગહન ચિંતાને પ્રતિબિંબિત કરતાં દામોદરદાસ હરસાનીજીની વાર્તા કહે છે; "**तहां श्रीआचार्यजीको चिंता उपजी । क्यों जो-श्रीठाकुरजीने आज्ञा दीनी है, जो-जीवनकों ब्रह्मसंबंध करवाओ । तातें श्रीआचार्यजीने विचार्यो, जो - जीव तो दोष सहित है और श्रीपुरुषोत्तम तो गुणनिधान है, ऐसे संबंध कैसे होय ? तातें चिंता उपजी, सो अत्यंत आतुर भये** ।" મહાપ્રભુજી જયારે પોતાની ચિંતાની તીવ્રતા (intensity)



વધારે છે, ત્યારે એનાથી ઉદ્દીપન થઈને **ता समें श्रीठाकुरजी तत्काल प्रगट होईके श्रीआचार्यजीसों पूछी जो-तुम चिंतातुर क्यों हो ? तब श्रीआचार्यजी महाप्रभुजी आप कहे, जो-जीवको स्वरूप तो तुम जानत ही हो, दोषवंत है । जो-तुमसों जीवन को संबंध कैसे होय ? तब श्रीठाकुरजी कहें, जो तुम (जा) जीवको नाम देउंगे तिनके सकल दोष निवृत्त होईगे, तातें तुम जीवनको अंगीकार करो** ।" આ સંદર્ભમાં શ્રીમૂલપુરુષ કહે છે;

"એક સમે ચિંતા ચિત્ત આઈ, દૈવી કિહિં બિધ જાની જાઈ ?
આસુરી સૂં સબ મિલિત સદાહી, ભિન્ન હોય સો કૌન ઉપાઈ.
ભિન્નકો જબ ચિત્ત ધર્યો, તબ પ્રભુ પધારે તિહિં સમે,
મધુર રૂપ અનંગ મોહિત, કહત સુધ કીને હમેં;
કરો અબતેં બ્રહ્મકો સંબંધ દૈવી સૃષ્ટિ કો,
પાંચ દોષ ન રહે તાકે, "નિવેદન" કરો વૃષ્ટિ કો,
વચન સુનિ હરખે શ્રીવલ્લભ, યહ આજ્ઞા તેં પરમ અતિસુલભ;
કંઠ પવિત્રા લે પહરાયે, મિસરી ભોગ ધરિ મન ભાયે."

અહીં આચાર્યજીની ચિંતાથી થયેલ "પ્રભુના ઉદ્દીપન"નું અને "જીવના દૈવિત્વ"નું રહસ્ય સમજવા જેવું છે. "આત્મારામત્વેન" તો બ્રહ્મ કોઈમાં નથી, કોઈના સાથે નથી અને કોઈના માટે નથી. તો ભગવાન આ પ્રસંગમાં ઉદ્દીપન થઈને કેમ મહાપ્રભુજીને દૈવીજીવોને શરણે લેવાની આજ્ઞા કરે છે ? એનું કારણ એ છે કે "આત્મારામ" પ્રભુએ પોતાના બે વિભાગ કર્યા છે. (૧) આત્મકામ (૨) આત્મરતિ. આત્મકામ પરમાત્માથી દેવ સૃષ્ટિ પ્રકટ થઈ છે અને આ સૃષ્ટિ બ્રહ્મના "ભોક્તા" કે "કામભાવ"નો વિસ્તાર હોવાથી, દેવોમાં ભોક્તૃભાવ છે.

વાસ્તવમાં તો આવા ભોક્તા કે કામ ભાવના, પ્રભુ સ્વયં આદિ સ્વરૂપ છે. કીર્તન કહે છે; "ભોગી ભોગ કરત સબ રસકો." અથવા તો હરિરાયજી ગાય છે તેમ "તુમ કો તો ચહિયે ભોગ, ભોગ કો નાહિન જોગ," માનસશાસ્ત્રનો નિયમ છે કે ભોક્તૃભાવમાં "વિલંબ સહિષ્ણુતા" હોતી નથી. જેમ રાસલીલા વેળા ભરત, વાત્સાયન આદિના નિયમોને પાળીને પ્રભુએ રમણને માણ્યો, તેમ અહીં પણ ઠાકુરજી ભોક્તૃભાવ અંતર્ગત રહેલ "વિલંબ અસહિષ્ણુતા"ને, લીલારસને માણવા સ્વેચ્છાએ સ્વીકારે છે. એના કારણે દુષ્ટજીવને, પુષ્ટિપ્રભુ સાથે કેવી રીતે સંબંધ કરાવવો એવી ચિંતા આચાર્યજી અંગીકાર કરે છે તેથી ભોક્તૃભાવના શિરોમણિ પ્રભુને "ભોગકો તો નાંહીન સંજોગ"નો પ્રસંગ નિર્માણ થશે એવી રસાત્મક મૃદુલ બેચેની થઈ જાય છે. આદ્યકામી ભગવાનની આવી "વિલંબ અસહિષ્ણુતા"ની સ્વસ્વીકૃત "weakness" ને ત્રિભુવનમાં "કેવલ" શ્રીવલ્લભ જ જાણે છે. એટલે મહાપ્રભુજી પણ ચિંતાની તીવ્રતા અંગીકાર કરે છે.

આ તરફ માનુષી સૃષ્ટિ પ્રભુની "આત્મરતિ"માંથી પ્રકટ થઈ છે. તેથી તે ભગવાનની ભોગ્ય સૃષ્ટિ છે. સહસ્ર પરિવત્સરથી આમ જીવ, પરમાત્માથી વિખૂટો પડયો છે પણ એનામાં રતિ કે રમણનું સાધન એક સિદ્ધસાધન રૂપે વિદ્યમાન હોવા છતાંય, જીવે એનો પ્રભુમાં ઉપયોગ કર્યો નથી. તેથી દૈવીજીવોમાં રહેલ આવા ભાવને સમર્પણનો ઉપદેશ આપીને, શ્રીવલ્લભે એને, પ્રભુના ઉપયોગમાં લેવાનું શીખવવું અનિવાર્ય છે. દૈવીજીવ પોતાનામાં અવસ્થિત રહેલ રમણ કે સમર્પણના



ભાવનો ઉપયોગ કરે, એ હેતુથી તો શ્રીકૃષ્ણે શ્રીકૃષ્ણાસ્યને, પ્રકટ થવા આજ્ઞા દીધી. મહાપ્રભુજીને આમ પ્રકટ થવાની આજ્ઞા આપ્યા પછી, જીવ સાથે રમણ કરવાં પ્રભુ જયારે સ્વયં ઉદ્દીપન થઈ ગયા છે, ત્યારે, દુષ્ટ જીવનું, નિર્દોષ પ્રભુ સાથે આવું રમણ કેમ કરાવવું એની ચિંતામાં આચાર્યજી રમણ સિદ્ધિમાં જીવનું હિત વિચારીને "વિલંબ" પ્રકટ કરી રહ્યા છે. અહીં જીવનું કયું હિત શ્રીવલ્લભ વિચારી રહ્યા છે ? આદ્યકામી શ્રીકૃષ્ણને આવો "વિલંબ અસહિષ્ણુ" હોવાથી, ત્યાં તરત જ પ્રકટ થઈને પ્રભુ, મહાપ્રભુની જીવ સંબંધિત સર્વ terms અને conditions (શરતો)ને surrender (સમર્પિત) થઈ જાય છે અને દોષયુક્ત જીવને દોષમુક્ત કરવા બ્રહ્મસંબંધની આજ્ઞા કરે છે. આ ચિંતાના માધ્યમથી, આચાર્યચરણે કરેલા વિલંબના કારણે તો જીવનાં બધાંય કાર્યો સિદ્ધ થઈ જાય છે. અંગીકૃત જીવને નહીં છોડે, એવું ઠાકુરજી, મહાપ્રભુજીને વચન આપે છે આનું રહસ્ય હરિરાયજી, આચાર્યજીનાં श्रीकृष्णज्ञानदो गुरुः નામની વ્યાખ્યામાં સમજાવે છે. શ્રીવલ્લભને એ ચિંતા છે કે "બિચારા" જીવને કૃષ્ણ સંબંધિત શું જ્ઞાન આપવું ? તેથી આવી ચિંતા પ્રકટ કરીને શ્રીવલ્લભ કૃષ્ણને જ્ઞાન આપી રહ્યાં છે કે; "મેં અંગીકાર કરેલો આ જીવ આપનો છે." એના પ્રતિસાદ રૂપે ઠાકુરજી, મહાપ્રભુજીને વચન આપે છે કે; "આપના અંગીકાર કરેલા જીવને હું છોડીશ નહિ." પ્રભુની પાસે આવી રીતે વચન લઈ લીધેલા શ્રીવલ્લભ પર જીવ બલિહારી જાય છે, પુષ્ટિજીવ ન્યાલ થઈ જાય છે. કલિયુગના તુચ્છ જીવ પર ઔદાર્ય ઉદધિ શ્રીવલ્લભની આવી નિ:સીમ કૃપા

થઈ છે. ઠાકુરજીએ ઉચ્ચારેલા ब्रह्मसंबंधकरणात् એ શબ્દોમાં આચાર્યજીના જીવ માટેના પક્ષપાતના આવાં ગંભીર રહસ્યો છુપાયેલાં છે. આમ કહીને ઠાકુરજી, જીવને પહેલાં સમર્પિત થઈ જાય છે. મહાપ્રભુજીની વધાઈમાં આવે છે કે;

"તૈલંગ કુલ દીપક પ્રગટે શ્રીવલ્લભમહારાજ,
આજ્ઞા દઈ કૃપા કર શ્રીહરિ પુષ્ટિ પ્રગટવે કાજ."

ब्रह्मसंबंधकरणात् કહીને ઠાકુરજી, આચાર્યજીને એમ પણ આજ્ઞા કરે છે કે, દૈવીજીવમાં રહેલ રમણના ભાવને સમર્પણનો ઉપદેશ આપીને એને પ્રભુના ઉપયોગમાં લેવા આચાર્યજી શીખવે. સિદ્ધાંતરહસ્ય ગ્રંથનો આવો અમૂલખ મૂલાયમ ભાવ છે. કેવલ આચાર્યચરણ જ જાણે છે કે આપ્તકામી પ્રભુની સામે, દૈવીજીવ, કેવલ રતિ, ભોગ્યભાવ કે રમણના ભાવથી જ પેશ થઈ શકે છે. તેથી શ્રીવલ્લભ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે; "असमर्पितवस्तूनां तस्माद् वर्जनमाचरेत् ।"

ભોક્તૃભાવની અને ઠાકુરજીએ સ્વીકારેલી એક બીજી weakness એ છે કે ભોક્તા "ક્ષુદ્રતોષી" હોય છે. તેથી મહાપ્રભુજી પુષ્ટિજીવને સમજાવે છે કે પ્રભુએ સ્વયં અંગીકાર કરેલી આવી weakness નો તું સદુપયોગ કર અને સદા સમર્પિત રહીને સેવા કરીશ તો ઠાકુર તારા પર તુરત જ પ્રસન્ન થઈ જશે. સમર્પિત થયેલા પુષ્ટિભક્ત માટે કૃષ્ણના "ક્ષુદ્રતોષિત્વ"નો અને કરુણાનો ઉદ્‌ઘોષ કરતાં સૂરદાસજી ગાય છે; "રાઈ જીતની સેવા કો ફલ માનત મેરુ સમાન." તેથી જ ભોક્તા અને ભોગ્યના રમણને facilitate કે સાનુકૂલ



કરતાં આવા महोदार શ્રીવલ્લભ માટે ગવાયું; "રતિપથ પ્રકટ કરનકું પ્રકટે કરુણાનિધિ શ્રીવલ્લભ ભૂતલ." અહીં સર્વ રહસ્યોનાં એક રહસ્યને સમજવું આવશ્યક છે કે આપ્તકામી શ્રીકૃષ્ણએ પોતાની ઈચ્છાથી "વિલંબ અસહિષ્ણુતા" અને "ક્ષુદ્રતોષિત્વ"ને સ્વીકાર્યા છે. પરંતુ પરાત્પર પરબ્રહ્મ, પોતાના આ પહેલુઓને શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીને છોડીને અન્ય કોઈની પણ પાસે આ ભૂતલ પર આવી રીતે surrender નથી કરતા. કારણકે "लौकिकप्रभुवत् कृष्णो न द्रष्टव्यः कदाचन ।" તેથી જ આ પહેલુઓ, સર્વસમર્થ ઠાકુરજીની કોઈ અસમર્થતા નથી પણ આપના સર્વસામર્થ્યનું જ અંગ છે. એ રહસ્યોને મહાપ્રભુજી ઉદ્દીપન કરે તો જ ઠાકુરજી response કે પ્રતિસાદ આપે, અન્ય કોઈને નહિ. શ્રીવલ્લભાવતારનું આ એક રહસ્ય છે. તેથી જ, પદ્મનાભદાસજી કહે છે; "શ્રીવલ્લભ અવતાર રહસ્યાવૃત."

કેવલ મહાપ્રભુજી જ જાણે છે કે પ્રભુમાં ભોક્તાભાવ સાથે ગૂઢસ્ત્રી કે ભોગ્યભાવ પણ વિદ્યમાન છે. પુષ્ટિજીવે પ્રભુની સાથે સ્ત્રીભાવ કે સમર્પણના ભાવથી રમણ કરવાથી, ધીરે ધીરે, ભગવાનમાં રહેલા ગૂઢસ્ત્રીભાવ આવા ભગવદીય માટે પ્રકટ થઈ જાય છે અને ભક્ત ભગવાનના સ્ત્રીગૂઢભાવ સંગ પોતાનામાં રહેલ ગૂઢ પુંભાવથી રમણ કરે છે. આ રહસ્યને સમજાવતાં વેણુગીતની સુબોધિનીજીમાં આચાર્યજી સ્વયં આજ્ઞા કરે છે કે સમર્પિત પુષ્ટિજીવનો ઉપભોગ કર્યા પછી, ભગવાન ભોગ્ય બને છે. આમ પ્રભુનો પુંભાવ, જીવના સ્ત્રીભાવ સાથે અને ઠાકુરજીનો ગૂઢ સ્ત્રીભાવ જીવના ગૂઢ પુંભાવ સાથે રમણ કરવા જયારે ચાહે છે, એવા જીવને

મહાપ્રભુજી દૈવીજીવ કહે છે.

આ સંદર્ભમાં વલ્લભદાસજી એમનાં કીર્તનમાં સમજાવે છે કે પુષ્ટિજીવની પ્રભુમાં અને વ્રજપતિની વૈષ્ણવમાં અતિ રતિ પ્રકટ કરવા શ્રીવલ્લભ પ્રકટ થયા છે અને દૈવીજીવને શરણે લે છે. નિ:સાધન દૈવીજીવો માટે આવા શ્રીમહાપ્રભુજી સર્વસિદ્ધિની નિધિ છે એમ પણ આ ભગવદીય એમનાં પદમાં સમજાવે છે.

"વ્રજપતિ અતિરતિ પ્રકટ હોય કે,
જે જન શરણ આય તાકે ઉર ।
શ્રીવલ્લભ સબ સિદ્ધિ આનંદ નિધિ,
વલ્લભ સાધન તજી પાયન પર ॥"

ભાગવતજીમાં **गोप्या कामात्** આદિ કહ્યું એમાં આચાર્યચરણે ખોજ કરી લીધી કે કંસનો ઉદ્ધાર એના કૃષ્ણ સંબંધી ભયના કારણે થયો કે શિશુપાલનો એના દ્વેષને કારણે એની પછવાડે મુખ્ય કારણ તો કેવલ પ્રભુનો અનુગ્રહ જ હતો. શ્રુતિ કહે છે; **यमेवैष वृणुते तेन लभ्यः** . તેથી જ, મહાપ્રભુજીની ચિંતાના કારણે પ્રકટ થયેલા શ્રીજી પાસેથી, પરમ ચતુર શ્રીવલ્લભે, એ વચન માંગી લીધું કે આચાર્યજી દ્વારા શરણે આવેલા નિ:સાધન પુષ્ટિ જીવોના દોષ કે સાધન દુર્લક્ષ કરીને પ્રભુ આવા જીવો પર કેવલ શ્રીવલ્લભને અભિપ્સિત એવો "અનુગ્રહ" કે "પુષ્ટિ" જ કરે. **ब्रह्मसंबंधकरणात्** કહેનાર ઠાકુરજી, શ્રીવલ્લભને **तथास्तु** કહી, પુષ્ટિજીવ માટે, મહાપ્રભુજી સાથે આવા અનુગ્રહના કોલથી પણ બંધાઈ ગયા છે. આવું



વચન આપીને ઠાકુરજી, શ્રીવલ્લભ સાથે શા માટે બંધાઈ જાય છે તેનું રહસ્ય દયારામભાઈ સમજાવે છે;

"મૂળ પુરુષ સર્વેશ્વર શ્રીજી શ્રુતિ કહ્યા છે,
પણ તે શ્રીવલ્લભ વશવર્તી સદા રહ્યા છે."

આ વાતને સમજાવતાં હરિરાયચરણ ચોવીસમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે; "**अवतार दशामें जैसे श्रीयमुनाजी आदि भगवत्संबंध करायवेवारे हैं तैसें अनवतारदशामें श्रीमदाचार्यवर्य भगवत्संबंधसाधक हैं ।**"

કેવલ શ્રીવલ્લભપ્રભુની કાનીથી જ પુષ્ટિપુરુષોત્તમ, જીવ પર અનુગ્રહ કરી રહ્યા છે. તો પ્રભુની આવી પુષ્ટિનો પુષ્ટિજીવે કેવી રીતે પ્રતિસાદ આપવો તે પુન: મહાપ્રભુજી જ સમજાવે છે. ઠાકુરજીની પુષ્ટિને સંવાદિત કરતો વૈષ્ણવનો પ્રતિસાદ કેવલ સમર્પણનો કે રતિનો જ હોવો જોઈએ, આપના સર્વ સિદ્ધાંતોનું આવું રહસ્ય હોવાથી, મહાપ્રભુજી આ ગ્રંથને "સિદ્ધાંતરહસ્ય" કહે છે. આચાર્યજીએ, પુષ્ટિજીવ માટે, પ્રભુના અખંડિત અનુગ્રહની માંગ કરી છે અને એવો કૃષ્ણનો અવિચ્છિન્ન અનુગ્રહ વૈષ્ણવને ઉપલબ્ધ થાય એના માટે આપ સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં આજ્ઞા કરે છે; "**असमर्पितवस्तूनां तस्माद् वर्जनमाचरेत्** ." પ્રભુને શું સમર્પિત કરવું એનું સંપૂર્ણ list ગદ્યમંત્રમાં દેહથી લઈને વિત્ત અને આત્મા સુધીમાં આવી જાય છે. પ્રભુને આવી રીતે સદા સમર્પિત રહીને વૈષ્ણવ કૃષ્ણના ભજનાનંદને માણી શકે એના માટે આચાર્યચરણે કુમારિકા ગોપીજનોના ભાવથી નંદાલયની સેવાની રીત ગૃહસેવામાં પ્રકટ કરી છે.

"દૈવી જીવ ઉદ્ધારણ કારણ સેવા બતાઈ ભજનાનંદ." પરંતુ કુમારિકાઓએ કાત્યાયની વ્રતનું સાધન કર્યું છે અને પહેલાં તે ઋષિરૂપ હોવાથી, એમણે તપનું પણ સાધન કરેલ છે. એના બદલે, પોતાની દૈવી સૃષ્ટિ માટે મહાપ્રભુજીએ નિ:સાધન માર્ગ પ્રકટ કર્યો છે. જેમાં પુષ્ટિજીવ કેવલ ભગવત્કૃપા પર જ નિર્ભર છે. તેથી જ વધાઈમાં ગવાયું કે;

"હુલસે સકલ દૈવી જન કે મન,
સાધન બીન હમ પાવેંગે ફલ."

સિદ્ધાંતરહસ્ય ગ્રંથ અવગત આનું રહસ્ય એ છે કે પુષ્ટિજીવે કરેલાં સર્વ સાધનો પ્રભુએ અનુગ્રહ દ્વારા પહેલાં જ વૈષ્ણવમાં "સિદ્ધ" કરી દીધેલાં હોવાથી એ "સિદ્ધસાધન" છે અને જીવ નિ:સાધન છે. આમ પુષ્ટિજીવનું બ્રહ્મસંબંધ વરણાત્મક છે. "**मार्गेत्र प्रथमा पुष्टिः संबंधवरणात्मिका ।**" પુષ્ટિ પ્રભુ નિ:સાધન ફલાત્મા છે. પુષ્ટિભક્તિના દ્વારરૂપ શ્રીવલ્લભના સંબંધ વિના જીવનો ભગવાન સાથે સંબંધ થઈ જ શકતો નથી. "**विना द्वारं हि जीवानां तत्सम्बधोपि दुर्लभः ।**"

પોતાના દૈવીજીવો પર પરબ્રહ્મ કૃષ્ણની અવિરત પુષ્ટિ થાય, એને ઉદ્દીપન કરવા માટે, મહાપ્રભુજીએ ચિંતા અંગીકાર કરવાનો કેવો સમય કે અવસર ચુન્યો તે પણ ગ્રંથના પહેલા જ શ્લોકમાં અવલોકનીય છે. "**श्रावणस्याऽमले पक्षे एकादश्यां महानिशि ।**" શ્રાવણમાસના દેવતા વિષ્ણુ હોવાથી એનાથી ઉપલક્ષિત એવા વૈષ્ણવમાસને આચાર્યજીએ ચિંતા માટે ચુન્યો છે. સર્વલીલાવિશિષ્ટ પરાત્પર પરબ્રહ્મ કૃષ્ણ, એ વખતે



પોતાના મૂલરૂપથી સાક્ષાત્ મહાપ્રભુજી સન્મુખ પ્રકટ થયા છે. એટલે શ્લોક કહે છે; "**साक्षाद् भगवता प्रोक्तं .**" એ વખતે પ્રભુએ, મહાપ્રભુને ઉપદેશ કરેલા પુષ્ટિમાર્ગની નિર્મલતાનો બોધ કરાવવા આચાર્યજી શુક્લ પક્ષનો સમય ચુને છે. જેને શ્લોકમાં **अमलेपक्षे** કહે છે. સારસ્વત કલ્પમાં, કૃષ્ણાવતાર વેળા, એજ શ્રાવણ માસ, એજ શુક્લ પક્ષ અને એજ **महानिशि** છે, જે પૂર્ણપુરુષોત્તમના પ્રાક્ટયનો સમય છે. તેથી જ, આ પ્રસંગમાં, મહાપ્રભુજી સામે પ્રકટ થયેલ પ્રભુ, અંશરૂપે નહિ પણ ષડ્ગુણસંપન્ન ભગવાન ધર્મી સ્વરૂપે સાક્ષાત્ પ્રકટ થયા છે. "**साक्षाद् भगवता प्रोक्तं .**" શ્રાવણ મહિનાની આવી મહાનિશિનો કાલ શ્રીવલ્લભે ચુન્યો એનું એક બીજું પણ રહસ્ય છે. "મહાનિશિ" આસુરી વેળા ગણાય છે. આવા અસુરોના પ્રાબલ્યના કારણે તો ભગવાન પોતાના જીવના રક્ષણ માટે પ્રકટ થાય છે. "**आसुराणामतिप्राबल्य एव हि भगवान् भक्तरक्षार्थमाविर्भवति .**" કૃષ્ણાવતારમાં જેમ ઠાકુરજીએ અસુરોને મારીને વ્રજભક્તોના અધ્યાસોને નિવૃત્ત કર્યા છે, એવી રીતે, આચાર્યજીને શરણે આવેલા દૈવીજીવોના અધ્યાસોનો પણ પ્રભુ જ નિરાસ કરે અને વૈષ્ણવની અહંતા મમતાનું રમણ ઠાકુરજી સાથે જ થાય, એના માટે પણ મહાપ્રભુજીએ પોતાની ચિંતાના સમય માટે **महानिशि** રૂપ અસુરકાલને ચુન્યો છે. સિદ્ધાંતરહસ્ય ગ્રંથના પહેલાં દોઢ શ્લોકમાં અભિવ્યક્ત થતો ભાવ છે; **लीलाकर्ता अवलंबन** અને **शुद्धिकर्ता उद्दीपन** . અર્થાત્ લીલાકર્તા અવલંબન પુષ્ટિ પુરુષોત્તમને, મહાપ્રભુજી આ કાલમાં ઉદ્દીપન કરી, એમને દૈવીજીવોના શુદ્ધિકરણ માટે

વિનન્તી કરે છે. આ શુદ્ધિકરણ શેનું છે ? ગ્રંથ કહે છે; "एकादश्यां ." અર્થાત્ જીવની મન સહિત એકાદશ ઈન્દ્રિયનું શુદ્ધિકરણ કરવા એકાદશ ઈન્દ્રિયોના દેવતા સાક્ષાત્ ભગવાન ગોવિંદ ત્યાં સાક્ષાત્ પ્રકટ થઈને ब्रह्मसंबंधकरणात्ની આજ્ઞા કરે છે. બ્રહ્મસંબંધ કરવાથી જીવના દોષની નિવૃત્તિ થાય છે અને તે ભગવત્સેવા યોગ્ય બને છે, કારણકે બ્રહ્મસંબંધનો ઉપદેશ મંત્ર પશ્ચાત્તાપનું આધિદૈવિક સ્વરૂપ છે. સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં આચાર્યચરણ, ગોપ્ય એવા ગદ્યમંત્ર કે પંચાક્ષરને પ્રકટ કરતા નથી, પણ એ વખતે સાક્ષાત્ પ્રકટ થયેલ પ્રભુએ, સમર્પણના ભાવ સંબંધિત જે જે આજ્ઞા કરી છે તેનું અક્ષરશ: આ ગ્રંથમાં નિરૂપણ કર્યું છે. આમ પંચાક્ષર મંત્ર દ્વારા આત્મનિવેદન અને ગદ્યમંત્ર દ્વારા વિપ્રયોગાગ્નિના સ્મરણપૂર્વક આત્મીય સર્વ પદાર્થના સમર્પણથી બ્રહ્મસંબંધ થયા પછી જીવની નિવેદિત સર્વવસ્તુ ભગવદુપયોગી બને છે. એવી ભાવના કરવાથી એ વસ્તુમાં જીવની અહંતા મમતા ઘટે છે. આવી રીતે સેવાના માધ્યમથી, પોતાની અહંતા મમતાનો ભગવદ્વિનિયોગ કરાવવાથી, જીવની ભક્તિ પનપી શકે છે. લીલાનુભૂતિ કરી શકે એવા સામર્થ્યને પ્રકટ કરવાનો અવસર પણ મહાપ્રભુજી જીવને, એના સમર્પણ દ્વારા આપે છે. આમ પુષ્ટિમાર્ગમાં શ્રીમદાચાર્યજી "कृपानिधि" છે તેમ facilitator કે સહાયક પણ છે. "કીને દાસ લાલગિરિધર કે, આપુન ભયે સહાય."

આચાર્યજીને કોલ આપીને પ્રભુ પુષ્ટિજીવ સાથે કેવા બંધાઈ ગયા છે એ હરિરાયજી અઠ્ઠાવીસમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "अपने श्रीवल्लभाचार्यजीके आश्रित पुष्टिमार्गीय



तदीयनकों हे नाथ ! खोटे जानि दोष देखिकें छोडोगे तो तुम्हारी निश्चय प्रतिज्ञा भंग होयगी, तातें कृपा करो, काहेतें जो तुम श्रीआचार्यजी महाप्रभुजी तें प्रतिज्ञा करी है, जो जिनकों ब्रह्मसंबंध कराओगे, तिनके सकल दोष दूरि होयंगे, तिनकों मैं अंगीकार करत हों । सो सिद्धान्तरहस्यमें कह्यो है "ब्रह्मसंबंधकरणात् सर्वेषां देहजीवयोः । सर्वदोषनिवृत्तिर्हि दोषाः पंचविधाः स्मृताः ॥" કીર્તનમાં ગવાયું;

"ઉઘરે ભાગ્ય સકલ ભક્તનકે પુષ્ટિ ભક્તિ પ્રકટાઈ,
યશોમતિ સુત નિજ સુખ દેવેકો મુખમૂરતિ પ્રકટાઈ."

શ્રાવણ મહિનાની એ મહાનિશિએ પ્રકટ થયેલા પૂર્ણપુરુષોત્તમને, પુષ્ટિજીવના ઘેર, સેવા માટે, પુન: પધરાવવાના છે. આવા પ્રાકટ્યોત્સવના આનંદોત્સવને નિર્દિષ્ટ કરતાં જેમ ભાગવતજીના દશમ સ્કંધમાં જન્મ પ્રકરણના સાડા આઠ શ્લોકો છે, તેમ સિદ્ધાંતરહસ્યનાં પણ સાડા આઠ શ્લોકો છે.

ઠાકુરજી આચાર્યજીને देहजीवयोःને બ્રહ્મસંબંધ કરાવવાની આજ્ઞા કરે છે. "દેહ"ને અહીં ઈન્દ્રિય, પ્રાણ, અંત:કરણના ઉપલક્ષણ તરીકે લીધું છે. અર્થાત્ દેહના કારણે જીવની "અહંતા" અભિવ્યક્ત થાય છે અને जीवयोःથી એની "મમતા." મહાપ્રભુજીના બ્રહ્મવાદમાં આવો "દેહાદિ" ભગવદ્રૂપ છે પણ જીવ પોતાને એનો સ્વામી માને છે, એ એનો અધ્યાસ છે. પંચપર્વા અવિદ્યાથી પ્રકટ થતા જીવના આવા પાંચ દોષો છે અને બ્રહ્મસંબંધ સિવાયના અન્ય પ્રમાણબલથી આવા દોષની નિવૃત્તિ ક્યારેય થતી નથી. अन्यथा सर्वदोषाणां न निवृत्तिः

**કથંચન** । આ દોષોને સમજાવતાં સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં આચાર્યજી આજ્ઞા કરે છે કે **દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ** . આ દોષો છે; સહજ, દેશ, કાલ, સંયોગ અને સ્પર્શથી ઉત્પન્ન થતા દોષો, જે જીવના પાંચ અધ્યાસ સાથે સંકળાયેલા છે. આ પંચાધ્યાસો છે; દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, અંતઃકરણાધ્યાસ, પ્રાણાધ્યાસ અને સ્વરૂપ વિસ્મૃતિ. અખિલ ગદ્યમંત્ર પાંચ ખંડમાં વિભાજિત છે અને એના એકએક ખંડમાં જીવના એકએક અધ્યાસનું નિવારણ કરાયેલું છે. નિવેદન મંત્રના પ્રત્યેક પાસામાં આવું અદ્‌ભુત વરણ હોવાથી, આચાર્યજીની વધાઈમાં ગવાયું છે; "વરણ નિવેદન દૈવીજનનકો કૃપા કરી જુ ધની." પરમાત્માનું વરણ એટલે પરમાત્માની પસંદગી.

માલાવાળા પટેલની વાર્તામાં આ પાંચ અધ્યાસની નિવૃત્તિ અને એમાંથી આવિષ્કૃત થતાં સમર્પણના વિવિધ પહેલુઓની સ્ફૂર્તિનું વિસ્તારથી વર્ણન છે. એને સમજવા માટે, ગદ્યમંત્રના પાંચ ખંડોમાં રહેલા પાંચ અધ્યાસના નિવારણની પ્રક્રિયા પહેલાં સમજી લઈએ.

લાલુભટ્ટજી સમજાવે છે કે **કાલોત્થા દોષ**ના કારણે જીવના સ્વરૂપવિસ્મૃતિનો અધ્યાસ ઉત્પન્ન થાય છે. આ અધ્યાસના નિવારણ માટે, ગદ્યમંત્રના પહેલા જ ખંડમાં આજ્ઞા થઈ છે કે સહસ્ર પરિવત્સરના કાલથી જીવ આનંદરૂપ પ્રભુથી છૂટો પડયો છે, પણ એના કારણે કૃષ્ણ વિયોગનો જે તાપક્લેશાનંદનો અનુભવ એને થવો જોઈએ, તે જીવમાં તિરોહિત છે. અહીં જીવને એના ભગવદંશ સ્વરૂપનું સ્મરણ કરાવી, એની સ્વરૂપવિસ્મૃતિના અધ્યાસનું નિવારણ કર્યું છે. આ ખંડમાં કૃષ્ણના "બ્રહ્મ" પહેલુને આવરી લીધો છે. Religion



શબ્દમાં જ બ્રહ્મસંબંધ મંત્રના આ ખંડનું રહસ્ય સમાયેલું છે. અર્થાત્ સહસ્ર વર્ષોથી જે બ્રહ્મમાંથી આપણે છૂટાં પડયાં છીએ એને પાછા choose (પસંદ) કરવા પુષ્ટિજીવનું બ્રહ્મસંબંધ "બ્રહ્મ" સાથે થાય છે. નિવેદન કરતી વખતે, જીવ માટે કેવલ "બ્રહ્મ" જ ઉપલબ્ધ છે, પણ કૃષ્ણ, ભગવાન, પરમાત્મા ઉપલબ્ધ નથી. જે ઉપલબ્ધ હોય એની સાથે સંબંધ થાય છે એવો સિદ્ધાંત છે. **ब्रह्मसंबंधकरणात्**માં બ્રહ્મ સાથેના સંબંધનું બીજુ કારણ એ છે કે બ્રહ્મ "નિર્દુષ્ટ" હોવાથી, એનો સંબંધ કરવાથી, જીવના દોષો એને ભગવત્સેવામાં બાધા કરતાં નથી. "**निर्दोषं हि समं ब्रह्म** ." પરંતુ એટલું જાણવાની જરુર છે કે બ્રહ્મસંબંધ વેળા કેવલ બ્રહ્મની સાથે જ સંબંધ થાય છે, પણ પૂર્ણરૂપે એ સંબંધને સ્થાપિત કરવા તો કૃષ્ણની તનુવિત્તજા માનસી સેવા જ અનિવાર્ય છે.

**સંયોગજા દોષ** જીવના અંતઃકરણના અધ્યાસ દ્વારા ઉત્પન્ન થાય છે. અર્થાત્ જીવના અંતઃકરણમાં ઈતર સંયોગ હોવાના કારણે અથવા ભગવદ્‌બહિર્મુખતાને સ્વધર્મ માનવાથી અંતઃકરણાધ્યાસ ઉત્પન્ન થાય છે. ગદ્યમંત્રમાં અંતઃકરણના અધ્યાસના નિવારણ માટે "ભગવાન કૃષ્ણ" એમ કહ્યું છે અને કૃષ્ણના ભગવાન પહેલુનું અહીં નિરુપણ છે.

**સ્પર્શજા દોષ** પંચતન્માત્રારૂપ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ તન્માત્રા છે. આ જ્ઞાનેન્દ્રિયના વિષયો છે કે આ પાંચ વિષયોના સ્પર્શથી ઉત્પન્ન થનારા દોષો છે. આજ ઈન્દ્રિયાધ્યાસનું સ્વરૂપ છે. આની નિવૃત્તિ ગદ્યમંત્રના ત્રીજા ખંડમાં છે, જ્યાં દેહેન્દ્રિયાદિથી લઈને, નિવેદિત થતાં

જીવના, દારાગાર પુત્ર વિત્તાદિને ભગવત્સમર્પિત કરાવવાની વાત સમજાવી છે. સમર્પણથી પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થાય છે અને સ્નેહનું સ્રોત પરમાત્મા હોવાથી બ્રહ્મસંબંધના આ ખંડમાં, કૃષ્ણના "પરમાત્મા" પહેલુને આવરી લીધાં છે.

देशोत्था दोष દેહાધ્યાસના કારણે ઉત્પન્ન થતા દોષ છે. કારણકે દેહાધ્યાસવાળા લોકો જ નિષિદ્ધ દેશમાં ફરતા હોય છે. માધવદાસજીને દેહાધ્યાસ ન હતો તેથી મ્લેચ્છ ભૂમિ કાબુલમાં રહેતા હોવા છતાંય એમને દેશને કારણે દોષ ન લાગ્યો. ગદ્યમંત્રના ચોથા ખંડમાં જે दासोऽहम्ની વાત કરી છે તે જીવના દેહાધ્યાસના નિવારણ માટે છે. પોતાના માથે ઠાકુરજીને પધરાવીને ભગવત્સેવા કરવાથી, જીવના दासोऽहम् ભાવની સમ્યક્ અભિવ્યકિત થાય છે અને એના કારણે જીવનો દેહાધ્યાસ જાય છે.

सहजा दोष જીવના પ્રાણાધ્યાસથી ઉત્પન્ન થાય છે. પ્રાણાધ્યાસની નિવૃત્તિ ગદ્યમંત્રનાં પાંચમા ખંડમાં છે, જયાં નિવેદન મંત્રની દીક્ષા લેતો જીવ કહે છે કે; "હે કૃષ્ણ, હું તારો છું." "તારો છું" એટલે "તારા માટે છું." બ્રહ્મસંબંધ મંત્રના આ ખંડમાં, સેવ્યસ્વરૂપના, સારસ્વતકલ્પના કૃષ્ણ રૂપનો પહેલુ પ્રકટ છે. કૃષ્ણ, હું તારા માટે છું કહીને કૃષ્ણ સાથે પ્રાણ જોડવાથી વૈષ્ણવનો પ્રાણાધ્યાસ જાય છે. यैः कृष्णसात्कृतप्राणैस्तेषां का परिदेवना ।

આવી રીતે જેના પંચાધ્યાસ નિવૃત્ત થાય છે એવો વૈષ્ણવ પ્રભુને કેવી વિનંતી કરી શકે ! એ ઠાકુરજીને કહી શકે કે; "પ્રભુ મારા દેહ સાથે આપ આપના "સખા" સમજીને



ખેલી શકો છો. મારી ઈન્દ્રિયો સાથે આપની "ગોપાંગનાઓ" ને યાદ કરીને ખેલી શકો છો. મારા પ્રાણ સંગ આપની "પ્રાણેશ્વરી"ની સ્મૃતિ કરીને રમણ કરી શકો છો અને મારા અંતઃકરણની જોડે, આપના અંતઃકરણમાં બિરાજતા "અંતરંગ ભક્તો"ને યાદ કરીને ખેલી શકો છો."

આમ ગદ્યમંત્ર દ્વારા જીવની "અહંતા"નું રૂપાંતર दासोऽहम्માં થાય છે અને "મમતા"નું तवास्मिમાં. અહીં કદાચ કોઈ પૂર્વપક્ષ કરે કે બ્રહ્મસંબંધથી જીવના સર્વદોષની નિવૃત્તિ થાય છે તો શા માટે મહાપ્રભુજી કૃષ્ણસેવા અને સમર્પણનો ઉપદેશ આપી રહ્યા છે ? આનો ઉત્તર હરિરાયજી વીસમા શિક્ષાપત્રમાં આપે છે; "कोई शंका करे जो ब्रह्मसंबंध ही सर्व दोषको नाश भयो, तब फेरि सेवातें कौनसे दोषको नाश होय ? ताकों समाधान यह है जो देहजीवको सगरे दोष तो ब्रह्मसंबंध तें निवृत्त भये, फेरि प्रभुकी लीलाप्राप्ति में प्रतिबंधरूप जो दोष हैं, सो सेवातें दूरि होय तब स्वरूपानंद को अनुभव होय, यह भाव विचारि ब्रह्मसंबंध और भगवत्सेवा करे ।"

શ્રાવણ મહિનાની महानिशि એ ઠાકુરજીને પ્રકટ થવાનું આ જ કારણ છે કે ગદ્યમંત્રની દીક્ષાથી દૈવીજીવની પંચપર્વા અવિદ્યાની નિવૃત્તિ થાય અને પુષ્ટિજીવ કૃષ્ણભક્તિ કરી શકે, તેથી જ નિવેદન, સમર્પણ અને વિનિયોગ દ્વારા આચાર્યચરણ જીવની વાણી, મન અને કાયાનું સમર્પણ કરાવે છે. પ્રભુથી જીવ છૂટો પડયો છે અને પ્રભુ પાસે પાછા પહોંચવાનું છે, તેનો સેતુ સમર્પણ છે. કૃપાપાત્ર પુષ્ટિ જીવના સમર્પણનું પર્યવસાન સર્વાત્મભાવમાં થાય છે અને ભાગવતજીના દશમ સ્કંધના ૨૯ થી ૩૦ સુધીના અધ્યાયમાં વર્ણન કર્યું છે તે પ્રમાણે ભગવાન

આવા સર્વસમર્પણના કારણે, ભક્તના આત્મા, મન, વાણી, પ્રાણ, ઈન્દ્રિય અને દેહ જોડે રમણ કરે છે. સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં મહાપ્રભુજીએ સમજાવેલા સમર્પણના ભાવની આવી અવધી રૂપ ફલશ્રુતિ છે. તેથી જ આચાર્યજીની વધાઈમાં ગવાયું "પ્રકટે પુષ્ટિ મહારસ દેન." અર્થાત્ સમર્પણની ચરમસીમા રસો વૈ સઃ સ્વરૂપનું પ્રદાન કરનારી છે. આવાં વિવિધ રહસ્યોને શ્રીમહાપ્રભુજી ગ્રંથમાં तदक्षरश उच्यते કહે છે. વાસ્તવમાં તો સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં ભગવદ્વાણી હોવાથી આ ગ્રંથ ભાગવત છે.

સમર્પણ એ રતિભાવ છે. આ ભાવમાં જીવ ભગવાનને કહે છે કે "I exist for you." (પ્રભુ મારી સ્થિતિ કેવલ આપના માટે છે). "તારા માટે" એ સમર્પણનો હાર્દભાવ છે. સમર્પણનો ભાવ એવો છે કે જીવ જેનો ભોગ કરે છે તેનો ભોગ તે પ્રભુની સાથે share કરીને પછી કરે છે. પછી ભલેને તે એના દેહેન્દ્રિયાદિ કે વિત્ત હોય.

ગ્રંથ આજ્ઞા કરે છે કે; "निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः ." જો પુષ્ટિભક્ત, કૃષ્ણને, આપના પરિકર સહિત સમર્પિત થઈ જાય તો કૃષ્ણ, વ્રજ અને પ્રભુનો પરિકર પણ આવા ભક્તને સમર્પિત થઈ જાય છે. અર્થાત્ કૃષ્ણ અને પ્રભુની લીલાનો પરિકર પણ પોતાની લીલાનો આનંદ આવા ભાગ્યશાળી જીવ સાથે share કરવા કે એની સાથે માણવા ઉત્સુક બને છે. જેમકે ચોરાસી બસોબાવન વૈષ્ણવોએ પોતાના લીલાના ભેદો ગોકુલનાથજી અને હરિરાયચરણ પાસે પ્રકટ કરી દીધાં છે. વૈષ્ણવના સમર્પણનો આવો વિશાલ ફાલ હોવાથી હરિરાયજી ચૌદમા શિક્ષાપત્રમાં



પુષ્ટિજીવને પોતાના સમર્પણનું check list (લીસ્ટ) બનાવવા સમજાવી રહ્યા છે. **"श्रीआचार्यजी महाप्रभुजी द्वारा श्रीठाकुरजीको सर्वसमर्पण कियो है ऐसें भगवदीय सों मिलिके सदा विचारे जो मैं कहा समर्पण कियो ? अब मैं कहा क्रिया करत हों ? कितनी वस्तु प्रभुमें अंगीकार होत है ? कौनसी इन्द्रिय बहिर्मुख है ? तथा कितने दिनतें प्रभुतें बिछुर्यो हों, सो अब श्रीआचार्यजी महाप्रभुजीनें कृपा करिकें मिलाय दियो है, सो मैं कौन प्रकार सेवा स्मरण करूं ?"**

આ ભૂમિકામાં માલાવાળા પટેલ વૈષ્ણવની વાર્તા જોઈશું તો ખ્યાલ આવશે કે એમના **अमलपक्ष**ના સમર્પણની પ્રચુર આર્તિના કારણે, એમના **एकादश** ઈન્દ્રિયોના સમર્પણને સ્વીકારવા શ્રીપ્રભુચરણ સ્વયં ઘોડા પર બેસીને એમની પાસે સામે આવીને વેગથી પધારે છે. આ વાર્તામાં ગોકુલનાથજીએ સમર્પણના વૈવિધ્યના એવા એવા નાજુક પહેલુઓની નકશી કોતરેલી છે કે પ્રત્યેક નકશીમાં, સમર્પણના સુરમ્ય રંગ અને એના સોહામણા સૌંદર્યની અદ્ભુત છટા પ્રકટ થઈ રહી છે. પોતાની સત્તાની કઈ કઈ વસ્તુઓ ભગવત્સમર્પિત થઈ શકે છે એની જાહોજલાલી આ વાર્તામાં ઝગમગે છે. એનાં દર્શન ગોકુલનાથજી ક્રમશઃ કરાવે છે. ઉપર લખેલ ગદ્યમંત્રના એક એક ખંડને, અનુક્રમે, ગોકુલેશ પ્રભુએ આ વાર્તામાં, કેવી ખૂબસૂરતીથી વર્ણવ્યા છે, તેનાં સૌંદર્યનાં દર્શન કરવાં જેવાં છે. તેથી આ વાર્તામાં ગદ્યમંત્ર અને સિદ્ધાંતરહસ્ય ગ્રંથના વિવિધ પહેલુઓ દેદીપ્યમાન થઈ રહ્યા છે.

પટેલના સમર્પણનો ભાવ ક્યારે પ્રજવલિત થયો છે એની પ્રારંભિક અવસ્થાનાં દર્શન કરાવતા વાર્તા કહે છે;

"तब यह पटेल अपने मनमें सोच करन लाग्यो, जो-ये तो
अपनी अपनी भेंट काढि लिये हैं । और मेरे पास तो कछू भेंट
को द्रव्य नाहीं । सो हों कहा श्रीगुसांईजीकी भेंट करूंगो ?"
આટલા જ વાકયથી ગોકુલનાથજી આપણને એ પ્રતીત કરાવે
છે કે આ વૈષ્ણવને પોતાના વૈષ્ણવ "સ્વરૂપ" અને "કર્તવ્ય"નું
સંપૂર્ણ જ્ઞાન હોવાથી, ગદ્યમંત્રના પહેલા ખંડમાં આવતો
એમનો સ્વરુપવિસ્મૃતિનો અધ્યાસ નિરસ્ત થઈ ગયો છે.
ભાવપ્રકાશમાં હરિરાયજી સમજાવે છે કે આ વૈષ્ણવને ગુસાંઈજી
માટે સમર્પણની તત્પરતા કેમ છે. "जो-प्रभु सन्मुख, गुरु
सन्मुख कबहू रीते हाथ न जानो ।"

વાર્તા હવે ગદ્યમંત્રના બીજા ખંડમાં (ભગવાન કૃષ્ણ)
અંત:કરણના અધ્યાસની નિવૃત્તિમાં પ્રવેશે છે. અંત:કરણ
મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનું બનેલું હોય છે. આ
વૈષ્ણવનો અહંકાર તિરોહિત થઈ ગયો છે એ સમજાવતાં
વાર્તા કહે છે; "और मेरे पास तो कछू भेंट कौ द्रव्य नाहीं ।"
પટેલની આવી નિ:સાધન અવસ્થામાંથી પ્રકટ થતો એમનો
સમર્પણનો વિપ્રયોગ હવે બોલી રહ્યો છે; "सो हों कहा
श्रीगुसांईजी की भेंट करूंगो ?" માલાવાળા આ વૈષ્ણવની
પુષ્ટિમાર્ગીય બુદ્ધિને અનુલક્ષીને ગોકુલનાથજી વાર્તામાં તૂરત
જ કહે છે; "और कहू सों करज काढि भेंट करूंगो तो मेरे
पास कछू देवे कों तो है नाहीं । जो-वाकों पाछें देउंगो ।"
આચાર્યજીના સિદ્ધાંતાનુસાર ઉછીનું દ્રવ્ય લઈને સમર્પણ ન
કરવું જોઈએ કારણકે એ દ્રવ્ય પોતાની સત્તાનું હોતું નથી
અને પાછું ન દેવાય ત્યાં સુધી, ઉધારી લેનારમાં ચિંતા ઘર
કરી જાય છે. પોતાની નિષ્કિંચનતાના કારણે પટેલ હવે



શ્રીવિઠ્ઠલેશનું શરણ ગ્રહણ કરે છે. "और वे तो आप प्रभु हैं ।
तासों मेरी गति सर्व जानत ही हैं ।" ગતિ જાણે છે એટલે
પ્રભુને "સમર્પિત" થવા પટેલને જે initiative (પહેલ) લેવું છે
એની ઉત્સુકતા તો પ્રભુચરણ જાણે જ છે, પણ "વિનિયોગ"
કરાવવાની પટેલની અસમર્થતા છે. અર્થાત્ સમર્પણની તીવ્રતા
અને વિનિયોગની અસમર્થતા આવેશિત થઈ જાય ત્યારે
સમર્પણનો વિપ્રયોગ પ્રકટ થઈ જાય છે. મહાપ્રભુજીના
સિદ્ધાંતાનુસાર સમર્પણ સાથે વિનિયોગ પણ આવશ્યક છે,
કારણકે સમર્પણમાં પુષ્ટિજીવનું મન સમર્પિત થાય છે અને
વિનિયોગમાં એનું તન. હવે પોતાના અંત:કરણમાં રહેલા
"મન"ના પહેલુના સમર્પણનું દર્શન કરાવતાં વાર્તા કહે છે;
"सो यह सोच करत याकों तो चार प्रहर रात्रि निद्रा नाहीं
आई ।" પટેલના મનમાં સમર્પણની જે આર્તિ છે તેનું સ્મરણ
એ ચાર પ્રહર સુધી મનમાં કરતા જ રહ્યા છે. આ ભક્તના
ચિત્તના સમર્પણને સમજાવતાં હવે ગોકુલનાથજી વાર્તામાં
આજ્ઞા કરે છે; "तब यह सोच करत उठि चल्यो । सो यह
तो सोच करत चल्यो जात हतो ।" વારંવાર સમર્પણનું સ્મરણ
કરવાથી, સમર્પણની ભાવના આ વૈષ્ણવના ચિત્તમાં નિવાસ
કરી ગઈ છે. આવી રીતે, આ પટેલના અખિલ અંત:કરણનું
સમર્પણ કેવલ ચાર પ્રહરમાં જ થઈ ગયું છે અને તેથી
એમનો અંત:કરણાધ્યાસ નિરસ્ત થઈ ગયો છે.

સમર્પણના વિપ્રયોગમાં, રાત્રીના ચાર પ્રહરની નિશા,
આ પટેલને ગ્રંથમાં કહેલ "महानिशि" જેવી લાંબી લાગે છે.
આ મહાનિશિમાંથી પટેલને પસાર કરાવીને, વાર્તા, હવે એમને
ગદ્યમંત્રના ત્રીજા પહેલુમાં પ્રવેશ કરાવે છે, જયાં એમના

ઈન્દ્રિયાધ્યાસનો નિરાસ થાય છે. સવારે આ પટેલ "यह तो सोच करत चल्यो जात हतो ।" चेतस् तत्प्रवणं સેવાની આ અવસ્થા છે. "तब मार्ग में एक बाग आयो । ता बाग में जूही बोहोत फूली हती ।" જૂઈથી પણ કોમલ હૃદય આ વૈષ્ણવનું છે. જૂઈ જોઈને આ પટેલને સહેજ આશ્વાસન મળ્યું કે "વાહ ! આ જૂઈ પ્રભુને વિનિયુક્ત કરવા જેવી છે." પટેલની આ ભાવનાથી જૂઈ ભાવમય થઈ ફૂલાણી કે હું હવે શુદ્ધ થઈ ગઈ, કારણકે મારો ભગવત્સેવામાં વિનિયોગ થશે. વાર્તા કહે છે; "जूही बोहोत फूली हती ।" પ્રથમ શિક્ષાપત્રમાં એટલે હરિરાયજી આજ્ઞા કરે છે કે; "तातें जो पदार्थ भगवत्सेवामें विनियोग होय तिन सबनको शुद्ध जानिये ।" વાર્તા કહે છે; "जूही बोहोत फूली हती ।" નેત્રથી જૂઈને જોઈ અને નાસિકાથી એમની ગંધને લઈને પટેલને, એ જૂઈ શ્રીગુસાંઈજીને સમર્પિત કરવાની ભાવના પ્રબલ બને છે. એટલે પંચતન્માત્રા રૂપ એમની ઈન્દ્રિયના નેત્ર અને ઘ્રાણેન્દ્રિય, ભગવત્સમર્પિત થઈ જાય છે. અર્થાત્ "રૂપ" અને "ગંધ"ને પટેલે, ગુસાંઈજી સાથે સંકલિત કરી દીધાં છે. "શબ્દ"નું સમર્પણ કરતાં દીનતાથી પટેલ માળીને કહે છે; "जो - मोको तू एक माला लाइक जूही के फूल तोरि देहि, तो हों अपने गुरु की भेंट करूंगो ।" પોતાના હાથથી આ વૈષ્ણવે જૂઈને ચૂનીને એમણે પોતાની "સ્પર્શેન્દ્રિય"ને પ્રભુમાં સમર્પિત કરી છે. પોતાના ભાવ "રસ"નું સમર્પણ કરતાં પટેલ "सो वा माला कों लिये अति उत्कंठा सों नाना भांतिं कै मनोरथ करत चल्यो ।" આ વૈષ્ણવે કેવા કેવા મનોરથ કર્યા હશે એની નાજુકતા પણ માણવા જેવી છે. એમને રોમાંચ થતો હશે કે શ્રીગુસાંઈજીના "નયનકમલ"ને આ માલાનાં પુષ્પો કેટલાં રમણીય



લાગશે ! એની મંદમંદ "સોડમ" પ્રભુને કેટલી સુખમય બનશે !

"સૌરભ માધવી સરસ સુહાઈ ।
ફૂલન કે ફોંદા રચિ ગૂંથે ફૂલન કી માલા જુ બનાઈ ॥"

પટેલે એ પણ વિચાર્યું હશે કે સોહામણી સૌરભના કારણે ગુસાંઈજીની પાસે ખેંચાઈ આવેલા ભ્રમરના મધુર ગુંજારવ (શબ્દો) પ્રભુચરણને આહ્લાદ આપશે ! આ કોમલ માલાનો "સ્પર્શ" પ્રભુચરણને કેટલો મુલાયમ લાગશે ! વાર્તા કહે છે; "और हों यह माला श्रीगुसांईजी के श्रीकंठ में धराऊंगो । तब मेरी माला देखि कै श्रीगुसांईजी बोहोत प्रसन्न होइंगे ।" કીર્તન કહે છે; "बहुत फूल फूले नंदनंदन तुमको गूंथोंगी माल ।" આમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધનું પ્રભુચરણમાં ભાવાત્મક સમર્પણ કરીને આ પટેલ આચાર્યચરણના સિદ્ધાંતની દૃષ્ટિથી અહીં રસાનુભૂતિ કરી રહ્યા છે. મહાપ્રભુજીએ સમજાવેલ રસનું સ્વરૂપ એવું છે કે જે પ્રભુચરણ માટે પટેલ માલા ગૂંથી રહ્યા છે તે વિઠ્ઠલેશ આ વૈષ્ણવનો આલંબન વિભાવરૂપ છે, તેમ આ પટેલના પ્રભુચરણ સંબંધિત આંતરિક મનોરથના કારણે, ગુસાંઈજી એમના subjective (આંતરિક) કે સ્થાયિભાવરૂપ પણ છે. આવા આંતર અને બાહ્ય વ્યવહારથી રસ પ્રકટ થાય છે. બાહ્યરૂપ વિઠ્ઠલેશ અને એમના માટે પટેલનો જે આંતરભાવ છે તેની એક વિલક્ષણ પરસ્પર નિર્ભરતા હોવાથી, ગુસાંઈજી ઘોડા પર બિરાજીને પટેલની સામે સ્વયં પધારે છે. પ્રભુચરણ અને પટેલની આમ પરસ્પર રસાનુભૂતિ છે. આમ ગદ્યમંત્રના તૃતીય ખંડમાં દેહેન્દ્રિયાદિથી વર્ણવેલ પટેલના ઈન્દ્રિયાધ્યાસનું નિરાકરણ થઈ ગયું છે. ગ્રંથ કહે છે; "सेवकानां यथा लोके

व्यवहारः प्रसिद्ध्यति । तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ॥"

આચાર્યચરણના સિદ્ધાંતોને કેટલી બારીકાઈથી શ્રીગોકુલેશ પ્રભુ વાર્તા સાહિત્યમાં પેશ કરે છે, એનાં ય દર્શન કરી લઈએ. પોતાના અંગુછામાં માલી ફૂલ આપે એને અનુલક્ષીને પટેલ પોતાનો અંગુછો માલી સામે ધરે છે. વાર્તા કહે છે; "तब वा मालीने याकौ अंगुछा तो फेरि दियो ।" માલીને અંગુછો પાછો આપવાની પ્રભુએ પ્રેરણા કરી કારણકે એ અંગુછો પટેલે વાપરેલ હોવાથી અર્ધભુક્ત છે. ગ્રંથ કહે છે કે; "न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ।"

વાર્તા કહે છે; "एक माला जूही की करि कै लै निकर्यो ।" दासोहम् ના પ્રાચુર્યથી સભર આ પટેલ હવે ગદ્યમંત્રના ચોથા ખંડ એવા દેહાધ્યાસની નિવૃત્તિમાંથી અનાયાસ પસાર થઈ જાય છે. પ્રાણાધ્યાસના નિરાસ માટે આ વૈષ્ણવ હવે ગદ્યમંત્રના પાંચમા ખંડમાં પ્રવેશી ચૂકયા છે. "શ્રીવિઠ્ઠલેશ, હું આપનો છું" એવી "तवास्मि" ની ભાવનામાં અભિરમતા આ પટેલ વૈષ્ણવ, પ્રભુચરણને માટે કરેલી માલાનું જતન પોતાના પ્રાણથી પણ અધિક રીતે કરી રહ્યા છે. વાર્તા કહે છે; "पाछें यह वैष्णव श्रीगुसांईजी कें चरनकमल कौ ध्यान करि कै चल्यो ।" ગુસાંઈજીના ચરણકમલનું ધ્યાન એના માટે કર્યું કે શ્રીવિઠ્ઠલેશને માલા સમર્પવાની નિતાન્ત આર્તિમાં કયાંક એમના પ્રાણ નીકળી ન જાય ! એ મનોમન જાણે, પ્રભુચરણને વિનવે છે કે "હું આપનો છું. હે કૃપાનાથ ! આપની સેવા કરી શકું એના માટે મારા પ્રાણ આપ ટકાવી રાખશો." પટેલના આવા આર્તનાદને ગ્રંથની પંક્તિ પ્રતિસાદ આપે છે. "निवेदिभिः



समर्प्यैव सर्वं कुर्याद् इति स्थितिः ।" પટેલની આવી સમર્પણની ઉગ્ર આરતિને શ્રીવિઠ્ઠલેશ સહી શકતા નથી. વાર્તા કહે છે; "सो याकी आर्ति श्रीगुसांईजी सही न सके । सो प्रभु वा दिन बडे सवारें श्रीनाथजी के सिंगार कों पधारे । तब आप तो घोडा ऊपर असवार भए ।" આ પ્રસંગની કોમલતમ ગંભીરતા એ છે કે જે અશ્વ પર બેસીને શ્રીગુસાંઈજી નિત્ય વેગથી ગોકુલથી ગિરિરાજજી શ્રીજીનાં દર્શન અને સેવા માટે પધારે છે, તે જ વેગવંત ઘોડા પર બેસીને આજે, શ્રીવિઠ્ઠલેશ, ગિરિરાજથી આ પટેલ સુધીની મંઝીલ ઘોડા પર વેગથી કાપી રહ્યાં છે. આવા સમર્પણને સૌથી પહેલાં અંગીકાર કરવા ગુસાંઈજી, સાથેના વૈષ્ણવોને, આજ્ઞા કરે છે; "सो वह एक माला संवारि कै बोहोत सुंदर मेरी भेंट कों लावत है ।____ ताके पहिले कोऊ भेंट न करे ।" વ્રજભક્ત જેમ ગુસાંઈજીનું રટણ કરતાં આ વૈષ્ણવની પરિસ્થિતિ ગોકુલની ગ્વાલિની જેવી છે. "हरि कों देख फिरत गुवारी ।" આ વૈષ્ણવે, વ્રજભક્તોના અને પોતાના સ્વતંત્ર shade (ઝાંઈ)ના અગાધભાવોને આ માલામાં ગૂંથ્યા છે. એટલે શ્રીગુસાંઈજી, એમનું સમર્પણ, બીજા વૈષ્ણવોથી પહેલા સ્વીકારવા આતુર છે. માલામાં વ્રજભક્તોના ભાવને સમજાવતાં શ્રીવલ્લભદાસજી કહે છે; "और जो पुष्प है सो गोपिनि के मन है । सूजी है सो सूंची है, जो भाव हृदे भेदक है । जासों श्रीठाकुरजीकों पुष्प अति प्रिय है । तासों गोपिनी के मन कै भावसों फूल धरावे है ।" શ્રીગુસાંઈજી સ્વયં "गोपगोगोपिकाप्रियः" છે. સિદ્ધાંતરહસ્ય ગ્રંથ અનુસાર આ પટેલે तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् કર્યું છે. એમના આવા સર્વસમર્પણના કારણે, ગ્રંથાનુસાર,

શ્રીવિઠ્ઠલેશ, પટેલનું સમર્પણ બીજા વૈષ્ણવોથી "પહેલાં" અંગીકાર કરવા ઉત્સુક છે. ગ્રંથ કહે છે तस्मादादौः . તેથી શ્રીગુસાંઈજી ઘોડાનો વેગ વધારે છે. વાર્તા કહે છે; "सो यह कहत आप बेगि बेगि घोडा चलाए ।"

ગ્રંથ આજ્ઞા કરે છે; "सेवकानां यथा लोके व्यवहारः प्रसिद्धयति । तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ।" લૌકિકમાં, સ્વામી માટે લઈ જતાં ફૂલોનું જતન સેવક કરે, એનાથી અત્યધિક જતન, આ વૈષ્ણવ, પોતાના તાપથી પ્રભુચરણ માટે એ ફૂલની માલાનું રક્ષણ કરી રહ્યા છે. ગ્રંથ કહે છે, પ્રભુને સમર્પિત કરેલી વસ્તુ બ્રહ્માત્મક બની જાય છે. આ પ્રસંગમાં તો, આ વૈષ્ણવ, ગદ્યમંત્ર અંતર્ગત રહેલા વિયોગાગ્નિના ભાવથી ફૂલની માલાનું સમર્પણ વિઠ્ઠલેશ પ્રભુને કરવા તપ્ત થઈ ગયાં છે. તેથી એમની માલાની આ સામગ્રી પણ, "બ્રહ્મના ઉત્તરદલાત્મક સ્વરૂપમાં" બ્રહ્માત્મક થઈને મધુર તાપાત્મક બની ગઈ છે. આચાર્યચરણ કથિત सर्वेषां ब्रह्मता ततः ગ્રંથોક્તિનો આવો વિશાલ ફલ છે.

એક તરફ બહાર સૂર્યનો તાપ અને બીજી તરફ પટેલના અંતરમાં પ્રજવલિત થયેલ સમર્પણાગ્નિનો તાપ, આ બન્ને તાપના આવેગમાં પટેલની અને વિઠ્ઠલેશપ્રભુની અવસ્થાના દર્શન કરવાં જેવાં છે. વાર્તા કહે છે; "और इहां ज्यों ज्यों माला कों घाम लागे त्यों त्यों वा वैष्णव कों सोच होंइ है । सो श्रीगुसांईजी सों वाकौ ताप सह्यो जात नाहीं । तासों श्रीगुसांईजीने बेगि बेगि घोडा चलायो ।" કુંભનદાસજી કહે છે તેમ; "જો પેં વિરહ પરસ્પર વ્યાપે તો કછુ જિયે બને."



શ્રીહરિરાયજી સમજાવે છે કે સર્વસમર્પણ કરવાથી આવું તાપકલેશાનંદરૂપ ફલ પ્રાપ્ત થાય છે; "एतदेवोत्तमाचार्यैः फलं सर्वसमर्पणे तापक्लेशानंदरूपं तदर्थोऽयं विवेचितः ।" તાપયુક્ત થઈને પુષ્ટિભક્ત જયારે સર્વાત્મના સમર્પણ કરવામાં ન્યોચ્છાવર થઈ જાય છે, ત્યારે બધું પાણી ગંગાજીમાં જવાને બદલે, ગંગાજી સ્વયં ઊલટ પ્રવાહ થઈને, આવા સમર્પણને અંગીકાર કરવા પધારે છે જેમ અહીં શ્રીવિઠ્ઠલેશપ્રભુ આ પટેલ માટે પધારે છે તેમ. સ્વામીની ઈચ્છાને જાણીને ઘોડાને પણ ક્યાં પહોંચવું છે તેની જાણ થઈ ગઈ છે. વાર્તા કહે છે; "सो अति उतावलि सों वा पटेल के पास प्रभुन कौ घोडा जाँइ पहोंच्यो ।"

સ્વામી અને સેવક, એમ બન્ને તાપાત્મક સ્વરૂપનું મિલન થાય ત્યારે કેવી તાપની multiple (અધિક) અવસ્થા નિર્માણ થાય છે તેનાં દર્શન ગોકુલેશપ્રભુ વાર્તામાં કરાવે છે; "सो प्रभु जब निकट पधारे तब वा पटेलने श्रीगुसांईजी कों माला पहराइ दंडवत् कियो । सो शरीरविस्मरन होंइ गयो ।" ભાવપ્રકાશમાં હરિરાયચરણ સમજાવે છે; "क्यों ? जो-श्रीगुसांईजी के स्वरूपानंद में मगन होंइ विह्वल व्है रह्यो । सो देह की सुधि न रही ।"

"નૈનન નિરખ હરિ કોં રૂપ ।
નિકસિ સકત નહીં લાવની નિધિ
તેં માને પર્‌યો કોઉ કૂપ ।"

ગુસાંઈજીના સ્વરૂપાનંદમાં વિભોર એવા પટેલનું આવું સર્વસમર્પણ

પ્રારંભિક રહે અને અંતિમ ન બને એના માટે "प्रभु घोडा तें उतरि कै वा पटेल के माथे श्रीहस्त धरि, वाके कान मैं अष्टाक्षर उपदेस किये । तब वह पटेल जाग्यो । तब श्रीगुसांईजी वा पटेल सों कहे, जो-पटेल ! हों तेरी माला के लिये श्रीगोकुल तें साम्हें आयो हूं । और तू तो मेरे चरनारविंद में लीन भयो चाहे ।" શ્રીગુસાંઈજી પટેલને સમજાવે છે કે "તારા સર્વસમર્પણની ધારા અખંડિત વહેતી રહે, એવી મારી ઈચ્છા છે." વાર્તા કહે છે; "अब ही तो तोसों आगें सेवा करावनी है ।" પટેલના સર્વસમર્પણની શ્રીગુસાંઈજીની કેટલી નિતાન્ત પ્રસન્નતા થઈ રહી છે એનો અનુભવ અભિવ્યક્ત કરતાં શ્રીપ્રભુચરણ શ્રીમુખથી આજ્ઞા કરે છે; "वह वचन कहत जाँइ, और बीच बीच में बार बार माला की सराहना करत जांइ ।" શ્રીવિઠ્ઠલેશ પ્રભુના આવા અનુભાવનો પ્રતિસાદ પટેલ કેવી દીનતાથી આપે છે તે પણ અવલોકનીય છે; "तब वा पटेलने अपने सर्व समाचार श्रीगुसांईजी आगें दीनता सों विनती करे । जो - महाराज ! आप प्रभु हो । दीनवत्सल हो । दयानिधान हो । पतितपावन हो । तासों आपु की उपमा कहिवे कों कौन जीव की सामर्थ है ? तातें अपने दास की सेवा आप अंगीकार करत हो ।" આ વૈષ્ણવનાં આ વાક્યોમાં શ્રીમહાપ્રભુજીનો એક વિલક્ષણ સિદ્ધાંત પ્રકટ થાય છે. આ પટેલ, પોતે કરેલા માલાના પુરુષાર્થને પોતાના અહંકારની સંકુચિત દૃષ્ટિથી જોતાં નથી, તેથી એમને પોતાના પુરુષાર્થમાં શ્રીવિઠ્ઠલેશ પ્રભુની કૃપાનાં દર્શન થાય છે. પુષ્ટિમાર્ગમાં બધુ કૃપાલભ્ય હોવા છતાંય, પટેલ, ફૂલની માલા બનાવવાનો પુરુષાર્થ તો કરે જ છે. એના કારણે પ્રસન્ન થઈને, આચાર્યચરણનાં



શબ્દો થનગની ઊઠે છે; "स्वयं भगवानेवं हि करोति किन्तु भजनाभावे किमपि न सिद्ध्यति ।" પોતાના પુરુષાર્થ અને ભગવત્કૃપાના તાદાત્મ્યનો અનુભવ જે પુષ્ટિજીવને થાય છે, તેને લીલાબોધ થાય છે. આવા સમર્પણાત્મક તાદાત્મ્યના કારણે પટેલને નિ:સાધનતાનો ભાવ સિદ્ધ થઈ ગયો છે. આ સંદર્ભમાં હરિરાયચરણની આજ્ઞા છે કે; "निःसाधनत्वसिद्ध्यर्थं सर्ववस्तुसमर्पणम् ।"

જેમ કર્મમાર્ગમાં સંસ્કાર કરેલા પદાર્થો શુદ્ધ થાય છે તેમ ભક્તિમાર્ગમાં તાપક્લેશ દ્વારા શુદ્ધતા સિદ્ધ થાય છે. તેથી જ ગદ્યમંત્રની દીક્ષા વિપ્રયોગમાં અપાઈ છે અને તે વિપ્રયોગ સ્મારક છે. પટેલના સમર્પણ માટેના તાપની ઉગ્રતા એટલી પ્રબલ છે કે, ગોપીજનોને મહાતાપ થયો ત્યારે ઠાકુરજી तासामाविरभूच्छौरीથી લીલામાં પ્રકટ થાય છે, એટલી જ ત્વરાથી ગુસાંઈજી, પટેલ પાસે ઘોડા પર પધારે છે, તે પણ શ્રીનાથજીના વહેલા શૃંગાર કરીને અને રાજભોગને pending રાખીને. વાર્તા કહે છે; "पाछें श्रीगुसांईजी फेरि घोडा उपर असवार होइ कै श्रीनाथजीद्वार पधारि, स्नान करि, पर्वत ऊपर मंदिर में जाँइ, श्रीनाथजी की राजभोग आर्ति करि, बैठक में आई बिराजे ।"નામરત્નાખ્યમાં એટલે જ શ્રીવિઠ્ઠલેશનું નામ છે; "भक्तवश्यः ."

આચાર્યચરણ શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે તે પ્રમાણે, આ પટેલ સાથે થયેલ શ્રીવિઠ્ઠલેશની આ પ્રસંગની લીલા ભક્તિરસ સહિતા છે. "भक्तिरससहिता भगवत्त एव लीला ." તેથી જ નામરત્નાખ્યમાં શ્રીગુસાંઈજીનું નામ છે; "भक्तिगम्यः ." સમર્પણ એ પટેલની પુષ્ટિભક્તિનું અંગ બની ગયું છે. મહાપ્રભુજી

સમજાવે છે કે સમર્પણથી ઉત્તમ બીજો કોઈપણ ભાવ, ભક્તિમાં નથી. "असमर्पितवस्तूनां तस्माद् वर्जनमाचरेत्"નું આવું ગંભીર રહસ્ય છે.

આત્મનિવેદન એ પુષ્ટિજીવની આંતરભક્તિનો પ્રકાર છે, તેથી આ પટેલે, આત્મનિવેદનમાં પોતાના આત્માને પ્રભુ સાથે જોડી દીધા છે. વાસ્તવમાં તો શ્રીગુસાંઈજીને, પટેલના હૃદયમાં જે ભાવ જગાડયો છે, તે ભાવથી આ વૈષ્ણવ સમર્પિત થઈ ગયા છે. ગુસાંઈજીને માલા સમર્પિત કરવાના પટેલના આત્મસમર્પણ પછી, આ માલાવાળા વૈષ્ણવનું નિયંત્રણ એમના આત્મા પરથી ચાલી ગયું છે. એ નિયંત્રણ શ્રીગુસાંઈજીએ સંભાળી લીધેલું હોવાથી, શ્રીપ્રભુચરણ પટેલને આજ્ઞા કરે છે કે; "पाछें वा पटेल कों श्रीगुसांईजी कृपा करि कै श्रीनाथजी के फूल घर की सेवा सोंपी ।"

સિદ્ધાંતરહસ્ય ગ્રંથ અને એના લીલોપદેશરૂપ આ વાર્તાનું સંકલન કરવાથી સર્વ રહસ્યનું એક કયું રહસ્ય પ્રકટ થાય છે તે હરિરાયજી છત્રીસમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "ऐसी भई न ह्वै है कबहूं जैसी अब निधि आई" या भावतें ऐसो मनमें जाननो जो ऐसे कलियुग कब हू नांही भयो, और न आगे होयगो तातें अब दैवीसृष्टि के ज़ीव के उद्धारार्थ श्रीआचार्यजी महाप्रभुजी पधारिकें पुष्टिमार्ग प्रकट कियो है, तातें यह युग और युग तें न्यारो ही है ऐसे जाननो ।"

આ સંદર્ભમાં શ્રીવલ્લભદાસજી ગાય છે;

"એસી કાહુ યુગ ન ભઈ ।
પુષ્ટિભક્તિ રસરૂપ અલૌકિક
કલિ જિત તિત હિ છઈ ।"



મહાપ્રભુજીએ સમજાવેલ કૃષ્ણસેવા, એ આવી સમર્પણભક્તિનો મુખ્ય અનુભાવ છે. તેથી જ, આચાર્યજીની વધાઈમાં ગવાયું; "સેવા રસ સાગર પ્રકટાયો, વદન અનલ તે અતિશય શીતલ." સમર્પણના માર્ગથી શ્રીકૃષ્ણ પાસે પહોંચવાનો કેટલો સરલ રસ્તો શ્રીવલ્લભે બતાવ્યો છે અને એને ચૂકી જવાથી શું થાય છે તે વલ્લભાખ્યાન સમજાવે છે; "ઉપર રહ્યા દેવ ધિક્કાર બોલે."

******

## ગ્રંથ : નવરત્ન

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા - ૧૯ : બાપ-બેટા કાયસ્થ, હિંસારમે રહતે

**મહાકારુણિક** શ્રીવલ્લભપ્રભુએ પોતાના જીવની પ્રતિપલની નિતાન્ત સંભાળ આપના ગ્રંથોમાં લીધી છે. પુષ્ટિજીવના જીવનમાં ઉદ્‌ભવતા ચિંતાના પ્રસંગો, વૈષ્ણવને, એની ભક્તિ કે સેવામાં બાધક ન થાય એના માટે, "નવરત્ન" ગ્રંથના નવશ્લોકમાં આચાર્યજી પુષ્ટિજીવને ચિંતા નિવારવાના ઉપાયો બતાવે છે. એનું કારણ એ છે કે નિશ્ચિંત થઈને જો પુષ્ટિજીવ ભક્તિ ન કરે તો એને ભક્તિ સિદ્ધ થતી નથી. ચિંતાપરાયણ થવાથી વૈષ્ણવની ભગવત્પરાયણતામાં વિક્ષેપ પડે છે. આ સંદર્ભમાં નવમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે; **"निवेदित भक्त है सो चिंता न करे, सदा आनंदमें रहे, तब सदानंदरूप जो श्रीकृष्ण श्रीवृन्दावनमें स्थित व्रजभक्त संयुक्त फलरूप ऊपर कहे हैं, तिनकी सेवा करे तब सर्वोपर फलप्राप्ति होय ।"** આમ પુષ્ટિજીવની સેવા, કથા, શરણાગતિ કે એના ભગવત્પ્રેમની ખિલાવટ પુષ્ટિભક્તિમાં થાય એ હેતુથી, અતિ લાડથી, મહાપ્રભુજી આપણને નવરત્નગ્રંથનો બોધ આપી ચિંતા નિવૃત્તિના ઉપાયો બતાવે છે. મહાપ્રભુજીએ દર્શાવેલા ચિંતા નિવારણના રસ્તાઓ સમજતા પહેલાં, ચિંતા કેમ થાય છે, તે સહેજ સમજી લઈએ. છઠ્ઠા શિક્ષાપત્રમાં હરિરાયજી ચિંતાના કારણો સમજાવે છે; **"यद्यपि सर्व जानत हैं जो क्षणभंगुर शरीर है, काल काहूकों छोडे नांही, यह ज्ञानहू मनमें आवत है तथापि जीवकी अहंता ममता नांही छूटत है । काम, क्रोध, लोभ,**



**मद, मत्सर, लौकिक दुःखमय याही तें चिंता ग्रसित है ।"** વાસ્તવમાં તો મનુષ્યને, એના વિપરીત સંજોગો ચિંતા ઉત્પન્ન કરાવતા નથી. પરંતુ આવા પ્રસંગોમાં, જીવ જયારે ભયનું વારંવાર સ્મરણ કરે છે, પિંજણ કરે છે, ત્યારે ચિંતા એની સમસ્યા બની જાય છે. આ સમસ્યાને નિવારવા, વૈષ્ણવે, આચાર્યજીએ નવરત્ન ગ્રંથમાં કરેલા ઉપદેશનું ચિંતન કરવું અનિવાર્ય છે. આવા ચિંતન સાથે વૈષ્ણવ જો સેવા, કથા અને શરણાગતિનું અવલંબન કરે, તો એના ચિત્તની એકાગ્રતા, એક "સવિષયક સમાધિવત્" બનવાથી, તે જીવને ચિંતાથી અતીત કરી દે છે.

આ ભૂમિકામાં આપણે નવરત્ન ગ્રંથંના લીલોપદેશરૂપ હિંસારના બાપ બેટાની વાર્તા અવલોકશું, તો ખ્યાલ આવશે કે, આ પિતાપુત્રને, ભયરૂપ મહાચિંતા ઉત્પન્ન થાય એનાં અનેક કારણો એમના કારાવાસના પ્રસંગમાં ઉપસ્થિત છે. જેમકે, પોતાને અસલામત મહેસૂસ કરવું, બદનામી અને માનભંગનો ડર લાગવો, જીવનમાં અનિશ્ચિતતા અનુભવવી, જેલમાં શારીરિક દંડ કે માનસિક ત્રાસનો ભય લાગવો, આર્થિક પરિસ્થિતિથી વ્યાકુલ બની જવું વગેરે. આવા ગંભીર વિપરીત સંજોગોમાં, બાપ-બેટાએ પોતાની માનસિક પરિસ્થિતિને ભયમાં પર્યવસિત ન થવા દેતાં, કેવી કુશળતાથી આચાર્યજીના સિદ્ધાંતોનું પાલન કર્યું, તે આ વાર્તામાં દર્શનીય છે. વિપરીત સમયને સ્વીકારવાથી ચિંતા ઘટે છે. બાપ-બેટાએ પોતાના કપરા સમયનો સ્વીકાર કરી લીધો છે. પોતે એનો પ્રતિકાર કરી શકતા નથી એ સમજીને એમણે આચાર્યજીના **त्रिदुःखसहनम्**ના સિદ્ધાંતમાં પોતાની જાતને સમર્પિત કરી દીધી

છે. त्रिदुःखसहनम् ના આવેશમાં, કારાગૃહમાં, પિતા-પુત્રએ આધિભૌતિક દુઃખ સહન કર્યું છે, શ્રીવિઠ્ઠલેશપ્રભુથી પોતે બહુ દૂર સુદૂર ચાલી ગયા છે એવી ભાવના કરી આધ્યાત્મિક યાતનાને પણ એમણે સહન કરી છે. વ્રજભક્તોની જેમ स्वस्यासामर्थ्यभावनात् ની ભાવના કરીને એમણે આધિદૈવિક દુઃખને પણ જીરવ્યું છે. અર્થાત્ આ બાપ-બેટા, સૂત્રરૂપ નવરત્ન ગ્રંથ અને એના ભાષ્યરૂપ વિવેકધૈર્યાશ્રય ગ્રંથને સાક્ષાત્ જીવી રહ્યા છે. તેથી એમની લૌકિક કે અલૌકિક ચિંતાનો પ્રસંગ એમને ભગવત્રસની અનુભૂતિ કરવામાં બાધક થતો નથી એ એમની વાર્તાની એક અદ્ભુત ફલશ્રુતિ છે. દયારામભાઈ ગાય છે;

"ચિત્તતું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે."

निवेदनं तु स्मर्तव्यं । આ બાપ-બેટા નિવેદનનું સ્મરણ કરીને ચિંતાને નિવૃત્ત કરે છે તેનો ભાવ છત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી સમજાવે છે; "निवेदनको अनुसंधान अहर्निश राखे, जो मैं कितने कालसों प्रभुको भूल्यो हतो, अब श्रीआचार्यजी महाप्रभुजीकी कृपातें संबंध भयो है, मैं दास हों मोकों अब कहा कर्त्तव्य है ? मैं सर्वसमर्पन कियो है, यामें अपनी सत्ता सर्वदा नांही है, सर्व प्रभुकों है, या भांति निवेदनको अनुसंधान राखे ।"

શ્રીગોકુલેશ પ્રભુએ આ વાર્તાના એકએક પ્રસંગને, નવરત્ન ગ્રંથના એક-એક શ્લોકના ભાવના અનુક્રમમાં વણી લીધો છે. એની હવે અદ્ભુત ઝાંખી કરી લઈએ.



<u>શ્લોક ૧લો</u> :-

चिन्ता कापि न कार्या निवेदितात्मभिः कदापीति ।
भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकीं च गतिम् ॥

વાર્તા કહે છે; "पाछें श्रीगुसांइजी चाचाजी सों आज्ञा किये, जो-चाचाजी ! ये दोऊ बाप बेटा को कछूक दिन तुम्हारे पास राखि मार्ग कौ सिद्धांत समझावो । सो इन कों अपने स्वरूप कौ, श्रीठाकुरजी के स्वरूप कौ, मार्गकी प्रणाली आदि का ज्ञान होंइ ।" પહેલા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી જે "નિવેદિતાત્મા"ની વાત કહે છે, એવા પુષ્ટિજીવને, પોતાના તથા પ્રભુના સ્વરૂપનું જ્ઞાન તથા માર્ગની પ્રણાલીનું જ્ઞાન હોવું અનિવાર્ય છે. તત્પશ્ચાત્ ચિંતા કે ઉદ્વેગયુક્ત પ્રસંગમાં પણ એવા જીવને દૃઢ વિશ્વાસ રહેશે કે કોઈપણ સંજોગોમાં "મારી લૌકિક ગતિ નહિ થાય કારણકે હું અને ભગવાન બન્ને પુષ્ટિસ્થ છીએ." भगवान् अपि पुष्टिस्थो न करिष्यति लौकिकीं च गतिम् । ભગવાન લૌકિક ગતિ નહિ કરે એ "પુરોહિત" વાક્ય છે. હું પ્રભુનો અંશ છું અને પ્રભુ મારા અંશી હોવાથી, પિતા, બાલકનું રક્ષણ કરે તેમ ભગવાન મને રક્ષિત રાખશે. છત્રીસમા શિક્ષાપત્રમાં હરિરાયજી આજ્ઞા કરે છે; "पिताकी नांई श्रीठाकुरजी अपनी ऊपर विराजे हैं सो अपनें क्यों चिंता करनी ?" ભગવદ્ અંશરૂપે પોતાના સ્વરૂપનું જ્ઞાન થવાથી જીવનો સ્વરૂપવિસ્મૃતિનો અધ્યાસ નિવૃત્ત થાય છે. दासोऽहम् ની ભાવના એનામાં જાગૃત થાય છે અને પોતે સર્વસમર્થ પ્રભુનો દાસ છે એવું જ્ઞાન થતાં, આવા જીવમાં, લૌકિક ચિંતાનું દબાણ હળવું બની જાય છે. અને એ સમજવા લાગે

છે કે "वृथा चिंता मोहकों कारण है ।" પ્રભુના સ્વરૂપનું જ્ઞાન થવાથી, પુષ્ટિજીવને, પોતાના ભગવાન પ્રત્યેનાં કર્તવ્યનું ઉદ્‌બોધન થઈ જાય છે અને પ્રભુમાં એની પ્રીતિ પનપવા લાગે છે. કૃષ્ણ પ્રતિ કર્તવ્યનિષ્ઠ રહેનાર અને ભગવાન સંગ પ્રીતિ કરનાર જીવને એવો વિશ્વાસ આવી જાય છે કે પ્રભુ "મારી લૌકિક ગતિ નહિ કરે." એના કારણે એની ભગવત્પ્રીતિ એકરસ અને સ્થાયી બની જાય છે.

"પ્રભુ તજ કૌન સનેહી કીજે ।
સદા એકરસ નિબહત હે,
જો વાકી ચરન રજ લીજે ॥"

ચાચાજી પાસે સત્સંગ કરાવીને, શ્રીગુસાંઈજીએ, બાપબેટાના જીવનમાં જે કપરો પ્રસંગ આવવાનો છે એની "પાણી પહેલાં પાળ બાંધી દીધી" છે. તેથી કારાવાસના પ્રસંગમાં પિતાપુત્રની બુદ્ધિ એટલી સ્થિર છે કે આચાર્યજીના પુષ્ટિ સંપ્રદાયમાં પ્રભુ સાક્ષાત્ વિદ્યમાન છે અને એમની લૌકિક ગતિ થવા નહિ દે. भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकीं च गतिम् । આ ભાવને સમજાવતાં હરિરાયજી ત્રેવીસમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે; "नवरत्न ग्रंथके प्रथम श्लोक को उत्तरार्ध है, सो वचनतें यह पुष्टिमार्गमें भगवान् साक्षात् विराजमान हैं, सो अपने निवेदनीय जीवकी लौकिक गति कबहू न करेंगे ।"

વાસ્તવમાં તો જીવની ચિંતાનું સ્થાન એનું અંતઃકરણ છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનું બનેલું અંતઃકરણ છે. નવરત્નગ્રંથના નવશ્લોકો જીવનાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ ચારેયનું શોધન કરવાની સંભાળ લે છે. આ ગ્રંથના



પ્રથમ શ્લોકમાં બાપબેટાના "મન"નું શોધન છે. એના કારણે, મૂળમાં, એમનાં "મન"માં જ કપરા સંજોગોમાં ચિંતા ઉદ્‌ભવતી નથી.

શ્લોક - ૨જો :-

निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः ।
सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति ॥

વાર્તા કહે છે; "तहां चाचाजी ने उन कों निवेदन कौ स्मरन करायो । तब सगरो मार्ग आप ही स्फूर्यो । ताही समैं श्रीठाकुरजीकौं, श्रीगुसांईजी कौ और अपने स्वरूप कौ ज्ञान इन दोऊन कों भयो ।" આ પિતાપુત્રને ચાચાજી જે ઉપદેશ આપી રહ્યા છે તેની ગ્રંથપંક્તિ છે; "निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः ।" ભગવદીયના સંગનો મહિમા સમજાવતાં શ્રીભાગવતજીના પ્રથમ સ્કંધમાં જ શૌનક કહે છે; "तुलयाम लवेनापि न स्वर्गं नापुनर्भवम् । भगवत्संगिसंगस्य मर्त्यानां किमुताशिषः" ભગવદીયના એક લવ બરાબરના સંગમાં, સ્વર્ગની કે મોક્ષની તુલના ન થઈ શકે એટલું માહાત્મ્ય સત્સંગનું છે.

"હરિજન સંગ છિનક જો હોય,
કોટિ સ્વર્ગ સુખ, કોટિ મોક્ષ સુખ
તિહિ સમ લહેન કોઈ."

મહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે. સત્સંગના અભાવમાં સંપ્રદાયનો ઉચ્છેદ થવાની શક્યતા છે. "सत्संगे न स्यात् ततः संप्रदायोच्छेदः ." તેથી જ દયારામભાઈ સમજાવે છે કે;

"સત્સંગ દેશમાં ભક્તિ નગર છે રે,
પ્રેમની પોળ પૂછી જાજો રે."

આત્મનિવેદન કર્યા પછી, જીવ, નિવેદનનું સ્વરૂપ અને પ્રયોજન વિસરી ન જાય એના માટે આચાર્યજી આજ્ઞા કરે છે કે; "निवेदनं तु स्मर्तव्यं ." અહીં "स्मर्तव्यं" એ "કર્તૃસ્મૃતિ વિવેક" છે. ગદ્યમંત્રમાં મહાપ્રભુજી જીવને સ્મૃતિ કરાવે છે કે તું સહસ્ર વર્ષોથી પ્રભુથી છૂટો પડયો છે, તો ય કૃષ્ણ વિયોગજનિત તાપકલેશાનંદનો અભાવ તારામાં થઈ ગયો છે. તેથી જ, આચાર્યજી, બ્રહ્મસંબંધમાં જીવના આત્મા અને દારાગાર પુત્ર વિત્તાદિ એવા એના આત્મીયને સમર્પિત કરાવે છે. આ સ્મૃતિને સદા યાદ કરતો પુષ્ટિજીવ એમ માનતો થઈ જાય છે કે હું અને મારું સર્વસ્વ પ્રભુનું છે અને તેથી મને, એ સર્વને, ભગવાનની સાથે share કરીને પુષ્ટિ જીવન માણવાનું છે. એ પ્રમાણે કરવાથી, વૈષ્ણવનો સમર્પણનો ભાવ સદા સુહાગી રહે છે. તાદૃશીયના સંગથી, આવા ભાવનું સૌભાગ્ય અખંડિત રહે છે. તેથી શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી ભગવદીયના સંગનું પ્રયોજન સમજાવતાં આજ્ઞા કરે છે કે; "केवल अपने प्राणप्रेष्ठ जो श्रीठाकुरजी तिनकी वार्ताकरणार्थ भगवदीयको संग अवश्य करनो, निरपेक्ष भावसों करनो ।____ निवेदन को स्मरण तादृशीय वैष्णवसों मिलिकें करे तो हृदयमें मार्गस्फूर्त होय ।____ भगवदीयको संग प्रभुकूं मिलनके अर्थ करे और कछु लौकिक वैदिक चाहना न राखे ।"

જેલમાં બાપબેટાને પરસ્પરનો સત્સંગ છે અને તેથી એમનું નિવેદનનું સ્મરણ સદાબહાર રહે છે. એ બન્ને અભિમાનરહિત છે. જેલમાં ય એમનું અભિમાન ઘવાતું ન હોવાથી એમના મનમાં ક્યારેય એવો વિચાર નથી આવ્યો કે અમે પ્રભુનું આટલું સ્મરણ કરીએ છીએ, તો ય પરમાત્માએ અમને, જેલયાત્રાથી ન બચાવ્યાં. તેથી પ્રભુ પર એમને અભાવ



નથી, પણ ભક્તિભાવ સ્થિર છે. બાપબેટા કારાવાસને પોતાના પ્રારબ્ધની ફલશ્રુતિ માને છે અને ત્યાં રહીને પણ એ પ્રભુના અનુગ્રહ પર જ નિર્ભર રહે છે. બન્ને ગુસાંઈજીના કૃપાપાત્ર ભક્ત છે. દયારામભાઈ સમજાવે છે કે ભક્તને સંસારની પીડાનો સ્પર્શ ન થાય કારણકે; "ભક્ત તે ભક્તિ સ્વરૂપ છે તેને માયા ન પીડે લેશ."

કારાગૃહના પ્રસંગમાં પિતાપુત્રને વિવેકનું સ્વરૂપલક્ષણ સિદ્ધ છે. "विवेकस्तु हरिः सर्वं विजेच्छातः करिष्यति ." બન્નેના મનમાં સ્થિર થઈ ગયું છે કે પ્રભુ સર્વ નિજેચ્છાથી કરે છે અને ઠાકુરજીની આવી નિજેચ્છા સદા નિવેદિતાત્માના હિતમાં જ હોય છે. એ જાણે છે કે; "ઈચ્છે રુડું પ્રભુ જગતનું, તે કયમ કૂડું કરે નિજ દાસ."

વાર્તા કહે છે કે ચાચાજીના સંગથી બાપબેટાને "सगरो मार्ग आप ही स्फुर्यो ।" સાચા ભગવદીયના સંગનો આવો અતુલ પ્રતાપ કેમ છે તે પરમ ભગવદીય વલ્લભદાસજી સમજાવે છે; "जो श्रीठाकुरजी लीला परिकर सहित इनके (भगवदीयन के) वश है । और महाप्रभुजी हु इनके हृदयमें विराजमान है । तातें भगवदीयन कों संग सर्वथा करनो ।" રાજા રહુગણે વર્ષો સુધી દત્તાત્રેયજી પાસે જ્ઞાન પામ્યા, પણ એમને બોધ ન થયો. પરંતુ જલભેદગ્રંથ કથિત ઉત્તમ વક્તા એવા જડભરતજી પાસે રહુગણે ભક્તનું માહાત્મ્ય સાંભળ્યું ત્યારે એમનું કાર્ય સિદ્ધ થયું. ઉદ્ધવજીએ પણ મથુરામાં બિરાજતાં શ્રીકૃષ્ણનો સંગ છોડીને, કૃષ્ણના ગોપીશ સ્વરૂપને સમજવા, વ્રજની કોઈ ગુલ્મલતા કે તૃણ બનવાની ચાહના કરી છે, જેથી એમને વ્રજની ગોપીઓની ચરણ રજ મળે.

અહીં એટલું સમજવું અતિ આવશ્યક છે કે જે વખતે ગોપીજનો અને ઉદ્ધવજીએ સત્સંગનો મહોત્સવ માણ્યો, કે જેલમાં રહીને આ પિતા પુત્રએ, તે વખતે, બન્ને પક્ષની અહંતા અને મમતા તો કૃષ્ણસંગ જ જોડાયેલી છે, એક બીજામાં નહિ. આ દશામાં સત્સંગ ફલિત થાય છે એનું કારણ એ છે કે ભગવદીયના સંગથી વૈષ્ણવમાં સમર્પણનો ભાવ જાગે છે અને સમર્પણના ભાવની ફલશ્રુતિરૂપે એને પ્રભુમાં સ્નેહ આવે છે. પુષ્ટિજીવનું "મન" જયારે પ્રભુના સ્નેહમાં વિરમવા લાગે છે, ત્યારે સંકલ્પ વિકલ્પ કરનારું જીવનું મન, સર્વ વિકલ્પો છોડીને, પોતાના ઠાકુરજીના મનોરથો સંબંધિત સંકલ્પ કરતું થઈ જાય છે અને એના કારણે ચિંતા જેવા અન્ય વિકલ્પો એનાં મનમાંથી નિવૃત્ત થઈ જાય છે. પ્રભુના મનોરથોના આનંદ પાસે, ભક્તને એની ચિંતાનું દુ:ખ નહિવત્ લાગે છે, ક્ષુદ્ર લાગે છે, ઉપેક્ષણિય લાગે છે. આવી રીતે નવરત્ન ગ્રંથના બીજા શ્લોકમાં પણ બાપબેટાનાં "મન"નું શોધન છે.

સત્સંગ કોનો કરવો કે ન કરવો એ સંબંધિત મહાનુભાવી શ્રીહરિરાયચરણના ઉપદેશો વૈષ્ણવો માટે અતિ મનનીય હોવાથી, એ ઉપદેશોને મેં આ લેખ પૂરો થયા પછી લીધા છે. સત્સંગ અને દુ:સંગનું તારતમ્ય સમજાવતાં દયારામભાઈ ગાય છે; "દુષ્ટ સંગ તેને જાણિયે જે ભૂલાવે ભગવંત, સ્નેહ કરાવે શ્રીકૃષ્ણ શું, તે તો કહિયે સાચા સંત." તેથી, ભગવદીયનો સંગ ન મળતો હોય તો ય ચિંતા ન કરવી. શ્રીભાગવતજી, મહાપ્રભુજીના ગ્રંથો, અષ્ટસખાની વાણી, અષ્ટાક્ષર, ચોરાસી-બસોબાવન વૈષ્ણવોની વાર્તાનો સંગ કરવો. રોજની એક એક વાર્તાનો સંગ કરનારને ૩૬૫ દિવસનો અખંડિત



ભગવદીયનો સંગ મળતો જ રહે છે. અહીં એક વાત સમજવાની એ છે કે સારસ્વત કલ્પમાં ખગ, મૃગ, ગોપીને સાક્ષાત્ કૃષ્ણનો સંગ એમના "ભાવ"ને કારણે મળ્યો છે. આધુનિક કાલમાં ય સર્વાત્મના ભગવાનને શરણે જવાથી, **सर्वदा सर्वभावेन** કૃષ્ણ ભજન કરવાથી, પ્રભુના સુખનો વિચાર કરી ભગવત્સેવા કરવાથી, પુષ્ટિજીવને સત્સંગનું સાચું સ્વરૂપ એવા સાક્ષાત્ પ્રભુ ઉપલબ્ધ થાય છે. આવા વૈષ્ણવ સાથે પ્રભુ પણ સ્નેહ સંબંધથી જોડાઈ જાય છે. "**ऐसे परमकृपाल दयानिधि विसरत नाहीं सुद्धि करत सहाय ।**"

આ શ્લોકમાં **सर्वेश्वरश्च सर्वात्मा** એ "સંપ્રદાનની પ્રજ્ઞા" કેળવવા માટેના વિવેકનો ઉપદેશ છે. બાપબેટાને સદા સ્મરણ છે કે એમણે સર્વેશ્વર સર્વાત્માનું નિવેદન કર્યું છે. પ્રભુ સર્વરૂપ હોવાથી સર્વાત્મા છે અને સર્વ સામર્થ્યયુક્ત હોવાથી સર્વેશ્વર છે. તેથી પિતાપુત્રને ખ્યાલ આવી જાય છે કે એમને કારાગૃહમાં થતું દુ:ખ એમના આત્માના આત્મા એવા સર્વાત્મા પ્રભુને પણ થાય છે કારણ કે શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે તે પ્રમાણે; **मम स्वामी अति कोमलः ।** બાપ બેટાને એ પણ ખ્યાલમાં છે કે એમના સર્વાત્મા એવા પરમાત્મા સર્વેશ્વર હોવાથી એમના દુ:ખનું નિવારણ કરવા સંપૂર્ણ રીતે સક્ષમ છે. આ વિવેકના આધાર પર પિતા પુત્રએ પોતાની ચિંતાને નિરસ્ત કરી છે. એ જાણે છે કે "જે કરશે હરિ તે ભલું તાહરું, તું ધર દૃઢ વિશ્વાસ."

શ્લોક ૩જો :-

**सर्वेषां प्रभुसम्बन्धो न प्रत्येकमिति स्थितिः ।**
**अतोऽन्यविनियोगेऽपि चिन्ता का स्वस्य सोऽपि चेत् ॥**

છત્રીસમા શિક્ષાપત્રમાં હરિરાયજી આજ્ઞા કરે છે કે; "तहां कोई कहे जो अन्य विनियोग होत है, यह प्रभुकी सेवा टहल न बने तव तो चिंता करनी, तहां श्रीहरिरायजी कहत हैं जो हमारे श्रीवल्लभाचार्यजी परमकृपालु हैं सो नवरत्न ग्रन्थमें निरूपण किये हैं, जो अपनेतें अन्य विनियोग होय तवहू कछु चिंता न करनी, काहेतें जो येहू अपनो है तातें चिंता छोडि एक प्रभुको दृढ आश्रय हृदयमें राखनो ।"

પોતાના ધનનો અન્યવિનિયોગ ન થાય એના માટે પુત્ર, પિતાને જેલમાં કહે છે; "जो-अपुन यह द्रव्य देंइगे, सो राजा यह द्रव्य हू लेइगो और आपुन सों कहेगो, जो-और हू छह हजार भरोगे तव छूटन पाओगे । अपनो कर्यो वायदो राजा मानेगो नाहीं । तातें यह द्रव्य हू अपने हाथ सों जाइगो । और आपुन कों वह छोरेगो हू नाहीं । और यह तो जब अपनो भोग पूरन होइगो तव यह आपुन कों योंहि छोरि देइगो ।" ગ્રંથના ત્રીજા શ્લોકમાં અને બેટાની પિતા પ્રત્યેની આ ઉક્તિમાં "બુદ્ધિ"નું શોધન છે. ગ્રંથ કહે છે; "अतोऽन्य विनियोगेऽपि चिन्ता का स्वस्य सोऽपि चेत् ." પુત્ર, પિતાને સમજાવે છે કે આપણું દ્રવ્ય તો ઠાકુરજીનું છે. એનો અન્ય વિનિયોગ રાજામાં ન કરાવવો જોઈએ. વાર્તા કહે છે; "और यह घर कौ जो द्रव्य है, सो तो श्रीठाकुरजी कौ है । सो रिन कौ द्रव्य है । सो अपने माथे ब्रह्मरिन होइगो ।" ચાચાજીએ કરાવેલ નિવેદનના સ્મરણની આવી અદ્ભુત ફલશ્રુતિ છે. તેથી બાપ બેટા સમજી જાય છે કે નિવેદન કરતી વખતે, પ્રભુને સમર્પિત કરેલ વસ્તુમાં એમનું "ધનં" પણ સમાવિષ્ટ થઈ જાય છે તો પ્રભુની સત્તાની વસ્તુ રાજાને કેમ અપાય ? આ બન્ને ભગવદીયને આવી ઉત્કૃષ્ટ બુદ્ધિ પ્રભુએ આપી છે,



એટલે સદા દૈન્ય ભાવથી એ જાણે પ્રભુને વિનન્તી કરતા ન હોય;

"इतनी मांगत महाराज करजोरकें
जैसोहों तैसो कहाऊं तेरो ।
रसिक शिरकर धरो भवदुःख परिहरो
करो करुणा मोहि राख नेरो ॥"

सवेणां प्रभु सम्बन्धो માં એટલી બહુરંગતા (multidimension) છે કે શરૂઆતની દશામાં પરમાત્માને પોતાનો માનતો જીવ, ભક્તિની વૃદ્ધિ થતાં, પરમાત્મા, એ જીવને પોતાનો આત્મા માનતા થઈ જાય છે. બાપબેટાના આરાધ્ય કૃષ્ણ, આ બન્નેને, ગુસાંઈજીની કૃપાથી, પોતાના આત્મારૂપ માને છે. તેથી જ ચિંતા સમયના પ્રસંગમાં બાપબેટાનો આચાર્યચરણ અને પ્રભુચરણ પ્રત્યે કેવો ભાવ વિદ્યમાન હશે તેની ઝાંખી હરિરાયચરણના અઠ્ઠાવીસમા શિક્ષાપત્રમાં કરી લઈએ; "यह संसाररूप भवसागरके चिंतारूप जलमें मग्न पर्यो हों, तामें एक श्रीवल्लभाचार्यजी ही शरण है, यह उपाय है, श्रीमहाप्रभुजी अलौकिक अग्निरूप हैं सो एकक्षणमें सगरी चिंता संसारदुःख सब शोष लेयंगे, यह उपाय है ।" આમ મહાપ્રભુજી - ગુસાંઈજીના દૃઢ આશ્રય કરનારા વૈષ્ણવને, કૃષ્ણ, પોતાના આત્મા માને તે સ્વાભાવિક છે.

<u>શ્લોક ૪થો</u> :-

अज्ञानादथवा ज्ञानात् कृतमात्मनिवेदनम् ।
यैः कृष्णसात्कृतप्राणैस्तेषां का परिदेवना ॥

આ શ્લોકમાં આચાર્યજીનું આર્થિક અને વાચનિક ઉપદેશનું

combination છે. आत्मनिवेदनं कृतं तेषां का परिदेवना એમ મહાપ્રભુજી સમજાવે છે. અજ્ઞાનથી કે જ્ઞાનથી કૃષ્ણ સાથે આત્મનિવેદન થઈ ગયા પછી જીવે ચિંતા કેમ ન કરવી એનું રહસ્ય હરિરાયજી છત્રીસમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "जाको चित्त चिंता करिकें व्याकुल होव ताके हृदयमें सकल गुणयुक्त प्रभु कैसें आय वसे ? चिंता सकल दोषनकी माता है, जहां चिंता आई तहां सकल दोष आये, अब हृदयमें दोष आये तब सकल गुणयुक्त प्रभु कौन प्रकार आवे ? ताहीतें श्रीआचार्यजी महाप्रभु नवरत्न ग्रंथमें कहे हैं, "चिंता कापि न कार्या निवेदितात्मभिः कदापि." अपनो सगरो पदार्थ भगवानकों निवेदन कियो पाछें चिंता क्यों करत है ?"

આ શ્લોકમાં મહાપ્રભુજી જીવની "બુદ્ધિ"નું શોધન કરે છે તેથી વાર્તામાં બુદ્ધિથી પુત્ર, પિતાને સમજાવે છેકે; "तासों मेरी बुद्धि जो मानो तो यह हुंडी श्रीगुसांईजी कों याही प्रोहित के हाथ श्रीगोकुल में पठाइ देहु । और आपुन जब निवेदन करे हते, तब यह पढे, जो - गृहान्, दारान्, सुतान् यह सर्व समर्पन किये हैं ।" પુત્ર, પિતા પાસે પોતાનો ભાવ અભિવ્યક્ત કરે છે કે ગદ્યમંત્રમાં પંચાક્ષર બોલતી વખતે આપણે "કૃષ્ણ, હું તારો છું" એમ કહીએ છીએ. "તારો છું"નો અર્થ એમ થાય કે હે કૃષ્ણ, "હું તારા માટે છું." આમ કહીને વૈષ્ણવ, પ્રભુ માટે, પોતાના પ્રાણ પાથરે છે. ગ્રંથ કહે છે; "यैः कृष्णसात्कृतप्राणैः ." અહીં જીવના પ્રાણાધ્યાસની નિવૃત્તિ છે. પુત્રના પ્રાણ કૃષ્ણ સાથે જોડાયેલા હોવાથી એ પિતાને કહે છે કે હુંડી શ્રીગુસાંઈજીને મોકલી આપવી, રાજાને નહિ. પછી ભલે ને પાદશાહ એની શિક્ષામાં એમના પ્રાણ હરી લે. આવી રીતે પ્રભુ અને ભક્તના પ્રાણ જ્યારે એક થઈ જાય ત્યારે



એમની સ્થિતિ "એક પ્રાણ વપુ દોય" ની હોય છે. બાપ બેટાએ પોતાના પ્રાણ, પ્રભુ સાથે જોડયા છે. "हरिसों एक रस प्रीति रहीरी । तनमन प्राण समर्पण कीनो अपनो नेम व्रत लेनि वहीरी ।।" જેમના પ્રાણ કૃષ્ણસાત્ થઈ ગયા છે એવા બાપ બેટાને પોતાની ચિંતા ન જ રહે કારણ કે એમની ચિંતા કરવાવાળા એમના પ્રાણના પ્રાણ કૃષ્ણ સ્વયં છે.

પિતાપુત્ર જેવા ભગવદીયો, જેમણે कृष्णसात्कृतप्राणैः કર્યા છે, એમની મનસ્થિતિ સમજવા જેવી છે. બાપબેટાને એક વાતની સદા સ્ફૂર્તિ છે કે એમની જીવરૂપી ચેતનામાં પ્રભુએ એમને અનેક "સિદ્ધસાધનો" બક્ષ્યા છે. જેમકે શ્વાસ લેવું એ ભગવાને જીવને આપેલ એક "સિદ્ધસાધન" છે. પણ શ્વાસને એક મિનિટ રોકવો હોય તો એને પ્રાણાયામનું સાધન કરીને, સિદ્ધ કરવું પડે છે. અર્થાત્ શ્વાસ રોકવો એ "સિદ્ધસાધન" નથી પણ "સાધનસાધ્ય" છે. જે સાધનને આપણને પેદા કરવો પડે છે તે "સાધ્ય સાધન" છે. પરંતુ જે સાધનને પેદા કરવાની જરૂર નથી, પણ કેવલ વાપરવાની જરૂર છે તે "સિદ્ધસાધન" છે. ભગવદીયોમાં એક વિલક્ષણ સિફ્ત એ હોય છે કે એમની પાસે ઉપલબ્ધ રહેલા બધાંય "સિદ્ધસાધનો"ને, પ્રભુમાં કેવી રીતે channlise કરવા કે વાપરવાં, એની એમનામાં અદ્ભુત આવડત હોય છે. જેમકે આંખ દરેક પાસે available એવું "સિદ્ધસાધન" છે. પરંતુ ભક્તો એનો ઉપયોગ પ્રભુના દર્શન માટે કરે છે કે કાન નો ભગવત્કથા શ્રવણ માટે. આમ પ્રભુમાં channlise કે વિનીયુક્ત થતી સર્વ વસ્તુ, ભગવાને જ એમનામાં "સિદ્ધ સાધન" રૂપે પહેલાંથી સ્થાપિત કરી દીધી છે. એવો ઉત્કૃષ્ટ ભાવ પિતા પુત્રમાં અખંડિત હોવાથી, એમનામાં

નિ:સાધનતાનો ભાવ પ્લાવિત થઈ ગયો છે. વાસ્તવમાં તો એમનો નિ:સાધનતાનો ભાવ પણ "સિદ્ધસાધન" રૂપે જ સ્થિત થઈ ગયો છે, કારણકે પિતાપુત્રના અંત:કરણમાં એક વાત સુસ્થિર થઈ ગઈ છે કે એમનાં "સર્વ સિદ્ધસાધનો" નું મુખ્ય સ્રોત ભગવત્કૃપા છે. આવી ભગવત્કૃપાને કારણે વિલસી રહેલા બાપબેટાના પુષ્ટિજીવનનાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ પણ દૃષ્ટવ્ય છે. આચાર્યજીની વાણી એમનાં પુષ્ટિ જીવન જીવવાની ક્ષમતાનું અને અસ્મિતાનું પ્રમાણ છે. પિતાપુત્ર માટે અર્થ પ્રમેય ભગવાન કૃષ્ણ છે. સાધન શ્રીગુસાંઈજીની કૃપા છે અને ફલ कृष्णसात्कृतप्राणैः . અર્થાત્ એમના ભગવત્પ્રેમને એમણે, પોતાના પ્રાણ અને સર્વેન્દ્રિયના માધ્યમથી કૃષ્ણમાં channelise કે સમર્પિત કરી દીધાં હોવાને કારણે, એમની कृष्णसात्कृतप्राणैःની દશા પણ "સિદ્ધ સાધન"ની છે. જેના અંત:કરણની આવી અવસ્થા હોય, એવા અંત:કરણમાં ચિંતાને પ્રવેશ કરવાની જગ્યા જ ક્યાંથી હોઈ શકે ?

<u>શ્લોક પમો</u> :-

तथा निवेदने चिंता त्याज्या श्रीपुरुषोत्तमे ।
विनियोगेऽपि सा त्याज्या समर्थो हि हरिः स्वतः ॥

વૃથા ચિંતા એ મનના મોહનું કારણ થઈ પડે છે. જેમ કળશનાં છિદ્રમાંથી સર્વ જલ સ્રવી જાય છે તેમ વૃથા ચિંતાથી સર્વ આયુષ્ય ચાલ્યું જાય છે. હરિરાયજી આજ્ઞા કરે છે કે; "वृथा चिन्ता न कर्तव्या स्वमनोमोहकारणम् ." નવરત્નના આ શ્લોકમાં, ચિંતા ન થાય એના માટે "બુદ્ધિ"નું શોધન છે. પુત્ર, પિતાને કહે છે કે; "तातें यह द्रव्य दिये आपुन छूटनहार नाहीं । पाछें और हू राजा कों भरम परेगो । जो - इतनो द्रव्य दियो है तो और हू द्रव्य इन पास होइगो । तातें आपुन कौ राजा छोरेगो नाहीं ।" આ જ વાતનો ઉદ્‌ઘોષ કરતાં ગ્રંથ આજ્ઞા કરે છે; "तथा निवेदने चिन्ता त्याज्या श्रीपुरुषोत्तमे ।" આ સંબંધિત પિતાપુત્રનો ભાવ કેવો છે તેની ઝાંખી એકત્રીસમા શિક્ષાપત્રમાં કરી લઈએ; "अपने प्रभु पुष्टि पुरुषोत्तम हैं, सो यह लोक और परलोक संबंधी सगरी (भक्तनकी) चिंता करत है, तासों निश्चिंत रहनो ।"



પિતા પુત્ર જાણે છે કે આત્મનિવેદનના પથ પર અભિગમન કર્યું તેના પછી જીવ, પ્રભુ સુધી પહોંચી શકે કે નહિ, એની ચિંતા જીવને કરવાની જરૂર નથી. પ્રભુને પોતાની પાસે જીવને જયારે પહોંચાડવો હશે, ત્યારે તેને પહોંચાડવા ભગવાન સમર્થ છે. ગ્રંથ આજ્ઞા કરે છે; "समर्थोहि हरिः स्वतः ।" જે સમર્થ છે તે હરિ છે. જીવના દુ:ખને હરવાવાળા છે. આ સંદર્ભમાં છઠ્ઠા શિક્ષાપત્રમાં હરિરાયજી આજ્ઞા કરે છે; (कृष्ण) परम करुणाके निधि हैं अपने भक्तनको रंचक हू दुःख नांहि सहि सकत, ऐसे धर्म श्रीकृष्ण ही में हैं । और जीव असमर्थ हैं यह जीवको कियो कछु हू नांहि होत है ।" પિતા પુત્ર માને છે કે ભગવાનને અમને જેલમાં રાખવા છે તો એ સ્થિતિમાં ય પ્રભુ એમનું હિત જ કરી રહ્યા છે. આના પરથી પ્રત્યેક વૈષ્ણવને, મહાપ્રભુજીનો એવો ઉપદેશ મળે છે કે, જે પરિસ્થિતિમાં જીવ છે, તે સ્થિતિમાં જ એનું વરણ પણ એ પરિસ્થિતિ સાથે જ ઉપસ્થિત હોય છે. કારાવાસમાં પિતાપુત્રને એવો ઉત્કૃષ્ટ ભાવ છે કે આવા દુ:ખમય પ્રસંગમાં પણ, લાખ જન્મ લીધા પછી પણ ઉપલબ્ધ ન થાય, એવી નિ:સાધનતા, દીનતા અને ભગવદાશ્રયના પથ પર લઈ જવાની પ્રભુ એમના

પર કૃપા કરી રહ્યા છે. આવી રીતે positive mind (સકારાત્મક મન) રાખીને, ભગવદ્ઈચ્છાને ઝુકીને, પિતા પુત્ર સદા ભગવત્સમર્પિત રહે છે. એમના મનની સ્થિતિના ચિત્રાંકનનું છઠ્ઠા શિક્ષાપત્રમાં દર્શન કરી લઈએ. "और श्रीकृष्ण कृपालु है, अपने भक्तजन पर सदा कृपाही करत आये है और कृपा करेंगे ही, या भांति प्रभुको चिंतन करनो और श्रीकृष्ण विभु हैं सर्वसामर्थ्ययुक्त हैं काहू को दियो ऐश्वर्य नांही हैं ।"

<u>શ્લોક ૬ઠ્ઠો</u> :-

लोके स्वास्थ्यं तथा वेदे हरिस्तु न करिष्यति ।
पुष्टिमार्गस्थितो यस्मात् साक्षिणो भवताखिलाः ॥

આ શ્લોકમાં જીવના "ચિત્ત"નું શોધન છે અને પુત્રના સંગથી પિતાનું ચિત્ત સુવ્યવસ્થિત થઈ ગયું છે. તેથી બાપ, બેટાને હવે કહે છે; "तातें अब यह सगरो द्रव्य तो सवारे श्रीगोकुल श्रीगुसांईजी कों पठावनो । और आपुन के जब भोग पूरन होंइगे, तब छूटेहींगे । नॉतरू इहांइ मरेंगे ।" પિતાના ચિત્તમાંથી ચિંતાનું નિવારણ થઈ ગયું છે એટલે શ્રીગુસાંઈજીને હુંડી મોકલી આપે છે. પોતે આજીવન જેલમાં રહેવાનો સંકલ્પ કરે છે. धैर्यम् आमृतेः નું આ અદ્ભુત દૃષ્ટાંત છે. પિતા હવે સમજી જાય છે કે બાપ બેટાને પ્રભુ સંસારમાંથી છોડાવવાની આવી લીલા કરી રહ્યા છે. તેથી મહાપ્રભુજી ગ્રંથમાં આજ્ઞા કરે છે કે लोके स्वास्थ्यं तथा वेदे हरिस्तु न करिष्यति
પિતાપુત્રને દૃઢ વિશ્વાસ આવી ગયો છે કે પ્રભુએ એમને પોતાના માન્યા છે, એટલે બન્નેને, ઠાકુરજી સંસારસાગરમાંથી બહાર ખેંચી રહ્યા છે. કારાવાસ દ્વારા એમના અપરાધની નિવૃત્તિ કરાવી રહ્યા છે. આવી ઉત્કૃષ્ટ ભાવના સિદ્ધ થાય એની



પછવાડે રહેલ માનસિક અભિગમને હરિરાયજી છઠ્ઠા શિક્ષાપત્રમાં સમજાવે છે; "मन जहां लौकिकमें लगे सो प्रभु दूरी करत है तब यह जीव स्वभावतें अनेक भांतिके दुःख पावत है परंतु प्रभु वाकूं लौकिक अर्थ देत नांही । सो लौकिक दृष्टांत सूं कहत है । जैसें अज्ञानी बालक होय सो खेलिवे के लिये सर्पकों पकरिवेको दौरत है, यह नांही जानत जो यह काल है, काटेगो । सो बालक तो अज्ञानी है, परंतु मातापिता को पुत्रमें सहजही स्नेह है, तासों सर्पकों पकरन नांही देत है, वह, कालरूप सर्पतें निवृत्त ही करत हैं तैसें ही यह जीव संसारकों सुखरूप मानि रह्यो है परंतु प्रभुको स्नेह भक्त पर है, कृपा करि संसारतें छुडावनो है, तातें संसार सुख में लागत नांहि देत हैं ।"

આ પ્રકારની માનસિક પરિસ્થિતિ નિર્માણ થઈ જવાથી, પિતાપુત્રને, મહાપ્રભુજીને અભીપ્સિત એવો, સંસાર માટે "સાક્ષિ"ભાવ સિદ્ધ થઈ જાય છે. ગ્રંથ કહે; "साक्षिणो भवताखिलाः." સાક્ષિભાવની મસ્તીમાં પિતા, પુત્રને કહે છે; "तो परलोक में तो कछू बाधा नाहीं । यासों तू धन्य है । जो - तू मेरो याहू समै में धर्म राख्यो ।" "परलोक में कछू बाधा नाहीं" કહેવાવાળા પિતાપુત્રમાં સિદ્ધ થયેલ સાક્ષિભાવ અરસાત્મક નથી, પણ લીલાત્મક રસસભર છે. આ ભાવનો વિલાસ પરમાનંદદાસજીની વાણીથી સમજીએ;

"जो मेरे यहलोक जायगो और परलोक नशायरी ।
नंदनंदनको तोऊ न छाँडू मिलूंगी निशान बजायरी ॥"

પિતાપુત્ર સમજી ગયા છે કે પ્રભુ, એમની સાથે આચાર્યજીના

પુષ્ટિમાર્ગથી બંધાયા છે એટલે એમને ભગવાન ક્યારેય લોક અને વેદમાં સ્વસ્થ નહિ થવા દે. અર્થાત્ પ્રવાહ કે મર્યાદામાર્ગમાં નહિ જવા દે. ઠાકુરજી, કૃપાપાત્ર જીવને "પ્રોબ્લેમ"થી ભરી દઈને, એને ભગવદાશ્રયથી અતિરિક્ત બીજા બધાય આશ્રયમાંથી છોડાવી દે છે. એ જ પ્રભુની જીવ પ્રત્યેની અતુલ કૃપા અને આસક્તિ છે. ઠાકુરજી પોતાના જીવ માટે બહુ જ possesive છે. બીજે ક્યાંક એનું મન ભટકે તે ભગવાન માટે અસહ્ય છે.

આ સંદર્ભમાં શ્રીનાથજી સ્વયં દયારામભાઈને આજ્ઞા કરે છે કે; "જેના પર મારો અતિ અનુગ્રહ છે, તેવા જીવને અનેક દુઃખ વેઠવાં પડે છે." પિતાપુત્ર આ વાતને સમજે છે. આ સંબંધિત શ્રીમુખનાં વચનોને દયારામભાઈ, "શ્રીમુખ બોલ્યા શ્રીહરિ"માં આવી રીતે સમજાવે છે.

"શ્રીમુખ બોલ્યા શ્રીહરિ હોય જેને અતિશય અનુગ્રહ મારો રે ।
તેને અહીં સ્વપ્ને સુખ નહીં એ છે મૂળથી મારો ધારો રે ॥
મહાવ્યાધિ તેનું તન પીડે, પરદેશે ભટકાવું રે ।
સુહૃદ બંધુ વેર કરાવું, વિનતી ન મનમાં લાવું રે ॥
નિંદાવું અપમાન કરાવું, ચિત્ત ઉદ્વેગ ઉઠાવું રે ।
ધન હાનિ લૌકિક કલેશ બહુ, કષ્ટ કરી જીવાડું રે ॥
સંચિતને ક્રિયમાણ દોષ, પ્રારબ્ધ ન સંભવે જેને રે ।
કુન્તી સુત અતિ વલ્લભ મુજને, જુઓ અતિ દુઃખ તેનેરે ॥
કરું ન થવાનું થવું મટાડું, હું સ્વતંત્ર સહુ ભાંતે રે ।
તદપિ નિજજન અહિત કદાપિ જ ન કરું કોઈ વાતે રે ॥
મુજ ઈચ્છા નહીં શાસ્ત્ર નિયામક મને ગમ્યું તે ન્યાય રે ।
કુકૃતિ ભક્ત કદિ નિજરુચિ માનું, અવળું સવળું થાય રે ॥



હું સર્વજ્ઞ કામ કર્માદિક, મુજ આધિન લ્યો જાણીરે ।
"દયા પ્રીતમ" કહે શ્રીવલ્લભજન નહીં દુભવું ધ્રુવ વાણીરે ॥"

પ્રભુએ જે જીવને પોતાનો માન્યો છે, એને લોક અને વેદમાં ભગવાન કેમ સ્વસ્થ થવા દેતાં નહિ હોય, એના થોડાક દૃષ્ટાંતોના અનુમાન કરીશું, તો આપણને ખ્યાલ આવશે કે ઠાકુરજી પોતાના જન સાથે કેવો નિકટનો સંબંધ અને સ્નેહ ધરાવે છે. જેમકે, પુષ્ટિસ્થ જીવનું અપરિપકવ મન સંસારના સુખમાં ઓતપ્રોત ન થઈ જાય એના માટે, એના દુઃખનું નિવારણ પ્રભુ ક્યારેક જલદી નથી કરતાં. આમ વિલંબ કરીને, પ્રભુ, જીવની સંસારાત્મક અહંતા મમતાને પણ ઘટાડી દે છે અને ક્યારેક એના મમતાના વિષયોમાં એને વૈરાગ્ય આવી જાય એવું ય કષ્ટ અપાવે છે. લાંબા ગાળાનું દુઃખ ભોગવવાથી, જીવના સ્વભાવમાં પરિવર્તન અને પરિપકવતા આવી જાય છે, જે એને સાક્ષિભાવ માટે બહુ જ અનુકૂલ બને છે. વિપરીત સંજોગોમાં પણ પ્રભુનો આશ્રય જે જીવ છોડતો નથી, એવા વૈષ્ણવ માટે પ્રભુને બહુ જ પ્યાર આવી જાય છે. ઠાકુરજીને સેવક માટે પ્યાર આવી જાય, એનાથી વધારે, વૈષ્ણવ કયા પ્રસંગમાં વિશેષ કૃતકૃત્યતા અનુભવશે ! પ્રભુમાં આશ્રય સિદ્ધ થાય ત્યારે જીવને "વિવેક અને ધૈર્ય" સહેજ સંપાદન થઈ જાય છે. તદુપરાંત, દુઃખમાં દંડ આપીને પ્રભુ જીવના અપરાધ નિવૃત્ત કરે છે. આવી રીતે શ્રીઠાકુરજી પોતાના જનનું કયારે ય અહિત થવા નથી દેતાં અને હિત જ કરે છે એવી શ્રીકૃષ્ણની દયારામભાઈ પ્રતિ ધ્રુવવાણી છે. બહુ દુઃખ વેઠયા પછી જીવ ભૂતલ પર બીજીવાર આવવાનું

નામ લેતો નથી. સદાય પ્રભુનાં ચરણારવિંદના સાન્નિધ્યમાં સ્થાન મળે અને ભગવત્સેવા મળે એવી ચાહનાવાળો એ થઈ જાય છે. That's what Thakurji wants. પ્રભુને એ જ જોઈએ છે. દુ:ખી જીવ, પ્રભુને યાદ કરે છે, ત્યારે ભગવાન એને દયાનિધિ સ્વરૂપથી પ્રતિસાદ આપે છે.

પોતાના જનને દુ:ખ આપવા પાછળ ઠાકુરજીનો હેતુ એ છે કે જીવ, સંસારનો આનંદ છોડી પ્રભુનાં સ્વરૂપાનંદનું પાન કરે. આ જ રહસ્યને પિતાપુત્ર જાણે છે અને આ જ રહસ્યને સમજાવતાં હરિરાયજી એકતાલીસમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે; "लौकिक आर्ति न राखे, काहेतें जो प्रभु लौकिकमें स्वस्थता करें तो जीव बहिर्मुख होय जाय, तातें आप कुणानिधि हैं, सो लौकिकमें स्नेह छुडाय अपनेमें लगावत हैं । जब अपने में चित्त लग्यो देखें तब प्रभुमें स्वरूपानंदको अनुभव करावे, तातें सर्व छोडिके एक प्रभुमें ही स्नेह जोडे ।"

શ્લોક ૭મો :-

सेवाकृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया ।
अतः सेवापरं चित्तं विधाय स्थीयतां सुखम् ॥

ગ્રંથ કહે છે; "सेवाकृतिर्गुरोराज्ञा ." પોતાના ચિત્તનું શોધન થઈ ગયું હોવાથી પિતાપુત્ર, ગુરુની આજ્ઞા પર નિર્ભર રહીને, પુરોહિતને કહે છે; "तातें तुम यह हुंडी चांपाभाई भंडारी कों सौंपि आओ ।" અને શ્રીગુસાંઈજી એમની આ સેવાને કેવી રીતે અંગીકાર કરે છે તેની વાટ જુએ છે. વાર્તા તુરત જ કહે છે; "तब तो श्रीगुसांईजी ने चांपाभाई सों कही, जो - अब तो यह द्रव्य भंडार में राखो ।" પરગણાથી કમાયેલ ધનનો



ભગવદ્વિનિયોગ કરાવવાની પિતાપુત્રની તત્પરતા પર વાર્તા પ્રકાશ પાડે છે; "और वे कितनो द्रव्य प्रतिवर्ष श्रीगुसांईजी कों पठावते ।" "सेवाकृतिर्गुरोराज्ञा"ના સંદર્ભમાં હરિરાયજી વીસમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે. "आनंदरूप भगवानकी सेवाहू निर्दोष आनंदरूप है, और दोषके अभावकों साधिवेवारी है ।"

વાસ્તવમાં આ પિતાપુત્ર જેલમાં હોય, સ્વગૃહમાં હોય કે પરગણા માટે પરદેશ જતા હોય, તો પણ એમના જીવનનો પ્રત્યેક ક્રિયાકલાપ ભક્તિના અંગરૂપે જ રહે છે. ભક્તિના અનુભાવરૂપે એમની હુંડી મોકલવાની ભગવત્સેવા હોવાથી, એમની પ્રત્યેક ક્રિયામાં કેવલ ભક્તિની જ સોડમ આવે છે. દયારામભાઈએ એમના પદમાં જેવું વર્ણન કર્યું છે તેવી યથાવત્ પુષ્ટિભક્તિમાર્ગીય સ્થિતિ આ બાપબેટાની છે.

"ચિત્ત પરસ્પર જારનું વળગ્યું રહે ત્યાંનું ત્યાંહ,
ત્યાહાં તેમ ચિત્ત પ્રભુમાં નિત્ય દેવું સંસારમાં સાક્ષિવત્ રહેવું."

શ્લોક ૮મો :-

चित्तोद्वेगं विधायापि हरिर्यद्यत्करिष्यति ।
तथैव तस्य लीलेति मत्वा चिन्तां द्रुतं त्यजेत् ॥

નવરત્ન ગ્રંથના પહેલા છ શ્લોકો જીવને "વિવેક"નું ઉદ્બોધન કરે છે, તો આ શ્લોક એના "ધૈર્ય"નું. આ શ્લોકમાં જીવના ઉદ્વેગને નિવારવા મહાપ્રભુજી "આંતરિકોપાયોપદેશ" આપે છે. ગ્રંથ કહે છે કે ચિત્તનો ઉદ્વેગ વધારવા હરિ જે જે કરે છે એને પ્રભુની લીલા સમજવી. Paradoxically, આ વાર્તામાં, હરિ એવા શ્રીગુસાંઈજી, પિતાપુત્રના ઉદ્વેગનું નિવારણ કરવા ચાચાજીને

બિરબલ પાસે મોકલે છે. તો આ બાપ બેટા, મહાપ્રભુજીના સિદ્ધાંત પર મુસ્તાક થઈને એવું પગલું લે છે, જે જેલમાં રહેતાં કોઈપણ માણસના ચિત્તનો ઉદ્વેગ અવશ્ય વધારે. વાર્તા કહે છે; "पाछें इन वैष्णवन अपने मनमें विचार कर्‍यो । जो - या पत्रमें श्रीगुसांईजी यह लिखे बिरबल कों, जो - ये दोऊ कायस्थ हमारे हैं । तासों बीरबल कौन है ? ताकों यह पत्र दीजिये ? सो उनन वा पत्र कौ माथे चढाय कै समाचार बांचि कै उहांई दुबकायो ।" ભાવપ્રકાશમાં હરિરાયચરણ આજ્ઞા કરે છે કે; "काहे तें ? जो श्रीगुसांईजी बीरबल कों पत्र में लिख्यो, जो हम रिन काढि कै तुम कों बीस हजार रुपया चुकाई देइंगे । सो यामें प्रभुन कों श्रम होंई । तातें हमारो धर्म रहे नाहीं । यों जानि इन बाप बेटाननें श्रीगुसांईजी कौ पत्र दुबकाय दियो ।" આ વાતની શ્રીવિઠ્ઠલેશપ્રભુને જાણ થાય છે ત્યારે આચાર્યજીના સિદ્ધાંતની અસ્મિતાને જીવંત રીતે જીવતા આ પિતાપુત્ર પર આપ બહુ જ પ્રસન્ન થાય છે. એના પહેલાં પણ, પિતાપુત્રએ, હુંડી જયારે પુરોહિત દ્વારા ગુસાંઈજીને મોકલી આપી, ત્યારે પણ એમણે, નિવેદિતાત્માને દેદીપ્યમાન કરે એવી પુષ્ટિભક્તિમાર્ગીય અસ્મિતાનાં પ્રકટ દર્શન કરાવેલ છે. આચાર્યજીના સિદ્ધાંતને ગૌરવથી જીવતા બાપબેટાને, સદાનંદ કૃષ્ણની સદા આનંદાનુભૂતિ છે અને એના આવેશમાં પોતે પણ આનંદસ્વરૂપ બની ગયા છે. એના કારણે પિતા પુત્ર, જેલમાં હોય કે મહેલમાં, એમાં એમને ફરક પડતો નથી. કારાવાસ રૂપી એમને જે દંડ મળ્યો છે એને પણ આ બન્ને ભગવદ્ અનુગ્રહ માને છે. જેલમાં રહીને બાપબેટાની મનસ્થિતિ કેવી હશે તેનાં દર્શન છઠ્ઠા શિક્ષાપત્રમાં કરી



લઈએ. "अपने स्वकीयकों प्रभु दंड दिये सोहू अनुग्रह जानि मनमें सुखी हैं ? तातें जहां जहां हमतें अपराध परे तहां तहां सुखेन दंड देनो उचित है । या बातमें हम मनमें सुखी हैं या भांति भगवदीय अपने प्रभुको अनुग्रह जाने । यह दुःख हू अनुग्रहरूप जानि प्रभुकों गुण अपने हृदय में धरे ।"

<u>શ્લોક ૯મો</u> :-

तस्मात् सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ।
वदद्‌भिरेव सततं स्थेयम् इत्येव मे मतिः ॥

આ શ્લોકમાં અહંકારનું શોધન છે. હરિરાયજી પાંચમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે અષ્ટાક્ષર મહામંત્રનો સર્વભાવથી ઉચ્ચાર કરવાથી, જીવનાં સર્વ કાર્ય સિદ્ધ થાય છે. अष्टाक्षरमहामन्त्रो वक्तव्य इति निश्चयः । सर्वदा सर्वभावेन तेन सर्वं भविष्यति ॥ કૃષ્ણનાં શરણમાં આવવાથી પ્રભુનું માહાત્મ્ય પોતે સમજાઈ જાય છે. "શ્રીકૃષ્ણ: શરણં મમ"નો સતત પાઠ કરવાથી, શરણ ભાવના, વાણી દ્વારા મનમાં અને બુદ્ધિ દ્વારા અહંકાર અને ચિત્તમાં જાય છે. એના કારણે બાપબેટાને એવો ભાવ સિદ્ધ થઈ ગયો છે કે એ જે કર્મ કરે છે તે પ્રભુ કરાવે છે અને કર્મના ફલ લાભ અલાભ પણ પ્રભુની ઈચ્છાથી થાય છે. આવી ભાવનાથી એમને કૃષ્ણનો આશ્રય દૃઢીભૂત થઈ થયો છે. અષ્ટાક્ષરના જપથી પિતાપુત્રની અહંતાનું શોધન થઈ ગયું છે અને એના કારણે એમનામાં દીનતા પ્રકટ થઈ ગઈ છે. બન્નેની અષ્ટાક્ષરમંત્ર જનિત દીનતાનો નિર્દેશ કરતાં વાર્તા કહે છે; "या प्रकार बोहोत ही बिनती उनने प्रभुन आगें करी । तब ता ऊपर श्रीगुसांईजी बोहोत ही प्रसन्न भए ।"

અષ્ટાક્ષર મંત્રનો જપ કરતી વખતે પિતાપુત્રને એમ લાગે છે કે પોતે સર્વસાધન રહિત છે, પરાધીન છે, પોતાના અપરાધનો ભોગ ભોગવી રહેતા એ દીન છે. એવા દૈન્ય ભાવથી એ શ્રીકૃષ્ણને વિનન્તી કરે છે કે; "આપ સ્વયં અમારું શરણ (ગૃહ/પોષણ) થાવ." કારણકે અમે આપનું શરણ પોતે લઈ શકીએ એવું સામર્થ અમારામાં નથી. અર્થાત્ અષ્ટાક્ષર મંત્રમાં નિ:સાધનતાની ભાવના ભરચક છે. "सर्वसाधनहीनस्य पराधीनस्य सर्वतः । पापपीनस्य दीनस्य श्रीकृष्णः शरणं मम ॥" આમ અષ્ટાક્ષર મંત્રના સતત જપથી બાપબેટા જેલમાં પણ નિશ્ચિંત છે અને એમને આ લોક કે પરલોકની ચિંતા નથી. આ સંદર્ભમાં વીસમા શિક્ષપત્રમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે; "श्रीगुसांईजी विज्ञप्ति में कहे हैं, "यदुक्तं तातचरणैः "श्रीकृष्णः शरणं मम ।" तत एवास्ति नैश्चिंत्यमैहिके पारलौकिके ॥" (जो अष्टाक्षमंत्र कह्यो हे तासों ही यह लोक और परलोक संबंधी सर्वमें निश्चिंतता है)."

અષ્ટાક્ષર મંત્રમાં "श्री" સ્વામિનીભાવાત્મક છે. "कृष्" કૃષ્ણની સત્તાવાચક અને "ण"માં પ્રભુનું આનંદ પ્રાચુર્ય છે. "शरणं मम"માં "श" અક્ષર જીવના દુ:ખ દુર કરે છે. "र" પ્રભુની લીલા સંબંધી જ્ઞાન આપે છે. "णं"થી કૃષ્ણમાં ભક્તિ થાય છે. "म"થી ગુરુમાં પ્રીતિ. છેલ્લો "म" અક્ષર ભક્તિમાર્ગીય સાયુજ્ય પ્રાપ્ત કરાવે છે. ભગવત્સેવા કરનારને અષ્ટાક્ષરનો જપ, કૃષ્ણના સંયોગનું સુખ, વિરહનું દુ:ખ અને પ્રભુની રમણસ્થલીનો અનુભવ કરાવે છે.

કૃષ્ણની પ્રપત્તિની દૃષ્ટિથી જોઈએ તો આ પિતાપુત્રને પ્રભુની માનસિક, કાયિક, વાચિક શરણભાવના સિદ્ધ થઈ ગઈ છે. આ એમનું ત્રીશરણ છે અને તેથી એમને શરણાગતિનો



સર્વાત્મભાવ સિદ્ધ છે. એમની ચિંતારહિત અવસ્થામાં આ બન્ને, જેલમાં ય પ્રભુની લીલાભાવના અનાયાસ કરી શકે છે. એમની કૃષ્ણ ભક્તિ એમને કૃષ્ણની સ્વરૂપભાવનામાં અભિનિવેશ કરાવે છે. પિતાપુત્રના શુદ્ધ ભાવને કારણે, એમને કારાવાસમાં ય કૃષ્ણ વિરહ થાય છે અને આવો વિપ્રયોગ બન્નેને પ્રભુની વિવિધ ભાવનાઓમાં અભિગમન કરાવે છે. આ બાપબેટાના શુદ્ધ ભાવને મહોર મારતાં વાર્તા કહે છે; "श्रीगुसांईजी उनकौ ऐसो सुद्ध भाव जानि कै प्रभु उन ऊपर बोहोत प्रसन्न भए ।" આ પિતાપુત્ર કેવા શુદ્ધભાવથી અષ્ટાક્ષર મંત્રનો જપ કરે છે, જેના કારણે, એમની કૃષ્ણવિરહ ભાવના પ્રજવલિત રહે છે, એનું રહસ્ય હરિરાયજી બારમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "हा कृष्ण ! श्रीकृष्णनाम फलात्मक है, सर्व वेदस्मृतिको सार, सो व्रजभक्त श्रीकृष्ण यह नामको स्मरण जप करत हैं, ताहीतें श्रीआचार्यजी महाप्रभुजी हू अष्टाक्षर - पंचाक्षरमें यह ही सर्वोपरि श्रीकृष्णको शरण बतायो है, विरह करि हा कृष्ण ! कहे । हा सदानंद ! तुम तो सदा आनंदरूप एक रस हो सो हमकों आनंद देहो ।"

નવરત્ન ગ્રંથને સહજતાથી અને જીવંત રીતે જીવતા આ પિતાપુત્ર માટે વાર્તા અંતમાં કહે છે; "तातें उनकी वार्ता को पार नाही, सो कहां तांई कहिए ।" ગુસાંઈજીના કૃપાપાત્ર આ બાપબેટાના ભાવની ગહેરાઈના દર્શન, કૃષ્ણદાસજીની વાણીમાં કરી લઈએ.

"કૃષ્ણ શ્રીકૃષ્ણ શરણં મમ ઉચ્ચરે ।
રૈન દિન નિત્ય પ્રતિ સદા પલ છીન ઘડી,
કરત વિધ્વંસ જન અખિલ અઘ પરીહરે ॥___કૃષ્ણ શ્રીકૃષ્ણ

હોત હરિરુપ વૃજભૂપ ભાવે સદા,
અગમ ભવસિંધુ કો બીના સાધન તરે ।
રહત નિશદિવસ આનંદ ઉરમેં ભરે,
પુષ્ટિ લીલા સકલ સાર ઉરમેં ધરે ॥___કૃષ્ણ શ્રીકૃષ્ણ
રમા અજ શિવ શેષ સનકાદિ શુક શારદા,
વ્યાસનારદ રટે પલ મુખ ના ટરે ॥
લાલ ગિરિધરન કી મહિમા અતુલ ઝગમગે,
શરણ કૃષ્ણદાસ નિગમ નેતિ નેતિ કહે ॥___કૃષ્ણ શ્રીકૃષ્ણ"

......................

"નવરત્ન" ગ્રંથ અનુસાર શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણની અવલોકનીય વાણી :-

(१) अब भगवदीय के लक्षण कहत हैं - श्री आचार्यजी के चरणारविंद को आश्रय जिनकूं दृढ होय । अनन्यभक्ति करवेवारे (अन्याश्रय रहित), संतोषवारे, काम लोभतें वर्जित, निरपेक्ष (जाकू काहूकी अभिलाषा नांही), विरक्त (भगवच्चरणारविंद विना और सर्वतें आसक्ति रहित) सर्व प्राणिमात्रके हितमें प्रीतिवारे । ईर्ष्यारहित, प्रभुकी सेवाकथादिक में आदर करिवेवारे ऐसे भगवदीय मिले तो विनके संगतेंहू विशेष फल है ।

(२) भगवदीयको संग प्रभुकूं मिलनके अर्थ करे और कछु लौकिक वैदिक चाहना न राखे । संग न होय अष्टप्रहर चित्त भगवल्लीलामें लग्यो रहे तो प्रभु कृपा करें ।

(3) दृष्टके संगको त्याग करे, काहेतें जो दुष्टके संगतें बुद्धि



बिगरे, असमर्पित खाय अन्याश्रयहू करे, तातें दोषको मूल दुष्टसंग है ताको त्याग करे और श्रीआचार्यजी महाप्रभुजीके चरणारविंदको आश्रय करे, और पुष्टिमार्गीय भगवदीयको संग करे और पुष्टिमार्गीयकी रीति प्रमाण मार्गमें स्थित होय, गुरु कहे ता प्रमाण क्रिया सब करे, यह पांचो प्रकार स्नेहयुक्त करे ।

(४) जब निरंतर भगवदीयको संग होय, कृष्णकी कथा, कृष्णकी लीला, प्रीतिसों सुनें, नित्य श्रीकृष्णकी सेवा करे, सो जो भगवदीय आपहू भगवत्सेवा करत होय, कथा लीला सुनत होय, ऐसो भगवदीय होय, आपहू करे औरकों बतावें, ताकों संग करे । जैसें भिंज्यो कपरा होय, सो सूकें कपराकों भिंजावे तैसेंही आपु भगवद्धर्ममें तत्पर होय औरहूकों तत्पर करे ।

(५) तातें पुष्टिमार्गतें विपरीत कृतिवारेको संग सर्वथा न करे ।

(६) भगवदीय श्रीआचार्यजीके वचन अनुसार चलत हैं, श्रीआचार्यजी महाप्रभुके वचनमें जिनकी पूर्ण निष्ठा है, ऐसेनको संग करे और सर्वको त्याग करे । जो ऐसे भगवदीय मिले तो संग करे, नांही तो सर्वसंग छोडिकें भगवत्सेवास्मरण मार्गरीति प्रमाण करे, परंतु अन्यको संग सर्वथा न करे ।

(७) भगवदीयके संग विना पंचाक्षरभाव प्रकट न होय ।

(८) अपने भगवद्भावरूप बालककी रक्षार्थ डाकिनीरूप

दुःसंग त्याग करे, तातें वैष्णवकों दुःसंग बोहोत ही बाधक है, तासों सर्व भाव जाय, यह जानिके दुःसंगतें अहर्निश डरपत रहे, तो भावकी वृद्धि होय ।

(૯) ભગવદીયના લક્ષણ :-

पुष्टिमार्गीय भगवदीय कैसो होय, जाकों कछु अपेक्षा नांही होय, हृदयमें पूर्णकाम होय, लौकिक वैदिक कछुहू चाहना न होय, चतुष्टय मुक्तिपर्यंत चाहना न होय ऐसो निरपेक्ष होय और एक श्रीकृष्णको दास होय, अन्यदेव तथा प्रभुके अन्य अवतार तिन सबनमेंतें एक श्रीकृष्णमें अनन्य भाव होय, और अपने श्रीआचार्यजी महाप्रभुजीके चरणकमलको आश्रय मनमें दृढ होय और श्रीभागवतको तत्त्व जो श्रीसुबोधिनी जो निबंध, ताको ज्ञान होय, ऐसे भगवदीय मिले तिनहीको संग कर्तव्य है । या कालमें ऐसे भगवदीय मिलने परम दुर्लभ हैं, तातें ऐसे भगवदीय न मिले तो अन्यको संग मति करियो । जो ऐसे भगवदीय न मिले तो शरणमंत्र अष्टाक्षर महामंत्र (श्रीकृष्णः शरणं मम) याको जप करे, शरणकी भावना करे, ताहीकरि सकल कार्य सिद्ध होयगो, सो शरणमंत्र हू श्रीआचार्यजी द्वारा शरण आवे तब सिद्ध होय, सो श्रीगुसांईजी विज्ञप्तिमें कहे हैं "यदुक्तं तातचरणैः श्रीकृष्णः शरणं ममः । तत एवास्ति नैश्चिंत्यमैहिके पारलौकिके ।" श्रीगुसांईजी कहत हैं जो हमारे तातचरण श्रीआचार्यजी महाप्रभुजीनें उक्त नाममंत्र प्रकट कियो ताकरि यह लोक और परलोकमें सर्वकार्यमें हम निश्चिंत हैं, इत्यादि वचनकों विचारि,



श्रीमहाप्रभुजीके शरण होय अष्टाक्षरकी भावना करे तो निश्चय सगरे कार्य होय ।

(१०) दुःसंगदोषतें जीव निश्चय श्रीभगवानतें बहिर्मुख होय जाय । या भांति कोई कहे तहां कहत हैं जो शुद्ध मन सुन्दर बुद्धि होय, ताहूको चित्त दुष्ट पापीके संगतें एकक्षणमें भ्रष्ट होय जाय, ऐसो दुःसंग बाधक है । या भांति रंचकहू अन्य संबंध होय तो गरो कटे, तातें दुष्टके संगतें बुद्धि भ्रष्ट होत है ।

(११) पुष्टिमार्गीय भगवदीयके संग निवेदनको स्मरण करे और अन्यमार्गीय आछो होय तोहू वाको संग न करे ।

(१२) बुद्धि उत्तम और पूर्णविश्वास तो तब होय, जब अष्टप्रहर निवेदन को चिंतन करे, अष्टाक्षर, और शरण की भावना करे, गद्यमें कहा निवेदन कियो है ? या भांति पंचाक्षरमें प्रभुही गति है, या भांति निवेदन कों चिंतन होय तो बुद्धि प्रबल उत्तम होय, तब विश्वास संपूर्ण होय ।

(१३) तहां दृष्टांत देत हैं जो जाके रोग होय सो तिक्त औषधिकों खात है, यद्यपि औषध बहुत करूई है सोही रोगी रोगनिवृत्यर्थ प्रीतिसों खात है, तैसें ही जाकों संसाररूप काम, क्रोध, मद, मत्सरादि सबनको रोगसदृश ज्ञान भयो है सो रोगनिवृत्तकरणार्थ लौकिकार्ति कों सहन करि परमानंदके चिंतनरूप औषध खाय तब प्रभु कृपा करि सगरो दुःख निवृत्त करे, तातें लौकिकार्ति छोडिके प्रभुके विप्रयोगको चिंतन करे तब प्रभु प्रसन्न होय ।

(१४) अपने भक्तनको अहित हरि सर्वथा नांही करत है काहेतें जो समस्त जगतके सखा हैं सो अपने भक्तनको सखा कैसें न होय ?

(१५) श्रीहरिरायजी यह जताये जो यह कलिकालमें श्रीआचार्यजीके चरणकमलको आश्रय किये हैं तिनकों तो सर्व फलकी सिद्धि होयगी और जिनके श्रीआचार्यजीके चरणकमलको आश्रय नांही है, सो कोटानकोटि साधन करो परंतु संगदोष कालदोषतें विषयावेशकरि चक्रारूढकी नांई भ्रमेगो, उनको कछु फलसिद्धि नांही है । (સત્સંગ ન મળે તો આચાર્યજીની વાણીનું અવગાહન અને ચોરાસી-બસોબાવન વૈષ્ણવનો સંગ કરવો.)

(१६) प्रभु लौकिक अलौकिक सर्व सिद्ध करे, तातें भगवदीयकों चिंता नांही कर्त्तव्य है, सो दृष्टांत कहत हैं, जैसें लौकिकमें अपने पिता पुत्रकी रक्षा करे, तैसें प्रभु अपने निजदासनको लौकिक, अलौकिक, सर्व सिद्ध करेंगे यह निश्चय जाननो ।

(१७) श्रीआचार्यजीके चरणकमलकी रेणुके प्रसादतें सगरी चिंताको आपुतें नाश होत है ऐसे श्रीआचार्यजीके चरणकमलकों मैं वारंवार नमस्कार करत हों.।

(१८) दुःसंगदोषके नाशके अर्थ वैराग्य और संतोष यह दोय निरंतर हृदयमें धारण करने, सर्व लौकिक विषय देहसंबंधी पदार्थमें वैराग्य राखे और सहजमें जो आय प्राप्त होय ताहीमें मनको संतोष करि रहे, यह अभ्यास जब राखे तब दुःसंगते बचे ।



(१९) अब श्रीहरिरायजी कहत हैं जो हमारे प्रभु श्रीवल्लभाचार्यजी नवरत्न ग्रंथमें कहे हैं, "लौके स्वास्थ्यं तथा वेदे हरिस्तु न करिष्यति" (श्रीकृष्ण अपने जनकों लौकिक वैदिकमें स्थित न करे, जो अज्ञानकरि कोई लौकिक वैदिकमें स्थित होय तो प्रभु वह कार्य सिद्ध न करे, तब वैष्णव तत्काल या विषय चिंता छोडिकें प्रभुको गुण माने, जो यामें कछु मेरो अनिष्ट होयगो, तासों प्रभु सिद्ध नांही किये, परंतु मनमें चिंता न करे, यह मेरो बिगर्यो अब मैं कहा करूं ? ऐसे चिंता न करे, जो प्रभुको गुण ही माने, शीघ्र ही प्रभुको चिंतन करे, जो मेरे ऊपर प्रभु प्रसन्न ही हैं ।

(२०) तदीयनकों अपनी चिंता तथा देहसंबंधी चिंता यह लोक परलोकसंबंधी कछुहू चिंता नांही कर्त्तव्य है । काहेतें जो जैसें पिता पुत्रके पालनकी चिंता राखे तब पुत्रकों कछु भय नांही । या प्रकार प्रभु अपने भक्तनकी चिंता करत हैं, तोहू कोऊ भक्त जो अज्ञानकरि चिंता करत हैं सो सर्वथा मूर्ख हैं, यामें संशय नांही ।

(२१) मनमें कछु लौकिक क्लेश होय तो श्रीठाकुरजी अप्रसन्न होय जाय तो अपनो धर्म जात रहे, तातें श्रीकृष्ण प्रसन्न रहे सोई करे ।

(२२) जो भक्तनके रक्षक प्रभु दुःख क्यों देत हैं ? जा भांति यह लोक परलोक में भक्तजन सुख पावें तैसों क्यों नहीं करत ? एसें कोई कहे तहाँ कहत हैं जो यह जीव स्वभाव

करि दुष्ट है जो लौकिक कार्यमें सुख पावे तो तहां आसक्त होय जाय, तो हृदयमेंते प्रभुको आश्रय जात रहे, आश्रय गयेसूं भक्तको नाश होय तातें श्रीठाकुरजी लौकिक वैदिकी कार्य सिद्ध न करे, तब दुःख पायके उह कार्यमें मनहू न करे, केवल प्रभुको ही आश्रय करे ।

(२३) एक तो यह जो मैं तो भगवत्सेवा करत हों सो मेरे लौकिकको निर्वाह कैसे होयगो ? और दूसरी यह जो मेरो अलौकिक कैसे सुधरेगो ? यह दोय चिंताको त्याग करे, यह ज्ञान मनमें राखे जो प्रभु सर्व सिद्ध करिवेमें सामर्थ्ययुक्त हैं, प्रभु लौकिकहू सिद्ध करेंगे, काहेतें जो श्रीगोकुलाधीश हैं सो सर्वसामर्थ्यवान् हैं, यह विश्वास दृढ करि सदा नियमपूर्वक स्मरण करे ।

(२४) तैसेंही पुष्टिमार्गीयकों कछू दोषनिवृत्तिकरणार्थ प्रभु दुःख दे तो मनमें चिंता नांही कर्तव्य है, पाछे प्रभु हितही करेंगे, काहेतें जो समस्त जीवनके पालनकर्ता भगवान हैं सो अपने भक्तन के ऊपर कृपा करे, यामें कहा आश्चर्य है ? या भांति पुष्टिमार्गीय वैष्णव प्रभुके गुण विचारि स्मरण भजन करे यह सिद्धांत भयो ।

(२५) लौकिक दुःख हृदयमें न धरनो, अलौकिकमें चिंता न करनी, बहिर्मुखता न राखनी, बहिर्मुखतानिवृत्तिके प्रकार (श्रीभागवतको पाठ तथा अर्थश्रवण, वैष्णवके संग निवेदनको स्मरण, सदा भगवन्नामग्रहण, सदा शरणभावना,) अष्टाक्षरको उच्चारण राखनो, पंचाक्षरमंत्रकरिकें तदीयत्वभावना करनी,



वैराग्य और संतोष राखनो, यह निरूपण है । भगवदीय संग गोष्ठी कियेतें हृदयमें भाव सिद्ध होय, तब हृदयमें प्रभुकों देखे, तब लौकिक विचारमें चित्त न जाय । पुष्टिमार्गीय भगवदीय मिलने बोहोत दुर्लभ है । सो अपने पुष्टिमार्गमें लौकिक अलौकिक दोऊ चिंता नांही कर्तव्य है ।

(२६) सेवासुखके अनुभवकरिकें रहित ऐसे ज्ञानीजनहू चित्तमें लौकिक दुःखको नांही धरत है तव सेवासुखसहित भक्त चित्तमें लौकिक दुःख क्यों धरत हैं ? यह आश्चर्य है, जिननें स्वरूपकी सेवामें दर्शनचरणस्पर्शादिकको सदा अनुभव कियो है, तिनको चित्त दुःखयुक्त कैसें होय ? काहेतें जो परमानंदरूप श्रीकृष्णके संबंधमें निश्चय दुःख नांही रहत है ।

(२७) संसारमें वैराग्य होय तो यह लौकिक दुःख सुख चित्तकों बाधा न करे, तातें वैराग्य राखे, और यथालाभ संतोष होय (जो सहजमें आय प्राप्त होय ताहीमें संतोष होय) तो मनमें विक्षेप न होय ।

(२८) यह मनुष्यदेह श्रीकृष्णकी सेवा के अनुकूल है, सो यह लौकिक चिंताकरिकें वृथा न खोवे, और युगमें यह पुष्टिमार्गीय सेवा नांही, तासों यह समय ब्रह्मादिकनकों दुर्लभ है, श्रीआचार्यजी द्वारा ब्रह्मसंबंध और युगमें कहां है ? श्रीआचार्यजी महाप्रभुको आश्रय केरि कहां ? तथा श्रीआचार्यजी महाप्रभुजीके आश्रयवारे तादृशीय निजसेवकको

आश्रय फेरि कहां है ? या भांति मनमें विचारिकें यह काल परम दुर्लभ जानि, दुःख, क्लेश, लौकिकमें मन लगाय नांही खोवनो ।

(२९) शीघ्रही चिंता को त्याग करे । एक चिंतातें अनेक दोष प्राप्त होत है ।

(३०) तहां कोई कहे जो अनेक सुखदुःख आवे तहां कौन प्रकार करे ? तहां श्रीमहाप्रभुजी कहे हैं जो हरि भगवान् सर्वथा अपने भक्तनकी रक्षा करेंगे, तातें यह चिंता सर्वथा न करे, एकांतमें बैठिकें अपनी सुंदरबुद्धितें अपने चित्तमें विचार नित्य करे, सेवा दर्शन के समय सेवादर्शन करे और अनोसरमें एकांतमें भगवदियसों मिलिकें विप्रयोगसो लीलासंबंधी विचार करे, या भांति वैष्णव रहे तो सगरे कार्य सिद्ध होय ।

(३१) हमारे प्रभु पुष्टि हैं तातें पुष्टिमार्गीय वैष्णवनकी लौकिक वैदिक चिंता हरेंगे यह मनमें निश्चय जानि, निश्चिंतताकी भावना राखे, चिंता भगवभावमें बाधक है ।

(३२) हरिकी इच्छा विपरीत देखिवेमें आवे सो अज्ञानकरि विपरीत देखत हैं, जैसें नारदजीको व्याहकी इच्छा भई, तब भगवान् न करन दिये, तब नारदजी बोहोत दुःख पाये, तब भगवानने कृपा करि समझाय दुःख दूरि कियो, तैसें जीव लौकिक चाहना राखे सो भगवान न करन दे, तब अज्ञानकरि दुःख माने, अथवा प्रभुकी विपरित (दुःख देवेकी) इच्छा होय तो हू दुःख सहन करे, जैसें प्रह्लादकों



हिरण्यकशिपुने बोहोत दुःख दियो, सो प्रह्लाद प्रभुकी इच्छा मानी सहे, पाछें प्रभु दैत्यकों मारि दुःख दूरि कियो, तैसेंही प्रभु विपरीत इच्छा परीक्षार्थ करे तो सहन करे, तब प्रभु सर्वके आत्मा हैं, सो विना कहे आपुहीतें जानत हैं, सो दासको दुःख देखिकें आप हृदयमें दयायुक्त हैं, सो जा भांति दासको मनोरथ है ता भांति प्रभु आपु प्रवृत्त होत हैं, जो भांति दासको सुख होयगो सोई आप करेंगे । आपुही ग्रन्थको पाठ करे तो आर्त्ति सिद्ध होय यह निश्चय है ।

(३३) षट्त्रिंश शिक्षापत्रमें भक्तिमार्गीय वैष्णवकों चिंता नांही कर्त्तव्य है, जैसे बुहारी काढिकें शुद्ध घर कियो होय तामें गृहपति रहे, तैसेंही चिंतादिक करिकें रहित चित्तमें प्रभु पधारे, जो चित्तमें चिंतादिक होय तो प्रभुको आवेश न होय, तासो नवरत्नग्रंथमेंहू श्रीआचार्यजी महाप्रभुजी चिंता नांही करनी ऐसे निरूपण किये है ।

(३४) अपने मनको मोह करे, ऐसी चिंता नांही करनी, वह चिंतातें आयुष्य व्यर्थ जात रहे, भगवच्चरणारविंदमें चित्त स्थापन करनो, यह शरीर संबंधीकी अहंताममता छोडनी, प्रतिबिंबकी निवृत्तिके अर्थ हरि की शरण भावना राखनी, हरिही सर्वसिद्ध करेंगे, अपनकों तो श्रीआचार्यजीकी आज्ञा प्रमाण निवेदनको अनुसंधान मात्र करनो, यह निरूपण है । लौकिक चिंता हू छोडे तब प्रभु हृदयमें पधारे ।

(३५) श्रीकृष्ण जा वैष्णवको हृदयरूप घर शुद्ध देखत है, चिंताको

दोष जाके हृदयमें नांही है, उह वैष्णवके हृदयमें प्रभु पधारे हैं, काहेतें जो चिंता लौकिक है, सो श्रीकृष्णके चरणकी विस्मारक है, चिंता भई तब लौकिकावेश हृदयमें भरियो रहे, तब हृदयमें प्रभु कैसें पधारे ? तातें श्रीआचार्यजी द्वारा निवेदन किये पाछे सगरी चिंता, काम, क्रोध, मद, मत्सर यह हृदयमें कूडा (मेल) है, तिनकों निकासिकें अपनो हृदय शुद्ध करि, शांत चित्त करि, एक श्रीकृष्णहीको आश्रय करि रहे, तब प्रभु वह वैष्णवको हृदय शुद्ध देखिके प्रसन्न होय, वामें पधारे, कृपा करिकें अपने स्वरूपानंदको अनुभव करावे ।

(३६) तासों श्रीआचार्यजीके दोय चरणारविंदको जो आश्रित हैं, तिनकों श्रीकृष्णकी सेवा बिना काहू चिंता न करनी, केवल निवेदनके अनुसंधानकी मात्र चिंता करनी ।

(३७) अष्टाक्षर महामंत्र है "श्रीकृष्णः शरणं मम" येही मंत्रको अष्टप्रहर पुकारिकें कीर्तन करे तो सर्व सिद्ध होय, सो द्वादशस्कंधमें श्रीशुकदेवजी कहे हैं; यद्यपि कलियुग दोषनिधि हैं परंतु तामें एक बडो गुण है जो श्रीकृष्णके नामको कीर्तन जो करत है सो यह कालबंधनतें छूटि जात है ।

(३८) जो यह भगवान् दीनमें अपनी इच्छा (प्रतिकूल होय तो हू फिर) अनुकूल करत हैं ।

(३९) जो श्रीवल्लभकुल द्वारा अष्टाक्षर नाममंत्र सुन्यो है ताकों अर्थ सहित अनुसंधान आदरपूर्वक करे, जो श्रीकृष्णको



नाम है सो सगरे वेदशास्त्रको सार परम रसात्मक है, ऐसे श्रीकृष्णके मैं शरण हों, यह नाम श्रीआचार्यजी द्वारा प्राप्त भयो है, या भांति भावना करि नाममें परम आदर राखे, अष्टप्रहर लियो करे ।

(४०) नवरत्नग्रंथको पाठ नित्य नियमसों बने तितनो करे, तो मनमें तें सगरी चिंता निवृत्त होय ।

(४१) सत्संगतें अष्टप्रहर भगवत्सेवामें मन लगे तो फलरूप मानसी सेवा सिद्ध होय ।

******

## ગ્રંથ : અંત:કરણપ્રબોધ

## વાર્તા - નિજવાર્તા-ઘરુવાર્તા: અન્યોરના વૈષ્ણવબાઈ

(પ.ભ. શ્રીદ્વારકાદાસ પરીખ સંપાદિત ઘરુવાર્તા ૨-જી)

ષોડશગ્રંથગત ઉપદેશો અને તેમની ૬૪ વાર્તાઓ ભાગ-૧ નામક મારા ગ્રંથમાં મેં अंतःकरणप्रबोध ગ્રંથને નિજવાર્તા ઘરુવાર્તા પર આધારિત કરીને, શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ, શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયચરણની વાર્તા લીધેલી છે. કારણકે, પોતાના પ્રૌઢિભાવનું નિવારણ કરવા માટે પોતાના અંત:કરણને ઉદ્બોધન કરતાં શ્રીમહાપ્રભુજી કહે છે કે; "अंतःकरण मद्वाक्यं सावधानतया शृणु ." આચાર્યચરણના પ્રૌઢિભાવનો વિસ્તાર મેં ૬૪ વાર્તામાં કરેલો હોવાથી એની અહીં પુનરુક્તિ કરતો નથી.

અંત:કરણપ્રબોધ ગ્રંથની ટીકામાં શ્રીવ્રજરાયજી આજ્ઞા કરે છે કે, શ્રીમહાપ્રભુજી, પોતાના અંત:કરણ રૂપ નિજજનોને સંબોધીને પણ કહે છે કે "अंतःकरण मद्वाक्यं सावधानतया शृणु ." વાસ્તવમાં તો આચાર્યજીના અંત:કરણની વાત એ આપની અંદરની ગૂઢ વાત છે. નિજવાર્તા ઘરુવાર્તા, શ્રીવલ્લભના અંત:કરણરૂપ નિજભક્તોની ય વાર્તા હોવાથી, એ પણ શ્રીમહાપ્રભુજીના ઘરની જ ઘરુવાર્તા છે. તેથી જ, અન્યોરના માજીની અગાધ સ્નેહભરી આ વાર્તાનો ભાવ માણવાથી, આપણે પણ થોડું અનુમાન અને અનુપાન કરી શકીશું કે શ્રીવલ્લભના हृदयेशेणे માં જે सेव्यमानं कलानिधि વિદ્યમાન છે તે કલાનિધિ પ્રભુ, અંતરંગ ભક્તોના નિતાન્ત "સ્નેહ"થી કેવી રીતે સેવ્યમાન થઈ રહ્યા છે. પુષ્ટિભક્તિમાં "સ્નેહ"નું પ[illegible]



આધિક્ય દર્શાવતાં શ્રીવલ્લભ સ્વયં શ્રીમુખથી વાર્તામાં આજ્ઞા કરે છે કે, "श्रीठाकुरजी को तों भगवदीन को स्नेह अति प्रिय है ।" આ વાર્તામાં, માજીની સ્નેહમાધુરીનો ઝંઝાવાત ઠાકુરજીને માજીમાં, વીજળી વેગે નિરૂદ્ધ કરી દે છે.

માજી મહાપ્રભુજીને વિનન્તી કરે છે કે; "महाराज मोकों कोई भगवद्स्वरूप पधराइ देऊ । बिना सेवा मेरो दिन नाहीं कटेगो । आपके अनुग्रहतें श्रीगोर्धननाथजी दर्शन देत हैं ।____ तब श्रीआचार्यजी महाप्रभु एक स्वरूप श्रीठाकुरजी श्रीबालकृष्णजी पधराय दीये ।" ઠાકુરજીને પધરાવીને આચાર્યજી માજીને આજ્ઞા કરે છે કે ઠાકુરજીને "कहूं अकेले मति छोडियो । अकेले छोडेगी तो ए डरपेंगे ।" શ્રીવલ્લભપ્રભુની વાણીનો એક એવો અવિરત આત્મજનિત થતો પ્રચંડ પ્રભાવ (self generating dynamic force) છે કે પોતાનો ઠાકુર ડરશે એવો તાપ મનમાં રાખીને માજી, જીવનભર ક્યારેય ઠાકુરજીથી છૂટા પડતા નથી. પ્રચુર સ્નેહથી પ્રભુમાં અવિરત નિમગ્ન થઈને આ ભગવદીય, ક્યારે નિરોધાવસ્થામાં અનાયાસ પ્રવેશી જાય છે એની ખબર સેવકને અને કદાચ સેવ્યને પણ પડતી નથી. વાક્પતિની વાણીનો આવો dynamic force સૂરદાસજી પર પણ સવાર થઈ ગયેલ હતો ને ! આચાર્યજીએ કહ્યું કે "सूर होई ऐसो घीघावत काहे है ? सो तासों कछु भगवल्लीला वर्नन करी ।" વાક્પતિના આ વચન સાંભળતાં જ સૂરદાસજી આજીવન કૃષ્ણગાન જ ગાતા રહ્યા અને છેક છેલ્લે અંતમાં ગાયું "दृढ इन चरनन केरो भरोसो ।"

ગ્રંથ કહે છે; "लौकिकप्रभुवत् कृष्णो न द्रष्टव्यः कदाचन ।"

અથાત્ "મ [illegible]
ભગવત્સ્નેહાત્મક ડર છે, તે ડર લૌકિક ભાવથી નથી પનપ્યો. આ ભગવદીય, ઠાકુરજીની ब्रह्मभावेन पुत्रभावेन સેવા કરતા હોવાથી, માજીનો પ્રભુ માટેનો આવો ડર, એમના નિર્ગુણભાવની ગોદમાં ઉછરી રહ્યો છે. આ બાઈના અંતઃકરણરૂપ એમના મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારે આચાર્યચરણની આજ્ઞાને સુદૃઢ રીતે ગ્રહણ કરી લીધી છે કે; "कहूं अकेले छिनहूं मति छोडियो, जो अकेले छोडुंगी तो ए डरपेंगे ।" "छिनहूं" પણ પોતાના બાલકને એકલો છોડ્યા વગર માજીએ કરેલી આચાર્યજીની આજ્ઞાનું પરિપાલન, અંતઃકરણપ્રબોધ ગ્રંથની પંક્તિઓ અને ઠાકુરજીની લીલાનો ત્રિવેણી સંગમ, આ વાર્તામાં, આ બાઈનાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને સમર્પણના પ્રવાહમાં કેવી રીતે અસ્ખલિત વહાવી રહ્યું છે, તેનાં સુલલિત દર્શન કરી લઈએ.

<u>મન</u> :- આ ભગવદીયનું મન, ગોવર્ધનનાથજીનાં દર્શનમાં તો લાગી જ ગયેલ છે, પરંતુ જે દિવસથી, શ્રીબાલકૃષ્ણલાલજી એમને માથે પધારે છે, એ દિવસથી, ઠાકુરજીની સેવા કરી આ બાઈએ, ગ્રંથકથિત આચાર્યજીની "प्रौढाऽपि दुहिता"ની આજ્ઞાને પણ માન્ય કરી લીધી છે. ત્યાર પછી આ ભગવદીયનું મન પ્રભુનાં દર્શન અને સમર્પણના ચક્રમાં સતત ગતિમાન થઈ ગયું છે. વાર્તા સમજાવે છે; "सो वा बाई को मन श्रीठाकुरजी के चरणारविंदमें श्रीआचार्यजी महाप्रभु आप धरयो सो वा बाई को मन एक छिनहूं श्रीठाकुरजी में ते न निकसे ऐसी वा बाईको श्रीठाकुरजीमें आसक्ति भई ।"

<u>બુદ્ધિ</u> :- અંતઃકરણપ્રબોધ ગ્રંથમાં બુદ્ધિના સમર્પણની પંક્તિ



[illegible]
બુદ્ધિ નિશ્ચય કરનારી હોય છે અને આ માજીની બુદ્ધિ એ એવો દૃઢ નિશ્ચય કરી લીધો છે કે એમના ઠાકુરજીને એકક્ષણ પણ એકલા ન છોડવા. એમાં જ આ ભગવદીયને પોતાના "સેવક" ધર્મનો ઉત્કર્ષ દર્શાય છે. તેથી જ, ગોવર્ધનધરે, એમના દ્વારે આવીને જ્યારે મધુર સાદ દીધો છે ત્યારે પણ માજી ગોવર્ધનનાથજીને ઓળખ્યા પછી પણ દ્વાર ખોલતાં નથી. સેવકના આવા શુદ્ધ અને કૃષ્ણપ્રેમ પ્લાવિત અંતઃકરણને નિરખીને, "સ્વામિ" ગોવર્ધનધરને હવે પોતાનો ધર્મ સ્ફૂરિત થાય છે. ગ્રંથ કહે છે; "स्वामी स्वस्य करिष्यति ." વાર્તા કહે છે; "श्रीगोवर्धननाथजी प्रसन्न होयकें कहे, जो हों तो परि प्रसन्न हूं तूं कछू माँगि जो माँगे सो देउं ।"

<u>ચિત્ત</u> :- આ ભગવદીયના ચિત્તને સદા સમર્પિત રાખવા, નાજુકડા શ્રીબાલકૃષ્ણલાલજીના મંજુલ ઉપાયો વાર્તામાં અવલોકનીય છે; "जो एक छिनहूं वह बाइ दूरि जाई तो श्रीठाकुरजी वाकों पूकारें । सो वा बाईके स्नेह बढाइवे के लिए और जो वह बाई घर को काम काज करे तो मंदिरके आगें बैठिकें सब कार्य करे । रंचकहू दूरि न जाय । एसो श्रीआचार्यजी महाप्रभु वा बाई कों स्नेहदान किए ।" સારસ્વતકલ્પમાં ગિરિરાજજીના અન્નકુટ વેળા, વિશેષ અન્નકુટ આરોગવા, પ્રભુ જેમ, "आन और" કહે છે, તેમ "આન્યોર"ના આ ભગવદીયના સ્નેહ માટે પણ બાલકૃષ્ણલાલજી "आन और" કહીને એમના સ્નેહને પ્રવૃદ્ધ કરતા જ રહે છે અને માજીનું સમર્પણ અંગીકાર કરતા જ જાય છે. ચિત્તના અવિરત સમર્પણની આવી અવસ્થાને નિર્દિષ્ટ કરતાં ગ્રંથ કહે છે; "सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव ।" આ બાઈના આવા

સરાહનીય સમર્પણથી સેવક "કૃતાર્થ" થાય છે અને સ્વામી "સુખી ." કારણકે ભગવત્સુખ વિચાર એ માજીના જીવનક્રમનું મુખ્ય ધ્યેય છે. ગ્રંથ કહે છે; "कृतार्थोऽसि सुखी भव ।"

<u>અહંકાર</u> :- વાર્તા કહે છે; "जो वह बाई न होई तो जैसें लौकिक बालक अपनी माता विनु दुःख पावे ऐसे श्रीठाकुरजी करें ।" ઠાકુરજીને આવી રીતે લીલામાં "દુઃખી" થતા જોઈને, તાપના કારણે માજીનો અહંકાર સદા દ્રવિભૂત રહે છે. પોતાના ઠાકુરજીને દુઃખ થાય એવી પરિસ્થિતિ આ બાઈ માટે અસહ્ય અને અશક્ય બની જાય છે ત્યારે પ્રભુનું દુઃખ નિવારવા આ ભગવદીય પ્રભુનો જ આશ્રય કરે છે. ગ્રંથ કહે છે; "अशक्ये हरिरेवाऽस्ति ." જીવના "અહં"ને, ભગવદાશ્રય, दासोऽहम् માં પર્યવસિત કરે છે.

માજીએ પોતાનાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારરૂપ અંતઃકરણને ભગવત્સમર્પિત કરી દીધું છે, કારણકે, આચાર્યજીના ગ્રંથકથિત "सावधानतया शृणु"ની આજ્ઞાનું રહસ્ય એ સમજી ગયા છે. કયું રહસ્ય ? આ ભગવદીય જાણે છે કે લીલામાં, જીવ પોતાની પાસે જ રહે એની જવાબદારી અને સાવચેતી ઠાકુરજી સ્વયં રાખે છે. પરંતુ, ભૂતલ પર ભગવત્સેવા કરતી વખતે, એ સાવચેતી પુષ્ટિજીવને માથે હોય છે. આચાર્યચરણે આ ભગવદીયને સમજાવ્યું છે કે; "તારા ઠાકુરજીથી તુ સહેજ પણ દૂર જશે તો તારા પ્રભુ ડરશે." આ આજ્ઞાનું પરિપાલન માજી ખૂબ જ સાવચેતીથી કરે છે અને એની ફલશ્રુતિ રૂપે વાર્તા કહે છે તેમ; "जो वा बाई को मन अहर्निश श्रीठाकुरजी में लग्यो रहे ।"



મહાપ્રભુજીને અભિપ્સિત ભક્તિનું સ્વરૂપ છે; माहात्म्यज्ञान पूर्वकसुदृढ सर्वतोधिक स्नेह. ગોવર્ધનનાથજી માટે આ માજીને આસક્તિ તો સિદ્ધ છે જ, પરંતુ મહાપ્રભુજી, જયારે એમને માથે શ્રીબાલકૃષ્ણલાલજી પધરાવે છે, ત્યારે આ ભગવદીયમાં ભક્તિનું સ્વરૂપ સંપૂર્ણ રીતે ખીલવવા માટે આપશ્રી એમને પ્રભુનું માહાત્મ્યજ્ઞાન પણ આપતાં આજ્ઞા કરે છે કે ઠાકુરજીને "अकेले छोडेगी तो ए डरपेंगे ।" કોઈ કદાચ અહીં પૂર્વપક્ષ કરે કે આ કયા પ્રકારનું માહાત્મ્યજ્ઞાન છે જેમાં શ્રીવલ્લભપ્રભુ, "અનંતકોટિ બ્રહ્માંડનો નાથ ડરશે" એમ આ ભક્તને સમજાવે છે. ચોવીસમા શિક્ષાપત્રમાં હરિરાયજી આજ્ઞા કરે છે કે પ્રભુ "सकलगुण करिकें पूर्ण है ।" આવા સર્વગુણ અને સર્વસામર્થ્ય સંપન્ન શ્રીકૃષ્ણ જો લીલા વિશિષ્ટતામાં ડરે નહિ, તો આપના આવા ગુણ અને સામર્થ્યમાં ન્યૂનત્વ એ આવી જાય કે, ઠાકુરજીમાં ડરવાનું સામર્થ્ય નથી અથવા તો ભક્તની ભક્તિને પોષણ મળે એવો ડરનો અનુભાવ ઠાકુરજી અભિવ્યક્ત કરી શકતા નથી. બાલકૃષ્ણલાલ ડરશે એના તાપકલેશમાં, તપેલા સોનાની જેમ, માજીની પણ કાંતિ સુવર્ણમય બની ગઈ છે. આવા પ્રસંગમાં, ડરવાની લીલામાં, ડરીને શ્યામલ શ્રીકૃષ્ણ માજીની સોડમાં લપટાઈ જાય છે, ત્યારે સુવર્ણમાં નીલમણિની આભા પ્રકટ થઈ ગઈ હોય એવી અદ્ભુત ઝાંખીનાં ત્યાં દર્શન થાય છે. ડરથી "કંપિત" થયેલા બાલકૃષ્ણલાલજીના શ્રીમસ્તકની સુરમ્ય અને સુકોમલ કેશાવલીમાં માજીનો મૃદુલ હાથ ફરીને, જયારે પોતાના ઠાકુરની રક્ષા કરે છે ત્યારે ભક્તિવર્ધિની ગ્રંથની પંક્તિઓ મધુર ગુંજન કરી દે છે કે; "इत्यवं भगवच्छास्त्रं गूढतत्त्वं निरूपितम् ." આ લીલાનું ગાન કરતાં કીર્તન કહે છે;

"ડરપી આય જનની ઉર લાગે
જટિત નીલમણિ જયોં મધિ સોંના ।
ફરત હાથ શીશ મુખ ચુંબત
હાઉ ભાજી ગયૌ મેરે છૌના ॥
અતિ ડરડરે રોમ ઉઠિ આયે
કાંપત અંગ ગહ્યો અતિ મૌના ।"

ડરવું એ ઠાકુરજીની weakness કે નબળાઈ નથી, પણ strength છે. ભગવદીયને સ્નેહવશ કરી લેવાનું પ્રભુનું આવું strength છે. "**कभूं अकेले छिनहूं मति छोडियो । जो अकेले छोडेगी तो ए डरपेंगे ।**" આ ભગવદીયના વરણને અનુકૂલ, માજીના ભક્તોદ્ધારક સ્વરૂપને અનુલક્ષીને આ બાઈને આવી આજ્ઞા આચાર્યજી કરે છે. આ આજ્ઞામાં એક ગર્ભિત રહસ્ય પણ સમજવા જેવું છે. આ માજી સાથે બાલકૃષ્ણલાલજી ભક્તવશ્ય લીલા પ્રકટ કરવાના છે, તે આચાર્યજી જાણે છે. આવા વશીભૂત થયેલ ઠાકુરજીને, એક "ડર", પોતાના અંતરંગના સંદર્ભમાં નિરંતર એ હોય છે કે, મારો આ ભક્ત, મને છોડીને એક ક્ષણ માટે પણ કયાંય નહિ જાય ને ! ઠાકુરજી ડરપોક છે એમ મહાપ્રભુજી આ ભગવદીયને નથી કહેતા, પણ એમને શીખવે છે કે હમણાંથી જ તું એવી ટેવ પાડી લે કે "હું પ્રભુને એકલા છોડીશ તો ઠાકુરજી ડરશે." આવી માનસિક સ્થિતિ માજીને સિદ્ધ થઈ ગઈ છે એટલે શ્રીબાલકૃષ્ણલાલજી એમની પાસે પોતાનો ગૂઢસ્ત્રીભાવ નીડરતાથી પ્રકટ કરી શકે છે. તદુપરાંત આવો "ડર" આ બાઈના તાપકલેશને સદા સજાગ રાખે છે અને પ્રત્યક્ષ વિરહની અવસ્થામાં એમને પ્રવિષ્ટ કરાવે છે. આચાર્યચરણે માજીને



આપેલ આ "ડર"ની બક્ષિસ, આ બાઈને અને એમના ઠાકુરજીને પરસ્પર નિરોધાવસ્થામાં અભિસરણ કરાવે છે. વાર્તા કહે છે; "**श्रीठाकुरजीने वा बाईपे अनुग्रह कीनो जो वाको निरोध सिद्ध भयो ।**" પૂજયપાદ ગોસ્વામિ શ્યામુબાવાની શૈલીમાં કહું તો, આચાર્યચરણે, આ માજીને બાલકૃષ્ણલાલના કંધા પર ભક્તિથી હાથ રાખવાની તરકીબ શીખવાડી છે, તો ઠાકુરજી, આ માજીના ખભા પર ભક્તવશ્ય લીલાનો શ્રીહસ્ત રાખી દે છે. પ્રભુ માજીને વશ થઈ ગયા પછી, ઠાકુરને ટેકા માટે ભક્તના ખભાનો આધાર રહે છે, કારણકે, ગોચારણ વખતે શ્રીહસ્તમાં લીધેલી "લકૂટી", વશ્યલીલામાં, ઠાકુરજીના કરકમલમાંથી સરકી ગઈ હોય છે. આ પ્રસંગનું રહસ્ય એ છે કે પુષ્ટિજીવનો બીજભાવ એના દિલમાં હોય છે. આ વાર્તામાં ઠાકુરજીએ માજીનું દિલ અને આ ભગવદીયે પ્રભુનું, એમ પરસ્પર બન્નેએ એકબીજાનું દિલ લઈ લીધું છે.

પોતાના ઠાકુરની સતત રક્ષા કરતાં આ માજીની વિલક્ષણ અવસ્થાનાં દર્શન વાર્તામાં કરીએ. માજી "**रात्रि कों सोवे तो श्रीठाकुरजीके निकट ही सोवे ओर छिनमें कहे जो महाराज में बेठी हूँ आप डरपो मति ।**" પ્રભુનું માહાત્મ્યજ્ઞાન તો આ ભગવદીયને સંપૂર્ણ છે અને કેવલ "ઠાકુરજી ડરે છે," એટલા પુરતું જ એ નથી. આ વાતને પ્રસ્ફૂટ કરવા, માજી, બાલકૃષ્ણલાલજીને અહીં "મહારાજ" કહે છે.

વાર્તા કહે છે; "**अब एक दिवस रात्रिको श्रीगोवर्धननाथजी वा बाईके घर कों पधारे । और वासो कहे जो अरी बाई किंवार खोलि । तब वानें कही जो में तो उठूं नाहीं । में उठूं तो मेरो लरिका डरपे । तब कही जो -. महाराज आप सवारें**

पधारियों । में उठूं तो मेरो लरिका डरपे । तब श्रीगोवर्धननाथजी आप ही भीतर पधारे ।" આ ભગવદીય દેવદમન માટે કમાડ નથી ખોલતાં કારણકે આચાર્યજીએ એમને આજ્ઞા કરી છે કે; "जो अकेले छोडेगी तो ए डरपेंगे ।" આ છ શબ્દોની આજ્ઞા કરીને આચાર્યચરણે, આ ભગવદીયમાં, ભગવાનના ઐશ્વર્ય વીર્યાદિ છ ધર્મ પ્રકટ કરી દીધા છે, એનાં ય અદ્ભુત દર્શન કરી લઈએ.

ઐશ્વર્ય :- પોતાના બાલકૃષ્ણલાલજીનું રક્ષણ પોતાને જ કરવાનું છે એ આવેશમાં આ બાઈનો "ઐશ્વર્ય"ધર્મ સદા પ્રકટ રહે છે. તેથી માજી પ્રભુને હમેશા કહે છે કે, "महाराज में बैठी हूं आप डर्‌यो मति ।" માજી ગોવર્ધનધર માટે દ્વાર ખોલતાં નથી કારણકે એમને એ જ "ઐશ્વર્ય" ધર્મનો સદા આવેશ છે કે પોતે ઊઠશે તો બાલક ડરશે.

વીર્ય :- ઉપર જોયું તેમ શ્રીમહાપ્રભુજીની વાણીનો એક dynamic force છે. વાસ્તવમાં તો એ force આચાર્યજીનો વીર્ય ધર્મ છે. મહાપ્રભુજીની વાણીના પાલનથી, માજીને, શ્રીવલ્લભનો આવો "વીર્યધર્મ" વારસામાં મળી ગયો છે અને એના આવેશમાં એ દેવદમન માટે દ્વાર ખોલતાં નથી.

યશ :- અંતઃકરણપ્રબોધ ગ્રંથની આ વાર્તા છે એટલે પોતાનો "સેવક"ધર્મ નિભાવતા આ માજીએ શ્રીજીની આજ્ઞા ન માની કે ન તો તેનો પશ્ચાત્તાપ કર્યો તે સ્વાભાવિક છે. અંતઃકરણપ્રબોધ ગ્રંથ એમને અનુમોદન આપે છે, "पश्चात्तापः कथं तत्र सेवकोऽहं न चान्यथा ." આચાર્યજીએ, ઠાકુરજીની બે વખતની આજ્ઞા ન માની પણ ત્રીજી આજ્ઞાનું પરિપાલન કર્યું. માજીએ



બે વખત ગોવર્ધનધરની આજ્ઞા ન માની, તો ત્રીજી વખત શ્રીજી પોતે જ આ ભગવદીય પાસે ભિતર પધારે છે. માજીના "યશ" ધર્મનો આ વિલક્ષણ વિસ્તાર છે.

શ્રી :- આ બાઈને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શનની આસક્તિ તો છે જ, પરંતુ આચાર્યજીને અભિષ્ટ એવા ભજનાનંદના અદ્ભુત આવેશમાં, માજી, સ્વરૂપાનંદને વશ થઈને ગોવર્ધનનાથજી માટે બારણું ખોલતાં નથી અને એમાં જ ભજનાનંદનાં સૌંદર્ય કે "શ્રી"ની અહીં આપણને દિવ્ય ઝાંખી થાય છે.

જ્ઞાન :- પોતાના બાલકને ક્ષણ માટે પણ છોડશે તો એમનો લરિકા ડરશે, એવું માજીને ભક્તિના અંગરૂપે "જ્ઞાન" છે. કેવલ "જ્ઞાન" નથી.

વૈરાગ્ય :- પોતાના બાલકૃષ્ણલાલજીનું સુખ વિચારીને, માજીએ, આ પ્રસંગ પૂરતો, શ્રીજી માટે, "વૈરાગ્ય"ધર્મ અભિવ્યક્ત કર્યો છે.

માજીના આવા "ષડ્ધર્મ"ની માલા પહેરવા ધર્મી ગોવર્ધનધર સ્વયં ભિતર પધારે છે. પ્રભુના ધર્મો ભક્તમાં આવી જાય અને ભક્તના પ્રભુમાં ત્યારે આવે, જયારે નિર્ગુણ ભક્તિની અવધિ અવસ્થા પ્રકટ થઈ ગઈ હોય. આ પ્રસંગમાં માજીથી નિતાન્ત પ્રસન્ન થઈને ગોવર્ધનધર આ ભગવદીયને માંગવાનું કહે છે, ત્યારે, આ જ નિરહેતુક બાલકૃષ્ણલાલની પ્રીતિના આવેશમાં આ બાઈ શ્રીજી પાસે માંગે છે; "और आप जो मों पे प्रसन्न भए हो, तो में एक वस्तु मांगू हूं, इहां श्रीगोवर्धन पे ल्यारी बहुत है सो यह लरिकान को पकरि ले जात हैं । सो मेरो लरिका निपट बालक हैं सो यह मांगत हूं

जो याकों कभूं ले न जांइ सो यह बात सुनि कें श्रीगोवर्धननाथजी कों रोमांच भये जो धन्य ए हैं ।" ગોવર્ધનધર આ માજીને "તું ધન્ય છે" કહેવાને બદલે એમ કેમ કહેતા હશે કે "આ ધન્ય છે." "जो धन्य ए हैं ." આ શબ્દો શ્રીગોવર્ધનનાથજીએ, બાલકૃષ્ણલાલજીને સંબોધીને આ માજી માટે તો કહ્યા નહિ હોય ને ! ઠાકુરજીના સુખ માટે, ગોવર્ધનલીલા વખતે નંદરાયજીએ પણ પોતાના લાલનનું સુખ જ માંગેલું. "કુશલ રહે બલરામ કન્હાઈ."

મહદ્ એવા કૃપાનિધિ શ્રીમહાપ્રભુજીની કૃપાનું અચિંત્ય માહાત્મ્ય સમજાવતાં અને એમના સેવકોની સરાહના કરતાં શ્રીગોવર્ધનધર શ્રીમુખથી કહે છે; "जिन पर ऐसो श्रीआचार्यजी महाप्रभून को अनुग्रह है जो मो पर इनकों ऐसो स्नेह है । इनकों में कहा देऊं । ऐ मेरी ऐसी सेवा करे हैं ।" આચાર્યચરણના કૃપાપાત્ર આ બાઈને આપવા માટે પોતાની પાસે કાંઈ જ રહ્યું નથી એમ પૂર્ણપુરુષોત્તમ શ્રીગોવર્ધનધરને લાગે છે કારણકે, પ્રભુ સ્વયં જ, આ માજીના ઋણી બની ગયા છે. વાર્તા કહે છે; "जो इनसों उरिण कभूं न होउँ ।"

શ્રીભાગવતજીમાં રાસપંચાધ્યાયીમાં આવો જ ભાવ અભિવ્યક્ત કરતા શ્રીકૃષ્ણ, ગોપીજનોને કહે છે કે તમારા ઉપાધિરહિત ભજનનો પ્રત્યુપકાર હું બ્રહ્માદિની આયુથી તમારું ભજન કરું તો પણ સંભવ નથી.

न पारयेऽहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं विबुधायुषापि वः ।
या माभजन् दुर्जरगेहशृंखलाः संवृश्च्य तद्वः प्रतियातु साधुना ॥

આ લીલાને અભિવ્યક્ત કરતાં નંદદાસજી ગાય છે;



"तब बोले व्रजराज कुंवर हों रिणी तिहारो ।
कोटि कल्प लग तुम प्रति अति उपकार करुं जो ।
हे मन हरकी तरणी अवनी अरुणी न होऊ तो ।"

******

## ગ્રંથ : વિવેકધૈર્યાશ્રય

## ૮૪ વૈષ્ણવ વાર્તા - ૫૬ : અચ્યુતદાસ કડાવાળા

વાર્તા કહે છે; "तब वर्ष चारि पाछे वह स्त्री मरि गई । सो अच्युतदास कों बहोत दुःख भयो ।____ पाछे दिन दस पीछे पिता मरि गयो । तब अच्युतदास और हू दुःख किये । पाछे चारि दिनमें माता मरि गई । तब अच्युतदास घरतें निकसे ।" શ્રીમહાપ્રભુજીને શરણે આવ્યા પહેલાં સંસારમાં જીવની કેવી અવદશા હોય છે એનું અહીં ચિત્રાંકન છે. વિવેક, ધૈર્ય અને આશ્રયના અભાવમાં અચ્યુતદાસજીના અંત:કરણમાં દુ:ખ ઘર કરી ગયું છે. તેથી જ, જગન્નાથરાયજી આવેલા અચ્યુતદાસ, મહાપ્રભુજીની કથા સાંભળે છે પણ વાર્તા કહે છે તેમ; "दुःख के मारे कछू समुझे नांही ।" ભગવત્સેવા કે કથામાં, ચિંતા કે દુ:ખ કેટલું બાધક છે, એ સમજાવવા ગોકુલનાથજી આ વાતને અચ્યુતદાસજીની વાર્તાના પ્રારંભમાં જ કહે છે. "વિવેકધૈર્યાશ્રય"ગ્રંથ પ્રકટ કરવા પાછળ પણ શ્રીમદાચાર્યચરણનો ખાસ આ જ હેતુ છે કે ઠાકુરજીની બાહ્યસેવા કરતી વખતે, પુષ્ટિજીવને એની ચિંતા બાધક ન થાય એના માટે વૈષ્ણવે "निजेच्छातः करिष्यति"નો વિવેક જીવનમાં વણી લેવાનો છે. તેમજ, આવી ચિંતા, પુષ્ટિજીવને આંતર ભગવત્સેવામાં ન નડે એને અનુલક્ષીને શ્રીમહાપ્રભુજી "धैर्यमामृतेः"ની આજ્ઞા કરે છે. આ સંદર્ભમાં દયારામભાઈનો ઉપદેશ અતિ મનનીય છે;

"ઈચ્છે રૂડું પ્રભુ જગતનું તે કયમ કુડું કરે નિજદાસ,<br>
જે કરશે હરિ તે ભલુ તહારૂં, તું ધૈર્ય દૃઢ વિશ્વાસ,"



મહાપ્રભુજી કથિત "વિવેક"ને બુદ્ધિમાં સ્થિર કરી દેવાથી પુષ્ટિજીવને શું ઉપલબ્ધ થાય છે તે હરિરાયચરણ પ્રથમ જ શિક્ષાપત્રમાં સમજાવે છે; "विवेक सों वैष्णव रहे तो भगवद्भाव हृदयमें बढे ।"

આપણો "સારો" સમય ભગવત્કૃપાથી આવ્યો છે, એમ સમજવાથી આપણો એ સમય, ભગવત્પ્રીત્યર્થ થઈ જાય છે. તેમજ, આપણો "નરસો" સમય પ્રભુની ઈચ્છાથી આવ્યો છે એમ "વિવેક"થી સ્વીકારી લેવાથી એ સમય પણ ભગવત્પ્રીત્યર્થ બની જાય છે. ભગવદિચ્છા અને ભગવત્કૃપા એમ બે કિનારા વચ્ચે થઈને વહી જતો વૈષ્ણવનો જીવનપ્રવાહ ભગવદાશ્રયમાં અનાયાસ પ્રવેશી જાય એ સ્વાભાવિક જ છે. પુષ્ટિભક્તિમાં, સમર્પણના વૃન્દાવનને ખીલતું રાખવા માટે, આચાર્યજીએ સમજાવેલ વિવેકધૈર્યાશ્રય એ એક અદ્‌ભુત સિફત છે. જીવની અહંતા અને મમતાજનક જે કૃતિ છે એને ભગવાનને સમર્પીત કરી દઈને, પ્રભુની લીલાનું એને અંગ બનાવવાથી, ભગવત્કૃપા થતાં, પુષ્ટિજીવ સર્વાત્મભાવના પંથનો ગામી બની શકે છે. તેમજ કાયા, વાક્, મનસા પ્રભુનું શરણગ્રહણ કરવાથી, વૈષ્ણવ, સર્વાત્મભાવાત્મક પૃથક્શરણમાર્ગનો પથિક બની જાય છે. આ સંદર્ભમાં હરિરાયજીની છત્રીસમા શિક્ષાપત્રની વાણી મનનીય છે; "(जब प्रभु को आश्रय करे तब) भक्त के दुःखकों सहन नांही करि सके ऐसे प्रभु वाही प्रतिबंधकों निश्चय निवृत्त करे, काहेतें जो अपनसों कछु न बने, तहां हरि ही रक्षक हैं ऐसो ही श्रीमहाप्रभुजी को वचनामृत है ।" વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી એટલે જ આજ્ઞા કરે છે કે "ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।" એમાં ય, દૃઢાશ્રય અને

પુષ્ટિભક્તિનો સંયોગ થઈ જાય તો આ કક્ષાનો ભક્ત ફલાવસ્થામાં ત્વરાથી વિહરે છે. ગ્રંથમાં વર્ણવેલ ब्रह्मास्त्र-चातकौ भाव्यौમાં આવું સંમિશ્રણ છે. પ્રભુમાં દૃઢ વિશ્વાસ રાખીને દૃઢાશ્રય રાખવો, એ વૈષ્ણવનું બ્રહ્માસ્ત્ર છે અને વૈષ્ણવની ભક્તિનો સ્નેહનો પહેલુ એને પ્રભુના ચાતક ભાવમાં અભિરમતો કરી દે છે. વિવેકધૈર્યાશ્રય ગ્રંથ અને અચ્યુતદાસજીની વાર્તાનો આવો સંદેશો પણ છે.

અચ્યુતદાસજીના અંતરમાં આ બધું સ્થિર કરવા માટે કૃપાસિંધુ શ્રીમહાપ્રભુજીની કૃપાની એક જ "અંજુલી"નું બિન્દુ જ પર્યાપ્ત થઈ જાય છે. વાર્તા કહે છે; "पाछे वेदमंत्र सों पढि एक अंजुलि जल छिडक्यो । तब अच्युतदास के हृदय में विवेक, धैर्य, भगवानको आश्रय दृढ होय गयो ।" એ જ વખતે અચ્યુતદાસજીનો સ્વરૂપવિસ્મૃતિનો અધ્યાસ નિવૃત્ત થઈ જાય છે અને એ મહાપ્રભુજીને વિનન્તી કરે છે; "महाराज ! मैं इतनो दुःख यौंही पायो । कौन की स्त्री कौन माता पिता, यह शरीर मेरो नाहीं, तो शरीर के सम्बन्धी को यौंही दुःख कियो । मैं भगवान को दास होय के भगवान को भूल्यो । तातें दुःख पायो । अब मैं आपकी सरनि होय परम सुख पायो ।" આ સંદર્ભમાં પ્રથમ શિક્ષાપત્રમાં હરિરાયજી આજ્ઞા કરે છે; "श्रीआचार्यजी को दृढ आश्रय होय और साधन थोरो बनि आवे तो हू सफल कार्य सिद्ध होय ।"

મહોદાર મહાપ્રભુજીની કૃપા થતાં જ, અચ્યુતદાસજીની બુદ્ધિમાં પ્રભુના માહાત્મ્યનું જ્ઞાન અને અન્ય સાધનોની વિફલતાનો વિવેક સ્થાયી બની જાય છે. પ્રભુની ઈચ્છા પ્રમાણે જીવન જીવવું એમાં જ પોતાનું પરમ હિત સ્પષ્ટ દેખાય છે. તદુપરાંત,



અચ્યુતદાસજીના મનમાં પ્રભુના સર્વસામર્થ્યનો ભાવ સુદૃઢ થઈ જતાં એમને ધૈર્ય અનાયાસ સિદ્ધ થઈ જાય છે.

અચ્યુતદાસજીમાં ભગવાનના દાસપણાનો ભાવ સુસ્થિર થઈ જતાં એ પોતાના દાસધર્મને અભિવ્યક્ત કરતાં શ્રીવલ્લભને વિનન્તી કરે છે; "अब मोकों आप टहल बतावो, सो मैं करुं ।" દયારામભાઈ સમજાવે છે તેમ; "સદા શ્રીકૃષ્ણને સેવો રે, સમજીલોને સુધો સિદ્ધાંત."

આચાર્યચરણે વિવેકધૈર્યાશ્રયનું દાન કર્યું એના પછી શ્રીવલ્લભના સ્વકીય એવા અચ્યુતદાસજી સદા ફલદશામાં વિહરે છે. निजेच्छातः करिष्यतिનો વિવેક એમની તાસીર બની જાય છે. આ સંદર્ભમાં ચોવીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે; "भगवानके स्वकीय निजभक्त है सो सर्वकार्यमें भगवदिच्छा जानत हैं ।" ફલાવસ્થામાં અચ્યુતદાસજી રમણ કરતાં હોવાથી, "ધૈર્ય"ના સંબંધમાં એમને प्रतिकारो यदृच्छातः सिद्धश्चेन्नाग्रही भवेत् ની અવસ્થા નિર્માણ જ થતી નથી. તેથી નામ નિવેદન પામ્યા પછી અચ્યુતદાસજીની तक्रवद् સ્થિતિનો કયાંય ઉલ્લેખ વાર્તામાં નથી આવતો. તેમજ भार्यादीनां तथाऽन्येषाम् असतश्चाक्रमं सहेत् એવી દેહવદ્ દશાનું પણ એમની વાર્તામાં આલેખન નથી. અચ્યુતદાસજી નિરોધલક્ષણં ગ્રંથ કથિત આ પંક્તિને સર્વેન્દ્રિયથી અખંડ જીવી રહ્યાં છે; "कृष्णस्य सर्ववस्तूनि भूम्न ईशस्य योजयेत् ।" આના કારણે વિવેકધૈર્યાશ્રય ગ્રંથ કથિત स्वयमिन्द्रियकार्याणि कायवाङ्मनसा त्यजेत् થી અચ્યુતદાસજીની અવસ્થા પર છે. અર્થાત્ એમને जडवद् દશાનો પણ અનુભવ નથી. વિવેકધૈર્યાશ્રય ગ્રંથ કથિત त्रिदुःखसहनंમાં અચ્યુતદાસજીને "આધિભૌતિક" દુ:ખ નથી,

આ સંદર્ભમાં વાર્તામાં અચ્યુતદાસજી સ્વયં આચાર્યજીને વિનન્તી કરે છે; "लौकिक दुःख सब आप दूरि किये ।" વલ્લભદાસજી કહે છે કે આચાર્યચરણ દૈવી જીવને ખિન્ન જોઈ શકતા નથી એવા महाकारुणिक છે. "શુદ્ધ પરમાનંદ પૂરન ખિન્ન જન પ્રતિપાલ." શ્રીવલ્લભ અચ્યુતદાસજીને એમને ઘરે જવાની આજ્ઞા કરે છે ત્યારે આ ભગવદીયના નેત્રમાંથી જલની ધારાઓ વહી જાય છે અને પોતાના "આધ્યાત્મિક" દુ:ખને અભિવ્યકત કરતાં અચ્યુતદાસજી મહાપ્રભુજીને દીનતાથી વિનન્તી કરે છે; "महाराज ! आपके बचनामृत सुने बिना, दरसन बिना, मोकों एक दिन रह्यो न जायगो ।" એમના આવા "આધ્યાત્મિક" દુ:ખ નિવારણનો પુરુષાર્થ શ્રીવલ્લભાચાર્યચરણ સ્વયં કરે છે. વાર્તા કહે છે; "सो श्रीआचार्यजी महाप्रभु अच्युतदास कूँ नित्य दरसन देते, वार्ता करते । पुष्टिमारग की रीति, लीला को भाव कहते ।" મહાપ્રભુજીની વધાઈમાં ગવાયું છે કે; "સેવા રીતિ પ્રીતિ વ્રજજન કી જનહિત જગ પ્રકટાઈ." પણ આ વાર્તામાં તો અચ્યુતદાસજીને આપે "પોતે" સિખાઈ. પોતાના ગૃહમાં ભગવત્સેવા કરતાં પુષ્ટિજીવને, સ્વગૃહમાં જ મહદ્ એવા શ્રીવલ્લભાધીશ સ્વામીનો પણ અસ્ખલિત સત્સંગ મળતો રહે એવી, ચોરાસી બસોબાવન વૈષ્ણવોની વાર્તાઓમાં અચ્યુતદાસ કડાવાળાની બહુ જ rare વાર્તા છે. तेऽमृतोदाः समाख्यातास् तद्वाक्पानं सुदुर्लभम् એવા જલભેદ કથિત પરમોત્તમ વક્તા વાક્પતિની વાક્સુધા સાંભળીને અચ્યુતદાસ, પ્રભુની લીલા ભાવનામાં સદા આવિષ્ટ રહે, એ અતિ સ્વાભાવિક છે. વાર્તા કહે છે; "सो अच्युतदास सदा संयोग रस में मगन रहते ।" ભગવદીય ગાય છે; "પરમાનંદ પ્રીતિ પદ અમ્બુજ, કૃષ્ણ સમાગમ બાત ભલી." મૂળલીલામાં



કૃષ્ણતુર્યપ્રિયા શ્રીયમુનાજીના સખી અને ભૂતલ પર तादृशैर्जनैःના શિરતાજ શ્રીવલ્લભ પ્રભુના સત્સંગી, બડભાગી અચ્યુતદાસ, ભાગવતજીના રાસપંચાધ્યાયી કથિત ઠાકુરજીની, સર્વ સંયોગરસ લીલાનો અનુભવ કરે છે. આ ભગવદીય સદાય "લીલાની માનસી" કરે છે. કારણકે આચાર્યચરણનું સન્નિધાન એમનામાં સદંતર નૂતન પ્રેમ અને ભાવતરંગો ઉદ્દીપન કરતું રહે છે. "सान्निध्यमात्रदत्त श्रीकृष्णप्रेमा, विमुक्तिदः" શ્રીવલ્લભના પ્રતાપબલથી અચ્યુતદાસને આવી લીલાની માનસી સિદ્ધ હોવાથી, એમની આ અવસ્થા "સિદ્ધસાધન"ની છે. તેથી જ અચ્યુતદાસનું અંત:કરણ અખંડિત નિ:સાધન ભાવ ધારણ કરે છે. ગ્રંથમાં કહ્યું તેમ "ધૈર્ય" સંબંધિત गोपभार्यवत् એમની અનાયાસ અવસ્થા છે. "अशूरेणाऽपि कर्तव्यं स्वस्यासामर्थ्यभावनात् ." આચાર્યચરણે અચ્યુતદાસજીને લીલાની માનસીના સામર્થ્યનું જે દાન કર્યું છે, તે સામર્થ્યને સહન કરવાનું "ધૈર્ય" આ ભગવદીયની "અસામર્થ્ય"ની ભાવનામાંથી નિ:સૃત થાય છે. એમની અસમર્થતાની ભાવના કયાંથી પનપી એના સ્રોતને નિર્દિષ્ટ કરતાં અચ્યુતદાસજી સ્વયં મહાપ્રભુજીને વિનન્તી કરે છે; "आप बिदा करो तो यह दुःख दूरि करिवे को कौन सामर्थवान है ?" આ પ્રસંગથી અચ્યુતદાસજીમાં નિ:સાધનતાનો ભાવ સ્થાપિત કરીને, શ્રીવલ્લભપ્રભુ એમને વરદાન આપતાં કહે છે; "सो जहाँ तू रहेगो तहाँ मैं तुमकों दरसन देऊँगो ।" અર્થાત્ નિ:સાધન ફલાત્મારૂપે આચાર્યજી એમને દર્શન આપે છે. આ સંબંધિત હરિરાયચરણની સાડત્રીસમા શિક્ષાપત્રની વાણી અવલોકનીય છે; "निःसाधनता की भावना नित्य ही कर्त्तव्य है, काहेतें जो निःसाधन हों, ता पर दया करि, तिनके हृदयमें प्रभु पधारि अनुभव करावें ।"

મહાપ્રભુજીએ સમજાવેલ "વિવેક"નો હેતુ એ છે કે, પ્રભુની ઈચ્છાને સ્વીકારવાથી, પુષ્ટિજીવ પોતાની "અહંતા"નો ઈલાજ કરે છે અને "ધૈર્ય"માં એની મમતાનો. અચ્યુતદાસજીને તો પુષ્ટિભક્તિ સિદ્ધ હોવાથી, એમની અહંતા અને મમતા ભક્તિના અંગરૂપે ભગવત્સમર્પિત છે. ભક્તિમાં અવસ્થિત માહાત્મ્યજ્ઞાન એ વૈષ્ણવની અહંતાને સુવ્યવસ્થિત કરે છે અને સુદૃઢ સર્વતોધિક સ્નેહ એની મમતાને ભગવત્સમર્પિત કરે છે. ભગવદાશ્રય એ અચ્યુતદાસજીનો સ્થાયી ભાવ છે.

શ્રીમદાચાર્યચરણે પુષ્ટિભક્તિ સિદ્ધ કરાવવા માટે વૈષ્ણવને શરણાગતિ, સમર્પણ અને સેવા એમ ત્રિતયાત્મક ઉપાયો બતાવ્યા છે. સાધન અભિમાનવાળા પુષ્ટિજીવ માટે અહંકારને પ્રભુ તરફ ઝુકાવવાનો રસ્તો શરણાગતિ છે. અચ્યુતદાસજીને તો આશ્રય સિદ્ધ છે એ વાત આ ભક્ત શ્રીમહાપ્રભુજીને સ્વયં કહે છે; "अब मैं आपकी सरनि होय परम सुख पायो ।" પુષ્ટિજીવની વિષય વાસના સભર મમતાને ભગવાન તરફ લઈ જવાનો ઉપાય છે "સમર્પણ", જે મનથી થાય છે. સેવા, એ પ્રભુને ઝૂકેલી અહંતા અને ઠાકુરજી તરફ જઈ રહેલી મમતાને વ્યાવહારિક ઉપયોગમાં લેવાની કળા છે, તેથી જ, અચ્યુતદાસજી આચાર્યજીને વિનન્તી કરે છે; "अब मोकों आप टहल बतावो, सो मैं करूँ ।" વાસ્તવમાં તો અચ્યુતદાસજી શરણાગતિ, સમર્પણ અને સેવાની ફલાવસ્થામાં વિહરે છે. વાર્તા કહે છે; "सो अच्युतदास सदा संयोग रस में मगन रहते ।" એમની શરણાગતિ એમને ગ્રંથની આ પંક્તિમાં અખંડ રમણ કરાવે છે; "ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।" આ ભગવદીયનું સમર્પણ ભગવત્સ્નેહમાં રૂપાંતર થઈ ગયું છે અને



એમની સેવા પર્યવસિત થઈ ગઈ છે આધિદૈવિક લીલાની માનસીમાં. વાસ્તવમાં તો ભાવાત્મક વસ્તુથી ભાવાત્મક પ્રભુની, ભાવાત્મક સેવા કરનાર અચ્યુતદાસજી નિ:સાધન છે, દૈન્ય પ્રચુર છે. ઠાકુરજીની પ્રતિકૂલ ઈચ્છાને અનુકૂલ બનાવનાર દૈન્ય છે એમ હરિરાયજી તેત્રીસમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે. દૈન્યના કારણે અચ્યુતદાસજીની ફલાત્મક અવસ્થા કેવી રીતે સિદ્ધ છે તે તેત્રીસમું શિક્ષાપત્ર સમજાવે છે; "दैन्यभावनाकारणार्थ सर्व समर्पण हैं, तातें जाकों दीनता सिद्ध भई तिनकों यह पुष्टिमार्गकों फल सिद्ध ही भयो ।" અચ્યુતદાસજીમાં આવી વિવિધ "ભાવાવલી"ઓ વિદ્યમાન હોવાનું રહસ્ય સમજવા જેવું છે. જે ભાવના કારણે આચાર્યજી અચ્યુતદાસજીને માથે પાદુકાજી રૂપે બિરાજ્યા છે, તે ભાવ અને અચ્યુતદાસજીના અન્ય સર્વે ભાવો પણ "વૈશ્વનાર" રૂપ જ છે.

આ વાર્તામાં પ્રકટ થતાં શ્રીમહાપ્રભુજીનાં નામો છે; "वैश्वानरो, वल्लभाख्यः, सद्रूपो, हितकृत्सताम् ." અચ્યુતદાસજીની વાર્તાનું વિવેકધૈર્યાશ્રય ગ્રંથ સાથેનું તાદાત્મ્ય છે તેના સમ્યક્ અને સુલલિત દર્શન, આ ચાર નામોની કૃપાથી એક ચમત્કૃતિરૂપે થાય છે. આ નામોનું રહસ્ય શું છે અને એમના પ્રતાપબલથી અચ્યુતદાસજીને વિવેક, ધૈર્ય અને આશ્રય કેવી રીતે સિદ્ધ થયા છે એની વિલક્ષણ ઝાંખી કરવા જેવી છે. શ્રીમદાચાર્યચરણના સમકાલીન ભગવદીયોએ "વલ્લભ" નું વર્ણન કર્યું છે, પણ આપના "વૈશ્વાનર"રૂપનું વર્ણન વેદથી મળે છે. ઉપનિષદ જે બ્રહ્મતત્ત્વની વાત કરે છે એને જ વેદ "વૈશ્વાનર"રૂપથી વર્ણવે છે. અર્થાત્ જે સર્વત્ર અભિવ્યકત છે એવા બ્રહ્મ જ વૈશ્વાનર છે. જેમકે યશોદાજીની

ગોદીમાં બિરાજેલા કૃષ્ણ, મૈયાને પોતાના શ્રીમુખારવિંદમાં જ અખિલ બ્રહ્માંડનાં દર્શન કરાવે છે તે વિરુદ્ધધર્માશ્રય કેવલ બ્રહ્મનું જ લક્ષણ છે. "नहि विरुद्धधर्माश्रयत्वभगवद् व्यतिरिक्ते संभवेदिति ." વાર્તામાં કહ્યું છે તેમ કાશીના હનુમાનઘાટ પર આચાર્યજી આસુરવ્યામોહલીલા કરે છે ત્યારે એ જ વખતે આપ અચ્યુતદાસજીને ઘરે પણ બિરાજે છે. આ વૈશ્વનાર વલ્લભનો વિરુદ્ધધર્માશ્રય છે.

આમ પોતાના ગૃહમાં સેવા કરતી વખતે અચ્યુતદાસજીને "વલ્લભ"તાનો અનુભવ થાય છે તો અનોસરમાં આચાર્યજીના "વૈશ્વાનર" નામનો. "વૈશ્વાનર" નામનો એક અર્થ છે કે આચાર્યજી પુષ્ટિસૃષ્ટિમાં મોહ નહિ પણ "ભાવ" ઉત્પન્ન કરે છે. તેથી જ વૈશ્વાનર વાક્પતિ, અચ્યુતદાસજીને અનોસરમાં પોતાના માહોલમાં રાખી અને એમની પાસે ભગવદ્વાર્તા કરી, નિત્ય આ ભગવદીયની કૃષ્ણ માટેની ભાવસંપદામાં અભિવૃદ્ધિ કરે છે. વાર્તા કહે છે; "सो श्रीआचार्यजी महाप्रभु अच्युतदास कूँ नित्य दरसन देते, वार्ता करते ।" આમ અચ્યુતદાસજીને અસ્ખલિત "वल्लभ" અને "वैश्वानर"ના ભાવતરંગોનો માહોલ મળતો જ રહેવાથી, આ ભગવદીયની ગ્રંથ કથિત અવસ્થા છે; "एवं चित्ते सदा भाव्यं वाचा च पारकीर्तयेत्"ની. वैश्वानर અને वल्लभ એમ બન્ને પરસ્પર પૂરક નામો છે. જેમકે વૈશ્વાનર રૂપે મહાપ્રભુજીએ સુબોધિનીજી પ્રકટ કરી છે તો વલ્લભ સ્વરૂપે આપ जनशिक्षाकृते कृष्णभक्ति કરી છે અથવા તો ષોડશગ્રંથમાં कृष्णसेवा सदा कार्याની આજ્ઞા વૈશ્વાનર રૂપે કરી છે. અવતારકાલમાં શ્રીમહાપ્રભુજી પોતાના સ્વરૂપથી પુષ્ટિજીવમાં સેવા-કથાનો ભાવ જગાડે છે



તો અનવતાર દશામાં આપની વાણીથી. આમ આચાર્યચરણની ઉપસ્થિતિ કે અવતારકાલમાં આપની વલ્લભતા છે અને અનવતારકાલમાં વૈશ્વાનરતા. અવતારકાલમાં આચાર્યચરણ श्रीकृष्णास्य છે અને અનવતાર દશામાં શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ આપના ઉપદેશાત્મક ગ્રંથમાં છે. આમ કૃષ્ણાસ્ય મુખાકૃતિરૂપ ભી છે અને ગ્રંથાકૃતિ રૂપ ભી છે. અચ્યુતદાસજીને તો મહાપ્રભુજી, પ્રકટરૂપ અને વાણીરૂપ એમ બન્ને રૂપથી ભક્તિના માહોલમાં ઉછેરી રહ્યા હોવાથી, પુષ્ટિભક્તિ, આ ભગવદીયની તાસીર બની જાય છે. એનું રહસ્ય સમજાવતાં ગોવિંદદાસજી ખવાસ ગાય છે;

"जो अपने जिय जानि शरणागत होई रहैं,
बिन साधन करुणा करि, कलियुगमें उद्धरैं ."

वैश्वानर અને वल्लभ જેને બન્ને માફક આવી ગયાં છે એવા અચ્યુતદાસજી નિ:સાધન હોય તે સ્વાભાવિક છે. કારણકે એમની ભક્તિ અનાયાસ છે. આના કારણે અચ્યુતદાસજી निजेच्छातः करिष्यति રૂપ ભગવદિચ્છાને સદા surrendered કે સમર્પિત છે. મહાપ્રભુજી સર્વદા હિત કરનારા છે એમ માનનાર અચ્યુતદાસજીના અંત:કરણમાં આચાર્યજીનું हितकृत्सताम् નામ સદા વિદ્યમાન છે. તેથી જ, પ્રભુ મારું હંમેશા હિત જ કરી રહ્યા છે એવો ભાવ અચ્યુતદાસજીના મનમાં સદા અભિરમતો હોવાથી निजेच्छातः करिष्यतिનો વિવેક એમને સહજ સિદ્ધ છે. આચાર્યચરણના આવા અવિરત હિતકર્તૃત્વ સ્વરૂપને અભિવ્યકત કરતાં, વાર્તામાં અચ્યુતદાસજી, એમની પાસે મહાપ્રભુજીના આસુરવ્યામોહલીલાના સમાચાર લાવનાર વૈષ્ણવને સમજાવે છે, મહાપ્રભુજી "कब हू ऐसी करे ही नाही ।

तोको भ्रम भयो हय ।" અચ્યુતદાસજીએ આ બોધ વૈષ્ણવને શા માટે આપ્યો છે ? વૈશ્વાનર એ विश्वान् नरान् नयति હોવાથી. અર્થાત્ શ્રીવલ્લભ સર્વના leader હોવાથી, પુષ્ટિસૃષ્ટિ માટે એ ભૂતલ પરથી પધારી જ ન શકે, એવો અચ્યુતદાસજીનો દૃઢ વિશ્વાસ છે. આ સંબંધમાં વિવેકધૈર્યાશ્રય કહે છે; "अविश्वासो न कर्तव्यः ." આચાર્યચરણના આવા વૈશ્વાનરત્વ અને વિરુદ્ધધર્માશ્રયત્વને પ્રતિપાદિત કરતા અચ્યુતદાસજી વૈષ્ણવને આત્મવિશ્વાસથી કહે છે; "उत्थापन को समय अब दोय घडीमें होयगो, तब तेरो संदेह दूरि होय जायगो ।"

અચ્યુતદાસજીનું "ધૈર્ય" પણ અવિચલ છે કારણકે એમના હૃદયમાં શ્રીવલ્લભ "सद्रूप" સ્વરૂપે પણ બિરાજે છે. सत् એટલે જેમની અહંતા મમતા પ્રભુને સદા સમર્પિત છે એવા અચ્યુતદાસજી सत् છે. सद्रूप નો અર્થ થાય છે, "સુંદર" કે "શુભ". આ નામ ફલરૂપ છે. શરણે આવ્યા પછી અચ્યુતદાસજીનું સર્વે શુભ જ થઈ રહ્યું છે. એના કારણે ધૈર્યમામૃતે કથિત ધૈર્ય એમનામાં વણપ્રયાસ સુસ્થિર છે. આ સંદર્ભમાં શ્રીહરિરાયજી એમના પદમાં લખે છે;

"વૈશ્વાનર પ્રભુ સબ સુખદાતા,
સુનિ મનમેં ધીર ધારે ।
રસિકદાસ જન બડી ઠોર કે,
કહા અન્ય રિપુ વિચારે ॥"

ભગવાનને પ્રાપ્ત કરવામાં ભગવાન જ સાધન હોવાથી અચ્યુતદાસજીને सद्रूपને પ્રાપ્ત કરવાનું સાધન हितकृत्सताम् મહાપ્રભુજી જ સ્વયં છે. આ રહસ્યને સમજવામાં વાર્તા કહે



છે; "तब श्रीआचार्यजी प्रसन्न होय अपनी पादुकाजी की सेवा दीनी ।" सद्रूप નામ પર વિશેષ પ્રકાશ પાડતાં ગોવિંદદાસજી ગાય છે;

"सद्रूप श्रीवल्लभ नाम तिहारौ ।
करि करुणा करुणानिधान प्रभु
अपनी प्रतिज्ञा आपु प्रतिपारौ ॥"

મહાપ્રભુજીની કૃપાથી અચ્યુતદાસજી સમજી ગયા છે કે બ્રહ્મનું જ્ઞાન માહાત્મ્યજ્ઞાન છે, પણ વૈશ્વાનરને સમજવાથી, એમના અહંની ભીતર રહેલા કૃષ્ણાત્મક અહંને અચ્યુતદાસજી નિતાન્ત ચાહતા થઈ ગયા છે. આના કારણે એમનો ભગવત્સ્નેહ સાધનાત્મક ન રહેતાં એમની તાસીર બની ગયો છે. आत्मानन्दसमुद्रस्थं ની નિરુપાધિક સ્નેહ કે રતિની આ અવસ્થા છે. આ સ્થિતિ પર પ્રકાશ પાડતાં વાર્તા કહે છે; અચ્યુતદાસજી "सदा संयोगरस में मगन रहते ।" અચ્યુતદાસજીને તો મહાપ્રભુજીની વાણીનો સાક્ષાત્ સંગ છે. જે પુષ્ટિજીવ, જ્યારે ઋત એવા આચાર્યચરણની વાણીનું અવગાહન કરે છે, ત્યારે એ વાણી, એ વૈષ્ણવમાં પ્રવિષ્ટ થઈને, એવા ભક્તને સહસ્રપરિવત્સરની સ્મૃતિ જગાડી દે છે.

જેમ બ્રહ્મને નકારતો જીવ પોતાને જ નકારી રહ્યો છે તેમ વૈશ્વાનરને નકારતો જીવ વાસ્તવમાં વલ્લભને નકારી રહ્યો છે. વૈશ્વાનર સ્વયં કહે છે કે "મને અહીં, મને સમજાવવા માટે મોકલ્યો છે." અચ્યુતદાસજી જાણે છે કે વૈશ્વાનર છે તો લીલા સંભવે છે. "વરણ" લીલા સાપેક્ષ છે. લીલા આનંદ સાપેક્ષ છે. આચાર્યચરણનું નામ છે "आनंद ."

આનંદ સ્વભાવ સાપેક્ષ છે. વાસ્તવમાં **आनंद** શ્રીવલ્લભનો સ્વભાવ છે. ભગવાને પુષ્ટિની રક્ષા માટે જે ભક્તિબીજભાવ દૈવીજીવોમાં સ્થાપિત કરેલ છે તે વાક્પતિની વાણીના સિંચનથી પ્લાવિત થાય છે. આ રહસ્યને અનુલક્ષીને અચ્યુતદાસજી શ્રીવલ્લભને વિનવે છે કે; **"आपके वचनामृत सुने बिना, दरसन बिना मोकों एक दिन रह्यो न जायगो ।" "वैश्वानर"**ને સમજાવતાં ગોકુલનાથજી સર્વોત્તમજીની ટીકામાં કહે છે કે વૈશ્વાનર એ પુરુષોત્તમ મુખારવિંદ સ્વરૂપ આનંદાત્મક અગ્નિ છે. અચ્યુતદાસજી જાણે છે કે પુરુષોત્તમની વાણી મહાપ્રભુજી રૂપે પ્રકટ થઈ છે. તેથી જ આ વાણી ભક્તને સેવા વેળા ઉષ્ણ રાખે છે અને વિપ્રયોગ પ્રાણઘાતક ન બને એના માટે **आन्तरन्तु महाफलम्**નું દાન કરે છે.

આ બધાંય રહસ્યોને સમજનાર અચ્યુતદાસજીએ માથે બિરાજતા પાદુકાજીમાં કેવલ વલ્લભની સંભાળ નથી લીધી પણ વૈશ્વાનરની પણ લીધી છે. વૈશ્વાનરની વાણીને જીવનમાં ઉતારીને, એમને સર્વરૂપ, સર્વનામ, સર્વકર્તા માનીને. આના કારણે અચ્યુતદાસજીને પ્રભુમાં દૃઢાશ્રય સિદ્ધ છે. વ્રજવલ્લવીઓને, ઈન્દ્રયાગના પ્રસંગમાં, સારસ્વતકલ્પમાં શ્રીકૃષ્ણએ સ્વયં વૈશ્વાનરનું રહસ્ય સમજાવ્યું છે કે વૈશ્વાનરને સમજ્યા વિના કરેલ એમના કર્મ ક્યારે પણ આરાધના બની નહિ શકે. ભગવાન અપ્રાકૃત હોવા છતાંય આપ આપણા જેવા જીવો સાથે સંબંધ રાખે છે. કારણકે આપ વૈશ્વાનર છે. વૈશ્વાનર એ શ્રીમહાપ્રભુજીનું સ્વાભાવિક રૂપ નથી, પણ પુષ્ટિજીવોનું કાર્ય સિદ્ધ કરવા માટે, આચાર્યજીએ વૈશ્વાનરની જવાબદારી પોતાના શિર પર લીધી હોવાથી, વૈશ્વાનર એ મહાપ્રભુજીની acquired



responsibility (ઉપલબ્ધ કરેલી જવાબદારી) છે.

વાસ્તવમાં તો આચાર્યચરણના આવા વૈશ્વાનર સ્વરૂપના જ્ઞાનથી, અચ્યુતદાસજીને પ્રભુના બ્રહ્મ, પરમાત્મા, ભગવાન અને કૃષ્ણરૂપનો સર્વાંગી સ્વીકાર થઈ જાય છે. અને આ ભગવદીય, કૃષ્ણનો સંયોગરસનો સદા અનુભવ કરી રહ્યા છે. આ ભગવદીયનો સર્વ વ્યવહાર આચાર્યજીના વૈશ્વાનર પહેલુથી થતો હોવાથી, વૈશ્વાનર નામથી અચ્યુતદાસજી આચાર્યચરણના અનેક પહેલુઓને જાણે છે અને વલ્લભ નામથી એ કેવી રીતે માણે છે તે ગોવિંદદાસજી ખવાસ સમજાવે છે.

**"वल्लभाख्य वल्लभ मोकों अति,**
**रसना रटन करो हों रेनदिन,**
**लगन लागि रहै सुनहुं प्रानपति ।"**

આમ વૈશ્વાનર વલ્લભની કૃપાથી અચ્યુતદાસજીના "અહં" અને "મમ"ની ભાવનાઓનો કેવલ અલૌકિકમાં ઉપયોગ હોવાથી આવા ભગવદીય માટે ગ્રંથ કહે છે; **"अलौकिकमनः सिद्धौ ।"**

અચ્યતુદાસજીના અંત:કરણમાં, શ્રીમહાપ્રભુજીએ, પોતાના વૈશ્વાનર સ્વરૂપને ક્યારે સ્થાપિત કર્યું છે તે વાર્તા સમજાવે છે. અતિ દુ:ખી થઈને શરણે આવેલા અચ્યુતદાસજીને જોઈને વાર્તા કહે છે તેમ, આચાર્યજી; **"वेदमंत्र सों पढि एक अंजुलि जल छिडक्यो । तब अच्युतदास के हृदयमें विवेक, धैर्य, भगवान को आश्रय दृढ होय गयो ।"** શ્રીવલ્લભપ્રભુના એક હળવાશા નેત્ર કટાક્ષથી પણ અચ્યુતદાસજીને વિવેકધૈર્યાશ્રય સિદ્ધ થઈ શક્યો હોત, તો મહાપ્રભુજીએ એમને આ દાન વેદમંત્રથી કેમ કર્યું હશે ? એનું કારણ એ છે કે વેદ, પ્રભુની

વાણીરૂપ છે અને વાણીના પતિ वाक्पति સ્વયં વૈશ્વાનર શ્રીવલ્લભ છે. તેથી જ વિવેકધૈર્યાશ્રયનું દાન અચ્યુતદાસજીને વેદમંત્રના માધ્યમથી કરીને આચાર્યજીએ અચ્યુતદાસજીના હૃદયમાં પોતાના વૈશ્વાનર સ્વરૂપને સ્થાપિત કરી દીધું છે. વાસ્તવમાં તો "વૈશ્વાનર" નું પ્રમાણ "વલ્લભ" છે, કારણકે વલ્લભરૂપે અવતરીને આચાર્યજીએ આવી રીતે અનેક વખત વેદની વાણીને ન્યાય આપ્યો છે. વધાઈમાં ગવાયું છે કે; "વેદવચન પ્રતિપાર્યો."

વાર્તા કહે છે તેમ શ્રીમહાપ્રભુજી "वैश्वानर"રૂપે અચ્યુતદાસજીને "वार्ता करते" અને "वल्लभ" રૂપે પાદુકાજી રૂપથી સેવા કરાવે છે. પોતાનું "सद्रूप" નામ પ્રકટ કરતાં શ્રીવલ્લભ આ ભગવદીયને કહે છે કે; "सो जहाँ तु रहेगो तहाँ मैं तुमकों दरसन देऊँगो ।" "हितकृत्सताम्" રૂપે મહાપ્રભુજી અચ્યુતદાસજીને આજ્ઞા કરે છે કે; "तुम कों जो संदेह होय सो पूछियो । तिहारो सन्देह दूरि करोंगो ।" આમ અચ્યુતદાસજીને આચાર્યજીના वैश्वानर પહેલુથી માહાત્મ્યજ્ઞાન સિદ્ધ થાય છે અને वल्लभ પહેલુથી સુદૃઢ સર્વતોધિક સ્નેહ. અર્થાત્ અચ્યુતદાસજીની અહંતાનો ઈલાજ માહાત્મ્યજ્ઞાનથી થયો છે અને મમતાનો સુદૃઢ સ્નેહથી. આવા શ્રીવલ્લભપ્રભુ માટે, આ ભગવદીયને, બ્રહ્માસ્ત્રથી પણ અધિક દૃઢ વિશ્વાસ હોય અને આચાર્યજી માટે ચાતક જેવો સ્નેહ હોય એ સ્વાભાવિક છે. ब्रह्मास्त्रचातकौ भाव्यौ . પ્રભુમાં વિશ્વાસ અને ચાતકભાવ, એમ ઉભય અચ્યુતદાસજીના સ્વભાવની પ્રકૃતિ બની ગયાં છે.

આ ભગવદીયે વૈશ્વાનર અને વલ્લભ વચ્ચે એટલું સમતોલન જાળવ્યું છે કે એમને વૈશ્વાનરના "ભોગે" વલ્લભ



સિદ્ધ નથી થયા કે વલ્લભના cost પર વૈશ્વાનર. અચ્યુતદાસજીના આવા સમતોલનને મહાપ્રભુજી સ્વયં પ્રતિપાદિત કરતાં વાર્તામાં એક વૈષ્ણવને આજ્ઞા કરે છે કે; "जो संदेह मति करें, कासीमें लौकिक लीला देखी है । मैं अपने भक्तन कें घर सदा बिराजत हों ।" અચ્યુતદાસ માટે વૈશ્વાનરની પ્રાપ્તિનો ઉપાય વલ્લભ છે. "વૈશ્વાનર" વેદ કથિત "પ્રમેય" છે તો "વલ્લભ" એનું "પ્રમાણ" છે. તેવી જ રીતે આ ભગવદીય માટે, "हितकृत्सताम्" "પુષ્ટિ" છે તો "सद्रूप" "તુષ્ટિ" છે. અર્થાત્ અચ્યુતદાસ માટે ફલ જ સાધન છે અને પ્રમેય જ એનું પ્રમાણ છે. "वैश्वानर" નામમાં મહાપ્રભુજીનું "દર્શનશાસ્ત્ર" આવી જાય છે. તો "वल्लभ" નામમાં આપની personality (પ્રતિભા). "हितकृत्सताम्" નામમાં આચાર્યચરણનો "ધર્મ" અવગત છે, તો "सद्रूप" નામમાં શ્રીવલ્લભનું "શુભ" character (ચારિત્ર). આમ શ્રીવલ્લભાચાર્યચરણના સ્વરૂપની સમગ્રતાને આવરી લેનારી અચ્યુતદાસજીની અનુપમ વાર્તા છે.

આ વાર્તા ખાસ સમજાવે છે કે, પ્રત્યેક પુષ્ટિજીવ માટે મહાપ્રભુજી અવતારકાલમાં વલ્લભ છે તો અનવતાર કાલમાં વૈશ્વાનર. વાક્પતિ બન્ને કાલમાં હિતકૃતસતામ્ છે. "भक्तानाम् हितमेव करोति ." સદ્રૂપ શ્રીવલ્લભ, ભક્તોની ક્રિયા, સ્વભાવ અને ગુણને પ્રેરણા આપે છે. તેથી જ, રાજસેવા કરતાં દામોદરદાસ સંભલવાલાને આચાર્યજી પ્રોત્સાહિત કરે છે, તો અવ્યાવૃત્ત ભક્ત એવા ગદાધરદાસજીને પણ. આવા શ્રીમદાચાર્યચરણ અચ્યુતદાસજીના અંતઃકરણમાં બિરાજતા હોવાથી એમના માટે "कलौ भक्त्यादिमार्गा हि दुसाध्या" નથી રહ્યાં. ભક્ત્યાત્મક ભગવદાશ્રય આ ભગવદીયને સિદ્ધ છે,

કારણકે આચાર્યજીએ પોતાની "મતિ" આ ભગવદીયમાં રાખી છે. ગ્રંથના અંતમાં કહેલ "इति मे मतिः"નું આ પણ એક રહસ્ય છે. તેથી જ પુષ્ટિભક્તિ અચ્યુતદાસજીને દુઃસાધ્ય નથી રહી પણ સહજ સિદ્ધ છે.

અચ્યુતદાસજીના હૃદયમાં મહાપ્રભુજી બિરાજતા હોવાથી એમનું હૃદય રજસ્ કે તમસ્ અમિશ્રિત રહી કેવલ શુદ્ધ સત્ત્વધામ રૂપ છે, કારણકે એમનાં અંતરમાં બિરાજતા વૈશ્વાનર શ્રીવલ્લભ સ્વયં શુદ્ધ છે. "निगमप्रतिपाद्यं यत् तत् शुद्धं ." આવા શુદ્ધ અંતઃકરણના કારણે આ ભગવદીય સદા ઠાકુરજીના સંયોગરસનો અનુભવ કરે છે. અચ્યુતદાસજી માટે મહાપ્રભુજી કૃષ્ણના રૂપના અર્થમાં બ્રહ્મમૂર્તિ નથી કે કૃષ્ણના પ્રતીક રૂપે નથી, પણ કૃષ્ણાસ્ય રૂપે શ્રીવલ્લભ એમના માટે બ્રહ્મમૂર્તિ છે. અચ્યુતદાસજી કૃષ્ણાસ્ય એવા આચાર્યશ્રીને કૃષ્ણ અને કૃષ્ણભક્તિના એકત્વથી નિરખે છે. આચાર્યચરણના આવા અગાધ સ્વરૂપને જાણનાર અને માણનાર અચ્યુતદાસજી માટે વાર્તાના અંતમાં ગોકુલનાથજી કહે છે કે અચ્યુતદાસજી, "ऐसे श्रीआचार्यजी के कृपापात्र भगवदीय है, तातें इनकी वार्ता कहां ताइ कहिये ।"

................

## "વિવેકધૈર્યાશ્રય" ગ્રંથ અનુસાર શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણની અવલોકનીય વાણી :-

१) अब श्रीआचार्यजी कृपा करे सो उपाय कहत हैं जो मन वचन कर्म करिकें एक श्रीआचार्यजी के चरणकमल को आश्रय करे तब श्रीआचार्यजी अनन्य सेवकको भाव देखि कें प्रसन्न होय और श्रीआचार्यजीको आश्रय हृदयमें दृढ न होय तो कोटानकोटि साधन कियो करे परि रंचक हू फलसिद्धि न होय ।

२) अपने भक्तनके निरोध करिवेमें तत्पर हैं, इन्द्रयज्ञ व्रजवासी करत हते सो इन्द्र को यज्ञ छुडायो, गिरिराजकी पूजा कराय आपु सगरी सामग्री अंगीकार कीनी ।

३) भक्तनके अनिष्टकों प्रभु जानत हैं । काहेतें जो सर्वज्ञ हैं, अनिष्ट दूरी करिवेमें बलवान् हैं, सो आपही अनिष्ट दूरी करेंगे । जैसे प्रहलादजीकों हिरण्यकशिपुनें बोहोत दुःख दियो सो श्रीनृसिंहजी नांही जानत हते ? सर्व जानत हते, परंतु भक्तनकी परीक्षा लेबेंको प्रभु प्रथम नांही प्रकटे, जब प्रहलादजीकों भगवदाश्रय छूट्यो नांही, तब प्रभु प्रकट होय अनिष्ट दूरी किये, हिरण्यकशिपुको मारे, तातें दुःखक्लेशमें भक्तनकों भगवदाश्रय न छोड्यो चाहिये और प्रभु तो कृपाही करेंगे, सगरो दुःख दूरी करेंगे, परंतु जीवबुद्धितें इष्ट अनिष्टको विवेक जान्यो नांही जात है, जो मैं भगवद्भक्त होयकें अन्याश्रय करत हों, लौकिक वैदिक चिंता करतहों, भगवान् तो जो करत हैं सो भली ही करत हैं, मेरो भोग तो बोहोत है, सो प्रभु थोरेहीमें निवृत्त करेंगे, मो पर प्रभु अनुग्रह कियो जो यह दंड भयो, या भांति धीरज जीवबुद्धितें नांही रहत है तातें दुःख पावत हैं ।

४) संसारमें देहसंबंधी सुखदुःखनकों मुख्य मानत है, सो

श्रीकृष्ण संसारकों कैसे राखें । काहेतें जो हरि दुःख हरिवेवारे हैं, जहां सूर्य होय तहां अंधियारो कौन भांति रहे ?

५) भगवानमें विश्वास करनो, भगवान कल्याण ही करेंगे, और वामें दोषकी स्फूर्ति होय सो अपने दोषतें होय है ।

६) दृढ विश्वास मनमें राखे, यह मुख्य विश्वासभाव हैं । काहेतें जो विश्वास दृढ होय तो भगवद्धर्म थोरोहू बनि आवे, तोहू वाको कल्याण होय और लोगनकों दिखायवेकों भगवद्धर्म बोहोत करे, परि मनमें विश्वास न होय तो धर्ममें फलसिद्धि नांही होय । सो श्रीआचार्यजी महाप्रभु विवेकधैर्याश्रय ग्रंथमें कहे हैं "ब्रह्मास्त्रचातको भाव्यौ प्राप्तं सेवेत निर्ममः" (ब्रह्मास्त्र और चातककी भावना राखनी, जो अविश्वास तें ब्रह्मास्त्र निष्फल गयो और चातककों विश्वास है तो मेघ जल देय है, और ममता रहित होय जो प्राप्त तिनकों सेवन करे)

७) अन्याश्रय बाधक है, सगरी आर्तिकों दूरि करे, सगरे धर्मको नाश करे, तातें अन्याश्रयतें सदा डरपत रहनो ।

८) "ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः" यह लौकिक वैदिक सिद्धि न होय आवे तोहू हरिशरण सर्वथा करे, ताकरि सर्वसिद्धि होयंगे, तातें हरिशरणकरि सर्व ओरतें निश्चिंत हों ।

९) श्रीकृष्णको अभिप्राय जानिवेको वेदहूको सामर्थ्य नांही है तासों नेतिनेति पुकारत है, यद्यपि वेद भगवत्स्वरूप है, भगवान के श्वासतें प्रकटे हैं तथापि श्रीकृष्णको अभिप्राय



जानिवेमें सामर्थ नांही हैं, तो अपनी बुद्धितें मैं कहा जानूंगो ?

१०) चातकपक्षीवत् दास विश्वास करी रहे, काहेतें जो चातकपक्षी जड (मेघ) को स्मरण करत है सो मेघ वाको मनोरथ पूर्ण करत है, तो श्रीकृष्ण तो परम आनंदरूप हैं दया करि सब करेंगे ।

११) इतनो भरोसो है जो तुम मेरे प्रभु हों, मैं निःसाधन हों, मोतें साधन एकहू नांही बनत है ऐसो जो मैं तिन पर वेगि ही दया करो, मेरे दोष मति देखो ।

१२) कालदोषतें विश्वास न रह्यो जहां अविश्वास भयो तहां आश्रय छूट्यो, तब यह जीव निश्चय गिर्यो ।

१३) पुष्टिमार्ग को आश्रय सिद्धि करिवेवारों यह विश्वास है सोही मूल है । वृक्षकों मूल स्थित होय तो समग्रवृक्ष स्थित रहे, तैसें ही विश्वास दृढ होय तो पुष्टिमार्गीय धर्म-आश्रय दृढ रहे ।

१४) जैसें विषयीकों दूतीमें संतोष होय, तैसें ही श्रीभगवान् अपने भक्तकी अनन्यता देखिकें, ताकी ऊपर बोहोत प्रसन्न होय हैं, प्रसन्न होय अपने दासके सगरे कार्य पूर्ण करत हैं, सदा कृपा करत हैं, प्रतिबंध दूरि करिकें फल देत हैं, यह निश्चय सिद्धांत है ।

१५) श्रीकृष्ण परमानंदरूप हैं, परमदयालु हैं, काहुको दुःख नांही देखि सकत हैं, प्राणिमात्रके आनंददाता हैं सो अपने स्वकीय निजभक्तनके दुःख कैसें सहेंगे ? सर्वथा न सहेंगे, तातें वैष्णव भगवदीयको यह लक्षण है जो लौकिक वैदिक

कछु कार्य सिद्ध न होय, काहू वस्तुकी हानि होय, तहां अपनो ही दोष विचारनो, देहसंबंधी अनेक दुःखमें अपनो ही दोष विचारनो ।

१६) श्रीकृष्ण परम कृपालु हैं, अपने स्वकीय निजभक्तनकों यह लोक परलोक दोउ सिद्ध करत हैं, यह लोक सिद्ध करत हैं, सो विषयादिक सिद्ध करत हैं, जो भगवत्सेवादिकमें विरोध न करे, या भांति लौकिक सिद्ध करत हैं और अलौकिकमें लीला को अनुभव स्वरूपानंदको दान यह सिद्ध करत हैं ।

१७) दीनताकरि दासभाव हू भयो, तब प्रभुकी इच्छा आपुहीतें अनुकूल होय, जो अब तो यह जीव मेरोही भयो, तासों छोड्यो न जाय, तब प्रभु अनुकूल भये, तब सब सिद्ध होय, सो आगें कहत है ।

१८) अन्याश्रयतें फलको नाश होय । प्रभुसों अन्याश्रय सह्यो न जाय, श्रीनंदरायजी अंबिकापूजनकों गये, तहां सुदर्शन सर्प नंदरायजीकों निगल गयो, फिर प्रभुकी शरण जाय प्रार्थना करी, तब छूटे, तातें श्रीआचार्यजी के आश्रितनकूं अग्निके संबंधतें काष्ठकी नांई अग्निरूप श्रीआचार्यजीके संबंधतें सगरे दोष एकक्षणमें भस्म होय जाय ।

१९) पुष्टिमार्गमें दैन्य विना कछु सिद्ध न होय, ग्रन्थके बोधतें, सत्संगतें और सेवातें दैन्य सिद्ध होय ऐसो निरूपण कियो ।

२०) उपर कहे जो प्रतिबंधकी निवृत्ति के अर्थ सर्व पदार्थ स्त्रीपुत्रादिक प्रभुमें निवेदन करे, हरिके शरण जाय, परंतु



तामें सगरे कुटुम्बी दुःख देय, ज्ञातिको दुःख होय तथा अकेलो होय, रोगादि दुःख होय, द्रव्यादिककी हानि होय, नेत्रादिक अंगको भंग होय तथा राजादि दंड देय, तथा खानपानादिकको संकोच होय और अकेलो होय सो सहायता कौन करे ? या भांति संदेह होय तहां श्रीहरिरायजी कहत हैं जो यह भगवद्भक्त सब छोडिकें हरिके शरण जाय तहां कोई दुःख आवे ताकों सहे, तब श्रीठाकुरजी भक्तको दुःख नांही सही सकत हैं, तातें भक्तनकों दुःख पावत देखेंगे तब तत्काल ही दुःख निवृत्त करेंगे, सो विवेकधैर्याश्रयमें श्रीआचार्यजी महाप्रभुजी कहें हैं, "अशक्ये हरिरेवास्ति सर्वमाश्रयतो भवेत्" तथा "अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः" (अपनतें न होय सके तामें हरि ही (रक्षक) हैं, काहेतें जो आश्रयतें सर्व सिद्ध होय) तैसें (अशक्यमें तथा सुशक्यमें सर्वथा हरि शरण है) या भांति हरिकी शरण भावना राखी और दुःख सह्यो तो भगवान् प्रतिबंध दूरि कियें, भक्तकी रक्षा करी ।

२१) मनमें विचार होय जो प्रभुही सर्व करत है जीवको कियो कछु नांही होत हैं यह विवेक वैष्णवको चाहिये सो नांही है । वैष्णवकों दुःखसुखमें धैर्य चाहिये ।

२२) विवेक धैर्यकी अष्टप्रहर रक्षा करे तब श्रीकृष्णको दृढ आश्रय होय ।

२३) शुद्ध भाव होय ताको लौकिक तो आप (प्रभु) सिद्ध करत हैं प्रभुनें सिद्ध कियो सो विघ्न विना सर्व सिद्ध होत है, अन्यथा नांही होत है ।

******

## ગ્રંથ : કૃષ્ણાશ્રય
## ૮૪ વૈષ્ણવ વાર્તા-૨૦ : પ્રભુદાસ જલોટા

ચૌદમા શિક્ષાપત્રમાં હરિરાયચરણ આજ્ઞા કરે છે કે; "अन्याश्रय करे ताके ऊपर प्रभु उदासीन होय जाय, जो मैं कहा देवेमें समर्थ नांही हूं जो अन्याश्रय करत है ? जैसें दामोदरदास संभलवारे की स्त्रीनें रंचक अन्याश्रय कियो तातें पुत्र म्लेच्छ भयो, बोहोत खेद पाये, तातें वैष्णव भगवदीय अन्याश्रय कों निश्चय ही शीघ्र त्याग करे ।" અન્યાશ્રયનો ત્યાગ કરવો એ પુષ્ટિજીવ માટે, કૃષ્ણાશ્રય સિદ્ધ કરવાનું પ્રથમ પગલું છે. નિ:સાધનતાનો ભાવ હોવો કે એની ભાવના કરવી એ કૃષ્ણનો આશ્રય સિદ્ધ કરવા માટેનું વૈષ્ણવનું બીજું કદમ છે. પ્રભુનો આશ્રય કરવા, પુષ્ટિજીવ ત્યારે પ્રેરિત થાય છે જયારે એ પોતાને સર્વ રીતે અસમર્થ મહેસુસ કરે છે અને કૃષ્ણને સર્વસમર્થ સમજે છે. તેથી જ, પુષ્ટિજીવ પોતાનો ઉદ્ધાર કરવા માટે કેટલો અસમર્થ છે, તે સમજાવવા શ્રીમહાપ્રભુજી कृष्णाश्रय ગ્રંથના પહેલા જ છ શ્લોકોમાં, ધર્મના છ અંગરૂપ કાલ, દેશાદિની વિફલતા બતાવીને, જીવમાં, પોતાના ઉદ્ધાર માટે એક નિ:સાધનતાજનિત ભીતિ નિર્માણ કરે છે. એનો ઉદ્ધાર કરવા कृष्ण एव સમર્થ છે, એમ પુષ્ટિજીવને સમજાવી, શ્રીમદાચાર્યચરણ, એનો કૃષ્ણમાં આદરભાવ પ્રકટ કરે છે. ગ્રંથના પ્રારંભમાં જ આવી "સાદરભીતિ"થી વૈષ્ણવને પ્રભાવિત કરીને, શ્રીવલ્લભપ્રભુ, એને कृष्ण एव गतिर्मम ની અનિવાર્યતા દર્શાવે છે. પુષ્ટિજીવના ઉદ્ધારના અન્ય સર્વ દ્વારો બંધ કરીને, મહાપ્રભુજીના પુષ્ટિમાર્ગમાં હરિ જ બધું કરી રહ્યા છે, એવો વિશ્વાસ રાખનાર વૈષ્ણવ



માટે, ભગવદાશ્રય અનાયાસ બની જાય છે. સૂરદાસજી ગાય છે;

"જો કછુ લેખ લિખ્યો નંદનંદન
મેટ સકે નહિ કોય,
..... સૂરદાસ પ્રભુ સુખકે સાગર
ચરનકમલ ચિત્ત પ્રોય."

कृष्ण एव गतिर्मम થી અભિવ્યક્ત થતા આશ્રયના બે અર્થો છે : (૧) સહારો આપવાવાળા ભગવાન, (૨) સહારો લેવાની પ્રક્રિયા. વાસ્તવમાં તો સહારો લેવાની પ્રક્રિયાના સાધનરૂપ પરમાત્મા પોતે જ છે અને પુષ્ટિજીવને સહારો આપવાવાળા પણ પ્રભુ જ છે. આથી શ્રીકૃષ્ણ, પુષ્ટિજીવોનો સર્વઅર્થોમાં આધાર, આશ્રય કે ગતિ છે. શ્રીમદ્‌ભાગવતજીના પ્રથમ સ્કંધથી લઈને નવમા સ્કંધ સુધી આવરી લીધેલ લીલાઓ, જીવનો અન્યાશ્રય છોડાવવા માટે છે. દશ, અગિયાર અને બારમા સ્કંધની લીલાઓ, કૃષ્ણાશ્રયને સુદૃઢ કરવા માટે છે. ભાગવાર્થ નિબંધના દ્વાદશ સ્કંધાર્થ પ્રકરણમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; "कृष्ण एवाश्रयो मतः ।" એ જ વાક્ય, કૃષ્ણાશ્રય ગ્રંથમાં कृष्ण एव गतिर्मम માં રૂપાન્તર થઈ જાય છે. કૃષ્ણદાસજી ગાય છે; "કૃષ્ણ એવ કૃષ્ણ મન માહ ગતિ જાનિયે." कृष्ण एव માં "એવકાર"પદ પરાત્પર પરબ્રહ્મ શ્રીકૃષ્ણના મૂલરૂપથી ઈતર આશ્રયોને નિવૃત્ત કરનાર છે. ઈતરમાં ભગવાનની વિભૂતિઓ પણ આવી જાય છે. ભગવદ્"અંશ" જીવ "અંશી" પ્રભુનો આશ્રય અને ભજન કરે તે સ્વાભાવિક છે. यो यदंशः स तम् भजेत् - કૃષ્ણાશ્રય ગ્રંથનું આ પણ એક રહસ્ય છે.

અન્યાશ્રય રહિત કૃષ્ણાશ્રય જ આવશ્યક છે એ દર્શાવવા

ગ્રંથના પહેલા ત્રણ શ્લોકોમાં આચાર્યજી, "લોકાશ્રય"ની વિફલતાનું નિરૂપણ કરે છે. એના પછીના ત્રણ શ્લોકોમાં "ધર્માશ્રય"ની વિફલતાનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. શ્રીમદ્ ભાગવતના બારમા સ્કંધમાં પંચવિધ આશ્રયનું નિરૂપણ છે, તદ્અનુસાર, કૃષ્ણની આશ્રયરૂપતા, કૃષ્ણાશ્રય ગ્રંથના છેલ્લા પાંચ શ્લોકોમાં વર્ણિત છે. જેમકે ગ્રંથના સાતમા શ્લોકમાં "કર્મમાર્ગીય" દૃષ્ટિથી કૃષ્ણાશ્રયનું નિરૂપણ છે, આઠમા શ્લોકમાં "જ્ઞાનમાર્ગીય" પક્ષથી, નવમા શ્લોકમાં "ભક્તિમાર્ગીય" દૃષ્ટિકોણથી અને દસમા અને અગિયારમા શ્લોકમાં "પ્રપત્તિમાર્ગીય"ની દૃષ્ટિથી પણ શ્રીકૃષ્ણ જ આશ્રયણીય છે એમ દર્શાવ્યું છે. આમ ગ્રંથના છેલ્લા બે શ્લોકમાં पृथक्शरणमार्गना ઉપદેશ દ્વારા ગીતોપદેશ જેમ, શ્રીમદાચાર્યચરણ, પુષ્ટિજીવને નિર્ભયતાનું વરદાન આપે છે. ગ્રંથના અગિયારમા શ્લોકમાં શ્રીવલ્લભ પોતાના જીવને લાડથી સમજાવે છે કે શરણાગત જીવોનો ઉદ્ધાર શ્રીકૃષ્ણ નહિ કરે તો કોણ કરશે ? અનન્ત કોટિ બ્રહ્માંડનો નાથ હોવા છતાં ય, શ્રીકૃષ્ણ, વ્રજભક્તો માટે ગોકુલનાથ બન્યા છે, તેમ આધુનિક કાલમાં, આપણા સેવ્યસ્વરૂપ, આપણું રક્ષણ, પોષણ અને ઉદ્ધાર કરશે. પોતાના સેવ્યસ્વરૂપને અનુલક્ષીને પ્રત્યેક વૈષ્ણવ, કૃષ્ણાશ્રય ગ્રંથનો પાઠ કરે, એવી શ્રીવલ્લભની તાત્પર્યવૃત્તિ આ ગ્રંથમાં સ્પષ્ટ રૂપે નિર્દિષ્ટ થાય છે. તેથી શ્રીવલ્લભ આજ્ઞા કરે છે કે; "पठेत् कृष्णसन्निधौ." કૃષ્ણાશ્રય ગ્રંથના પાઠથી કૃષ્ણનો આશ્રય સિદ્ધ થઈ જાય એના માટે વાસ્તવમાં તો મહાપ્રભુજી પોતાની જ કાનિ અગિયારમા શ્લોકમાં આપે છે; "इति श्रीवल्लभोऽब्रवीत्.

કૃષ્ણાશ્રય ગ્રંથની ટીકામાં શ્રીકલ્યાણરાયજી આજ્ઞા કરે છે કે, જેવી રીતે જીવનનો નિર્વાહ કરવા માટે શાસ્ત્રોએ દશ



પ્રકારના પ્રાણો બતાવ્યા છે, તેવી રીતે, આ ગ્રંથના દશ શ્લોકો પણ પુષ્ટિજીવના જીવનના પ્રાણરૂપ સાધક છે. અગિયારમા શ્લોકમાં આ ગ્રંથની ફલશ્રુતિ છે. સાત્ત્વિક, રાજસ અને તામસના મિશ્રણથી નવ પ્રકારના ભક્તો થાય છે અને દસમા નિર્ગુણ, એમ દસ પ્રકારના ભક્તો દ્વારા ભગવાન સેવ્ય છે. એ દર્શાવવા પણ ગ્રંથના શ્લોકોની સંખ્યા દશ છે. કૃષ્ણમાં, કૃષ્ શબ્દ સત્તાવાચક છે અને ण આનંદાત્મક. આવા સદાનંદ કૃષ્ણમાં પ્રીતિ થઈ જાય તેને કલ્યાણરાયજી કૃષ્ણનો આશ્રય થયો માને છે.

દ્વારકેશજી આજ્ઞા કરે છે કે કૃષ્ણનો આશ્રય સર્વસાધક છે. પુષ્ટિજીવે એ સ્પષ્ટ રીતે સદા સમજી રાખવું જોઈએ કે ભગવદાશ્રય વિના એનું કોઈપણ કાર્ય સિદ્ધ થઈ શકતું નથી. પ્રભુ આપણો આશ્રય બને એ ભગવદિચ્છા પર જ નિર્ભર છે. આવી ભગવદિચ્છાને, કૃષ્ણાશ્રય ગ્રંથના અગિયારમા શ્લોક પર નિર્ભર કરીને, શ્રીવલ્લભે, પુષ્ટિસૃષ્ટિ પર અનિર્વચનીય કૃપા કરી છે. તેથી જ શ્રીવ્રજરાયજી કહે છે કે, મહાપ્રભુજીની પ્રાર્થનાથી કૃષ્ણાશ્રય સિદ્ધ થતો હોવાથી, આ ગ્રંથ પ્રાર્થનારૂપી સ્તોત્ર છે. આવો કૃષ્ણાશ્રય કાયિક, વાચિક અને માનસિક બને ત્યારે આશ્રયનો સર્વાત્મભાવ સિદ્ધ થાય છે.

શ્રીઠાકુરજીના પરમપૂનિત દશનખચંદ્રની પ્રતિભાની આભા અભિવ્યક્ત કરનાર કૃષ્ણાશ્રય ગ્રંથના દશ શ્લોકો છે. કૃપાપાત્ર ભગવદીયના હૃદયમાં, ગ્રંથના દશ શ્લોકો, સ્વરૂપાત્મક રૂપે, સુકોમલ ચરણયુગલ રૂપે પ્રકટ થઈ જાય છે. એ વખતે આવિષ્કૃત થયેલ ઠાકુરજીના દશનખચંદ્રની છટા કેવી સોહામણી અને રૂડામણી છે એનાં દર્શન હરિરાયજીના બીજા શિક્ષાપત્રમાં

કરી લઈએ; "श्रीठाकुरजीके नखचन्द्र एक एक नख कोटानकोटि अंधकारको नाशकर्ता है, सो दश नखचन्द्र जिन भक्तनके हृदयमें रहत है तिनके हृदयमें प्रकाश होय, तामें कहा कहेनो ?"

પુષ્ટિજીવને કૃષ્ણનો આશ્રય સંપૂર્ણ રીતે ત્યારે ઉપલબ્ધ થયો કહેવાય, જયારે એ વૈષ્ણવને કૃષ્ણની ષડ્વિધ શરણાગતિ સિદ્ધ થાય છે. પ્રભુદાસ જલોટાને આવી પરમ સિદ્ધિ સિદ્ધ છે. તેથી એમની વાર્તાનું સ્પર્શન કરતાં પહેલાં, ષડ્વિધ શરણાગતિ શું છે તે સહેજ અવલોકી લઈએ.

પંચશ્લોકીમાં સમજાવેલ ષડ્વિધ શરણાગતિનું સ્વરૂપ આવું છે;

अनुकूलस्य संकल्पः प्रतिकूलविसर्जनम् ॥
करिष्यतीति विश्वासो भर्तृत्वे वरणं तथा ।
आत्मनैवेद्यकार्पण्ये षड्विधा शरणागतिः ॥

અર્થાત્ પ્રભુને અનુકૂલ બનવાનો પુષ્ટિજીવે નિશ્ચય કરવો જોઈએ, પ્રતિકૂલનો ત્યાગ કરવો, ભગવાન કરશે જ એવો વિશ્વાસ રાખવો, સ્વામીના રૂપમાં વરણનો સ્વીકાર કરવો, આત્મનિવેદન કરીને દીનતા રાખવી. આમ છ પ્રકારથી કૃષ્ણની શરણાગતિ છે. આ શ્લોકમાં અનુક્રમે પુષ્ટિજીવની, ઈન્દ્રિય, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને આત્માથી ષડ્વિધા શરણાગતિ કેવી રીતે સિદ્ધ થાય છે તે પુષ્ટિજીવ માટે મનનીય અને જીવનમાં ઉતારવા લાયક છે.

૧) **अनुकूलस्य संकल्पः** :- ઈન્દ્રિયોથી પ્રભુના તત્સુખનો વિચાર કરતાં રહેવાથી, જીવને ઠાકુરજી પ્રત્યે અનુકૂલ સંકલ્પની ભાવના સતત જાગૃત રહે છે અને એના કારણે એવા પુષ્ટિજીવને



એની "ઈન્દ્રિયો"ની કૃષ્ણશરણાગતિ સિદ્ધ થાય છે. વૈષ્ણવને આવી અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે, એમની ભિતર બિરાજેલા પરમાત્મા કેવલ उपद्रष्टा કે સાક્ષિભાવથી નથી બિરાજતા, પણ જીવને પોતાનો પ્રતિસાદ કે reaction આપતા થઈ જાય છે.

૨) **प्रतिकूलविसर्जनम्** :- આચાર્યચરણના સિદ્ધાંતથી વિરુદ્ધ ન કરનાર વૈષ્ણવ, પ્રભુના પ્રતિકૂલનો ત્યાગ કરે છે ત્યારે તેને એના "મન"ની કૃષ્ણ શરણાગતિ પ્રાપ્ત થાય છે. આ સ્થિતિ ઉપલબ્ધ થયા પછી, એવા પુષ્ટિજીવની ભિતર પ્રભુ કેવલ अनुमत्ता રૂપે નથી બિરાજતા પણ એને એના હિત અને અહિતની પ્રેરણા કરતા રહે છે.

૩) **करिष्यतीति विश्वास** :- પુષ્ટિજીવની ભિતર भर्ता રૂપે બિરાજતા પ્રભુમાં, "આપ મારું રક્ષણ કરશે જ" એવો વિશ્વાસ આવી જવાથી, વૈષ્ણવને એની "બુદ્ધિ"ની કૃષ્ણશરણાગતિ સિદ્ધ થાય છે.

૪) **भर्तृत्वे वरणं तथा** :- પુષ્ટિજીવ જયારે પોતાના "ચિત્ત"ને કૃષ્ણવાસનાથી વાસિત કરે છે, ત્યારે એના ઠાકુર "भोक्ता" બને છે. જેમકે પરદેશ જવા નીકળેલા શેઠ પુરુષોત્તમદાસને સુંદર રીંગણાનું ખેતર જોતાં મદનમોહનજી યાદ આવી જાય છે અને શેઠજીનો પરદેશ ત્યાં જ પૂરો થઈ જાય છે કારણકે એમનું "ચિત્ત"સદા ભગવચ્છરણાગત છે.

૫) **कार्पण्य** :- જીવ જયારે પ્રભુને પોતાનો "અહંકાર" સમર્પિત કરે છે ત્યારે એને દીનતા સિદ્ધ થાય છે. દૈન્ય કે કાર્પણ્ય, એ વૈષ્ણવ માટે, એની ભિતર महेश्वर રૂપે બિરાજતા પરમાત્માને

યથાર્થ response કે જીવનો महेश्वर પ્રત્યેનો અનુભાવ છે.

(६) आत्मनिवेदन :- આપણો આત્મા, આપણા આત્માના આત્માને સોંપવાથી, ભિતર બિરાજેલ તત્ત્વ આપણો પરમાત્મા બને છે. વાસ્તવમાં તો નિવેદિત જીવ સ્વયં "ઉપ" આત્મા હોવાથી પ્રભુ પરમાત્મા બને છે.

અર્થ સમજી અને મન લગાવીને કૃષ્ણાશ્રય ગ્રંથનો ભાવથી પાઠ કરવાથી આવી ષડ્વિધા શરણાગતિ વૈષ્ણવને સિદ્ધ થાય છે એ સમજાવતાં શ્રીવલ્લભ ગ્રંથના છેલ્લા શ્લોકમાં આજ્ઞા કરે છે; "तस्याश्रयो भवेत् कृष्ण इति श्रीवल्लभोऽब्रवीत् ।" કૃષ્ણના આશ્રયની ભાવના કરનાર પુષ્ટિજીવે કેવલ આશ્રયની જ ભાવના ન કરવી. નહિ તો એની ગતિ પ્રપત્તિમાર્ગમાં થશે. "कृष्ण एव गतिर्मम"માં ગતિ શબ્દનો આશય આશ્રય અને સમર્પણ એ બન્ને સંબંધિત હોવાથી પુષ્ટિજીવે આ ગ્રંથનો પાઠ કરતી વખતે એવી ભાવના કરવી કે; "પ્રભુ, આપ મારું શરણ થાઓ અને આપને જ સદા હું સમર્પિત રહું." આવી ભાવના કરવાથી, કૃષ્ણાશ્રય, ભક્તિનું અંગ બની જાય છે.

જે પરમ ભગવદીયને સર્વાત્મભાવ સિદ્ધ હોય છે તેમને આવી ષડ્વિધા શરણાગતિ અનાયાસ સિદ્ધ થઈ જાય છે. પ્રભુદાસ જલોટાને જે વખતે શ્રીમહાપ્રભુજી સર્વાત્મભાવનું દાન કરે છે એ પ્રસંગને સમજાવતાં વાર્તા કહે છે; "सो प्रभुदास ब्रजको स्वरूप अलौकिक देखें ।" પ્રભુદાસજીએ સર્વ શું જોયું ? "वृक्षे वृक्षे वेणुधारी पत्रे पत्रे चतुर्भुजः ।" ભાવપ્રકાશ



કહે છે; "वृक्ष वृक्षके नीचे वेणुधारी साक्षात् श्रीगोवर्धनधर भक्तन के संग लीला करत हैं ।" આવો સર્વાત્મભાવ સિદ્ધ કરવા માટે, પ્રગાઢ વિપ્રયોગની અનુભૂતિ, એ એક અનિવાર્ય અવસ્થા છે. પ્રભુદાસ જલોટાની વિપ્રયોગાવસ્થા કેટલી વિગાઢ છે એનો સંકેત આચાર્યચરણ સ્વયં રૂપ સનાતનના માધ્યમથી વૈષ્ણવસૃષ્ટિને આપે છે. પ્રભુદાસ જલોટાને અનુલક્ષીને રૂપ સનાતન શ્રીવલ્લભને પૂછે છે કે; "महाराज ! आपको मारग तो पुष्टि है और ये दुबरावल क्यों है ? तब आचार्यजी ने कही, हमतो इनकों बरजे, जो-यह मारग में मति परो । परंतु ये मेरो कह्यो न मान्यो । ताको फल भोगत हैं ।" આનો ભાવ સમજાવતાં હરિરાયજી ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે કે; "सो कह्यो न मान्यो तब फलदसा कों भोगे ।" સારસ્વતકલ્પમાં ઠાકુરજીએ વેણુનાદ કરીને ગોપીજનોને બોલાવ્યા. પછી એમને પાછા જવાનું કહ્યું પણ વ્રજાંગનાઓએ કૃષ્ણની એ આજ્ઞા માની નહિ અને વ્રજ પાછા ન ગયાં, ત્યારે તેમને રાસલીલાની ફલાનુભૂતિ ઉપલબ્ધ થઈ. એ જ દૃષ્ટિથી શ્રીવલ્લભ રૂપસનાતનને કહે છે કે; "कह्यो न मान्यो तब फल दसाको भोगे ।" રાસપંચાધ્યાયીમાં વર્ણિત આવી ફલદશા પૂર્વોત્તરદલાત્મક છે. તાપક્લેશ વિના આ અવસ્થા સિદ્ધ ન થાય. હરિરાયચરણ આજ્ઞા કરે છે કે; "तापक्लेश मारग श्रीमदाचार्येन निरूपितः ।" આ જ રહસ્યને પ્રકટ કરતાં શ્રીદામોદરદાસ હરસાનીજી શ્રીગુસાંઈજીને વિનન્તી કરે છે કે; "अपनो मार्ग निश्चिंतता को नाहि । यह मार्ग हे सो तो अत्यंत कष्ट आतुरताको है, दुःख को है ।" સર્વશાસ્ત્રોના ગુહ્યતમ રહસ્યોનો ઉપદેશ કરનાર કૃષ્ણાશ્રય ગ્રંથ માનસી સેવા ઉપયોગી મનની સિદ્ધિ કરાવનાર

હોવાથી, આ ગ્રંથ વિપ્રયોગ પ્રચુર છે. આ વાતનો કેવલ ઉલ્લેખ માત્ર જ મેં "ષોડશગ્રંથ ગત ઉપદેશો અને તેમની ૬૪ વાર્તાઓ" નામના મારા પ્રથમ ભાગમાં કરેલ પણ એનો વિસ્તાર નહોતો કર્યો. અહીં હું કૃષ્ણાશ્રય ગ્રંથમાં છલોછલ ભરેલા વિપ્રયોગના વિવિધ પહેલુઓનું અવલોકન કરવા યથામતિ પ્રયાસ કરું તે પહેલાં, વિપ્રયોગાગ્ને શ્રીવલ્લભપ્રભુના અને અગ્નિકુમાર શ્રીવિઠ્ઠલેશ પ્રભુના ચરણકમલમાં મારું મસ્તક બેરબેર રાખું છું. પિતાપુત્રની કૃપા સિવાય વિપ્રયોગ માધુરીની હળવી શી મકરંદ પણ ન મળી શકે.

આચાર્યજી રૂપસનાતનને કહે છે કે; "हम तो इनकों बरजे, जो-यह मारग में मति परो । परंतु ये मेरो कह्यो न मान्यो । ताको फल भोगत हैं ।" વાસ્તવમાં તો આવી આજ્ઞા કરીને વૈશ્વનાર શ્રીવલ્લભાધીશ સ્વામી પ્રભુદાસજીની અગાધ વિપ્રયોગની દશાને નિર્દિષ્ટ કરી રહ્યાં છે. આ ભગવદીયની વિપ્રયોગની અવસ્થા વ્રજભક્તો સમકક્ષ છે એ સમજાવતાં શ્રીહરિરાયચરણ ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે કે; "सो यह मारग व्रजभक्तन को है । जैसे व्रजभक्त सर्व समर्पन करि शरन भये तब खानपान देह-सुख सब छूटयो ।" પ્રભુદાસજીની વાર્તાના ભાવપ્રકાશમાં આના પછીનાં દસ વાક્યો, અનુક્રમે, કૃષ્ણાશ્રય ગ્રથના એક એક શ્લોકમાં પ્રભુદાસજીના વિપ્રયોગ-કઈ અવસ્થા વિદ્યમાન છે એનાં દર્શન અદ્દ્ભુત રીતે કરાવે છે. ભાવપ્રકાશ કહે છે; (૧) "विप्रयोग की फलदसा कों भोगत हैं ।" (२) "तातें देह कृश होय" (३) "विरह के उसास उठें" (४) "नेत्रन में जल भराय" (५) "कंठ रुकि जाय" (६) "सगरि देह में पसीना होय" (७) "मूर्छित होई" (८) "हसि परे"



(९) "रुदन करे" (१०) "निर्तन करे" (११) "इत्यादि भक्त के लक्षन है ।" અર્થાત્ વિપ્રયોગમાં પ્રકટ થતાં ભક્તનાં આવા દશ લક્ષણોને સિદ્ધ કરવાનું સાધન કૃષ્ણાશ્રયગ્રંથના અગિયારમા શ્લોકમાં વિદ્યમાન શ્રીવલ્લભની કાનિ છે. મહાપ્રભુજીની પુષ્ટિસૃષ્ટિ પર થયેલી આ અનિર્વચનીય કૃપા છે.

ભાવપ્રકાશમાં હરિરાયજી કથિત વિપ્રયોગની આવી દશાવસ્થાને કૃષ્ણાશ્રય ગ્રંથના એક-એક શ્લોક સંગ એ જ ક્રમથી મેળવીને, પ્રભુદાસ જલોટાની વાર્તામાં એને સમજવાનો હવે હું યથામતિ પ્રયાસ કરું છું અને સાથે નંદદાસજી કથિત વિરહમંજરીનો આશ્રય લઉં છું. આવી વિપ્રયોગની દશાનું અવગાહન કરતી વખતે, કૃષ્ણાશ્રય ગ્રંથના અગિયાર શ્લોકોમાં મેં ભક્ત, વ્રજભક્ત, ભગવદીય કે પ્રભુદાસજીનું નામ લખ્યું હોય તો ચારેયને પર્યાયવાચક જ માનવા. આ ભક્ત પોતાની સખીઓને ઉદ્દેશીને પણ વિપ્રયોગ અભિવ્યક્ત કરે છે. સાહિત્યમાં નિર્દિષ્ટ કરેલ વિરહની વિવિધ અવસ્થાઓ કૃષ્ણાશ્રયગ્રંથ અને પ્રભુદાસજીના પ્રસંગોમાં જોવા મળશે; જેમકે, विरहजनित, विरह गुणित, विरहाधिगम, विरहज्वर, विरहानल, विरहार्त અને विरहव्याप्त.

<u>શ્લોક ૧લો</u> :- सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणि ।
पाषण्डप्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥१॥

આ શ્લોકના અનુસંધાનમાં, હરિરાયજી વાર્તાના ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે કે; "विप्रयोगकी फलदसा कों भोगत हैं ।" વિપ્રયોગની આવી ફલદશામાં ભક્તને કોઈ શુધિ રહેતી નથી એ સમજાવતાં નંદદાસજી ગાય છે;

"ભૂત છિયે મદિરા પિએ,
સબ કાહૂ સુધિ હોય,
પ્રેમ સુધા રસ જો પિયે,
તિહિ સુધિ રહે ન કોય."

આવી વિપ્રયોગ પ્રચુર અવસ્થામાં નિ:સાધન એવા પ્રભુદાસજીના મનમાં એ તાપકલેશ છે કે પ્રભુમિલનના મારા સર્વમાર્ગો બંધ થઈ ગયા છે. सर्वमार्गेषु नष्टेषु . नष्टेषु શબ્દને દેહલી દીપન્યાયથી લઈશું તો कलौ च खलधर्मिणी अपि नष्टेषु એમ અર્થ થશે. कलौ એટલે કલહ. ઠાકુરજી પોતાને રસદાન ન કરતા હોય અને અન્યભક્તને કરે, એના કારણે, खलधर्मी જે કલહ છે તે પણ હવે નષ્ટ થઈ ગયો છે, એમ વિચારતો ભગવદીય પોતાની નિર્ગુણ ભક્તિનાં દર્શન કરાવે છે. पाषण्डप्रचुरे लोके માં "लोक" શબ્દથી એક સખીજન લઈએ, અર્થાત્ આ વિરહી વ્રજભક્ત, પોતાની સખીને એમની સાથે અલૌકિક "पाषण्ड" કરી, પ્રભુ સાથે સ્વયં વિહાર કરવા લાગે છે. તેથી વિરહી વ્રજભક્ત વિચારી રહ્યાં છે કે; "હવે જયારે મારા સાધન ગયાં છે, કલહ ગયો છે, સખી પણ મદદરૂપ નથી, ત્યારે હે કૃષ્ણ ! આપ જ મારી ગતિ છો." कृष्ण एव गतिर्मम । આવા વિપરીત કાલમાં વિપ્રયોગી, પ્રભુને કેવી અભ્યર્થના કરે છે તે હરિરાયજી તેરમા શિક્ષાપત્રમાં સમજાવે છે. "हा नाथ ! हमारे तुम नाथ हो, स्वामी हो, तातें तुम अपने जानि दया करो, हा कृपानाथ ! तुम गोपीजन के नाथ हो, गोपीजन निःसाधन हैं, तिन पर सदा कृपा करि सगरे कार्य सिद्ध किये, तैसें हम हू निःसाधन हैं, हम पर कृपा करो । तुम कृपा करोगे तब यह काल हमकों निश्चय दुःख नाहि देयगो ।"



<u>શ્લોક રજો</u> :- म्लेच्छाक्रान्तेषु देशेषु पापैकनिलयेषु च ।
सत्पीडाव्यग्रलोकेषु कृष्ण एव गतिर्मम ॥ २ ॥

બગડી ગયેલી રસોઈ પ્રભુદાસજીએ ઠાકુરજીને ન ધરાવી અને પોતે ચરણામૃત પધરાવીને લઈ લીધી. આ સંદર્ભમાં વાર્તામાં આચાર્યચરણ પ્રભુદાસજીને કહે છે; "ऐसी रसोई क्यों करी ? श्रीठाकुरजी बडी बेरलों बाट देखी ।" આ પ્રસંગની સ્મૃતિમાં, પ્રભુદાસજીને જાણે આચાર્યચરણની આજ્ઞા યાદ આવી જાય છે કે જે કર્મમાર્ગીય પોતાના સ્વાર્થ માટે કર્મ કરે છે અને ભગવત્સુખ માટે નથી કરતો તે "મ્લેચ્છ" છે. म्लेच्छाक्रान्तेषु . આ ભક્ત દીનતાથી જાણે વિચારે છે કે મારી આવી કૃતિથી જે પરમ પુનિત વ્રજભૂમિમાં હું નિવાસ કરું છું એવા વ્રજદેશને પણ મારા કારણે મ્લેચ્છાક્રાન્ત લાગતું હશે. म्लेच्छाक्रान्तेषु देशेषु . એ વખતે ઠાકુરજીના લાવણ્યામૃત મુખારવિંદની સ્મૃતિ થતાં પ્રભુદાસજી વિચારે છે કે આવી મધુરતમ મૂર્તિનાં મને હમણાં દર્શન નથી થતાં તે મારા પાપોના કારણે જ છે पापैकनिलयेषु च. નહિ તો પ્રભુ તો પરમદયાલ કરુણાનિધિ છે. ઠાકુરનાં દર્શન વિના વ્રજવૃન્દાવનની (देशेषु) ઉદ્‌બોધક સામગ્રી જોઈને વિરહદશામાં, પ્રભુદાસનો વિપ્રયોગાગ્નિ વિશેષ પ્રજ્વલિત થાય છે.

"ગરજનિ ગૂંજનિ સુનિ સુનિ મહા,
દલકત હિયે દુ:ખ કહિયે કહા."

ગ્રંથ કહે છે; सत्पीडाव्यग्र . વ્રજભક્તની વિયોગાગ્નિરૂપ પીડા (पीडाव्यग्र) જોઈને હવે તો સત્ એવી એમની બીજી સખીઓ (लोकेषु) પણ પીડિત થઈ જાય છે. પોતાની કોઈ ભૂલથી

પ્રભુ દર્શન નથી આપતા એવો જયારે કોઈ ભક્તને ભાવ આવી જાય છે અને પ્રભુ દર્શનમાં વિલંબ થાય છે ત્યારે એવા ભક્તનો દેહ કૃશ થતો જાય છે. ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે; "देह कृश होय ." એ વખતે નંદરાજકુમારને આ વિરહી વ્રજાંગનાની સખીઓ વિનન્તી કરી રહી છે કે;

"મૃદુવેલિસી વ્રજ કી બાલા,
મુરઝિ ચલી હો ગિરિધર લાલા."

જયારે ઠાકુરજી પણ આવી વિનન્તીનો પ્રતિસાદ આપતા નથી ત્યારે અન્ય સાધનના અભાવમાં, કલ્પતરુ સ્વભાવવાળા પ્રભુને, लोकेषु (સર્વસખીઓ) વિનન્તી કરે છે; कृष्ण एव गतिर्मम . કોઈકના આર્તનાદથી તો કૃષ્ણ પ્રકટ થઈ જશે !! આવા નિ:સાધન જીવ બની કૃષ્ણાશ્રય કરવો એમ હરિરાયચરણ કહે છે જેનું વર્ણન આપના બારમા શિક્ષાપત્રમાં છે; "जाकों कछुह अवलंब नांही है, तिनके तुमही अवलंब हो, यह कहि के यह जताये जो सर्व ठौरतें आश्रय छोडि एक श्रीकृष्णको आश्रय करे, तब प्रभु आश्रय देहीं तातें निरालंब के अवलंब श्रीकृष्ण हैं ।"

<u>શ્લોક ૩જો</u> :- गंगादि तीर्थवर्येषु दुष्टैरेवावृतेष्विह ।
तिरोहिताधिदैवेषु कृष्ण एव गतिर्मम ॥३॥

गंगादि तीर्थवर्येषु . અહીં "गंगा" શબ્દમાં "गं + गा" ધાતુ લઈએ તો "गं"નો અર્થ થશે ગીત અને "गा" એટલે (ગીત) ગાનાર. આ દૃષ્ટિકોણથી જોઈએ તો ગોપીગીતમાં જેમ વ્રજવલ્લવીઓએ વિપ્રયોગનું ગાન કર્યું છે, તેમ અહીં વ્રજભક્તની સખીઓ વિરહગાન કરી રહ્યા છે. આ સખીઓ કેવાં છે ? ગંગાદિ જેમ તીર્થવર્યા છે, તેમ આ ગોપીજનો પણ



સર્વભક્તોના વર્ય છે. ગ્રંથ કહે છે; गंगादितीर्थवर्येषु . આ શ્લોકની વ્યાખ્યામાં કલ્યાણરાયજી આજ્ઞા કરે છે કે બ્રાહ્મણ વગેરે ઉચ્ચ જાતિના લોકો પણ ગંગાદિ તીર્થના અતિ પરિચયથી તીર્થોનો અનાદર કરે છે. તેમ આ ભક્ત કહી રહ્યા છે કે મારા કૃષ્ણ સાથેના અતિ પરિચયથી, મેં પ્રભુનો કે ઠાકુરજીએ મારો અનાદર તો નથી કર્યોને ? "अतिपरिचयाद् अवज्ञा सततं गमनादनादेशे ।" गंगादितीर्थवर्येषुથી વ્રજભક્તને એ પણ સ્મૃતિ થાય છે કે માછલી, કાચબા, દેડકા વગેરે ગંગાજલમાં રહે છે પણ એમને ગંગાસ્નાનનું ફલ ક્યાં છે ? તેમ મને પણ શું વ્રજભૂમિમાં રહેવાનું ફલ નથી મળતું ? શું હું દુષ્ટતાથી એટલો બધો આવૃત્ત થઈ ગયો છું ? दुष्टैरेवावृतेष्विह. પ્રભુ મને દર્શન નથી દેતા, એટલે તો મારા અધિદેવ મારા માટે તિરોહિત થઈ ગયા છે. "तिरोहिताधिदैवेषु ." અહીં दैवेषु એમ બહુવચન છે. અર્થાત્ મારા ઠાકુર સલીલા પરિકર મારા માટે તિરોહિત થઈ ગયા છે. दैव એટલે ભાગ્ય પણ થાય. પોતાનું ભાગ્ય પ્રભુનાં મિલન માટે બેરબેર અફલ થતું જુએ છે એને બહુવચનમાં दैवेषु એમ કહે છે. વિરહના આવા નિ:શ્વાસ વ્રજભક્ત વારંવાર નાખે છે. ભાવપ્રકાશ કહે છે; "विरह के उसास उठें ।" મંજરી કહે છે;

"તેસિય વિરહ બિથા તન નઈ,
અગિન મેં અગિન ઔર જયોં દઈ."

નિ:સાધન અને દીન બની ગયેલા આવા ભક્ત માટે હરિરાયજી ચોવીસમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "तैसेंही जब वैष्णव मनतें नि:साधन होय, दैन्य करि दृढ आश्रय करे, तब प्रभु कृपा करे ।" આ અવસ્થામાં એટલે જ કૃષ્ણઆનનવિરહાગ્ની શ્રીવલ્લભ,

સલાહ આપે છે "कृष्ण एव गतिर्मम ." આવી શરણાગતિ માટે આચાર્યચરણ પુષ્ટિજીવને, કૃષ્ણ પદથી પ્રભુના આધિદૈવિક રસાત્મક સદાનંદ સ્વરૂપનું નિર્દેશન કરે છે.

શ્લોક ૪થો :- अहंकारविमूढेषु सत्सु पापानुवर्तिषु ।
लाभपूजार्थयत्नेषु कृष्ण एव गतिर्मम ॥४॥

લઘુરાસ વખતે ઠાકુરજી અંતર્ધાન થયા એ પ્રસંગને યાદ કરીને "કર્તા" એવા આ ભક્ત કહે છે; "अहंकारविमूढेषु ." "મને વારંવાર સૌભાગ્યમદ થતો રહ્યો છે એના કારણે પ્રભુ હવે મને દર્શન નથી આપતા !!" આપ કોને કહી રહ્યાં છે ? सत्सु . અર્થાત્ પોતાની અતિ સાત્ત્વિક સખીઓને. દૈન્યથી સખીઓને શું કહી રહ્યાં છે ? "મારાં બહુ જ પાપો પ્રભુમિલનમાં વિક્ષેપ કરી રહ્યાં છે." તેથી ગ્રંથ બહુવચનમાં કહે છે; "पापानुवर्तिषु ." પ્રભુની પ્રાપ્તિ રૂપી મને "લાભ" થાય એના માટે હવે હું જે "पूजा" કે યત્ન કરું છું એ "अर्थ"રૂપ ભગવાનની પ્રાપ્તિ માટે પર્યાપ્ત નથી. लाभपूजार्थयत्नेषु . ભક્ત અતિ બેચેન બની જાય છે, નિ:સાધન બની જાય છે. કૃષ્ણદર્શન લાલસામાં એમના નેત્રમાંથી અશ્રુધારા વહી રહી છે. વાર્તાના ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે; "नेत्रनमें जल भरी आए ." મંજરીમાં નંદદાસજી ગાય છે;

"સુધિ આવત વા મોહન મુખ કી
કુટિલ અલક જુત સીવાં સુખકી.
વા છબિ બિન ધૈ નૈન હમારે,
ઝરત હૈ મહા વિરહ-જુર જારે."

આ દશામાં "कृष्ण एव गतिर्मम" કહેતાં, આ નિતાન્ત કૃષ્ણપ્રેમી



ભક્ત, કૃષ્ણનામ બોલતાં જ કૃષ્ણની યાદી વધતાં, પુન: રુદન કરે છે. આ અવસ્થામાં ભક્તિની સ્થિતિનાં દર્શન અઠ્ઠાવીસમા શિક્ષાપત્રમાં કરી લઈએ; "हे नाथ ! तुम ईश्वर हो, कर्तुं, अकर्तुं, अन्यथाकर्तुं सर्व सामर्थ्ययुक्त हो, सो यह जानो मेरे शरण लायक यह नांही है, यह विचारिकें कदाचित् त्याग करो तो हम कहां जाय ? हमारे तुम विन और कहूं ठिकानो नांही है तुम्हारी शरण बिना रंचक हूं काहू कों नांही जानत । तातें तुम त्याग करोगे तब मेरी कहा दशा होयगी ? जैसें नावमें बेठाय मध्यधाराके बीचमें नाव छोड देई तो उह कहा करे ? तहां खेवट ही सहाय होय तो पार लगे और उपाय नांही है, तैसें ही हम तुम्हारे पुष्टिमार्गरूपी नावमें बैठे हैं, अब तुम्हारे मनमें आवे तैसी करो ।"

શ્લોક ૫ મો :- अपरिज्ञाननष्टेषु मन्त्रेष्वव्रतयोगिषु ।
तिरोहितार्थदेवेषु कृष्ण एव गतिर्मम ॥५॥

अपरिज्ञान એટલે દીનતા માત્રથી પ્રભુ સંતુષ્ટ થાય છે એવો ભગવાનનો જે કોમલ સ્વભાવ છે તેનું મને અપરિજ્ઞાન હોવાથી, મારા અદૈન્યને કારણે મારી પ્રભુ સાથેના સંયોગની સંભાવનાઓ પણ નષ્ટ થઈ ગઈ છે. अपरिज्ञाननष्टेषु . હવે પ્રભુને પ્રાપ્ત કરવાના મંત્ર, વ્રત, યોગ બધાય અસાધક બની ગયાં છે. मन्त्रेष्वव्रतयोगिषु. योगिषु એમ બહુવચન છે કારણકે ભક્ત કહે છે કે મેં જ્ઞાનયોગ, ધ્યાનયોગ, ભક્તિયોગ બધું જ સાધ્યું તો પણ પ્રભુ મારાથી છૂપાઈ જ રહ્યા છે. કારણકે મારું વ્રત ક્યાંક ભ્રષ્ટ થઈ ગયું છે. રઘુનાથલાલજી ટીકામાં આને અવ્રતયોગી કહે છે. તેથી "મારા "अर्थ" પુરુષાર્થના

દેવાધિદેવ તિરોહિત થઈ ગયા છે. "तिरोहितार्थदेवेषु ." કે મારા દેવાધિદેવ (देवेषु) "અર્થ" પ્રભુ કૃષ્ણને મને પામવાની ઈચ્છા જ તિરોહિત થઈ ગઈ લાગે છે." तिरोहितार्थदेवेषु કહેતાં કહેતાં ભક્તનો કંઠ રુંધાઈ જાય છે. ભાવપ્રકાશમાં હરિરાયચરણ કહે છે; "कंठ रुकि जाय ." વિરહની તડપનમાં અંગમાં કંપન થાય છે. "विवश प्रेम आवेश रही नाहीं सुध कोउ ." कृष्ण एव गतिर्मम કહેવા સિવાય અન્ય કોઈ સુધ રહેતી નથી. આવી અવસ્થામાં સાડત્રીસમું શિક્ષાપત્ર સમજાવે છે; "एक प्रभुको आश्रय मनमें राखे यह परम साधन है ।"

<u>શ્લોક ૬ઠ્ઠો</u> :- नानावादविनष्टेषु सर्वकर्म व्रतादिषु ।
पाषण्डैक प्रयत्नेषु कृष्ण एव गतिर्मम ॥६॥

વિરહમાં વ્રજભક્ત नानावाद કોને કહે છે ? કોઈક ગોપીજને એમને કહ્યું કે ભગવાન મથુરા પધારી ગયા છે તો કોઈકે કહ્યું કે પ્રભુ કોઈ સાથે યુદ્ધ કરે છે. આવા નાનાવાદ સાંભળીને મારી ભગવદ્‌મિલનની સર્વ કામનાઓ અને ભાવનાઓ વિનષ્ટ થઈ ગઈ છે. नानावादविनष्टेषु અને મારા સર્વ કર્મ અને વ્રતો બંધ થઈ ગયા છે. सर्वकर्मव्रतादिषु . કૃષ્ણાશ્રય ગ્રંથની ટીકામાં केषांचित् કહે છે કે પુષ્ટિમાર્ગીય કર્મ, એ ભગવત્સેવા છે. પ્રભુને સામગ્રી અરોગાવ્યા વગર પ્રભુદાસજીએ ચરણામૃત પધરાવીને પોતે લઈ લીધી એટલે પોતાને सर्वकर्मव्रतादिषु अपि विनष्टेषु માને છે. આ પ્રસંગ પછી કરેલી ભગવત્સેવા (प्रयत्नेषु)ને પોતે દંભ કે પાખંડરૂપ માને છે. पाषण्डैकप्रयत्नेषु . આ પ્રસંગની યાદી પુનઃ પુનઃ આવતાં એમને ગભરાટ થાય છે કે "મેં મારા પ્રભુને ભૂખ્યા રાખ્યા." અંગે અંગમાં પસીનો થાય છે. ભાવપ્રકાશમાં હરિરાયજી



આજ્ઞા કરે છે; "सगरि देह में पसीना होय" અને કૃષ્ણને બેરબેર વિનન્તી કરી રહ્યા છે; "बहुत दिननकी रावरे प्रीति न डारो तोर ।"

<u>શ્લોક ૭મો</u> :- अजामिलादि दोषाणां नाशकोऽनुभवे स्थितः ।
ज्ञापिताऽखिलमाहात्म्यः कृष्ण एव गतिर्मम ॥७॥

આ શ્લોકમાં "ધર્મ પુરુષાર્થ" છે. પુષ્ટિપ્રભુ સ્વયં પુષ્ટિજીવના પુરુષાર્થ સિદ્ધ કરતા હોવાથી અહીં એને પ્રમાણરૂપે अजामिलનું દૃષ્ટાંત આપ્યું છે. ભક્ત ભગવાનને વિનન્તી કરે છે કે; "જેમ આપે अजामिलादिदोषाणांની નિવૃત્તિ કરી આપે એને ઈષ્ટ પ્રાપ્ત કરાવ્યું, તેમ પ્રભુ આપે મને પણ અભીષ્ટ એવા આપનાં દર્શન આપો. મારા દોષને આપે મહાપ્રભુજીની કૃપાથી પહેલા પણ દુર્લક્ષ કર્યાં છે એવું અનુભવ પ્રમાણ આપતાં કહે છે; "दोषाणां नाशकोऽनुभवे स्थितः ." ભક્ત કહે છે કે રાસપંચાધ્યાયી વખતે પરમદયાળુ પ્રભુ અંતર્ધાન થયા પછી પણ વ્રજભક્તો વચ્ચે પુનઃ પ્રકટ થયા, એવા આપના માહાત્મ્યથી હું જ્ઞાપિત છું. "ज्ञापिताऽखिलमाहात्म्यः ." એ વખતે અંતર્ધાન થયા પછી આપે ગોપીજનોનાં અંતરમાં બિરાજી એમનું ગુપ્તભજન કરેલ. પરંતુ મારા માટે આપનો એ ગુપ્તભજનનો સમય પૂરો થઈ ગયો છે માટે હે પ્રાણનાથ ! હે કૃષ્ણ ! પ્રકટ થઈ મને દર્શન સ્પર્શનનો લાભ આપો. કારણકે બાહ્યના અભાવમાં આન્તરભજનની વિફલતા છે. ઠાકુરજીની રૂપસુધાનિધિની સ્મૃતિ પ્રબલ બની જતાં અને "અર્થ"રૂપ પ્રભુ સન્મુખ ન હોવાથી બોલતાં બોલતાં આ ભક્તના શબ્દો તોતડાય છે, અરબરાય છે. મંજરી ગાય છે;

"यह विधि प्रेम सुधानिधि
मग्न व्है करत कलोले ।
विह्वल व्है गई बाल लाल सों
अलबल बोले ॥"

ભક્તની વિહ્વલદશા અતિ વિહ્વલ બને છે ત્યારે એ મૂર્છાવત્અવસ્થામાં પ્રવેશી જાય છે. ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે; "मूर्छित होई ." જે થોડી સી સુદ્ધિ રહી છે એમાં આ ભક્ત "कृष्ण एव गतिर्मम" કહી કૃષ્ણાશ્રય ગ્રહે છે. આ શ્લોકની ટીકામાં केषांचित् કહે છે કે પ્રભુની શરણાગતિથી, દોષ નિવૃત્તિ કરી પ્રભુ એવા જીવના દેહેન્દ્રિયમાં બિરાજી એને સ્વરૂપાનંદનો આહ્લાદ આપે છે. જેથી મૂર્છાવસ્થામાંથી એ પુનઃ બહાર આવી જાય છે કારણકે આશ્રયજનના આશ્રયી શ્રીકૃષ્ણ આવા ભક્તને આનંદ પરમાનંદનું દાન કરે છે. તેરમા શિક્ષાપત્રમાં હરિરાયજી કહે છે; "हे श्रीकृष्ण ! तुम बोहोत आनंदकरि पूरित हो, परमानंदरूप ही हो, तुम अपने निजभक्तनके आनंददाता हो, जो कोउ तुम्हारे आश्रयकरिकें रहे हैं तिनके आश्रयरूप आपही हो ।"

श्लोक ८मो :- प्राकृताः सकला देवा गणितानन्दकं बृहत् ।
पूर्णानन्दो हरिस्तस्मात् कृष्ण एव गतिर्मम ॥८॥

પોતાના નિજજનોને પોતાનું સ્વરૂપાનંદ દેવા કૃષ્ણાવતારમાં પૂર્ણપુરુષોત્તમ પ્રાકૃત દેહધારી બનીને પ્રકટ થયા, તે વખતે સકલા દેવા અર્થાત્ દેવરૂપી ગોપબાલકો પણ પ્રકટ થયાં. ગ્રંથ કહે છે; "प्राकृताः सकला देवा ." અથવા તો પ્રાકૃતરૂપથી પ્રભુ સર્વકલા સહિત (स-कला) પ્રકટ થયા. ઠાકુરજીએ ગોપબાલકોને



વૈકુંઠધામનાં દર્શન કરાવી એમને બ્રહ્માનંદનો અનુભવ કરાવ્યો. गणितानन्दकं बृहत् . પરંતુ ગોપબાલકોને એનાથી સંતોષ ન હતો થયો ત્યારે હરિએ એમને પૂર્ણાનંદનો અનુભવ કરાવ્યો. पूर्णानन्दो हरिस्तस्मात् . અહીં વિરહી પ્રભુદાસ કહે છે કે; "હે હરિ, આપે મને કેવલ વિપ્રયોગનો અનુભવ કરાવીને મને એકપક્ષીય એવા ઉત્તરદલનો અનુભવ કરાવ્યો છે તેથી (तस्मात्) આપ મને હવે સંયોગસુધાનું પણ પાન કરાવી મને પૂર્ણાનંદનું દાન કરો." "पूर्णानन्दो हरिस्तस्मात् ." આપ પૂર્ણાનંદ હરિ છો તેથી (तस्मात्) મારા ગણિતાનંદનું હરણ કરો. સંયોગરસની તિવ્ર ચાહનાવાળા ભક્તને વિરહનો આનંદ ગણિતાનંદ લાગે છે એટલે સ્વરૂપાનંદના દાન માટે कृष्ण एव गतिर्मम કહે છે. તેરમા શિક્ષાપત્રમાં હરિરાયજી સમજાવે છે કે; "तातें जा भक्तनें तुम्हारो (कृष्णको) आश्रय कियो है तिनकों स्वरूपानंदके दाता हों ऐसे जो श्रीकृष्ण सो मेरे शरण (आश्रयस्थान) होऊ ।" ગ્રંથમાં पूर्णानन्दोहरिः કહીને આચાર્યજી ભક્તને આશ્વાસન આપે છે કે કૃષ્ણ "હરિ" હોવાથી દુઃખહર્તા છે અને પૂર્ણાનંદના દાતા છે. આચાર્યજીના આવા આશ્વાસનથી, આસક્તિભ્રમ ન્યાયથી, ભક્તને પૂર્ણાનંદ હરિનો સંગ થાય છે ત્યારે ભક્તનાં સર્વાંગ સાક્ષાત્ રસાત્મક ભાવાત્મક લીલારૂપ પૂર્ણાનંદ ભગવદ્રૂપ થઈ જાય છે. "तस्य समस्तसंगातः साक्षाद्रसात्मकलीलारूप पूर्णानन्दभगवद्रूप एव भवतीति ।" ભાવપ્રકાશમાં હરિરાયજી સમજાવે છે તેમ આવા પૂર્ણાનંદના આવેશમાં ભક્ત "हसि परे." કઈ અનુભૂતિમાં ? મંજરી સમજાવે છે;

"જો કબહૂં પિય ધ્યાન હિ ધર્યો
પરિરંભન ચુંબન પુનિ કર્યો ."

**શ્લોક ૯મો :-** **विवेकधैर्यभक्त्यादिरहितस्य विशेषतः ।**
**पापासक्तस्य दीनस्य कृष्ण एव गतिर्मम ॥९॥**

**विवेकधैर्यभक्त्यादि**નો સામાન્યત: અર્થ જોઈ લઈએ અને તેના પછી વિપ્રયોગાવસ્થામાં અભિસાર કરતાં આપણા કૃષ્ણાશ્રય ગ્રંથના ભક્ત માટે આ પંક્તિનો કેવો અર્થાન્તર થઈ જાય છે એનાં પણ દર્શન કરી લઈએ. હરિ પોતાની ઈચ્છાથી બધું કરે છે એ ભાવને સ્થિર રાખવો તે "વિવેક" છે. "**त्रिदुःखसहनम्**" એ ધૈર્યનું લક્ષણ છે. "ભક્તિ" એટલે પ્રેમલક્ષણા ભક્તિ કે તેનાં સાધનો. અહીં પુષ્ટિભક્ત ઠાકુરજીને વિનવે છે કે; "વિવેક, ધૈર્ય, ભક્તિ અને તેનાં સાધનોથી હું રહિત છું. તદુપરાંત પાપનું આચરણ ત્યાગ કરવામાં ય હું અસમર્થ છું. મારી આવી અસમર્થતાને પ્રભુ આપ મારી "દીનતા" સમજીને મારો વેગથી અંગીકાર કરો અને દર્શન આપો." **विवेकधैर्यभक्त्यादि-रहितस्य विशेषतः, पापासक्तस्य दीनस्य .**

આ શ્લોકમાં "કામ પુરુષાર્થ" હોવાથી આપણા કૃષ્ણાશ્રય ગ્રંથના તાપક્લેશયુક્ત ભક્તને, પ્રભુ બાહ્યરૂપથી પ્રકટ થઈને કોટિકંદર્પલાવણ્ય સ્વરૂપે સાક્ષાત્ દર્શન દે એવી તીવ્રભાવના છે. આ ભગવદીય, ઠાકુરજીને વિનવે છે કે; "હું હવે વિવેકરહિત થઈ ગયો છું." અર્થાત્ "આપની કૃપાથી હું પ્રેમની ઉન્માદ દશામાં પહોંચી ગયો હોવાથી મારો વિવેક છૂટી ગયો છે અને ધૈર્યરહિત થઈ ગયો હોવાથી મને આપના વિરહમાં ક્યારે મૂર્છા આવી જશે એનું મને જ્ઞાન નથી. વિરહના આવા વિપુલ આવેગમાં ભક્તના નેત્રમાંથી અશ્રુની ધારાઓ વહી રહી છે. ભાવપ્રકાશ કહે છે; "**रुदन करे**



નંદદાસજીની મંજરી પણ રુદન કરી રહી છે;

"**उमगी तो कोउ सलिल असुअन ते सिंधु भयो धारन ।**
**वा जलमें बहि जात कंचुकी भूषण हारन ॥**"

ભક્ત રુદન એના માટે કરે છે કે "ક્યાંક હું મૂર્છિત થઈ જઈશ એ વખતે પ્રભુ પ્રકટ થશે અને મને નહિ જુએ તો આપને અત્યંત દુ:ખ થશે." એમની આવી અવસ્થા ન થાય એના માટે "**कृष्ण एव गतिर्मम**" કહે છે.

**શ્લોક ૧૦મો :-** **सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत् ।**
**शरणस्थ समुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् ॥१०॥**

ભક્ત ઠાકુરજીને કહે છે કે પ્રભુ આપના સર્વસામર્થ્ય પાસે મારા પાપોનું સામર્થ્ય ક્ષુદ્રાતિક્ષુદ્ર છે. **सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत् .** અયોગ્ય જીવને યોગ્યતા આપો એવા આપ સર્વસમર્થ છો. આ શ્લોક "મોક્ષપુરુષાર્થ" સંબંધિત હોવાથી શ્રીરઘુનાથલાલજી આજ્ઞા કરે છે કે સર્વસ્વ નિવેદિતાત્માઓનાં સાધન અને ફલ પ્રભુ જ સંપાદિત કરે છે. તેથી ગ્રંથ કહે છે; **शरणस्थसमुद्धारं .** ચૌદમા શિક્ષાપત્રમાં હરિરાયજી આજ્ઞા કરે છે કે; "**शरणस्थ समुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् - यह वाक्यमें शरणस्थ जीवको निश्चय उद्धार ही है ।**" શ્રીમદ્ભાગવતના બારમા સ્કંધમાં આશ્રયલીલા છે એટલે એ સ્કંધ સંબંધિત પણ આ શ્લોકમાં આચાર્યજી કહે છે; **शरणस्थ समुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् .** આપણા કૃષ્ણાશ્રયગ્રંથના ભક્ત પ્રભુદાસજી ઠાકુરજીને વિનવે છે કે; "મહારાજ ! આપનો અનુગ્રહ પ્રાપ્ત કરવા માટે તો મેં આ ભૂતલ પર જન્મ લીધો છે અને મહાપ્રભુજીએ

મને નામનિવેદન કરાવ્યું છે. આપે મને वृक्षे वृक्षे वेणुधारी સ્વરૂપનું પણ દર્શન કરાવ્યું છે, તો આપ મારા ઉદ્ધાર માટે, હે કૃપાનાથ, હવે વિલંબ કેમ કરો છો ?" વૃક્ષવૃક્ષમાં દર્શન થયેલ કૃષ્ણની સ્મૃતિ પુન: આવી જતાં, પ્રભુદાસજીમાં પુન: એ જ લીલા "હાવ" પ્રકટ થઈ જાય છે અને એમાં વિભોર થઈ નર્તન કરવા લાગે છે. ભાવપ્રકાશ કહે છે; "निर्तन करे," કે પ્રભુનું ગાન કરે છે "રામદાસ તહાં ગાન કરત હૈ નાચત ભાવ જનાઈ."

શ્લોક ૧૧મો :- कृष्णाश्रयम् इदं स्तोत्रं यः पठेत् कृष्णसन्निधौ ।
तस्याश्रयो भवेत् कृष्ण इति श्रीवल्लभोऽब्रवीत् ॥११॥

આ શ્લોકનો ભાવ સમજાવતાં હરિરાયજી ચોવીસમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "यह कृष्णाश्रयग्रन्थ को पाठ श्रीकृष्णके सन्मुख करिये ता करिकें श्रीकृष्ण अपनो आश्रय निश्चय सिद्ध करेंगे, यह मेरी प्रतिज्ञा है, या प्रकार श्रीमहाप्रभुजी प्रतिज्ञा किये । जैसें चीरहरणमें श्रीठाकुरजी भक्तनसों कहे जो शरदऋतुमें रास करि तुम्हारे मनोरथ पूर्ण करेंगे, यह कहे तब भक्तनकों विश्वास भयो, नांही तो शरदऋतु पर्यंत विश्वास न रहेतो, तैसेंही श्रीआचार्यजी महाप्रभु प्रतिज्ञा करी अपने निजसेवकनकों विश्वास दिये, तातें एक श्रीआचार्यजी महाप्रभु द्वारा फलसिद्धि है और प्रकार फलको चिंतन न करनो ।" કલ્યાણરાયજી કહે છે કે જે સ્તોત્રનો પાઠ કરવાથી શ્રીકૃષ્ણની ભલીભાંતિ રૂપથી સેવા સિદ્ધ થાય છે અને જેના થકી શ્રીકૃષ્ણનો આશ્રય સિદ્ધ થાય છે તે સ્તોત્રનું નામ "કૃષ્ણાશ્રય" છે. कृष्णाश्रयम् इदं स्तोत्रं . કૃષ્ણનાં સંનિધાનમાં કે અંતરમાં કૃષ્ણ ભાવની સ્ફૂર્તિથી



દીનતાથી અને વિશ્વાસ રાખીને કૃષ્ણાશ્રયનો પાઠ કરવો. यः पठेत् कृष्णसन्निधौ . એનાથી तस्याश्रयो भवेत् कृष्णः કેમ થાય છે ? મહાપ્રભુજી સ્વયં ઉત્તર આપે છે; "इति श्रीवल्लभोऽब्रवीत् ." કૃષ્ણને આપેલ સર્વ કાનિઓની इतिश्री મહાપ્રભુજીની કાનિમાં છે. નારદજીના શબ્દોને માન આપીને કૃષ્ણએ નલકુબેરનો ઉદ્ધાર કર્યો તો કૃષ્ણાશ્રયની મહાપ્રભુજીની વાણીની કેવી અણમોલ કિંમત છે તે કૃષ્ણ જ જાણે છે. ઠાકુરજી હંમેશા વાટ જોતા હોય છે કે કોઈ જીવ માટે આચાર્યજી ક્યારે વિનન્તી કરે. એ કારણે યમુનાજી પણ "દોર કર શોર કર જાય પિયસોં કહે" છે. સ્વામિનીભાવસંયુક્ત શ્રીઆચાર્યજી, શ્રીકૃષ્ણના વલ્લભ છે. અગ્નિસ્વરૂપ વાક્પતિની વાણી પણ વિપ્રયોગપ્રચુર હોવાથી આચાર્યજીના વિપ્રયોગનો લાભ કૃષ્ણાશ્રયગ્રંથનો ભાવથી પાઠ કરનાર જીવને મળી જાય છે.

કૃષ્ણાશ્રય ગ્રંથની છેલ્લી પંક્તિમાં પ્રવેશી ચૂકેલા પ્રભુદાસને ઠાકુરજી હવે સાક્ષાત્ અધરસુધારસનું પાન કરાવે છે. આ રહસ્યને સમજાવતાં આ ગ્રંથની ટીકામાં केषांचित् કહે છે કે આચાર્યચરણની કૃપાથી સિદ્ધ થયેલ કૃષ્ણાશ્રય, કૃષ્ણાધરામૃત સુધાનું પ્રદાન કરે છે. આવા જીવનો પ્રભુ ક્યારેય ત્યાગ કરી શકતા નથી અને તેનાથી બંધાઈને તેને "અદેયતમ" પરાકાષ્ઠાપન્ન વસ્તુ પણ આપી દે છે. "एतेनाश्रये कृते आश्रितपक्षपातस्य त्यक्तुमशक्यत्वात्तन्निर्बन्धेना देयतमपि पराकाष्ठापन्नं वस्तु, तस्मै देयं भवतीति ।" આ સંબંધિત સર્વોત્તમજીમાં મહાપ્રભુજીનું નામ છે; "अदेयदानदक्षश्च ." આ નામમાં "च" ઉમેરીને શ્રીપ્રભુચરણ શ્રીવલ્લભના અદેયતર અને અદેયતમ દાતૃત્વને પણ આવરી લે છે જેનો ઉલ્લેખ અહીં केषांचित् કરી રહ્યાં છે.

પ્રભુદાસ જલોટાને આવું "અદેયતમ" દાન થયું છે એનું પ્રમાણ કોટિનમેં વિરલા શ્રીપદ્મનાભદાસજીના પદમાંથી મળી આવે છે, "તહાં પ્રવેશ દ્વિ ભ્રમરકો દામોદર પ્રભુદાસ." પ્રભુની લીલામાં સદા વિમગ્ન સર્વાત્મભાવી પ્રભુદાસની સ્થિતિનાં દર્શન કરાવતાં પદ્મનાભદાસજી પુનઃ ગાય છે; "આવત ડગમગી દૃગન દેખે બને પાછે પ્રેમ વિવશ પ્રભુદાસ." આમ પ્રભુદાસ પોતાના ઠાકુર પાછળ અને એમના ઠાકુર પ્રભુદાસ પછવાડે સદા પ્રેમ વિવશ થઈને ભમે છે. મહાપ્રભુજીએ રાસપંચાધ્યાયીમાં કથિત પુષ્ટિભાવની ચર્વણી અવસ્થાની આ અવધિ હોવાથી केषांचित् એમની ટીકામાં આને "पराकाष्ठापन्नं" કહે છે. આવી ફલદશાના અધિકારી પ્રભુદાસ માટે આચાર્યચરણ રૂપસનાતનને કહે છે; "हम तो इनकों बरजे जो-यह मारग में मति परो । परंतु ये मेरो कह्यो न मान्यो । ताको फल भोगत हैं ।"

પ્રભુદાસજી મહાપ્રભુજીના આવેશથી પણ સદા છકેલા છે અને એ જ આવેશમાં (પોતાના અહંકારથી નહિ) એ શ્રીવલ્લભને અહિરનીને મુક્તિ આપી એ પ્રસંગમાં કહે છે કે; "जो भक्ति मांगती तो भक्ति देतो ।" ભાવપ્રકાશ કહે છે; "____ और श्रीआचार्यजी के सेवकको माहात्म्य दिखायो, जो - भक्ति - मुक्ति देवे को सामर्थ्य है ।" સામાન્યતઃ "इनकी वार्ता कहां तांई कहिये" કહેનાર શ્રીગોકુલનાથજી આમ કહી કારણ વગર વાર્તાના અંતમાં અચાનક અટકી જાય છે વિપ્રયોગાત્મક આવેશવાળા પ્રભુદાસનો ભાવ વિલક્ષણાતિવિલક્ષણ છે. શ્રીકૃષ્ણે, ઉદ્ધવજીને ગોપીજનો માટે જે કહ્યું એ જ પ્રભુના વાક્યો "અદેયતમ" દાન સિદ્ધ કરનાર પ્રભુદાસ જલોટા માટે



પણ લાગે છે;

"उनमें मो में आँतरो एक पल हू नाहि ।
जो देखो मो मांहि वे तो मैं उनही मांहि ।।"

................

"કૃષ્ણાશ્રય" ગ્રંથ અનુસાર શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણની અવલોકનીય વાણી :-

१) ऐसे प्रभुके दोऊ चरणके आश्रय करि, मन लगाइये, ताकरि इनके अनुग्रहतें तदीयके सर्व कल्याण सब ठौर सिद्ध होत हैं, यह कहिकें यह जताये जो दोऊ श्रीकृष्णके चरणकमलमें चित्त लगावे, तिनको कल्याण होय, सो नवम स्कंधमें भगवान् दुर्वासा प्रति कहे हैं, "ये दारागारपुत्राप्तन् प्राणान् वित्तमिमं परम् । हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे" (जो स्त्री, घर, पुत्र, लौकिक, हितैषी, प्राण, धन यह लोक और परलोकको छोडिके मोकों शरण आये तिनकों त्याग करिवेमें मैं कैसें उत्साह करूं ?)

२) भगवानके चरणकमलकों छोडि अन्य देवको आश्रय ऐसो है, जैसें हाथीकी अस्वारी छोडि गधापें चढे ।

३) अपने जीवनके अर्थ तो यह शरणमार्ग प्रकट कियो है, तातें श्रीआचार्यजी महाप्रभुजीके वाक्यकी भावना अष्टप्रहर करे, जो मेरे लिये श्रीमहाप्रभुजी प्रतिज्ञा करि शरण सिद्ध किये है, या भांति वचनके भावमें अष्टप्रहर परायण रहे, दृढ विश्वास राखे, कार्य सिद्ध होय ।

४) जैसे चिंतामणि पायकें कोडीके पलटे देई, फेर चिंतामणिके गुण सुने तब अनेक दुःख पावे, तैसें यह देह पायके लौकिकमें लगावे, हरिशरण नांही करे, ताको जन्म वृथा है तातें मैं हरिशरणको उपाय नांही कियो सो हृदयमें महादुःख है, यह मेरे हृदयको दुःख दूरि करे ऐसो कौन है ?

५) सो यह मैं नांही जानत हो श्रीकृष्ण कहा करिवेवारे हैं, मेरी कहा गति करेंगे, सो जानी नांही जात है, परंतु इतनो श्रीआचार्यजी-महाप्रभुजीकी कृपातें जानत हों जो श्रीकृष्ण दयानिधि हैं, अपने निजभक्तन पर निश्चय कृपा करत हैं, तातें मैं एक श्रीआचार्यजीके चरणकमलकी शरण अपने मनतें करी रह्यो हूं, ता करि श्रीकृष्ण हू कृपा करेंगे और सगरो कार्यहू सिद्ध होयगो । यह कहिके यह जताये जो श्रीआचार्यजीकी शरण जीव आयो हैं, तिनके सगरे कार्य सिद्ध होयंगे, व्रज, श्रीयमुनाजी, श्रीगिरिराजजी, श्रीजीकी सगरी लीला इनको अनुभव होयगो और जो श्रीआचार्यजीकी शरण नांही आयो तिनको कछु फलसिद्धि नांही है, तातें मैं श्रीवल्लभाचार्यजीकी शरण मन कियो है, या आश्रय करि अपने मनको समुझाय राखे हैं ।

६) विश्वास करि चातक जैसें स्वातिके जलकी अपेक्षा राखत है और पृथ्वी पर कूवा, तलाव, नदी, समुद्रपर्यंत भयो है, तामें आशा नांही करत है, यहं विश्वास देखि घनहू चातकको मनोरथ पूर्ण करत हैं, तैसेंही जा वैष्णवनें एक श्रीकृष्णकों दृढ आश्रय मनमें कियो है, और अवतार



तथा देवतासों फलकी अपेक्षा नांही राखत है, तिनकों जलद (मेघ)रूप श्रीकृष्ण अपनो आनंद वरखेंगे, निश्चय आनंददान करेंगे ।

७) तातें हम तो एक श्रीकृष्णहीको आश्रय हृदयमें करिकें, श्रीकृष्णही को शरण मन वचन कर्म करिकें, सर्वभांति येही साधन तथा साध्य जानें हैं, तातें संपत्ति अनेक सुखहूमें श्रीकृष्णकी शरण है और आपत्ति (दुःख) हूमें एक श्रीकृष्णहीकों शरण किये हैं ।

८) जहां श्रीकृष्ण विराजत हैं सो उत्तमतें उत्तम देश जाननो और भगवदीयको संग होय सोही काल परम उत्तम जाननो ।

९) श्रीकृष्णको नाम सर्ववेदश्रुतिको सार है सो श्रीकृष्णकी कृपाहीतें लियो जाय, अन्यथा नांही, तातें मंत्र ही श्रीकृष्णको नाम है । श्रीकृष्णकी सेवा है, सोही उत्तमोत्तम कर्म है, जहां श्रीकृष्णकी सेवा करि, तहां सर्व साधन करि चूक्यो, सो अष्टमस्कंधमें ब्रह्मा कहे हैं, "यथा हि स्कंधशाखानां तरोर्मूलावसेचनम् । एवमाराधनं विष्णोः सर्वेषामात्मनश्च हि ॥ (जैसें वृक्षकी जडमें जल सींचे तो सब डार पात हरे होय तैसें ही श्रीकृष्णकी सेवातें सर्वलोक संतुष्ट होय) ।"

******

## ગ્રંથ : ચતુ:શ્લોકી

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા - ૨૨ : એક વિરકત જાને હથેલીમેં ડોલ ઝૂલાયો

પુષ્ટિ અને મહાપ્રભુજીના પુષ્ટિમાર્ગમાં બહુ જ અંતર છે. કૃષ્ણાવતાર વેળા, પ્રભુએ, કામભાવવાળા અંતર્ગૃહગતા ગોપીજનોનો, ક્રોધભાવવાળા કંસનો કે દ્વેષ ભાવવાળા શિશુપાલાદિનો ઉદ્ધાર કર્યો એમાં ભગવાનની "પુષ્ટિ" જ દર્શિત થાય છે. પરંતુ આનાથી પ્રેરાઈને પોતાનો કોઈ સેવક, ત્યાજ્ય એવા કામ, ક્રોધ, મદ, મોહ આદિના પથ પર અભિગમન કરી ઠાકુરજીને શ્રમ ન આપે એના માટે, આચાર્યચરણ ચતુ:શ્લોકી ગ્રંથમાં, વૈષ્ણવને, એના પુષ્ટિસંપ્રદાય કથિત પુરુષાર્થો સમજાવે છે. પુષ્ટિજીવ જો સમજી જાય કે એના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં છે, તો એવો જીવ, સુકોમલ, સુલલિત આનંદસ્વરૂપ એવા શ્રીકૃષ્ણનું ભજન મૃદુલતાથી અને આનંદથી કરી શકે. જીવની આવી ભક્તિમાં જ ભગવાનની સુખરૂપતા સમાયેલી છે.

કૃષ્ણનું આનંદાત્મક ભજન કેવી રીતે થાય એનો ઉપદેશ આપતા અને વૈષ્ણવને એનો ધર્મપુરુષાર્થ સમજાવતાં ચતુ:શ્લોકી ગ્રંથના પહેલા જ શ્લોકમાં શ્રીવલ્લભ આજ્ઞા કરે છે કે "**सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः** ." આનું રહસ્ય સમજાવતાં શ્રીહરિરાયજી કહે છે કે શ્રીમદાચાર્યચરણનો પુષ્ટિમાર્ગ સર્વોપરી અને ભાવાત્મક છે. "**तेन भावात्मको मार्गः सर्वोऽपि प्रकटीकृतः ।**" ભાવાત્મકમાર્ગમાં ભાવાત્મક કૃષ્ણ સાથે વૈષ્ણવે પણ ભાવાત્મક રીતે જ સંબંધ બાંધવો અનિવાર્ય છે. વ્રજભક્તોના



ભાવની ભાવના કરવાથી પ્રભુ સાથે ભાવાત્મક સંબંધ સ્થાપિત થાય છે કારણકે વ્રજભક્તોના ભાવસાગરના અવિરત તરંગોમાં જ પૂર્ણબ્રહ્મ, પૂર્ણરીતે વિહાર કરે છે, અન્યત્ર નહિ. "**रमते निजभक्तेषु** ."

ઠાકુરજી સાથે ભાવાત્મક વ્યવહાર કરવા માટે, જીવનું કેવલ દાસત્વ પર્યાપ્ત ન રહેતાં એનો "દાસભાવ" આવશ્યક છે. "**पुष्टिमार्गे हरेर्दास्यं धर्मः** ." કેવલ દાસત્વ કરનાર જીવમાં ભગવાન માટે દ્વૈતની બુદ્ધિ હોય છે, દાસભાવમાં "તાદાત્મ્યની." પોતાના આત્મામાં બિરાજેલ કૃષ્ણને પુષ્ટિજીવ ચાહતો થઈ જાય અને ગૃહમાં કૃષ્ણ સેવા સર્વ ભાવથી કરે, એવા દાસ્યભાવમાં ન કેવલ દ્વૈત છે કે ન કેવલ અદ્વૈત છે. એ તાદાત્મ્યનો ભાવ છે. આવા તાદાત્મ્યના ભાવમાં પુષ્ટિભક્ત પોતાનું બ્રહ્મવાદ રૂપેણ પ્રભુ સાથે અદ્વૈત મહેસુસ કરે છે અને ભગવાન સાથેના પોતાના સ્વામી સેવકાદિ ભાવને સ્વીકૃત કરી લીલાનાં દ્વૈતને ભક્તિથી નિભાવે છે. આવા તાદાત્મ્યમાં આચાર્યચરણનાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદની મધુમય માધુરીનો વિહાર છે અને એ માધુરીભર્યા રમણનું સ્થાન છે દ્વૈત અને અદ્વૈત વચ્ચે. મહાપ્રભુજી કથિત આવું તાદાત્મ્ય, કૃષ્ણના સર્વભાવથી કરેલા બાહ્યાભ્યાંતર ભજનની અંતર્ગત વિદ્યમાન છે.

સર્વભાવમાં જીવના બધાં જ ભાવો આવે છે. કોઈ એક ભાવ પણ આવી શકે છે, એમાં પૂર્ણભાવ પણ અભિરમે છે. તો સર્વેન્દ્રિયથી ભગવદ્રુચિ એ પણ સર્વભાવનું જ લક્ષણ છે. પુષ્ટિજીવ પોતાના માતા, પિતા, બંધુ, ધન, વિદ્યા, કીર્તિ, રૂપ આદિ બધું જ ભગવાન છે એવો પ્રભુ સાથે ભાવાત્મક સંબંધ જોડી, અનન્યભાવ રાખી ભગવદ્ભજન કરે એને આચાર્યજી

स्वस्यायमेव धर्मो हि કહે છે. આવા સર્વભાવનાં અદ્ભુત દર્શન પરમભગવદીય હરિશ્ચંદ્રની પદપંક્તિમાં કરી લઈએ.

"भजो तो गोपाल ही को सेवो तो गोपाल एक
मेरो मन लाग्यो सब भांति गोपाल सो ॥
मेरे देव देवी गुरु मातापिता बंधु इष्ट
मित्र हरि सखा हरि नातो एक गोपाल सो ॥
हरिश्चंद्र और न मेरो संबंध कछु
आशरो सदैव एक लोचन विशाल सो ॥"

પ.ભ. શ્રીહરિશ્ચંદ્રજીના આ પદનો સહેજ વિસ્તાર કરવો આવશ્યક છે, કારણકે, આ પદપંક્તિઓમાં, આચાર્યચરણ કથિત નિર્ગુણભક્તિના હાર્દભાવના અદ્ભુત દર્શન છે. આત્મા અને પરમાત્મા વચ્ચે નિર્ગુણભાવ હોવાથી, એની અંતર્ગત બાલભાવ, કિશોરભાવ, સાખ્યભાવ, દાસ્યભાવ, સ્વામી-સેવક ભાવ, પિતા-પુત્રભાવ, ઈશ્વરભાવ આદિ સર્વે ભાવો સમાવિષ્ટ થઈ જાય છે. જેમ કે કેવલ મધુરભાવથી ભગવત્સેવા કરવાથી આપણે અને આપણા પ્રભુ, એમ બન્ને, બાલ, સખ્યાદિ અન્ય સર્વભાવો માણવામાંથી વંચીત રહી જઈએ છીએ. પૂજ્યપાદ ગોસ્વામી શ્રીશ્યામુબાવા આ વાતને અતિસુંદર રીતે એક દૃષ્ટાંતથી સમજાવે છે. સઘડી પર પાપડ શેકીએ અને ઉલટપુલટ ન કરીએ તો પાપડ બળી જાય, તેમ સર્વભાવોને આપણી ભક્તિમાં ઉલટપુલટ ન કરતા રહીએ, તો નિર્ગુણભાવ નહિ સચવાય. યશોદાજીમાં કેવલ વાત્સલ્યભાવ હોવાથી, જયારે ઠાકુરજી એમને પોતાના મુખારવિંદમાં બ્રહ્માંડના દર્શન કરાવે છે ત્યારે યશોદાજી ગભરાઈ જાય છે કે "મારા લાલાને આ શું થયું છે ?" તેમજ અર્જુન ને, વિશ્વરૂપ દર્શન કરાવ્યું



એના પછી અર્જુને પ્રભુની માફી માંગી કે કેવલ સાખ્યભાવના આવેશમાં મેં આપની સાથે અનેક વખત અતિરેક કર્યો છે. ભગવાનમાં કેવલ એક ભાવ જોડવાથી આવી વિમાસણ ઉત્પન્ન થાય છે. પરંતુ સર્વભાવથી ભગવત્સેવા કરતી વખતે, હોરીના દિવસોમાં આપણે ઠાકુરજીના ચરણ ઢાંકીને, પ્રભુ પર રંગનો છીંટકાવ પણ કરીએ છીએ અને ગારીના કીર્તનો પણ ગાઈએ છીએ. આના માટે કોઈ વૈષ્ણવને સેવ્યસ્વરૂપની માફી માંગવી પડતી નથી. કારણકે સર્વભાવમાં આ લીલા પણ અભિરમે છે. તદુપરાંત ચરણ પર ઢાંકેલ વસ્ત્ર હટાવીને ઠાકુરજીને દંડવત્ પણ થાય છે. યશોદાજીમાં કેવલ વાત્સલ્યભાવ હોવાથી અને સર્વભાવ ન હોવાથી એમણે કૃષ્ણને દંડવત્ નથી કર્યા. આ સર્વનો નિચોડ એ છે કે આચાર્યજીએ ઉપદેશ આપેલ નિર્ગુણભાવમાં કેવલ વાત્સલ્ય, કેવલ સાખ્ય કે કેવલ મધુરભાવ નથી, પરંતુ વાત્સલ્ય, સાખ્ય અને મધુરભાવ "પણ" છે. સ્થાયી નિર્ગુણભાવમાં સાત્વિક, રાજસ અને તામસની સંચારી આવી જાય છે. વ્રજની ગોપીઓએ કૃષ્ણ સાથે એવો સર્વભાવથી ભાવાત્મક સંબંધ જોડેલ હોવાથી મહાપ્રભુજી એમને માર્ગના ગુરુ કહે છે. તેથી જ, ઠાકુરજી વેણુનાદ કર્યા પછી વ્રજવલ્લવીઓને ઘેર પાછા જવાનું કહે છે, ત્યારે ભાવમર્મજ્ઞ માર્ગના ગુરુ શ્રીગોપીજનો પ્રભુને કહે છે કે અમારા પતિ, પુત્ર, બાન્ધવ આદિ કેવલ આપ જ છો. પુરુષોત્તમસહસ્ત્ર નામમાં મહાપ્રભુજી એટલે જ ગોપીજનોને સર્વભાવ સભર કહે છે; "सर्वभाव प्राप्त गोपी ." ગોપીજનોના પ્રભુ સાથેના આવા સર્વ ભાવાત્મક સંબંધને અનુલક્ષીને શ્રીકૃષ્ણ પણ વ્રજવલ્લવીઓને નિરુત્તર થઈ જાય છે.

સર્વભાવનું એક રહસ્ય એવું છે કે, આ દશામાં પુષ્ટિજીવ સદા એ જ વિચારે છે કે "હું" અને "મારું" બધું જ ભગવાનનું છે. આત્મસમર્પણમાં, આવો ભાવ "પૂર્ણભાવ" કહેવાય છે. આવી રીતે પુષ્ટિભક્ત સર્વ ઈન્દ્રિયોના સમર્પણથી ભગવત્સેવા કરતો હોય તો તે નિરોધનો પથગામી બની જાય છે. ઠાકુરજી સાથે આવી રીતે સર્વભાવથી સંબંધ જોડવાથી, પુષ્ટિજીવને પ્રભુ માટે અને ઠાકુરજીને સેવક માટે, આત્મીય ભાવ પનપી જાય છે. વૈષ્ણવને કૃષ્ણમાં આવો સર્વભાવ કેવીરીતે ઉદ્ભવે છે એનું રહસ્ય હરિરાયજી અગિયારમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "निरंतर सर्वभाव के मुख्य हेतुभूत (कारणरूप) श्रीआचार्यजीके चरणारविंदमें मनकों तन्मय करि निश्चय स्थापन करनो ।"

ચતુ:શ્લોકી ગ્રંથના લીલોપદેશ રૂપ આ વૈષ્ણવની વાર્તાની ખૂબસુરતી એ છે કે, તનુસેવા કરી પોતાની અહંતાને એ સમર્પિત કરે છે, પણ વિરક્ત હોવાથી, એમની પાસે મમતાને સમર્પિત કરવા માટે ધન, દારા, પુત્ર આદિ સાધન ન હોવાથી એ પોતાના પ્રેમાત્મક સર્વભાવોને નવનીતપ્રિયજીને સમર્પિત કરે છે અને મહાપ્રભુજીએ સમજાવેલ ધર્મ પુરુષાર્થને અદ્ભુત રીતે જીવી જાય છે. અહીં કદાચ કોઈને પ્રશ્ન થાય કે એક વિરક્તને, પ્રભુ માટે આવા વિવિધ ભાવોના તરંગો આવિર્ભૂત કેવી રીતે થાય છે ? ધન અને અન્ય મમતાના વિષયોથી અલિપ્ત એવા આ વૈષ્ણવમાં, કૃષ્ણ માટે સર્વભાવોને ઉદ્દીપન કરવા માટે શ્રીગુસાંઈજી સ્વયં એમને થોડા દિવસ પોતાની પાસે રાખે છે. વાર્તા કહે છે; "पाछें कछूक दिन अपने पास राखि कथा सुनाई ।" કથા સંભળાવીને, શ્રીવિઠ્ઠલેશે, આ



વિરક્તના રોમરોમમાં કૃષ્ણ અનુરક્તિ પ્રક્ટ કરી દીધી છે. પ્રભુપ્રેમના, એમનામાં સર્વભાવો જગાડી વિઠ્ઠલેશે એમને વ્રજભક્તોના ભાવમાં પ્રવિષ્ટ કરાવી દીધા છે. એની ફલશ્રુતિરૂપે આ વિરક્તને શું ઉપલબ્ધ થાય છે તેને વાર્તામાં, શ્રીગોકુલનાથજી, કેવલ એક જ લીટીમાં સારરૂપે સમજાવી દે છે; "सो कथा के मिष करि श्रीगुसांईजी वाकों व्रज के स्वरूप कौ अनुभव करायो । सो याके व्रज को स्वरूप हृदयारूढ व्है रह्यो ।" વ્રજભક્તોના ભાવ વિના, પ્રભુના ક્રીડાંગણ એવા વ્રજનું સ્વરૂપ ન સમજાય. શ્રીગુસાંઈજીની કૃપાથી, આ વિરક્ત વ્રજભક્તોના વિવિધ ભાવોથી પ્લાવિત છે. આવા વ્રજભક્તોના મુલાયમ ભાવથી જ પુષ્ટિભક્તને ભજનાનંદ સિદ્ધ થાય છે. "सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः"ની આવી અવસ્થામાં આ વિરક્ત કેવી રીતે વિરમે છે એનાં દર્શન હરિરાયજીના બીજા શિક્ષાપત્રમાં કરી લઈએ; "सदा अति स्नेहसों सर्वथा धर्म जानि सेवा करनी ताही भांति अनोसरमें सर्वथा चिंतन करनो तब निरोध सिद्ध होयगो । जैसें व्रजभक्तन कों निरोध सिद्ध भयो, संयोग विप्रयोग रसको अनुभव भयो, तैसें ही सेवा समय संयोगकी भावना, अनोसरमें विप्रयोगकी भावना करे, यह हार्दसहित सेवा करे तब निरोध होय ।"

પુષ્ટિમાર્ગીય "અર્થ" સ્વયં ભગવાન છે; "अर्थो हरिरेव हि ." ભગવદ્ભજનથી જે "ધન" (અર્થ) પ્રાપ્ત થાય છે તે પ્રભુ જ છે. તેથી જ ઠાકુરજીની વધાઈમાં ગવાયું કે, "यह धन धर्महो ते पायो ." પોતાના આવા અર્થરૂપ પુરુષાર્થને સિદ્ધ કરવા અને પોતાના માથે કૃષ્ણાવતાર પ્રકટ થાય એના માટે, આ વિરક્ત શ્રીગુસાંઈજીને વિનન્તી કરે છે કે; "मोकों

कछु सेवा पधराओ ।" श्रीप्रभुचरणे "याके माथे श्रीनवनीतप्रियजी की सेवा पधराए ।" ગ્રંથના બીજા શ્લોકમાં આચાર્યજી આજ્ઞા કરે છે; "एवं सदा स्म कर्तव्यं ." તો આના અનુસંધાનમાં વાર્તા કહે છે; "सो सब सेवा भावयुक्त करे ।" આવી ભાવપ્રચુર સેવાને પ્રતિસાદ આપતાં આ વૈષ્ણવના સેવ્યસ્વરૂપ "स्वयमेव करिष्यति"નો role ભજવે છે અને હંમેશા શ્રીવિઠ્ઠલેશ પ્રભુને જણાવે છે કે એમનો આ સેવક એમને કેવું મૃદુલ સુખ આપતો હોય છે. પોતાના ઠાકુરજીમાં આવો message કે સંદેશો આપવાનું "સામર્થ્ય" છે એ સમજીને આ ભગવદીય નિશ્ચિંત એના માટે છે કે પોતાની કોઈ ભૂલચૂક થતી હશે તો તે ય શ્રીનવનીતપ્રિયજી પ્રભુચરણને સ્વયં કહી દેશે. વિરક્તના આવા ભાવને જાણે અભિવ્યક્ત કરતું ન હોય તેમ ગ્રંથ કહે છે; "प्रभुः सर्वसमर्थो हि ततो निश्चिन्ततां व्रजेत् ।" આવા સર્વસમર્થ પ્રભુ, વિરક્ત વિષે, ગુસાંઈજીને કેવો સંદેશો આપીને પોતાના સેવકને નિશ્ચિંત કરે છે તે વાર્તામાં જોઈ લઈએ; "पाछें यह डोल कौ प्रकार सर्व श्रीनवनीतप्रियजीने वाही दिन श्रीगुसांईजी सों कह्यो । सो सुनि कै श्रीगुसांईजी बोहोत प्रसन्न भए ।" આ વૈષ્ણવના અર્થ પુરુષાર્થ સંબંધિત શ્રીગુસાંઈજીની આવી પ્રસન્નતાનું કારણ હરિરાયજીના બત્રીસમા શિક્ષાપત્રથી સમજી લઈએ; "श्रीकृष्णही को सर्वस्व जाने, यह भाव होय, तब भगवान् हृदयमें पधारें, भगवत्स्वरूपरसमें सरस होय और अन्यमार्गीय रस तथा विषयादिक रस करि रहित होय, एक पुष्टिमार्गमें श्रीकृष्णाधरामृतास्वाद रसकों चाहे, ऐसे वैष्णव के हृदयमें प्रभु पधारे ।"

"કામ" પુરુષાર્થના સંદર્ભમાં મહાપ્રભુજી ચતુઃશ્લોકી



ગ્રંથના ત્રીજા શ્લોકમાં સમજાવે છે કે પુષ્ટિભક્તની કામના કેવલ પ્રભુનાં દર્શન નેત્રોથી કરવાથી પૂર્ણ થતી નથી, પણ એ વૈષ્ણવનાં કાન, નાક, ત્વચા એમ સર્વેન્દ્રિયો સર્વાત્મના ભગવદનુભૂતિની પ્રચૂર કામના ધરાવે છે. "यदि श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि ." ભગવત્સાક્ષાત્કારથી કોઈ જ્ઞાનમાર્ગીય તૃપ્ત થઈ જાય, પરંતુ આ વિરક્ત જેવા ભગવત્કામરૂપ પુષ્ટિભક્તમાં તો "અશાંત રસ" વિદ્યમાન છે. સૂરદાસજી સમજાવે છે કે પવનના ઝોકથી વૃક્ષથી છૂટી થયેલી લતા જેમ વૃક્ષ પ્રતિ દોડી પાછી લપટાઈ જાય છે એવી અવસ્થા ભગવત્કામની છે. "जैसे लता पवन वश द्रुम सूं छूटत फिर लपटायरी ." ગર્ગાચાર્યજી કહે છે કે મહાભાગ્યશાળી જીવ કૃષ્ણ સાથે આવી રીતે સ્નેહ કરી શકે છે. "एतस्मिन् महाभागाः प्रीतिं कुर्वन्ति मानवाः ।" પુષ્ટિજીવમાં ભગવત્કામ ક્યારે જાગે છે અને એના પનપવાથી વૈષ્ણવની કેવી અવસ્થા થાય છે તે હરિરાયજી દસમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "श्रीकृष्ण आनंदरूप हैं सो अपने आनंद को जब पुष्टिमार्गीय जीवकों अनुभव करायवेकी इच्छा करत हैं, जो फलाने भक्तकों आनंद सिद्ध करिवेको विचार है, तब वह भक्तकों श्रीकृष्णके दर्शन होत हैं, तातें यह जाननो जो श्रीकृष्ण अपने सेवककों आनंददानकों विचारे तब अपने दर्शन की आर्ति सिद्ध करावे, उह सेवकके हृदयमें ताप होय, जो मैं कब श्रीकृष्णको दर्शन करूंगो ? याही में स्मरण सेवा कीर्तन सब जाननो, काहे तें जो इनसों प्रभुके दर्शन विना रह्यो न जाय, तातें भगवद्धर्म करिवे में प्रीति होय ।"

આ વિરક્ત વૈષ્ણવના ભગવત્કામની અવસ્થા એવી છે

કે એ જેમ પ્રભુનું બાહ્ય દર્શન, સ્પર્શન, શ્રવણ, ઘ્રાણ આદિથી ભગવાનને ચાહે છે તેમ ભિતર પણ એટલી જ તીવ્રતાથી ઠાકુરજીને એ ચાહે છે. આમ ભગવત્કામના બાહ્યાભંતર છે. આવી અવસ્થામાં આ વિરક્તને ભગવદનુરક્તિના કારણે થતો વિરહ પણ ભગવત્કામ છે. વાર્તા કહે છે કે ડોલનો દ્વિવસ આવ્યો ત્યારે વિરક્તને, "सो इतने ही उनकों सुधि आई, जो - आजु तो डोल - उत्सव कौ दिन है । तव तो अपने मन में बोहोत ही खेद करन लाग्यो । जो - देखो ! प्रथम सुधि आवती तो और हू एक दो गाम तें चुटकी माँगि लावतो । तासों चोखा, घी, आनतो । तो आछी भांति रसोइ करि भोग धरतो । परि मोकों अव पाछें सुधि आई है । यों अपने मन में बोहोत ही सोच कर्‌यो ।" ભગવત્કામની અવસ્થામાં, આ ભગવદીયના હસ્તમાં ભક્તિના તરંગો વહી રહ્યા છે. એટલે એમના હાથમાં વિશેષ સામગ્રી કરવાની કામના જાગે છે. પ્રભુના સ્વાદ અર્થ સ્વામિનીભાવાત્મક સખડી અને ઘીની સામગ્રી કરવા માટે એ બેચેન બની જાય છે. આ કાંઈ નથી બની શકયું, એના કારણે, પોતાની નિ:સાધનતાની અભિવ્યક્તિ કરતાં વિરક્ત કહે છે; "जो प्रभुनकी इच्छा, भई सो सही ।" ભગવત્સ્વરૂપમાં રુચિથી લઈને વ્યસન સુધી, જે ભક્તને, શાસ્ત્રવિહિત કે નિષિદ્ધ સાધનોને અપનાવવાનો આગ્રહ ન હોય એવા વૈષ્ણવનો ભાવ નિ:સાધન કહેવાય છે. જેમ વ્રજભક્તોની નિ:સાધનતામાં બીજભાવ ભગવદ્અનુગ્રહનો છે તેમ આ ભગવદીયનો ય બની ગયો છે. પ્રભુના અમિત અનુગ્રહના કારણે, વ્રજભક્તોની સદૃશ, આ વિરક્ત પણ જાગે છે તો તે કૃષ્ણનું મુખ દર્શન કરવા, સૂએ છે તો ઠાકુરજીનાં સ્વપ્નો જોવાં, રસોઈ કરે છે



તો પ્રભુને અરોગાવવા. જેવી રીતે ભક્તને, ભગવાનનાં દર્શન કે એકાંતિક મનોરથ વગર ચાલતું નથી, તેવી રીતે, આપ્તકામ પ્રભુને પણ, આવા ભક્તને દર્શન આપ્યા વગર કે એનો મનોરથ સિદ્ધ કરાવ્યા વગર રહેવાતું નથી. પ્રભુ અને ભક્તના આવા એક "લચીલા" ભેદમાં આવા પુષ્ટિજીવને, પ્રભુની ભક્તિ કરીને, તાદાત્મ્ય સાધવાની એક "લત" લાગે છે અને ઠાકુરજીને, આવા ભક્તની ભક્તિથી ભાવિત થવાની. સ્વામી એવા પ્રભુ, પુષ્ટિજીવને આટલા બધા અધીન થઈ જાય તો સમજવું કે એ ભગવદીયનો "દાસભાવ" ફલિત થઈ ગયો છે. આ વિરક્ત ભગવદીયના આવા ફલ પ્રકરણનાં મંજુલ દર્શન કરાવતાં વાર્તા કહે છે; "पाछें रसोई करि कै थोरी सी बाटी रहन दीनी । और थोरीसी बाटी (सों) श्रीठाकुरजी कों राजभोग धर्‌यो । पाछे एक कुंज में डोल कौ भाव कर्‌यो । तासों लता इत उत लपटाइ, बांधि, श्रीठाकुरजीकों भोग सराइ_ _ _ _" આ પ્રસંગની ઝાંખી કીર્તનમા કરી લઈએ;

झूलत डोल नवल किशोर नवल किशोरी ।
वृंदा विपिन सुभग यमुना तट मुंकुलित नव माधवी मोरी ॥
कदली खंभ ढिंग ठाडी तरुणी गण गावत दुहूं ओरी ।
पूरत अधर धरें मनमोहन मधुर मुरली ध्वानि थोरी ॥"

વિરક્તના હસ્તની હથેલીમાં ભક્તિરસ છલકી રહ્યો છે. તેથી એમણે "दोऊ हाथन की हथेली ताकौ पटुली कौ भाव करे, तामें श्रीठाकुरजी कों डोल झूलाए ।" જે સ્વામિનીભાવાત્મક સખડી પોતે ધરાવી ન શક્યા એ ભાવને "पटुली" રૂપે પધરાવી, અનંતકોટિ બ્રહ્માંડના નાથને હથેલીમાં ડોલ ઝુલાવી રહ્યા છે. એ વખતની ઝાંખીમાં ઠાકુરજીનો તેજપ્રકાશ આ

ભગવદીયના હસ્ત પર પડતાં, એમના હસ્ત, ડોલના કનકખંભ જેવા લાગે છે અને તેમાં આ ભગવદીયના ભાવના અનેક રત્નો દેદીપ્યમાન થઈ રહ્યાં છે. "कनक खंभ, जराई पटुली लागे रत्न ." આ ભગવદીયની વાણીમાં ભક્તિરસ ઉમટતાં વાર્તા કહે છે તેમ; "सों अति आनंद सों डोल गावन लाग्यो ।" "नंददास युवती मिल गावत रिझवत श्रीगोपाला ."

લીલાનો આવેશ સંપૂર્ણ રીતે પ્રકટ થઈ જતાં આ વિરક્તે "भाव ही तें श्रीठाकुरजी कों खिलाए । और बाटी और दारि तीनों समै भोग समर्प्यो ।" હરિરાયચરણ ભાવપ્રકાશમાં આ પ્રસંગનું માહાત્મ્ય સમજાવે છે; "वार्ता में यह जतायो, जो - वैष्णव कों उत्सव कौ दिन भूलनो नाहीं । वा दिन यथासक्ति भावपूर्वक ठाकुरजी कों सामग्री अवश्य करनी । काहे तें ? जो - प्रभु बालक हैं । सो उत्सवन कौ पैंडो देखत हैं । तातें वैष्णवन कों उत्सवन को लोप सर्वथा न करनो ।" તો "ઉત્સવ" એટલે ? "उत्" એટલે આનંદ અને "सव" એટલે પ્રસવ. અર્થાત્ આનંદનું ઉત્પન્ન થવું તે ઉત્સવ છે. ઉત્સવમાં સેવ્ય અને સેવક એમ બન્નેમાં આનંદ પ્લાવિત થઈ જાય છે.

આ પ્રસંગથી સારરૂપ સમજવાનું એ છે કે પુષ્ટિપ્રભુનો મુખ્ય સ્વભાવ ખેલનો છે અને આ ભગવદીયનો પ્રભુ સાથેનો સેવા પ્રકાર ખેલાત્મક છે. તેથી જ ઠાકુરજીને ખેલખેલની ગુલાબીમાં પોતાનાં હસ્તમાં મસ્તીથી ઝુલાવી રહ્યા છે અને પ્રભુ પણ રસમદોન્મત્ત થઈને આનંદથી તુંદિલિત થઈને ખેલી રહ્યા છે. આનું રહસ્ય એ છે કે કોઈપણ બાળક એમ નથી ચાહતું કે એનો ખેલ સમાપ્ત થાય આ વૈષ્ણવ પણ પોતાના ઠાકુરની બાળક માનીને એમની સાથે ખેલક્રીડા કરી રહ્યા છે.



પુષ્ટિમાર્ગના કોઈપણ સેવ્યસ્વરૂપ સાથે એમનો સેવક સદા ખેલના ભાવથી પેશ થતો હોય ત્યારે પ્રભુ નિરંતર એ જ ચાહતા હોય છે કે સેવક અને સેવ્યનો આવો ખેલ અનંતકાળ સુધી રહે.

સ્નેહ પોતાની મર્યાદા છોડે તો જ્ઞાન બની જાય છે, જ્ઞાન પોતાની મર્યાદા છોડે તો તે સ્નેહ બની જાય છે અને જ્ઞાન સંકોચાય ત્યારે એ ભક્તિ બની જાય છે. નિઃસાધન એવા આ વિરક્તનું જ્ઞાન એટલું બધું સંકોચાયું છે કે આ વિરક્તની ભક્તિની અગાધ વિશાલતા એક હથેલીરૂપ બની ગઈ છે. એ હથેલીમાં ભાવની વિવિધ માધુરીઓ પ્રકટ કરીને આ વૈષ્ણવ હથેલીમાં ત્રિભુવનના નાથને ડોલ ઝુલાવી રહ્યા છે. અથવા તો વૈષ્ણવની હથેલીમાં પરાત્પર પરબ્રહ્મ ડોલતાં ડોલતાં લાસ્યમય નૃત્ય કરી રહ્યાં છે. આ ભગવદીય પર શ્રીગુસાંઈજી નિતાન્ત પ્રસન્ન છે કારણકે ઠાકુરજીના રૂપલાવણ્યમાં એમનું કાયિક સમર્પણ છે. પ્રભુની ગુણમાધુરીમાં એમની વાણીનું સમર્પણ છે અને કૃષ્ણના લીલાલાલિત્યમાં એમનું માનસિક સમર્પણ છે. આવી કૃષ્ણરૂપતા આ વિરક્તના જીવનમાં ભળી ગઈ હોવાથી એમની નિઃસાધનતા અને દીનતાએ પુષ્ટિભક્તિનું રૂપ ધારણ કરી લીધું છે. એનાં દર્શન વાર્તામાં કરી લઈએ; "तब वह वैष्णव गद् गद् कंठ होंई कै श्रीगुसांईजी सों बिनती कर्‍यो, जो-महाराज ! मेरी तो यह अवस्था है । परि श्रीठाकुरजी बडे हैं । तातें आप की कानि सों मानि लेत हैं ।"

ચતુઃશ્લોકી ગ્રંથ કથિત પુષ્ટિભક્તિની મોક્ષદશા એ વ્યસનની અવસ્થા છે. આ અવસ્થામાં કૃષ્ણની ભક્તિ, સેવા, લીલાઓના સ્મરણનું તથા ભગવાનના નામોચ્ચારણનું ભક્તને

વ્યસન થઈ ગયું હોય છે. કૃષ્ણભક્તિની કામના એટલી તીવ્ર બને છે કે, એ અવસ્થામાં, ભક્ત કાં તો પ્રત્યક્ષ અનુભવ કરે છે, નહિ તો ચિંતન સ્મરણમાં એ વિભોર થઈ જાય છે. આ ભક્તિમાર્ગીય નિરોધ છે, જેમાં કૃષ્ણદર્શનની સમ્યક્ કામનામાં ન ભક્તનું લીલાસ્મરણ છૂટે છે અને ન તો એમની ભગવત્સેવા. આ દશાનું નિરૂપણ કરતાં ગ્રંથ કહે છે; "स्मरणं भजनं चाऽपि न त्याज्यम् इति मे मतिः ।" "इति मे मतिः"નું એ એક વિલક્ષણ રહસ્ય છે. મહાપ્રભુજી ગુસાંઈજીએ જે પુષ્ટિજીવમાં પોતાની "મતિ" ને પ્રવેશ કરાવી દીધી છે, એ મહાભાગ્યશાળી ભક્તમાં સેવા અને સ્મરણનું ચક્ર ગતિમાન થઈ જાય છે. વિરક્ત વૈષ્ણવ જાણે છે કે એમને સિદ્ધ થયેલ આવી ઉત્કૃષ્ટ ભક્તિ, એમને શ્રીપ્રભુચરણની અમિત અમીદૃષ્ટિથી ઉપલબ્ધ થઈ છે. તેથી જ એ દૈન્યથી શ્રીવિઠ્ઠલેશને વિનવે છે; "तातें आपकी कानि सों मानि लेत हैं ।"

આ વૈષ્ણવને ભક્તિમૂલક વૈરાગ્ય સિદ્ધ છે. વિરક્ત હોવાને કારણે એમની સંસારથી અલિપ્તતા સહજ છે અને એમની પ્રભુમાં પ્રેમાસક્તિ હોવાથી, પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ રૂપ નિરોધ એમને ઉપલબ્ધ છે. વાર્તા કહે છે; "सो ये व्रज के भावमें सदा मगन रहतो ।" આ વિરક્તને શ્રીવિઠ્ઠલેશે વ્રજનું સ્વરૂપ હૃદયારૂઢ કરાવીને, એમને શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ ઘટિત, "આત્માદેશ"ના સર્વાત્મભાવની અનુભૂતિમાં પ્રવિષ્ટ કરાવી દીધા છે. આવા આત્માદેશનો વિષય આત્મા છે. "आत्मैव इदं सर्वम् ." આ આત્મા શું છે ? સર્વ પ્રિયોમાં પ્રિયતમ એવા આત્માના આત્મા ભગવાન સ્વયં છે. વિરક્તની અનુભૂતિનો વિષય આત્મા હોવાથી, એમને સેવ્યસ્વરૂપ માટે તાદાત્મ્યનો ભાવ સિદ્ધ છે. આ તાદાત્મ્યનાં બિન્દુ પરથી



થઈને આ ભગવદીય અદ્વૈતને અનુકૂલ એવા પ્રભુના आन्तरन्तु महाफलम् ને માણે છે અને બાહ્યમાં, તાદાત્મ્યના એ જ બિન્દુ પરથી થઈને, ભાવગમન કરીને વિરક્ત પ્રભુના દ્વૈતનો આનંદ માણીને ઠાકુરજીને ડોલ પણ ઝુલાવે છે. વાર્તા કહે છે; "तामें श्रीठाकुरजी कों डोल झूलाए ।____ पाछें भाव ही तें श्रीठाकुरजी कों खिलाए ।" આ વૈષ્ણવના તાદાત્મ્યરૂપ આત્માદેશમાં વાસ્તવમાં તો આ વિરક્તની "તદાદેશ"ની "तत्ता" અને "અહંકારાદેશ"ની "અહંતા", બન્ને સમાવિષ્ટ છે. સોના અને ઘરેણા વચ્ચે જે તાદાત્મ્ય છે એવું તાદાત્મ્ય આ વાર્તામાં સેવ્ય અને સેવક વચ્ચે છે. તાદાત્મ્યના કારણે, આ વૈષ્ણવને, "સ્મરણ"ના સમયમાં પરમાત્મા, કેવલ આત્મીયતયા એમના આત્મામાં જ અનુભૂત થતાં નથી, પણ ભગવત્સેવા વેળા, બાહ્યતયા પણ અનુભૂત થાય છે. "सो ये व्रजके भावमें सदा मगन रहतो" કહીને વાર્તા એમના આંતરિક તાદાત્મ્યને અભિવ્યક્ત કરે છે અને ડોલના પ્રસંગમાં એમની બાહ્ય તાદાત્મ્યને. વિરક્ત ભગવદીય એવી વિલક્ષણ દશામાં વિરમે છે કે એમને સર્વ વસ્તુ આત્મારૂપમાં અનુભૂત થાય છે અને આત્મામાં સર્વવસ્તુ પ્રતીત થાય છે. આવી અવસ્થા જ્યારે પુષ્ટિજીવને સિદ્ધ થાય છે, ત્યારે વિરહ અને સંયોગને વિભાજિત કરતી રેખા હટી જાય છે. તેથી જ, ડોલના પ્રસંગમાં આ ભગવદીયને વિરહ થાય છે કે ઉત્સવ માટે પોતે ઘી, ચોખા ન લાવી શક્યા, પણ પોતાના વિરહને એમણે ભાવાત્મક સ્વરૂપ આપીને ઠાકુરજીનું સુખ વિચારી "पाछें एक कुंज में डोल कौ भाव कर्यो" અને "पाछें भाव ही ते श्रीठाकुरजी को खिलाए ।" ભાવની આ એવી અદ્ભુત અવસ્થા છે, જેમાં એકત્વમાં અબાધિત અનેકત્વ અને અનેકતામાં અનારોપિત

એકતા સ્ફૂરિત થતી રહે છે. વિરક્તની આ કેવલ "તટસ્થ" અવસ્થા નથી, પણ ભાવવિભોર કરનાર ચંચલ અને પરમ પ્રેમાત્મક અનુભવની વિરલ દશા છે. વાર્તા કહે છે; "सो अति आनंद सों डोल गावन लाग्यो ।" આવો સર્વાત્મભાવ ભગવદ્તાપથી સિદ્ધ થાય છે. આ વૈષ્ણવની અવસ્થા આત્મરતિ, આત્મક્રીડા, આત્માનંદની છે. તેથી વાર્તા કહે છે; "सो ये व्रजके भाव में सदा मगन रहतो ।" આત્મા અને પરમાત્મા વચ્ચે ઘટિત થતી આ અવસ્થા છે. જેમાં શારીરિક આત્માની અહંતામાં પરમાત્માની "તત્તા" સ્ફૂરિત થાય છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ભગવત્કામવશ, સર્વાત્મભાવવાળા ભક્તના હૃદયમાં જો ભગવાન બીરાજી જાય તો તે પછી આવા મહાભાગ્યશાળી પુષ્ટિજીવને લૌકિક કે વૈદિક સાધનોથી પ્રાપ્ત કરવાનું કાંઈ રહેતું જ નથી. આ વિરક્ત પણ सर्वात्मना हृदि ગોકુલાધીશને ધારણ કર્યા પછી स्मरण ભજનના અસ્ખલિત આવર્તનમાં એ સદા વિહાર કરી રહ્યા છે. આમ ભક્તિરસ ન તો વિરક્તની સો ટકા અંદર (subjective) છે કે ન એ સો ટકા બહાર (objective) છે. પરંતુ આંતર બહારના એક વિલક્ષણ સંવાદથી એમના ભક્તિરસની અખંડધારા વહી રહી છે. તેથી જ, આ ભગવદીય માટે, આલંબન વિભાવ રૂપે ઠાકુરજી બહાર છે, ભજનીય છે, તો એમના અંતરમાં બિરાજતા પરમાત્મા, સ્થાયીભાવાત્મક ભાવનીય છે. બહાર અંદરની આવી જે પરસ્પર નિર્ભરતા છે તે લીલાત્મક છે. આ વિરક્ત ભગવદીયની આવી અનુપમ અવસ્થાની ગાથા ગાતા ગોકુલનાથજી વાર્તાના અંતમાં કહે છે; "तातें इनकी वार्ता कहां तांई कहिए ।"

..................



## "ચતુ:શ્લોકી" ગ્રંથ અનુસાર શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણની અવલોકનીય વાણી :-

१) अब भगवद्भावके लक्षण कहत हैं, सर्वदा (सर्व कालमें) सर्वभावके हेतुभूत श्रीमदाचार्यजीके चरणकमलमें अपने मनकी स्थिति करनी, एक इनही को दृढ आश्रय करनो, सो अपने मनसों तनमय होय करनो, मन वचन कर्म करि आचार्यजी महाप्रभुके चरणकमल को ही आश्रय राखे ।

२) स्मरण, सेवा, कथा, वार्ता, अहर्निश एक व्रजाधीश की करे तो यह प्रपंच, देहसंबंधी लौकिक वैदिक सब की विस्मृति होय, येही (स्मरण, सेवा, कथा, वार्ता ही) प्रपंच विस्मृति को साधन तथा पुष्टिमार्गीय भगवद्धर्म है और नाहीं, सो व्रजाधीश अपने भक्तनके पक्षपाती हैं, अपने सामर्थ्य करि भक्तनको सब ठौरतें निरोध सिद्ध करत हैं ।

३) श्रीआचार्यजी महाप्रभुजी चतुःश्लोकीमें कहे हैं "यदि श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि । ततः किम् परम ब्रूहि लौकिकैर्वैदिकैरपि" (जो सर्वात्मभावतें श्रीगोकुलाधीश हृदयमें धारण किये तातें (अधिक) दूसरो लौकिक तथा वैदिक करिकें हू कहा है सो कहो ?) या भांति सर्व के आत्मा श्रीकृष्ण हैं तिनहीं को हृदयमें धारण करे, सेवा करे और लौकिक वैदिक कछु न चाहे, निरपेक्ष होय रहे, सर्वात्मभाव करि एक प्रभुही में मन राखें ।

******

## ગ્રંથ : ભક્તિવર્ધિની

## ૮૪ વૈષ્ણવ વાર્તા - ૮ : ગદાધરદાસ કપિલ

"यथा भक्तिः प्रवृद्धा स्यात् तथोपायो निरूप्यते ।" ગદાધરદાસજી પુષ્ટિભક્તિના પથ પર અભિગમન કરે અને એમની ભક્તિ પ્રવૃદ્ધ થાય તેનો ઉપાય કરતાં આચાર્યજી વાર્તાના પ્રારંભમાં જ આજ્ઞા કરે છે; "तब श्रीआचार्यजी कहे, जैसे चक्रवर्ती राजा को राज तो सगरी पृथ्वी पर, और राजा देस-देस के गाँव-गाँव के, सोऊ राजा कहावें,, परन्तु चक्रवर्ती के आज्ञाकारी । तैसे ही पूर्णपुरुषोत्तम श्रीकृष्ण, सो सर्वोपरि ।" મહાપ્રભુજીએ કહેલા આ ઉપાયથી શું થયું તે વાર્તા સમજાવે છે; "गदाधरदास दैवी जीव तिनके मन में सिद्धांत बैठि गयो, जो - श्रीआचार्यजी की सरन जइए तो श्रीकृष्ण की प्राप्ति होयगी ।" ગદાધરદાસ "દૈવીજીવ" હોવાથી મહાપ્રભુજી એમને પુષ્ટિભક્તિમાર્ગ પર પ્રેરિત કરવા માટે આવો ઉપાય કરે છે. વાસ્તવમાં, શ્રીવલ્લભ, દૈવીજીવોને ઉત્પન્ન કરતાં નથી, પણ એમનો ઉદ્ધાર કરે છે, એટલે જ આચાર્યચરણની વધાઈમાં આવે છે; "શ્રીલક્ષ્મણગૃહ પ્રકટ ભયે હૈ દૈવીજીવ ઉદ્ધારન" અર્થાત્ દૈવીજીવો ભક્તિમાં પ્રવૃદ્ધ થાય તેવો, શ્રીમહાપ્રભુજી માહોલ પ્રકટ કરે છે. પ્રભુથી "વ્યુચ્ચરિત" થતી વખતે ભગવાને જે જીવમાં ભક્તિબીજ સ્થાપિત કર્યું છે, તે દૈવીજીવ છે. પરમાત્મા માટે બીજભાવ ન હોય, તો જીવને ભગવાન માટે સ્નેહ પ્રકટ ન થાય. ગ્રંથના પ્રારંભમાં આચાર્યજી જે "यथा भक्तिः प्रवृद्धा"ની વાત કરે છે, તે ભક્તિ સ્નેહનું સ્વરુપ છે. સ્નેહનો સ્વભાવ સહજ, સરલ અને સીધો હોય છે. ગદાધરદાસની



વાર્તાથી સ્પષ્ટ થાય છે કે સ્નેહના પંથમાં કોઈ શાણપણ નથી ચાલતું, કેવલ કૃપા નિયામક છે.

"અતિ સુધો સ્નેહ કો મારગ હૈ
યહાં નેક સયાંપન બાંક નહિ."

ગદાધરદાસના કાકામાં વધારે પડતું શાણપણ હોવાથી એ મહાપ્રભુજીને કહે છે; "हमारे तो गायत्री मंत्र सों काम है, और तो हम जानत नाहीं ।" તેથી કાકા આચાર્યજીને શરણે આવતા નથી. શ્રીવલ્લભપ્રભુ "ભગવલ્લીલાવાદી" હોવાથી, ગદાધરદાસના કાકા આપના શરણે આવે એવી ઈચ્છા પણ આચાર્યજી રાખતા નથી. મહાપ્રભુજી જાણે છે કે ગદાધરદાસના કાકા "મર્યાદા લીલા" નો જીવ હોવાથી, એમની સાથે, પ્રભુ જેમ ચાહશે તેમ ખેલશે. પરંતુ ગદાધરદાસજીને પુષ્ટિભક્તિનું દાન કરવામાં આચાર્યચરણને અતિ ઉત્સાહ છે, કારણકે, ગદાધરદાસજી, નિજ મુખારવિંદના પ્રાકટય સમયની લીલાના જીવ છે.

જેને રસસાસ્ત્ર "ભાવ" કહે છે તેને આપણે "ભક્તિરસ" કહીએ છીએ. તેથી જ, રસશાસ્ત્રમાં રસ નિષ્પન્ન થવાની જે પ્રક્રિયા છે, તે પ્રક્રિયા, ભક્તિવર્ધિની ગ્રંથ અંતર્ગત રહેલ ભક્તિનું વર્ધન કરવા માટે પણ છે. વિભાવ, અનુભાવ અને સંચારિભાવથી નિષ્પન્ન થતો કે બનતો સ્થાયી ભાવ તે રસ છે. પુષ્ટિજીવના આલંબન વિભાવરૂપ એના સેવ્યસ્વરુપ છે કારણકે, માથે બિરાજતાં એ સેવ્યસ્વરૂપનું અવલંબન કરીને, જીવમાં ભાવનું ઉદ્‌બોધન થાય છે. ભક્તિને પ્રકટ કરવાનું

મુખ્ય સ્રોત આલંબન વિભાવ હોવાથી, આચાર્યચરણ, ગદાધરદાસને નામનિવેદન કરાવીને તુરત જ આજ્ઞા કરે છે; "जो-तुम भगवत्सेवा करो । स्वरूप कहूँ तें लावो ।" પોતાનું મનગમતું સ્વરૂપ લઈ આવવાની આજ્ઞા શ્રીમહાપ્રભુજી પોતાના સેવકોને કરતા હોય છે કારણકે મનમાં વસેલા આલંબન વિભાવની સેવા કરવાથી, પુષ્ટિજીવનું, એ સ્વરૂપમાં મન લાગી જાય છે. ગ્રંથ કહે છે; "बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।" પોતાના ગૃહમાં મદનમોહનજીને પધરાવ્યા પછી, ગદાધરદાસજી, ભક્તિરસમાં, પ્રભુ સંગ કેવી રીતે રમણ કરે છે તે વાર્તા સમજાવે છે; "चित्त मानसी सेवा फलरूप में इनको लग्यो । "चेतस्तत्प्रवणं सेवा" या भाव में मगन रहें । तनुजा, वित्तजा जो बने सो करें । बहोत संग्रह करे नाहीं । जो आवे ताकी सामग्री करि श्रीमदनमोहनजी कों भोग धरें । वैष्णव कों महाप्रसाद लिवाइ देते । यह प्रकार त्यागपूर्वक रहते ।" મદનમોહનજીની લગનીને કારણે ગદાધરદાસજીમાં ત્યાગની અવસ્થા અનાયાસ પનપી ગઈ છે. ગદાધરદાસમાં જે ભગવદ્ભક્તિભાવની સંપદા વિલસે છે તેનું મુખ્ય કારણ આચાર્યચરણની કૃપા છે. આચાર્યચરણના સિદ્ધાંતના પરિપાલનથી, ગદાધરદાસજીને મહાપ્રભુજીનું સાચું સાન્નિધ્ય મળ્યું છે, સામીપ્ય નહિ, તેથી ગદાધરદાસમાં, કૃષ્ણપ્રેમની ટશરો, એમના રોમરોમમાંથી ફૂટી રહી છે. सान्निध्यमात्रदत्त श्रीकृष्णप्रेमा . મહાપ્રભુજી પોતાની કૃપાનો વ્યાપાર, આ ભક્તમાં કેવી રીતે કરે છે તે વાર્તા સમજાંવે છે; "सो श्रीआचार्यजी "भक्तिवर्द्धिनी" ग्रंथ किये, ताको व्याख्यान किये ।" વાક્પતિ શ્રીવલ્લભની વાણી સ્વરૂપાત્મક હોવાથી,



એ વ્યાખ્યાન સાંભળીને, ભક્તિવર્ધિની ગ્રંથનું અખિલ સ્વરૂપ ગદાધરદાસજીના અંતઃકરણમાં સ્થાપિત થઈ જાય છે એટલે જ પચ્ચીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે; "श्रीआचार्यजी कृपाकटाक्ष करिकें भक्तिरसदान करत हैं, तिनकों श्रीकृष्ण आप सदा पक्षपात करत हैं ।" મહાપ્રભુજીએ કરેલા ભક્તિરસના આવા પ્રદાનથી, મદનમોહનજી, ગદાધરદાસ પ્રત્યે શો પક્ષપાત કરે છે તે વાર્તા સમજાવે છે; "सो गदाधरदास कों श्रीमदनमोहनजी सानुभावता जतावते ।" ગદાધરદાસના હૃદયમાં ભક્તિની જે ભાવતરંગો વિલસે છે, એને માણીને ઠાકુરજી, પોતાને જેવી રીતે આ ભક્ત પાસે અભિવ્યક્ત કરે છે તે પ્રભુનો ભક્ત પ્રત્યેનો અનુભાવ છે અને ભક્તનો તે સાનુભાવ છે. ગદાધરદાસજીના રચેલા પદમાં મદનમોહનજીના અનુભાવોની સુકોમલતાનાં દર્શન કરી લઈએ;

"આજ નંદલાલ મુખચંદ નયનન નિરખ  
પરમ મંગલ ભયો ભવન મેરે ।  
કોટિ કંદર્પ લાવણ્ય એકત્ર કર,  
વારું તબ હી જબ નેક હેરે ॥"

ગૃહે સ્થિત્વા ભગવત્સેવા કરવાથી, આપણું ઘર નંદભવન બની જાય છે. એ સમજાવતાં ગદાધરદાસજી પદમાં કહે છે; "ભવન મેરે." ગદાધરદાસજીની ભક્તિમાં પ્રકટ થયેલા ભાવના પ્રતિસાદરૂપે, આવેશિત થયેલા મદનમોહનજી, પોતાના કોટિકંદર્પલાવણ્યને ઈકઠોર કરી, એની મધુરતમ સુધાનું પાન ગદાધરદાસજીને કરાવે છે. પ્રભુનો આ "આનંદસારભૂત સુધા"ની અભિવ્યક્તિનો અનુભાવ છે.

શ્રીવલ્લભપ્રભુ જ્યારે પુષ્ટિજીવને ભક્તિરસનું દાન કરે છે ત્યારે, એ જીવના માથે બિરાજતું સ્વરૂપ, હળવે હળવે, એ જીવના અંતરમાં ક્યારે પધારી જાય છે, એની એ ભક્તને પણ ખબર પડતી નથી. ભક્તિના ઉત્તમ અધિકારી એવા ગદાધરદાસજી, શ્રીકૃષ્ણનું બાહ્યાભ્યાંતર ભજન કરી શકે એના માટે, એમના ભજનીય સેવ્યસ્વરૂપ ભાવનીય રૂપે એમના અંતરમાં પધારે છે. અનોસરમાં **क्लिश्यमानान् जनान् दृष्ट्वा**ની પ્રક્રિયાથી, ગદાધરદાસજીની ભીતર બિરાજતું સ્વરૂપ બહાર પધાર્યા પછી, જ્યારે પુનઃ એમની ભીતર પધારે છે, ત્યારે સુદુર્લભ એવો, મદનમોહનજીના "કૃપાનંદ" સ્વરૂપનો અનુભાવ, આ ભક્ત માટે પ્રકટ થાય છે. આ રહસ્યની સમગ્ર પ્રક્રિયા ભક્તિવર્ધિની ગ્રંથમાં વિદ્યમાન છે. એનું સૂચન કરતાં ગ્રંથ આજ્ઞા કરે છે; "**बीजभावे दृढे तु स्यात्** ." ભક્તિવર્ધિની ગ્રંથ, વાર્તા અને ગદાધરદાસજીના કીર્તનોને એકમેક કરીને, પુષ્ટિજીવનો બીજભાવ કેવીરીતે દૃઢ થાય છે, તેની પ્રક્રિયાનાં ભવ્ય દર્શન કરવાનો મારો અહીં યથામતિ પ્રયાસ છે.

મહાપ્રભુજીને અભીષ્ટ એવી ભક્તિની વ્યાખ્યા છે: **माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढ सर्वतोधिक स्नेहः**. ગદાધરદાસજી પોતાના આત્માની તુલનામાં ભગવાનને નિતાન્ત અધિક માને છે. આ એમના પ્રભુ પ્રત્યેના માહાત્મ્યજ્ઞાનનું મૂળ છે. પરંતુ આવા માહાત્મ્યજ્ઞાનથી એ પ્રભુથી ડરતા નથી, પણ મદનમોહનજીને વિશેષ ચાહે છે. અથવા તો જેને ખૂબ જ ચાહે છે એવા ઠાકુરનું માહાત્મ્ય સમજીને, ગદાધરદાસજીની ચાહનામાં વિશેષ ચમત્કૃતિ આવે છે કે "વાહ ! મારી ચાહનાના



વિષય પરબ્રહ્મ આપ છો." પ્રભુનું માહાત્મ્યજ્ઞાન સંપાદન કરવાનું એક બીજું કારણ પણ સમજવા જેવું છે. જેમ જમીનની નીચે રહેલ સરવણીનું જલ, જમીનમાં ખાડો ખોદવાથી બહાર આવે છે, તેમ, સુદૃઢ સર્વતોધિક સ્નેહ, જે જીવની ભીતર નિરુપાધિક સ્નેહ રૂપે, આત્મરતિરૂપે અંતર્ગત છે, તે નિરુપાધિક સ્નેહ, આત્મા પર રહેલી માટીને માહાત્મ્યજ્ઞાનથી સાફ કરવાથી આવિષ્કૃત થઈ જાય છે. હરિનાં ચરિત્ર અગણિત છે એનું માહાત્મ્યજ્ઞાન ધરાવનાર ગદાધરદાસજીનો એજ હરિ પ્રત્યેનો સુદૃઢ સ્નેહ કેવી રીતે નિઃસૃત થાય છે તેની ઝાંખી એમનાં જ પદમાં કરી લઈએ.

"વરણ સકે કો હરિકે અગણિત ચરિત્ર વિચિત્ર ।
જીહિં તિંહિ ભાંત ગદાધર રસના કરો પવિત્ર ॥"

આ બે પંક્તિઓમાં પ્રભુનું માહાત્મ્યજ્ઞાન અવસ્થિત છે, તો એની સાથે, હરિનાં ચરિત્ર "વિચિત્ર" છે એમ કહેનારા ગદાધરદાસજી, પ્રભુની લીલાનું અવગાહન પણ કરી રહ્યા છે અને "રસના કરો પવિત્ર" કહીને ઠાકુરજીના ગુણગાન પણ કરી રહ્યા છે. "જીહિં તિંહિ ભાંત" કહેનાર ગદાધર, પોતાનો પ્રભુ પ્રત્યેનો "દૈન્ય" ભાવ પણ અભિવ્યક્ત કરી રહ્યા છે. કોઈની નોકરી કરવી એ દાસ્ય છે, પણ જેનું દાસત્વ કરીએ છીએ એનું માહાત્મ્ય સમજીને એમાં સ્નેહ કરીએ, તો તે "દાસ્ય ભાવ" કહેવાય છે. ગદાધરદાસજીના ઠાકુરજી, પોતાના આ અંતરંગ ભક્ત ગદાધરદાસને એટલું જ કહેતા હશે કે "હું તારો સ્વામી છું," એમાં તો ગદાધરદાસજીનું પોતાનું માહાત્મ્ય બ્રહ્માથી કોટિગણું વિશેષ પ્રકટ થઈ ગયું હોય એમ એમને

લાગતું હશે. પોતાનું આવું સૌભાગ્ય સમજવાં છતાંય ગદાધરદાસજી, પ્રભુ પ્રત્યેના પોતાના માહાત્મ્યજ્ઞાનના કારણે, મદનમોહનજી સાથે કેવી રીતે રહેવું એનો protocol (શિસ્ત) લેશમાત્ર વિસરતા નથી. ગદાધરદાસનો આ protocol દર્શનીય છે.

"કે તે ગુન બરનન કરું શ્રીગિરિધર કે ગુન ન્યારે ।
રસના ઈક બરખાન કે, કોઉ વિધિ ગિને ગુન ભારેજુ ॥"

પ્રભુનો સાક્ષાત્ અનુભવ કરતાં ભગવદીયમાં જયારે આવું દૈન્ય સ્થિર થઈ જાય છે, ત્યારે એમના સેવ્યસ્વરૂપ એમને પરવશ થઈ જાય છે. ભક્તવશ્ય લીલામાં, ઠાકુરજીની ય ભક્તિ આવી રીતે ભક્તમાં કેવીરીતે સુદૃઢ થઈ જાય છે, એના ઉપાયો પણ આચાર્યજી ભક્તિવર્ધિની ગ્રંથમાં દર્શાવે છે. એના માટે ગ્રંથના પ્રારંભમાં જ શ્રીવલ્લભ કહે છે કે; "यथा भक्तिः प्रवृद्धा स्यात् तथोपायो निरूप्यते ।" મહાપ્રભુજીએ બતાવેલા ભક્તિના વર્ધનના ઉપાયોના પાલનથી, ભક્તની ભગવાનમાં અને પ્રભુની ભક્તમાં ભક્તિ પ્રવૃદ્ધ થઈ જાય છે.

આવી ભક્તિમાં ભક્તનો સ્નેહ અંગી છે અને જ્ઞાન એમાં પ્રવેશ કરવાનું એક દ્વાર છે. જ્ઞાન, ભક્તિનું અંગ નથી. એટલે જ આચાર્યજી માહાત્મ્યજ્ઞાન "પૂર્વક" સુદૃઢ સર્વતોધિક સ્નેહની આજ્ઞા કરે છે, પરંતુ, ગદાધરદાસજીએ રચેલાં પદોમાંથી સ્પષ્ટ દર્શાય છે કે આ ભગવદીએ ઉપલબ્ધ કરેલું ષડ્ગુણ સંપન્ન પ્રભુનું માહાત્મ્યજ્ઞાન, સ્નેહાન્વિત હોવાથી, ગદાધરદાસજીમાં માહાત્મ્યજ્ઞાન પણ સ્નેહાત્મક અને દૈન્યયુક્ત છે. હરિરાયજી પ્રથમ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે; "जो भगवान् षड्गुणपूर्ण



ईश्वरके ईश्वर है । काहू वस्तुकी अपेक्षा नांही राखत है । एक प्रीति, दीनता ही प्रसन्न करिवेको उपाय है ।"

ગદાધરદાસજી જાણે છેકે મહાપ્રભુજીના સાકાર બ્રહ્મવાદમાં "બ્રહ્મ"થી પ્રભુનું માહાત્મ્ય સ્થાપિત થાય છે અને "સાકારતા"ના કારણે સુદૃઢ સર્વતોધિક સ્નેહ. ગદાધરદાસજી જાણે છે કે આચાર્યચરણ આ મૂળભૂત સિદ્ધાંતને સમજાવવા માટે ઠાકુરજીને પધરાવતી વખતે અનેક સેવકોને આજ્ઞા કરતાં રહે છે કે "હું મારું સર્વસ્વ તમને પધરાવું છું." શ્રીવલ્લભનું જે સર્વસ્વ હોય તે સ્વરૂપમાં જ માહાત્મ્યજ્ઞાન અને પ્રગાઢ સ્નેહ, આ બન્ને રહસ્યો એક સાથે જ પ્રકટ થઈ જાય એ સ્વાભાવિક છે. આમ મદનમોહનજીનું માહાત્મ્યજ્ઞાન, ગદાધરદાસજીને, એમના નિરુપાધિક ભાવના આલંબનની મહત્તાનો સતત અનુભવ કરાવે છે. પ્રભુની આવી વિપુલ મહત્તા પર નિષ્ઠા ધરાવનાર ગદાધરદાસજીને, એમના સેવ્યસ્વરૂપ મદનમોહનજી કર્તુમ્, અકર્તુમ્ અને અન્યથાકર્તુમ્ એવા સર્વ સામર્થ્યયુક્ત છે, એવી એમને પ્રગાઢ નિષ્ઠા છે. ગદાધરદાસજીની, ઠાકુરજી પ્રત્યેની આવી નિષ્ઠા, આ ભક્તને, પ્રભુમાં દૃઢ વિશ્વાસ અને સુદૃઢ આશ્રયમાં સદા મક્કમ રાખે છે. એના કારણે આ ભગવદીય દૃઢ સંકલ્પી છે. વાર્તા કહે છે; "यह सुनत ही गदाधरदास ने संकल्प किये, जो-व्यावृत्ति कछू न करनी ।" ભક્તિવર્ધિની ગ્રંથ કહે છે; "अव्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभिः ।" અવ્યાવૃત્ત ભજન ગદાધરદાસજીનાં પુષ્ટિજીવનનો મહામંત્ર બની જાય છે. અવ્યાવૃત્ત ભક્તિના પથ પર અભિગમન કરવા ગદાધરદાસજી શરૂઆતમાં જ કયાં પગલાં લે છે તે વાર્તા

સમજાવે છે; "सगे संबंधीन सों कहे, अब तुम और घर में जाइ रहौ, मैं वैष्णव भयो । मेरे तिहारे जल-व्यौहार नाहीं ।" ગદાધરદાસજી ઠાકુરજીના અનન્ય ભક્ત હોવાથી, એ અવ્યાવૃત્ત ભજનના અધિકારી બની શક્યા છે, એમના અવ્યાવૃત્ત ભજનનું નિર્દેશન કરતાં વાર્તા કહે છે; "वैष्णव भये पाछें अव्यावृत्त से रहते । सो सब ठौर को जानो छोड दियो । जो आवे तामें निर्वाह करें ।" તો અવ્યાવૃત્ત ભક્તિ એટલે ? કૃષ્ણની સેવા, કૃષ્ણમાં અનન્ય ભાવ, કૃષ્ણ સિવાય અન્યમાર્ગ, અન્ય પદાર્થ, અન્ય ફલ કે દેવમાં મનની વ્યાવૃત્તિ કે આસક્તિ ન હોવી તેનું નામ અવ્યાવૃત્ત ભક્તિ.

આવું અવ્યાવૃત્ત ભજન અતિકઠિન હોવાથી ઠાકુરજી સ્વયં ગદાધરદાસની પરીક્ષા લે છે. વાર્તા કહે છે; "सो एक दिन भगवद् इच्छा तें जजमान के घर तें कछु आयो नाहीं ।" પ્રભુને પરીક્ષા લેવી છે એટલે ગોકુલનાથજી કહે છે કે "भगवद् इच्छा ते कछु आयो नाहीं ।" આ પ્રસંગના ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે કે; "ताको कारन यह, जो-श्रीठाकुरजी ने इनकी परीक्षा लिये । सो अन्यावृत्त को संकल्प तो होनो सहज ही है, परन्तु न मिले तब धीरज रहे यह महा कठिन है । तातें कछू न आयो ।" અવ્યાવૃત્ત ભક્તિ ક્યારે સિદ્ધ થાય તે હરિરાયજી સ્વયં એકવીસમા અને પાંત્રીસમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "या कालमें प्रभुको पूर्ण विश्वास तो दुर्लभ है, तातें पूर्ण विश्वास विना अव्यावृत्त होय तो बहुत ही दुःख पावे, श्रीठाकुरजीमें दोषबुद्धि होय जाय, मैं इनके आश्रय सेवा करत हों, और मेरो लौकिक हू नाही सिद्ध करत हैं, या भांति



होय तो अनर्थ होय, दासभाव जात रहे, तातें अव्यावृत्त कैसें होय ? या भांति अव्यावृत्त होय तब दृढ विश्वास (धीरज) चाहिये ।" ઠાકુરજી જ્યારે ગદાધરદાસજીની પરીક્ષા લે છે, ત્યારે આ ભક્ત, આ અવસ્થામાં, ભગવદ્‌વિશ્વાસ દૃઢ રાખીને, ન યજમાન પાસે માંગવા જાય છે કે ન દ્રવ્ય ઉધાર લે છે. ભાવપ્રકાશ સમજાવે છે; "और उधारो लेय जहाँ ताँई वाको द्रव्य न देय तहाँ ताँई वाकी सेवा है । इनकी नाहीं । और काल को प्रमाण नाहीं । उधारो लियो देह छूटि जाय तो रिन माथे रहे, जन्म लेनो होइ । यह शास्त्र में कहे हैं ।" આવા વિકટ પ્રસંગમાં ગદાધરદાસજીએ પોતાના અવ્યાવૃત્તતાના સંકલ્પને કેવી રીતે નિભાવ્યો તે ભાવપ્રકાશ સમજાવે છે; "अव्यावृत्त श्रीआचार्यजी महाप्रभुन के ग्रन्थ को आश्रय किये ।" હરિરાયજી, આચાર્યજીના ગ્રંથને "અવ્યાવૃત્ત" કહે છે, કારણકે શ્રીવલ્લભના ગ્રંથ કૃષ્ણસેવા અને કૃષ્ણની અનન્ય ભક્તિથી પ્રચુર છે. આચાર્યજીની વાણીનો આવો પ્રચંડ પ્રભાવ હોવાથી, એ વાણી પર પોતાના પુષ્ટિ જીવનને સમર્પિત કરી દેનારા ગદાધરદાસજી, ઠાકુરજીની પરીક્ષામાંથી કેવલ ઉત્તીર્ણ થતાં નથી પણ આ પ્રસંગથી એ વ્યસનભક્તિમાં પ્રવેશી જાય છે. "यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात् तदैव हि ।" આચાર્યજીની કૃપાથી મદનમોહનજીને, ગદાધરદાસજીને વશ થયું છે એટલે ઠાકુરજીએ આવી "પરીક્ષાલીલા" પ્રકટ કરી છે. નિષ્કંચન અવસ્થામાં નિ:સાધન ગદાધરદાસ જયારે મદનમોહનજીને કેવલ જલની લોટી ધરે છે, ત્યારે એમના અંતરમાં વિરહાગ્નિ પ્રકટ થાય છે કે "હાય, આજે મારા પ્રભુ ભૂખ્યા રહ્યા છે." પ્રભુએ જેવી લીલા પ્રકટ કરી છે, તેનાં જે

સૂર છે, તેની સાથે, મંગલાથી સેન પર્યંત જલની લોટી ધરીને, ગદાધરદાસજી પોતાના હૃદયના તારને કેવી રીતે જોડે છે તે ભાવ પ્રકાશ સમજાવે છે; "तातें जमुनाजी के भाव सों सगरे भाग में जल ही धरें ।____ या सामग्री में वैष्णव को समाधान नाहीं । सगरी इन्द्रिय की सेवा नाहीं ।____ यह पुष्टिमार्ग की रीति है, जो-सामग्री हाथसों भोग धरन में प्रीति न होइ तो व्रजभक्तन के भाव हू छूटि जाँइ ।" આ પ્રસંગમાં "छातीमें आगि लागी" કહી વાર્તા ગદાધરદાસજીના સુદૃઢ સર્વતોધિક સ્નેહનાં પ્રકટ દર્શન કરાવે છે અને ભોગ હાથથી ધરાવવો જોઈએ એ એમને સિદ્ધ થયેલા માહાત્મ્યજ્ઞાનનો નિર્દેશ કરે છે. વાસ્તવમાં ગદાધરદાસજીની પ્રેમલક્ષણા ભક્તિમાં "અશાંત રસ" પ્રકટ છે કારણકે આ ભક્ત આલંબન વિભાવમાં તન્મય છે. સ્નેહનો સ્વભાવ "ચીકણો" હોવાથી, ગદાધરદાસજીનો વિરહાત્મક પ્રેમ, પ્રભુના સુખવિચારમાં ચોંટી ગયો છે. ભાવપ્રકાશ કહે છે; "सो छातीमें विरह रूप आगि लागी, जो - आजु कछू नाहीं धरयो, जो-वैष्णव के लिवाये बिना श्रीठाकुरजी भूखे ही हैं । या प्रकार को गूढ भाव जिनके हृदय को है । और श्रीठाकुरजी कों विरह को दान करनो है । तातें कछू न आयो । सों छाती में विरह रूपी अग्नि लागी । मुख्य अधिकारी भये ।" આ પ્રસંગમાં ગ્રંથની પંક્તિ ગુંજી ઊઠે છે; "बीजभावे दृढे तु स्वाद् ." ગદાધરદાસજીનો બીજભાવ દૃઢ થઈ જવાથી એ "मुख्य अधिकारी भये ।" ભાવપ્રકાશના આ પ્રસંગમાં, શ્રીહરિરાયચરણ ત્રણ વખત કહે છે કે "छातीमें आगि लागी" અને દર્શાવે છે કે ગદાધરદાસજી પ્રેમ અને આસક્તિ અવસ્થાને વટાવીને વિરહાવસ્થામાં હવે તૃતીય એવી વ્યસન દશામાં પ્રવેશી ગયા છે. આ જ ક્રમને સમજાવતાં



હરિરાયજી નવમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે; "उपर कहे ता भांति प्रभुमें आसक्ति होय तब प्रभु दया करि आर्तिदान करे तो विप्रयोग होय, सो विप्रयोग भयो कब जानिये ? जब प्रभुसंबंध बिना देहसंबंधी सर्वकार्यकी विस्मृति होय तब विप्रयोग भयो जानिये । पाछें प्रभुमें व्यसन होय सो प्रभु बिना रह्यो न जाय, एक क्षण युगसमान जाय, यह व्यसनको स्वरूप है, ता व्यसन करिकें प्रपंचकी स्फूर्तिको नाश होय, केवल प्रभु पर तन्मयता होय ।"

"ततः प्रेम तथासक्तिर्व्यसनं च यदा भवेत् ।" ગદાધરદાસજીએ પસાર કરેલી પ્રેમ, આસક્તિ અને વ્યસનની દશાઓ શી છે તે દયારામભાઈ પાસે ખાસ સમજવા જેવી છે;

"કહિયે "પ્રેમ"નું લક્ષણ એહ, જયારે મળે ત્યારે તેનો તે સ્નેહ;<br>
વિયોગ થાય ત્યારે તપે તન, ત્યાંનું ત્યાં વળગ્યું રહે મન.<br>
એક વાર આખા દિવસમાં પણ, મળ્યા વિના ન રહેવાય;<br>
જો ન મળે તો વિકળ થાય, "આસક્તિ" એ કહેવાય.<br>
કહેવાયે વ્યસન, આવું જયારે થાય, સામાસામી હૃદય વીંધાય;<br>
"તન્મયતા" તે મૃત્યુ સમાન, આ ચારે આવે, આપે હરિદાન."

ગદાધરદાસજી અને મદનમોહનજીનું આમ પરસ્પર હૃદય "વિંધાઈ" ગયું છે એટલે આચાર્યજી ગ્રંથમાં આજ્ઞા કરે છે કે; "यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात् तदेव हि ।" આવી કૃતાર્થતા ભક્ત અને ભગવાન બન્ને અનુભવે છે. કોટિ ભક્તોમાં એક વ્યસની ભક્ત હોવાથી, આવા અંતરંગ માટે ઠાકુરજીને ય સૌભાગ્યમદ હોય છે કે "મારા જેવો આવો ભક્ત કોઈનો નથી." महतो महियान् પરમાત્મા આવા ભક્તો પાસે अणोरणियान् બની જાય છે.

મદનમોહનજી ગદાધરદાસજીને કહેતાં નથી કે આજે પ્રભુ ભૂખ્યા રહ્યા છે અને છતાંય ઠાકુરજીના સુખનો વિચાર કરતાં ગદાધરદાસજીની પ્રચુરવ્યથા આ ભગવદીયને કોષી રહી છે કે "મારા પ્રભુ આજે ભૂખ્યા રહ્યા છે." પુષ્ટિભક્તિના અંગરૂપ એવી ગદાધરદાસજીની સખ્ય ભક્તિનો આ પ્રકટ અનુભાવ છે. "भगवति अप्रेरितप्रियकरणम् सख्यम् ।" વૈષ્ણવોને આજે પ્રસાદ ન લેવડાવી શક્યા એનું ગદાધરદાસજીને થતું દુ:ખ એ એમના પુષ્ટિધર્મનો અનુભાવ છે. જલની લોટી ધરતી વખતે આ ભક્ત એ "मानसी में सब अरोगाये" પણ એમની "છાતીમાં આગી લાગી," એ ગદાધરદાસજીની તનુવિત્તજા સેવાના વ્યસનનો અનુભાવ છે. વ્યસનાવસ્થામાં લઈ જનારો વિપ્રયોગ ગદાધરદાસજીમાં ક્યારે પ્રકટ થઈ ગયો હશે, એ સમજવા માટે, હરિરાયજીના ચોત્રીસમા શિક્ષાપત્રનો આશ્રય લઈએ; "मुखारविंदकी भक्ति श्रीस्वामिनीजीकी है, सो श्रीस्वामिनीजीके विप्रयोगभावात्मक पुष्टिभक्ति श्रीवल्लभाचार्यनें ही प्रकट करी है, तातें श्रीआचार्यजी जब अनुग्रह करि यह मुखारविंदकी भक्तिको दान करे तब सिद्ध होय ।"

કૃષ્ણભક્તિના આવેશમાં વિવિધ અનુભાવોના અખૂટ ભંડારરૂપ ગદાધરદાસજી હોવાથી, વાર્તા કહે છે તેમ આ ભક્ત, પુષ્ટિભક્તિના "मुख्य अधिकारी भये ।" એમની વ્યસનભક્તિનાં દર્શન એમના જ રચેલાં પદમાં કરી લઈએ.

"પરમ અદ્‌ભુત રૂપ સકલ સુખ ભૂપ પદ
મદનમોહન વિના કછુ ન ભાવે ।
ધન્ય હરિભક્ત જિનકી કૃપાતેં
સદા કૃષ્ણ ગુણ ગદાધરમિશ્ર ગાવે ॥"



વ્યસનદશાના કારણે ગદાધરદાસજી કહે છે; "મદનમોહન વિના કછુ ન ભાવે ।" આવી પરમોત્કૃષ્ટ અવસ્થામાં વિહરતાં હોવા છતાંય, હરિભક્તોની કૃપાથી પોતે કૃષ્ણનાં ગુણગાન કરી રહ્યાં છે, એમ કહેનાર ગદાધરદાસજી, દૈન્ય પ્રચુર છે અને પોતાને દાસાનુદાસ માને છે. "भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम् ." પ્રભુ અને ભક્તોની કૃપા પર એમનો પુષ્ટિભક્તિનો નિર્વાહ થઈ રહ્યો છે, એમ દૃઢરીતે માનનાર ગદાધરદાસજી, નિ:સાધન ભક્ત છે. નિ:સાધનતા, એ ભક્તિવર્ધિની ગ્રંથના અંગભૂત પણ પ્રચ્છન્ન રહેલો કેટલો દુર્લભ ભાવ છે તે હરિરાયચરણ નવમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "ऐसें (प्रेम, आसक्ति और व्यसन) तीन प्रकार को भाव निःसाधन कह्यो है तासों भगवत्सेवा करिवेवारेन कों ऐसें भावकी प्राप्ति लोकमें दुर्लभ है ।" ગદાધરદાસજી જેવા દુર્લભ વ્યસની ભક્તોને, નિ:સાધન ફલાત્મા એવા પ્રભુ, એમને વશ થવા માટે લલચાઈ જાય તે સ્વાભાવિક છે. શ્રીમદ્‌ભાગવતના નવમા સ્કંધમાં ભગવાન સ્વયં કહી રહ્યાં છે કે; "સ્વતંત્ર હોવા છતાંય હું ભક્તોને વશ છું. "अहं भक्तपराधीनो ।"

ગદાધરદાસજી માટે "मुख्य अधिकारी भये" કહ્યું એનું એક બીજું પણ રહસ્ય સમજવા જેવું છે. ઠાકુરજી આપણી બહાર અને ભીતર એમ બન્ને ઠેકાણે બિરાજે છે. તેથી ભક્તિવર્ધિની ગ્રંથની તાત્પર્યવૃત્તિની દૃષ્ટિથી પુષ્ટિજીવનો ભગવત્સ્નેહ બાહ્યાભ્યાંતર હોવો જોઈએ. વૈષ્ણવ બહાર બિરાજતા ઠાકુર સાથે સ્નેહ કરી શકે એના માટે ભજન કે સેવા છે. પ્રભુનાં આંતરભજન માટે સ્મરણ છે. આવા બહાર

અને અંદરના અસ્ખલિત ભજન માટે ગ્રંથ આજ્ઞા કરે છે કે; "सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् । यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम ॥" જે ભક્તમાં સેવા અને કથા એમ બન્ને પક્ષોનું ચક્ર વિદ્યમાન છે, તે જ ભક્ત, પુષ્ટિભક્તિના મુખ્ય અધિકારી બની શકે છે. ગદાધરદાસજીનો મદનમોહનજી માટે, ભક્તિ રસનો સ્થાયી ભાવ છે. તેથી એમને પ્રભુની વાર્તા સાંભળવી ગમે છે, કીર્તન કરવું પ્રિય છે, ઠાકુરજીની સેવા અને સ્મરણ સુખદ લાગે છે. ગદાધરદાસને અર્ચન, પાદસેવન અને વંદન પણ મદનમોહનજીનું જ સુહાય છે. એમનું દાસ્યમ્, સખ્યં અને આત્મનિવેદન પણ એમના સેવ્યસ્વરૂપમાં જ છે. સ્થાયીભાવ રૂપ પુષ્ટિભક્તિમાં, ગદાધરદાસમાં, આવા નવધાભક્તિના અનુભાવો અસ્ખલિત પ્રકટ થતા હોવાથી, "ते मुख्य अधिकारी भये ।" નવધા ભક્તિ જો પુષ્ટિભક્તિના અંગરૂપે પ્રકટ ન થાય તો તે શાસ્ત્રોકત બની જઈ, મર્યાદારૂપ થઈ જાય છે. પુષ્ટ્યંગરૂપે, નવધાભક્તિનો પ્રકટ થતો આવો અનુભાવ, એ ગદાધરદાસજીનો, ઠાકુરજી સાથેનો નવલક્ષણ વ્યવહાર છે. તદુપરાંત વાર્તા કહે છે તેમ ગદાધરદાસજી "चेतस् तत् प्रवणं सेवा" या भावमें मगन रहें । चित्त मानसी सेवा फलरूप में इनको लग्यो ।" આના કારણે પણ ગદાધરદાસજી "मुख्य अधिकारी भये ."

ગદાધરદાસજીની ભગવત્સેવાનો મૂલ ભાવ, ભક્તિવર્ધિની ગ્રંથ અંતર્ગત રહેલો दास्यम् અને सख्यम्નો ભાવ છે. મદનમોહનજીને છોડીને એમને અન્ય ક્યાંય જવાનું ગમતું નથી એ એમનું दास्यम् છે. अनन्यगामित्वं दास्यम् તેથી યજમાન



ઘેર ન આવ્યો તે દિવસે પણ, અવ્યાવૃત્ત વ્રતવાળા ગદાધરને યજમાન ને ઘેર જઈને દક્ષિણા માંગવાનું મન જ થતું નથી. મદનમોહનજી માટે એમને જે નિરુપાધિક સ્નેહ છે એના કારણે ગદાધરદાસ સદા ભગવત્સુખનો વિચાર કરતાં હોય છે. ગદાધરદાસજીનું આ सख्यम् કે સખ્યભક્તિ છે. સખ્યભાવમાં થોડી છૂટછાટ લઈ શકાતી હોવાથી, ગદાધરદાસજી વિપ્રયોગના આવેશમાં બજારમાંથી જલેબીને લાવીને ઠાકુરજીને અરોગાવે છે. પ્રભુના સુખનો વિચાર એમના મનમાં એટલો ઉગ્ર છે કે, યજમાન રૂપિયા આપે છે ત્યારે, બજારમાંથી સામગ્રી લાવી ઘેર સિદ્ધ કરવા જતાં, પ્રભુને ભોગ ધરવામાં બહુ જ અવેર થશે, એવો વિચાર જ ગદાધરદાસજી માટે અસહ્ય બની જાય છે. આ ભગવદીયના આ પ્રસંગમાં, આવા વિરહાત્મક સખ્યભાવના કારણે બજારની જલેબીનો મહાપ્રસાદ પણ વૈષ્ણવોને અદ્ભુત લાગે છે. એની સરાહના વૈષ્ણવો સ્વયં કરે છે ત્યારે પોતાના સ્નેહની એક સરળ પારદર્શકતાના કારણે, ગદાધરદાસજી, વૈષ્ણવોને સ્પષ્ટપણે કહી દે છે કે એમણે જલેબીને બજારમાંથી લાવીને પ્રભુને અરોગાવી છે. ભક્તિવર્ધિની ગ્રંથથી પોષાયેલા આવા ભક્તની નિખાલસતાથી વૈષ્ણવો પણ પ્રસન્ન થઈ જાય છે.

ગ્રંથ કહે છે; "गृहस्थानां बाधकत्वम् अनात्मत्वं च भासते ।" ગદાધરદાસજીને મદનમોહનજીમાં દૃઢ અનુરાગ છે પણ એમને ગૃહમાં અનાત્મભાવ નથી કારણકે ઘેર ઠાકુરજી બિરાજે છે અને નિત્ય વૈષ્ણવો પ્રસાદ લે છે. વાસ્તવમાં તો ગદાધરદાસજીને ભક્તિનું સાચું સ્વરૂપ સિદ્ધ છે. ભક્તિ શબ્દમાં

भज् અને क्तिन् ધાતુ છે. भज् નો અર્થ સેવા છે અને क्तिन् એટલે તે ક્રિયાનું સપ્રેમ નિર્વાહ. ગદાધરદાસની ભક્તિનું હાર્દ છે, પ્રેમ સહિત થતી ભગવત્સેવા.

ગદાધરદાસજીની મદનમોહનજી પ્રત્યેની ભક્તિ વાણી, કાયા અને મનથી સિદ્ધ છે. પુષ્ટિભક્તિના અંગરૂપે, ગદાધરદાસની "વાણી"ની ભક્તિ શ્રવણ, કીર્તન અને સ્મરણથી પ્લાવિત છે. સૌથી પહેલાં આ ભક્તની "શ્રવણ" ભક્તિનાં દર્શન કરી લઈએ. આચાર્યચરણે જે દિવસે ગદાધરદાસને અષ્ટાક્ષર મંત્ર સંભળાવ્યો અને નિવેદન કરાવ્યું તે દિવસથી એમની "શ્રવણ" ભક્તિએ અંગડાઈ લઈ લીધી. મહાપ્રભુજીની વાણી વેણુનાદાત્મક સુધારૂપ હોવાથી, જયારથી ગદાધરદાસજીએ, આચાર્યજી પાસે ભક્તિવર્ધિની ગ્રંથની વ્યાખ્યા સાંભળી, ત્યારથી એમના સેવ્યસ્વરૂપ મદનમોહનજી, ભાવાત્મકરૂપે ગદાધરદાસજીના હૃદયકમલ પર પધારવા અતિ ઉત્સુક બની જાય છે. કારણકે भक्तिमार्गाब्जमार्तंडનાં વચનામૃત શ્રવણ કરી આ ભક્તનું હૃદયકમલ ખીલી ગયું છે. શ્રવણ દ્વારા, ગદાધરદાસના ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણમાં ગયેલી શ્રીવલ્લભની વાક્સુધામાધુરી, ગદાધરદાસમાં આંતર પરિભ્રમણ કરીને, એમની વાણી દ્વારા કીર્તનરૂપે બહાર પ્રકટ થતી રહે છે. એનો આસ્વાદ આ ભક્તના પદમાં જ લઈએ.

"કરત હરિ નૃત્ય નવરંગ રાધા સંગ
        લેત નવગતિ ભેદ ચરચરી તાલ કે ।
પરસ્પર દરસ રસમત્ત ભયે
        તત થેઈ થેઈ ગતિ લેત સંગીત સૂરતાલકે ॥



રાસ, એ પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિની અવસ્થા હોવાથી, ગદાધરદાસજીની, ઉપર્યુક્ત કીર્તનની પંક્તિ દ્વારા આ ભગવદીયની કૃષ્ણ માટેની નિરોધાવસ્થાનું પ્રકટ દર્શન છે. રાસની આ આધ્યાત્મિક અવસ્થા છે. એના આધિદૈવિકત્વમાં, ઠાકુરજીનો ગૂઢ સ્ત્રી ભાવ ગદાધર માટે પ્રકટ થઈ જાય છે. એનો ઉદ્‌ઘોષ કરતાં ભક્તિવર્ધિની ગ્રંથ કહે છે; "इत्येवं भगवच्छास्त्रं गूढतत्त्वं निरूपितम् ।"

ગદાધરદાસની "સ્મરણ" ભક્તિનાં ય દર્શન વાર્તામાં કરી લઈએ; "व्रजभक्तनकी मानसी करे ।" વાસ્તવમાં તો વ્રજભક્તોના ભાવની માનસી કરતાં ગદાધરદાસ, સ્વયં વ્રજભક્ત બની ગયાં છે અને ગોપીજનોના રસાત્મક નયનથી એ મદનમોહનજીના રૂપનું લાવણ્યામૃતપાન કરે છે. આની જ પ્રતીતિ એમનું પદ કરાવે છે; "અલી ગોપીજન નૈન ગદાધર સાદર પીબત રૂપ મકરંદ." કૃષ્ણદર્શન કામના એ ભક્તિ શબ્દમાં રહેલ "क्तिन्" પ્રત્યયનો ફલિતાર્થ છે. ભગવાન માટે જે नामरूपविभेदेन કહ્યું છે, એમાં, ગદાધરદાસજીની શ્રવણ, કીર્તન અને સ્મરણભક્તિ નામાત્મક છે. રૂપભક્તિના બે પ્રકાર છે. (૧) બાહ્યભજન (૨) આંતરભજન. પાદસેવન, અર્ચન અને વંદન એ ગદાધરદાસજીનો "કાયા"થી થતો બાહ્ય ભજનનો પ્રકાર છે અને દાસ્યં, સખ્યમ્ અને આત્મનિવેદન એ આ ભગવદીયનું આંતરભજન અર્થાત્ મનથી રમણ છે. તો "પાદસેવન" એટલે ? પાદસેવન એટલે શ્રદ્ધાથી પ્રભુની પરિચર્યા કરવી. પરિચર્યા એટલે ઠાકુરજીની ચારે તરફ ફરવું. "निरंतरं श्रद्धया परिचर्या पादसेवनम् ." સૂર્યમાંથી છૂટી થયેલી પૃથ્વી જેમ

સૂર્યની આસપાસ ફરતી જ રહે છે તેમ મદનમોહનજીની અહર્નિશ પરિચર્યામાં ગદાધરદાસ નિમગ્ન છે. આ એમની અવ્યાવૃત્તભક્તિનું વિલક્ષણ લક્ષણ છે. તેથી જ એમણે યજમાન પાસે પણ જવાનું છોડી દીધું છે. વાર્તા કહે છે; "सो सब ठौर को जानो छोड दियो ।" પ્રભુમાં માહાત્મ્ય બુદ્ધિ રાખીને ગદાધરદાસજીનો લોકવિલક્ષણ ઉપચાર એ એમની "અર્ચન" ભક્તિ છે. "माहात्म्यबुद्ध्या लोकविलक्षणोपचारकरणम् अर्चनम् ." વાર્તા કહે છે; "गदाधरदास सगरो घर खासा करि सेवा मदनमोहनजीकी प्रीति सों करन लागे । जो आवे ताकी सामग्री करि श्रीमदमोहनजीकों भोग धरें ।" "વંદન" ભક્તિ દૈન્યપ્રધાન છે. એમાં ગદાધરદાસજીને ઠાકુરજી માટે એવો ભાવ છે કે; "હે પ્રભુ ! તારી તુલનામાં હું કાંઈપણ નથી."

"बरनो कहां यथामति मेरी बेद हूं पार न पावे ।
दास गदाधर प्रभुकी महिमा गावत ही उर आवे ॥"

પોતાનાં દૈન્યનો આવી રીતે આવિષ્કાર કરીને શ્રદ્ધાથી પ્રભુને ઝૂકવું તે "વંદન" ભક્તિ છે. "स्वदैन्याविष्कारपूर्वकं श्रद्धया नमनं वंदनम् ।" વાસ્તવમાં તો ગદાધરદાસજીની પુષ્ટિભક્તિના સર્વ ક્રિયાકલાપમાં ભક્તિવર્ધિની ગ્રંથમાં ગર્ભિત રહેલ એવુ દૈન્ય એ ગદાધરદાસનો બીજરૂપભાવ છે. આની અનુભૂતિ એમના રચેલા પદમાં વારંવાર થાય છે. આ સંદર્ભમાં ચોત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે; "श्रीकृष्णकी सेवा और कथादिक सर्वकार्यमें दैन्य बीज है, पुष्टिमार्गमें सेवादिक सब दैन्ययुक्त होय तो फल देयवेवारे होय है ।"

ઉપર લખ્યું તેમ આપણે ગદાધરદાસજીની "દાસ્ય" અને



"સખ્ય" ભક્તિને અવલોકી લીધી, હવે એમની "આત્મનિવેદન" ભક્તિનાં ય દર્શન કરી લઈએ. આત્માનું નિવેદન તે આત્મનિવેદન છે. "आत्मनो जीवस्य सपरिकरस्य निवेदनं भगवत्सेवापयोगिकरणं आत्मनिवेदनं ." આત્મા એટલે ? જીવ અને જીવના સંબંધિત પ્રત્યેક વસ્તુ અને વ્યક્તિ. અથવા તો "હું" અને "મારું" અથવા તો અહંતા અને મમતા, એ સંબંધિત સર્વ વસ્તુઓને, ભગવદુપયોગી બનાવવી તે આત્મનિવેદન છે. "અહંતા" ના પહેલુઓમાં ગદ્યમંત્ર કથિત જીવના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને આત્મા આવી જાય છે અને "મમતા"ના પહેલુઓમાં જીવની પત્ની, સંપત્તિ, પુત્ર, ઘર વગેરે મમતાસ્પદ પદાર્થો આવરી લેવાય છે. આમ ગદાધરદાસજીનો અહંતા અને મમતા સહિત જે આત્મા છે, તેમનો એમણે અખંડિત ભગવદ્વિનિયોગ કરાવ્યો છે. પોતાના દેહ, ઈન્દ્રિયાદિ માટે પોતાનું સ્વામિત્વ જયારે જીવને હોય ત્યારે, એવું અભિમાન, એ જીવનો અધ્યાસ કહેવાય છે. પરંતુ ગદાધરદાસજી તો સુદૃઢ રીતે માને છે કે, મહાપ્રભુજીના સિદ્ધાંતાનુસાર, સર્વરૂપ કૃષ્ણ માટે, એમનું પોતાનું જે સર્વ છે તે કૃષ્ણ માટે છે. આ પ્રમાણે અનુસરણ કરીને ગદાધરદાસજીએ પોતાનું આત્મનિવેદન સિદ્ધ કર્યું છે. આમ, પુષ્ટિભક્તિના અંગરૂપે, નવધાભક્તિ સાથે, પ્રભુનો સંગ કર્યો હોવાથી, ગદાધરદાસજીને ઠાકુરજી માટે સહેજ સ્નેહ થઈ ગયો છે અને ભગવત્કૃપા થતાં એમને મદનમોહનજી વશ થઈ ગયાં છે. નવધા ભક્તિ અને પ્રેમલક્ષણા ભક્તિના સંદર્ભમાં દયારામભાઈની [illegible] અવલોકનીય છે.

"શ્રવણ, કીર્તન શ્રીકૃષ્ણનું, સ્મરણ, સેવન, અર્ચન;
વંદન, દાસત્વ સખ્યતા વળી આત્મનિવેદન.
આત્મનિવેદન નવધા કહિયે, પ્રેમલક્ષણા દશમી લહિયે;
એ ભક્તિ સહુ સાધન તાજ, જે પામે વશ થાય વ્રજરાજ."

નિ:સાધન એવા ગદાધરદાસજીની "પ્રેમલક્ષણા" ભક્તિ અને ઠાકુરજીનું એમને વશ થવું એ બન્ને, એમને એક "સિદ્ધસાધન"રૂપે ઉપલબ્ધ છે. આ ભક્તનો જે માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહ પ્રભુમાં છે, તે સ્નેહ, નિરુપાધિક ભાવયુક્ત "રસ" છે. તેનું રક્ષણ ગદાધરદાસજી નવધાભક્તિના કવચથી કરે છે. ભક્તિવર્ધિની ગ્રંથમાં આવો સૂક્ષ્મ ઉપદેશ છે. ગ્રંથ કહે છે; "ततः प्रेम तथासक्तिर्व्यसनं च यदा भवेत् ." નિરુપાધિક સ્નેહનો જ આ ઉત્કર્ષ છે.

મહાપ્રભુજીએ ચતુ:શ્લોકી ગ્રંથમાં "स्मरणं भजनं चापि न त्याज्यम्"ની જે આજ્ઞા કરી છે તેનું સાક્ષાત્ દૃષ્ટાંત ગદાધરદાસજીની વાર્તામાં છે. અપરોક્ષમાં આ ભગવદીયે કરેલું ભજન અથવા એમની કાયા દ્વારા થતી કૃષ્ણ સેવાથી એમણે એમની અહંતાને મદનમોહનજી સાથે જોડી છે. પરોક્ષમાં સ્મરણ અથવા ગદાધરદાસજીના ચિત્તની કૃષ્ણ તન્મયતાના કારણે, એમની મમતા, સ્નેહરૂપે પ્રભુના અંગસંગ એકમેક થઈ ગઈ છે. અર્થાત્ ભજનમાં જીવની અહંતા પ્રભુ સાથે જોડાય છે અને સ્મરણમાં મમતા. જે દિવસથી પુષ્ટિજીવની અહંતા અને મમતા ભગવાન સાથે સંલગ્ન થઈ જાય છે, તે દિવસથી, તે જીવ મુકત થઈ જાય છે. કારણકે જીવને સંસારમાં બાંધનારી કેવલ એની અહંતા અને મમતા જ છે.



આમ, ગદાધરદાસજીને, ભક્તિવર્ધિની ગ્રંથના હાર્દરૂપ કૃષ્ણનાં બાહ્ય, આંતર અને નામાત્મક એમ ત્રણેય પ્રકારના ભજન એમને સિદ્ધ છે. આ ત્રણમાંથી એમની પુષ્ટિભક્તિ ભગવત્પ્રેમના રૂપમાં અંકુરિત થયા પછી આસક્તિના રૂપમાં પલ્લવિત થઈ જાય છે અને અંતમાં તે ભગવદ્‌વ્યસનમાં ફલિત થઈ ગઈ છે. પોતાના ગૃહમાં રહીને પોતાના ભક્તિ બીજભાવને કેવી રીતે દૃઢ કરવો એનો અદ્‌ભુત લીલોપદેશ ગદાધરદાસજીની વાર્તામાં છે. "बीज दाढ्र्यं प्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः । अन्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभिः ।।" આવા ભગવદ્‌વ્યસનના સ્વભાવના કારણે, ગદાધરદાસજી, પ્રભુના વિરહની તીવ્ર અનુભૂતિમાં માનસી સેવામાં વિલસે છે. વાર્તા કહે છે; "चित्त मानसी सेवा फलरूपमें इनको लग्यो ।" માનસી એ ભગવત્સ્વરૂપનું આંતર ભજન છે. એનાથી સર્વાત્મભાવ સિદ્ધ થાય છે. આ અવસ્થાની પ્રારંભની સ્થિતિમાં ગદાધરદાસજીની મતિ અને કૃતિ ભગવાનના માહાત્મ્ય તરફ ઝૂકી રહી છે. લીલાતીત ભગવત્સ્વરૂપનું એમને માહાત્મ્યજ્ઞાન છે. પ્રભુ મારાથી મહાન આત્મા છે એમ માનવું એ માહાત્મ્ય મતિ છે. એના કારણે, એ દશામાં, ગદાધરદાસનો પ્રભુ સંગ રમણ કે ભોગ્યભાવ પ્રકટ છે. મદનમોહનજી એમના આત્માના આત્મા છે, એવા તાદાત્મ્ય ભાવની એમનામાં રતિ છે. ગદાધરદાસજી, પોતાના લીલાત્મક પ્રભુમાં પોતાનું તાદાત્મ્ય જ્યારે, પોતાની રતિ, કૃતિ અને મતિમાં અનુભૂત કરે છે ત્યારે ઠાકુરજી એમને ભોક્તૃભાવની છૂટ આપે છે. આ એમની વ્યસનોત્તર કૃતાર્થતાની અવસ્થા છે. આ અવસ્થામાં આસક્તિ ભ્રમ ન્યાયથી, ભક્તની સર્વેન્દ્રિયનો ભગવદ્‌વિનિયોગ થાય છે. રાસના અધિકારીની

આ અવસ્થા છે. सेवायां वा कथायां वा ની આવી પરાકાષ્ઠાપન્ન ફલશ્રુતિ છે. સેવામાં થતી સંયોગાનુભૂતિ અને અનોસરમાં કથામાં થતી વિયોગાનુભૂતિનું સતત ચક્ર ગતિમાન થવાથી, પુષ્ટિભક્ત, આવી અવધિ ભક્તિનો અધિકારી બને છે કારણકે સેવા ભક્તને સેવક બનાવે છે અને કથા ભાવુક.

વ્યાવૃત્ત ભક્ત, સ્વરૂપભજનને બદલે કેવલ પ્રભુનું નામભજન જ કરે છે અને ઉત્તરોત્તર એ વ્યસનાવસ્થા પ્રાપ્ત કરી શકે છે. આચાર્યજીની દૃષ્ટિથી સ્વરૂપભજન અને નામભજન, એમ ઉભય ભજન કરનારા ભક્તો, ભક્તિના ઉત્તમ અધિકારી છે. એટલે ગદાધરદાસજી માટે વાર્તા કહે છે; "मुख्य अधिकारी भये ." એમના આવા અધિકારની સરાહના કરતાં ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે; "तातें श्रीठाकुरजी और वैष्णव इनके वस हते ।" ગદાધરદાસજીને આવી ઉત્તમ ભક્તિ કેવી રીતે સિદ્ધ થઈ હશે તે હરિરાયજી નવમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "श्रीकृष्णके स्वरूपमें ऐसो भाव जीवके साधनतें न होय, श्रीकृष्णही प्रमेयबलतें भावको दान करे तब ही भाव होय, तातें पुष्टिमार्गकी रीतिसों तन, मन, धनसों प्रीतिसहित सेवा करे, अपने श्रीआचार्यजी महाप्रभुजी के चरणकमल को आश्रय करे, तो श्रीआचार्यजी प्रमेयबलतें भावदान करे, तातें मार्गकी रीतिसों सेवा और श्रीवल्लभाचार्यजीके चरणकमलको आश्रय यह निश्चय मन लगायकें कर्त्तव्य है, यह सिद्धांत सर्वोपरि है ।"

ગ્રંથમાં મહાપ્રભુજી पूजया श्रवणादिभिः ની આજ્ઞા કરે છે એમાં "આદિ" પદથી ગદાધરદાસજીનો વૈષ્ણવ પ્રત્યેનો સ્નેહ એમનો દાસાનુદાસ ભાવ ઈત્યાદિ પણ આવી જાય છે.



ગદાધરદાસજીને, મહાપ્રભુજીના સંબંધના કારણે, પ્રત્યેક વૈષ્ણવ માટે આંતરિક સ્વાભાવિક ભાવ છે. તેથી જ જ્યારે માધવદાસજીને ભાજી લાવવા ગદાધરદાસજી કહે છે, તે વખતના એમના વૈષ્ણવ પ્રત્યેના સ્નેહનાં દર્શન ભાવપ્રકાશ કરાવે છે; "सो गदाधरदास के हृदय में दोष दृष्टि नाहीं है । श्रीआचार्यजी को संबंध जानत हैं । तातें कहे ले आवो ।" માધવદાસજી, ભાજીની રંચક સેવા કરે છે તો, ગદાધરદાસજી એમની બડાઈ કરે છે. આવા ભગવદીય માટે હરિરાયજી પ્રથમ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે; "वैष्णव थोरो भगवद्धर्म करत होय तो हू वाकी बडाई करे, धन्यवाद दे ।"

ગદાધરદાસમાં મહાપ્રભુજીના "सत्यप्रतिज्ञः" નામનાં અદ્ભુત દર્શન થાય છે. ગદાધરદાસજી એ કોટિના ભગવદીય છે કે એ જે વાણી કહે છે તે સિદ્ધ થઈ જાય છે. માધવદાસજીને ગદાધરદાસજી આશીર્વાદ આપે છે કે "तोकों हरि-भक्ति दृढ होऊ ।" માધવદાસજીની વાર્તામાં, શ્રીમહાપ્રભુજી સ્વયં ગદાધરદાસજીના આશિર્વાદનું મૂલ્ય વૈષ્ણવોને સમજાવતાં આજ્ઞા કરે છે કે; "और गदाधरदासने याकों आशीर्वाद दियो हे, जो हरिभक्ति दृढ होइगी सोई यह माधवदास है ।" ગદાધરદાસજી જેવા, પ્રભુના મહાન કૃપાપાત્ર રસિક ભગવદીયના વચન, જલભેદ ગ્રંથ કથિત અમૃતસાગરના વક્તા જેવા સર્વોત્કૃષ્ટ છે. આ રહસ્યને સમજાવતાં વલ્લભદાસજી એમના ગદ્યસાહિત્યમાં લખે છે; "जा समये रसिक भगवदीन के श्रीमुखते भाव को प्राकट्य होय है, ता समये लीलामें प्याई बैठत है । और जा जीव को नाम, भाव में रसिकनि के मुख सों निकसे ताको नाम लीलामें अंकित होय । और

वा जीव के सब पाप छूटि जायँ और शुद्ध होय कें वाके उलटे काम हू सूधे व्हे जाय हैं । दोष सब गुणरूप हौंय ।" આમ ગદાધરદાસજીની કૃપાથી માધવદાસજીનું નામ પણ લીલામાં અંકિત થઈ ગયું છે અને એમની મહત્તાનું વર્ણન માધવદાસની વાર્તામાં છે. તેમજ, પુષ્ટિમાર્ગમાં, હજી આચાર્યજી પાસે શરણમંત્ર પામ્યા નથી એવા વણઝારાએ આપેલા રૂ. ૧૦૦ ની સામગ્રી લઈ, ગદાધરદાસજીએ ઠાકુરજીને અરોગાવી, વૈષ્ણવોને પ્રસાદ લેવડાવ્યો, એમાં તો, વણઝારાની બુદ્ધિ ફરી જાય છે. એને જ્ઞાન થઈ જાય છે કે ગદાધરદાસજી ભગવદ્ભક્ત છે. વણઝારો આ ભગવદીયને વિનવે છે કે; "अब तिहारी सरन आयो हूँ ।" ગદાધરદાસ વણઝારાને મહાપ્રભુજી પાસે મોકલે છે; "तब वनजारा अडेल आइ श्रीआचार्यजी पास नाम पाइ कृतार्थ भयो ।" મહાપ્રભુજી ગુસાંઈજીએ એમના સેવકોને, જીવને ઓળખવાનું સામર્થ્ય આપ્યું છે. વણઝારો દૈવી જીવ છે એ જાણીને તો ગદાધરદાસજી એની સત્તાના રૂ. ૧૦૦ સ્વીકારે છે અને વણઝારાને ગદાધરદાસજી વિશ્વાસથી કહે છે; "तब गदाधरदासने कही, काल्हि मध्याह्न समे तो न देखोगे ।" અર્થાત્ "કાલના મધ્યાહ્ન સમયથી તુ તને સંસારસમુદ્રમાં ડૂબેલો નહિ જુએ." બીજા દિવસના જ મધ્યાહ્ને ગદાધરદાસજીની વાણીની સિદ્ધિ દર્શાવતા વણજારો સ્વયં કહે છે; "मेरे बडे भाग्य हैं, जो-या मिष मो सरिखे पापी की सत्ता अंगीकार किये ।" એટલે વણઝારાનો ભાવ રૂ. ૧૦૦ ગદાધરદાસજીને જ આપવાનો હતો. મદનમોહનજીને પોતાની સત્તાનું દ્રવ્ય અંગીકાર કરાવવાનો નહિ. તેથી ગદાધરદાસજીએ વણઝારાનું દેવાર્થ પ્રદત્ત દ્રવ્ય નહોતું સ્વીકાર્યું. પરાણે તેમને આપી ગયો તેનામાં પોતાની સત્તા વણઝારાએ સ્થાપી. તેથી



વૈષ્ણવોને અણપ્રસાદી ન લેવડાવવાના પ્રયોજનથી પોતાના ઠાકોરજીને તે દ્રવ્યની સામગ્રી ભોગ ધરી. ગદાધરદાસજી જેવા ભગવદીયની ઈચ્છાનુસાર ઠાકુરજી કરે એ निजानाम् इच्छातः करिष्यति નું રહસ્ય છે. આ વાતને અદ્ભુત રીતે સમજાવતાં હરિરાયજી બીજા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે; "अपने स्वकीय व्रजभक्तन के हृदयमें जैसो मनोरथ होय ताही कार्यमें श्रीठाकुरजी तत्पर हैं और बार जानत नांही, अपने निजभक्तन के हृदयके अभिप्राय विना कछु ज्ञानहु मनमें राखत नांही ।____ पुष्टिमार्गमें प्रभु भक्ताधीन है अन्य ज्ञानकरि रहित हैं ।"

આવા ભગવદીય ગદાધરદાસજી માટે વાર્તા કહે છે, "मुख्य अधिकारी भये ।" આ ભગવદીયને સ્વામિનીજી સહિત ઠાકુરજીની ઉત્તમ ભક્તિનો સિદ્ધ અધિકાર છે, એ એમના કીર્તનમાં સ્પષ્ટ દર્શાય છે.

"રસભરે મધ્ય મંડલ બિરાજત ખરે
નંદનંદન વૃષભાનજુકી લલી ।
દેખ અનિમેષ લોચન ગદાધર
યુગલ લેખ જીય અપને ભાગ્ય, મહિમા ફલી ॥"

"અનિમેષ લોચન" કહેતાં એ સિદ્ધ થાય છે કે ગદાધરદાસજીને પલકાંતર વિરહ પણ અસહ્ય લાગે છે.

ગદાધરદાસજીની વાર્તા એ अव्यावृत्त ભક્તિનો એક અદ્ભુત લીલોપદેશ છે. એમની વાર્તામાં, પ્રેમલક્ષણા ભક્તિના ચારેય પ્રકારનાં દર્શન થાય છે; જેવા કે પ્રેમ, આસક્તિ, વ્યસન અને તન્મયતા. આ ચારેયની અવસ્થા સમજાવતાં

દયારામભાઈ ગાય છે;

"પ્રેમલક્ષણા વળી દૃગરુચિ, સ્મૃતિ, અભિલાષ, ઉદ્વેગ ચાર,
વ્યાધિ, પ્રલાપ ઉન્માદ, ત્રણે આસક્તિના પ્રકાર.
પ્રકાર વ્યસન તણા બે કહિયે, જડતાને વળી મૂર્છના લહિયે,
તન્મયતાનું લક્ષણ એક, મૃત્યુ સાદૃશ્ય પણ મરણ ન છેક."

દયારામભાઈના આ અખિલ પદમાં ગદાધરદાસજીનાં ચરિત્રનાં વિલક્ષણ દર્શન છે. જેમ કે, ગદાધરદાસની "દૃગરુચિ"ની પ્રતીતિ એમનાં જ પદમાં થઈ જાય છે;

"વિપ્ર ગદાધર પ્રભુ મુખ નિરખત,
સુખ પાયો દિન દયાલ સો."

પ્રેમલક્ષણા કથિત સ્મૃતિ, અભિલાષ અને ઉદ્વેગની ઝાંખી પણ ગદાધરદાસજીની વાર્તામાં કરી લઈએ. મદનમોહનજીના સુખ વિચારમાં એમની "અભિલાષા" જેમ જેમ વધતી જ જાય છે. તેમ તેમ એમના ભાવાત્મક મનોરથોનું માનસી સ્મરણ પણ એમનામાં પ્રવૃદ્ધ થાય છે અને સ્મરણ વધતાં, પુનઃ એમની ભગવત્સુખ "અભિલાષા"માં વિશેષ અભિવૃદ્ધિ થતી જાય છે. ભગવત્સેવા વગર એમને "ઉદ્વેગ" છે. એટલે વાર્તા કહે છે કે; "चेतस्तत्प्रवणं सेवा" या भाव में मगन रहे ।" ઉપર જોઈ ગયા તેમ હરિરાયજી ભાવપ્રકાશમાં ત્રણ વખત આજ્ઞા કરે છે કે મદનમોહનજીને કેવલ જલની લોટી ધરી ત્યારે ગદાધરદાસજીને "छातीमें विरह रूप आगि लागी ।" ત્રણ વખત કહીને ગદાધરદાસજીના આ પ્રસંગમાં, "વ્યાધિ, પ્રલાપ અને ઉન્માદ" એવી આસક્તિની ત્રણેય અવસ્થાના ત્રણેય લક્ષણોનાં પ્રકટ દર્શન થઈ જાય છે. ઠાકુરજી આજે ભૂખ્યા છે એવી ગદાધરદાસજીના



મનમાં "વ્યાધિ" થઈ જાય છે ત્યારે "પ્રલાપ"ની અવસ્થામાં એ પ્રભુને જલની લોટી ધરતી વખતે માનસીમાં સર્વસામગ્રી અરોગાવી અને તત્પશ્ચાત્ "ઉન્માદ"ની દશામાં ગદાધરદાસજી બજારની જલેબી મદનમોહનજીને અરોગાવે છે. આવા "ઉન્માદ"ના કારણે તો ગદાધરદાસના "આસક્તિ" ની અવસ્થાનાં બંધન તૂટી ગયા છે અને એ "વ્યસન" દશામાં પ્રવેશી જાય છે. એ વખતે "आजु मेरे ठाकुर भूखे रहे" એમ અંતઃકરણમાં નિતાન્ત દુઃખ પામતાં આ ભગવદીય "જડ"વત્ થઈ જાય છે. વ્યસનાવસ્થામાં "મૂર્છા"ને ગદાધરદાસજી સ્વયં અંકુશમાં રાખે છે, કારણકે એ જો મૂર્છિત થઈ જાય તો પોતાના ઠાકુરજીને તનુજાસેવામાં જલની લોટી કેમ ધરી શકાશે અને માનસીમાં બધું મદનમોહનજીને કેવી રીતે અરોગાવી શકાશે ! આ પ્રસંગમાં, ભગવત્સુખ માટે "મૂર્છા"ની અવસ્થાને અંકુશમાં રાખનાર ગદાધરદાસજીમાં અલૌકિક સામર્થ્યનાં દર્શન થાય છે. જલની લોટી ધરતી વખતે, સંયોગમાં ઠાકુરજી માટે, "छातीमें आगी लागी" એ એમના પ્રત્યક્ષવિરહની દશા છે. ગદાધરદાસજી સર્વાત્મના પ્રભુને સમર્પિત છે અને એમનું દેહેન્દ્રિયાદિ એમ સર્વ ભગવદુપયોગિત્વમાં છે. આ એમની "તન્મયતા" કે સર્વાત્મભાવની સિદ્ધિ છે. તેથી જ જયારે કોઈ દ્રવ્ય નથી હોતું ત્યારે "मानसी में सब आरोगाये ." પરંતુ એમની "सगरी इन्द्रिय की सेवा नाहीं" એનો પ્રચંડ વિપ્રયોગ આવા સર્વાત્મભાવીને જ થઈ શકે છે. આવી પરમોત્કૃષ્ટ અવસ્થા ક્યારે સિદ્ધ થાય એ વલ્લભદાસજી એમના ગદ્ય સાહિત્યમાં સમજાવે છે. "ऐसे ही सर्व अंग प्रभु निमित्त लगे रहे तब श्रीमहाप्रभुजी कृपा करे ." મહદ્ એવા આચાર્યચરણની

મહદ્કૃપાથી ગદાધરદાસની ભક્તિમાર્ગીય તન્મયતા એક પક્ષીય નથી. એમના ઠાકુરજી પણ ગદાધરદાસમાં તન્મય થઈ ગયાં છે. પ્રભુની આ भक्तवश्य અવસ્થા છે. આવા અંતરંગ ભક્ત માટે ઠાકુરજી પણ "ક્ષણ વિયોગ ન સહી શકે." એટલે જ દયારામભાઈ, તન્મયતાને સમજાવતાં કહે છે કે; "તન્મયતાનું લક્ષણ એક, મૃત્યુ સાદૃશ્ય પણ મરણ ન છેક." આવા પરમભગવદીય ગદાધરદાસજીની અવસ્થા વ્રજભક્ત સમકક્ષ છે. પરંતુ ગદાધરદાસજીએ જ્યારે જલની લોટી ઠાકુરજીને ધરી અને ભગવત્સુખના આવેશમાં, બજારમાંથી લાવીને પ્રભુને જલેબી ધરાવી ત્યારે ગદાધરદાસનો, વ્રજભક્ત સમકક્ષ, પરંતુ પોતાના સ્વતંત્ર ભાવનો shade (ઝાંઈ) પ્રકટ થઈ જાય છે. આને ગોપાલદાસજી કહે છે; "પુષ્ટિમાર્ગીય જીવ સ્વતંત્ર કેવલ ભક્ત ન થાય." આવી સ્વતંત્રભક્તિ કોને સિદ્ધ થાય ? સર્વરૂપ, સર્વનામ અને સર્વકર્મ ભગવાનને, જે ભગવદીય, શરણ, સમર્પણ અને સર્વાત્મભાવથી યથાર્થ પ્રતિસાદ આપી શકે, એવા વિરલ ભક્તને સ્વતંત્રભક્તિ સિદ્ધ થાય છે.

મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "गुप्तो हि रसः ." તેમ ગદાધરદાસજીના હૃદયમાં ગૂઢ ભાવ છે. વાર્તા કહે છે; "या प्रकार को गूढभाव जिनके हृदय को है ।" તેથી વાર્તામાં ગદાધરદાસજીને વશ એવા મદનમોહનજી, કેવા કેવા અનુભાવો આ અંતરંગ પાસે પ્રકટ કરે છે એને ગોકુલનાથજી અને હરિરાયજીએ પણ ગુપ્ત રાખ્યા છે. કેવલ એટલું જ કહે છે કે; "सो गदाधरदास कों श्रीमदनमोहनजी सानुभावता जतावते ।" અને "तातें श्रीठाकुरजी और वैष्णव इनके बस हते । ऐसे गदाधरदास उत्तम भगवदीय है ।" ગ્રંથ કહે છે; "[illegible]



गूढतत्त्वं निरूपितम् ।"

ભગવદ્‌ગુણાનુવાદ કરતી વખતે ગદાધરદાસજીને, અષ્ટસખાની જેમ સાક્ષાત્ ભગવલ્લીલાનુભૂતિ છે. "દાસ ગદાધર ગાય, નિરખત નયન થકે." ગદાધરદાસજી "નયન થકે" શા માટે કહે છે ? એમને પ્રભુ માટે પ્રત્યક્ષ વિરહ પ્રકટ થઈ ગયો છે. કારણકે પ્રભુનાં અનિમિષ નયનથી દર્શન કરતી વખતે પણ ગદાધરદાસના હૃદયમાં એવો તાપ વિદ્યમાન છે કે "यह रत्न हाथ तें कहूं निकस न जाय" અર્થાત્ દરસન કરતાં આંખ થાકી જાય અને ક્યાંક દર્શન, અદર્શન ન થઈ જાય એવો વિરહ છે. આ અવસ્થા કેવી છે ? "देखें ही दुःख बिनदेखें ही दुःख पीर होत दुहुधाकी ." આવી પ્રેમલક્ષણા ભક્તિ જેમને સિદ્ધ છે એવા અંતરંગ ભક્તોની અવસ્થા એવી છેકે, પ્રભુનાં દર્શન કરતી વખતે એમનાં કાન વચનામૃત સાંભળવા તપે છે, કે નેત્ર એક જ વખતમાં ઠાકુરનાં સર્વાંગનું પાન કરવા ઝંખે છે. સંયોગમાં જેને આવો વિપ્રયોગ થાય છે, એવા મહાન કૃપાપાત્ર ભગવદીય, એક નહિ પણ લાખ લાખ લોચનથી પ્રભુના શ્રીઅંગનાં લાવણ્યામૃતનું પાન કરવા તડપી રહ્યા હોય છે. ગદાધરદાસજી સ્વયં ગાય છે;

"મોહોત કહા અબ કહત ગદાધર
લોચન લાખ લહૌ."

ગદાધરદાસજીની જ આવી અદ્‌ભુત પુષ્ટિભક્તિનું વર્ણન કરતાં ન હોય તેમ હરિરાયજી એકત્રીસમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે; "आर्ति करि भगवत्सेवा करे, वाणीतें गुणगान

करे, संयोगमें संयोग के पद, अनोसरमें विप्रयोग के पद गान करे, श्रवणते श्रीसुबोधिनीजी आदि कथा सुने, मनकरिकें श्रीकृष्णकी लीलाको स्मरण करे, या भांति पुष्टिमार्गमें वैष्णव स्थित रहे ताकों यह पुष्टिमार्गको फल निश्चय होय ।"

આવા ગદાધરદાસજીના પુષ્ટિભક્તિના પહેલુઓ નિતાન્ત હોવાથી, વાર્તાના અંતમાં ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે કે "गदाधरदास ऐसे भगवदीय है । इनके हृदयको अगाध भाव है सो कैसे कह्यो जाय ।" ગોકુલનાથજી પણ આજ્ઞા કરે છે કે; "तातें इनकी वार्ता को पार नाहीं सो कहां तांई कहिये ।"

...............

"ભક્તિવર્ધિની" ગ્રંથ અનુસાર શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણની અવલોકનીય વાણી :-

१) जैसें कामी पुरुष हैं तिनकी बुद्धि दूतीके विषे रहत है तैसें भगवदीयमें बुद्धि राखे । लौकिक काम क्रोध मद मत्सर विषयवासनाकी गंध जामें न होय और लोभ न होय, द्रव्यमें जाकों रंचकहू लोभ न होय सो भगवदीय जानिये ।

२) ઠાકુરજી કેવા પુષ્ટિજીવના હૃદયમાં બિરાજે, તે હરિરાયજી શિક્ષાપત્રમાં સમજાવે છે; तातें दीन होय ताके हृदयमें भगवान् विराजे, और शुद्धहृदय होय, मनमें कपट छल न होय, शुद्धभावतें प्रभुको भजन स्मरण करे, ताके हृदयमें भगवान् विराजे, काहू देहसंबंधीमें मन न



लगावे, एक प्रभुमें मन लगावे, कछु प्रपंचमें आसक्ति न करे, ताके हृदयमें प्रभु बिराजे, श्रीकृष्णकी लीला आनंदरूप बाललीला, दानलीला, रासलीला, इत्यादि अनेक लीला हैं, तिनके चिंतनमें तत्पर रहे । लीलामें जिनकों चित्त तत्पर रहे तिनके हृदयमें प्रभु बिराजत हैं, अपने पुष्टिमार्गके आचार्य श्रीवल्लभाचार्यजीके चरणको आश्रय अहर्निश चित्तमें रहे, श्रीआचार्यजीके चरणकमलकी रज अपनो सर्वस्व धन जिननें जान्यो है, तिनको श्रीकृष्णाधरामृतास्वादसिद्धि है, तिनकें हृदयमें श्रीकृष्ण बिराजे, प्रभु विना काहू मनकी आसक्ति नांही है, ऐसे अनन्य वैष्णवके हृदयमें प्रभु बिराजत हैं ।

३) अपने व्रजभक्तनके चरणारविंदके रजकी प्राप्तिमें इच्छायुक्त, गुणगान में तत्पर (श्रीकृष्ण) यह नामको अर्थ (फलात्मक) है ताके यथार्थ भावयुक्त ऐसे हृदयमें प्रभु क्षणमें पधारे ।

४) एक श्रीकृष्णहीमें अनन्य भाव होय, श्रीकृष्णहीकी सेवा करे, श्रीकृष्णको स्मरण, श्रीकृष्णहीकी कथाको श्रवण, श्रीकृष्णको ही गुणगान, मन वचन कर्म करि पुष्टिमार्गके धर्ममें अनन्य होय ताके हृदयमें श्रीकृष्ण बिराजे ।

५) संसारादिकमें साक्षीवत् रहे, भगवद्धर्ममें रति होय, ताके हृदयमें प्रभु बिराजें । सर्व प्रभुको समर्पण करि देय, जो वैष्णव पहिले ही सर्वकार्यमें भगवानकों सर्व वस्तु समर्पि विरक्त होय रहे, ताके हृदयमें प्रभु बिराजें और भगवानके गुणकों संग करें, इनके गुणको गान करे, इनको स्मरण करे, तिनके हृदय में प्रभु बिराजें ।

६) कामके अभावके अर्थ चित्तमें निश्चय वैराग्यको चिंतन करनो और संतोष तो लोभके अभावके अर्थ राखनो, काहेतें जो भक्तिमें यह दोय ही बाधक हैं ।

७) सो दैन्य को उपाय कहत हैं, श्रीकृष्णकी तनुजा वित्तजा सेवा प्रीति करिकें करनी, और श्रीकृष्णकी कथा (श्रीसुबोधिनीजी आदि ग्रंथ) सुन्यो करे यह सेवाकथाको नियम नित्य प्रति राखे तो हृदयमें दैन्य रहे । जैसें मंत्रको मूल बीज है, मंत्रशास्त्रमें कहे हैं जो बीजसहित मंत्रतें अखिलसिद्धि होय, तैसेंही सेवामें दैन्यभाव है, सो पुष्टिमार्गको साधन है, दैन्यभाव सहित सेवा करे तो पुष्टिमार्गको अखिल फल सिद्ध होय ।

८) तातें यह पुष्टिमार्गमें श्रीआचार्यजी द्वारा शरण होय, निःसाधन होय, दैन्यकरि रहे, ऐसे भक्तनकी उपेक्षा कबहू श्रीकृष्ण नांही करत हैं ।

९) सब ठौरतें अपनो मन खेंचि सेवामें अथवा कथामें लगावे, ऐसे भक्तकी सर्व ओरतें प्रभु निश्चय रक्षा करें । प्रभुके धर्ममें मन लगाय तत्पर होय तो प्रभु निर्विघ्नतासों सर्व सिद्ध करे, अन्यथा न करें । और अन्यथा निर्विघ्नतासों कार्य सिद्ध न होयं, तातें यह लोक तथा परलोकमें एक प्रभुही साथी हैं यह ज्ञान राखे ।

१०) मनकी आसक्ति ही बाधक है, आसक्ति विना कितना हू लौकिक बढे सो सर्वथा बाधक न होय ।

११) "व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ यतेत्सदा ।" त्याग



होय न सके तो सगरो घर श्रीकृष्ण की सेवामें विनियोग करे । ऐसी व्यावृत्ति करे जामें निरंतर हरिमें चित्त रहे । या प्रकार रहे तो बाधक न होय ।

******

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા - ૨૪૫ : રસખાનજી

આચાર્યચરણના, ભક્તિવર્ધિની પહેલાના ગ્રંથો, સેવા સંબંધી છે. **सेवायां वा कथायां वा** કહીને શ્રીમહાપ્રભુજી ભક્તિવર્ધિની ગ્રંથના કથા પક્ષને પેશ કરે છે. તેથી જ, ભક્તિવર્ધિની પછીના જ ગ્રંથ જલભેદમાં, શ્રીવલ્લભપ્રભુ, પુષ્ટિજીવને સાવચેત કરે છે કે ભગવત્કથા કોની પાસે સાંભળવી અને કોના મુખથી ન સાંભળવી. જલભેદમાં શ્રીઆચાર્યજી ૨૦ પ્રકારના જલના ભેદો અર્થાત્ વક્તાના ભેદો સમજાવે છે. વાસ્તવમાં તો ભગવત્કથા અતિ પવિત્ર છે, પરંતુ જે વક્તા દ્વારા એ પ્રકટ થાય છે, એ વક્તાના ગુણદોષો સહિત, કથા શ્રોતાના કર્ણમાં પ્રવેશ કરે છે અને આવી રીતે, વક્તાના દોષો પણ અનાયાસ શ્રોતામાં ઘર કરી જાય છે. સર્વદુઃખહર્તા ભગવત્કથાને કહેવાવાળો જો દુષ્ટ હોય, તો શ્રોતા માટે એ કથા દુઃખકર્તા થઈ જાય છે. શ્રીભાગવતજી પર વ્યાવૃત્તિ કરનાર પુષ્ટિમાર્ગીય પણ હોય, એમની પાસેથી કથા સાંભળવાથી, શ્રોતામાં સંસાર વધતો જાય છે. આ સંદર્ભમાં ગ્રંથ કહે છે; **"श्रोत्रप्रविष्टास्ते चाऽपि संसारोत्पत्तिहेतवः"** પદ્મનાભદાસજીની વાર્તામાં આ સંબંધી આચાર્યજીની સ્પષ્ટ આજ્ઞા છે કે પ્રાણ કંઠમાં આવી જાય તો પણ ભાગવતજી પર વ્યાવૃત્તિ ન કરવી. શ્રીવલ્લભપ્રભુ, કોટિનમે વિરલા પદ્મનાભદાસજીને આવી આજ્ઞા કરતા હોય ત્યારે બીજાની શી વિસાત છે !! ભક્તિહંસમાં શ્રીગુસાંઈજી, આવા કથાકાર માટે બહુ જ કડક વાણીનો પ્રયોગ કરે છે. શ્રીભાગવતજીમાં પણ આવે છે કે ભક્તિને અતિ દુર્બલ થયેલી



જોઈને નારદજી એનું કારણ સમજાવતાં "ભક્તિ"ને કહે છે કે અન્નધનાદિના લોભવશ થઈને ઘરઘરમાં બ્રાહ્મણોએ ભાગવતની કથા સંભળાવી, તેથી ભાગવતકથાનો સાર ચાલી જાય છે. અર્થાત્ આવી ભાગવતકથા ભાવોદ્દીપન કરતી નથી.

> **"विप्रैर्भागवती वार्ता गेहे गेहे जने जने ।**
> **कारिता कणलोभेन कथासारस्ततो गतः ॥"**

૨૦ મા શિક્ષાપત્રમાં હરિરાયજી આજ્ઞા કરે છે કે; **"दोष के निधिरूप कलियुगको एक बडो गुण है जो श्रीकृष्णके कीर्तन सो ही मुक्त हो गये है ।"** એટલે જ તો પરીક્ષિત રાજાએ કલિયુગનું દમન કર્યા પછી એને છોડી દીધો કારણકે જે ફલ, તપ, યોગ, સમાધિથી નથી મળતું તે ફલ હરિની કથાથી કલિયુગમાં સુલભ થાય છે. ભાગવતજી કહે છે; **"यत्फलं नास्ति तपसा न योगेन समाधिना । तत्फलं लभते सम्यक्कलौ केशवकीर्तनात् ॥"** આમ શ્રીકૃષ્ણકથા, જીવનો દોષ હરનારી છે, મોક્ષદાતા છે, વિરહમાં ભક્તના પ્રાણ ટકાવનારી છે, ભક્તિભાવ વધારનારી છે, પરમાનંદદાયિની છે.

મહાપ્રભુજીના વચનામૃતની મશાલથી જ પુષ્ટિજીવને, શ્રીવલ્લભ, શ્રીકૃષ્ણ અને કૃષ્ણલીલાનાં દર્શન થઈ શકે છે. તેથી જ આચાર્યચરણની વાણીનું સંપૂર્ણ રીતે પાલન કરનાર ભક્તો પાસેથી, ભગવાનના સ્વરૂપ, ગુણ અને લીલાનું શ્રવણ કરવાથી, સાંભળનાર ભાવુક બની જાય છે. જલભેદ ગ્રંથના લીલોપદેશરૂપ રસખાનની વાર્તામાં આનું અદ્‌ભુત પ્રમાણ વાર્તાના પ્રારંભમાં જ મળી જાય છે. મહાપ્રભુજીના સેવકોના

સંગની થોડી શી ક્ષણોએ તો રસખાન સૈયદ પઠાણને, પુષ્ટિમાર્ગમાં, ભગવત્રસની ખાણ એવા "રસખાન"રૂપે અમર કરી દીધો છે. વાર્તામાં વૈષ્ણવ, રસખાન પઠાણને આટલું જ કહે છે; "जो-तेरो मन वा छोरा में आसक्त है तैसो मन प्रभु में लगावे तो तेरो काम होंइ जाय ।" આ વૈષ્ણવો, જલભેદ ગ્રંથકથિત ભક્તો હોવાથી, એમના એક જ વાક્યે મ્લેચ્છ એવા પઠાણના મનમાં પ્રભુ સંબંધી પ્રશ્ન કરવાની તાલાવેલી જાગી જાય છે. વાર્તા કહે છે; "तब रसखानने कही, जो-प्रभु तू कौन सों कहत है ? मैं तो कछू जानत नाहीं ।"

કોઈ અહીંયાં પૂર્વપક્ષ કરે કે આ વૈષ્ણવ આવી કક્ષાના ભક્ત છે, તો રસખાન પઠાણ જયારે તલવાર ઉગામી એમને ધમકી આપે છે, ત્યારે આ વૈષ્ણવ શા માટે ડરી જાય છે ? વાર્તા કહે છે; "तब वह वैष्णव डरप्यो ।" લૌકિક બાલકમાં આસક્ત, મ્લેચ્છ પઠાણનું મન ભગવાનમાં ફેરવી શકનાર આ વૈષ્ણવને ડર એનો લાગ્યો છે કે જગન્નાથ જોશીના પ્રસંગમાં થયું તેમ, આ વૈષ્ણવનું, પઠાણની તલવારથી રક્ષણ કરવા માટે કયાંક એમના ઠાકુરજીને ત્યાં પ્રકટ થઈ શ્રમ લેવો ન પડે ! આ વૈષ્ણવ શ્રીનાથજીનાં ચિત્રજીનાં દર્શન કરાવે છે ત્યારે વાર્તા કહે છે તેમ; "तब चित्र देखत ही रसखान कौ मन फिरि गयो । और आंखिनि में जल कौ प्रवाह चल्यो । सो वा छोरा में स्नेह हतो सो मिटि गयो ।" રસખાનના મનમાં રહેલા એ છોકરાની પ્રતિમા, એમનાં અશ્રુ દ્વારા બહાર નીકળી ગઈ. આ પ્રસંગથી જલભેદ ગ્રંથનો સંદેશો એ મળે છે કે પુષ્ટિભક્તના સત્સંગથી, સંગીને, આનંદાત્મક પ્રભુના સ્વરૂપનો આનંદ માણવાની પિપાસા જાગે છે અને એ



સ્વરૂપાનંદ નથી મળતો ત્યારે, રસખાનની જેમ, નેત્રમાંથી અશ્રુઓ સરવા લાગે છે. આ પ્રસંગના ભાવપ્રકાશમાં હરિરાયજી બહુ જ સુંદર સમજાવે છે; "जो - आसक्ति भगवद्धर्म है, तातें लौकिक में होंई तोऊ अंत में जीव कों प्रभुन की ओर ले जात है, तातें आसक्ति साँची चाहिए । सो या रसखान की आसक्ति वा छोरा में सांची हती तो वाकौ मन प्रभुने फेर्‌यो । सो वा छोरा में तें स्नेह मिटि कै प्रभुन में भयो ।" જે ભક્ત, પ્રભુને ભક્તિથી રીઝવતા હોય છે એવા નિષ્કામ વૈષ્ણવનો સંગ કરવાથી પુષ્ટિજીવમાં ભાવોદ્દીપન થાય છે. જલભેદ ગ્રંથનો આવો વિલક્ષણ ગર્ભિત સંદેશો છે.

વૈષ્ણવે જયારથી પઠાણને દૈવિજીવ તરીકે ઓળખ્યા છે અને શ્રીજીનું ચિત્રજી રસખાનને આપે છે, એ ક્ષણે જ, રસખાનને હજી સુધી વાર્તામાં રસખાન કહેનાર શ્રીગોકુલેશપ્રભુ, કલમ બદલે છે અને રસખાનને પ્રથમ વખત "રસખાનિ" તરીકે પેશ કરે છે. વાર્તા કહે છે; "तब रसखानि चित्र लेत ही ब्रज कों उठि चल्यो ।" રસખાનિ, રસની ખાણ એવા વ્રજ તરફ અભિસરણ કરે છે. રસખાનને અહીં "રસખાનિ" એટલા માટે કહ્યા છે, કારણકે, આ પ્રસંગથી રસખાન, જલભેદ ગ્રંથના કેટલાય સોપાનો પાર કરીને ગ્રંથની હવે આ પંક્તિમાં પ્રવેશી ચૂક્યા છે; "अल्पश्रुताः प्रेमयुक्ता वेशन्ताः परिकीर्तिताः ।" જલભેદ કથિત નાના તળાવરૂપ બની ગયા છે. બધાને તલવારનો ભય આપનાર રસખાન, રસખાનિ બન્યા પછી, સિંધપોરના ગોરિયાઓ એમને જયારે મારીને બહાર કાઢે છે ત્યારે રસખાનમાં નવ અંકુરિત થયેલો "મહેબૂબ" માટેનો હળવોશો સ્ત્રીભાવ, એમને વિચાર કરવા પ્રેરિત કરે છે કે; "और यहां

मोको धक्का दिए । सो ऐसे जानिये, जो - जहां ऐसें महबूब रहत हैं । तहां ऐसी करडी चौकी रहत होगी ।"_ _ _ _ "सो ऐसे बैठे बैठे दिन दोइ होइ गए ।" મહેબૂબનાં સ્વરૂપનું આવું જ્ઞાન થતાં રસખાનજી, જલભેદ ગ્રંથકથિત, પર્વતમાંથી પડતી જલધારાની પંક્તિમાં પ્રવેશ કરે છે; "अलौकिकेन ज्ञानेन ये तु प्रोक्ता हरेर्गुणाः ।" આ તરફ રાજભોગની આર્તિ થઈ ચૂકી છે અને રસખાનની આર્તિ શ્રીનાથજીના કોમલ હૃદયને બેચેન કરી રહી છે. વાર્તા કહે છે; "श्रीनाथजी मन में बिचारे, जो रसखान कों तो कछु देहानुसंधान है नाहीं । तीनि दिन याकों भूखे होइ गए है । सो याको भूखे प्रान निकसि जाइंगे । सो यह दसा देखि कै श्रीनाथजी कों मन में दया आई । तब वाही समै श्रीगोवर्धननाथजी ने अपनो सिंगार हतो सो बडो करके जैसो सिंगार वा चित्र में हतो तैसेई वस्त्र आभूषन अपने श्रीहस्त सों धारन किये ।" આ પ્રસંગનું રહસ્ય એ છે કે જ્યારે દયાનિધિ શ્રીકૃષ્ણ કોઈ જીવ પર કૃપા કરવા વિચારે છે ત્યારે, પ્રભુ, આ જીવ સાથે સાધારણીકરણ કરીને, એ જીવને રુચે એવો સ્વાંગ ધરીને એને દર્શન આપે છે, જેથી આવા જીવને, પ્રભુમાં સ્વરૂપાસક્તિ સિદ્ધ કરવા માટે સમય ન લાગે. ગિરિરાજજીના શિખર પર ચઢીને ઠાકુરજી વેણુનાદ કરે છે. વેણુનાદ ब्रह्मबोधन હોવાથી, એ સાંભળીને તૂરત જ રસખાનજીને બોધન થઈ જાય છે કે, "तब यह बेणुनाद सुनत ही रसखान कों यह निश्चै भयो, जो - मूरति में महबूब देखे हैं सो महबूब ये हैं । सो ऐसो निरधार करिकै श्रीनाथजी कों पकरन कों दोर्‌यो ।" પ્રભુ ત્યાં અંતર્ધાન થઈ જાય છે કારણકે अंगीकृतौ समर्यादो ની દૃષ્ટિથી, ગુસાંઈજીએ હજી સુધી રસખાનને અંગીકાર કર્યા નથી. આ મર્યાદાનું રક્ષણ કરતા



શ્રીજી સ્વયં ગોકુલમાં શ્રીવિઠ્ઠલેશ પાસે પધારે છે અને પ્રભુચરણના ઉત્થાપન શ્રીનાથજી કરાવતા હોય તેમ; "श्रीनाथजीने श्रीगुसांईजी के केस पर श्रीहस्त फेरि कै जगाए ।" હજી તો રસખાનને નામ પણ આપ્યું નથી છતાં ય આ પ્રસંગમાં રસખાનને ભક્ત તરીકે સંકેતિત કરતા ગુસાંઈજી શ્રીનાથજીને કહે છે; "भक्ततापनिवारकाय नमः ." પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણની દૃષ્ટિથી, પુષ્ટિમાર્ગમાં, શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલનું કેટલું અચિંત્ય, અનિર્વચનીય માહાત્મ્ય છે, તેને શ્રીનાથજી સ્વયં શ્રીમુખથી શ્રીગુસાંઈજીને કહે છે; "सो मेरे तो यह प्रतिज्ञा है, जो - जा जीवकों तुम ब्रह्मसंबंध करावोगे तिनसों हों बोलूंगो (१) । तथा तिनही के अंगसों अपनो अंग स्पर्स करूंगो (२) । और तिनही के हाथ कौ आरोगुंगो (३) । सो ये तीन वस्तू तिहारे संबंध बिना काहूकों सिद्ध न होइगी ।" શ્રીજીના આવા નિતાન્ત પ્રેમાસ્પદ અંતરંગી વચનો સાંભળીને શ્રીગુસાંઈજી અતિ પ્રસન્ન થઈને વેગથી શ્રીનાથજી દ્વારે પધારે છે અને કૃપા કરીને રસખાનને નામમંત્ર સંભળાવે છે અને ઠાકુરજીનાં દર્શન કરાવે છે. વાર્તા કહે છે; "तब रसखानने श्रीनाथजी के दरसन किये सो बहोत प्रसन्न भयो । पाछें वह रसखान बाहिर जाइवे लाग्यो ।" કદાચ કોઈને અહીં પ્રશ્ન થાય કે, જે શ્રીજીનાં દર્શન માટે રસખાન ત્રણ ત્રણ દિવસ સુધી તડપ્યા છે, એ રસખાન પ્રભુનાં દર્શન કરીને બહુ જ પ્રસન્ન થાય છે અને પાછા વળે છે, એટલું જ ગોકુલનાથજીએ કેમ આલેખન કર્યું હશે ? ગુસાંઈજીની અંગીકૃતિ થતાં, "રસખાનિ"એ શ્રીનાથજીના થોડાં દર્શનમાં જ પ્રભુની અખિલ મધુરમૂર્તિને પોતાના હૃદયમાં ધારણ કરી લીધી છે. ભાગવતજી કહે છે; "काचिन्नेत्ररन्ध्रेण हृदिकृत्य निमील्य च ।" વાર્તા કહે છે; "पाछें वह रसखान बाहिर

जाइवे लाग्यो ।" આ પ્રસંગમાં એક એવી ઉત્પ્રેક્ષા પણ થઈ શકે કે, શ્રીનાથજી પર પ્રેમ ન્યોછાવર કરનાર રસખાનને પણ એ જોવું હશે કે ઠાકુરજીને રસખાન માટે કેવો સ્નેહ છે. એટલે પણ "पाछें वह रसखान बाहिर जाइवे लाग्यो ।" શ્રીજી પોતાનો પ્રેમાનુભાવ અભિવ્યક્ત કરવા બેચેન છે; "तब श्रीजी ने वाकी बाँह पकरि कै कह्यो, जो अरे सारे ! अब ! कहां जात है ? ઠાકુરજીએ રસખાનને "अरे सारे" શા માટે કહ્યું હશે ? એની ભક્તિ કૃષ્ણમાં ઉદ્દીપન કરવા માટે. કેવી રીતે ? મ્લેચ્છ યોનિમાં જન્મેલા રસખાનની જિહ્વા પર "સારે" શબ્દ તો એમની ગળથુથીમાં જ હોય એ સ્વાભાવિક છે. તેથી રસખાન સાથે પોતાની અનુરૂપતા પ્રકટ કરતાં ઠાકુરજીએ રસખાનને કહેલ પહેલા શબ્દો "अरे सारे" છે. આનું રહસ્ય એ છે કે પ્રભુને રસખાન પાસે ભક્તિ કરાવવી છે એટલે રસખાનના level (સ્તર) પર આવીને શ્રીનાથજી એમને " સારે" કહી, એની સાથે દોસ્તી સ્થાપિત કરે છે. ઠાકુરજી આવા કરુણાનિધાન છે. હોરિ આદિ પ્રસંગોમાં વ્રજભક્તોના મધુર ભાવરસને ઉદ્દીપન કરવા ઠાકુરજી મંજુલ "ગારિ"ની લીલા પ્રકટ કરે છે. તેથી જ સૂરદાસજી ગાય છે; "ગારિ ગાવૈ રસ ઉપજાવૈ." આ દૃષ્ટિથી પણ रसो वै सः શ્રીજી, રસખાનને ગોપીપંથ પર અભિસરણ કરાવવા માટે એમને "સારે રસખાન" કહે છે. એની ફલશ્રુતિરૂપ વાર્તા કહે છે; "सो इनकों गोपीभाव सिद्ध भयो ।"

"सो ता दिन तें श्रीजी गोचारन कों पधारते तब रसखान कों संग ले पधारते । सो जहां जा लीला के दरसन करते तहां ता लीला के कवित्त दोहा चौपाई सवैया करते ।" શ્રીનાથજી સાથે સાક્ષાત્ અને લીલાની માનસીમાં સક્રિય પાત્ર



(active role) ભજવનાર રસખાનિનાં પદો, ઠાકુરજી સાક્ષાત્ લીલામાં સાંભળે છે, તેથી જલભેદ ગ્રંથકથિત ઉત્તમ વક્તા આ ભગવદીય છે. ગ્રંથ કહે છે; "तेऽमृतोदाः समाख्यातास् तद्वाक्पानं सुदुर्लभम् ॥ तादृशानां क्वचिद् वाक्यं दूतानामिव वर्णितम् ।" રસખાનજીના કવિત્ત આદિ જોવાથી આપણને પણ ખ્યાલ આવશે કે આ ભગવદીય, શ્રીનાથજીનાં નામ, રૂપ અને ધર્મીને નિર્ગુણભાવથી અનુભવે છે. ઠાકુરજીની લીલાસામગ્રીને પણ એ નિર્ગુણભાવથી નિરખે છે. સર્વગુણસંપન્ન શ્રીકૃષ્ણની સર્વલીલાને ગુણાતીત રૂપે ગાનાર રસખાનિ માટે ગ્રંથ કહે છે; "वर्णयन्ति विचक्षणाः ."

જલભેદ ગ્રંથકથિત ઉત્તમ વક્તા એવા અમૃતસાગર કોટિમાં વિદ્યમાન "રસખાનિ" આચાર્યચરણના ષોડશગ્રંથગત ઉપદેશોને એમના કવિત્તમાં ત્રિવિધતયા સમજાવે છે. ઉપદેશાત્મક શૈલીથી, ભાવાત્મક લાડથી અને લીલાત્મક લાવણ્યથી. એનો ચમત્કૃતિ સભર આનંદ હવે આપણે પણ માણી લઈએ.

<u>શ્રીયમુનાષ્ટક :-</u> યમુનાષ્ટક ગ્રંથમાં અભિરમતા શ્રીમહારાણીજીના સ્વરૂપને રસખાને અતિ મૃદુલતાથી માણ્યો છે અને તેથી શ્રીયમુનાજીના તટ પર, તૂર્યપ્રિયાના સાન્નિધ્યમાં એ એક પક્ષી રૂપે બનવા તૈયાર છે; "शुकमयूरहंसादिभिः"ની જેમ લીલા પરિકર બનીને.

"जो खग हौं तौ बसेरो करौं,
मिलि कालिंदीकूल कदंब की डारन ॥"

<u>બાલબોધ :-</u> બાલબોધ ગ્રંથમાં આચાર્યચરણે , સ્વતઃ મોક્ષના સંદર્ભમાં કેવલ સાંખ્ય અને યોગનું શા માટે નિરૂપણ કર્યું છે

અને કર્મ, જ્ઞાન કે ઉપાસનાનું નિર્દેશન કેમ નથી કર્યું, એનું કારણ રસખાનજીની વાણીથી સ્પષ્ટ સમજાય છે. "ज्ञान कर्मऽरु उपासना, सब अहमिति को मूल ।" રસખાનજી કહે છે કે ત્રણેય અહંતાજનક છે અને તદ્‌વિપરીત, શ્રીમહાપ્રભુજી, બાલબોધમાં, સ્વતઃ મોક્ષ માટે અહંતા મમતાનો નાશ કરવાની આજ્ઞા આપે છે. "अहन्ताममतानाशे सर्वथा निरहंकृतौ ." સંન્યાસનિર્ણય ગ્રંથમાં આચાર્યચરણ સ્વયં આજ્ઞા કરે છે કે, જ્ઞાન અને કર્મ કલિદોષના પ્રભાવમાં પણ પ્રભાવિત થયેલાં છે. તેમજ જે વિષ્ણુ અને શિવથી પરતઃ મોક્ષ સિદ્ધ થાય છે, તે જ આ બન્ને દેવો, સ્વયં કૃષ્ણને પામવા મથી રહ્યા છે પણ પુષ્ટિપ્રભુ એમના માટે પણ દુર્ગમ્ય છે તો પુષ્ટિજીવને કૃષ્ણરસ સંપાદન કરવા માટે આ દેવો સહાયક કેવી રીતે બની શકશે ? ભક્ત ગાય છે;

"सेस, गनेस, महेस, दिनेस,
सुरेसहु जाहि निरंतर गावैं ।
नारद से सुक व्यास रटैं,
पचिहारे तऊ पुनि पार न पावैं ।"

<u>સિદ્ધાંતમુક્તાવલી :-</u> આ ગ્રંથમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે, "कृष्णसेवा सदा कार्या ." ભાવાત્મક રીતે કૃષ્ણસેવા કેવી રીતે કરવી તે રસખાનજી બહુ જ મુલાયમતાથી સમજાવે છે.

"प्रान वही जु रहैं रिझि वा पर,
रूप वही जिहि वाहि रिझायौ ।
सीस वही जिन वे परसे पद,
अंक वही जिन वा परसायौ ।"



સર્વેન્દ્રિયનો વિનિયોગ કરીને ભગવત્સેવા કરવાથી, પુષ્ટિભક્તના "પ્રાણ" પ્રભુ સાથે સંલગ્ન થઈ જાય છે. આને રસખાનજી કહે છે; "प्रान वही जु रहैं रिझि वा पर ." પંચાક્ષરમંત્ર કથિત "કૃષ્ણ, હું તારા માટે છું" એવા ભાવથી અહીં ભક્તના પ્રાણની પ્રભુ માટે ન્યોછાવરી થઈ ગઈ છે કારણકે પોતાના પ્રાણ કરતાં એમને પ્રભુને રિઝવવું અભિષ્ટ લાગે છે. તેમજ चेतस् तत्प्रवणं સેવાનું સ્વરૂપ લક્ષણ સિદ્ધ થઈ જતાં ભક્તમાં એક અનુપમ અલૌકિક સમર્પણાત્મક રૂપ આવિષ્કૃત થઈ જાય છે, જેને નિરખીને ઠાકુરજી રીઝી જાય છે. રસખાનજી કહે છે; "रूप वही जिहि वाहि रिझायौ ." આવા સમર્પણાત્મક રૂપના અધિકારીનાં દૃષ્ટાંતો છે; સેવાસક્ત રુકિમણી બેટીજી કે નારાયણદાસ બ્રહ્મચારી. આ કોટિના ભક્ત કેવલ પ્રભુને વંદન કરીને સંતુષ્ટ નથી થતાં, પણ એમનું શીશ, કૃષ્ણના ચરણકમલનું સ્પર્શન કરવા લાલાયિત થાય છે. રસખાનજી કહે છે; "सीस वही जिन वे परसे पद ." ભગવત્સેવા વેળા, વૈષ્ણવના ખોળાનો ત્યારે જ વિનિયોગ થયો કહેવાય છે, જ્યારે એમાં સેવક સેવ્યને પધરાવીને શૃંગારાદિ કરી લાડ "લડાવે" છે, "अंक वही जिन वा परसायौ ."

<u>પુષ્ટિપ્રવાહમર્યાદા :-</u> પ્રત્યેક જીવમાં પરમાત્મા બિરાજતા હોવાથી, દરેક જીવ, આનંદને જ શોધતો હોય છે. જે જીવની આત્મરતિ વિષયમાં લપટાઈ જાય છે તેને "વિષયાનંદ" મળે છે. વાસ્તવમાં એ આનંદ નથી હોતો, પણ આનંદનો આભાસ હોય છે. મર્યાદામાર્ગીય જીવની આત્મરતિ "બ્રહ્માનંદ"માં પર્યવસિત થાય છે. પુષ્ટિભક્તિના સંદર્ભમાં મહાપ્રભુજી આ

ગ્રંથમાં આજ્ઞા કરે છે કે; "भक्तिमार्गस्य कथनात् पुष्टिरस्तीति निश्चयः ." અર્થાત્ ભક્તિનું મુખ્ય સ્વરૂપ કૃષ્ણપ્રેમનું છે અને કેવલ પ્રેમભક્તિમાં સમ્યક્ આનંદ વિદ્યમાન છે. પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથનો આવો સાર સમજાવતાં રસખાનજી ગાય છે;

"आनंद अनुभव होत नहिं, बिना प्रेम जग जान ।
कै वह विषयानंद कै, ब्रह्मानंद बखान ॥"

<u>સિદ્ધાંતરહસ્ય :-</u> આચાર્યચરણે સમજાવેલ સમર્પણનો ભાવ, પુષ્ટિજીવમાં ભગવત્પ્રેમ જગાડનારો છે. સ્નેહનું બીજ આમ સમર્પણ હોવાથી, બીજ પણ પ્રેમરૂપ જ છે અને જે પ્રભુ માટે ભક્તનો સ્નેહ રમણ કરે છે તે કૃષ્ણ પણ પ્રેમસ્વરૂપ જ છે. આ સંદર્ભમાં રસખાનજી કહે છે;

"जातें उपजत प्रेम, सोइ, बीज कहावत प्रेम ।
जामें उपजत प्रेम, सोइ, क्षेत्र कहावत प्रेम ॥"

આમ સિદ્ધાંતરહસ્ય ગ્રંથનું હાર્દ રસખાનજીની વાણીથી સમજીએ તો ભક્તનું પ્રેમાત્મક સમર્પણ જ પ્રેમરૂપ હરિમાં વિલસી શકે છે.

<u>નવરત્ન :-</u> રસખાનજી ગાય છે;

"जग मैं सब जान्यो परै, अरु सब कहै कहाय ।
पर जगदीसऽरु प्रेम यह, दोऊ अकथ लखाय ॥"

જગદીશ અને એને મેળવવા માટે જીવમાં તૂંદિલિત થતો અલૌકિક ભગવત્પ્રેમ, એ બન્ને, જગતમાં "અકથ" છે. તેથી જ આ બન્ને તત્ત્વને જાણવા અને માણવા માટે, શ્રીઆચાર્યજી,



નવરત્ન ગ્રંથમાં આજ્ઞા કરે છે કે; "निवेदनं तु स्मर्तव्यं सर्वदा तादृशैर्जनैः ।"

<u>અંતઃકરણપ્રબોધ :-</u> પુષ્ટિજીવને "કૃતાર્થ" અને "સુખી" થવાનો માર્ગ દર્શાવતાં આચાર્યજી અંતઃકરણપ્રબોધ ગ્રંથમાં સમજાવે છે; "सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव ।" તો "કૃતાર્થ" થવું એટલે શું ? અને "સુખી" થવું એટલે શું ? અંતઃકરણ પ્રબોધની ઉપર્યુક્ત પંક્તિનો નિષ્કર્ષ રસખાનજીની પરિભાષામાં સમજીએ તો, પ્રભુને સમર્પિત થઈને, ગ્રંથમાં કહ્યું તેમ, પુષ્ટિજીવ "કૃતાર્થ" થાય છે અને કૃષ્ણ પદપદ્મપરાગનું અનુપાન કરીને, એમાં વિહાર કરીને, પુષ્ટિભક્ત "સુખી" થાય છે. રસખાનજી કહે છે;

"अरपी श्रीहरिचरनजुगपदुमपराग निहार ।
बिचरहिं यामें रसिकवर, मधुकरनिकर अपार ॥"

<u>વિવેકધૈર્યાશ્રય :-</u> આ ગ્રંથમાં આચાર્યચરણ આજ્ઞા કરે છે કે, પ્રભુ પાસે પુષ્ટિજીવે કાંઈ ન માંગવાનો વિવેક પાળવો જોઈએ, ત્રિદુઃખ સહન કરી ધૈર્ય ધરવું જોઈએ અને ઠાકુરજીમાં સાદર ભીતિ રાખીને આશ્રય કરવો જોઈએ. જે ભક્તજન વિવેકધૈર્યાશ્રય ગ્રંથને આવી રીતે જીવીને પોતાની ભક્તિને અચલ રાખી નિભાવી શકે છે એવા ભગવદીયના, કૃષ્ણ માટેના એકરસ પ્રેમની સરાહના કરતાં રસખાનજી કહે છે;

"डरै सदा, चाहै न कछु, सहै सबै जो होय ।
रहै एकरस चाहि कै प्रेम बखानौ सोय ॥"

<u>કૃષ્ણાશ્રય :-</u> રસખાનજી ગાય છે;

"वही बीज अंकुर वही सेक वही आधार ।
डाल पात फल फूल सब वही प्रेम सुखसार ॥"

કૃષ્ણાશ્રય ગ્રંથનો ભાવ સમજાવતાં રસખાનજી કહે છે કે કૃષ્ણનો આશ્રય એ એક એવું "બીજ" છે જે સ્વયં ભક્તિમાં અંકુરિત થઈ શકે છે. "ગતિ" શબ્દનો એક અર્થ initiative હોવાથી, આ બીજનું સિંચન કરનાર કૃષ્ણ જ સ્વયં છે અને કૃષ્ણાશ્રયની પ્રેરણા કરનાર પણ આપ જ છે. સર્વકાલમાં સર્વ રીતે આમ જે પુષ્ટિજીવ, કૃષ્ણને જ પોતાનો આધાર માને છે, એ પ્રેમી ભક્ત છે. આવા ભક્તનાં બંધનમાં કૃષ્ણ આવી જાય એ જ "પ્રેમ સુખસાર" છે. કૃષ્ણાશ્રય ગ્રંથના ભાવની આવી પ્રેમાત્મકતા છે.

<u>ચતુ:શ્લોકી :-</u> ગ્રંથમાં આચાર્યજી આજ્ઞા કરે છે કે પુષ્ટિજીવે શ્રીગોકુલાધીશને સર્વાત્મના હૃદયમાં ગ્રહણ કરવા. "यदि श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि ." એમ કરવાથી ભક્તને શું ઉપલબ્ધ થાય તેને સમજાવતાં રસખાનજી કહે છે કે, પ્રભુ, એવા ભક્તના હૃદયમાં "ઘર" કરી જાય છે અને એ સ્થાનમાંથી કૃષ્ણ એક પલ માટે પણ બહાર નીકળી શકતા નથી.

"रसखानि कर्‌यो घर मो हिय मैं,
निसिवासर एक पलौ निकसे ना ॥"

<u>ભક્તિવર્ધિની :-</u> રસખાનજી સમજાવે છે કે મહાપ્રભુએ પ્રકટ કરેલી પુષ્ટિભક્તિ "એકાંગી" છે. પ્રભુ અનુભાવ પ્રકટ કરે કે ન કરે, પરંતુ, પુષ્ટિજીવની ઠાકુરજી તરફની ભક્તિ અસ્ખલિત વહેતી જ રહેવી જોઈએ, કારણકે ભગવાન નિરન્તર, ભક્તની



ભક્તિની વાટ જોતાં હોય છે. પુષ્ટિભક્તિ "વિના કારણ" કે નિર્હેતુક છે અને સર્વ અવસ્થામાં એક રસ હોવી જોઈએ. પોતાના સેવ્યસ્વરૂપને જે સર્વસ્વ માને છે એવા ભક્તનો "પ્રેમ" જ, પ્રમાણ રૂપ બને છે. રસખાન ગાય છે;

"इक अंगी बिनु कारन हिं एक रस सदा समान ।
गनै प्रियही सर्वस्व जो, सोई प्रेम प्रमान ॥"

<u>જલભેદ :-</u> જલભેદ ગ્રંથકથિત વક્તા ભેદને સુંદર રીતે સમજાવતાં રસખાનજી કહે છે;

"गावै गुनी गनिका गंधरब, औ,
सारद सेस सबैं गुन गावत ।
नाम अनंत गनंत गनेस ज्यौं,
ब्रह्मा त्रिलोचन पार न पावत ॥"

જલભેદકથિત આ સર્વ વક્તાઓ સન્મુખ ઠાકુરજી અનુભાવ પ્રકટ કરતા નથી પરંતુ જલભેદકથિત ઉત્તમ વક્તા, એવા અમૃતસાગર ગોપીજનો, ઠાકુરજીને એટલું જ કહે છે કે "કનૈયા, તું નાચ તો તને છાસ આપશું." એટલું સાંભળતાં જ તો નાગર નટવર આનંદનો ઉછાળ પામીને નૃત્ય કરે છે.

"ताहि अहीर की छोहरिया,
छछिया भरि छाछ पै नाच नचावत ॥"

<u>પંચપદ્યાનિ :-</u> આચાર્યજી આ ગ્રંથમાં સમજાવે છે કે ઉત્તમ શ્રોતાનું મન શ્રીકૃષ્ણના ભજનાનંદરૂપી રસમાં એટલું વિક્ષિપ્ત (સંલગ્ન) હોય છે કે એવા ભગવદીયોને, લૌકિક અને વૈદિક

પદાર્થોમાં ન આનંદ આવે છે કે ન એની એમને ઈચ્છા હોય છે.

"श्रीकृष्णरसविक्षिप्तमानसा _ _ _ अनिर्वृत्ता लोकवेदे ."

શ્રીવલ્લભ પ્રભુના આ ભાવને પ્રકટ કરતાં રસખાનજી કહે છે;

"प्रेम प्रेम सब कोउ कहत, प्रेम न जानत कोय ।
जो जन जानै प्रेम तौ मरै जगत क्यों रोय ॥"

<u>સંન્યાસનિર્ણય :-</u> આ ગ્રંથમાં આચાર્યચરણે ગોપીજનોને માર્ગના ગુરુ કહ્યા છે. गोपिकाः प्रोक्ता गुरवः ના સૂત્રનું ભાષ્ય કરતાં અને પ્રેમમાર્ગનો મર્મ સમજાવતાં રસખાનજી ગાય છે;

"जदपि जसोदा नंद अरु, ग्वाल बाल सब धन्य ।
पै या जग में प्रेम कौं, गोपी भई अनन्य ॥"

કૃષ્ણની પ્રેમભક્તિમાં વ્રજની ગોપીકાઓ અતિ અનન્ય હોવાથી ઠાકુરજી વેણુનાદ કરીને એમને જ્યારે બોલાવે છે ત્યારે લોકવેદની સર્વ મર્યાદા તોડીને વ્રજવનિતાઓ પ્રભુ પાસે દોડી જાય છે અને ઠાકુરજી એમને પાછા જવાનું કહે છે ત્યારે પણ એમનો અનન્ય ભગવત્પ્રેમ અખંડિત રહીને એમને પીછેહઠ નથી કરાવતો. શ્રીમહાપ્રભુજીના માર્ગની શ્રીવ્રજવલ્લવીઓ આવી અનુપમ ગુરુ છે.

<u>નિરોધલક્ષણ :-</u> આ ગ્રંથમાં શ્રીવલ્લભપ્રભુ, પુષ્ટિજીવને એની સર્વેન્દ્રિયને ભૂમા એવા કૃષ્ણમાં જોડવા સમજાવે છે. જેમ કે હાથ ભગવત્સેવા કરે તો મુખ ગુણગાન. આજ ભાવનો વિસ્તાર કરતાં રસખાનજી ગાય છે;



"बैन वही उनको गुन गाइ, औ
कान वही उन बैन सों सानी ।
हाथ वही उन गात परै,
अरु पाँय वही जु वही अनुजानी ॥
जान वही उन प्रान के संग,
औ मान वही जु करै मनमानी ।
त्यौं रसखानि वही रसखानि
जु है रसखानि सो है रसखानी ॥"

ભગવત્પ્રેમાવેશમાં ભક્તના પ્રાણ પ્રભુના પ્રાણ સંગ એક રસ થઈ જાય છે. પુષ્ટિજીવની જ્યારે "ભોગ્ય" અવસ્થા હોય છે ત્યારે એના "સ્વમાન" (मान वही)ની લાજ ત્યારે જ જળવાય છે જ્યારે એ ઠાકુરજીને "मनमानी" કરવા દે છે અને જ્યારે જીવમાં "ભોક્તા ભાવ" પ્રભુ પ્રકટ કરી દે છે અને ઠાકુરજી ભોગ્ય બનવા ચાહે છે, ત્યારે પ્રભુ એવા ભગવદીયને "માન"થી નોતરીને કહે છે કે "હવે તું મારી સાથે તારી મનમાની કર." (मान वही जु करै मनमानी) રસખાન કહે છે કે હું એક વખતનો એ જ ભોગ્ય રસખાન છું (त्यौं रसखानि वही रसखानि) જે આજે, રસની ખાણ રૂપ જે ઠાકુરજી છે (सो है रसखानी) એના રસનો આજે હું ભોક્તા રસખાન બની ગયો છું (जु है रसखानि). પ્રભુ અને ભક્તના પરસ્પર નિરોધની વિલક્ષણ દશાનું આ કવિત્તમાં અદ્‌ભુત અને મૃદુલતમ આલેખન છે.

<u>સેવાફલ :-</u> બડભાગી ભગવદીયને "અલૌકિક સામર્થ્ય"નું દાન કરીને પૂર્ણકામ શ્રીકૃષ્ણ, પોતાના "આદ્ય મનોરથ" એવા ગૂઢસ્ત્રીભાવને પ્રકટ કરવાની ઈચ્છાને પૂર્ણ કરે છે. ગ્રંથ કહે

છે; "अलौकिकस्य दाने हि चाद्यः सिद्धयेन्मनोरथः ."

रसो वै सः શ્રીકૃષ્ણચંન્દ્રને પોતાના ગૂઢ સ્ત્રીભાવને અભિવ્યક્ત કરવાનો આદ્ય અવકાશ, પોતાની પ્રાણપ્યારી રસરાસેશ્વરી, કુંજેશ્વરી શ્રીરાધિકારાણી પાસે મળે છે. આ પ્રસંગની નિતાન્ત રમણીય લીલાનાં દર્શનને પોતાના નેત્રમાં ઝીલી લઈને, રસખાનજી ગાય છે;

"टेरत-टेरत हारि परचौ
रसखानि बतावो न लोग-लुगायन ।
देखौ दुरो वह कुंज - कुटीर में,
बैठो पलोटत राधिका - पायन ॥"

******



## ગ્રંથ : પંચપદ્યાનિ

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા-૧૫૨ : દોઉ ભાઈ, શ્રોતા-વક્તા

શ્રીમદ્‌ભાગવતમાં સનકાદિ કહે છે કે જ્યાં ભગવત્કથા થાય છે ત્યાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય સ્વયં પહોંચી જાય છે, કારણકે કથા આ ત્રણેયને તરુણ બનાવનારી છે.

"यत्र भागवती वार्ता तत्र कत्यादिकं व्रजेत् ।
कथाशब्द समाकर्ण्य तन्त्रिकं तुरुणायते ॥"

તો કથા શ્રવણ એટલે ? શ્રવણ એટલે શબ્દ અને વાક્યની શક્તિ અને એના તાત્પર્યનો નિર્ધાર કરીને એમાંથી ઉદ્‌ભૂત થતા પ્રભુના ગુણ અને લીલાને, પોતાના સેવ્યસ્વરૂપ સાથે જોડવાં, તે શ્રવણ છે. શ્રવણથી પ્રભુ, શ્રોતાના કાન દ્વારા એની ભીતર પધારે છે અને કીર્તનથી હૃદયમાંથી બહાર પધારીને ભગવાન પુનઃ કર્ણદ્વારા હૃદયમાં પધારે છે. શ્રવણ-કીર્તનની આવી પરંપરાથી ઠાકુરજી હૃદયમાં સ્થિર થઈ જાય છે. છવ્વીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે; "भगवदीय भगवानकी कथा ऐसी भावात्मक कहे, जो तासों हृदयमें भगवद्भाव प्रकट होय आवे, तातें पुष्टिमार्गीय भगवदीय होय तिनको संग अवश्य कर्त्तव्य है ।"

ભગવત્કથા ભક્તને ભાવુક બનાવનારી હોવાથી, એ ધીરે ધીરે વૈષ્ણવમાં ભગવત્સ્નેહની વૃદ્ધિ કરાવનારી બને છે. કૃષ્ણના ગુણનો રસાસ્વાદ માણવાથી, એ ગુણાનુવાદ વૈષ્ણવને ભગવદીયતા સંપાદન કરાવે છે.

નવધાભક્તિમાં પાદસેવન, અર્ચન અને વંદન એ પ્રભુનાં સ્વરૂપની બાહ્યભક્તિ છે. દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એ ભગવાનના સ્વરૂપની આંતરભક્તિ છે. શ્રવણ, કીર્તન અને સ્મરણ એ પ્રભુની નામાત્મિકા ભક્તિ છે. મહાપ્રભુજીએ પ્રકટ કરેલ ભક્તિના આમ બે પ્રકાર છે.

(૧) પ્રભુના રૂપની ભક્તિ

(૨) પ્રભુના નામની ભક્તિ

પંચપદ્યાનિ ગ્રંથમાં કૃષ્ણની નામાત્મક ભક્તિનો વિહાર છે. અર્થાત્ પંચપદ્યાનિ ગ્રંથ એ પુષ્ટિજીવનું પ્રભુસંગનું અનોસરનું આત્મરમણ છે.

બે ભાઈ શ્રોતા અને વક્તાની આ વાર્તામાંથી એક નિચોડ એવો મળે છે કે શુદ્ધ અંતઃકરણપૂર્વક શ્રદ્ધાની સાથે નિત્ય ભગવદ્‌ગુણ અને લીલાનું શ્રવણ કરનારના અંતરમાં, પ્રભુ થોડા જ સમયમાં પ્રકટ થઈ જાય છે.

"शृण्वतः श्रद्धया नित्यं गृहतश्च स्वचेष्टितम् ।
कालेन नाति दीर्घेण भगवान विशते हृदि ॥"

વાર્તા કહે છે; "सो दोऊ जनें भगवद्रसमें लीन भए । सो उन कों देहानुसंधान कछू न रह्यो । सो कछू लौकिक संबंधी कछू देह कौ बाधा न करें । सो ऐसें करत चालीस दिन विते ।"

ચોવીસમા શિક્ષાપત્રમાં હરિરાયજી આજ્ઞા કરે છે કે; "श्रवण ते सर्व दोष दूरि होय और भगवद्भाव बढे ।" સુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભગવાનનો અમૃતરૂપ કથા પ્રવાહ, શ્રવણ દ્વારા જીવની ભીતર જાય છે



ત્યારે એના હૃદયમાં રહેલ "કશ્મલ" (પાપ અને મેલ)ને ખેંચીને એ જીવ કીર્તન કરે ત્યારે એના મુખ દ્વારા એને બહાર ફેંકી દે છે. "श्रवणे प्रविशति कथा पुरा हृदयं ततः सर्वमेव दोषमालोड्य मुखतो निःसरति ." વાર્તા કહે છે; "सो श्रोता सुने और वक्ता कहे ।" અહીં કદાચ કોઈને પ્રશ્ન થાય કે આ વાર્તામાં શ્રોતા તો કેવલ સાંભળે જ છે અને કહેતા કે કીર્તન કરતા નથી, તો શ્રોતાના "કશ્મલ" એમના મુખ દ્વારા કેવી રીતે બહાર ફેંકાઈ જતાં હશે ! વાસ્તવમાં તો આ શ્રોતાના અંતરમાં ભગવત્કથા સાંભળતાં જ પ્રભુના સ્વરૂપ અને લીલાની આર્તિ પ્રજ્વલે છે અને તેથી જ એમના હાડકામાં ય એવો ગાઢ વિપ્રયોગ છિદ્ર સંપાદિત કરે છે. વાર્તા કહે છે; "तब श्रोता की स्त्री ने कही, जो - मेरे पति तो श्रोता है । सो भगवद्वार्ता सुनि कै उनकी अस्थी में छेद परे हैं ।" જે વિપ્રયોગની જ્વાલા શ્રોતાના હાડકામાં છિદ્ર પાડી શકે છે, એ જ તાપની પ્રચંડતા, શ્રોતાના "કશ્મલ"ને સહેજમાં ભસ્મ કરી દે એ સ્વાભાવિક છે. વિરહનું આ અવાન્તર ફલ છે. વિરહાતુર અવસ્થામાં શ્રોતાએ વક્તા પાસેથી સાંભળેલા ભગવદ્‌ગુણગાન, શ્રોતાના અંતરમાં બિરાજેલ કૃપાનંદ સ્વરૂપને પૂર્ણતાથી પ્લાવીત કરાવે છે. નિરોધલક્ષણ ગ્રંથ કહે છે; "हृदगतः स्वगुणान् श्रुत्वा पूर्ण प्लावयते जनान् ." શ્રોતાના દેહમાં વિરહવહિન ના કારણે જયાં જયાં છિદ્રો પડયાં છે, એ છિદ્રો માં ભગવદ્‌રસ સંપૂર્ણરીતે ઝલકી અને છલકી રહે છે. વાર્તા કહે છે; "सो दोऊ जने भगवद्रस में लीन भये ।" પંચપદ્યાનિ ગ્રંથના આવા ઉત્તમ શ્રોતાની અવસ્થાને સમજાવતાં ગ્રંથ પ્રારંભમાં જ કહે છે કે શ્રોતા-વક્તા "श्रीकृष्णरसविक्षिप्त मानसा" છે. અર્થાત્

બન્ને ભાઈઓનું મન શ્રીકૃષ્ણના ભજનાનંદરૂપી રસમાં વિક્ષિપ્ત થઈ ગયું છે અને એ બન્ને કૃષ્ણરસની લગનીમાં લીન થઈ ગયા છે. તેથી એમની ભગવદ્‌વાર્તા પ્રીતિ પ્રચૂર છે. ગ્રંથ કહે છે; "अरतिवर्जिताः ." આવી અવસ્થામાં બન્ને ભાઈઓને દેહાદિનો અધ્યાસ નથી. ગ્રંથ કહે છે; "अनिर्वृत्ता लोक वेदे ." એમને વાસ્તવમાં કૃષ્ણના ગુણગાનના આનંદનો અધ્યાસ થઈ ગયો છે એને કારણે, એમને ભગવત્સ્વરૂપાનંદ અને લીલાનંદનું સાતત્ય સ્થિર થઈ ગયું છે. ભગવલ્લીલાના શ્રવણ અને કીર્તનથી એમની શ્રદ્ધા ભગવદ્‌રતિમાં અને રતિ ભક્તિમાં વિકસિત થઈ ગઈ છે. વક્તા અને શ્રોતા આમ બન્ને ભાઈઓ, જલભેદ અને પંચપદ્યાનિ ગ્રંથ કથિત, ઉત્તમ વકતા અને શ્રોતા છે કારણકે શુકદેવજી અને પરીક્ષિતની જેમ આ બન્ને ભગવત્કથા વાર્તાના માધ્યમથી કેવલ લીલાનો આનંદ માણી રહ્યા છે અને તે પણ સંપૂર્ણ વૈરાગ્યપૂર્ણ અવસ્થામાં.

"तेऽमृतोदाः समारूयातास् तद्वाक्पानं सुदुर्लभम्" એવા પ્રભુચરણનાં વચનામૃત સાંભળીને, આ બન્ને ભાઈઓ, તત્ત્વના આધારે લીલાની માનસીમાં વિરમી રહ્યા છે. એટલે જ વાર્તા કહે છે કે "भगवद्‌रस में लीन भए ।" અર્થાત્ પ્રભુનાં ગુણગાન કરતા આ શ્રોતા-વક્તાનું અંતઃકરણ પ્રેમથી પીગળી જાય છે. એમના શરીરે રોમાંચ થઈ જાય છે, નેત્રમાંથી અશ્રુ ઝરે છે, વાણી ગદ્‌ગદ્ થઈ જાય છે. "तदैव तदीयानां वैष्णवत्वम् ।" આ અકૃત્રિમ વૈષ્ણવતા છે અથવા તો ઉત્તમં શ્રોતા અને વક્તાનું આ ભગવાનપણું છે. આ બન્ને ભાઈઓની ભગવત્કથાની આંતરરમણરૂપ ફલાવસ્થા છે. "आन्तरन्तु महाफलम् ."



ભાગવતજીના તૃતીય સ્કંધમાં મૈત્રેયજી કહે છે તેમ, પ્રભુનાં ગુણગાનની માદક સુધાનું પાન કરનાર આ શ્રોતા - વક્તાના ક્ષુધા અને તૃષાના દેહના ધર્મો શાંત થઈ જાય છે. "त्वद्‌गुणवादसिन्धुपीयूष निर्यापित देह धर्माः ." વાર્તામાં આવે છે તેમ આ શ્રોતા વક્તા ચાલીસ દિવસ સુધી ભૂખપ્યાસની બાધા વગર અખંડિત ભગવદ્‌વાર્તા કરે છે. આ તો શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીની નિતાન્ત કૃપાની બલિહારી છે, જે પુષ્ટિજીવને, ભવસાગરમાંથી બહાર ખેંચી પીયૂષસાગરનો એને વિહારી બનાવી દે છે.

"નિજ સાધન બલ કોઈ નથી પામ્યું શ્રીહરિને
સર્યા સર્વના અર્થ મહદ્ સંબંધે કરીને ."

આ ભાઈઓની દશા કેવી છે ? રસ્તાના સર્વ ક્લેશોથી મુક્ત થઈને કોઈ પથિક પોતાને ઘેર આવ્યા પછી ઘરને છોડી નથી શકતો, તેમ શ્રવણકીર્તનનાં સાતત્યથી, ભગવદનુરક્તિના કારણે, આ શુદ્ધહૃદયી બન્ને ભાઈઓ પ્રભુનાં ચરણકમલને એક ક્ષણ માટે પણ છોડી શકતા નથી. વાર્તા કહે છે; "सो ऐसें करत छह महिना व्यतीत भए, ता पाछें एक दिन उन दोऊ वैष्णवन की भगवद्वार्ता करत देह छूटि गई ।"

આચાર્યચરણનો સિદ્ધાંત એવો છે કે પ્રભુના કેવલ ગુણાનુવાદ કરનારા પુષ્ટિમર્યાદાના જીવો જ્યારે દેહને છોડે છે ત્યારે, એ વખતે, એમની અહંતા નિવૃત્ત થયેલી હોય છે અને તેથી રોકેટની ઝડપથી આવા જીવો પુરુષોત્તમમાં પ્રવેશ કરે છે કે crach landing કરીને સાયુજય મુક્તિને પામે છે. આ બન્ને ભાઈઓ તો શ્રીગુસાંઈજી પાસે કેવલ નામમંત્ર નથી

પામ્યા પણ વાર્તા કહે છે તેમ; "नामनिवेदन पाए ।" તેથી શ્રીવિઠ્ઠલકૃપાસિંધુ ક્યારેય એમને સાયુજ્ય મુક્તિમાં ન પાઠવે અને એનો વિચાર શ્રીગુસાંઈજીએ આ શ્રોતા-વક્તા માટે પહેલેથી જ કરી રાખેલ છે. છ મહિના સુધી અવિરત ભગવદ્લીલાનુગાન કરનાર આ શ્રોતા-વકતાની મમતા તો ભગવત્સ્નેહમાં રૂપાંતર થઈ ગઈ છે. પરંતુ એમની અહંતાને ય વિગલિત ન થવા દેતાં અને એને ભગવત્સમર્પિત રાખવા માટે શ્રીવિઠ્ઠલેશપ્રભુ એમના છ મહિનાના ભગવદ્વાર્તાના પ્રસંગમાં એક ગોવાળિયાને introduce કરે છે. વાર્તા કહે છે; "सो ऐसें ग्वारिया नित्य दूध दे जाँय ।" અને વાર્તા કહે છે તેમ આ બન્ને ભાઈઓ; "भोग धरि कै वह प्रसादी दूध लियो ।" આવી રીતે નિત્ય પ્રભુને દૂધનો ભોગ ધરવાથી એ બન્ને ભાઈઓનો સેવાક્રમ છૂટતો નથી અને પ્રભુને આવો ભોગ ધરાવવા માટે એમની અહંતા જાગૃત અને સમર્પિત રહે છે. સાયુજયમુક્તિમાં જીવની અહંતા આડે આવતી હોવાથી, આ બન્ને ભાઈઓ જયારે દેહ છોડે છે ત્યારે, એમની અહંતા એમને પ્રભુમાં crach landing રૂપ સાયુજય થવા દેવામાં આડે આવે છે અને ભાઈઓને એમની એ જ સમર્પિત અહંતા એમને ભગવલ્લીલામાં, soft landing કે એક મુલાયમ પ્રવેશ કરાવી દે છે. વાર્તા કહે છે; "दोऊ भगवदल्लीला में प्राप्त भए ।" આ રહસ્યને કોઈ દુર્લક્ષ ન કરે એની યાદી અપાવતાં શ્રીગોકુલનાથજી વાર્તાના અંતમાં પુનઃ કહે છે કે, "और वे दोऊ वैष्णव नित्यलीला में जाँइ प्रप्त भए ।"

....................



**"પંચપદ્યાનિ" ગ્રંથ અનુસાર શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણની અવલોકનીય વાણી :-**

૧) भगवानकी कथा कैसी है "तस्माद्गोविंदमाहात्म्यमानंदरस-सुंदरम् । शृणुयात् कीर्तयेन्नित्यं स कृतार्थो न संशयः ॥" यह वाक्यतें जो श्रीठाकुरजीकी कथारूप सुन्दर अमृतकों नित्य कर्णद्वारा पान करत हैं सो कृतार्थ हैं, तिनके कर्णरंध्रद्वारा श्रीठाकुरजीकी कथारूप अमृत हृदयमें जात है, तिनके सगरे दोष हृदयतें दुरि होत है । कथा कहे, सुने, अनुवाद करे यह तीनों जीव कृतार्थ होय । कथा है, तातें भगवद्धर्ममें मन होय ताकों यह काल बाधक नाही हैं, और सर्वको बाधक हैं ।

******

## ગ્રંથ : સંન્યાસનિર્ણય

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા-૧૨૨ : એક સંન્યાસી કાસી કો

વાર્તા કહે છે; "पाछें वा संन्यासी सों श्रीगुसांईजी आप कहे, जो - तू संन्यासी है, तातें ये कोपीन तूंबा अपने दे घालि । तब वह संन्यासी ने श्रीगुसांईजी सों कह्यो, जो मैं अपने फस्त्र तूंबा दे घालूं तो मोकों फेरि कहां तें मिलें ? तब श्रीगुसांईजी आप कहे, जो - हमने तो इतनो सामान ब्राह्मनन कों दान कियो और तू संन्यासी होंई, कोपिन हू नाहीं दे सकत ? सो कोपिन में इतनी ममता है ! तोकों ईश्वर कौ भरोंसा हू नाहीं ? तातें तू संन्यासी कैसो ? तब वह संन्यासी लज्जत व्है रह्यो ।" મહાપ્રભુજીએ સમજાવેલ ભક્તિમાર્ગીય સંન્યાસથી અતિરિક્ત રીતે સંન્યાસ ગ્રહણ કરનારની આવી અવદશા થાય છે એનું પરિજ્ઞાન શ્રીગુસાંઈજી આ સંન્યાસીને કરાવી રહ્યા છે. ગ્રંથ કહે છે; "तस्मादुक्तप्रकारेण परित्यागो विधीयताम् । अन्यथा भ्रश्यते स्वार्थाद् इति मे निश्चिता मतिः ॥" સંન્યાસી નિસ્વાર્થ અને નિર્ભય હોવો જોઈએ. આ સંન્યાસીએ લીધેલ સંન્યાસ ત્યાગપૂર્વક પણ ન હોવાથી એમને "कोपिन तूंबा"માં વૈરાગ્ય ભાવ નથી. નવમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે; "विषय में वैराग्य होय तब ही सर्वधर्म बनी आवे, सो श्रीआचार्यजी महाप्रभुजी संन्यासनिर्णयमें कहे हैं; "विषयाक्रांत देहानां नावेशः सर्वथा हरेः ।"

આ સંન્યાસીનો સંન્યાસ ભક્તિમૂલક ન હોવાથી એમને ભગવાન પર ભરોસો નથી. તેથી શ્રીવિઠ્ઠલેશપ્રભુ એમને વાર્તામાં આજ્ઞા કરે છે કે; "तोकों ईश्वर कौ भरोंसो हू नाहीं ?"



આચાર્યજી કથિત સંન્યાસ વિરહઅનુભવાર્થ હોવાથી, પુષ્ટિભક્તિમાર્ગીય સંન્યાસીના મનમાં સ્વસ્થતાના હેતુનો પણ પરિત્યાગ હોય છે. ગ્રંથ કહે છે; "स्वास्थ्यहेतोः परित्यागात् बाधः केनाऽस्य सम्भवेत् ।" તદ્‌વિપરીત કાશીના મણિકર્ણિકા ઘાટ પર રહેનાર આ સંન્યાસીનું જ્યાં બેસવાનું સ્થાન છે એના પર શ્રીપ્રભુચરણ સહસમાજ ત્યાં ડેરા નાખે છે, એમાં તો સંન્યાસીની "સ્વસ્થતા" વિચલિત થઈ જાય છે. વાર્તા કહે છે; "सो तहां एक संन्यासी आइ कै कह्यो, जो - यह ठौर तो मेरे बैठिये की है ." આચાર્યચરણે સમજાવેલ પરંપરાથી સંન્યાસ ગ્રહણ કરનાર માટે, પોતાના સ્થાનની એમને મમતા હોતી નથી કારણકે એવા ભક્ત સંન્યાસીનું મુખ્ય અનુસંધાન ભગવદ્‌વિરહનું હોય છે, સ્થાનનું નહિ. સંન્યાસનિર્ણય ગ્રંથમાં ઉપદિષ્ટ શ્રીવલ્લભના સિદ્ધાંતની દૃષ્ટિથી જે સંન્યાસીનો ત્યાગ અને વૈરાગ્ય એમની ભગવત્પ્રેમની તીવ્રતાના કારણે પ્રકટ થતો હોય છે એવો સંન્યાસી, "સ્વસ્થ" મનાય છે. આવા સંન્યાસીની પ્રકૃતિ "विकलत्व" અને "अस्वास्थ्य"ની હોવાથી એમની ભક્તિ રસયુક્ત બની જાય છે.

ઘરમાં ઠાકુરજી ન બિરાજતા હોય, ભગવદ્‌વિરહ પ્રચુર હોય અને વિપ્રયોગમાં ગૃહ બાધક થતું હોય અને જે પુષ્ટિજીવનો ભક્તિબીજભાવ દૃઢ થઈ ગયો હોય, એવા વૈષ્ણવને જ, શ્રીમહાપ્રભુજી, સંન્યાસ લેવાની છૂટ આપે છે, આજ્ઞા કરતા નથી. શ્રીવલ્લભપ્રભુ સમજાવે છે કે ભક્તિની વ્યસનદશા સિદ્ધ ન હોય તો ગૃહત્યાગને બદલે ઘરમાં બેસીને પ્રભુને પોતાની અહંતા-મમતા સમર્પિત રાખવી એ ઉત્તમ માર્ગ છે.

આ સંન્યાસીને શ્રીવિઠ્ઠલેશપ્રભુએ શરણે લીધા પછી એમને મુક્તિપથમાંથી ઉગારી ભક્તિ પથ પર વાળવા શ્રીગુસાંઈજી, સંન્યાસીને, મુક્તિધામ એવા કાશીથી ભક્તિધામ એવા વ્રજધામની યાત્રા કરવાની સૌથી પ્રથમ આજ્ઞા કરે છે. વાર્તા કહે છે; "जो - अब तुम व्रजयात्रा जाय कै करो ." આ સંન્યાસીને શ્રીમદ્પ્રભુચરણે સૌથી પહેલાં વ્રજમાં શા માટે મોકલ્યા હશે ? શ્રીગિરિરાજજી પર શ્રીગોવર્ધનનાથજીની ઝાંખી કરીને સંન્યાસીને ખ્યાલ આવી જાય છે કે, પુષ્ટિમાર્ગમાં કયા સ્વરૂપની ભક્તિ કરવાની છે. વ્રજવૃન્દાવનની અમિત શોભા નીરખીને સંન્યાસીને ઠાકુરજીની લીલાસ્થલીની સુરમ્યતાનો પણ ખ્યાલ આવી જાય છે. વાર્તા કહે છે; "सो व्रज की सोभा देखि अपने मन में बोहोत ही प्रसन्न भये ." વ્રજમાં પરિભ્રમણ કરવાથી આ વૈષ્ણવને એ ય સમજાઈ જાય છે કે પુષ્ટિભક્તિ વ્રજભક્તોના ભાવથી કરવાની છે. અર્થાત્ શ્રીગુસાંઈજીની કૃપાથી પુષ્ટિભક્તિ કરવાનું સાધન પણ સંન્યાસીને વ્રજયાત્રામાં જ સમજાઈ જાય છે. ગ્રંથમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે;

"कौण्डिन्यो गोपिकाः प्रोक्ता गुरवः साधनं च तत् ॥
भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते ॥८॥"

ઠાકુરજી અને વ્રજના સ્વરૂપનો તથા વ્રજભક્તોના ભાવોનો પરિચય બરાબર થઈ ગયા પછી, કાશીમાં પાછા વળીને આ સંન્યાસી, શ્રીવિઠ્ઠલેશને વિનન્તી કરે છે; "जो - महाराज ! आपके प्रताप सों मैं व्रज होंइ आयो हों । सो व्रज की बात कहां कहूं ? महा अलौकिक ही है । श्रीठाकुरजी कों निजधाम है ।" શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલનો પ્રતાપબલ એટલો અપરિમિત



છે કે પિતાપુત્ર ચાહે તે જીવને, પોતે ચાહે ત્યારે, અનુપમ કૃપા કરી દે છે. આ સંન્યાસીને શ્રીગુસાંઈજી કેવું દાન કરે છે તે વાર્તા સમજાવે છે; "पाछें वह वैष्णव व्रजकी मानसी करतो ।"

શ્રીપ્રભુચરણની કૃપાથી આ સંન્યાસીએ, વ્રજના સ્વરૂપને કેવી રીતે માણ્યું હશે, લીલાની માનસીમાં એ કેવો રસાસ્વાદ લેતા હશે અને પ્રભુને દેતા હશે, એનો આસ્વાદ લેવા માટે મારું મન લલચાય છે અને તેથી અહીં હું, અષ્ટસખાદિ ભગવદીયોની વાણીનો આશ્રય લઈને, સંન્યાસીએ વ્રજની માનસીમાં અનુભવેલ વિવિધ લીલાઓની સહેજ ઉત્પ્રેક્ષા કરું છું.

વ્રજ એટલે ? ગાયો જ્યાં નિત્ય વસે છે તે વ્રજ છે. "व्रजन्ति गायो यस्मिन्न व्रजः ।" વ્રજલીલાની માનસીમાં આ સંન્યાસી નીરખી રહ્યા છે કે ગોચારણ લીલા વેળા, પરાત્પર પરબ્રહ્મ નંદકુંવર, દોડતી ગાયોની પછવાડે ગ્રામીણ ભાષામાં હોં..હોં કરીને હુંકારા દેતા સ્વયં દોડી રહ્યા છે. પ્રભુની પછવાડે દોડીને આવતા બ્રહ્માજી સ્તુતિ કરી રહ્યા છે પણ ગાયોની અનુરક્તિમાં ભગવાનને એ વખતે બ્રહ્માજીની સ્તુતિમાં વિરક્તિ છે. ગાયોનાં વૃન્દમાં મસ્ત એવા ગોવિંદનાં દર્શન કરવા જેવા છે.

"આગે ગાય પાછે ગાય ઈત ગાય ઉત ગાય
ગોવિંદ કો ગાયનમેં બસવોઈ ભાવે ."

વ્રજનો બીજો અર્થ છે; "व्रजयति व्रजः ." જે ગતિશીલ છે તે પણ વ્રજ છે. અર્થાત્ ગતિશીલ વ્રજ સર્વત્ર વ્યાપ્ત છે. વાસ્તવમાં તો સર્વવ્યાપીપણું આ સચ્ચિદાનંદ બ્રહ્મનો પહેલુ

છે. જેમ સચ્ચિદાનંદાત્મક અક્ષરબ્રહ્મ એ પુરુષોત્તમનું ધામ છે, તેમ વ્રજ પણ શ્રીકૃષ્ણની લીલાસ્થલી છે. પ્રભુના લીલારૂપ ધામ વ્રજની માનસીમાં આ સંન્યાસી સાર્દ્રહૃદયથી વ્રજની મોહિનીને નિહાળી રહ્યા છે.

"વ્રજભૂમિ મોહની મૈં જાની,
મોહન કુંજ મોહન વૃન્દાવન
મોહની શ્રીયમુના મહારાણી.
મોહન નાર સકલ ગોકુલકી
બોલત અમૃત બાની.
શ્રીભટ્ટ કે પ્રભુ મોહન નાગર
મોહની શ્રીરાધા રાની."

આ ભગવદીય નીરખી રહ્યા છે કે અખિલ વ્રજમાં અને વ્રજલીલામાં મનમોહન વ્યાપ્ત છે અને ત્યાંનો પરિકર પણ, પ્રભુને પોતાના રસનો આસ્વાદ લેવા, મોહને ધરેલાં જ વિવિધ અલૌકિક રૂપો છે.

ગર્ગ સંહિતાના ગોલોક ખંડના અધ્યાય ત્રણમાં બ્રહ્માજી પ્રત્યે ભગવાનનું વચન છે કે; "નિરંતર હું વ્રજમંડલમાં ગોપીઓ સાથે રાસ કરીશ."

"દ્વૈ દ્વૈ ગોપી બિચ બિચ માધૌ
નિર્તત સંગ સહેલી."

ગર્ગસંહિતાના એ જ ખંડના ચોથા અધ્યાયમાં શ્રુતિઓ પ્રતિ ભગવાનનું વચન છે કે "તમારો મનોરથ હું વ્રજમાં પૂર્ણ કરીશ." વ્રજમાં પ્રકટ થયા પછી વેદની શ્રુતિઓ અવાચક બની જાય છે કે શ્રુતિરૂપે પરબ્રહ્મનું વર્ણન કરતી વખતે



એમની જે વાણી મનની સાથે પાછી વળતી હતી, એ જ વાણી, આજે ગોપીના મુખમાંથી નીકળે છે ત્યારે, એ જ પરબ્રહ્મ એ જ વાણીને આજ્ઞા માનીને એનું પરિપાલન કરે છે. ગોપી કહે છે કે કનૈયા નાચ, તો રાસબિહારી નાચે છે.

"રાસમેં નાચત લાલવિહારી
નચવત હૈં સબ વ્રજ કી નારી."

વ્રજ, વ્રજવનિતા અને વ્રજરાજકુમારનું નિત્યરમણ, સંન્યાસી, લીલાની માનસીમાં નિહાળે છે.

"લલિત વ્રજદેશે ગિરિરાજ રાજે,
ગોપ સિમંતીની સંગ ગિરિવરધરન.
કરત નિત્ય કેલી તહાં કામ લાજે."

લીલાની માનસીની માધુરીમાં સંન્યાસી એ પણ અવલોકન કરે છે કે વ્રજમાં સર્વે કૃષ્ણને સમર્પિત છે. પછી ભલેને એ વ્રજના મૃગનાં નયનો કેમ ન હોય ! વ્રજદેશ ઉપરથી અભિગમન કરતાં વાદળો, કૃષ્ણના સુખનો વિચાર કરીને ઉષ્ણકાલમાં, પ્રભુ માટે પોતાની છાયા પાથરી રહ્યા છે. વ્યોમનાં વાદળોને આવી રીતે સમર્પિત જોઈને વ્રજના મયૂર પણ કલાપ કરી, વ્રજના ઠાકુરને રીઝવી રહ્યા છે. મોર ભગવાનને કાયાથી સમર્પિત છે. તો શુક વાણીથી અને હંસ મનથી. એ વખતે સંન્યાસી પક્ષીઓનો મૃદુલ કલરવ સાંભળી રહ્યા છે.

"નાના પક્ષીની શબ્દ માધુરી, શોભા તણો નહીં પાર,
વિવિધ પ્રકારે જુજવા કહેતાં, ગ્રંથ થાય વિસ્તાર."

વ્રજનું વૃક્ષે વૃક્ષ પોતાની છાયાનો વિસ્તાર કરીને ઠાકુરજીને સુખ પહોંચાડી રહ્યું છે.

"પૈંડે કે સબ બૂચ્છ બિરાજત, છાયા પરમ પુનીતનિ."

છાકલીલાની માનસીમાં સંન્યાસી નીરખે છે કે અનંતકોટિ બ્રહ્માંડનો નાથ બેઝરકી રોટી, ટેટીનું શાક અને છાશ આરોગતાં આરોગતાં સખાઓ સાથે સખ્યલીલાની મસ્તીમાં મસ્ત છે. આ લીલારસની માધુરીમાં, જે મુક્તિ માટે સંન્યાસી એક વખત તડપ્યા છે એ જ મુક્તિ એમને આજે ખારી લાગે છે.

"કહાં ગોરસ સખા સોહન
કહાં ઉન કૌ હાસિ,
કહાં ગોરસ છાંછિ ટેટી
છોક રોટી રાસિ.
દાસ નાગર ચહત નહિ સુખ
મુક્તિ આહિ અપાર
સુનહુ બ્રજ બસિ શ્રવનનમેં
બ્રજ બાસિન કી ગાર."

જ્યારે આ સંન્યાસી, વ્રજની માનસીમાં સર્વજ્ઞ પરમાત્માને પોતાની ખોવાઈ ગયેલી કાળી કામળીને શોધતાં બેચેન જુએ છે, ત્યારે પ્રભુની આવી જીવ સાથેની સાધારણીકરણભરી માનુષલીલા નીરખીને આ સંન્યાસીનું હૃદય દ્રવીભૂત થઈ જાય છે એ વખતે સખાઓ ઠાકુરજીને શું કહે છે એ સાંભળીને આ ભગવદીય આશ્ચર્યમુગ્ધ થઈ જાય છે.

"એક (સખા) કહે કાન્હ તેરી કામર
સુરભિ ખાઈ ગઈ,



એક કહે તેરી કારી કામર,
જમુના મેં જાત બહી."

ઠાકુરજી જેની હથેલી ચાટીને જુઠણ લેતા હોય એવા કૃષ્ણ સખાઓ પ્રભુ સાથે આવો દોસ્તીનો નાતો બાંધી શકે છે એ જોઈને દેવો વિસ્મિત થઈ જાય છે.

જ્યાં નિત્યલીલા અને નિત્યનૌતન છે એ વ્રજરસનો સ્વાદ માણી લીધેલ સંન્યાસી મનોમન ગુંજન કરી રહ્યા છે.

"બ્રજ કો સ્વાદ વૈકુંઠ નાહિ,
હરિગુન કથા ભઈ જબ મીઠી,
બ્રજરસ ખીલ્યો તા માંહી,
બ્રજરસ બિન રસિક કહા ગાવતેં
બ્રજ બિન રસ બહ જાતો.
બ્રજ મહિમા કો વે હિ જાને
જિન હીં બ્રજ સોં નાતો,
ભંવન ચતુર દશામાં જ
ધન્ય ધન્ય બ્રજકે વાસી,
નાગરીદાસ સદા જ ધન્ય,
બ્રજરજ રેણુ ઉપાસી."

સંન્યાસનિર્ણય ગ્રંથ કથિત **विकलत्व** અને **अस्वास्थ्य**, જ્યારે આ સંન્યાસી, વ્રજવિનાની કલ્પનામાં સાક્ષાત્ પ્રભુમાં નીરખે છે ત્યારે આ ભગવદીયનું હૃદય વ્રજરસમાં દ્રવીભૂત થઈ જાય છે. શ્રીસ્વામિનીજી અને શ્રીલલિતાજીને ઠાકુરજીની થતી વિનન્તી આ સંન્યાસી સાંભળી રહ્યા છે.

"હે વૃષભાન સુતે, લલિતે,
હમ કૌન કિયો અપરાધ તિહારો,
કાઢી દિયો વ્રજમંડલતે
કછુ ઔર જુ દોષ રહ્યો જુ હમારો.
ઈતની જીય જાનિ કરો જુ કૃપા
દેઓ વ્રજમેં કૂટિ જમના કૌ કિનારો,
"સૂર" ક્ષિમા કર હો અપરાધ,
ભઈ સો ભઈ અબ બેગિ સંભારો."

આ લીલાવલોકનથી આ ભક્તસંન્યાસીની વિરહવ્યથા અધિક થઈ જાય છે. એમને યાદ આવી જાય છે કે વ્રજ માટે આવો વિરહ, મથુરા કે દ્વારકા ગયેલા કૃષ્ણ અભિવ્યક્ત કરી રહ્યા છે. પ્રભુ આમ દૂર સુદૂર દ્વારકા ચાલી ગયા છે એની સ્મૃતિ થતાં જ આ ભગવદીયમાં વિપ્રયોગની જ્વાલા પ્રજ્જવલિત થાય છે અને આ સંન્યાસી વ્યસન દશામાં અભિરમતા થઈ જાય છે. આચાર્યચરણ આજ્ઞા કરે છે કે વિપ્રયોગમાં, દ્વારકા ગયેલા કૃષ્ણનું સ્મરણ વ્યસનદશાને પોષનાર છે. વિપ્રયોગ પ્રગાઢ બનતાં આ સંન્યાસી વ્રજના આધિદૈવિક સ્વરૂપનાં ય દર્શન કરે છે.

"કુંજનિ કલ્પતરુ રતન જટિત ભૂમિ"
અથવા તો
"લલિત તરુ ફૂલ ફલ ફલિત ખટઋતુ સદા,
ચતુર્ભૂજદાસ ગિરિધર સમાજે."

સંન્યાસીને અહર્નિશ લીલાનુભૂતિ કે એનો આવેશ છે કારણકે એ ભગવદ્‌ભાવ વિપ્રયોગથી અતિમત્ત છે. આચાર્યચરણ



શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે; "अतिमत्तानामेव भगवद्भावेन तल्लीलावेशात् तस्य एव दर्शनमिति निष्कर्षः ." જેમ પ્રભુ સદાનંદ છે તેમ ઠાકુરજીની લીલા પણ સદાનંદ છે "यदा स्वरूपं सदानंदरूपम् तथा तल्लीला अपीति तादात्मकत्वं ।" સંન્યાસીની લીલાની માનસીનું આવું રહસ્ય છે.

સંન્યાસનિર્ણય ગ્રંથ સંબંધિત આ વાર્તા હોવાથી આ ભગવદીયની તાસીરમાં જ તાપક્લેશ રહે છે. ગ્રંથ કહે છે;

"विकलत्वं तथाऽस्वास्थ्यं प्रकृतिः प्राकृतं न हि ।"

પાંચમા શિક્ષાપત્રમાં હરિરાયજી આજ્ઞા કરે છે; "जो यह श्रीआचार्यजीके पुष्टिमार्गमें जाके हृदयमें जितनी आर्ति तितनी हीं फलसिद्धि हैं, जाकों विरह नांही ताकों फलसिद्धि की ढील है ।" ઠાકુરજી માટે થતા વિરહના સાતત્યે, આ સંન્યાસીને લીલાની માનસીમાં અભિનિવેશ કરાવેલ છે. વાસ્તવમાં તો શ્રીમહાપ્રભુજી પુષ્ટિજીવના હૃદયમાં પધારે ત્યારે તે જીવ વિપ્રયોગાવસ્થાને ઉપલબ્ધ કરી શકે છે. કારણકે વિરહાત્મક પ્રચંડ તેજ પુંજ તે શ્રીવલ્લભનું સ્વરૂપ છે. શ્રીગુસાંઈજી દત્ત વિરહની દશામાં આ સંન્યાસીની એક પલ યુગ સમાન જાય છે.

"બિન દેખે ગિરિધરન લાલમુખ યુગભર જાત ઘરી."

મારા પરમ પૂજ્ય ગુરુજી પૂજ્યપાદ ગોસ્વામી શ્રીદીક્ષિતજી મહારાજની અમૃતમયી વાણીમાં કહું તો સંન્યાસીને જ્યારે જ્યારે ભગવદ્‌વિરહ થાય છે ત્યારે ત્યારે પ્રભુને પણ આ ભગવદીયનો વિરહ અનુભૂત થાય છે, પૂ.પા.ગુરુજીનાં વચનામૃત

છે કે; "भगवानपि तत्समये तापक्लेशमनुभवति ।" વલ્લભદાસજી એમના ગદ્યસાહિત્યમાં લખે છે; "तब जैसे याको प्रभु के बिना चैन नाहिं, तैसें प्रभुनको हू याके बिना चैन नाहि ।"

ઠાકુરજી માટેના ઉત્કટ વિરહની અવસ્થામાં આ સંન્યાસી શા શા ઉપાયો કરતા હશે એ શ્રીમહાપ્રભુજીનાં ચરણકમલ ગ્રહીને આપની પાસે સમજી લઈએ. આચાર્યચરણ આજ્ઞા કરે છે કે વિરહ તાપને હળવો કરવાના ત્રણ ઉપાયો છે. (૧) પ્રભુને શોધવા, (૨) લીલાનો આવેશ, (૩) ભગવદાવેશ. "तापापनोदार्थ एव त्रयम् अन्वेषणं लीलावेशो भगवदावेशश्चेति ।" આ સંન્યાસી ભક્તમાં જ્યારે ભગવાનનો આવેશ પ્રકટ થઈ જાય છે ત્યારે તે સર્વજ્ઞ બની જાય છે. એ વખતે, આ ભગવદીયને તાપમાધુરીથી એમને દીનતા સિદ્ધ થાય છે. પાંચમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે; "विरहभाव करिकें भगवान् भावनीय है, ताको साधन दैन्य है, दैन्यको साधन तापभाव है । उपर कहे जो तन, मन, धन करि श्रीआचार्यजी के पदकमलको आश्रय करि अष्टाक्षरमंत्र एक गतिरूप करे, ताकों श्रीआचार्यजी कृपा करिकें दैन्यादि सर्व धर्म हृदयमें सिद्ध करे ।"

સંન્યાસીના પ્રચુર વિપ્રયોગથી, ઠાકુરજી એ વખતે પ્રકટ ન થાય તો પોતાના નિજભક્તના માધ્યમથી પ્રભુને પોતાને જે રસ ગ્રહણ કરવો છે, એનાથી ઠાકુર વંચિત રહી જાય અને અતિ દયાલ ભગવાનના યશ અને કીર્તિમાં પણ ખલેલ પડે. સુબોધિનીજીમાં ભક્તપક્ષપાતી આચાર્યચરણ આજ્ઞા કરે છે કે; "इदानीमनाविर्भावे तु न रसो न वा कीर्ति ." આના કારણે જ સંન્યાસનિર્ણય ગ્રંથમાં कृष्णज्ञानदो શ્રીવલ્લભ આજ્ઞા



કરે છે કે; "अन्यथा मातरो बालान् न स्तन्यैः पुपुषुः क्वचित् ."

विकलत्वं तथा अस्वास्थ्यं પ્રકૃતિવાળા આ સંન્યાસીને ઠાકુરજીના વિરહમાં ક્યારેક મૂર્છા આવી જાય છે, ક્યારેક એ રુવે છે, ક્યારેક હસે છે કે નાચે છે કે ચિંતાતુર થાય છે. વિપ્રયોગમાં "હા - હા કૃષ્ણ" કહેતાં આ ભગવદીયના મુખમાંથી વિરહ મકરંદ પ્રકટ થાય છે ત્યારે એ સોડમનો આસ્વાદ લેવા ભ્રમરો આવે છે પણ વિરહની જ્વાલાની ઉષ્ણતાને સહન ન કરી શકવાથી એ પાછા ચાલ્યા જાય છે. વિરહની આવી ઉત્કૃષ્ટ દશામાં, આ સંન્યાસી, પોતાનો નિર્વાહ કેવી રીતે કરતાં હશે તે શ્રીમદાચાર્યચરણ પાસે સમજી લઈએ. મહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે તેમ પોતાના પ્રાણપ્રેષ્ઠ ઠાકુરજીના પ્રેમ સ્મરણથી આ સંન્યાસીનો દેહ વિપ્રયોગમાં ટકે છે. પ્રભુના મંદહાસ્યના સ્મરણથી, એમની ઈન્દ્રિયોનો નિર્વાહ થાય છે. પ્રભુએ એમના પ્રતિ સંયોગાવસ્થામાં જે કટાક્ષો કર્યા છે, એનાં સ્મરણથી આ ભક્તના પ્રાણ રક્ષિત રહે છે અને ભગવાનની મૃદુલ વાણીની સ્મૃતિથી એમનું અંતઃકરણ ટકી રહ્યું છે.

"सौन्दर्य स्मरणे शरीरस्थितिः
स्मितस्मरणं इन्द्रियाणां
विलोकस्मरणे प्राणानां
वाक्यस्मरणेन करणस्य ।"

વિરહની અતિ વિકલતામાં, પ્રભુના ગુણગાન આ ભગવદીયના પ્રાણને ટકાવી રાખે છે. ગ્રંથ કહે છે; "गुणास्तु संगराहित्याज् जीवनार्थं भवन्ति हि ." જેમ ઠાકુરજીનું સ્વરૂપ પૂર્ણાનંદાત્મક

છે, તેમ નામલીલાત્મક કૃષ્ણનાં ગુણગાન આ સંન્યાસીના અંતરમાં પૂર્ણાનંદ પ્રકટ કરે છે. વિરહદશામાં સંન્યાસીના અંતરમાં સતત આવિષ્કૃત થતી વિવિધ ભાવનાઓના કારણે એમને લીલાસહિત શ્રીઠાકુરજીનાં દર્શન થાય છે. ચોત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે; "विप्रयोग में लीलाके भावमें मग्न होय सो सब ठौर साक्षात् लीलासहित स्वरूपको निरंतर दर्शन होत हैं ."

આસક્તિ ભ્રમ ન્યાયથી આ ભગવદીય જ્યારે ઠાકુરજીને પધારતા જુએ છે ત્યારે એમને એ વખતે અનુભૂતિ ત્રણ રીતે થાય છે. વ્રજભક્તોની જેમ એ ઠાકુરજીને કાયાથી ભેટે છે, "कायेन परिरेमिरे ." દૃષ્ટિથી દૃષ્ટિનું રમણ પણ થાય છે. "दृष्टिं दृष्टयो योजयन्त्यः ." તદુપરાંત પ્રભુ સાથે આ ભક્તનું મનથી પણ રમણ થાય છે. "भगवति प्रविष्टेन मनसा परिरेमिरे ."

વ્રજની માનસી કરતા આ સંન્યાસી કેટલી ઉત્કૃષ્ટ કક્ષાને વરી ચૂકયા છે એનાં દર્શન પ.ભ. વલ્લભદાસજીના ગદ્ય સાહિત્યથી સમજી લઈએ. વલ્લભદાસજી કહે છે; "जैसे अग्नि प्रज्वलित है तैसे ता बिना देखे प्रीति रहे, और जब देखे तब ग़ुप अग्निमें आहुती सी परे और उत्तर उत्तर पंज से बढे अखंड ."

વિરહ પછીના સંયોગમાં આ સંન્યાસીને પ્રભુના સ્વરૂપાનંદની પુનઃ અનુભૂતિ થાય છે ત્યારે ભગવાનના ચરણામ્બોજમાં અમને પલપલમાં નૂતન શોભા અને પ્રતિભા અનુભૂત થાય છે. "तस्याऽङ्घ्रियुगं नवं नवं पदे पदे ."



વિપ્રયોગ પછીનાં ભગવદ્દર્શનમાં આ ભગવદીયને શ્રીઠાકુરજીના મુખકમલમાં, એક સાથે, એક જ વેળા, સૂર્ય, ચંદ્ર, દામિની અને ઈન્દ્રધનુષની એકત્રિત થયેલી લાવણ્યમયતા અનુભૂત થાય છે. આવા અનુભવનું કારણ છે શ્રીવિઠ્ઠલેશની કૃપા, વ્રજભક્તોના ભાવથી ભાવિત થયેલી સંન્યાસીની સર્વે વૃત્તિઓ. ગ્રંથ કહે છે; "भावो भावनया सिद्धः ."

"भज सखी भावभावित देव
कोटि साधन करो कोऊ तऊ न माने सेव ॥"

નાટકમાં કલાકાર જે પાત્રને ભજવી રહ્યો છે તેમાં એકરૂપ થઈને પોતાને એ પાત્ર સાથે જોડી દે કે identify કરે ત્યારે એના અભિનયમાંથી રસનિષ્પત્તિ થાય છે. તેવી રીતે વ્રજભક્તોના ભાવની ભાવના કરીને આ સંન્યાસી પોતાને વ્રજભક્તો સાથે identify કરે છે ત્યારે એમનો ભક્તિરસ ભગવાન માટે બહાર છલકે છે. ભાવના કર્યા સિવાય ભાવ સિદ્ધ કરવાનું અન્ય કોઈ સાધન ન હોવાથી. ગ્રંથ કહે છે; "साधनंनान्यदिष्यते ." આ રહસ્યને પ્રકાશિત કરતાં હરિરાયજી ચાલીસમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે; "जो कछु न बने तो ब्रजलीला की भावना करे, ता करि अनुभव होय ।" રસિકદાસજી ગાય છે કે;

"ભાવરૂપ કો ભાવરૂપ હી ભજન પંથ જતાયો."

આવા ભાવરૂપ ભજનપંથના અધિકારી આ સંન્યાસી માટે વાર્તાના અંતમાં શ્રીગોકુલનાથજી કહે છે; "सो वह श्रीगुसांईजी कौ ऐसो कृपापात्र भगवदीय भयो । तातें इनकी वार्ता कहां तांई कहिए ।"

..................

## "સંન્યાસનિર્ણય" ગ્રંથ અનુસાર શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણની અવલોકનીય વાણી :-

૧) वनांतर देशांतर-लीला करि मन इन्द्रियनको निरोध कियो ।

૨) विप्रयोगात्मक स्वरूप श्रीस्वामिनीजीके हृदयमें रहत है, सो जब श्रीस्वामिनीजीके भावकी भावना करे जो श्रीस्वामिनीजी, प्रभुकों कौन भांति लडावत हैं ? कौन भांति गुणगान करत हैं ? प्रभुके संग कौन भांति लीला करत हैं ? यह भाव विचारे तो श्रीस्वामिनीजी कृपानिधि प्रसन्न होय भावको दान करे, तब भावात्मक प्रभुको अनुभव होय, प्रभुके अनुभवको और उपाय नांही । तातें श्रीस्वामिनीजीको आश्रय करि भावात्मक हरि (श्रीस्वामिनीजी जिनको विरह करत हैं तिन) की भावना करे, तब श्रीस्वामिनीजी कृपा करि प्रसन्न होय, तब प्रभु अपनो अनुभव जतावे ।

૩) पुष्टिमार्गीय जीवके अति भाग्यतें भावनात्मक प्रभुके मुखारविंदरूप अग्नि (श्रीआचार्यजी) प्रकट भये है, तासों यह मार्गमें शीतलभाव उपयोगमें नांही आवे है (विरहात्मक तापसों प्रभु अनुग्रह करे) ।

૪) यह विप्रयोग भावाग्नि मेरे भाग्यमें तो नांही है, काहे तें जो यह भावात्मक अग्नि तो दास्यधर्म होय तिनके हृदयमें होय । सो दास्यधर्म हू अति कठिन - महा दुर्लभ है और दैन्य अति दुर्लभ है, सो कहत हैं जो स्वामीको सुख चाहे, अपनो न चाहे सो दास ।



૫) तापभाव है सो उत्तम दैन्यको प्रकाश निश्चय करे है और दैन्यसों दीनबंधु भगवान् दया करिकें प्रकट होय हैं ।

૬) अब जा प्रकार दैन्य होय सो उपाय कहत हैं । पहेल तो हृदयमें ताप होय जो सगरो जन्म बीत्यो, पुष्टिमार्गमें साक्षात् पुरुषोत्तम विराजत हैं तिनको अनुभव कछु न भयो, मेरेमें कछु धर्म नांही है, यह भांति प्रभुविषयक ताप हृदयमें होय सो ताप सगरे दोषकों दूरी करत है । अनेक जन्मके कायिक, वाचनिक, मानसिक, पाप हृदयमें भरे हैं और काम, क्रोध, मद, मत्सर करि जीवको हृदय मलीन है, सो जब तापाग्नि प्रगट होय तब सगरे दोषनको नाश होय । ता पाछे दैन्य आवे तब देहकी और दशा होय जाय, खान पान देहसंबंधी सुखदुःख सब छूटि जाय, या भांति जब होय तब हृदयमें प्रभुकों प्रकाश होय, काहेतें जो दीनबंधु श्रीठाकुरजीको नाम है, सो जीवको दैन्य होय तब प्रभुकों दया आवे । दैन्यवारेनके हृदयमें प्रभु प्रकट होय, अपने आनंद को अनुभव सर्वथा करावे, प्रथम ताप होय ता पाछें दैन्य होय ।

૭) तापभावको भावन, विरहात्मक श्रीआचार्यजी के चरणारविंदके आश्रयतें होय । श्रीआचार्यजीके चरणको आश्रय करे तब भाव सिद्ध होय । सो श्रीआचार्यजीके चरणकमलको आश्रय कब होय ? जब श्रीआचार्यजीके वचनामृत श्रीसुबोधिनीजी आदि छोटे बडे ग्रन्थके भावमें निष्ठा होय, तब श्रीआचार्यजीके स्वरूप को ज्ञान होय । ता पाछे श्रीआचार्यजीके चरणकमलमें भाव होय तब चरणकमलको आश्रय होय ।

८) या मार्गमें जहांतांई दैन्य न आवे तहांतांई फलसिद्धि नांही है और अपनकों उत्तम जाने तहांतांई दैन्य न आवे । तातें अपनकों न्यून (तुच्छ) जानिकें प्रभुके मिलवेको यत्न करे तो प्रभु दुःखको नाशही करे ।

९) जब श्रीआचार्यजी महाप्रभुजीके वचनामृत सुबोधिनीजी निबंध आदि छोटे बडे ग्रन्थको विचार अहर्निश करिये, तब श्रीआचार्यजीकी कृपातें, आर्त्ति होय ।

१०) या पुष्टिमार्गमें आर्त्ति है सोही सर्वोपरि फल है, तातें प्रभुके दर्शनकी आर्त्ति राखनी, ता करि प्रभु कृपा करें, सो निरोधलक्षणमें श्रीआचार्यजी महाप्रभु कहें हैं, "क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् । तदा सर्वं सदानंद हृदिस्थं निर्गतं बहिः ॥" जैसें काष्ठके भीतर अग्नि है सो मथनतें बाहिर निकसे, तैसें ही प्रभुके दर्शनार्थ क्लेश करे तो प्रभु बाहिर प्रकटे ।

******



## ગ્રંથ નિરોધલક્ષણ - શ્રીસર્વોત્તમસ્તોત્ર
## ૨૫૨ વૈષ્ણવ વાર્તા-૯૮ : અજબકુંવરીબાઈ

નિરોધલક્ષણ ગ્રંથના હાર્દભાવ ઉપરાંત, નિરોધાવસ્થામાં અવિરત અભિરમતા, આ ગ્રંથના લીલોપદેશરૂપ અજબકુંવરીબાઈની વાર્તામાં, સર્વોત્તમજી કથિત આચાર્યચરણના ૧૦૮ નામો કેવી રીતે રમણ કરે છે એની ઝાંખી કરવાનો ય અહીં મારો યથામતિ પ્રયાસ છે. ગ્રંથમાં મહાપ્રભુજી નિરોધ માટે કહે છે કે; "नातः परतरो मन्त्रो नातः परतरः स्तवः । नातः परतरा विद्या तीर्थं नातः परात्परम् ॥" અર્થાત્ નિરોધની અવસ્થા એ પુષ્ટિમાર્ગીય ભક્તિની પૂર્ણદશા છે. આચાર્યજીના ૧૦૮ નામમાં પણ ૧ અને ૮ મળીને ૯ નો પૂર્ણાંક થાય છે. આમ નિરોધની સ્થિતિ પૂર્ણ છે તેમ આચાર્યજીના ૧૦૮ નામ પણ પૂર્ણ હોવાથી સર્વોત્તમજીના એક એક નામના આપણને અજબકુંવરીની વાર્તામાં સતત દર્શન થાય એ સ્વાભાવિક જ છે. વાસ્તવમાં તો શ્રીમહાપ્રભુજીનું સર્વોત્તમજી કથિત જે નામ અજબકુંવરીબાઈના હૃદયમાં પ્રકટ થાય છે, એ નામ સંબંધિત સર્વ ભાવો, કુંવરીમાં વિલસવા લાગે છે. શ્રીવલ્લભનું સર્વોત્તમજીમાં આવતું પ્રત્યેક નામ મહામંત્રરૂપ છે. "ષોડશગ્રંથગત ઉપદેશો અને તેમની ૨૮ વાર્તાઓ" નામના મારા ભાગ-બીજામાં મેં આચાર્યચરણના પ્રત્યેક નામ સાથે શ્રીવિઠ્ઠલેશનું એ સંબંધિત નામરત્નાખ્યનું નામ જોડયું છે, જેની સંગતિ અહીં પણ લઈ લેવી. જેમ કે વાર્તા કહે છે; "तब अजबकुंवरि बाईने कही, मीरांबाई सों, जो-तुम कहो तो हों इनकी सेवकिनी होंउं । तब मीरांबाईने नाहीं करी ।" ગુસાંઈજીના

શરણે જવાની ના કહેવી એ એક "માયાવાદ" છે. આના નિરાકરણ માટે આચાર્યજીનું સર્વોત્તમજીમાં નામ છે; "मायावादनिराकर्ता" અને શ્રીવિઠ્ઠલેશનું "मायावाद निरासकृत् ." શ્રીવલ્લભવિઠ્ઠલની કૃપાથી આવો માયાવાદ નિરસ્ત થતાં જ, વાર્તા કહે છે તેમ; "तब अजबकुंवरि बाई कों महा विरह-ताप भयो और ज्वर आयो । तब मीरांबाईने पूछ्यो, जो-तोकों कहा भयो ? अब ही तो आछी हती । तब अजबकुंवरि बाई ने कह्यो, जो-हों तो श्रीगुसांईजी की सेवकिनी होउंगी । मैं तो उन कों दरसन करत साक्षात् श्रीकृष्ण देखे । तातें ताप भयो ।" અજબકુંવરી બાઈ શ્રીગુસાંઈજીના શરણે આવે છે પણ મીરાંબાઈ નથી આવતા, કારણકે પ્રભુચરણને શરણે ન જવાનું કહેનાર વાદી, એવા મીરાંબાઈને મહાપ્રભુજીનું નામ નિરસ્ત કરે છે. સર્વોત્તમજી કહે છે; "सर्ववादिनिरासकृत्" અને નામરત્નાખ્ય કહે છે; "नानाभ्रम निराकर्ता ." અર્થાત્ વિઠ્ઠલેશ સંબંધીત ભ્રમ કરવાવાળાને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મળતો નથી. આવી રીતે આ વાર્તામાં આચાર્યજી સાથે ગુસાંઈજીના ૧૦૮ નામની બધે ય ઠેકાણે સંગતિ કરી લેવી. ખૂબસુરતી તો એ છે કે મીરાંબાઈ જેવા જગત વિખ્યાત ભક્તને શ્રીવિઠ્ઠલેશમાં વિશેષ દર્શન નથી થતાં કારણકે આપે એ વખતે મીરાંબાઈ માટે "प्राकृतानुकृतिव्याजमोहितासुर-मानुष" કે નામરત્નાખ્ય રચિત "दुर्दृश्य" સ્વરૂપ ધારણ કર્યું છે. અહીં અસુરનો અર્થ આસુરી ન લેવો કારણકે મીરાંબાઈ મર્યાદા માર્ગના દૈવી જીવ છે. પરંતુ એ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરવા જેવા "સુર" કે "શૂરવીર" નથી એટલે અ-સુર છે. મીરાંબાઈ પ્રભુની વાણી સાથે સંકળાયેલા મર્યાદા સૃષ્ટિના જીવ છે અને અજબ, શ્રીઠાકુરજીની શ્રીઅંગની સૃષ્ટિ છે. તેથી વાર્તા કહે છે; "पाछें थारि कौ



महाप्रसाद अजबकुंवरि बाई कों दीनो । सो लेत मात्र सर्व ज्ञान स्फुर्त भयो ।" આચાર્યજીનું અહીં પ્રકટ થતું નામ છે; "विबुधेश्वर ." મીરાંબાઈના સંગથી રંચક પણ અજબમાં રહેલો "માયાવાદ" આચાર્યજીના "मायावादाख्यतूलाग्नि" નામથી ભસ્મ થાય છે અને "ब्रह्मवादनिरूपक" ના નામને કારણે વાર્તા કહે છે તેમ; "सर्व ज्ञान स्फुर्त भयो ।"

નિરોધલક્ષણ ગ્રંથ અને તેના લીલોપદેશરૂપ આ વાર્તામાં, શ્રીગોકુલનાથજીએ સર્વોત્તમજીનો જે અસ્ખલિત પ્રવાહ વહેવા દીધો છે, તેને થોડો પહેલાં માણી લઈએ. વાર્તા કહે છે; "ता पाछें श्रीगुसांईजी उत्थापन के समै गादी तकियन पर विराज कै कथा कही ।" "वाक्पति"ની કથાથી અહીં પ્રકટ થતું સર્વોત્તમજીનું નામ છે; "कृपयैतत् कथाप्रद ." વાર્તા કહે છે કે; "ता समै आत्मनिवेदन कौ प्रसंग कह्यो ।" અને શ્રીગુસાંઈજી "उपासनादिमार्गातिमुग्धमोहनिवारक" બને છે. આવા મોહની નિવૃત્તિપૂર્વક શ્રીવિઠ્ઠલેશે કથા કહેતી વખતે શ્રીભાગવતજીના પીયૂષ સમુદ્રનું મંથન કર્યું છે. સર્વોત્તમજી કહે છે; "श्रीभागवतपीयूषसमुद्रमथनक्षम ." આ મંથનથી પ્રકટ થતું શ્રીવલ્લભનું નામ છે; "रासस्त्रीभावपूरितविग्रह." અજબના હૃદયને આ રાસ સ્ત્રીભાવ વિગ્રહ સ્પર્શી જાય છે. અર્થાત્ નિવેદનના સારરૂપ એવો પ્રભુ માટે, એમને સર્વ સમર્પણનો ભાવ પલ્લવિત થાય છે. વાર્તા કહે છે; "तब अजबकुंवरि बाई ने श्रीगुसांईजी सों विनती कीनी, जो-महाराज ! मोकों कृपा करि कै आत्मनिवेदन करवायो चाहिए । ता पाछें श्रीगुसांईजीने विधि पूर्वक आत्मनिवेदन करवायो ।" મહાપ્રભુજીનું "निखिलेष्टदः" સ્વરૂપ ત્યાં અજબના અંતરમાં આવિષ્કૃત થાય છે એટલે ગોકુલનાથજી વાર્તામાં

કહે છે કે ગુસાંઈજીએ અજબને "पाछें सर्व मार्ग की रीति सिखाई ।" માર્ગની રીતિ શિખવાડી એટલે પુષ્ટિમાર્ગનો આચાર શિખવાડ્યો. આચાર્યજીનું "भक्ताचारोपदेष्टा" નામ અહીં "सहजस्मित" કરી રહ્યું છે કારણકે સેવામાર્ગપ્રવર્તક મહાપ્રભુ "कर्ममार्गप्रवर्तक" છે. સર્વોત્તમજીની આવી અદ્‌ભુત તરંગાવલીઓને અસ્ખલિત રીતે ગતિમાન કરતાં વાર્તા આગળ કહે છે; "ता पाछें श्रीगुसांईजी विजय करिवे कों विदाय भए सो चले । तब तुरत ही अजबकुंवरि बाई कों विरह उपज्यो ।" પુષ્ટિભક્તિમાર્ગનો અહીં વિરહાત્મક "યાગ" પ્રકટ થાય છે કારણકે વિરહાત્મિકા સેવા જ પરમફલનું અપ્રતિમ સાધન છે. "यागादौ भक्तिमार्गैकसाधनत्वोपदेशक ." આવા વિરહરૂપ "पिता"નો પુત્ર "દૈન્ય" હોવાથી, દીનતાથી અજબકુંવરી બાઈ શ્રીવિઠ્ઠલેશને વિનન્તી કરે છે કે; "जो -महाराज ! राज के दरसन बिनु मोतें रह्यो नहीं जात है । मेरे प्रान रहेंगे नाहीं। तब श्रीगुसांईजी अपनी पादुका पधराय दिये । और श्रीमुख सों कहे, जो-तोकों जब विरह-ताप होंइ तब इनकौ दरसन करियो ।" વિરહાવસ્થામાં નિર્વાહ કરવા "पृथक्शरणं मार्गोपदेष्टा" શ્રીગુસાંઈજી, કૃપા કરીને, અજબકુંવરીને પાદુકાજીનો આશ્રય સોંપે છે. ભક્તિ કરતી વખતે પુષ્ટિજીવ પ્રભુ તરફ જતો હોય છે. પરંતુ જીવ જયારે આશ્રય કરે ત્યારે ભગવાન એની સામે આવે છે અને દર્શન દે છે. વાર્તા કહે છે; "सो श्रीपादुकाजी सब सानुभावता जनावे, बातें करें ।" અજબકુંવરી બાઈના પ્રેમને કૃષ્ણ પ્રત્યે જગાડનાર "कृष्णहार्दवित्" શ્રીવિઠ્ઠલેશપ્રભુ એમને ભગવદ્‌વાર્તા કરે છે. વાર્તા કહે છે; "सो श्रीगुसांईजी सब वार्ता करते ।" વિઠ્ઠલેશની વાણી



સ્વરૂપાત્મક છે. વાણીની ફલશ્રુતિ દર્શાવતાં વાર્તા પુનઃ કહે છે; "पाछें श्रीगुसांईजी की कृपा तें अजबकुंवरि बाई कों साक्षात् श्रीगोर्वधननाथजी हू दरसन देन लागे ।" આચાર્યચરણનું આ પ્રસંગમાં રમણ કરતું નામ છે; तत्त्वसूत्रभाष्यप्रवर्तकः . અજબકુંવરીબાઈની વાર્તાનું "તત્ત્વ" છે; શ્રીવિઠ્ઠલેશની કૃપા, "સૂત્ર" છે; એમની માથે બિરાજતાં શ્રીગુસાંઈજીના પાદુકાજી, જે અજબને સત્સંગ કરાવીને ઠાકુરજીના ગુણગાન અને લીલાનું "ભાષ્ય" કુંવરીને નિત્ય સમજાવે છે. અજબકુંવરીના ભાવઉદ્‌બોધનનું આ મુખ્ય સ્રોત છે.

અજબકુંવરી બાઈની વાર્તામાં આવી રીતે થોડી શી પ્રારંભની ભૂમિકા આપીને તો ભક્તભાવજ્ઞ અને શ્રીવલ્લભહાર્દવિત્ શ્રીગોકુલનાથજીએ, નિરોધલક્ષણ ગ્રંથના અખિલ સ્વરૂપને સંક્ષિપ્તમાં સમજાવી દીધું છે. કેવી રીતે ? ભક્તિવર્ધિની ગ્રંથ કથિત સેવા અને કથાપક્ષ અને સંન્યાસનિર્ણય ગ્રંથમાં વર્ણવેલ વિવિધ વિરહકક્ષાઓના સંમિશ્રણથી તો નિરોધ સિદ્ધ થાય છે. જેમ કે, અજબકુંવરી બાઈ પણ ભગવત્સેવા કરી રહ્યાં છે અને ગુસાંઈજી પાસે ભગવત્કથા સાંભળે છે. ભગવત્કથા કરીને, ભાગવતજીના દશમ સ્કંધના છેલ્લા છ અધ્યાય, જે ગુણ પ્રકરણના છે, તેને અહીં શ્રીગુસાંઈજી તાદૃશ કરે છે અને અજબકુંવરીનો ગુણનિરોધ પણ સિદ્ધ કરે છે. સંયોગ વિપ્રયોગનું ચક્ર ગતિમાન થયેલા અજબની વ્રજભક્તો જેવી દશા છે. "गोपीनां परमानन्दः आसीद् गोविन्ददर्शने क्षणं युगशतमिव यासां येन विना भवेत् ः ." ભક્તિવર્ધિની ગ્રંથ કથિત સેવાયાં વા કથાયાં વા અજબકુંવરી બાઈને અનોસરમાં ઉપલબ્ધ નથી

ત્યારે તે ભગવદાશ્રય અને વિપ્રયોગ કરે છે. विरहानुभवैकार्थ सर्वत्यागोपदेशक નામના અનુસંધાનમાં, શ્રીજીના વિરહમાં અજબકુંવરીબાઈ વાર્તા કહે છે તેમ; "जलपान न करे, परि रहे ।" આ વાર્તામાં આચાર્યજીનો ઉપદેશાત્મક નિરોધલક્ષણ ગ્રંથ, એના લીલોપદેશરૂપ અજબની વાર્તા અને એના નામોપદેશ રૂપ શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીના ૧૦૮ નામોનું પરસ્પર રમણ, ભક્તિના કોઈ અનિર્વચનીય લીલામૃત સ્વાદને ઉપલબ્ધ કરાવનારું છે. અજબકુંવરીની વાર્તામાં, ભક્તિવર્ધિની અને સંન્યાસનિર્ણય ગ્રંથના વિવિધ પહેલુની તરંગો, કેટલી સોહામણી બનીને વહી રહી છે એની દ્રવીભૂત સુધાનો પણ આનંદ માણવાની અહીં વિનમ્ર કોશિષ છે.

આ સ્વાદને માણતા પહેલાં સહેજ જોઈ લઈએ કે નિરોધ શું છે ? કોઈ જીવને કોઈમાં આસક્તિ થાય એ નિરોધનું લક્ષણ નથી કારણકે મનુષ્યની આવી આસક્તિ તો એને સંસારમાં પણ થઈ શકે છે. તેમજ પ્રપંચનો ત્યાગ કરવાથી પણ પુષ્ટિભક્તિમાર્ગીય નિરોધ સિદ્ધ થતો નથી. કારણકે આવો ત્યાગ જ્ઞાનમાર્ગીય હોવાથી, તે મોક્ષનું સાધન બને છે. આચાર્યચરણે નિરોધલક્ષણ ગ્રંથમાં સમજાવેલ નિરોધનું સ્વરૂપલક્ષણ છે; "प्रपंचविस्मृतिपूर्वकभगवदासक्ति ." આ ભાવને પ્રતિપાદન કરતું સર્વોત્તમજીનું નામ છે; "तत्कथाक्षिप्तचित्त" અને "तदविस्मृतान्य ." નિરોધની અવસ્થામાં પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ એ ભગવલ્લીલાનો "વ્યાપાર" છે. સંસારમાં રહીને ગૃહસેવા કરવાથી ધીરે ધીરે, પુષ્ટિજીવનું, પ્રપંચમાં અન્યમનસ્ક થતું મન, પ્રભુમાં લાગવા માંડે છે. પ્રપંચ તો કેવળ ભૂતલ પર જ હોય છે, વૈકુંઠમાં નહિ, કારણકે વૈકુંઠમાં



અન્યમનસ્ક થવાનું કોઈ પ્રયોજન જ નથી હોતું. તેથી જ, વૈષ્ણવને દુર્લભ એવા નિરોધની ઉપલબ્ધિ કેવલ ભૂતલ પર જ થઈ શકે છે. આમ પોતાના ગૃહમાં ઠાકુરજીને પધરાવીને, સમર્પણ અને નિર્ગુણ ભક્તિભાવથી ભગવત્સેવા કરવાથી, સેવ્યસ્વરૂપમાં ક્રમશઃ પ્રેમ, આસક્તિ અને વ્યસન સિદ્ધ થાય છે અને તત્પશ્ચાત્ નિરોધ. શરૂઆતની અવસ્થામાં વૈષ્ણવ, પોતાને આનંદ આવે છે એના માટે સેવા કરતો હોય તો એ વખતે, પુષ્ટિજીવનો ભોક્તાભાવ પ્રકટ હોય છે. મહાપ્રભુજીનું સર્વોત્તમજીમાં તત્સંબંધિત નામ છે; "भक्तसेवित ." ભોક્તાભાવમાંથી ઉત્ક્રાન્તિ પામીને વૈષ્ણવ જયારે ભગવત્સુખના વિચારથી સમર્પિત થઈને ભગવત્સેવા કરે છે ત્યારે એના હૃદયમાં શ્રીમહાપ્રભુજીનું "सुखसेव्य" નામ આવિષ્કૃત થાય છે. સેવ્યસ્વરૂપનો, સેવક માટે જયારે ગૂઢસ્ત્રીભાવ પ્રકટ થઈ જાય છે, ત્યારે પ્રભુ ભોગ્ય બને છે અને સેવક ભોક્તા. એ વખતે, આવા ભગવદીયના અંતરમાં શ્રીવલ્લભનું "दुराराध्य" નામ રમણ કરતું હોય છે. આમ સાધનનિરોધથી લઈને ફલનિરોધ સુધીની સંપૂર્ણ યાત્રાનાં દર્શન અજબકુંવરી બાઈની વાર્તામાં છે.

પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદ્ભક્તિનો માર્ગ સમજાવવા ગ્રંથમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; "संसारावेशदुष्टानाम् इन्द्रियाणां हिताय वै । कृष्णस्य सर्ववस्तूनि भूम्न ईशस्य योजयेत् ॥" આચાર્યજીનો નિરોધલક્ષણ ગ્રંથમાં પણ આમ મુખ્ય આગ્રહ તો સેવાનો જ છે કારણકે સર્વેન્દ્રિયનું ભગવત્સમર્પણ કેવલ કથા પક્ષમય જીવન જીવવાથી થતું નથી. જે ઈન્દ્રિય ઠાકુરજીમાં સમર્પિત થતી ન હોય એનો નિગ્રહ કરવાનું મહાપ્રભુજી

ગ્રંથમાં સમજાવે છે; "**यस्य वा भगवत्कार्यं यदा स्पष्टं न दृश्यते । तदा विनिग्रहस् तस्य कर्तव्यः इति निश्चयः ॥**" ભગવદ્વિનિયોગ થનાર આવી ઈન્દ્રિયોને પુષ્ટિજીવે કેટલા જતનથી રાખીને એને પ્રભુમાં જોડવી જોઈએ તે હરિરાયજી પ્રથમ શિક્ષાપત્રમાં સમજાવે છે. "**भगवत्सेवा में अपने हृदयको इन्द्रियको अति शुद्ध राखे, लौकिकावेश विषयकी भावना न करे । लौकिक देह संबंधी के सुखदुःख मनमें न राखे । लौकिक वैदिक सुखदुःख है सो यह देहसंबंधी है और भगवत्सेवा संबंधी सुखदुःख है सो आत्मसंबंधी जन्मजन्मको है ।**"

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત અનુસાર એ સમજી લેવું આવશ્યક છે કે શ્રીકૃષ્ણના અનવતારકાલમાં કૃષ્ણની તનુવિત્તજા સેવા, અવતારકાલમાં થયેલ ભગવલ્લીલાનું સ્થાન લે છે. તેથી જ ભગવત્સેવા સંપૂર્ણ રીતે લીલાત્મિકા હોવાથી તે જીવનું પ્રપંચમાંથી મન હટાવીને પ્રભુમાં આસક્ત કરાવે છે. જે જે વૈષ્ણવને ત્યાં ઠાકુરજી બિરાજે છે એમને ત્યાં પધારવા ભગવલ્લીલા સ્વયં આકર્ષિત થઈ જાય છે. દેહેન્દ્રિયાદિથી ભગવત્સેવા કરતો પુષ્ટિજીવ, પોતાની અહંતાને ભગવત્સમર્પિત કરતો હોય છે અને વિત્તાદિ દ્વારા મમતાને. ગૃહમાં ઠાકુરજી બિરાજે તો ઘરમાં અનાત્મતા રહેતી નથી. વૈષ્ણવનું ઘર જ ગોકુલ કે ગોલોકધામ બની જાય છે. તેથી ગોકુલ એવું સ્વગૃહ જ નિરોધ સિદ્ધ કરવાનું સ્થાન છે. **गोकुलं निरोधस्थानं.** શ્રીવલ્લભપ્રભુ અને શ્રીવિઠ્ઠલેશપ્રભુનો કૃપાપાત્ર જીવ, ઘરમાં બેસીને જ આમ નિરોધ પ્રાપ્ત કરી શકે, એં જ વૈષ્ણવનાં સ્વગૃહમાં કરેલા વ્રજવાસની અવધિ છે. આચાર્યચરણનું "**व्रजप्रिय**" નામ હૃદયમાં પધારે ત્યારે આવો વ્રજવાસ સિદ્ધ



થાય છે. "**प्रियव्रजस्थिति**" અને "**पुष्टिलीलाकर्ता**" નામના આવેશથી નિરોધયુક્ત ભક્તનું મન સદા ભગવલ્લીલામાં રમણ કરતું થઈ જાય છે. "સદા મન શ્રીગોકુલમેં રહીયે." સ્વગૃહમાં બેસીને કૃષ્ણસેવા કરનાર જીવ મહાપ્રભુજીના "**रहःप्रिय**" નામનો પણ આસ્વાદ માણી શકે છે. સંયોગમાં તે પ્રભુની સાથેનો એકાંત માણે છે અને અનોસરમાં ઠાકુરજીની શોધમાં વિરહાનંદ. અજબકુંવરી બાઈ કૃષ્ણ સાથેની આવી "**रहःप्रिय**" અવસ્થાના અસામાન્ય પુષ્ટિજીવ છે.

પુષ્ટિજીવને જ્યારે કૃષ્ણના સ્વરૂપ અને નામ એમ ઉભયમાં આસક્તિ થાય છે ત્યારે નિરોધ સિદ્ધ થાય છે. જેમકે "કૃષ્ણનામ જબતેં શ્રવણ સૂન્યો રી આલી રી" કીર્તનમાં કૃષ્ણ નામના નિરોધનાં દર્શન થાય છે. બસોબાવન વૈષ્ણવની વાર્તામાં એક માજીએ, પોતાના પ્રચુરભાવથી, લાલનને મદનમોહનજી કરી દીધાં, એ એમનો કૃષ્ણસ્વરૂપમાં અનન્યાસક્તિ પૂર્વકનો નિરોધ છે. અજબકુંવરીબાઈને ભગવત્સ્વરૂપ અને ગુણગાન એમ ઉભયમાં આસક્તિ છે. જેને જે સ્વરૂપમાં નિરોધ હોય એને એ સ્વરૂપમાંથી જ પૂર્ણ સંતોષ થાય તો તે નિરોધની પરાકાષ્ઠા છે. અજબકુંવરી બાઈને ગોવર્ધનધરમાં સ્વરૂપાસક્તિ છે. અહીં મહાપ્રભુજીના "**पूर्णकाम**" નામનો પ્રકટ આવિર્ભાવ છે. એક સ્વરૂપાસક્તિવાળો પુષ્ટિજીવ, પ્રભુના વ્યાપક સ્વરૂપને જાણીને ઠાકુરજીના એક સાકાર સ્વરૂપને અનન્ય રીતે નિર્ગુણભાવથી ચાહે છે. આચાર્યજીનું "**ब्रह्मवादनिरूपक**" અને "**साकारब्रह्मवादैकस्थापक**" સ્વરૂપ હૃદયમાં બિરાજમાન થાય ત્યારે આવી ઉપલબ્ધિ થાય છે. અજબકુંવરી માટે ભગવાને, પોતાનું જે સ્વરૂપ, ગુણ અને લીલા પ્રકટ કર્યાં

છે, તેમાં તે તલ્લીન થઈ ગયાં છે, ત્યારે તેમને ઠાકુરજીનો નિરોધ સિદ્ધ થઈ ગયો છે. વ્યાપક હોવા છતાંય પરમાત્મા પોતે પણ, જે સ્વરૂપે આ ભક્ત માટે સાકાર બન્યા છે, એમાં, પ્રભુમાં ય એ ભગવદીય માટેના નિરોધનાં બીજ રોપાઈ ગયાં હોય છે. આત્મકામ પ્રભુ જ્યારે પુષ્ટિજીવ માટે ભક્તકામ બને છે ત્યારે ભગવાનનો ભક્ત માટેનો નિરોધ પૂર બહારમાં ખીલી ઊઠે છે. યોગેશ્વરેશ્વર એવા વ્રજના ઠાકુર નંદકુંવરનો, મેવાડની કુંવરી અજબ માટેનો નિરોધ, ભક્તવશ્ય દશામાં, આ પ્રક્રિયામાંથી જ પ્રાદુર્ભૂત થયો છે. અર્થાત્ અજબકુંવરી બાઈમાં હવે શ્રીમહાપ્રભુજીના "भक्तपरायण" નામનો આવિષ્કાર થઈ ગયો છે. પ્રભુ ભક્તમાં આવી રીતે ક્યારે નિરુદ્ધ થાય એનો ભેદ શ્રીનાથજી સ્વયં દયારામભાઈને સમજાવે છે. "શ્રીમુખ બોલ્યા શ્રીહરિ"માં દયારામભાઈ લખે છે કે;

"શ્રીમહાપ્રભુજી સ્વતંત્ર પુરુષ શ્રીમુખ સાંભળિયું,
તેમની કૃપા જયાં તેનું ભાગ્ય અતિ બળિયું."

આ રહસ્યને કારણે અજબકુંવરીમાં પ્રકટ થયેલું શ્રીમહાપ્રભુજીનું નામ છે "दुर्लभांघ्रिसरोरुह." વાસ્તવમાં તો મહદ્ એવા "महाकारुणिक" અને "विभु" એવા શ્રીગુસાંઈજીના પરમકૃપાપાત્ર સેવક અજબકુંવરીના માધ્યમથી "स्वानन्दतुन्दिल" શ્રીનાથજી સ્વયં, પોતાના રસસ્વરૂપનો સ્વરૂપાનુભવ કરી રહ્યા છે. નિરોધલક્ષણ ગ્રંથ અને એની લીલોપદેશરૂપ અજબકુંવરીબાઈની વાર્તાનું આ એક વિલક્ષણ તાત્પર્ય છે. કૃષ્ણાવતારમાં રસસ્વરૂપ કૃષ્ણનો જેમ ગોપિકાઓએ પરમાનુભવ કર્યો તેમ અજબકુંવરી



બાઈ જેવા મહાન ભગવદીય પણ શ્રીનાથજીના રસસ્વરૂપને માણે છે સુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; "रसस्तु गोपिकाभिरेवमुक्तः ते एव ही रसं जानन्ति ये तदेकोपजीविनो भवन्ति ।" વાસ્તવમાં, નિરોધની અવસ્થામાં તો ભગવાન અને ભક્ત બન્ને પરસ્પર રસોપજીવિની છે. આ દશાનાં દર્શન કીર્તનમાં કરી લઈએ.

"રંગ મચ્યૌ લાલ રંગીલી પ્યારી રાધા ।
એક તન એક મન એક હી સમાન દોઉ ।
નૈકહુ ન ન્યારે વ્હૈ સકત પલ આધા ॥"

અહીં શ્રીવલ્લભના "अदेयदानदक्ष" નામનાં પ્રકટ દર્શન છે.

જેને પ્રભુ નિરોધનું પ્રદાન કરે છે, એવા મહાનકૃપાપાત્ર ભગવદીય, ઠાકુરના સ્વરૂપને સંપૂર્ણ રીતે માણી શકે એના માટે ભગવાન, પોતાને, એ જીવના માટે સર્વ રીતે અનૂકુલ બનાવે છે. ભગવાન ભક્તના સ્વભાવાનુસાર પોતાને ઢાળે છે. પુષ્ટિના ઠાકુર "सर्वशक्तिधृक्" હોવા છતાંય નિવેદિતાત્માને ઉપર ઉઠાવવામાં, પોતે કેટલા નીચે ઉતરી શકે છે એનાં દર્શન તો નિરોધરૂપ ભાગવંતજીના દશમ સ્કંધની લીલાઓમાં પ્રકટ છે. ઠાકુરજીનો ભક્તો માટેનો આ "કરણ નિરોધ" છે અથવા તો ભગવદીયના નિરોધનું અસાધારણ કારણ છે. વ્રજની ગ્વાલિનીનો નિરોધ સિદ્ધ કરવા, શ્રુતિ અગોચર પરાત્પર પરબ્રહ્મ પોતે ગ્વાલિયા બને છે. યશોદાને નિરુદ્ધ કરવા બાલક બને છે કે ગોવાળોના સખા. ભક્તોમાં નિરુદ્ધ થયેલા आनंदमात्रकरपादमुखोदरादि પરમાત્માની મૃદુલતમ ભક્તવત્સલતા તો જુઓ ! વ્રજાંગનાઓમાં નિરુદ્ધ એવા સર્વસમર્થ શુદ્ધ પુષ્ટિ

પુરુષોત્તમ ગોપીજનોને કહે છે કે; "તમારા ઋણમાંથી હું મુક્ત ક્યારેય નહિ થઈ શકું." "ये भजन्ति तु मा भक्त्या मयि ते तेषु चाप्यहम् _ _ _ न पारयेहं" मित्यादि वाक्यैः (શ્રીહરિરાયજી). ભાગવતજીના દશમ સ્કંધના ગૂઢાર્થરૂપ અહીં કૃષ્ણનો સ્ત્રીગૂઢભાવ પ્રક્ટ થઈ જતો હોવાથી આ લીલામાં પ્રક્ટ થતું આચાર્યજીનું નામ છે; "श्रीभागवतगूढार्थप्रकाशनपरायण." જીવ પ્રભુની ભક્તિ કરે એ ભાગવતજીનો અર્થ છે, ભગવાન ભક્તની ભક્તિ કરે એ એનો ગૂઢાર્થ છે. સારસ્વતકલ્પમાં શ્રીકૃષ્ણ વિરહમાં તડપતી વ્રજવલ્લવીઓ માટે ભગવાન મથુરા છોડીને વ્રજમાં ન ગયાં. પરંતુ આચાર્યચરણે ભાગવતનો ગૂઢાર્થ પ્રકટ કરેલ હોવાથી, કલિયુગમાં, એ જ શ્રીકૃષ્ણે, શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલની અમિતકૃપાથી, મેવાડની કુંવરી અજબના રુશિયા બનીને, અજબને, વ્રજ છોડીને મેવાડમાં રહેવાનું વચન આપી દીધું છે. અજબની આવી ગજબ લીલાઓ છે.

"निरुद्धानां तु रोधाय निरोधं वर्णयामि ते ।" આ પ્રસંગમાં આચાર્યચરણનો સિદ્ધાંત શો છે તે સમજવા જેવો છે. નિરોધની અવસ્થા પુષ્ટિભક્તિથી પણ ઉપર હોવાથી, પુષ્ટિભક્તિ આવા નિરોધને સિદ્ધ કરી શકતી નથી. પરંતુ ભગવાન સ્વયં જ્યારે નિરોધને ઉત્પન્ન કરવાનું સાધન બને છે, ત્યારે નિરોધના પ્રાદુર્ભાવમાં, પુષ્ટિભક્તિ, એક નિમિત્ત માત્ર બને છે. પુષ્ટિજીવના સાધનથી નિરોધ સિદ્ધ થતો નથી એ સમજાવતાં હરિરાયચરણ નિરોધલક્ષણ ગ્રંથની ટીકામાં આજ્ઞા કરે છે; "न हि निरोधः कदाचिदपि स्वकृतसाधनैः सिद्धति." મહાપ્રભુજી જીવના સાધન કરે ત્યારે એ સિદ્ધ થાય છે. સર્વોત્તમજી કહે છે; "स्वदासार्थकृताशेष साधन ." "અશેષ



સાધન" એના માટે કહ્યું કે નિરોધ સિદ્ધ થાય ત્યાં સુધી જ શ્રીવલ્લભ પુષ્ટિજીવના સાધન કરતાં નથી, પણ એની સિદ્ધિ થયા પછી પણ આપ ભગવાન અને ભગવદીય વચ્ચેના રમણને અસ્ખલિત રાખે છે. આચાર્યજીના સાક્ષિસ્વરૂપનો સ્વભાવ જ આવો महोदार અને નિતાન્ત મુલાયમ છે.

પ્રેમસ્વરૂપ હરિ જ્યારે પુષ્ટિજીવને પ્રેમનું દાન કરે છે ત્યારે "વિશેષ અનુગ્રહથી" નિરોધ ઉપલબ્ધ થાય છે. "વિશેષ અનુગ્રહ"નો અર્થ એવો થાય છે કે સર્વાત્મભાવથી સિદ્ધ થવાવાળા ફલને, જે જીવને દેવા માટે ભગવાન ઈચ્છા કરે છે, એવા ભક્ત પર, ઠાકુરનો "વિશેષ અનુગ્રહ" થયો કહેવાય છે. આવી અવસ્થામાં પ્રભુનો ગૂઢસ્ત્રીભાવ પ્રક્ટ થઈ જાય છે અને એવી પરમોત્કૃષ્ટ દશામાં જીવને અનુભૂત થતું શ્રીમહાપ્રભુજીનું નામ છે; "सर्वाज्ञात ." અજબકુંવરી બાઈ પર, આવી કૃપા થઈ છે. આવી કૃપાનો કલાપ કેવો રમણીય છે એનાં દર્શન માટે "अहं निरुद्धो रोधेन"ની વ્યાખ્યામાં શ્રીગોકુલનાથજીની આજ્ઞા સમજવા જેવી છે. ગોકુલેશપ્રભુ કહે છે કે નિરોધની સિદ્ધિ પહેલાં "રોધ" નામક એક "ઉત્કૃષ્ટ ભાવાવસ્થા" ભક્તમાં સ્થાયી થઈ જાય છે, જેનું પ્રદાન ઠાકુરજી સ્વયં જીવને કરે છે, કારણકે કયા જીવને વશ થવું કે ન થવું એ પ્રભુની ઈચ્છા પર નિર્ભર છે. આવું ઉત્કૃષ્ટ દાન ન થયું હોય ત્યાં સુધી પુષ્ટિજીવે આવા "ભાવ"ના અંશરૂપ દુઃખ (વિરહ) અને સુખ (સંયોગ)નું દાન પ્રભુ મને ક્યારે કરશે એની ભાવના કરવી અને એ ન થાય તો એની ચાહના કરીને વાટ જોવી. એટલે જ આચાર્યચરણ નિરોધલક્ષણ ગ્રંથના પહેલા અને બીજા શ્લોકમાં કહે છે "तद्दुःखं स्यात् मम क्वचित्"

અને "यत् सुखं समभूत् तन् मे भगवान् किं विधास्यति ।" અજબકુંવરી બાઈની વાર્તામાં સંયોગસુખ અને વિયોગજનિત વિરહ, એમ પૂર્વોત્તર દલાત્મક ઉભય પક્ષનાં વિશાલ દર્શન છે. પ્રથમ શિક્ષાપત્રમાં હરિરાયજી આજ્ઞા કરે છે; "सेवाके अनवसरमें (अनोसर में) वियोगानुभव करिके निर्वाह करे (व्रजभक्त वेणुगीत युगलगीतसों विप्रयोग को अनुभव करते तैसें करे) और जैसे व्रजभक्त श्रीनंदरायजीके घर आयके श्रीठाकुरजी को दर्शन करत हैं ता भावको स्मरण करिये तो व्रजभक्तनकी कृपातें याहूको भावदान होय ।"

ફલનિરોધની અવસ્થામાં અજબકુંવરી, ભગવાનમાં તલ્લીન છે અને પ્રભુ આ ભક્તમાં. અહીં મહાપ્રભુજીના "अतिमोहन" નામનાં સ્પષ્ટ દર્શન છે. સેવક અને સેવ્યને અન્ય વિસ્મારક બનાવી, પરસ્પરાસક્ત બનાવનારી નિરોધની આવી વિલક્ષણ અવસ્થા છે. સર્વોત્તમજી ગુંજન કરે છે; "सर्वासक्त" અને "भक्तमात्रासक्त ." આ અવસ્થામાં, વિરહવેળા કેવલ ભક્ત જ તપ્ત નથી થતાં પણ પ્રભુ પણ થાય છે. "પતિન્તપાવન ." પરમ ભગવદીય નાગરીદાસજીના કીર્તનમાં પરસ્પર નિરોધની દશાના સુરમ્ય દર્શન કરીશું તો ખ્યાલ આવશે કે અજબકુંવરીને કઈ કક્ષાનો ફલનિરોધ છે.

"દોઉ ચંદ્રમાસી દોઉ ચકોર,
ઈકરસ નેહ ઈકરસ પ્રકાસ ।
દુહુનીકી જીવની હૈ, દુહનીકી રૂપ સુધા,
દુહનીકે નૈનની પિબત પ્યાસ ॥
દોઉ છબી રાસ, દોઉ સુખ કે નિવાસ,
સદા સહજ પ્રસન્નવદન હિયે હુલ્લાસ ।



દોઉ રંગ રસકી ખાન, દુહનીકે એક પ્રાન,
નાગરિયા નાગર નિતિ નિકુંજ વાસ ॥

પુષ્ટિજીવને નિરોધ સિદ્ધ થાય તેની પૂર્વદશા કેવી હોય તે શ્રીહરિરાયચરણ ચોથા શિક્ષાપત્રમાં સમજાવે છે; "नेत्र को मुख्यधर्म यह है जो प्रभुको दर्शन करनो, हाथको यह धर्म है जो सेवा करनी, अरु श्रवनसों भगवत्कथा सुननी, मुखसों भगवन्नाम लेनो, देहमें आलस्य न राखनो, तत्काल उठनो, भगवद्धर्ममें यह जाननो जो आज बने सो करि लेऊं, कलि कहा जानिये कहा होयगो । या भांति श्रीमहाप्रभुजीको आश्रय करे ।" પ્રભુમાં તલ્લીન થયેલા અજબકુંવરી બાઈ જેવા ભગવદીયોની એવી વિલક્ષણ અવસ્થા હોય છે કે તેઓ જાગતાં, સૂતાં, ચાલતાં, વાર્તાલાપ કરતાં, સ્નાન કે ભોજન કરતી વખતે પણ કૃષ્ણમાં જ અવિચ્છિન્ન તલ્લીન હોય છે. આચાર્યજીના અહીં "तल्लीलाप्रेमपूरित" નામનાં પ્રકટ દર્શન છે. આવા કૃપાપાત્ર મહાન ભગવદીયોને કૃષ્ણની સંયોગ અને વિપ્રયોગ લીલાઓની ગહેરાઈથી અવિરત અનુભવ થતો હોય છે. યોગમાર્ગમાં કહ્યું તેમ આવા ભગવદીયોની કેવલ ચિત્તવૃત્તિ જ પ્રભુમાં નિરુદ્ધ નથી હોતી, પણ એમના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, આત્મા અને આત્મીય કૃષ્ણભજનમાં અખંડિત તત્પર રહેતાં હોય છે. પુષ્ટિભક્તિમાર્ગમાં આનાથી ઉપર કોઈ અવસ્થા નથી એ શ્રીમહાપ્રભુજી નિરોધલક્ષણ ગ્રંથના છેલ્લા શ્લોકમાં સમજાવે છે.

"नातः परतरो मन्त्रो नातः परतरः स्तवः ।
नातः परतरा विद्या तीर्थं नातः परात्परम् ॥"

નિરોધની આવી પરતમ અવસ્થાનું જ્ઞાન કરાવનાર, મહદ્‌ના મહદ્, આચાર્યચરણનું સર્વોત્તમજીમાં નામ છે; "पर" નામરત્નાખ્ય શ્રીવિઠ્ઠલેશને માટે પણ કહે છે; "पर ."

નિરોધાવસ્થામાં અજબકુંવરીના પ્રભુ પ્રત્યેના "સર્વાંગ આકર્ષણ" અને "સર્વાત્મના સમર્પણ"ના કારણે એમને આવો નિરોધ સિદ્ધ થાય છે. પ્રભુના સર્વાંગમાં આકર્ષિત કરતું આચાર્યજીનું નામ છે; "सहजसुन्दर" અને સર્વ સમર્પણની ભાવના અખંડિત કરતું નામ છે; "सुखसेव्य ." અજબકુંવરીબાઈનું ગોવર્ધનધરના સર્વાંગમાં આકર્ષણ કેવી રીતે હશે તે બારમા શિક્ષાપત્રના માધ્યમથી અવલોકી લઈએ; "है पुरुषोत्तम ! सब तें पर ऐसे सर्वोपर तुम्हारे सर्व अंग रुचिर हैं, जा अंगको दर्शन होत है तहां नेन लागि रहत हैं, सो भगवदीय गाये हैं (રાગ નટ) "रूप देख नेनां पलक लागे नाहीं । श्रीगोवर्धनधर के अंग अंग पर निरखि नेन मन रहत तहिं ॥" या भांति सर्वांगरुचिर हैं और प्रेमकरि पूरित हैं, सर्वांगमें प्रेमरस भरि रह्यो है ।" અજબકુંવરી જેવા નિરુદ્ધ ભક્તના પ્રભુ પ્રત્યેના આવા આકર્ષણ અને સમર્પણના કારણે તો ઠાકુરજીનો पुष्टिसृष्टि च कायेनનો જે અણમોલ મનોરથ છે, તે અહીં પૂર્ણરીતે પુષ્ટ થાય છે. પ્રભુ સાથે નિરુપાધિક સ્નેહ કરનાર બડભાગી અનન્યાસક્ત અજબકુંવરીની અવધિરૂપ અવસ્થા નિરોધ છે. નિરુદ્ધ ભક્તની દશા કેવી છે તે કીર્તન સમજાવે છે;

"ઈહિ વિધિ યે છૂટત નહીં ઐસે ।
નાગરિયા જલ મીનો જૈસે ॥"

અજબ જેવા આવા અનન્યભક્તો ઠાકુરજીની પ્રત્યેક ઈચ્છાને



સમજી શકે છે. સર્વોત્તમજી કહે છે; "निगूढहृदयोऽनन्यभक्तेषु ज्ञापिताशय ."

ઉપનિષદ કહે છે કે પ્રભુ સ્વયં "રસ" છે અને પરમાત્માએ જગતની આ લીલાને રસના રૂપમાં પ્રક્ટ કરી છે. અજબકુંવરી બાઈને પણ નિરોધાવસ્થામાં ઠાકુરજીની રસાત્મક સ્વરૂપાનુભૂતિ અને લીલાનુભૂતિ થતી હોય છે. "लीलामृतरसार्द्रार्द्री कृताखिलशरीरभृत् ." નિરુદ્ધ એવા અજબકુંવર, ગોવર્ધનધરના સ્વરૂપાનંદ અને લીલાનંદને કેવલ અદ્વૈત કે દ્વૈતથી નથી માણતા પણ બન્નેનું સમતોલપણું એવી રીતે જાળવે છે કે જયાં ચાહે તે બાજુમાં તે ઢળી શકે છે. સ્વતંત્ર ભક્તિના આવા સોહામણાં સંસ્કાર છે અને આવા સંસ્કારને સહજતાથી પનપવા દેવા માટે સર્વસમર્થ પ્રભુ, જીવને ધીરે ધીરે નિરોધની દશામાં લઈ જાય છે, તેથી જ "विभु" હોવા છતાંય શ્રીમહાપ્રભુજી "दैवोद्धारप्रयत्नात्मा" પણ છે, ષોડશગ્રંથમાં આચાર્યજી જીવને સોળે શણગારે સજાવી એને પ્રભુ પાસે મોકલવા ચાહે છે. જીવને જો અચાનક નિરોધ સિદ્ધ થઈ જાય તો એવો જીવ લીલામાં આનંદરસનો એટલો વિશેષ અનુભવ ન કરી શકે એમ શ્રીવલ્લભ ઈન્દ્રયાગના પ્રસંગમાં સમજાવે છે; "शनैः शनै निरोधकर्तृमिच्छा नत्वेकदैव सर्वप्रकारकं तं कर्तृं तथा सति लीलारसो न स्याद् ."

પ્રથમ શિક્ષાપત્રમાં હરિરાયજી સમજાવે છે કે પુષ્ટિજીવનો પ્રભુ સાથેનો સંબંધ ભાવાત્મક છે. "भगवत्स्वरूपमें भावहीते स्पर्श करे, तैसेंही सब देहसंबंधी क्रिया वाहीमें करे क्यों जो भावात्माको सर्व अनुभव भावतें होय अन्यथा न होय ।" આવા

ભાવાત્મક સંબંધને સમજાવતાં મહાપ્રભુજી નિરોધલક્ષણ ગ્રંથમાં આજ્ઞા કરે છેકે;

"हरिमूर्तिः सदा ध्येया संकल्पादपि तत्र हि ।
दर्शनं स्पर्शनं स्पष्टं तथा कृतिगती सदा ॥
श्रवणं कीर्तनं स्पष्टं पुत्रे कृष्णप्रिये रतिः ।"

આવો ભાવાત્મક સંબંધ હૃદયમાં પલ્લવિત થાય એના માટે ગોકુલનાથજી આ ગ્રંથની ટીકામાં સમજાવે છેકે નિરોધનું મુખ્ય ફલ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પુષ્ટિજીવે ભગવદ્‌ગુણગાન કરતાં રહેવું જોઈએ. એના કારણે જીવમાં ભાવ ઉદ્દીપન થતો રહેશે. આવા ગુણગાનથી વૈષ્ણવને બીજો શો લાભ થાય છે તે હરિરાયજી દશમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "परमानंदरूप भगवानके गुण विचारि विचारि अपने दोष विचारि विचारि चिंतन करे तब प्रभुके हृदयमें दया आवे ।" કૃષ્ણનાં ગુણગાન કરવાની લલક જીવને ત્યારે જાગે છે જયારે એના હૃદયમાં આચાર્યજીનું "यशःपीयूषलहरीप्लावितान्यरस" નામ અભિરમણ કરે છે. શ્રીવિઠ્ઠલેશે, મહાપ્રભુજીનું આ નામ અજબના હૃદયમાં સ્થાપ્યા પછી એમને ભગવદ્‌વાર્તા સંભળાવે છે. અજબકુંવરીમાં શ્રીનાથજી માટે પ્રજ્વલીત થયેલા પ્રગાઢ ભાવનું આ રહસ્ય છે. આનંદરૂપ કૃષ્ણનો અમૃતમય મહિમા રસસાગરરૂપ છે. એનો આસ્વાદ લેવાથી જીવમાં પરમાનંદની ધારા વહે છે અને જીવમાંથી રાગ, દ્વેષ, સુખ, દુઃખાદિ નિવૃત્ત થઈ જાય છે. ગ્રંથ કહે છે; "गुणगाने सुखावाप्तिः गोविन्दस्य प्रजायते ।" ગોપીગીત કહે છે; "तव कथामृतं तप्तजीवनम् कविभिरीडितं कल्मषापहम् ." અહીં એક અવિરૂદ્ધ વિરોધાભાસ એવો છે કે ભગવદ્‌ગુણગાન કરવાથી ભગવત્સ્મૃતિ થતાં, જીવમાં ભગવદ્‌વિરહ



જાગે છે અને એ જ ગુણગાન વિરહમાં પુષ્ટિજીવનો નિર્વાહ કરાવે છે. આમ ગુણગાનનો બન્ને બાજુ ઉગ્રપ્રતાપ છે. સર્વોત્તમજી કહે છે; "उग्रप्रताप" અને "वाक्सीधु पूरिताशेषसेवक ."

એટલું લક્ષમાં રાખવું આવશ્યક છે કે ગુણગાનથી જીવને ઉત્પન્ન થતું સુખ એ નિરોધનું અવાન્તર ફલ છે. ભગવદ્‌ગુણગાનથી જીવને સચ્ચિદાનંદતા પ્રાપ્ત થાય છે, પરંતુ આવા ગુણગાન, આચાર્યજીએ જલભેદગ્રંથમાં દર્શાવેલ ઉત્તમવક્તા પાસેથી સાંભળવાથી, સચ્ચિદાનંદ અવાન્તર ફલ બની જાય છે અને આવો જીવ, ભજનાનંદનો પથિક બને છે. જલભેદ ગ્રંથ કથિત ઉત્તમ વક્તા એવા શ્રીવિઠ્ઠલેશ પાસેથી ભગવદ્‌ગુણાનુવાદ શ્રવણ કરનાર અજબકુંવરી, આવી રીતે ભજનાનંદના મુખ્ય અધિકારી બન્યા છે. અહીં આચાર્યચરણનું પ્રકટ થતું નામ છે; "भक्त्याचारोपदेशार्थनानावाक्यनिरूपक ." ગ્રંથના લીલોપદેશરૂપ અજબની વાર્તાથી સ્પષ્ટ સમજાય છે કે નિરોધને ઉત્પન્ન કરનાર બે નિમિત્ત કારણ છે. ઠાકુરજીનાં ગુણગાન અને ભાવનું ભાવન. અજબનો અધ્યાસ પણ ભગવદ્રૂપ જ છે. ગ્રંથ આજ્ઞા કરે છે; "बाधशंकाऽपि नास्त्यत्र तद् अध्यासोऽपि सिद्ध्यति ।" આ અવસ્થાની સિદ્ધિ માટે મહાપ્રભુજી નિરોધલક્ષણગ્રંથમાં સમજાવે છે કે "इन्द्रियाणां हिताय वै । कृष्णस्य सर्ववस्तूनि भूम्न ईशस्य योजयेत् ॥" સુબોધિનીજીની કારિકામાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શાસ્ત્રોએ ઈન્દ્રિયોને મૃત્યુરૂપ કહી છે. "इन्द्रियाणि समस्तानां मृत्यवः समुदाहृताः ." તેથી જ ઈન્દ્રિયોને પ્રભુ સાથે રમતી રાખવાથી, જીવના આવા સમર્પણથી સંતુષ્ટ થયેલા ભગવાન, એની સાથે લીલા કરવા લાગે છે. અજબકુંવરીબાઈની ઈન્દ્રિયોનો વિષય શ્રીગોવર્ધનધર

બની ગયા હોવાથી એમને શરૂઆતથી જ સર્વાત્મભાવની દિશા મળી જાય છે અને તદન્તર સર્વાત્મભાવ સિદ્ધ થઈ જાય છે. ગૃહમાં ઠાકુરજીને પધરાવીને સમર્પિત રહેવું એ સર્વાત્મભાવ પ્રાપ્ત કરવા માટે અનિવાર્ય છે. ઘેર ઠાકુરજી બીરાજતા હશે તો ગ્રંથના પહેલા અને બીજા શ્લોકમાં કહ્યું તેમ વૈષ્ણવને પ્રભુ સંબંધિત દુ:ખ કે સુખ થશે. ઠાકુરજી સંબંધિત વિવિધ એકાંતિક મનોરથો કરવાની ભાવના પનપશે અને આવા મનોરથોની કામનામાંથી પ્રાદુર્ભૂત થતો ભાવ રસરૂપ બનશે. આવી રીતે પુષ્ટિભક્તિમાર્ગના પથ પર અભિગમન કરનાર અજબકુંવર પર સંતુષ્ટ થઈને ગોવર્ધનધર, ભાગવતજીમાં દશમસ્કંધમાં કહેવાયેલ નિરોધલીલાનું કુંવરીને દાન કરે છે. "संतुष्टो भगवांस्तेषु स्वलीलां चेत् करोति । भक्तिमार्गानुसारेण निस्तारो नान्यथा भवेत् ।" તેથી આચાર્યજીના પુષ્ટિભક્તિમાર્ગના સર્વ પહેલુઓ વિલક્ષણ છે. "भक्तिमार्गे सर्वमार्गवैलक्षण्यानुभूतिकृत्." આની અનુભૂતિ આપણને અજબકુંવરી બાઈની વાર્તામાં સ્પષ્ટ થાય છે. જેમ કે ઠાકુરજીની સાથે સંયોગ કે વિપ્રયોગ, લીલાઓના કે ભક્તિના વિવિધ પહેલુઓની અનુભૂતિ કરવી કે ભગવદ્‌ગુણાનુવાદ કરવા ઈત્યાદિ.

શ્રીપ્રભુચરણ પણ અજબ માટે ત્યાં સાક્ષાત્ પ્રકટ થાય છે એનું કારણ સમજાવતાં વાર્તા કહે છે; "सो जब श्रीगुसांईजी कौ दरसन न होंइ तब अजबकुंवरि बाई को विरह-ताप होंई ।" એના નિવારણ માટે ગુસાંઈજી પોતાનાં પાદુકાજી અજબને માથે પધરાવી આપે છે. આ પ્રસંગને વર્ણવતાં અજબકુંવરી બાઈ પોતાના કવિતમાં સ્વયં લખે છે કે;



"વિરહ તાપ જબ હોય મન દેખે ટેરો ખોલ,
શ્રીવિઠ્ઠલ ગિરિધરન વપુ દરસ સરસ મુખ બોલ."

આચાર્યજીના "यज्ञकर्ता" સ્વરૂપે અજબને વિપ્રયોગનું દાન થાય છે. અજબનો પ્રગાઢ વિરહ તાપ પ્રભુચરણને, "यज्ञभोक्ता" સ્વરૂપે ત્યાં પ્રકટ થવા મજબૂર કરી દે છે. ગ્રંથ કહે છે;

"क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् ।
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः ॥"

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પોતાના સેવકો પોતાની તરફ જ વળે એવો વિચાર ક્યારેય પણ રાખતા નથી, પણ એમને પ્રભુ તરફ વાળવાનો અતિ આગ્રહ રાખે છે. સર્વોત્તમજી તેથી પિતાપુત્રને "ગુરુ" કહે છે. કૃષ્ણ માટે ભાવ ઉદ્દીપન થાય એના માટે શ્રીવિઠ્ઠલેશ અજબકુંવરને કૃષ્ણ સંબંધિત વચનામૃત કહે છે, પોતાની ભક્તિ કરાવવા નહિ. ગુસાંઈજીએ કરેલા વચનામૃતની ફલશ્રુતિ દર્શાવતાં વાર્તા કહે છે; "पाछें श्रीगुसांईजी की कृपा तें अजबकुंवरि बाई कौं साक्षात् श्रीगोवर्धननाथजी हू दरसन देन लागे ।" શ્રીગુસાંઈજીના આવા અનિર્વચનીય માહાત્મ્યને પ્રકાશિત કરતાં નામરત્નાખ્ય કહે છે; "अचिन्त्यमहिमामेयो" અથવા સર્વોત્તમજી આજ્ઞા કરે છે; "स्ववंशेस्थापिताशेषस्वमाहात्म्य ."

નિરોધની સિદ્ધિ માટે વિપ્રયોગનું કેટલું વિપુલ મહત્ત્વ છે તે હરિરાયજી આઠમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "प्रभुकों मिलवेकी आर्ति है सों साधन है, वा आर्तिसमान कोऊ साधन नांही है और फलहू आर्ति है । हृदयमें आर्ति होय तो

भगवत्सेवास्मरण सब होय और प्रभु कृपा करे अनुभव करावे । ज्यों ज्यों आर्ति बढे त्यों त्यों अधिक अनुभव प्रभु करावे, तातें आर्ति है सो व्रजाधिपति के संगम करायवेमें कारण है ।" અજબકુંવરીબાઈ ગોવર્ધનધરને આત્મતયા ચાહે છે, એને અનુભૂત કરે છે અને અનોસરમાં આત્માથી પ્રભુને જ્યારે બહાર શોધે છે ત્યારે એમને વિપ્રયોગાનુભૂતિ થાય છે. વાર્તા કહે છે; "जा दिन (गोवर्धननाथजी को) दरसन न होय ता दिन (अजब) जलपान न करे, परि रहे । ता पाछें श्रीगोवर्धननाथजी जब पांव धारे तब दरसन करे । ता पाछें जो-कछू नौतन नौतन सामग्री सिद्ध करिकै राखती सो श्रीनाथजी कों भोग समर्पे ।" આનું રહસ્ય એ છે કે અજબકુંવરીને શ્રીજીની કેવલ દર્શનાસક્તિ નથી પણ સર્વેન્દ્રિયથી એ પ્રભુને સમર્પિત થવા ઝંખે છે. તેથી જ, અજબ, ઠાકુરજીને નૂતન સામગ્રી નિત્ય અરોગાવે છે. કુંવરીની ભગવદાસક્તિ એટલી સુદૃઢ છે કે એમને ગુસાંઈજીની કૃપાથી પ્રબલ વિશ્વાસ છે કે એમના વિપ્રયોગને ઠાકુરજી અવશ્ય સકારાત્મક પ્રતિસાદ આપીને પ્રકટ થશે. એટલે અજબ પહેલેથી જ નૂતન સામગ્રી સિદ્ધ કરી રાખે છે. આમ અજબકુંવરી બાઈ શ્રીગોવર્ધનનાથજીના કેવલ સ્વરૂપાનંદના નહિ, પણ ભજનાનંદના ઉચ્ચ અધિકારી છે. "ભજન ભેદ ન્યારો પરમાનંદ જાનત વિરલા કોઈ." મહાપ્રભુજીના "कृपादृक्वृष्टिसंहृष्ट" અને "दासदासिप्रिय" નામનાં અહીં પ્રકટ દર્શન છે.

નિરોધાવસ્થામાં અજબકુંવરી બાઈની કાયા, વાક્ અને મનની વૃત્તિઓ ભગવદ્મય બની ગઈ છે. સુબોધિનીજીમાં આચાર્યજી સમજાવે છે; "एवं कायावाङ्मनोवृत्तयो भगवत्युक्ता."



ગોપીજનોને વનાન્તર લીલામાં પધારેલ કૃષ્ણનો વાસરવેળા વિરહ છે અને સાયંકાલે પ્રભુ ગોકુલમાં "પાંવ ધારે" છે ત્યારે તેમનો આવો વિરહ ભગવદ્દર્શનથી નિવૃત્ત થાય છે એ જ લીલાનું નિરૂપણ કરતાં ગોકુલનાથજી વાર્તામાં કહે છે; "ता पाछें श्रीगोवर्द्धननाथजी जब पांव धारे तब (अजबकुंवरि बाई) दर्शन करे ।" સારસ્વત કલ્પની કૃષ્ણાવતાર વેળાની લીલા અને ઘેર ઠાકુરજી બિરાજે ત્યારે પ્રકટ થતી લીલામાં કોઈ તારતમ્ય નથી એ સમજાવતાં ગોકુલનાથજી અહીં પણ ઠાકુરજી માટે "પાંવધારે" કહે છે. વિયોગ પછીની સંયોગાવસ્થાનું સુખ સમજાવતાં મહાપ્રભુજી ગ્રંથમાં આજ્ઞા કરે છે;

"गोकुले गोपिकानां च सर्वेषां व्रजवासिनाम् ।
यत् सुखं समभूत् तन्मे भगवान् किं विधास्यति ॥"

ગોવર્ધનધર જ્યારે અજબને ઘેર પુનઃ "પાંવ ધારે" છે ત્યારે કુંવરીની પણ અહીં ગોપીજન જેવી જ સુખમયી અવસ્થાનાં દર્શન વાર્તા કરાવે છે; "सो श्रीगोवर्द्धननाथजी आप वासों बातें करें, चोपड खेलें ।" આવા સંયોગ અને વિપ્રયોગના સાતત્યથી અજબકુંવરી બાઈને નિરોધની અવસ્થા સિદ્ધ થઈ છે. એમને ગોવર્ધનધરની બાહ્યાભ્યંતર અનુભૂતિ છે. "भक्तिमार्गाब्जमार्तण्ड"ની જ્યારે નિતાન્ત કૃપા થાય ત્યારે પુષ્ટિજીવની અંદર રહેલું ભક્તિનું કમલ પૂર્ણરીતે ખીલે છે અને એને નિરોધાવસ્થામાં અભિગમન કરાવે છે. અજબકુંવરીના સ્નેહના પ્રાચુર્યથી, શ્રીનાથજી, એમના હૃદયમાં ભાવનીયરૂપે પણ બિરાજમાન છે. સુબોધિનીજીમાં શ્રીવલ્લભ આજ્ઞા કરે છે; "स्नेहो हि भगवन्मुप स्थापयति हृदये ।" "हरिमूर्तिः सदा ध्येया संकल्पात्"થી પ્રભુને

હૃદયમાં પધરાવવાની પ્રક્રિયા આચાર્યચરણે જે ગ્રંથમાં દર્શાવી છે તેને કેવી રીતે સિદ્ધ કરવી તે હરિરાયજી અગિયારમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "श्रीकृष्ण फलात्मक, रसात्मक, भावात्मक, स्वरूपात्मक हैं, तिनको स्मरण सदा करनो, लीला सहित भक्तनसहित स्मरण करनो, काहे तें जो रसात्मक श्रीकृष्ण व्रजभक्तनके संग अष्टप्रहर लीला करत हैं, ऐसो श्रीकृष्णको स्मरण करिये, ता करि हृदयमें सदा पुरुषोत्तम स्थित रहे, यह रीति भक्तकी है, जाको ध्यान करे सो हृदयमें आवे ।"

અજબકુંવરીનો શ્રીજી પ્રત્યેનો અગાધ સ્નેહ એ સ્પષ્ટ દર્શાવે છે કે એમનામાં મહાપ્રભુજીનું "वल्लभाख्य" નામ પ્રકટ થઈ ગયું છે. કૃષ્ણનાં મુખારવિંદ સ્વરૂપ મહાપ્રભુજી આનંદાત્મક અગ્નિ છે. આ અગ્નિસ્વરૂપ ભગવત્સેવા વેળા, અજબકુંવરના અંગઅંગમાં ઉષ્ણતા બક્ષે છે અને અનોસરમાં એમનો વિપ્રયોગ પ્રાણઘાતક ન થાય એના માટે આ ભગવદીયને आन्तरन्तु महाफलम्‌ની અવસ્થામાં પણ રમણ કરાવે છે. આચાર્યચરણનું "प्रतिक्षणनिकुंजस्थलीलारससुपूरित" નામાત્મક સ્વરૂપ અજબમાં વિદ્યમાન હોવાથી, એમને બાહ્યાભ્યાંતર લીલાનુભૂતિ છે. શ્રીવલ્લભના આવાં વિલક્ષણ સ્વરૂપને સમજાવતાં વલ્લભદાસજી ચોપાઈમાં ગાય છે;

"जब संयोग महारस बाढे ।
तब करि कृपा विरह रस काढे ॥
विरह कृपा संयोग सुहावन ।
पिय प्यारी अनुराग बढावन ॥"

આમ આચાર્યચરણ સ્વયં સંયોગ-વિપ્રયોગાત્મક દ્વિદલાત્મક



સ્વરૂપ છે. પરસ્પરના રમણમાં ભગવાન અને ભક્ત વિભોર થઈ જાય ત્યારે "लीलाकर्ता" આચાર્યચરણનું સાક્ષિ સ્વરૂપ ઉભયમાં વિપ્રયોગનો ભાવ ઉદ્દીપન કરીને એમને નૂતન લીલામાં અભિસાર કરાવે છે અને અતિવિરહમાં યુગલ હોય ત્યારે એમને સંયોગલીલામાં તાદાત્મ્ય કરી દે છે. ઉદ્દીપન અને તાદાત્મ્યનું નિત્યલીલાધામમાં જે અપરિમિત cycle ચાલે છે, એ જ અજબકુંવરની પુષ્ટિમાર્ગીય જીવન પ્રણાલીમાં અખંડિત વિદ્યમાન છે. અજબની આવી વિલક્ષણ અવસ્થાને સમજાવવા માટે, નાગરીદાસજીના પદમાં, સંયોગલીલાનાં તાદાત્મ્યમાં પ્રકટ થતાં ઉદ્દીપન વિભાવના સહજ દર્શન કરી લઈએ;

"પ્યારી જુ બજાવૈ બીન, ગાવત હૈ પ્રિય પ્રવિન,
પ્રીતમ બજાવૈ જબ ગાવે સંગ પ્યારી ।
પ્યારી જુ સરાહૈ તબ પ્રીતમ નવાવૈ સીસ ।
પ્રીતમ સરાહૈ તબ મુસક્યાત પ્યારી ॥"

આજ પદમાં યુગલ સરકારને તાદાત્મ્યના ભાવમાં પ્રવિષ્ટ થતાં નિરખીને ભક્ત ગાય છે;

"પિય લઈ લાય ઉર નાગરિયા પ્યારી ."

મહદ્ એવા "महोदारचरित्रवान्" આચાર્યજીની કૃપાથી, વ્રજલીલા સમક્ષ, અજબકુંવરીબાઈની વાર્તા, નિરોધલક્ષણ ગ્રંથનો લીલોપદેશ હોવાથી, આ વાર્તામાં પણ નિત્યલીલાસ્થલીસ્થ ઉદ્દીપન અને તાદાત્મ્યની cycleનાં સુરમ્ય દર્શન થાય છે. વાર્તા કહે છે; "सो श्रीगोवर्द्धननाथजी आप वासों बातें करें, चोपड खेलें । हास्यादिक करें ।" આ પ્રસંગને અજબકુંવરી

બાઈ પોતાના કવિતમાં લખે છે;

"ચોપટ ખેલન હાસ્યરસ ઉત્તમ ધામ સિંહાર,
રાજે નંદનંદન સરુચિ-ઘર શ્રીઅજબકુંવર."

ચોપટ માંડીને અજબકુંવરીબાઈ શ્રીજીના ભાવને ઉદ્દીપન કરે છે તો ઠાકુરજી હાસ્યવિનોદાત્મક વાર્તાલાપ કરીને, અજબકુંવરીના ગૂઢભાવથી માંડેલી ચોપટમાં પ્રભુ હારવા તૈયાર થઈ જાય છે. વ્રજલીલામાં ચોપટનો ઉલ્લેખ નથી તો ભગવાનને ચોપટમાં રુચિ હશે તે અજબે કેવી રીતે જાણ્યું હશે ? કુંવરીના અંતરમાં મહાપ્રભુજી "श्रीकृष्णज्ञानद" નામે બિરાજે છે, એટલે જાણ્યું. અજબકુંવરીના અંતર્યામિ શ્રીનાથજી છે તેમ શ્રીજીના અંતર્યામિ અજબ છે, એટલે જાણ્યું. તદુપરાંત આચાર્યજીનો સિદ્ધાંત એવો છે કે જે વૈષ્ણવ, પોતાની રુચિને પ્રભુની પણ એવી જ રુચિ છે એમ દૃઢતયા માનીને, પોતાની એવી રુચિને પ્રભુ સાથે માણવા ચાહે છે, તો ઠાકુરજી પણ અતિ ઉત્સાહથી પોતાની પણ એવી જ રુચિ છે એમ માનીને ભક્તની રુચિને માણે છે. શ્રુતિની દૃષ્ટિથી જોઈએ તો, શ્રીવિઠ્ઠલેશની કૃપાથી, અજબકુંવરી પ્રભુની પ્રત્યેક રુચિથી અભિજ્ઞાત છે કારણકે કૃષ્ણને જાણ્યા અને માણ્યા પછી અજબ, કૃષ્ણને સંપૂર્ણ રીતે જાણી જાય છે. શ્રુતિ કહે છે; "यस्मिन् विदिते, सर्वमिदं विदितं भवति ।" ભક્તને ભગવાનની સર્વજ્ઞતા ત્યારે આવે છે, જ્યારે શ્રીવલ્લભ એમના હૃદયમાં "वैश्वानर" સ્વરૂપે બિરાજે છે. વૈશ્વાનરનો અર્થ છે "विश्वान् नरान् नयति ." અહીં અજબ પણ પ્રભુને ચોપટ દ્વારા "सुखे नयति ." ઠાકુરજી સાથે ચોપટ ખેલવાની જે લીલા છે, તે વ્રજભક્ત સમકક્ષ અજબકુંવરી બાઈની, વ્રજભક્તથી



હટીને એક "સ્વતંત્ર ભક્તિ"નો shade કે ઝાંઈ છે. આ ભગવદીય કૃષ્ણને પોતાના આત્માના આત્મારૂપે માને છે તો શ્રીનાથજી પણ અજબને એમના આત્માના આત્મા તરીકે માણે છે. અજબકુંવરીબાઈ નિરોધલક્ષણ ગ્રંથ પ્રતિપાદિત કઈ કોટિના વિલક્ષણ ભગવદીય છે એનાં દર્શન વલ્લભદાસજી પાસે કરી લઈએ;

"जिनिके चरण परत जिहि ठाम । होत तहां वृन्दावन धाम ॥
सर्व अंग उत्संग मदन से । रोम रोम गोविन्द सदनसे ॥
जिनि की दृष्टि नेक जहां परे । तहां प्रेम सागर सो भरे ॥
जहाँ परे इनिकी पग धूरि । सो थल परम भाग्यमय भूरि ॥"

એટલે જ ઉદ્ધવજીએ ગોપીજનોની ચરણરજ મળે એના માટે વ્રજમાં ગુલ્મલતા થવાની ભાવના કરી. આવા અનુપમ ભાવને અભિવ્યક્ત કરતાં હરિરાયજી પંદરમા શિક્ષાપત્રમાં સમજાવે છે; "यह दशा उद्धवजीकी भई सो गोपीजनके चरणकमल की रजकी आशा करिकें गुल्मलता औषधिकी प्रार्थना करी, सो भावात्मक भगवान् व्रजभक्तनके हृदयमें स्थित हैं तो भावरूप श्रीआचार्यजी महाप्रभुजी हैं तिनके चरणकमलको स्मरण सदा करे ।"

અજબકુંવરી જેવા ભગવદીય જ્યાં બિરાજે છે ત્યાં વૃન્દાવન પ્રકટ છે. એવા વૃન્દાવનમાં પ્રવેશ કરવા ગોવર્ધનનાથજી આકર્ષાય એ સ્વાભાવિક છે. "वृन्दारण्यम् स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः ." એટલે જ વાર્તા પણ કહે છે; "अजबकुंवरिबाई कों साक्षात् श्रीगोवर्द्धननाथजी हू दरसन देन लागे ।" પ્રભુ અજબને સાક્ષાત્ દર્શન દે છે એટલે કુંવરીને ઠાકુરજીનું

સ્પર્શનાદિ પણ સાક્ષાત્ છે. ગ્રંથ કહે છે; "दर्शनं स्पर्शनं स्पष्टं तथा कृति-गती सदा ." ચોપટાદિ ખેલ વખતે અજબની પ્રભુસંગ कृतिगती પણ સાક્ષાત્ છે. અજબકુંવરી બાઈની આ અલૌકિક સામર્થ્ય કે તનુત્વની નિરોધાવસ્થા છે, જેમાં ભક્ત અને ભગવાનને આવા સાક્ષાત્ મુલાયમ લીલાત્મક વ્યવહાર સિવાય બીજું કાંઈ ચેન જ નથી પડતું. આચાર્યજીનું "पूर्णानन्द" નામસ્વરૂપ હૃદયમાં બિરાજે ત્યારે આ અવસ્થા ઉપલબ્ધ થાય છે. અજબકુંવરી બાઈને આવી સાક્ષાત્ અનુભૂતિની દશા ઉપલબ્ધ થઈ એ પહેલાં એમની શી અવસ્થા હશે એ દયારામભાઈ સમજાવે છે;

"નિરખે નેત્ર નંદલાલને, શ્રુતિકથા, રટે મુખનામ
નાસિકા સુંઘે પ્રેમશું, પ્રસાદી તુલસી પુષ્પ દામ.
દામ ઘ્રાણ કરે, કર હરિ સેવા, દોડે ચરણ પ્રભુ દર્શન લેવા,
મનધ્યાન નટવર છબિ શ્યામ, સર્વાંગે કરે પ્રભુને દંડવત્ પ્રણામ."

વાસ્તવમાં તો અજબકુંવરીની અવસ્થા "तन्मनस्क, तदालाप, तद्विचेष्ट, तदात्मक, तद्गुणगानपरायण" છે. પ્રભુના સંયોગમાં એમને ઠાકુરજીના ઘનીભૂત સ્વરૂપની અનુભૂતિ છે, અને ગુણગાનમાં દ્રવિભૂત રસની. આમ અજબકુંવરી नटवरवपु સ્વરૂપની અખિલાનુભૂતિ કરે છે. ભગવદ્સંયોગમાં એમને પ્રભુની સ્વરૂપાનુભૂતિ છે અને વિયોગમાં વિપ્રયોગ અથવા તો અંતરનિષ્ઠાના આંતરસંયોગની. અજબને થતું આંતરસુખદાન રસનાટન છે અને બાહ્ય સુખદાન રસરૂપ અપરોક્ષ ભોગ છે. અજબની દશા સર્વાત્મભાવની છે.

આવી નિરોધની અવસ્થામાં "ब्रह्मवादनिरूपक" શ્રીમહાપ્રભુજી,



બ્રહ્માત્મક એવા પ્રપંચની વિસ્મૃતિ કરવાનું જીવને શા માટે કહેતા હશે ? પ્રપંચ, એ પરમાત્માએ સ્વલીલાર્થ લીધેલા નામરૂપો છે. પોતાનો પુષ્ટિજીવ પ્રભુના આવા બ્રહ્માત્મક રૂપમાં અટવાઈ જાય એ આચાર્યચરણ ઈચ્છતા નથી. પોતાના જીવને "साकारब्रह्मवाद"માં સ્થિર કરવા શ્રીમહાપ્રભુજી ચાહે છે, જેથી એને रसो वै सः સ્વરૂપની પ્રાપ્તિ થઈ શકે. કૃષ્ણનું આવું રસસ્વરૂપ વેદાતીત છે. જે "वेदपारगः" શ્રીવલ્લભ જાણે છે. શ્રીવલ્લભનો સિદ્ધાંત એવો છે કે જગતને જગદીશરૂપે જાણવું પણ માણવાનું જગદીશને જ છે, જગતને નહિ. ભગવાન પોતાના લીલાધામને ભૂલીને આપણે ઘેર પધાર્યા છે, તો આપણે પણ પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદ્ભજન કરવાનું છે. આવો ઉપદેશ આપનાર મહાપ્રભુજીનું નામ છે; "जनशिक्षाकृते कृष्णभक्तिकृत् ." अहं निरुद्धो रोधेन કહેનાર શ્રીવલ્લભ, નિરોધાવસ્થામાં જે પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિની મૃદુલ માધુરી અવિરત માણી રહ્યા છે, તેને માણવાનું, "महाकारुणिक" શ્રીવલ્લભ આપણા જેવા જીવને પણ સૂચવે છે. આવી પ્રપંચવિસ્મૃતિની અવસ્થામાં અજબકુંવરીબાઈને જ્યારે પ્રભુનાં દર્શન નથી થતાં ત્યારે પ્રચંડ વ્યાકુલીય ભાવમાં અજબ અતિ વિહ્વળ બની જાય છે. વાર્તા કહે છે; "जा दिन दरसन न होइ ता दिन जलपान न करे, परि रहे ।" સંન્યાસનિર્ણય ગ્રંથ કથિત विकलत्वं तथास्वास्थ्यंની આ દશા છે.

આમ સંયોગમાં અજબ જો મહાપ્રભુજીના "आनंद" નામની અનુભૂતિ કરે છે તો વિપ્રયોગમાં "परमानंद" નામની અથવા તો વિરહમાં આનંદ નામનો અનુભવ કરતાં કુંવરી સંયોગમાં પરમાનંદ માણે છે. આચાર્યચરણના રસાદ્વૈતવાદની

ખૂબસૂરતીનો આવો યુગ્મ છે. ગોવર્ધનધરની ભક્તવશ્ય લીલામાં અજબના અંતરમાં પ્રકટ થતું આચાર્યજીનું નામ છે; "श्रीकृष्णास्य ." કારણકે કૃષ્ણે પોતાનાં ગૂઢસ્ત્રીભાવને કેવલ કૃષ્ણાસ્યની તિજોરીમાં રાખ્યો છે. મહાપ્રભુજી જ પ્રભુના ભોગ્ય ભાવને ભક્તોમાં લહાણી કરવાનું મુખ્ય સ્રોત (distribution source) છે અજબકુંવરીબાઈને પણ ભોક્તાભાવની લ્હાણી કરાવનારું શ્રીમહાપ્રભુજીનું નામ છે; कृपानिधि . અર્થાત્ કૃષ્ણાસ્યની તિજોરીમાં કૃષ્ણનો જે ભોગ્યભાવ છે એ તિજોરી અજબ માટે कृपानिधि ખોલે છે. પ્રભુની આવી ઉત્તમ "કૃપા" જે ભગવદીય પર થાય એવા ભક્તની પોતાની બધીય "ઈચ્છા, જ્ઞાન અને ક્રિયા" પણ કેવલ ભગવત્ સંબંધિત હોય છે અને ત્યારે એમને નિરોધાત્મક "ફલ" મળે છે.

અજબકુંવરીનો વિપ્રયોગ સહન ન કરી શકનાર ગોવર્ધનધર, આચાર્યજીના "स्मृतिमात्रार्तिनाशन" નામને અનુલક્ષીને આર્તિનિવારણ કરે છે અને કુંવરીને પુન: દર્શન દે છે. વાર્તા કહે છે; "ता पाछें श्रीगोवर्द्धननाथजी जब पांवधारे तब दरसन करे ।" મહદ્ એવા મહાપ્રભુજી ગુસાંઈજીની કૃપાથી અજબને શ્રીવલ્લભનું "सद्रुप" અને "हितकृत् सताम्" નામ સુલભ છે. જેણે પોતાની અહંતા મમતાને ઠાકુરજીમાં સમર્પિત કરી છે એવા પુષ્ટિજીવને આ નામ પ્રતિસાદ આપે છે. ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે; "यामें यह जतायो, जो-गुरु मे अलौकिक बुद्धि दृढ होय तो ठाकुर कौ सान्निध्य आपही तें होई । ठाकुर इनके आधीन होंइ रहे ।" ગ્રંથ કહે છે; "महतां कृपया यावद् भगवान् दययिष्यति । तावद् आनन्दसन्दोहः



कीर्त्यमानः सुखाय हि ।" મહદ્ એવા શ્રીગુસાંઈજીની કૃપાથી અજબકુંવરી બાઈ વ્રજભક્તોના સમકક્ષ અનુભવ અને ગોવર્ધનધરનાં ગુણગાન કરે છે. એની ઝાંખી એમના જ પદમાં કરી લઈએ. ઠાકુરજી અજબ પાસે દહીં માંગી, મીઠી વાતો કરી અજબનાં નેત્રમાંથી એમના આત્મામાં પધારી જાય છે એ લીલાનાં ગુણગાન અજબ એમના જ પદમાં કરે છે;

"ઈંદુ તે જરાયા જરિ ગઈ હોં, જમુના જાય જાયા જાનો મેરે જીયકો જો ચિતવો તો ખરા હૈ,
ટુક ન કરાય કલ પર મોહની સી મેલી આજુ
મો સોં સપને મેં દહી કાજ લરા હૈ ॥
કહા કરોં કઠિન ભઈરી મો મુરતિ દેખેં સુરતિ
"અજબ" દાસિ થોરી જવાની ભરા હૈ,
સાઁવરે કન્હૈયા મો સોં ઐંઠિ ઐંઠિ વાતેં કીની,
આઁખિન કે પૈડે પૈંઠિ જિય કે પૈડે પરા હૈ ॥"

જ્યારે અજબકુંવરી બાઈ પ્રભુનાં આલંબન વિભાવરૂપ બની જાય છે, ત્યારે આચાર્યજીએ સુબોધિનીજીમાં સમજાવ્યું તેમ અજબ કૃષ્ણવલ્લભીમય रसाकारा जाता થઈ જાય છે. અહીં પ્રકટ થતું શ્રીવલ્લભનું નામ છે; "अंगीकृत्यैव गोपीशवल्लभीकृतमानवः ." આવા ગોવર્ધનધરની વલ્લભી અજબકુંવર, પ્રભુના गृहीतचित्ता બની જાય છે. તેથી જ ગિરિરાજજીમાં શ્રીજીનો અનોસર થાય છે અને પ્રભુ તુરત જ અજબને ત્યાં દિવસમાં બે વખત પધારે છે. વાર્તા કહે છે; "सो दोई समय इहां जब श्रीगुसांईजी अनोसर करते तब (गोवर्द्धननाथजी) उहां (अजब की पास) पधारते ।" શ્રીગુસાંઈજીના

અનોસર પછી શ્રીજી, અજબને ત્યાં પધારે છે કારણકે ગિરિરાજજીમાં ગિરિરાજધરણ શ્રીવિઠ્ઠલેશના અવતારની મર્યાદાપાળી મંદિરમાં બિરાજે છે. આ સંદર્ભમાં સર્વોત્તમજી આજ્ઞા કરે છે; "अंगीकृतौ समर्यादो ." "महाकारुणिक" હોવાથી અજબની આર્તિ પ્રભુથી સહન ન થવાથી કુંવરીને ત્યાં નિત્ય પધારે છે. ઠાકુરજી અજબકુંવરીના गृहीतचित्ता કે આધીન કેમ બની ગયા છે તે ભાવપ્રકાશમાં હરિરાયજી સમજાવે છે; "ठाकुरजी अपने जन कौ ताप सहि सकत नाहीं । तासों जो कोऊ भक्त विरह ताप करि उन कों भजत है, तिन के वे आधीन व्है रहत हैं । सदा सर्वदा निकट रहत है । सो यह पुष्टिमार्ग विरह आतुरता कौ है । तातें या मार्ग में श्रीगोवर्द्धननाथजी सदा सान्निध्य रहत हैं ।" નિરોધની અવસ્થામાં "तापक्लेशमार्ग आचार्येणनिरूपितः"નું આવું ગંભીર રહસ્ય છે. વિપ્રયોગ આર્તિની ગરિમા સમજાવતાં હરિરાયજી આઠમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે; "प्रभुकों मिलवेकी आर्ति है सो साधन है, वा आर्तिसमान कोऊ साधन नांही है और फल हू आर्ति है । हृदयमें आर्ति होय तो भगवत्सेवा-स्मरण सब होय और प्रभु कृपा करे अनुभव करावे । ज्यों ज्यों आर्ति बढे त्यों त्यों अधिक अनुभव प्रभु करावे, तातें आर्ति है सो व्रजाधिपति के संगम करायवेमें कारण है ।"

કૃષ્ણ પ્રેમજન્ય અજબની આવી આર્તિ છે અને શ્રીગુસાંઈજીના પાદુકાજીના સાન્નિધ્યથી અજબકુંવરમાં કૃષ્ણપ્રેમ અખંડ વહી રહ્યો છે. "सान्निध्यमात्रदत्तश्रीकृष्णप्रेमा" "विमुक्तिदः ." "મુક્ત" પ્રેમનું દાન આચાર્યજીનું "निखिलष्टदः" નામ કરે છે. આવાં જીવ પ્રભુને વશ છે. પરંતુ જે બડભાગીમાં મહાપ્રભુજી "दुराराध्य" સ્વરૂપે બિરાજમાન છે એવા જીવને



આપ "विमुक्त" પ્રેમનું દાન કરે છે. જેના કારણે આવા ભગવદીયને ઠાકુરજી વશ થઈ જાય છે. આવા વિમુક્ત પ્રેમના દાનથી, અજબમાં, કૃષ્ણવિયોગમાં તો વિપ્રયોગ પ્રજ્જવલે જ છે, પરંતુ સંયોગમાં પણ એમને પ્રત્યક્ષ વિરહની મહાઉત્કૃષ્ટ દશા પ્રાપ્ત થઈ ગઈ છે.

"विरह मध्य संयोग जो होई
ताको लखि न सके तहाँ कोई ."

વાર્તા કહે છે; "(ठाकुरजी) ता पाछें जान लागे । तब अजबकुंवरि बाई ने कह्यो, जो-हों तो जान न देउंगी ।" કીર્તન કહે છે; "જાનન લાગેરી લાલન, મિલ બિછવે કી વેદન," વિપ્રયોગાગ્નિ પ્રાબલ્યવાળા આવા વિરલ ભગવદીયોની સંયોગ દશાનાં દર્શન પણ ગોવિંદદાસજીના પદમાં કરવા જેવા છે.

"વિધાતા વિધિ હું ન જાની ।
સુંદર વદન પાન કરન કું,
રોમ રોમ પ્રતી નૈન દિયે
ક્યો ન કરી યહ બાત અયાની ॥
શ્રવણ સકલ વપુ જો હો તો સુનતિ
પિયમુખ અમૃત બાની ।
અરી મેરી ભુજા હોતીરી કોટિ કોટિ તો
હોં ભેટતી ગોવિંદ પ્રભુસોં,
તો હું ન તપતી બુઝાઈ સયાની ॥"

અજબ કુંવરી બાઈની આવી નિતાન્ત અતૃપ્ત પ્યાસને અનુલક્ષીને ગોવર્ધનનાથજી એમને ગિરિરાજજીથી મેવાડ પધારવાનું વચન આપી દે છે. વાર્તા કહે છે; "तब श्रीगोवर्द्धननाथजीने कह्यो,

जो-अब तो गइ बिनु काम चले नाहीं । जबलों श्रीगुसांईजी बिराजे हैं । तबलों तो जाने और आवनो ही बनेगो । तदुपरांत समय पाय बोहोत वर्ष लगि तेरे ही पास हों सिंहाड में यह तेरी कोठरी में ही बेठोंगो, इहां ही रहूंगो ।" પ્રભુને આવી રીતે વશ કરવામાં ભક્તની આર્તિ કેટલી તીવ્ર હોય છે તે કીર્તન સમજાવે છે.

"अनत न जैये पिय रहिये मेरे ही महल ।
जोई जोई कहोगे सोई सोई करोंगी टहल ॥
शय्या सामग्री वसन आभूषण सब बिध कर राखोंगी पहल ।
चतुर बिहारी गिरिधारी पियाकी रावरी यही सहल ॥"

પ્રભુને શું જોઈએ છે તે ઈચ્છા જાણીને પૂર્વ તૈયારી કરી રાખનાર અજબકુંવર જેવા ભગવદીયના અંતરમાં મહાપ્રભુજી "सर्वलक्षणसम्पन्न" સ્વરૂપે બિરાજતા હોય છે. ઠાકુરજી ય પોતાના એવા અંતરંગ ભક્તમાં નિરુદ્ધ થઈ જાય છે. આવી પરસ્પર નિરોધયુક્ત દશાને દર્શાવતાં કીર્તન કહે છે; "तेरो मन अरु गिरिधर पियको बहु विधान एको करी मिसरत ॥" मयि ते तेषुचाप्यहम्ની આવી ઉત્કૃષ્ટ અવસ્થામાં પ્રભુના तवમાં ભક્તને પોતાનું मम સમજાય છે અને પોતાના ममમાં ઠાકુરજીનો तव સમજાય છે. અજબકુંવરીબાઈની આવા ફલનિરોધની અવસ્થા શ્રીકૃષ્ણના મુખથી જ સાંભળી લઈએ. "ता तन्मनस्का मत्प्राणा मदर्थे त्यक्तदैहिका ." પંદરમા શિક્ષાપત્રમાં હરિરાયજી સમજાવે છે; "तन, मन, प्राण, देह प्रभु अर्थ अर्पण कियो है और प्रभुके अर्थ लोक, वेद, धर्म त्याग कियो है, तातें श्रीकृष्णकों प्राण समान प्रिय हैं, प्रभु ऐसें दयालु है ।"

"गोवर्धनस्थित्युत्साह" શ્રીગોવર્ધનધર, શ્રીગિરિરાજજી



છોડીને અજબકુંવરને માટે મેવાડ પધારવાનું વચન આપે છે કારણકે ગુસાંઈજીએ અજબને ઐહિક અને पारलौकिकમાં કેવલ શ્રીનાથજીનું જ પ્રદાન કર્યું છે. "पारलौकिकैहिकदानकृत् ." મેવાડની કુંવરીની, શ્રીનાથજી માટેની નિરહેતુક અનન્ય ભક્તિ ઉભરી રહી છે કારણકે આ ભગવદીયમાં રમણ કરતું શ્રીમહાપ્રભુજીનું નામ છે; "स्वार्थोज्झिताऽखिलप्राणप्रिय ." પ્રભુના આવા પ્રાણપ્રિય ભક્ત મેવાડમાં રહે છે તો ગોવર્ધનધર એમના માટે મેવાડ પધારે છે કારણકે પુષ્ટિના ઠાકુર આવા ભગવદીઓથી "तादृशवेष्टित" છે. જે મેવાડની ભૂમિમાં પ્રભુચરણના ચરણકમલ પધાર્યા છે એ ભૂમિ "भूमिभाग्यं" છે. શ્રીનાથજીના પધારવા યોગ્ય પિતાપુત્રએ આ ભૂમિને કરી દીધી છે. શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ અને અજબકુંવરે આ ભૂમિને ઠાકુરજીના ચરણકમલ ધરવાને યોગ્ય કેવી રીતે અલૌકિક કરી દીધી છે તેની ઝાંખી અજબના જ પદમાં કરી લઈએ.

"કાંય બનાસ હો શ્રીજમુના તીર ॥
જીરે ખંભરોલ તે વ્રન્દાવન ભઉ,
કાંય બંસી બટ હો વડલાની છાંઈ ॥
જીરે આસોટીઉ રે ગોકુલ ભઉ,
ત્યાં બિરાજે શ્રીદ્વારકાનાથ ॥
જીરે ગોવિંદકુંડ ઝરણો ભરો,
કાંય તલેટી હો ગોપાલપુર ગામ ॥"

સર્વોત્તમજીના पतिव्रतापति નામના આવેશમાં વાર્તામાં શ્રીનાથજી અજબને કહે છે કે; "तदुपरांत समय पाय बोहोत वर्ष लगि तेरे ही पास हों सिंहाड में यह तेरी कोठरी में ही बेठोंगो, इहां ही रहूंगो । यह स्थल छोरि कै कहूं न जाउंगो । तव प्रसिद्ध

सबन कों दरसन इहांई देउंगो ।" આના પ્રતિસાદરૂપે આચાર્યજીના स्त्रीशुद्राद्युद्धृतिक्षमः નામની સ્ફૂર્તિ થતાં અજબકુંવરીબાઈ શ્રીજીને કહે છે; "तुम्हारो कैसो भरोंसो ? तुम्हारे भक्त अनेक हैं ? तातें तुम्हारो कछू भरोंसो परत नाहीं ।" "त्रिगुणातीत" પ્રભુને આવાં ત્રણ વાક્યો કહીને, અજબે પરબ્રહ્મને પણ ગજબનું આશ્ચર્ય ઉત્પન્ન કરાવ્યું હશે ! ઠાકુરજી વિચારતા હશે કે; "મારા ભરોસે તો અખિલ ભક્તગણ આનંદથી જીવે છે, એને આનંદરૂપા અજબ કહે છે કે तुम्हारो कैसे भरोसों ?" આ સંબંધિત ઠાકુરજીના આવા સ્મયનું નિવારણ કરતાં "स्मयापह" ના આવેશમાં અજબ પુન: કહે છે કે; "तुम्हारे भक्त अनेक हैं ? तातें तुम्हारो कछु भरोंसो परत नाहीं ।" "भरोंसो श्रीराधावरकों" ના ભરોસે સ્થાયિભાવથી પુષ્ટિજીવન જીવનાર અજબમાં, આ સમયે, પ્રગાઢ પ્રેમના કારણે એક "અભરોસા"ની વિલક્ષણ સંચારી પ્રક્ટ થઈ જાય છે. એ વખતે આ ભગવદીયમાં આચાર્યજીના "रोषदृक्पातसम्प्लुष्ट भक्तद्विट्" નામનો આવેશ હોવાથી અજબ ઠાકુરજીને કાંઈક રોષથી કહે છે; "तुम्हारो कछु भरोंसो परत नाहीं ।" ઠાકુરજી ભક્તને વિરહમાં તડપતાં રાખે એ અજબ માટે, આ પ્રસંગમાં, એમને પ્રભુનું સ્વરૂપ "भक्तद्विट्" લાગે છે. એટલે પ્રભુ માટે સ્થાયી પ્રેમભાવની એક સંચારિરૂપે રોષથી અજબ, ઠાકુરજીના આવા નવા નામો પ્રકટ કરી રહ્યાં છે કારણકે આચાર્યજી-ગુસાંઈજીની કૃપાથી કુંવરી પણ "कृष्णनामसहस्रस्य वक्ता" બની ગયા છે. "तुम्हारो कैसो भरोंसो" એવું કૃષ્ણનું એક નવુ નામ અજબ પ્રકટ કરે છે. ખંડિતાઓના શ્રીકૃષ્ણ માટેના બધાય નામોથી અજબ પરિચિત છે. જેમકે "ધોંધી કે પ્રભુ તુમ બહુવિધ નાયક ." ગોપીજનોએ જેમ કૃષ્ણને कितव વંધોની



ઉપાધિ આપી તેમ અજબ પણ અહીં ઠાકુરજીના નામમાં એક "અભરોસા"નું નામ ઉમેરીને કહે છેકે; "तुम्हारो कैसो भरोंसो ?" પ્રભુ પોતાના ભક્તિરસશાસ્ત્રમાં પરમ ચતુર છે, એવા "नयविशारद" ઠાકુરજીને અનુલક્ષીને પણ અજબકુંવરી કહી દે છે કે, "तुम्हारे भक्त अनेक हैं ?" આપને ત્યાં તો "લખ આવે લખ જાય, લખ ઠાડી લલચાય" છે. એમાં મારો વારો ક્યારે આવશે ? વાસ્તવમાં તો આમ કહીને અજબ, भक्तेच्छापुरकः એમ કૃષ્ણની "ભક્તવત્સલતા" કીર્તિનું વર્ધન કરી રહ્યા છે. અહીં આચાર્યજીનું "स्वकीर्तिवर्धन" નામ અંગડાઈ લઈ રહ્યું છે, ત્યારે "सत्यप्रतिज्ञ" ગોવર્ધનધર અજબને કહે છે; "मैं तोसों सत्य कहत हों । सो सत्य यह मेरो वचन है । यामें संदेह नाहीं ।" શ્રીગોવર્ધનધરે કહેલાં આ ત્રણ વાકયોની ખૂબસુરતી એ છે કે, અજબકુંવરી બાઈએ ત્રણ વાક્યોમાં કરેલા પ્રભુ પરના ત્રણ પ્રેમાક્ષેપોને ઠાકુર "त्रिलोकीभूषणं"ને અતિશોભે એવી રીતે આવાં ત્રણ વાક્યોથી અજબકુંવરીને ઉત્તર આપી રહ્યા છે. જેનો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ કેવલ કૃષ્ણ જ છે એવા "चतुर्वर्गविशारद" અજબને પ્રભુ કહે છે; "जो-तू अब चिंता करे मति । आज पाछें तोकों नित्य दरसन देउंगो ।" શ્રાવણ મહિનાની મધ્યરાત્રીએ ચિંતા કરીને, આચાર્યજીએ પ્રભુ પાસેથી લીધેલા વચનથી પુષ્ટિસૃષ્ટિના અનેક જીવો ઉદ્ધાર પામ્યા છે, તેમ અજબે લીધેલા વચનથી, અજબની આડીથી, દૈવોદ્ધારરૂપે નાથદ્વારામાં બિરાજતાં શ્રીનાથજી, અનેક જીવોને આજે પણ લાભ આપી રહ્યા છે અને અજબને ભક્તોદ્ધારકરૂપે પરમાનંદમાં વિભોર કરી રહ્યાં છે. અજબને આવું વચન આપતી વખતે, ગોવર્ધનધરના

શ્રીમુખારવિંદ પર જે "सहजस्मितः" પ્રકટ થયું હશે, એના થકી પ્રભુ માટેનો અજબનો "અભરોસો" અદૃશ્ય થઈ ગયો હશે એ અનાયાસ છે. ઠાકુરજી કુંવરીના વિરહદુ:ખનું નિવારણ કરે છે કારણકે આપને પુષ્ટિસૃષ્ટિને દર્શાવવું છે કે આપ "पतिः" છે. જે રક્ષણ કરે તે પતિ. "पातीति पतिः ." અજબના પ્રત્યક્ષવિરહને, નિવારવા શ્રીનાથજી એમને "पद्मदलायतविलोचन"થી જુએ છે. ભક્તના થોડાક વિરહને પ્રભુના લાવણ્યમય "લોચનો" નિરસ્ત કરે છે પણ કુંવરીના પ્રગાઢ વિરહને નિવારવા ગોવર્ધનધર विलोचनથી અજબને જુએ છે. શ્રીનાથજી, અજબને, પોતાના શ્રીઅંગમાં અંગીકાર કરેલ ભક્તોના ભાવાત્મક ભૂષણ પરિધાન કરીને દર્શન આપે છે, જેથી અજબને "ભરોસો" આવી જાય કે મહાપ્રભુજી - ગુસાંઈજીનો ઠાકુર તો भक्तवत्सल છે. "અંગ અંગ પ્રતિ ભાવન કે ભૂષણ" ધરેલ શ્રીજીની છબી જોતાં અજબના અંતરમાં પ્રકટ થતું આચાર્યજીનું નામ છે; "अप्राकृताखिलाकल्पभूषित ."

"ભક્ત કવયિત્રી અજબકુંવર અને તેમની કાવ્યસુધા" નામના પુસ્તકમાં એવા ઉલ્લેખ મળે છે કે ગોવર્ધનધર ગિરિરાજથી મેવાડ પધારે છે ત્યારે અજબકુંવરની ઉંમર ૧૩૫ વર્ષની છે. એ વખતે અજબ ગાય છે;

"જીરે ધન્ય ધન્ય રાણો રાજસંગ,
કાંય ધન્ય ધન્ય મેવાડો દેશ,
કૃપા કરી શ્રીનાથજી પધારીઆ;
યે દૂધડે ઉઠા મેહ."

શ્રીનાથજીની गृहीतचित्ता" અજબકુંવરીબાઈને પુષ્ટિમાર્ગના વિવિધ



ભગવદીયોએ કેવી મુલાયમ પ્રેમાંજલી આપી છે તે દર્શનીય છે. મેવાડમાં શ્રીજી પધાર્યા એ પ્રસંગનું વર્ણન કરતાં નાગરીદાસજી ગાય છે;

"અજબકુંવર કે વચન કૌ સત્ય કરનકે કાજ,
ચહ્યો ગામ સિવાર કૌ તજી વ્રજ ઓર ગિરિરાજ."

પરમભગવદીય ભારતેન્દુ હરિશ્ચંદ્રે શ્રીગુસાંઈજીના બે પ્રકારના ભક્તોનાં વર્ણન કર્યા છે. (૧) સુપ્રસિદ્ધ ભક્તો (૨) અજબકુંવર જેવા ભગવદ્ચરણરવિંદના આસક્ત ભક્તો. આ કક્ષાના ભગવદીયોનો ઉલ્લેખ કરતાં હરિશ્ચંદ્ર ગાય છે;

"જદુનાથદાસ કાન્હો "અજબ" ગોપીનાથ ગુઆલ,
સત ગોસ્વામી વિઠ્ઠલનાથ કે, યે સેવક હરિચરન રત."

પરમ ભક્તકવિ દયારામભાઈ ભક્ત કવિયિત્રી અજબને "બહુધર્મી" તરીકે બિરદાવે છે; "બે હતિત પતિત કણબીરે, વળી અજબકુંવર બહુધર્મી રે"

અજબકુંવરી બાઈ પ્રિયાપ્રીતમની લીલાના પણ ઉત્તમ અધિકારી છે, એનાં દર્શન એમના જ સેનના પદમાં કરી લઈએ.

"શ્રીજી રંગમહલમેં પોઢિયા સંગ શ્રીવૃષભાનુ દુલારિ,
શ્રીજી અજબકુંવરની વિનતી ર્થા સુનજો ગોવર્ધનનાથ."

અજબકુંવરીબાઈના નિરોધનું પ્રયોજનલક્ષણ છે સેવાફલ ગ્રંથ કથિત "અલૌકિક સામર્થ્ય"નું. એના કારણે તો અજબ, શ્રીજી સાથે સાક્ષાત્ વ્યવહાર કરે છે. અજબકુંવરીની આ વ્યસનોત્તર

કૃતાર્થતાની અવસ્થા છે. કૃષ્ણ જયારે ભક્ત માટે બાહ્યાભ્યંતર અવિરત પ્રકટ હોય ત્યારે આવી પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિની અવસ્થા સિદ્ધ થાય છે. અજબકુંવરીબાઈ કઈ કક્ષાના ભગવદીય છે, તે વલ્લભદાસજી પાસે સમજીએ. વલ્લભદાસજી કહે છે કે ભક્ત ત્રણ પ્રકારના હોય છે.

(૧) પ્રેમાસક્ત : આવા ભક્તો પ્રભુની પછવાડે ફરતા હોય છે.

(૨) સેવાસક્ત : આવા વૈષ્ણવો સેવામાં વિભોર હોય છે.

(૩) કૃપાસક્ત : આવા ભગવદીયોની પછવાડે ઠાકુરજી ફરતાં રહે છે. અજબકુંવરી આ કોટિના શ્રીજીના અંતરંગ છે. "अशेषभक्तसम्प्रार्थ्यचरणाब्जरजोधन" આચાર્યજીનું નામ જેના અંતરમાં વર્ષે તે "કૃપાસક્ત" ભક્ત બને છે. જેની પાસે ઠાકુરજીનો ગૂઢ સ્ત્રીભાવ પ્રકટ થઈ ગયો છે એવા કૃપારસિક અજબકુંવરી બાઈની અવસ્થા વિલક્ષણ છે. છાંદોગ્યોપનિષદમાં કહ્યું તેમ અજબની સર્વાત્મભાવની અવસ્થાના કારણે, કુંવરીને આસક્તિભ્રમન્યાયની અવસ્થામાં, એમના વિવિધ સંચારી ભાવોની અનુભૂતિ છે. જેમ કે તદાદેશ, અહંકારાદેશ કે આત્માદેશના રૂપમાં. આવા વિરલ નિરુદ્ધ અજબકુંવરી બાઈને ક્યારેક પોતાનાથી ભિન્નરૂપે શ્રીનાથજીની અનુભૂતિ થાય છે તો ક્યારેક પોતાનાથી અભિન્ન, ઠાકુરજીની અનુભૂતિ સર્વત્ર થાય છે. વાસ્તવમાં તો મેવાડની આ કુંવરીમાં ભગવાનના ષડ્ધર્મો આર્વિભૂત થઈ ગયા હોવાથી તે ભગવદ્‌તુલ્ય છે. એમની સ્થાયિભાવાત્મક ભગવદ્‌રતિના કારણે એમને વિષયોમાં વિરાગ અનાયાસ થઈ જાય તે સ્વાભાવિક જ છે. આ ભગવદીયના સર્વાત્મભાવના કારણે, અજબને સર્વેન્દ્રિય



અંતઃકરણાદિ તથા આત્માથી ભજનાનંદની અવિચ્છિન્ન અનુભૂતિ થતી હોય છે. સંક્ષિપ્તમાં કહું તો, જે અજબકુંવરમાં ઠાકુરજીએ, પોતાના માટે ભોક્તાભાવ પ્રકટ કરી દીધો છે, એવી શ્રીજીની અંતરંગ અજબકુંવરીના ભક્તિતત્વની અપ્રતિમ લાવણ્યાત્મકતાનાં દર્શનની એક ઝાંખી આ કીર્તનમાં કરી લઈએ;

"હરિ આકર્ષણ શક્તિ જો કોઈ
રસીક ભગવદીય દિખિયત સોઈ ॥
ઈન કી મહામાધુરી આગે
હરિ હૂ કછુ ફીકે સે લાગે ॥"

આવા પરમરસિક પરમ ભગવદીય અજબકુંવરી બાઈ માટે શ્રીગોકુલેશપ્રભુ વાર્તાના અંતમાં કહે છે; "सो वह अजबकुंवरि श्रीगुसांईजी की ऐसी परम कृपापात्र भगवदीय हती । तातें इनकी वार्ता कहां ताईं कहिए ।"

...............

"નિરોધલક્ષણ" ગ્રંથ અનુસાર શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણની અવલોકનીય વાણી :-

૧) अपने भक्तनको जो जो भावरस है सो तुम्हारे स्वरूपमें भरि रह्यो है, ऐसे श्रीकृष्ण मोको दर्शन देहो ।

२) हे श्रीकृष्ण ! यह संसारमें देह संबंधी अहंता ममता करि मेरो चित्त फँसि रह्यो है, ताकों यह संसारतें निवृत्त करो, सर्व ओर तें निरोध करि अपने में लगावो, जैसें व्रजभक्तनको चित्त दही, दुध, माखन इत्यादिकमें हतो

ताकी चोरी करि अनेक लीला करि, अपनेमें लगायो तैंसे ही हमारे मनको निरोध करि अपनेमें लगावो ।

३) अब षोडश शिक्षापत्रमें, अहर्निश भगवत्सेवन, स्मरण, कीर्तन करे तिनकों भगवान् निरोध करत हैं तथा ऐहिक पारलौकिक स्वतः सिद्ध करत हैं, तासों भक्त कछू चिंता न करे यह निरूपण है। ऊपर कहे ता भांति महाप्रभुजीको स्मरण करे तो प्रभु प्रसन्न होय तब प्रभुके स्वरूपको ज्ञान होय अपनो दोष स्फुरे ।

४) यह चित्त भगवानके चरणारविंदमें न लगे और यह मनुष्यदेह इन्द्रिय भगवानमें विनियुक्त न भई, सो वृथा जात है ।

५) अपनी बडाई सुनिकें आनंद मानी बडे जाने, सो भगवानकों बुरी लगे, मद होय तो भगवान् हृदयमें तें जात रहे, तातें यह लोगन की बडाई है सो भगवद्धर्मकी निश्चय विरोधिनी है ।

६) जो वैष्णव श्रीवल्लभाचार्यजीके चरणारविंदको भजन आदरपूर्वक करत हैं, एक वाहीमें अनन्य भाव हैं, जैसें सूरदासजीने गायो "भरोसो दृढ इन चरनन केरो । श्रीवल्लभ नखचन्द्र छटा बिन सब जगमें ही अंधेरो." श्रीआचार्यजी महाप्रभुके चरणकमलकी सेवामें सदा जो वैष्णव आदर करे हैं, तिनके ऊपर हरि जो श्रीकृष्ण सो सदा दया करत हैं, प्रसन्न होयकें कृपा हू करत हैं, अपने स्वरूपानंदको दान सदा करत हैं ।

७) प्रपंचको यह जाने सो सर्वके श्रीकृष्णही कारण हैं, तातें



प्रपंच देखि श्रीकृष्णको माहात्म्य विचारे, जो प्रपंचके कर्त्ता और संहारकर्त्ता प्रभुही हैं, या भांति प्रपंचके कारण श्रीकृष्णही को स्मरण कर्त्तव्य है ।

८) श्रीकृष्णमें भाववृद्धि करे, ताकों ग्रहण करे और या भावमें बाधन होय, ताको त्याग करे, सगरी क्रिया श्रीकृष्णही के अर्थ करे ।

९) सब ठौर श्रीकृष्णही की भावना करे । जैसें लौकिक संसारी कामादिक को आवेश गृह कुटुम्बादिकनमें करि तामें अष्टप्रहर मचत रहे हैं, तैसें ही वैष्णव श्रीठाकुरजीकी सेवामें मच्यो रहे, जो अब यह वागा चाहिये, यह सामग्री, उत्सव आवत है यामें यह चहिये, या भांति मन श्रीकृष्णही में लगावे । यह प्रपंचके पदार्थमें लीलासृष्टिकी भावना करें, तामें मुख्य विचार यह है जो श्रीकृष्णकी सेवामें जो पदार्थ विनियोग होय, सो स्वरूपात्मक जाने, जो श्रीकृष्णही लीलासंबंधी हैं और जो पदार्थ सेवामें उपयुक्त न होय सो मायासंबंधी आसुरी है, या भांति विचारे मनमें राखे ।

१०) श्रीकृष्णमें आर्ति भये तें प्रभु कृपा करे, सो निरोधलक्षण में श्रीआचार्यजी महाप्रभुजी कहे हैं, "क्लिश्यमानान् जनान्, दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् । तदा सर्वं सदानंदं हृदिस्थं निर्गतं बहिः" यह वचनतें भगवान् भक्तनकों आर्तिक्लेशयुक्त देखिकें कृपायुक्त होय, सर्वके आनंददाता हृदयतें बाहिर प्रकट होय, दर्शन देय अपनो अनुभव करावें, तातें आर्ति तो यह पुष्टिमार्गको फल है, जहां

आर्त्ति तहां प्रभु पधारें ।

११) श्रीकृष्णके नाना प्रकारके लीलारसमें अति चंचल (क्षणक्षणमें लीलारसमें मग्न) होय, अहर्निश प्रभुकी लीलामें रहे, या भांति जाको चित्त प्रभुकी लीलामें चंचल होय, ताके हृदयमें प्रभु पधारे और श्रीकृष्णके दर्शनके लिये मन वारंवार व्याकुल होय ।

१२) लौकिक सुखतें सगरे अलौकिक साधनको नाश होत है, तासों इन्द्रिय दुष्ट होत हैं, तिनकों अलौकिकमें लगावें तब दुष्टता मिटे, सो निरोधलक्षणमें श्रीआचार्यजी महाप्रभुजी कहे हैं, "संसारवेश दुष्टानामिन्द्रियाणां हिताय वै । कृष्णस्य सर्व वस्तूनि भूम्न ईशस्य योजयेत्" (संसारके आवेशकरि दुष्ट सब इन्द्रियनके हितके लिये अपने स्वामी श्रीकृष्णकी सर्व वस्तु है सो उनमें लगाये) तासों इन्द्रियनकी दुष्टता निवृत्त होय, सगरी इन्द्रियनकी आसक्ति लौकिकमें होय सो दुष्टता जानिये प्रभुमें आसक्तिसों यह दुष्टता मिटे ।

१३) ऊपर कहे जो इन्द्रियनकी दुष्टता साधनकरि निवृत्त करे परंतु तैसें न होय सके तो अपने स्वामीको आश्रय दृढ करनो, ता आश्रयमात्रतें अपने स्वामी सर्व दोषकों नाश करेंगे, काहेतें जो अपने श्रीआचार्यजीके दृढ आश्रयवारेनके दोष तो अग्निस्वरूपसों (श्रीआचार्यजी अग्निस्वरूप है तासों) संबंधमात्रतें क्षणमात्रमें भस्म होय जात है ।

१४) अब श्रीहरिरायजी पुष्टिमार्गीय धर्म कहत हैं जो भगवदीय हैं सो जितनो लौकिक कार्य है सो सब प्रभुकी सेवामें



विनियोग करें, यह सर्वोपरि मुख्य धर्म है । घरहू भगवत्सेवार्थ, देहसंबंधी कुटुंब, इन्द्रिय, सबको व्यवहार भगवत्सेवार्थ, काहूमें स्नेह सो केवल भगवत्सेवार्थ, या भांति सब भगवत्सेवाके उपयोगसों कार्य करे, स्त्रीसंगहू कृष्णभक्त पुत्र होय या भावसों करे, जैसें निरोधलक्षणमें श्रीआचार्यजी महाप्रभुजी कहे हैं, "पुत्रे कृष्णप्रिये रतिः ।" भगवद्धर्ममें प्रतिबंधक होय, ताको त्याग करे, अनुकूल होय ताको संग्रह करे, जहां जहां मनकी वृत्ति दौरे, जो जो सुने, देखे, सो सब प्रभुकी लीला ही जाने, क्रीडाभांड जाने, अपने प्रभुको ही चिंतन करे, मनमें लौकिक न विचारे, तब प्रभु प्रसन्न होय ।

******

## ગ્રંથ : સેવાફલ
## ૨૫૨ વૈષ્ણવ વાર્તા - ૪ : મુરારિદાસ બ્રાહ્મણ

ગ્રંથ કહે છે; "उद्वेगः प्रतिबन्धो वा भोगो वा स्यात्तु बाधकः." સેવાફલમાં બાધક થતાં ત્રણ તત્ત્વો છે; ઉદ્વેગ ભોગ અને પ્રતિબંધ. "ઉદ્વેગ" પુષ્ટિજીવના "મન"ને ઠાકુરજીમાં સ્થિર થવા નથી દેતો અને એના કારણે એની ભગવત્સેવા ક્રિયારૂપ બની જાય છે. સેવાને આધિદૈવિકી બનવામાં પણ ઉદ્વેગ અવરોધ કરે છે. તેમજ ભગવત્સંબંધ રહિત "ભોગ" જીવને સેવાફલમાં બાધક થાય છે અને લૌકિક વૈદિક પદાર્થોમાં આસક્તિ, વૈષ્ણવની ભક્તિમાં "પ્રતિબંધો" નિર્માણ કરે છે. આનું રહસ્ય એ છે કે ભગવત્સેવામાં ઉદ્વેગ, પુષ્ટિજીવને દુ:ખરૂપે બાધક થાય છે. ભોગ, સુખને કારણે અને પ્રતિબંધ સુખ - દુ:ખ એમ બન્ને રીતે બાધક થાય છે. આ સંદર્ભમાં હરિરાયચરણની નવમા શિક્ષાપત્રની આજ્ઞા અવલોકનીય છે. "इन्द्रिय विषय लौकिकबुद्धि, प्रतिबंध तथा उद्वेग और यहां लौकिक भोग यह सर्व मानसी सेवा के बाधक है । तनुजावित्तजा सेवा मन लगायकें करे तामें दशों इन्द्रिय बाधक हैं, काहेतें जो इन्द्रियके देवता हैं तिनकों विषय प्रिय है सो भगवत्सेवा में इन्द्रिय बाध करत है ।" પરંતુ "श्रीआचार्यजीके चरणारविंद को आश्रय करि भगवत्सेवा करे तब श्रीआचार्यजी भावदान करे, सब भावात्मक रसमें तद्रूप होय जाय, तब यह पुष्टिमार्गीय फलकी निश्चय प्राप्ति होय, संशय नांही ।"

મુરારિદાસની કાચી અવસ્થામાં એમની ભક્તિમાં એમને આ ત્રણેય બાધક ન થાય એનો ઉપાય શ્રીગુસાંઈજી સ્વયં કરે



છે. વાર્તા કહે છે; "पाछें मुरारिदास की कच्ची दसा जानि श्रीगुसांईजी कछूक दिन इन कों अपनी पास राखे । सो मुरारिदास कों श्रीगुसांईजी की कृपा ते मार्ग कौ स्वरूप स्फुर्‍यो ।" આચાર્યજીના માર્ગના કયા સ્વરૂપનું સ્ફુરણ મુરારિદાસને થાય છે તે શ્રીહરિરાયચરણ પાસે સમજી લઈએ; "तापक्लेश मार्ग श्रीमदाचार्येन निरूपितः ।" સહસ્ર વર્ષથી પોતે પ્રભુથી વિખૂટા પડયા છે એ સંબંધીત વિયોગાગ્નિનો આવેશ મુરારિદાસમાં શ્રીપ્રભુચરણની કૃપાથી પ્રકટ થતાં જ આ ભક્ત ગદ્યમંત્રના હાર્દરૂપ વિનન્તી શ્રીવિઠ્ઠલેશ પ્રભુને કરે છે. વાર્તા કહે છે; "मेरो मनोरथ सेवा करन कौ है ।" મુરારિદાસના સેવાફલના બીજ આ વાક્યમાં રોપાઈ જાય છે. આ વૈષ્ણવ સમજી જાય છે કે શ્રીવલ્લભનો પુષ્ટિભક્તિ માર્ગ ન ત્યાગનો છે કે ન ભોગનો. ભગવદ્વિનિયોગનો આ માર્ગ છે. આચાર્યજીના માર્ગની ગોઠવણી એવી છે કે પુષ્ટિજીવને બધું જ દેવાવાળા પ્રભુ એની પાસે સેવા કરાવ્યા વગર એને દેતા નથી, કારણકે મહાપ્રભુના પુષ્ટિજીવ પર ઠાકુરજીને કેવલ પુષ્ટિ નથી કરવી પણ એને પુષ્ટિભક્તિનું દાન કરીને ભજનાનંદનાં પથ પર લઈ જવો છે. એ પથથી અભિસરણ કરતાં ભક્ત પ્રભુને ય રસાનુભૂતિ કરાવી શકે છે.

બાલકૃષ્ણજી માથે પધાર્યા પછી, મુરારિદાસને ભગવત્સેવામાં ઉદ્વેગ, ભોગ અને પ્રતિબંધ બાધક ન થાય એનો ઉપાય આ ભગવદીય ઉત્તમ બુદ્ધિથી સ્વયં કરે છે. નારાયણદાસ, મુરારિદાસને મહીનાના બાર રૂપિયાના પગારે નોકરીમાં રાખે છે ત્યારે મુરારિદાસ દીવાનને કહે છે કે એમને મહીનાના કેવલ રૂપિયા આઠ પર્યાપ્ત છે. એનું કારણ એ છે

કે મુરારિદાસને અન્ય કોઈપણ લૌકિક ભોગની વૃત્તિ જ નથી. નારાયણદાસની ચાકરી કરતાં મુરારિદાસને ભગવત્સેવામાં "પ્રતિબંધ" ન આવે એના માટે આ ભક્ત દીવાનને સ્પષ્ટ કહે દે છે કે; "हों प्रहर दिन चढे तुम्हारे पासे आयो करोंगो ।" તેમજ ભવિષ્યમાં મોડે સુધી બેસવાનું કહીને નારાયણદાસ એમને નોકરીના કારણે ઉદ્વેગ ન કરાવે એનું પણ સ્પષ્ટીકરણ મુરારિદાસ, દીવાન પાસે કરી દે છે અને કહે છે; "और जब घरी दोइ दिन पाछिलो रहेगो तब हों जायो करोंगो । यह करार तें तुम्हारे मन में आवे तो चाकर मोकों राखो । नाँतु नाहीं करो ।" નારાયણદાસ સાથે આવો કરાર કરવાથી મુરારિદાસને "ઉદ્વેગ" એની ભક્તિમાં આડે નથી આવતો, "પ્રતિબંધ" એમની "બાહ્ય ભગવત્સેવામાં" અવરોધરૂપ નથી થતો અને "ભોગ" એમના "સમર્પણ"માં વિક્ષેપ નથી કરતો. સમર્પણ અને સ્નેહથી સંપન્ન મુરારિદાસે આવી રીતે, બાલકૃષ્ણ ઠાકુર સાથે પોતાનો ભાવાત્મક સંબંધ સ્થિર કરી લીધો છે.

આવા ભાવાત્મક સંબંધના મૂળિયાં છે મુરારિદાસના બાલકૃષ્ણજી પ્રત્યેના નિરુપાધિક સ્નેહમાં, परार्थाभक्ति માં, મુરારિદાસના અંતરમાં અસ્ખલિત વહેતો આ નિરુપાધિક ભાવ, ઠાકુરજીએ એમના પર કરેલી નિરુપાધિક કરુણામાંથી પનપ્યો છે. આ ભગવદીયના આવા નિરુપાધિક સ્નેહ પ્રતિ શ્રીબાલકૃષ્ણજી સ્વયં કેવો અનુભાવ પ્રકટ કરે છે તે વાર્તા સમજાવે છે. "सो श्रीठाकुरजी मुरारिदास सों बोहोत ही सानुभावता जनावते ।" અહીં ગોકુલનાથજી "बोहोत" એના માટે કહેતા લાગે છે કે મુરારિદાસના બાલકૃષ્ણજી પ્રત્યેના આવા અપરિમિત સ્નેહે, તો એમને સેવાફલગ્રંથ કથિત મુખ્ય



ફલ એવા "અલૌકિક સામર્થ્ય" ના અધિકારી બનાવ્યા છે. આ ભગવદીયને આવું ફલદાન કરવાનો શ્રીગુસાંઈજીનો "આદ્ય" મનોરથ છે. ગ્રંથ કહે છે; "अलौकिकस्य दाने हि चाद्यः सिध्येन्मनोरथः." ગ્રંથની આ પંક્તિનું એક બીજું પણ રહસ્ય સમજવા જેવું છે. કૃષ્ણના સુખનો અવિરત આવેશ રાખનાર શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી, કોઈપણ પુષ્ટિજીવને દાન કે પ્રદાન કરે છે એની ભીતર, ઠાકુરજીના સુખ માટે, પિતા પુત્રનો સદા ઉદ્દેશ હોય છે. શ્રીમત્પ્રભુચરણે, મુરારિદાસને અલૌકિક સામર્થ્યનું જે દાન કર્યું છે તે દાન પણ ભગવાને સૃષ્ટિ પ્રકટ કરેલી તે પહેલાં થયેલા પ્રભુના "આદ્ય મનોરથ"ને અનુલક્ષીને છે. आद्यः सिध्येन्मनोरथः . સેવાફલગ્રંથમાં પરમાત્માના "આદ્ય મનોરથ"ની અવધિ વિદ્યમાન છે. પ્રભુનો આવો કયો "આદ્ય" મનોરથ છે અને મુરારિદાસ, સૃષ્ટિના વિવિધ તત્ત્વોને બાલકૃષ્ણજીમાં વિનિયુક્ત કરીને ભગવાનના એ મનોરથને કેવી રીતે સિદ્ધ કરે છે એને વિસ્તારથી નહિ અવલોકીએ તો સેવાફલ ગ્રંથ અને એની લીલોપદેશ રૂપ આ વાર્તાને આપણે ન પૂરો ન્યાય આપી શકીશું કે ન એની સુકોમલતાને માણી શકીશું. પ્રભુએ સૃષ્ટિ પ્રકટ કરી એની ભીતરનું વિલક્ષણ રહસ્ય, સેવાફલ ગ્રંથ અને આ વાર્તાનું પરસ્પર વિલક્ષણ રમણ છે.

ઉપનિષદ કહે છે કે પરમાત્માએ રસના mood કે અભિગમથી આ અખિલ સૃષ્ટિને પ્રકટ કરી છે. એને લીલા તરીકે દાદ દેવા કે appreciate કરવા માટે પ્રવાહી જીવોને જ્ઞાન નથી અને મર્યાદાના જીવોને રસ નથી. ભગવાનની લીલાસૃષ્ટિને જાણી, માણી અને વખાણી શકે, એવો પ્રતિસાદ, તો પ્રભુના શ્રીઅંગમાંથી પ્રકટ થયેલ કેવલ પુષ્ટિસૃષ્ટિ જ

આપી શકે છે. સંગીતકાર ગાતો હોય અને શ્રોતા એને માણે નહિ તો કલામાં કેવલ ગાવાની ક્રિયા પ્રકટ થાય છે પણ એનો આનંદ ગાયક માણી શકતો નથી. **रसो वै सः** કલાનિધિ પરાત્પર પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પણ, પોતાના પુષ્ટિજીવની ભક્તિના માધ્યમથી પોતે રચેલી સૃષ્ટિમાંથી રસાનુભૂતિ કરવા ચાહે છે. એના માટે તો "પંચધા" એવા બ્રહ્મએ પોતાના કાલ, કર્મ, પ્રકૃતિ, પુરુષ અને સ્વભાવના પહેલુઓને active કે આંદોલિત કર્યા છે. આ "પંચધા" અને એમનાથી ઉત્પન્ન થયેલાં તત્ત્વોને પુષ્ટિમાર્ગીય જીવ, પોતાની ભક્તિની ચાળણીમાં મિશ્રિત કરીને, એમાં ભાવની માધુરી પુરિત કરીને, જયારે એ પોતાના ઘરના ઠાકુરજીમાં એનો રસાત્મક વિનિયોગ કરાવે છે, ત્યારે સૃષ્ટિ પ્રકટ કરવાની ભીતર ભગવાનનું જે "આદ્ય" પ્રયોજન છે એને સિદ્ધ થતું નીરખીને, પ્રભુ પણ કૃતકૃત્યતા અનુભવે છે. આની સિદ્ધિ માટે તો આચાર્યચરણ અને પ્રભુચરણના મહાકૃપાપાત્ર ભક્તોને પ્રભુ અલૌકિક સામર્થ્યનું દાન કરે છે. "**अलौकिकस्य दाने हि चाद्यः सिध्येन्मनोरथः .**" ભગવદીયો, પ્રભુને આવો રસાત્મક વિનિયોગ કરી શકે એના માટે available કે પ્રાપ્ત સામગ્રી છે; કાલકર્માદિ એવા પંચધા પહેલુઓની પ્રકૃતિથી જનિત થયેલા પંચમહાભૂત, ઈન્દ્રિયો તન્માત્રા આદિ અને ચિદંશની. મુરારિદાસ જેવા સર્વાત્મભાવવાળા વિરલાઓને આવી અખિલ સામગ્રીને પ્રભુમાં વિનિયુક્ત કરાવવાની સિફત અને ભાવ છે. નિરાનંદ એવા સદંશની સામગ્રીઓને અને ગુપ્તાનંદ એવા ચિદંશમાં, આનંદ, ભાવ અને દૈન્યરસને ભરીને આવા નિ:સાધન ભગવદીયો ભગવાનના "આદ્ય મનોરથ"ને સિદ્ધ કરે છે. પોતાના આવા



મનોરથને સિદ્ધ કરવા માટે તો ભગવાન, શ્રુતિ કહે છે તેમ, "**स एकाकि न रमते स द्वितीयमैच्छतः .**" આનંદરૂપ બ્રહ્મ એકલા હતા ત્યારે આપે બીજાની ચાહના કરી, કારણકે પોતાની આત્મરતિમાં સ્થિત રહેતા બ્રહ્મને પોતાના જ રસનો અનુભવ કરવો હતો. સુબોધિનીજીમાં શ્રીવલ્લભ આજ્ઞા કરે છે; "**स्ववंशे स्थितस्य न रसः इति ।**" દ્વિતીયને આવિર્ભૂત કરીને પ્રભુ,પોતાના આનંદાત્મક રસને દ્વિતીય દ્વારા માણવા ઈચ્છે છે. તેથી જ પરમાત્માએ નિર્માણ કરેલી ઉત્પત્તિ, સ્થિતિ અને લય, એ પ્રભુની રાસલીલા જ છે.

મુરારિદાસે, સૃષ્ટિના વિવિધ તત્ત્વોનો ભગવદ્વિનિયોગ કેવી રીતે કર્યો એની મંજુલ લાવણ્યની ઝાંખી કરતાં પહેલાં, બ્રહ્મના "પંચધા" પહેલુઓ શું છે તેને સંક્ષિપ્તમાં અવલોકી લઈએ. બ્રહ્મએ જયારે "કાલ" પહેલુને activate કે આંદોલિત કર્યો, ત્યારે કાલની સનાતનતા તિરોહિત થઈને, એમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવી "કાલિષ્ટતા" પ્રકટ થઈ ગઈ. "ષોડશકલ" એવા "પુરુષ" પહેલુમાં બ્રહ્મની ચેષ્ટા પહેલાંની જે પ્રતીતિ કે awareness છે તે અંગડાઈ લેવા લાગી ગઈ. વલ્લભાખ્યાન કહે છે; "તે પ્રભુને મન ઈચ્છા ઉપની." બ્રહ્મની આ awareness ક્રિયામાં ચેષ્ટિત થઈ ત્યારે પરમાત્માનો "કર્મ"નો પહેલુ પ્રકટ થઈ ગયો. ચાલવાની ક્રિયા કર્મ છે તો તેને રોકવું એ બ્રહ્મના "સ્વભાવ"નો પહેલુ છે. "પ્રકૃતિ" અને "પુરુષ"ના વ્યવહાર કે interactionથી મહત્તત્ત્વ ઉત્પન્ન થયું જે જગતનું blue print કે નકશો છે. મુરારિદાસની ભક્તિનું blue print એમને બતાવતાં શ્રીગુસાંઈજી વાર્તામાં આજ્ઞા કરે છે કે; "**जो इनकी बालभावसो सेवा करियो ।**"

કેવલ મહત્તત્ત્વના આવિષ્કારથી સૃષ્ટિ પ્રકટ નથી થઈ. ભગવાન સ્વયં કાલ શક્તિનો સ્વીકાર કરીને એક સાથે મહત્તત્ત્વ, અહંકાર, પંચભૂત, પંચતન્માત્રા અને મન સહિત અગિયાર ઈન્દ્રિયો એમ વિવિધ તત્ત્વોના સમુદાયમાં પ્રભુ સ્વયં પ્રવિષ્ટ થયા ત્યારે સૃષ્ટિ ઉદ્‌ભવી. ભગવત્સેવાના માધ્યમથી, મુરારિદાસ ઉપર કહેલ સૃષ્ટિસર્જનના વિવિધતત્ત્વોને પોતાના ભાવાભિનયથી, શ્રીબાલકૃષ્ણજીમાં વિનિયુક્ત કરાવી રહ્યા છે અને ઠાકુરજીને અવિરત રસાનુભૂતિ કરાવી રહ્યા છે. પોતાના મૃદુલ ભાવમાં તરબોળ કરીને, મુરારિદાસે, આ અનેક તત્ત્વોનો જે ભગવદ્‌વિનિયોગ કરાવ્યો છે, એનો પ્રતિસાદ અને અનુભાવ બાલકૃષ્ણજી, મુરારિદાસ માટે કેવી રીતે અભિવ્યક્ત કરી રહ્યા છે એ રસમર્મજ્ઞ ગોકુલનાથજી તેવીસ શબ્દોમાં જ વાર્તામાં પેશ કરે છે; "सो ठाकुरजी मुरारिदास सों बोहोत ही सानुभावता जनावते । श्रीठाकुरजी प्रत्यच्छ मुरारिदास सों वार्ता करते । जो प्रभुन कों चाहियत सो मुरारिदास पास माँगि लेते ।" અર્થાત્ સૃષ્ટિના જે તત્ત્વ સાથે પ્રભુને રમણ કરવાની ઈચ્છા હોય છે તે બાલકૃષ્ણજી, મુરારિદાસ પાસે માંગી લે છે. જેમ કે આ વિવિધ તત્ત્વોમાં મુરારિદાસની મન સહિત અગિયાર ઈન્દ્રિયો "નિરોધલક્ષણ" ગ્રંથ કથિત પ્રક્રિયાથી પ્રભુ સંગ મંડાયેલી છે. પંચતન્માત્રાની દૃષ્ટિથી જોઈએ તો મુરારિદાસના પ્રભુ પ્રત્યેના "શબ્દો"માં મનુહાર અને વાત્સલ્ય છે. વાર્તામાં મુરારિદાસ બાલકૃષ્ણજીને મૃદુલ વાત્સલ્યથી વિનન્તી કરે છે; "जो-आज हों तिहारे काजे यह आछी वस्तू लें आउंगो ।" મુરારિદાસની ઠાકુરજીને થતી સ્પર્શની અનુભૂતિ દર્શાવતા વાર્તા કહે છે; "तब नाना भांति के खिलोना



मुरारिदास श्रीठाकुरजी के श्रीहस्त में दैकै कहते____।" અલૌકિક સામર્થ્યવાળા મુરારિદાસ, પ્રભુને અરોગાવવાના આવેશમાં પોતે સ્નાન કર્યા વગર જ ઠાકુરજીને અરોગાવે છે ત્યારે બાલકૃષ્ણજી ભક્તોદ્ધારક સ્વરૂપે, સ્વાદ "રસ"નો આસ્વાદ માણી રહ્યા છે. વાર્તા કહે છે; "सो सामग्री जब मुरारिदास सँवारि धोई कै प्रभुन आगें धरते तब श्रीठाकुरजी आरोगते ।" મુરારિદાસના ભક્ત્યાત્મક અંગની "ગંધ" લેવા "श्रीठाकुरजी झगरो करत ऊपर चढते ।" વાત્સલ્યભાવના આવેશમાં બાલક માતાની સોડમાં લપટાઈને માના અંગની ગંધ લે છે તેને મહાપ્રભુજી સ્નેહરૂપ કહે છે. મુરારિદાસનું વાત્સલ્યભાવાત્મક "રૂપ", એમના બાલકૃષ્ણજી માટેના સમર્પણાત્મક લાડ લડાવવાના ભાવમાં વિશુદ્ધ રીતે અભિવ્યક્ત થઈ જાય છે. વાર્તા કહે છે; "या प्रकार भावसों मुरारिदास श्रीबालकृष्णजी कों लाड लडावते ।" બ્રહ્મના "પુરુષ" પહેલુમાં વિદ્યમાન જે awareness છે તે awareness મુરારિદાસમાં મહાપ્રભુજીના પુષ્ટિ સિદ્ધાંતની છે, તેથી જ મુરારિદાસ, પોતાની વૈષ્ણવતા અને પ્રભુ માટેનો પોતાનો ભાવ કોઈને જણાવતા નથી. વાર્તા કહે છે; "परि यह भेद कोऊ न जानतो ।" પોતાની ભગવત્સેવા અને ભક્તિમાં બાધક ન થાય એના માટે મુરારિદાસ બ્રહ્મના "સ્વભાવ"ના પહેલુથી ઉદ્વેગ, ભોગ અને પ્રતિબંધને રોકે છે. મહદ્‌તત્ત્વમાંથી ઉદ્‌ભવેલ અહંકારની વ્યવસ્થા મુરારિદાસે કેવી રીતે કરી તે વાર્તા સમજાવે છે; "तब मुरारिदास श्रीगुसांईजीको दंडवत करि ।" બ્રહ્મના "કર્મ" પહેલુને ગતિમાન કરતાં શ્રીગોકુલનાથજી ખૂબસૂરતીથી વાર્તામાં કહે છે; "श्रीठाकुरजीको संपुटमें पधराइ अपने घर आये । घर खासा

"करि भगवद्सेवा करन लागे ।" ભોગ ધરતી વખતે મુરારિદાસ સામગ્રીમાં, "પૃથ્વીતત્ત્વ" અને ઝારીજીમાં "જલતત્ત્વ"નો ભગવદ્વિનિયોગ કરાવે છે. આ બધું એ ભક્તિથી કરે છે, જેમાં મહતત્ત્વરૂપી blueprint નો અંગિકાર છે.

મુરારિદાસ બાલભાવથી ભગવત્સેવા કરે છે એનું રહસ્ય સમજવા જેવું છે. પ્રત્યેક ઘરમાં બિરાજતા શ્રીઠાકુરજી, મહાપ્રભુજીના ભાવાત્મક છે. બાલકૃષ્ણજી પણ આચાર્યજીના ભાવથી ભાવિત હોવાથી, મુરારિદાસ, યશોદાજીના વાત્સલ્ય ભાવની impression કે ભાવનાઓ પોતાનાં મનમાં ગ્રહણ કરીને, આ ભગવદીય, શ્રીવલ્લભના સિદ્ધાંતથી પોતાના બાલભાવને systematise કે વ્યવસ્થિત કરે છે. અર્થાત્ યશોદાજીમાં કૃષ્ણ પ્રત્યેનો જે બાલભાવ છે, એનું તુંદિલિકરણ મુરારિદાસમાં થયું છે. પણ યશોદાજીના કૃષ્ણ સાથેના relationનો નહિ. જેમકે યશોદાજી ઠાકુરજીને દંડવત્ નથી કરતા. મુરારિદાસ કરે છે. યશોદાજી માટે, કૃષ્ણ પ્રેમમાં પ્રભુના વિરાટ સ્વરૂપનું દર્શન, એવું માહાત્મ્યજ્ઞાન, નંદરાણીના વાત્સલ્યભાવમાં બાધક બને છે. મુરારિદાસમાં બાલકૃષ્ણજી માટે માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહાત્મક નિર્ગુણ ભાવ છે. તેથી જ પોતાના ઠાકુરજીને મુરારિદાસ "પ્રભુ" રૂપે જાણે છે. વાર્તા કહે છે; "तब मुरारिदास प्रभु जानि कै जो कछू श्रीठाकुरजी माँगते सोई वस्तु तत्काल श्रीबालकृष्णजी के श्रीहस्त में देते ।" ઠાકુરજીના કોઈપણ હઠ કે ઝઘડા સામે મુરારિદાસ બલીહારી જાય છે. બ્રહ્મના awareness ના પહેલુની દૃષ્ટિથી, મુરારિદાસને, પોતાના ઠાકુરજી માટે સેવક સેવ્યની awareness અખંડિત છે. આચાર્યચરણના આવા અદ્ભુત સિદ્ધાંતને સમજાવતા



શ્રીવલ્લભદાસજી ગાય છે;

"સેવ્ય સેવક રીતિ ભૂતલ
કિયો ભાવ પ્રચાર."

અલૌકિક સામર્થ્યયુક્ત મુરારિદાસ, કોટિકંદર્પલાવણ્ય સભર બાલકૃષ્ણજીને, પોતાની વિયોગાગ્નિથી પરિપકવ થયેલ તનુનવત્વરૂપ "ત્વચાથી" સાક્ષાત્ સ્પર્શી શકે છે, એમનાં સુમૃદુલ "નયનો" પ્રભુના સુકોમલ શ્રીઅંગ પર વાત્સલ્યભાવની માધુરીથી રમણ કરે છે અને પ્રભુની પ્રતિપલ "રૂપમાધુરી"નું પાન કરે છે. ઠાકુરજી સાથે વાર્તાલાપ કરતાં મુરારિદાસના શબ્દો અતિસુકુમાર બની જાય છે અને પ્રભુનાં સુમંગલ સુલલિત વાક્યો સાંભળવા એમના "કાન" कर्णपुटः બનતા જ રહે છે. બાલકૃષ્ણજીની શબ્દમાધુરી, રૂપમાધુરી, અધરસુધા માધુરી, હાવભાવ માધુરીનો "રસ" આ ભગવદીય સદા લેતા હોય છે. એમના ગૃહમાં બાલકૃષ્ણજીની કૃષ્ણલીલાની "મકરંદ" અવિરત વ્યાપ્ત છે. તો બીજી તરફથી મુરારિદાસના મંજુલ મનુહારોની સોડમ મનમોહનને મોહિત કરી રહી છે. વાર્તા કહે છે; "तब मुरारिदास बाहिर तें बोहोत मनुहार करते । तब श्रीठाकुरजी सांकरि खोलते ।" મુખ્યફલના અધિકારી મુરારિદાસની આવી સર્વાત્મભાવની અવસ્થા છે. એ અવસ્થાનાં દર્શન હરિરાયજીના ચોત્રીસમા શિક્ષાપત્રમાં કરી લઈએ; "पुष्टिमार्गीय को प्रभुकी लीलारूप फलमें प्रवेश है, यहां स्वरूपात्मक रसको अनुभव है, नेत्रतें दर्शन, अंतःकरणसों प्रभुकी लीलाको अनुभव, सर्व इन्द्रिय मन प्राण सर्वकी प्रभुमें तत्परता, जैसें ब्रह्मसंबंधके गद्यार्थमें कहे है, या प्रकार मुख्य फलको अनुभव पुष्टिमार्गीय भक्तनको होय ।"

મુરારિદાસની સર્વ ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ ભગવત્સમર્પિત છે. કોડામણા બાલકૃષ્ણજી માટે લડામણી છે. વાર્તા કહે છે; "सो मुरारिदास श्रीठाकुरजी कों अनोसर की झारी भरी कै कछु सामग्री चबेना आगें धरते । पाछें मुरारिदास प्रसाद लैकै कपडा पहरि कै जब दरबार कों जान लगते, तब श्रीठाकुरजी मुरारिदास के पाछें पाछें लागे डोलते । तब नाना भांति के खिलोना मुरारिदास श्रीठाकुरजी के श्रीहस्त में दैकै कहते, जो - आज हों तिहारे काज यह आछी बस्तू लै आउंगो । तब श्रीठाकुरजी मुरारिदास कौ अंचल छोरते ।" આ વાકયોમાં ભગવલ્લીલાની અહીં વિલક્ષણ ઝાંખી છે, જેમાં "કાલ"ની સનાતનતાને "કાલિષ્ટ" કરીને પ્રભુ પોતે કયો રસાસ્વાદ માણી રહ્યા છે, એનો દુર્લભ અનુભાવ બાલકૃષ્ણજી મુરારિદાસ પ્રત્યે પ્રકટ કરી રહ્યા છે. અનોસરના "કાલ"માં પોતાના અંતરંગથી વિખૂટા પડી ન શકતા ઠાકુરજીના સુકોમલ શ્રીહસ્તમાં, છેલ્લે છેલ્લે, કેવલ મુરારિદાસનો અંચલ જ રહી જાય છે. દીનદયાલ બાલકૃષ્ણલાલજી માટે, મુરારિદાસને, સ્નેહાત્મક આર્દ્રાત્મક દયા આવી જાય છે અને બ્રહ્મની સર્ગલીલામાંથી ઉપલબ્ધ થયેલા વિવિધ ખિલોનાઓમાં, પોતાના નિર્ગુણભાવ સંગ ગુણાત્મક સૃષ્ટિના ભાવોને ય પૂરિત કરીને, આ ભગવદીય, બાલકૃષ્ણજીના શ્રીહસ્તમાં સાક્ષાત્ સમર્પે છે. મુરારિદાસે સમર્પેલા ખિલોનામાં આવા અનેકવિધ ભાવો અભિરમે છે એને સમજાવવા ગોકુલનાથજી આ ખિલોનાને "नानाभांतिके खिलोना" કહે છે. ભાંતિ શબ્દમાંથી આ ભગવદીયના ભાવની કાંતિ દૃષ્યમાન થાય છે. અલૌકિક સામર્થ્યયુક્ત મુરારિદાસ ખિલોનાને ખંડપાટ ચોકી પર ધરતા નથી, પણ વાર્તા કહે



છે તેમ "नाना भांति के खिलौना मुरारिदास श्रीठाकुरजीके श्रीहस्तमें दैकै कहते." સાત્ત્વિક ભાવાત્મક ખિલોનામાં મુરારિદાસે, પોતાની "ભક્તિ" સાથે ખેલવા માટે બાલકૃષ્ણજીને ગાયનો ખિલોનો સમર્પિત કર્યો હશે. "મુક્તિ"નાં રમકડાં રૂપે મોર અર્પિત કર્યો હશે. ઠાકુરજી એમની "વિદ્યા" સાથે ખેલે એના માટે આ ભગવદીયે પોપટ અર્પિત કર્યો હશે અથવા તો હંસ ધરીને મુરારિદાસના "જ્ઞાન"રૂપ ખિલોના પ્રભુના ખેલનું અંગ બન્યું હશે. તદુપરાંત આ ભગવદીયે હાથી, ઘોડા, વાઘ કે વાંદરા રૂપ "રાજસ" ખિલોના પણ ધર્યા હશે અને "તામસાદિ" ભાવવાળા બગલાદિ પણ સમર્પિત કર્યા હશે. આ સર્વ ખિલોના ઠાકુરજીને અર્પિત કરીને, આત્મસમર્પણ ભાવથી મુરારિદાસે, પ્રભુને વિનન્તી કરી હશે કે "મહારાજ ! કયા ખિલોનાથી ખેલવું કે એને તોડવું એ આપની ચાહના પર નિર્ભર છે." બાલકૃષ્ણજી, મુરારિદાસને, નોકરીએ જવા માટે ત્યારે જ રજા આપી શકે છે, જયારે આ ભગવદીય પોતાના ભાવના વિવિધ ખંડો, પ્રભુ પાસે ખિલોના રૂપે ત્યાં રાખી જાય છે. નહિ તો વાર્તા કહે છે તેમ ભક્તવશ્ય અવસ્થામાં "श्रीठाकुरजी मुरारिदास के पाछें पाछें लागे डोलते." આ એવી વિલક્ષણ અવસ્થા છે જેમાં સેવ્ય અને સેવકની "ઝીંદાદીલી" કે "બહેકવાનો" ભાવનો અગાધ પ્રવાહ શરૂ થઈ જાય છે. વસંતના પદમાં આવે છે "बनवारी लाग्यो बहेकन ." ભાવના આવેશમાં ભક્ત જયારે બહેકે છે ત્યારે એને મંઝીલની આગળ શું છે એનો ખ્યાલ નથી રહેતો અને તેથી એ ચાહે છે કે પ્રભુ એમના હમસફર રહે. આ ભાવમાં ભક્તનું દૈન્ય, મધુરભાવ અને પ્રભુ પ્રત્યેનો અધિકારભાવ એમ ત્રણેય આવિષ્કૃત

રહે છે. નારાયણદાસ દીવાનની નોકરીએ જતા મુરારિદાસનો સદા એવો ભાવ છે કે પ્રભુ એમની સંગ જ રહે. આ તરફ બહેકી ગયેલા મુરારીદાસના ઠાકુરજી અંતરંગ સાથેની અનંતલીલાની યાત્રામાં એમનો ભક્ત એમને કયારે ય પણ છોડે નહિ. જેમ કે આવી જ અવસ્થામાં બહેકી ગયેલા નવનીતપ્રિયજી કહે છે કે મારો ગજ્જન આવશે ત્યારે હું આરોગીશ. પ્રભુને બહેકવા માટે મુરારિદાસ જેવા નિ:સાધન ભક્તો જોઈએ છે કારણકે સુસાધન જીવ મંઝીલ સુધી સથવારો આપતા નથી.

આ પ્રસંગમાં "બ્રહ્મ" અને "વૈશ્વનાર" કેવી રીતે વ્યાપ્ત થયેલ છે તેનું રહસ્ય અવલોકનીય છે. મુરારીદાસ જે ખીલોના ઠાકુરજીને ઘરે છે તે રમકડા બ્રહ્મની નામરૂપ સૃષ્ટિના છે. એ વખતે, આ ભગવદીયમાં, જે ભાવ અને પ્રભુ માટેની તાદાત્મ્ય વિલસી રહ્યું છે તે વૈશ્વનારના કારણે પુષ્ટિજીવ આનંદરૂપ છે તો ઉર્મિ, ભાવ, લીલા આદિ વૈશ્વનાર કારણે પુષ્ટિજીવમાં પનમતા હોવાથી, પ્રભુમાં પ્રેમ, વૈશ્વનાર જગાડે છે. તેથી સર્વોત્તમજીમાં **वैश्वनार** પછી **वल्लभाख्य** નામ આવ્યું. અર્થાત્ કૃષ્ણ પુષ્ટિજીવને વલ્લભ લાગે છે એનું કારણ જ વૈશ્વનાર છે. પ્રભુના બ્રહ્મના પહેલુથી મુરારિદાસને માહાત્મ્યજ્ઞાન ઉપલબ્ધ થવું છે અને વૈશ્વનારના કારણે ભાવ ઉદ્દીપનતા આમ શ્રીમદ્ ભાગવતજી કથિત "સર્ગલીલા"માં એક "સર્ગ" જે બ્રહ્મથી થાય છે તે પરમાત્માની નામરૂપ લીલા સૃષ્ટિનું છે. આ વાર્તામાં બીજુ સર્ગ, મુરારિદાસ પરબ્રહ્મ માટે પ્રકટ કરે છે તે એમના પર થયેલ વૈશ્વનારની અનિર્વચનીય કૃપાના કારણે છે. સૃષ્ટિને પ્રકટ કરતાં પહેલા



પ્રંભુએ જયારે દ્વિતિયમૈચ્છતની ઈચ્છા કરી ત્યારે મનોરથ પોતાના આનંદને માણવાનો હતો. નંદકુમારના આવા મનોરથને પૂર્તિ કરનાર શ્રીમહાપ્રભુજીની વધાઈમાં એટલે જ ગવાયું કે, મનોરથની આનંદરૂપ સ્વરૂપ આનંદમેં, આનંદ નિધિ આનંદ સાર, આનંદ ધન દેત આનંદ હુ આનંદ ઈલમા ગાર ॥ દાસ ગોપાલ કહાં લો બરનોં, મનોરથ પૂરે નંદકુમાર ।

"**स द्वितीयमैच्छत**"નો પ્રભુએ જે મનોરથ કરેલ છે એની **अ-द्वितीय** અવસ્થામાં ઠાકુરજીને પોતાના જ ઉત્તરદલની અનુભૂતિ થાય છે. બાલકૃષ્ણજીને મુરારિદાસમાં આવી અનુપમ્ સ્વરૂપાસક્તિ થઈ ગઈ હોવાથી પ્રભુને મુરારિદાસ સિવાય અન્ય કોઈ રુચતું જ નથી. તેથી જ પોતાનો સેવક કામે ઘરની બહાર જાય છે ત્યારે ઠાકુરજી અંદરથી આપ દ્વારને સાંકળ દઈ દે છે. મુરારિદાસ સિવાય અન્ય માટે પ્રભુ પોતાનાં દર્શન બંધ કરી દે છે. પ્રભુના ભક્તવશ્ય "સ્વભાવ"નો પહેલુ અહીં પ્રકટ થાય છે. વાર્તા કહે છે; "**तब श्रीठाकुरजी नीचे उतरि भीतर तें घर की सांकरि दैकै खेलते ।**" ભક્તકામ બનવા છતાં ઠાકુરજીનો આત્મરતિનો સેતુ અવિચલ જ રહે છે. પોતાના ભક્તના ભાવ સંગ ખેલતા બાલકૃષ્ણજી "વાસર નિર્વાહ એમ કરે સખી સાયંકાલે પેંખે રે." વાર્તા કહે છે; "**सो जब संध्या समै मुरारिदास द्वार पै जाइ कै पुकारते जो - सांकरि खोलो । तब श्रीठाकुरजी द्वार पास आइ कै पूछते, जो - तू आज हमारे काजे कहा सामग्री लायो है ? तब मुरारिदास कछू फल फलादिक ल्याये होते तिन सबन कौ नाम लेते । तब श्रीठाकुरजी भीतर की सांकरि खोलते ।**" અલૌકિક સામર્થ્યયુક્ત પોતાના અંતરંગને પૂર્ણકામ પરબ્રહ્મ, લૌકિક બાલકવત્ પૂછે છે;

**"तूं आज हमारे काजे कहा सामग्री लायो है ?"** અહીં ઠાકુરજીની મુરારિદાસ પરની નિર્ભરતા અભિવ્યક્ત થાય છે. બાલકૃષ્ણજીને એમ જ લાગે છે કે મુરારિદાસ સિવાય એમનું ભરણપોષણ કોઈપણ નહિ કરી શકે. સેવક અને સેવ્યની પરસ્પર નિર્ભરતા એ તો "સેવાફલ"નું પ્રવેશદ્વાર છે. આને આચાર્યચરણ ગ્રંથના પ્રારંભમાં કહે છે; **"यादृशी सेवना प्रोक्ता ."** વ્રજભક્તો સંગ શ્રીકૃષ્ણએ જે માનુષલીલા કરી હતી એવી જ લીલા બાલકૃષ્ણજી, વ્રજભક્તોના ભાવ સમકક્ષ, મુરારિદાસ સાથે કરી રહ્યા છે. શ્રીમહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે; **"क्रीडामानुषरूपिण इति क्रीडार्थमेव मानुषरूपवान् ."**

મુરારિદાસની અલૌકિક સામર્થ્યની અવસ્થામાં એમની ભગવત્સેવા કેવલ બાહ્યક્રિયાત્મિકા નથી રહી, પણ માનસીસેવાના રૂપમાં એ ફલિત થઈ ગઈ છે. પૂ.પાદ ગોસ્વામિ શ્રીશ્યામુબાવા આજ્ઞા કરે છે કે માનસી સેવા is like a dream in awakened stage. પુષ્ટિભક્તએ કરેલ માનસી સેવા એ કોઈ જાગૃત અવસ્થામાં આવેલ સ્વપ્ન જેવી છે. **स्वयमात्मानमुकुरत** એ શ્રુતિમાં ભગવાનની જીવ પ્રત્યેની માનસી સેવા નિર્દેશિત છે અને બાહ્ય કૃષ્ણસેવામાં ભક્તનું અતિતીવ્રત્વ કે intensification આવી જાય છે ત્યારે તે પુષ્ટિભક્તની માનસી સેવા બને છે. મુરારિદાસની દેહાત્મિકા સેવા જ માનસી બની ગઈ છે. વાસ્તવમાં તો આવા સામર્થ્યની સિદ્ધિ થયા પછી આ કોટિના ભગવદીયોએ કરેલ કથાનું કીર્તન પણ, એમની પરોક્ષ અનુભૂતિમાં સીમિત હોતું નથી પણ એ સાક્ષાત્ અનુભૂતિમાં ફલિત થઈ જાય છે. અલૌકિક સામર્થ્યની સિદ્ધિ પછી મુરારિદાસ માટે



દેશ, કાલ, દ્રવ્યાદિનાં બંધનો રહેતાં નથી. ગ્રંથ કહે છે; **"न कालोऽत्रनियामकः ."** અનોસરમાં જ્યારે બાલકૃષ્ણજી આ ભગવદીયનાં લોચનોથી દૂર થાય છે ત્યારે, મુરારિદાસ પોતાની આંતરિક દૃષ્ટિના સામર્થ્યથી, સદા પ્રભુની સન્નિધાન રહે છે. ગ્રંથ કહે છે; **"पुष्टौ नैव विलम्बयेत् ."** મુરારિદાસ માટે સંયોગ અને વિયોગ અવસ્થાનું વિભાજન રહ્યું નથી. નારાયણદાસની નોકરી કરતી વખતે, પ્રભુના વિયોગમાં પણ મુરારિદાસના અંતરમાં સંયોગની અનુભૂતિ થાય છે, કારણકે એમના અંતરમાં પ્રગાઢ વિપ્રયોગ વિદ્યમાન છે, જેના કારણે ઠાકુરજી એમનાથી અલગ થઈ શકતા નથી. મુરારિદાસનું તનુનવત્વ, પ્રલયાનલથી પણ નિતાન્ત વિશેષ અગ્નિરૂપ વિપ્રયોગ સહન કરવાનું સામર્થ્ય એમને બક્ષે છે. એમની ભીતર બિરાજતા બાલકૃષ્ણજીના અપરિમિત તેજ સાથે આ ભગવદીયના વિપ્રયોગનું તેજ, એક હળવીશી છાયારૂપે જ્યારે બહાર દૃશ્યમાન થાય છે ત્યારે વાર્તા કહે છે તેમ; **"सो मुरारिदास जब दरबार में जाते तब इन के तेज के आगें नारायणदास चाकर से लगते ।"** સેવાના અનવસરમાં આ ભક્ત ઠાકુરજીમાં એટલા તલ્લીન છે કે એમની માનસી સેવા અવિચ્છિન્ન ચાલતી જ રહે છે અને મુરારિદાસ શ્રીગુસાંઈજી દત્ત વિરુદ્ધધર્માશ્રયના સામર્થ્યથી નારાયણદાસની નોકરીનું લૌકિક કામ પણ અનાયાસ જ કરતા હોય છે. પ્રભુના ષડ્ધર્મો મુરારિદાસમાં પ્રકટ થઈ ગયા છે તેથી જ એક ક્ષણના રસાભાસ વિના, આ ભક્તની વાત્સલ્ય ભક્તિરૂપ રસવૃત્તિ બાલકૃષ્ણજીમાં, અવિચ્છિન્ન રહે છે. અલૌકિક સામર્થ્યનું આવું અલૌકિક સ્વરૂપ છે, જેના કારણે મુરારિદાસના પ્રભુ માટેના સર્વ મનોરથો સદા પરિપૂર્ણ

થતા જ રહે છે. જેમકે પોતાના ઠાકુરજીના હાસ્યાવલોકનનો મનોરથ મુરારિદાસને છે તો આ ભગવદીય, ઠાકુરજીને આકર્ષિત કરતી લીલા પ્રકટ કરે છે. વાર્તા કહે છે; "और कोई दिन मुरारिदास सामग्री तो बजार तें लावते परि श्रीठाकुरजी के हास्यावलोकन कों सामग्री दुराइ राखते । और प्रभु जब किवाड खोलन पधारते तब श्रीठाकुरजी वाइ प्रकार सों पूछते । तब मुरारिदास कहतें, लाला ! आजु तो कछु सामग्री पाइ नाहीं । तब श्रीठाकुरजी कहते, जो - हम हू आज सांकरि न खोलेंगे । तब मुरारिदास बाहिर तें बोहोत मनुहार करते । तब सब सामग्री कौ नाम लैते तब श्रीठाकुरजी सांकरि खोलते ।" મુરારિદાસના મનુહાર અને દૈન્ય પર આફરીન થઈને પ્રભુ सांकरि खोलते । દૈન્ય એ ભગવાને બંધ કરેલ સાંકળને ખોલાવવાનું પરમ સાધન છે. આ સંદર્ભમાં પ્રથમ શિક્ષાપત્રમાં હરિરાયજીની અમૃતવાણી અવલોકનીય છે; "दत्त्वा दैन्येन संतुष्टो नित्यं देहमलौकिकम् ।" जब अत्यन्त दैन्य करि प्रभु संतुष्ट होय तब जीव पर कृपा करे, तब अलौकिक देह जो नित्य सेवा योग्य हैं, ताकी सिद्धि करि आप हृदयमें पधारे । भावात्मक प्रभु तब अपने स्वरूपको अनुभव करावे । तब सगरों जगत् लीलामय दीसे, काहू, प्राणीमात्रमें ईर्ष्या न होय, तब पुष्टिमार्गीय फल सिद्ध होय ।

"प्रेम हरि को रूप है हरि प्रेम स्वरूप ." ભક્તનો ભગવાન માટેનો પ્રેમ અને ભગવાન સ્વયં એ બન્ને, એક જ તત્ત્વના બે પહેલુ છે. એનાં દર્શન મુરારિદાસની વાર્તામાં અતિ લાવણ્યમયતાથી થાય છે. પ્રેમના ખભા પર પ્રેમ કેવી રીતે આરૂઢ થાય છે એની ઝાંખી વાર્તામાં દર્શનીય છે. "पाछें



मुरारिदास द्वार भीतर की सांकरि दै कै जब चौक में जाते तब ही मुरारिदास सों श्रीठाकुरजी झगरो करत ऊपर चढते ।" આ લીલામાં પ્રભુ સ્વામી જ રહે છે અને સેવક સેવક જ. પરંતુ ઠાકુરજી ભક્તાધીન બની જાય છે. સિંહાસન પર બીરાજેલા ઠાકુરજીને સામે જ ઊભેલ ભક્ત પોતાનાથી દૂર છે એમ લાગવાથી શ્રીબાલકૃષ્ણજી પોતાના સેવકના ખભાને પોતાનું સિંહાસન બનાવીને, એના પર બિરાજી પરમાનંદ માણી રહ્યા છે. જ્યાં સુધી ભક્ત કૃષ્ણને આધીન છે ત્યાં સુધી, પ્રભુને ભક્તના ખભા પર સાક્ષાત્ બેસવાની મર્યાદા પાળવી પડે છે, પણ અહીં તો બાલકૃષ્ણજી મુરારિદાસને આધીન થઈ જઈને ભક્તના ખભાનો ટેકો લઈને, લીલાનો લ્હાવો માણી રહ્યા છે. "कृष्णाधीना तु मर्यादा स्वाधीना पुष्टिरुच्यते ." સેવક સેવ્યને આધીન બનીને રહે એવી સાધનાવસ્થાનું નિરૂપણ આચાર્યચરણ સિદ્ધાંતમુક્તાવલી અને સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં કરે છે. એની ફલાવસ્થાની ઝાંખી "સેવાફલ" ગ્રંથ અને એની લીલોપદેશરૂપ મુરારિદાસની વાર્તામાં છે.

મુરારિદાસ શુદ્ધપુષ્ટિના જીવ છે કારણકે એમને ભગવદાસક્તિ પહેલાં સિદ્ધ થઈ ગઈ છે અને પછી પ્રભુનું માહાત્મ્યજ્ઞાન. આનું નિર્દેશન કરતાં વાર્તા કહે છે; "सो श्रीगुसांईजी के दरसन करत ही मगन व्है गए ।" આવા શુદ્ધપુષ્ટિના અધિકારીને અવિચ્છિન્ન નિર્વિકારી સેવારૂપી ફલનું પ્રદાન કરવામાં ઠાકુરજી વિલંબ કરતા નથી. ગ્રંથ કહે છે; "पुष्टौ नैव विलंबयेत् ." આ ભગવદીયને થયેલા એમના સ્વતંત્ર ભક્તિના દાનમાં જ એમનું અલૌકિક સામર્થ્ય અવસ્થિત છે. આ દશા ફલાત્મિકા માનસીની છે, વ્યસનોત્તર કૃતાર્થતા કે

સર્વાત્મભાવની છે. આ અવસ્થા જ તનુનવત્વ કે ફલનિરોધ છે. અલૌકિક સામર્થ્યના પ્રદાનમાં ભક્તનો ગૂઢ પુંભાવ પ્રકટ થઈ જાય છે અને ગૂઢ સ્ત્રીભાવના આવેશમાં બાલકૃષ્ણજી, મુરારિદાસની પાછળ પાછળ ફરતાં રહે છે. વાર્તા કહે છે; "तब श्रीठाकुरजी मुरारिदास के पाछें पाछें लागे डोलते ।" ભક્તિની આવી ચરમસીમામાં મુરારિદાસને, ઠાકુરજી સંગ સાક્ષાત્ વાર્તાલાપ, સાક્ષાત્ આરોગાવવું કે પ્રભુના દર્શન સ્પર્શન કરવા આદિ સામર્થ્ય સિદ્ધ છે. વાર્તા કહે છે; "सो सामग्री जब मुरारिदास सँवारि धोई कै प्रभुन आगें धरते तब श्रीठाकुरजी आरोगते ।" આ પ્રસંગના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી સમજાવે છે કે; "तहां यह संदेह होंइ, जो - मुरारिदास स्नान करे बिना श्रीठाकुरजी कों मेवा कैसें धरते ? यह तो श्रीआचार्यजी महाप्रभुन के मार्ग की रीति नाहीं है ? और श्रीठाकुरजी हू मुरारिदास कौ न्हाये बिना स्पर्श कैसे करें ? तहां कहत हैं, जो भगवत्स्वरूप में दोइ प्रकार को स्वरूप हैं । एक सर्वोद्धारक (और) दूसरो भक्तोद्धारक । सो आगें कहि आए हैं । सो यहाँ भक्तोद्धारक स्वरूप सों श्रीठाकुरजी मुरारिदास को सर्व सुख देत हैं । क्यों ? जो भक्तोद्धारक स्वरूप कों अपरस की अपेक्षा नाहीं । ये तो प्रेम के चाहक हैं । सो मुरारिदास कौ प्रेम देखि कै निजस्वरूप में सों प्रगट होंइ मुरारिदास के पास पधारते । सो बालक की नांई सर्व सुख कौ अनुभव मुरारिदास कों करावते ।" મુરારિદાસની સ્વતંત્ર ભક્તિમાં બાલકૃષ્ણજી પરતંત્ર છે. સર્વલીલા સહિત પ્રભુ એમનાં હૃદયમાં બિરાજે છે અને અપ્રાકૃત દેહથી મુરારિદાસ શ્રીબાલકૃષ્ણજીનો સર્વેન્દ્રિયથી અનુભવ કરે છે. ભક્તવત્સલ બાલકૃષ્ણજીને દૃઢ થઈ ગયું છે



કે એમનો સર્વ નિર્વાહ કેવલ મુરારિદાસ જ કરે છે, તેથી નોકરીથી ઘેર આવેલ સેવકને સેવ્ય નિત્ય પૂછે છે કે; "आज हमारे काजे कहा सामग्री लायो है ?" મુરારિદાસને रसो वै सः પરબ્રહ્મની સાક્ષાત્ અનુભૂતિ હોવાથી રતિ અથવા પ્રીતિનો સ્થાયિભાવ આ ભગવદીયમાં સિદ્ધ છે. પોતાના વિયોગાગ્નિ દ્વારા પોતના દેહાદિને શુદ્ધ કરીને, મુરારિદાસને તનુનવત્વ શ્રીગુસાંઈજીની "અસાધારણ કૃપા"થી ઉપલબ્ધ છે. એના કારણે બાલકૃષ્ણજીએ આ ભક્તના દેહેન્દ્રિયાદિમાં, પોતાના "આદ્ય" रसो वै सः સ્વરૂપને સ્થાપન કરી દીધું છે. આને અનુલક્ષીને પણ ગ્રંથ કહે છે; "चाद्यं सिद्धैन्मनोरथः" અથવા તો પોતાના ગૂઢ સ્ત્રીભાવને પ્રકટ કરવાનો જે આદ્ય મનોરથ છે તેને ઠાકુરજી મુરારિદાસનાં સાન્નિધ્યમાં સિદ્ધ કરે છે. ભગવાનના આવા પ્રકટ ગૂઢ સ્ત્રીભાવનાં દર્શન ભાગવતજીમાં બહુ જ થોડા પ્રમાણમાં મળે છે. ચોરાસી બસોબાવન વૈષ્ણવની વાર્તામાં, મહાપ્રભુજી અને ગુસાંઈજીની કૃપાથી પ્રભુના ભોગ્ય ભાવનાં બેર બેર દર્શન થાય છે. વલ્લભદાસજી ગાય છે તેમ પ્રભુના ગૂઢ સ્ત્રીભાવથી સ્વયં વેદ પણ અપરિચિત છે.

"प्रकट गुप्त आह्लाद तत्त्व जग वेदनिह् न छानि ."

મુરારિદાસની ભગવત્સ્વરૂપાસક્તિ પૂર્વક ભગવત્સેવા છે. એમની ભક્તિના કારણે, ભક્તને, પ્રભુમાં નિતાન્ત આકર્ષણ છે અને મુરારિદાસની પ્રીતિના કારણે, આ ભગવદીય બાલકૃષ્ણજીનું અત્યાકર્ષણ બની ગયા છે. ભગવાન અને ભક્ત વચ્ચે ભાવાત્મકતાનો આવો પ્રગાઢ રસાત્મક સંબંધ છે. ભાવની

અતિતીવ્રતા (intensification) એ રસલીલાનું મૂળ સ્વારસ્ય છે. ભક્ત અને ભગવાન વચ્ચેનો આવો તાદાત્મ્ય સંબંધ, ન તો એ બન્ને વચ્ચે ભેદનો છે ન અભેદનો કે ન ભેદાભેદનો છે. આ સંબંધમાં ભેદ સહિષ્ણુ અભેદ છે. આવા તાદાત્મ્યના ભાવના આવેશમાં દેશકાલ મંત્રાદિથી ઉભરી આવીને મુરારિદાસ, સેવા કરતી વખતે, સારસ્વતકલ્પની વ્રજલીલામાં પોતે હોય એમ અનુભૂતિ કરે છે અને આવી અવસ્થામાં રસ પ્રકટ થાય છે. તેમજ શ્રીબાલકૃષ્ણજી પણ દ્વાપર યુગમાંથી કલિયુગમાં મુરારિદાસના ચોકમાં પધારી, આ ભક્તના ખભા પર ચઢી જાય છે. ઠાકુરજીનો ભાવ મુરારિદાસમાં પ્રત્યારોપિત કે transmit થઈ જાય છે ત્યારે, આ ભગવદીય, વ્રજલીલામાં અભિરમણ કરે છે અને મુરારિદાસના ભાવ ઠાકુરજીમાં transmit થાય છે ત્યારે પ્રભુ મુરારિદાસના ગૃહમાં પરમાનંદ લીલામાં વિહરી રહ્યા હોય છે. એવી જ રીતે, મુરારિદાસનો પ્રકટ સ્ત્રીભાવ, બાલકૃષ્ણજીમાં transmit થઈને, ઠાકુરજીના ગૂઢ સ્ત્રીભાવને પ્રકટ થવા પ્રેરિત કરી દે છે.

ગૂઢ સ્ત્રીભાવ એ, ઠાકુરજીના અંતરની ગૂઢતમ અભિવ્યક્તિ છે. પ્રભુ પોતાનો આવો ભોગ્યભાવ જે કોઈ બડભાગી ભક્ત સન્મુખ પ્રકટ કરે છે, તેની પહેલાં ઠાકુરજી ચકાસણી કરી લે છે કે "આ ભક્ત મારી ગૂઢ વાત ગુપ્ત તો રાખશે ને ?" આચાર્યચરણ આજ્ઞા કરે છે; "**गुप्तो हि रसः रसत्वम् आपद्यते अगुप्तस्तु रसाभास स्याद् .**" આ સંદર્ભમાં વાર્તા કહે છે કે મુરારિદાસ પ્રભુને અતિ લાડ નિરંતર લડાવે છે; "**परि यह भेद कोऊ न जानतो ।**" કૃષ્ણના અનવતારકાલમાં ભક્તિ, સાધન સાપેક્ષ હોવાથી, મુરારિદાસ, નારાયણદાસની



નોકરી કરે છે પણ મહાપ્રભુજીએ જે "સુગોપ્ય" ભક્તિનો ઉપદેશ આપ્યો છે તેનું સંપૂર્ણ રીતે પરિપાલન કરતાં આ ભગવદીય પોતાની વૈષ્ણવતાની કે ભગવદીય ભાવની જાણ દીવાનને પણ થવા નથી દેતા. વાર્તા કહે છે; "**परि मुरारिदासको भेद नारायणदास हु न जाने ।**" તો આ ભેદ જાણવાની નારાયણદાસ દીવાનને કુતુહલતા કેવી રીતે થાય છે તે આચાર્યજીના સિદ્ધાંતનો આશ્રય લેવાથી જ સમજાય છે. મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જે ભગવદીયને અલૌકિક સામર્થ્ય સિદ્ધ થઈ ગયું છે, એવા મહાનુભાવ, એમનો પરિવાર અને એમના સંબંધમાં આવે એને પણ ઠાકુરજી, પોતાની આનંદતૂંદિલિતતાનો અનુભવ કરાવવા સમર્થ છે. "**परिजनश्चकृतार्थो भवति।**" આના કારણે મુરારિદાસના સંપર્કમાં આવેલા નારાયણદાસને, પ્રભુકૃપાથી એટલું અનુમાન થઈ જાય છે કે મુરારિદાસની અપ્રતિમ પ્રતિભા પછવાડે, કોઈ દિવ્ય રહસ્ય પરોક્ષ છે. તેથી જ, દીવાન નારાયદાસ આ રહસ્યને જાણવા દીવાના બની જાય છે. વાર્તા કહે છે; "**मुरारिदास के पाछें पाछें इन के घर लों आए ।**" મુરારિદાસને નારાયણદાસ એમના સેવક કરવાની વિનન્તી કરે છે ત્યારે પણ અલૌકિક સામર્થ્યયુક્ત મુરારિદાસ પોતાના દાસભાવને વિસરતા નથી અને દીવાનને કહે છે; "**सेवक तो श्रीगुसांईजी इहां पधारे तब ही जोग बने ।**" આ ભગવદીયને આવું દાસત્વ કેવી રીતે સિદ્ધ છે તેનો ભેદ શ્રીવિઠ્ઠલનાથજી રાસપંચાધ્યાયીની સુબોધિનીજી પરના આપના સ્વતંત્ર લેખમાં સમજાવે છે. પ્રેમયુક્ત ભક્તોને ભગવાનના રસાત્મક શ્રીઅંગનું દર્શન થાય છે અને શ્રીઅંગના આવાં દર્શનથી, એવા

ભગવદીયોમાં દાસભાવ સ્થિર થઈ જાય છે.

સારસ્વતકલ્પમાં ઠાકુરજીએ જયારે વેણુનાદ કર્યો ત્યારે વૃક્ષ, સરિતા આદિને પ્રભુની "દેવભોગ્યા" સુધાની પ્રતીતિ કે awareness થઈ. "ભગવદ્ભોગ્યા" સુધાનું પાન કરતાં ગોપીજનોને આ સુધાની કેવલ awareness જ ન હતી, પણ એમણે એ સુધાને appreciate કરી, માણી અને એના પ્રતિસાદરૂપે, પોતાના ભાવોને અભિવ્યક્ત કરવા વ્રજાંગનાઓ અત્યુત્સુક બની ગઈ. આધુનિક પુષ્ટિજીવમાં પણ જયારે ભક્તિનો ભાવ પ્રકટ થાય છે, ત્યારે એનામાં, "ભગવદ્ભોગ્યા" સુધા અંગડાઈ લેવાનું શરૂ કરી દે છે. મુરારિદાસમાં "ભગવદ્ભોગ્યા" સુધા ત્યારે આવિષ્કૃત થઈ જાય છે જયારે એ શ્રીગુસાંઈજીના સ્વરૂપાનંદનું પાન કરે છે. "**सो श्रीगुसांईजी के दरसन करत ही मगन व्है गए ।**" એ અમૃતપાનને appreciate કરતાં મુરારિદાસ શ્રીવિઠ્ઠલેશને વિનન્તી કરે છે; "**मेरो मनोरथ सेवा करन कौ है ।**" સેવા કરતાં મુરારિદાસને જયારે સેવાફલ ગ્રંથ કથિત અલૌકિક સામર્થ્ય સિદ્ધ થાય છે, ત્યારે આ ભગવદીય, દુર્લભતમ એવી "સર્વાભોગ્યા" સુધાનું પાન કરે છે, પ્રભુના ભોગ્યભાવની આ અપરિમિત સુધા છે. શ્રીભાગવતજીના દશમ સ્કંધમાં રાસલીલાના તામસફલ પ્રકરણમાં શ્રીગોપીજનોએ પણ આ સુધાનો ભોગ કર્યો ન હોવાથી, આ સુધાને આચાર્યચરણ "સર્વાભોગ્યા" (સર્વ - અભોગ્યા) સુધા કહે છે. સારસ્વતકલ્પમાં વેણુનાદ કરીને ભગવાને, આ સુધાનો ઈશારો વ્રજવલ્લવીઓને, કેવલ સ્વરોમાં જ કરેલ, શબ્દોમાં એને અભિવ્યક્ત કરી ન હતી. એ વખતે આ સુધા સર્વ - અભોગ્યા રહી એનું રહસ્ય એ છે કે, દશમસ્કંધના તામસફલ પ્રકરણમાં, ગોપીજનો પોતાનાં



તામસ પ્રમાણથી જે પ્રકારે શ્રીકૃષ્ણને જાણવા ચાહતા હતા, એ જ પ્રમાણે, ભગવાન પણ તામસ પ્રમેયરૂપે શ્રીગોપીજનો સામે પ્રકટ થયેલ હતા. પોતાના સ્વતંત્ર નિરપેક્ષ સ્વરૂપથી કે ગુણાતીત રૂપે નહિ. "સર્વાભોગ્યા" સુધાના અનુપાન માટે, ભક્તમાં નિર્ગુણભાવ હોવો અનિવાર્ય છે, જે તામસફલ પ્રકરણના રાસપંચાધ્યાયીના પ્રસંગમાં વ્રજસુંદરીઓમાં ન હતો. ગોપીજનોમાં નિર્ગુણભાવનો આવિર્ભાવ દશમસ્કંધના ગુણ પ્રકરણના છેલ્લા છ અધ્યાયો સમયે પ્રકટ થયેલ છે. પરંતુ પોતાના અધિકારી જીવોને "સર્વાભોગ્યા" સુધાનાં પાનમાં સહેજ પણ વિલંબ ન થાય, એના માટે "**महाकारुणिक**" શ્રીવલ્લભપ્રભુ, પુષ્ટિજીવોને નિર્ગુણભાવથી કૃષ્ણભક્તિ કરવાનો સૌથી "આદ્ય" ઉપદેશ આપે છે. અર્થાત્ દશમસ્કંધ કથિત ગુણ પ્રકરણના છેલ્લા છ અધ્યાયથી શ્રીવલ્લભના પુષ્ટિભક્તિમાર્ગીય ઉપદેશનો પ્રારંભ થાય છે. એના પછી reverse orderમાં આચાર્યજી પોતાના જીવને, સાત્ત્વિક પ્રકરણ કથિત **परंब्रह्म तु कृष्णो हि** એવું માહાત્મ્યજ્ઞાન કરાવે છે અને તામસફલ પ્રકરણ કથિત સુદૃઢ સર્વતોધિક સ્નેહ. શ્રીમહાપ્રભુના આવા અણમોલ સિદ્ધાંતથી ભાવિત મુરારિદાસ, પોતાના ઠાકુરજી પર નિર્ગુણ નિરુપાધિક સ્નેહથી નિર્ભર છે, તો ગુણાતીત બાલકૃષ્ણજીની નિર્ભરતા મુરારિદાસ પર અવિચલ છે. પોતાના આત્માની ભીતર પરમાત્મા બિરાજયા છે એ મહેસૂસ કરવાથી મુરારિદાસને પ્રભુ માટે નિરુપાધિક સ્નેહ અસ્ખલિત સ્રવિત થઈ રહ્યો છે અને પોતે પ્રભુમાં બિરાજયા છે એ ભાવ એમના માહાત્મ્યજ્ઞાનને વિશેષ પોષણ આપે છે.

"**मयि ते तेषु चाप्यहम् ।**"

મુરારિદાસને સિદ્ધ થયેલ અલૌકિક સામર્થ્ય કેવલ દાનસાધ્ય છે. હરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવું પરાકાષ્ટાપન્ન પ્રદાન તો શ્રીઠાકુરજીના મુખારવિંદ અગ્નિ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી જ કરી શકે છે.

"दान साध्यमतः प्रोक्त दानेचाद्य इति स्फुटम्
दानमाननवन्हेस्तु प्रादुर्भावाद्विनिश्चितम् ।"

.................

## "સેવાફલ" ગ્રંથ અનુસાર શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણની અવલોકનીય વાણી :-

१) विषयमें वैराग्य करि यथा लाभ संतोष राखि प्रसन्नतासों शुद्धहृदयतें भगवत्सेवा करे तो फल प्राप्ति होय, सो श्रीकृष्ण फलदान देवेको जब विचार करे तब ही बने ।

२) कोटानकोटि साधन करे सगरे धर्म होय, और श्रीआचार्यजीके चरणकमलको आश्रय सिद्ध न होय तो कछु सिद्ध न होय ।

३) जो सेवामें तीन प्रतिबंध हैं सो सिद्ध है, तो हू श्रीमदाचार्यजीके चरणारविंदके आश्रयतें फललाभ होयगो । तासों फलमें निराशता नांही राखनी यह निरूपण है ।

४) यह मार्ग में तो भगवत्सेवा ही फल है, सोई न भई तो आगें कहा फल होयगो ?

५) यह पुष्टिमार्गकी क्रियाको भाव न जानि, केवल साधन



जानि सेवा करे, तो श्रीकृष्ण की सायुज्यरूप मुक्ति होय, अनेक साधन कियेतें फल मुक्ति होय, तातें यह पुष्टिमार्गको मुख्य फलसंबंध कबहू न होय, यह निश्चय जाननो ।

६) अहंताममतारूप प्रतिबंधकी निवृत्यर्थ हरिकी शरण जात हैं । जहां जहां अहंताममता है सो सब प्रभुकों समर्पण करि हरिकों शरण करि लेत हैं, तब यह प्रतिबंध दूरि होत है ।

७) प्रतिबंधकी निवृत्ति के लिये हरिकों शरण करे ।

८) तनुजा वित्तजा भगवत्सेवामें अनेक प्रतिबंध हैं, शरीर इन्द्रियनके विषयनकी कामना उठे, तब सेवा करतमें उद्वेग होय, जो कब सेवा करि चूकों, पीछें खानपान करूं, या भांति प्रथम विषयादिकके भोगकी कामना होय, तब मनमें उद्वेग होय, सेवामें मन न लगे, सो प्रभुकों बूरी लगे, तब प्रतिबंध होय, जामें सेवा ही न बनि आवे, तब, गृहादिक कार्य वित्त (द्रव्यादिक) में आसक्त होय, तब मानसी सेवा कहांते सिद्ध होयगी ?

९) या जन्ममें जो तनुजावित्तजा सेवा हैं, सो ऐहिक फलं है और अलौकिक देहतें जो सेवादिक करनो सो पारलौकिक फल है ताके लिये सत्संग करनो, प्रभुकें दर्शनादिकके विषे आर्त्ति राखनी, तदीयनकी चिंता हरि करत हैं तोहू जो चिंता करे सो मूर्ख है ।

******

## <u>પ્રત્યેક ષોડશગ્રંથનો સાર</u>

વાક્પતિ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતને શુદ્ધભાવથી અનુસરવાથી શ્રીવલ્લભ, એવા જીવ સાથે સાધારણીકરણ કરે છે, અને એવા પુષ્ટિજીવ પ્રત્યે આચાર્યજીને સ્નેહ પણ આવી જાય છે. એના પ્રતિસાદરૂપે એ જ જીવ પ્રભુ સાથે સ્નેહ કરતો થઈ જાય છે. પ્રભુમાં પ્રેમ સંપાદન કરવાનો આ shortest cut છે. શ્રીઆચાર્યચરણની વાણી વેણુનાદાત્મક છે. સારસ્વતકલ્પમાં વેણુનાદ સમયે પ્રકટ થયેલ અખિલ સુધાથી પ્રચુર શ્રીવલ્લભની વાણી છે. શ્રીમહાપ્રભુજીની વાણીનું પાલન કરનાર માટે, ભક્તિનું દાન એ વાણીમાં જ ગર્ભિત છે.

શ્રી વલ્લભની લાવણ્યામૃત વાણીમાંથી લીલાસાગરની તરંગો સદા ઉમટતી હોય છે. તેનો અમૃતમય આસ્વાદ વૈષ્ણવો માણી શકે તે હેતુથી પ્રત્યેક ષોડશગ્રંથનો સાર લખવા અહીં યથામતિ પ્રયાસ કર્યો છે.

### (૧) <u>ગ્રંથ યમુનાષ્ટક</u>

શ્રીમહાપ્રભુજી અને શ્રીયમુનાજી એમ બન્નેનો નિર્ગુણભાવ છે. તેથી જ આચાર્યજી પોતાના સમભાવી એવા યમુનાજીથી ષોડશગ્રંથનો પ્રારંભ કરે છે. શ્રીવલ્લભ અને મહારાણીજી, બન્ને કૃષ્ણરૂપ હોવા છતાં ય કૃષ્ણનું દાસત્વ કરે છે, એમાં જ ઉભયના નિર્ગુણભાવની ઝાંખી થાય છે.

**माहात्म्यज्ञान पूर्वक सुदृढ सर्वतोधिक स्नेहो भक्ति** એ નિર્ગુણભાવનું સ્વરૂપ છે. સાત્ત્વિક અને તામસભાવથી મિશ્રિત આ ભાવ છે, જેમાં સાત્ત્વિકભાવ માહાત્મ્યજ્ઞાનને સંપાદન કરે છે અને તામસભાવ સુદૃઢ સ્નેહને. નિર્ગુણભાવ એટલે ભકિતભાવ. આ ભાવની અંતર્ગત વાત્સલ્ય, સાખ્ય, કાન્ત આદિ ભાવોની સંચારી આવી



શકે છે. પરંતુ જ્યાં સુધી પ્રભુ કોઈ એક સ્થિરભાવનું દાન ન કરે ત્યાં સુધી ભક્તિભાવથી ભગવત્સુખ વિચાર કરી સેવા કરવી. અષ્ટસિદ્ધિના દાતા, કૃપાસાગર મહારાણીજી, એક પુષ્ટિભક્તિની સરિતારૂપે વહી રહ્યાં છે, એ જ શ્રીવલ્લભના બ્રહ્મવાદની એક ભક્ત્યાત્મક ખૂબસુરતી છે.

### (૨) <u>ગ્રંથ બાલબોધ</u>

બાલબોધગ્રંથનો હાર્દભાવ છે, "**नियतार्थ प्रदानेन तदीयत्वं तदाश्रयः**". અખિલ ષોડશગ્રંથનો આ બીજભાવ છે. તદીયત્વનો અર્થ છે સમર્પણ અને તદાશ્રય એટલે પ્રભુને શરણે રહેવું.

### (૩) <u>ગ્રંથ સિદ્ધાંતમુક્તાવલી</u>

સારસ્વતકલ્પમાં શુદ્ધ પુષ્ટિપુરુષોત્તમ શ્રીકૃષ્ણ, વ્રજ છોડીને ક્યારે ય કયાંય પધાર્યાં નથી. તેથી **कृष्णसेवा सदा कार्या** ની આજ્ઞા કરીને શ્રીવલ્લભે એ જ પરાત્પર પરબ્રહ્મને આપણે માથે પધરાવ્યા છે. આચાર્યજીએ પુષ્ટિસૃષ્ટિ પર કરેલું આ અદેય દાન છે, વણમાંગી નિતાંત કૃપા છે. સ્વગૃહમાં ભગવત્સેવા પધરાવી, સારસ્વતકલ્પના કૃષ્ણને નિરખવાનો, જોઈ જોઈને હરખવાનો, છૂવાનો, એની જોડે બોલવાનો, એની સેવાનો અનિર્વચનીય લાભ આચાર્યચરણ વિના પુષ્ટિસૃષ્ટિને કોણ આપત ? વૈષ્ણવ માને કે અમુક વસ્તુ ઠાકુરજી માટે આવશ્યક છે તો સેવ્યસ્વરૂપને પણ એ વસ્તુ આવશ્યક લાગે છે અને પ્રભુ એને માણતા થઈ જાય છે. પોતાના ગૃહમાં પોતાના જ તન, મન, ધનથી ભગવત્સેવા કરનાર પુષ્ટિજીવ, તનુસેવાથી પોતાની અહંતાને પ્રભુમાં સમર્પિત કરે છે અને વિત્તજા સેવાથી એની મમતાને. પ્રત્યેક જીવમાં રહેલો પ્રેમ એની અહંતા-મમતાને અનુસરે છે. તેથી જ જીવની અહંતા-મમતા જો વિષયતામાં જાય તો એને સંસાર ભરખે છે, અને પ્રભુમાં જાય તો ભગવત્સ્નેહ જાગે છે અને એની અહંતા-મમતા ભગવદીય

બને છે. પોતાના તન, મન, ધનથી સ્વગૃહમાં ઠાકુરજીની સેવા કર્યા સિવાય માનસી સેવા સિદ્ધ થતી નથી.

### (૪) <u>ગ્રંથ પુષ્ટિપ્રવાહમર્યાદા</u>

પોતાના અભિષ્ટ અને અનિષ્ટના વિચારથી જે કૃતિ કરે તે પ્રવાહી જીવ છે. પોતાની ઈચ્છા દ્વારા પ્રભુએ પ્રવાહીસૃષ્ટિને પ્રકટ કરી, એને સંસારમાં ભમતી રાખી. મર્યાદા જીવના ઉદ્ધાર માટે ભગવાને વાણી દ્વારા વેદને પ્રકટ કર્યો. પુષ્ટિસૃષ્ટિને પ્રભુએ પોતાના અંગમાંથી પ્રકટ કરી તેથી જ કૃપાપાત્ર પુષ્ટિભક્ત પોતાના સર્વે અભિગમમાં કૃષ્ણને જોડીને જ અનુવર્તન કરે છે. પુષ્ટિસૃષ્ટિનું પ્રયોજન દર્શાવતા પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં આચાર્યજી આજ્ઞા કરે છે કે; "भगवद्रूप सेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ।" ભગવત્સેવા સ્વરૂપ અને લીલા એમ બન્નેની માવજત કરનારી છે.

### (૫) <u>ગ્રંથ સિદ્ધાંતરહસ્ય</u>

પુષ્ટિજીવ નિવેદન વાણીથી કરે છે, વિનિયોગ કાયાથી અને સમર્પણ મનથી. વૈષ્ણવ સદા સમર્પિત રહે એના માટે મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; "असमर्पितवस्तुनां तस्माद्वर्जनमाचरेत्". સમર્પિત રહેલો જીવ પ્રભુને કહેતો હોય છે કે, "રાજ, હું અને મારું સર્વે, એ કેવલ મારું નથી, અને એ કેવલ પ્રભુ આપનું પણ નથી, પરંતુ એ સર્વે આપણું છે, એટલે આપણે એને સાથે મળીને માણીએ". આનંદરૂપ પ્રભુનો સ્વભાવ માણવાનો હોવાથી, સમર્પણના ભાવમાં, સર્વ અવર્જિત વસ્તુ પ્રભુ સાથે માણવાનો મુલાયમ ભાવ છે. એમાં પોતાની સત્તાના મન, બુદ્ધિ, અહંકારાદિ પ્રભુ સાથે share કરવાનો ભાવ છે.

### (૬) <u>ગ્રંથ નવરત્ન</u>

ભયનું પીંજણ કરવાથી જીવને ચિંતા ઉત્પન્ન થાય છે.



નવરત્ન ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી જીવની લૌકિક ચિંતાઓને નિવારવાના ઉપાયો નથી દર્શાવતાં પણ આવી ચિંતાઓ વૈષ્ણવને એની ભગવત્સેવામાં બાધક ન થાય એના માટે ચિંતા નિવૃત્તિના ઉપાયોનું આલેખન કરે છે. ભગવદીયના સંગથી, પુષ્ટિજીવનું મન, અન્ય સર્વ સંકલ્પ વિકલ્પો કરતું અટકી જઈ, કેવલ પ્રભુ સંબંધિત મનોરથ કરતું થઈ જાય છે. તાદૃશી સંગ નિવેદનનું સ્મરણ કરવાથી, વૈષ્ણવમાં સમર્પણની ભૂખ જાગે છે અને સમર્પણ, ભગવત્સ્નેહને ઉદ્દીપન કરે છે.

### (૭) <u>ગ્રંથ અંતઃકરણપ્રબોધ</u>

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારરૂપ જીવનું અંતઃકરણ, પ્રભુ સિવાય અન્ય વિષયમાં લાગેલું હોય અથવા અલૌકિકમાં પોતાની ગતિ બાબત ચિંતામાં પડેલું હોય તો એવા જીવને સાવધાન થઈ, શ્રીવલ્લભ, પોતાની શિક્ષા સાંભળવાનું કહે છે. મહાપ્રભુજી પોતાના અંતઃકરણરૂપ જીવને આજ્ઞા કરે છે કે કૃષ્ણને કયારેય લૌકિકરૂપે ન જોવા અને પ્રભુને ભક્તિથી સર્વસમર્પિત કરવાથી વૈષ્ણવ કૃતાર્થ થઈ જાય છે. શ્રીવલ્લભ એ પણ ઉપદેશ આપે છે કે અશક્ય પરિસ્થિતિમાં પણ જીવે સદા હરિશરણ લેવું.

### (૮) <u>ગ્રંથ વિવેકધૈર્યાશ્રય</u>

વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં "વિવેક"નું સ્વરૂપલક્ષણ સમજાવતાં આચાર્યજી આજ્ઞા કરે છે કે; "हरिः सर्वं निजेच्छातः करिष्यति ।" એવી જ રીતે ધૈર્યનું સ્વરૂપલક્ષણ છે; "त्रिदुःखसहनं धैर्यमामृते सर्वतः सदा ।" આશ્રયનું સ્વરૂપલક્ષણ સમજાવતાં શ્રીવલ્લભ આજ્ઞા કરે છે કે; "ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।" વિવેક અને ધૈર્ય પાળવાનું કઠિન પડતું હોય તો જીવે ભગવદાશ્રય કરવો. આશ્રયની પૂર્વદશામાં નિઃસાધનતાનો ભાવ કે atleast એની ભાવના અનિવાર્ય છે.

## (૯) <u>ગ્રંથ કૃષ્ણાશ્રય</u>

કૃષ્ણનો આશ્રય કરવા જીવ અસમર્થ હોવાથી મહાપ્રભુજી, કૃષ્ણાશ્રયગ્રંથમાં જીવ પાસે કહેવડાવે છે કે; "कृष्ण एव गतिर्मम ". અર્થાત્ આવા જીવનો આશ્રય સિદ્ધ કરવા, હે કૃષ્ણ, આપ સ્વયં initiative લો કે પહેલ કરો. પ્રભુના સાન્નિધ્યમાં કૃષ્ણાશ્રય ગ્રંથનો પાઠ કરવાથી જીવને ભગવદાશ્રય સુલભ બની જાય છે કારણકે આચાર્યજી છેલ્લા શ્લોકમાં પ્રભુને પોતાની કાનિ આપે છે.

## (૧૦) <u>ગ્રંથ ચતુઃશ્લોકી</u>

ચતુઃશ્લોકી ગ્રંથના ચાર શ્લોકમાં ક્રમશઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું નિરૂપણ છે. શ્રીમહાપ્રભુજી ધર્મપુરુષાર્થના સંદર્ભમાં આજ્ઞા કરે છે કે સર્વદા સર્વભાવથી વ્રજાધીપનું ભજન કરવું, કોઈ એક specific ભાવથી નહિ. વ્રજભક્તોના ભાવથી ભગવદ્ભજન કરતાં, પ્રભુકૃપા કરે ત્યારે, વ્રજભક્ત બની જવાય છે. ભગવત્સેવા ફલાત્મક હોવાથી અર્થ પુરુષાર્થને અનુલક્ષીને ભગવદીય ગાય છે; "સેવો તો ગોપાલ એક". કૃષ્ણદર્શન લાલસા જ આવા ભગવદીયનો કામ પુરુષાર્થ હોવાથી આ ભગવદીય ગાય છે; "મેરો મન લાગ્યો સબ ભાંતિ." સર્વાત્મના કૃષ્ણના બની જવું એ જ પુષ્ટિમાર્ગીય મોક્ષ છે. એમાં સ્મરણ અને ભજનનું ચક્ર ચાલે છે.

## (૧૧) <u>ગ્રંથ ભક્તિવર્ધિની</u>

વૈષ્ણવની ભક્તિ જેમ જેમ એની અંદરથી બહાર આવે છે, તેમ તેમ એને માથે બહાર બિરાજતાં સેવ્યસ્વરૂપ, એ પુષ્ટિભક્તની અંદર પધારે છે. આવી સમગ્ર નાજુક પ્રક્રિયાનું વર્ણન ભક્તિવર્ધિની ગ્રંથમાં શ્રીવલ્લભ કરે છે. "सेवायां वा कथायां वां यस्यासक्तिर्दृढा भवेत्" એ ભક્તિવર્ધિની ગ્રંથનો હાર્દભાવ છે. સેવા અને કથા, એ બન્ને પક્ષના અનુસરણથી પુષ્ટિજીવ ઉત્તમ ભક્તિનો અધિકારી



બની શકે છે.

## (૧૨) <u>ગ્રંથ જલભેદ</u>

શ્રીમહાપ્રભુજી જલભેદ ગ્રંથમાં સમજાવે છે કે જલ પોતાના સ્વભાવથી શુદ્ધ છે પણ જે આધારથી તે પ્રકટ થાય છે એના ગુણદોષો જલમાં આવી જાય છે, તેમ ભગવત્કથા પણ અતિ પવિત્ર છે, પરંતુ જે વક્તા દ્વારા એ પ્રકટ થાય છે એ વક્તાના ગુણદોષ સહિત શ્રોતાના કર્ણ અને અંતરમાં પ્રવેશ કરે છે.

## (૧૩) <u>ગ્રંથ પંચપદ્યાનિ</u>

શ્રીકૃષ્ણના ભજનાનંદરૂપી રસમાં જેનું ચિત્ત વિક્ષિપ્ત થઈ ગયું છે એવા ભગવદીયના નેત્રમાંથી કૃષ્ણનું નામ સાંભળતાં જ અશ્રુધારા વહી જાય છે, અંગ અંગ પુલકિત અને રોમાંચિત થઈ જાય છે. પંચપદ્યાનિગ્રંથ કથિત આ ઉત્તમ શ્રોતા છે.

## (૧૪) <u>ગ્રંથ સંન્યાસનિર્ણય</u>

જે પુષ્ટિભક્તથી સ્વગૃહમાં ભગવત્સેવા નીભતી ન હોય, એમને વ્યસનદશા સિદ્ધ થઈ ગઈ હોય અને વિપ્રયોગની અનુભૂતી માટે એમને ગૃહ બાધક લાગતું હોય, ભાવ દૃઢ થઈ ગયેલા એવા ઉત્કૃષ્ટ કક્ષાના ભગવદીયને જ આચાર્યચરણ ગૃહત્યાગની છૂટ આપે છે, આજ્ઞા નથી કરતાં. આવા ભક્તની અવસ્થા પ્રભુ માટે સદા વિકલતા અને અસ્વાસ્થ્યપણાની હોય છે. विकलत्वं तथाऽस्वास्थ्यं प्रकृतिः प्राकृतं न हि .

## (૧૫) <u>ગ્રંથ નિરોધલક્ષણ</u>

પ્રપંચવિસ્મૃતિ પૂર્વક ભગવદાસક્તિ એ આચાર્યચરણ કથિત નિરોધનું લક્ષણ છે. આ સુખ વૈકુંઠમાં ય નથી કારણકે ત્યાં પ્રપંચ

જ નથી હોતો. મહાપ્રભુજીની કૃપાથી નિરોધની અવસ્થા પર પહોંચેલા પુષ્ટિજીવ, જાગતાં, સૂતાં, ચાલતાં, બેસતાં, વાર્તાલાપ કરતાં, ભોજન કરતાં આદિ સર્વ અવસ્થામાં પોતાનાં સેવ્યસ્વરૂપમાં જ તલ્લીન રહે છે. આવા બડભાગી જીવના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, આત્મા અને સર્વે આત્મીય, કેવલ પ્રભુ ભજનમાં જ નિબદ્ધ છે. પ્રભુ અને ભક્ત એમ બન્નેનો પરસ્પર નિરોધ થઈ જવાથી, બન્ને વચ્ચેના દ્વૈતમાં એક અદ્વૈતની અનુભૂતિ થાય છે.

## (૧૬) ગ્રંથ સેવાફલ

"अलौकिकस्य दाने हि चाद्यः सिध्येन्मनोरथः ।" લૌકિકમાં રહીને તનુનવત્વ રૂપ અલૌકિક દેહનું સંપાદન કરવું, એ સેવામાં રહેલ મુખ્ય ફલ અલૌકિક સામર્થ્ય છે. ભૂતલ પરથી ગયા પછી નવતનુત્વ સંપાદન કરવું એનું ફલ સાયુજ્ય કે સેવોપયોગી દેહ છે. અલૌકિક સામર્થ્યની અવસ્થામાં પુષ્ટિજીવ, સંયોગમાં પ્રભુની સર્વેન્દ્રિયથી અનુભૂતી કરે છે અને વિપ્રયોગમાં ઠાકુરજીની સર્વાનુભૂતી કરે છે. આવા ભગવદીય પાસે એમનાં પ્રભુ પોતાનું બ્રહ્મત્વ અને આત્મારામત્વ છોડીને, શાસ્ત્ર અને સ્વરૂપની મર્યાદાનું ઉલ્લંઘન કરીને કેવલ ભક્તાધીન થઈને રહે છે. અલૌકિક સામર્થ્ય સંપાદન કરનાર વિરલ ભગવદીય પ્રમેયના સ્વભાવના કારણે, પ્રલયાનલથી પણ કોટિગણું અસહ્ય એવું વિપ્રયોગાનલ અપ્રાકૃત દેહેન્દ્રિયાદિથી સહન કરે છે. સકલ જગતને નચાવનારી જેની માયા છે એવા પુષ્ટિના ઠાકુરને આવા ભગવદીયની નિતાન્ત પ્રેમરૂપી માયા નચાવે છે.

******